[illegible] स्मारक ग्रंथमाला

સિપાહીઓના બળવાનો ઇતિહાસ

આ.વ.ભોગી

ॐ

स्व. त्र्यंबक स्मारक ग्रंथमाळा

वर्ष २ जुं. पुस्तक ८ मुं.

સિપાહીઓના બળવાનો ઇતિહાસ

(ભાગ–૨–જો)

અનુવાદક–મહાશંકર ધૂરજી દવે

વ્યવસ્થાપક–લાભશંકર જીવરાજ જોશી

પ્રકાશક–" સ્વ. ત્ર્યંબક સ્મારક ગ્રંથમાળા "

ખાડિયા, દેસાઇની પોળ–

અમદાવાદ.

સંવત ૧૯૮૦] [ઇ. સ. ૧૯૨૪

છૂટક મૂલ્ય રૂ. ૪–૦–૦

મુદ્રણસ્થાન આદિત્યમુદ્રણાલય, રાયખડ રોડ,—અમદાવાદ
મુદ્રક પ્રાણજીવન વિશ્વનાથ પાઠક

આવૃત્તિ ૧ લી] [પ્રત ૧૦૦૦

ગુજરાતના સોલ એજન્ટ -
ગુજરાત સાહિત્ય મંદિર
ગીચારોડ અમદાવાદ

પૂજ્ય પિતાશ્રીને ચરણે

વામનદ્વાદશી
બુધવાર
તા. ૧૦-૯-૨૪

છોરૂ
લાભશંકર

નિવેદન.

કરુણાનિધાનની કૃપાથી આ માળાનુ ત્રીજુ વર્ષ આ સાથેના 'નારાયણી' નામે પુસ્તકથી, સાદર સમર્પિત કરતા પૂર્ણ થાય છે.

પ્રસ્તુત પુસ્તક અતિશય કાળજી, અને પ્રયત્ન પૂર્વક સરળ-સાદી ભાષામા ઉતારવા પૂરતો યત્ન કર્યો છે અમે આશા રાખીએ છીએ કે વાચક વર્ગ તેની યોગ્ય કદર કરશે અને તો અમારો પ્રયાસ સફળ થયો સમજી, ભવિષ્યમા સાહિત્યસેવાની ઉચ્ચ વૃત્તિથી પ્રયત્ન ચાલુ જ રહેશે

માળાના ત્રણે વર્ષોના પુસ્તકો વાચી જવાથી આપણી અવનતિના મૂળ સાફ સાફ જણાઇ આવે એવી રીતની અમારી ચૂટણી કરી એમ આ પ્રસગે અમે કહીએ તો તેમા કોઇને અતિશયોક્તિ નહિં લાગે એમ અમે આશા રાખીએ છીએ

પરદેશ—આફ્રિકાથી લવાજમ (પૉસ્ટલ-ઑર્ડર) મોકલનારા ગૃહસ્થોએ રજીસ્ટરથી મોકલી આપવા તસ્દી લેવી તેમજ લવાજમ રૂ. ૧-૦-૦ વધારે ગણી મોકલવુ

વાચક બન્ધુઓ તરફથી જેવુ મળે છે તેવુ, પ્રોત્સાહન મળતુ રહેશે, તો દિવાળી પછી માળાના મણકા ઉપરાત દરેક માસે ઓછી કિંમતવાળા પુસ્તકો છૂટક આપવામા આવશે. તે પુસ્તકો માળાના ગ્રાહકોને કિફાયત ભાવે મળશે.

ગ્રાહક થવા ઇચ્છનારે દિવાળી પહેલા ફક્ત કાર્ડથી ખબર આપતા તેનું નામ ગ્રાહક તરીકે નોંધવામા આવશે. અસ્તુ

અમદાવાદ
તા. ૧૧-૯-૨૪

વિનીત
લાભશંકર જીવરાજ જોશી.

ત્ર્યંબક સ્મારક ગ્રંથમાળા

વાર્ષિક લવાજમ ૫-૪-૦

પ્રવેશ ફી ૧-૦-૦ શરૂઆતમાં

પહેલું વર્ષ

૧ રાજા રામકૃષ્ણ	પૃ ૪૦૦	૩-૪-૦
૨ સિરાજુદ્દૌલા	પૃ ૫૦૦	૨-૮-૦
૩ હિંદના હીરા	પૃ ૨૨૫	૧-૪-૦

બીજું વર્ષ

૧ વઝીરનંદિની ગુલબેગમ	પૃ ૪૦૦	૨-૮-૦
૨ મીર કાસિમ	પૃ ૩૦૦	૨-૦-૦
૩ અળવાનો ઇતિહાસ ભા ૧	પૃ. ૬૭૫	૪-૦-૦

ત્રીજું વર્ષ

૧ રમાસુંદરી	પૃ ૩૧૬	૨-૮-૦
૨ અળવાનો ઇતિહાસ ભા ૨	પૃ ૭૦૦	૪-૦-૦
૩ નારાયણી	પૃ. ૩૦૦	૨-૦-૦

પાછલા વર્ષના સેટો ખલાસ થઇ જવા આવ્યા છે, ૧૯૮૨ ના અને ૧૯૮૩ ના સેટના રૂ ૬-૪-૦ લેવામા આવે છે પ્રવેશ ફી નો રૂ ૧) નહીં

લખો:-લાભશંકર જીવરાજ જોશી.

પ્રસ્તાવના

ભારતના હોલાતા દીપકના છેલ્લા ચમકારાનો પરિપૂર્ણ વિકાન આ ગ્રંથના પૃષ્ઠોમા સહૃદયી વાચક અનુભવી શકશે તે પછી ભારતનુ શૌર્ય ગયુ તે ગયુ જ. એ બનાવ પછીનો હિંદનો ઇતિહાસ હિંદી પ્રજાની નામર્દાઇની પરંપરા છે. તેમા નથી વીર્યના ઉછાળા, નથી ઉત્સાહના ભભુકા કે નથી યૌવનના ચમકારા. એ મૃતપ્રાય દેશે મરતા મરતા પોતાની સર્વ શક્તિ એકત્ર કરી અપૂર્વ '૫૭ના અવ્યવચ્છિન્ન સ્વદેશાભિમાનનો પ્રવાહ વહેવડાવ્યો પણ એ પ્રવાહમા કેટલાક મલિન તત્ત્વોનુ મિશ્રણ એટલા મોટા પ્રમાણમા થયુ કે છેવટે નિષ્ફળતા મળી અને દેશ કદી ન જકડાયા હોય એવી જંજીરોમા જકડાયો તે જકડાયો જ

આ પુસ્તકમા મિરત ને દિલ્હીમા સળગેલી આગે આગ્રા અયોધ્યાના સંયુક્ત પ્રાંતો ને બિહારમા કેવી જ્વાળા પ્રગટાવી તેનુ વિગતવાર વર્ણન આપવામા આવ્યુ છે કુમારસિંહ જેવા નરવ્યાઘ્રના વ્યર્થ પ્રયત્નો પૌરાણિક કાળના ક્ષત્રિય વીરોનુ છેલ્લુ સ્મરણ કરાવવા પુરતા છે

બીજો ભાગ પણ લખાઇ રહ્યો છે બનતા સુધી આવતા જ વર્ષમા તે છપાઇ રહેશે

અમદાવાદ
ભાદરવા સુદ ૧૧ સં ૧૯૮૦

મહાશંકર ઇન્દ્રજી દવે.

આમાં

શું

છે ?

ઋષિઓનાં ઝળહળતાં તેજ,

આત્માની અનંત શક્તિ,

બ્રહ્મજ્ઞાનના રમુજી સંવાદો,

પૂજ્ય મહર્ષિઓએ ઉપદેશેલો

સનાતન ધર્મ,

વગેરેનાં દર્શન કરવાં હોય તો જરૂર વાંચો

ઉપનિષદોની વાતો.

મૂલ્ય છ આના

અનુક્રમણિકા.

આગ લાગી. ભાગ-૨ જો.

ખંડ ૧ લો.

આગના ભડકા. ભાગ–૨ જો

ખંડ ૨ જો.

અન અને ફિરંગીઓની ભયગ્રસ્ત દશા—અયોધ્યાના નવાબ પર જાપ્તો હથિયારબંધીનો કાયદો—ગવર્નર જનરલનો મહેલ અને દેહનું રક્ષણ કરવા માટે યુરોપીઅન સૈનિકો નિમાયા

॥ ॐ तत्सत् परमात्मने नमः ॥

स्व० त्र्यंबक स्मारक ग्रंथमाळा

वर्ष ३ जुं　　　　　　　　पुस्तक ८ मुं

સિપાહીઓના બળવાનો ઇતિહાસ

(ભાગ ૨)

સિપાહીઓના બળવાનો ઇતિહાસ

ભાગ ૨ જો.

ખંડ ૧ લો.

આગ લાગી.

અધ્યાય ૧ લો.

વિષય-નિર્દેશ-લૉર્ડ કેનિંગની તૈયારી-કલકત્તાની પ્રજામા મચેલી ગરબડ-વડા સેનાપતિ સાથે ગવર્નર જનરલનો પત્રવ્યવહાર-સ્વયંસેવક સૈન્યદલની ભરતી કરવાનો પ્રસ્તાવ-સહાયકારી સૈન્યદલનુ આગમન-વડા સેનાપતિનુ મરણ-કર્નલ નેલ-ભયંકર ગુનાથી દોષિત વ્યક્તિને શિક્ષા કરવાની નવી પદ્ધતિ

દિલ્હીના દુર્ગતિના સમાચાર જ્યારે લોર્ડ કેનિંગને મળ્યા ત્યારે તે આ ઓચિંતી વિપત્તિને અટકાવવાની તૈયારી કરવા લાગ્યો. વાયવ્ય પ્રદેશના જે ગામડાઓ અરક્ષિત સ્થિતિમા હતા, તે બધા ક્રોધોન્મત્ત

સિપાહીઓના નિવાસસ્થાન થઇ પડતા હતા. ગવર્નર જનરલે પ્રથમ એ ગામડાઓને સુરક્ષિત કરવાનો સંકલ્પ કર્યો. તેણે લૉર્ડ ઓવ કન્ટ્રોલના પ્રમુખને લખ્યુ કે, "બંગાળામા આવેલ બરાકપુરથી વાયવ્ય પ્રાંતમાના આગ્રા સુધીનો પ્રદેશ પ્રબળ સદેહનું સ્થાન થઇ પડયો છે આ સાડાસાતસો માઇલના વિસ્તારમા કેવળ દાનાપુરમા યુરોપિઅન સૈન્યની એક ટુકડી છે, વારાણસીમા એક સિખ ટુકડી છે ખરી, પરંતુ ત્યા યુરોપિઅન સૈન્યની ટુકડી નથી, અલાહાબાદમા પણ તેમ જ છે એ વિસ્તારમાની હિંદી લશ્કરની ટુકડીઓ પર બારે શંકા પેદા થઇ છે જો તે ટુકડીઓના સાભળવામા આવશે કે દિલ્હી બળવાખોરોના હ થમા છે તો તે સરકારી કિલ્લા ને તેજુરીઓપર હલ્લો કરતા અચકાશે નહિ તે માટે મે દિલ્હીમાથી બળવાખોરોને મારી હઠાવવા અને ગોરા લશ્કરીઓને એકત્ર કરવા—એ બે વાતપર ખાસ ધ્યાન આપ્યુ છે." લૉર્ડ કેનિંગે ગોરા સિપાહીઓને એકત્ર કરવા માટે શા શા ઉપાયો યોજ્યા હતા, તે હકીકત પ્રથમ ભાગમા અપાઇ ગઇ છે. હવે તે પહેલી વાત પર ધ્યાન આપવા તત્પર થયો સિપાહીઓના હથિયારોથી મિરતમા ગોરાઓના લોહીની નદી ચાલી હતી. તેઓના હલ્લાથી દિલ્હીમાના ગોરાઓ નાસી ગયા હતા કોઇ અગોચર સ્થાને જઇ ભરાઇ બેઠા હતા. દુર્દશાથી તેમની સ્થિતિ કફોડી થઈ ગઈ હતી. દિલ્હીમા અંગ્રેજોનુ પ્રાધાન્ય અને સત્તા વિલુપ્ત થઇ ગયા હતા સિપાહીઓ ધરડા મોગલ બાદશાહના નામની દુહાઇ ફેલાવી પોતાને કૃતકૃત્ય માની કમર કસી બેઠા હતા. એ સમયે લૉર્ડ કેનિંગ પોતાની વિલુપ્ત સત્તાનો પુનરુદ્ધાર કરવા કમર કસી તૈયાર થતો હતો

એ વખત બ્રિટિશ હિંદની રાજધાની કલકત્તામા ભારે ગોટાળો મચી રહ્યો હતો. ત્યા ખ્રિસ્તી ધર્મ પાળનાર સ્ત્રી–પુરુષોની મોટી

સંખ્યા એકત્ર થઇ હતી. બાળબચ્ચા આશ્રયસ્થળ તજી રાજધાનીમા આવી ભરાયા હતા. તેઓ લાબા સમયથી શાતિમા દિવસો ગુજારતા હતા. લાબા સમયની શાતિએ તેઓને સ્વરક્ષણના પ્રયાસથી વિમુખ રાખ્યા હતા. લાબો સમય સુખશાતિમા ગુજાર્યો હોવાથી, લાબો સમય નિર્દોષપણુ બતાવ્યાથી, તેઓની ચિત્તવૃત્તિ નિસ્તેજ થઇ ગઇ હતી. કલકત્તાના બીજા રહેવાશીઓ પણ કઇ સાહસિક નહોતા તેઓ નિશ્ચિતપણે અન્ન સધરવા તત્પર રહેતા, બીનહરકતે સમાજબદ્ધ થઇ વસતા અને અનાયાસે પોતપોતાનું કાર્ય કર્યે જતા હતા તેઓ પાસે આત્મરક્ષણનું કઇ સાધન નહોતું. ઉદ્ધત અગ્રેજો તેઓના પર ઘણી વેળા અત્યાચાર કરતા. જુવાનીના મદમા તણાઇ જઈ, છાલકાપણાથી ઉત્પન્ન થએલા દભ અને અમાનુષી ગર્વથી તેઓ કલકત્તાની સાધારણ પ્રજાને પીડતા તથા પોતાની હલકી વૃત્તિને ચરિતાર્થ કરી તૃપ્ત થતા. સરકારી નોકરો સિવાયના અગ્રેજો આવક નિકાસનો વેપાર કરતા એ વેપાર સબબ તેઓને દેશી લોકો સાથે ખપજોગો પરિચય રાખવો પડતો. એ સિવાય તેઓ પોતપોતાના સમાજમા જ રહેતા હતા. આથી સાધારણ પ્રજા તરફ તેઓની કઇ લાગણી નહોતી. દેશી લોકોના રીતરિવાજ, આચારવિચાર અને મનના વિચારોથી તેઓ તદ્દન બીનઅનુભવી હતા તેઓ રાજધાનીના સુદર બંગલાઓ તજી બીજે કોઇ પણ સ્થળે જવા ઇચ્છતા નહિ. સાધારણ પ્રજાના મનની વાત જાણી લઇ જુદી જુદી જાતના માનવસ્વભાવનો અભ્યાસ કરવાની તેમને જરાપણ પરવા નહોતી, તેમ પોતાના વ્યાપારને નુકસાન કરી દૂરના પ્રદેશમા મચેલા કોઇ મોટા બનાવની ચર્ચા કરવાની તેમને જરૂર જણાતી નહિ. આથી તેઓ મરાઠાબાઇની સાક્ષી

હદમા બંધાઇ રહી પોતાના વેપારની ઉન્નતિ કરવા તરફ જ ધ્યાન આપતા. તેઓ આ વખતે મરાઠાખાઇવાસીના નામથી ઓળખાતા. રેલ્વે થવાથી તેઓ વખતો વખત ગજધાની છોડી થોડે દૂર જતા હતા ખરા, પણ તેથી તેઓની અનુભવશક્તિ વિકસતી નહોતી. તેઓ ઘણો ખરો સમય આ પ્રસિદ્ધ વેપારી નગરીમા બેસી વાણિજ્યલક્ષ્મીના પ્રસાદથી પોતાના સૌભાગ્યની વૃદ્ધિના સ્વપ્ન જોતા હતા. આખી પૃથ્વીના સબધમા ચીનમાના નકશા દોરનારાઓનો જેવો ખ્યાલ હતો, તેથી વધારે વિસ્તૃત ખ્યાલ એ નરપુગવોને હિદ સબંધમા નહોતો. ચાનના લોકો જેમ ચીનને આખી પૃથ્વી માને છે, તેમ કલકત્તાના અંગ્રેજો પણ આ સુદર રાજધાનીને જ સમગ્ર હિદનુ પ્રતિરૂપ માનતા હતા

વાયવ્ય પ્રાતોના સિપાહીઓના બળવાથી આવી જાતના લોકો ગભરાઇ જાય એ કઇ વિચિત્ર નથી. જે બનાવ મિરતમા બન્યો, દિલ્હીમા બન્યો, તે બગાળામા પણ બનશે એવા વિચારથી આ લોકો હમેશા સદેહવશ રહેતા આવા સદિગ્ધચિત્તે તેઓ પોતપોતાના ધનમાલના રક્ષણ માટે સરકાર તરફ નજર કરી રહ્યા હતા. વાત જીવ પર આવી પડી હોવાથી આવો ગભરાટ ફેલાય એ સ્વાભાવિક પણ હતું. તેઓ લાબા કાળથી સુખચેનમા રહ્યા હતા, તેથી પોતાને સુરક્ષિત ધારી પરાજિત જાતિ તરફ મીટ માડી જોવાની પરવા કરી નહોતી, પરાજિત જાતિ તરફ સદા અવજ્ઞા દર્શાવી હતી. તેઓ સેકડો વર્ષથી સુલેહશાતિમા વસ્યા હોવાથી જે જાતિ તરફ તેઓ અવજ્ઞાનો ભાવ બતાવે છે, તેજ જાતિ તરફથી આવો ભયકર પ્રતિઘાત થશે એવુ તેઓએ સ્વપ્ને પણ ધાર્યું નહોતું. પરતુ અત્યારે ઘાતનો પ્રતિઘાત

શરૂ થયો વાયવ્ય પ્રાતના સમાચાર અતિશયોક્તિથી ભરપૂર બની તેઓની આખો આગળ તરવા લાગ્યા. તેઓ આ સમાચારથી બીધા, ચોતરફથી વિપત્તિ ઘેરી વળી છે એવુ ધારી તેઓ દિગ્મૂઢ બની ગયા રાજધાનીના ખ્રિસ્તી લોકોમા ભારે ચળવળ ચાલી, ફિરંગી અને પોર્ટુગીઝો ભયથી કપવા લાગ્યા. અગ્રેજો પણ બીકના વેગમાથી છટકી શક્યા નહિ. ઘણાખરા ખ્રિસ્તીઓ વહાણુપર જઇ રહેવા લાગ્યા, કેટલાક કિલ્લામા જઇ વસ્યા, ને કેટલાક કોઇ અજાણ્યા, અધકાર-મય સ્થાનમા વસી પોતાને સુરક્ષિત ધારવા લાગ્યા. કોઇ કોઇ શહેર છોડી આજુબાજુના ગામડામા રહેવા લાગ્યા, કોઇ કોઇ ઇંગ્લાડ જવા માટે વહાણુ ભાડે કરી તૈયાર થઇ રહ્યા, કોઇ કોઇ બદુક અને પિસ્તો-લ ખરીદી ચોવીસે કલાક સજ્જ થઇ ફરવા લાગ્યા.[1] આ સમયે લૉર્ડ કેનિંગની સ્વાભાવિક ધીરજ ડગમગી નહિ. કોઇપણ પ્રકારની દુશ્ચિતા અગર કોઇપિણુ પ્રકારના ઊંડા સદેહે તેને કર્તવ્યભ્રષ્ટ કર્યો નહિ

---

૧ યુરોપિઅન લોકોની આવી સ્થિતિ મે માસમા થઇ હતી જુન માસમા તેઓ વધારે બીધા ગમે તેમ હો પણ મે માસમા તેઓને જે શકાઓ થઇ હતી, તે સબધમા એક વર્તમાન પત્રમા આવી રીતે લખ્યુ હતુ કે, "ઘણા ખરા પોતાની ગાડીમા પિસ્તોલ લઇ ચડવા અને પોતપો-તાના નોકરોને પિસ્તોલ જેમ બને તેમ જલદી શી રીતે ભરાય અને શી રીતે છોડાય એ શીખવતા ગગાનદીમા જેટલા વહાણો હતા તે બધા રાત્રે ગોરા લોકોથી ભરપૂર થઇ રહેતા શત્રુઓ રાત્રે હલ્લો કરશે એવી શકાથી તેઓ રાત્રે વહાણુ પરજ રહેતા તેઓ સર્વત્ર પોતાને મુશ્કેલીમા આવી પડેલા હોય તેમ ધારતા જ્યારે કોઇ પણ વિપત્તિ અચાનક આવી પડે ત્યારે મનની આવી સ્થિતિ થઇ પડે એ કઇ અસ્વાભાવિક નથી"
Friend of India May 28 1854.

તેના શાંત મુખ પર આ વખતે પણ શાંતિ વિરાજતી હતી. વિશાળ કપાલપર ચિંતાની રેખા પડી નહોતી. કલકત્તાના ખ્રિસ્તીઓ આવા સંકટ કાળમા પણ હિંદના વડા રાજપુરુષનુ આવુ ધૈર્ય જોઇ બહુજ ગુસ્સે થયા, અને તેને પોતાના ધર્મના સ્વજાતિ બંધુઓનું રક્ષણ કરવા માટે અયોગ્ય ધારવા લાગ્યા, આવા સમયમા ભારે રાજકીય કાર્ય કરવાની તેનામા શક્તિ નથી એમ માનવા લાગ્યા.

કલકત્તામા આવેલા તેમજ રહેતા યુરોપિઅનો નકામા બીતા હતા એમ કહી શકાય તેમ નથી. તેઓની બીકના ઘણા કારણો વિદ્યમાન હતા. જે સિપાહીઓ અગાઉ કંપનિના મુખ્ય મદદગાર હતા, તેઓ જ અત્યારે અંગ્રેજોને રેસી નાખવા તૈયાર થયા હતા કલકત્તા પાસે આવેલ બરાકપૂરમા દેશી સિપાહીઓની ગંજાવર છાવણી હતી તેઓ એક જ રાતમા કલકત્તા પ્હોચી શકે તેમ હતું, યુરોપિઅનોનુ નખ્ખોદ વાળી શકે તેમ હતુ. કલકત્તાના કિલ્લાપર હલ્લો કરવો અને જેલ તોડવી એ કઇ તેઓને માટે અસાધ્ય નહોતું મિરત અને દિલ્હીમા જે કઇ બન્યુ હતું તે કલકત્તામા બનવાનો પૂરો સંભવ હતો આથી કલકત્તાના અંગ્રેજો એક ક્ષણમા પોતાનું સત્યાનાશ વળવાનું છે એમ માની રક્ષણ માટે સરકાર તરફ ટગર ટગર જોઈ રહ્યા હતા.

લૉર્ડ કેનિંગ બહુ વિચાર કર્યા સિવાય કોઇપણ કાર્યમા હાથ ઘાલતો હતો. જ્યારે બ્રિટિશ સામ્રાજ્યની રાજધાનીમા અંગ્રેજો આવા ગભરાટમા પડયા હતા, ભયથી ફિરંગીઓ પ્રતિક્ષણે કંપતા હતા, ત્યારે પણ કેનિંગની ધીરજ ન ખૂટી. દિવસો પર દિવસો જવા લાગ્યા લૉર્ડ કેનિંગ દરરોજ ધૈર્યપૂર્વક ભયગ્રસ્ત સ્થાનના સમાચાર મેળવી એ મુશ્કેલીમાથી છૂટવાનો પ્રયત્ન શી રીતે કરવો એનો વિચાર કરવામા મશગુલ રહેતો

હતો. એ વખતે અંગ્રેજો ધારતા હતા કે ગવર્નર જનરલના ખ્યાલમા હજુ બળવાનુ પૂર્ણ રૂપ ઉતર્યું નથી. તેથી જ તે રાજધાનીનુ શુ થશે એ વિચારથી હજુ સુધી ગભરાતો નથી. કલકત્તાપગ હલ્લો થતા યુરોપિઅનોની શી દશા થશે તેનો તેને વિચાર જ આવતો નથી, યુરોપિઅનોમા કેવો ગભરાટ ફેલાયો છે, તેઓના હૃદયમા કેવો ખળભળાટ મચ્યો છે, વિપત્તિની કરાલ છાયાએ તેઓના અત કરણને કેટલા ઘેરી લીધા છે, તે વાત સમજવા જેટલી બુદ્ધિ લૉર્ડ કેનિગમા નથી. પરતુ આ વખતે જોકે ગવર્નર જનરલનુ મો શાતિથી પ્રફુલ્લ જણાતું હતું છતા તે ઉપસ્થિત વિપત્તિ પરિપૂર્ણ રીતે સમજવાનો પ્રયત્ન કરતો હતો, એમા કઇ શક નથી.[૧]

દૂરના પ્રદેશમા જેઓ મુશ્કેલીમા આવી પડયા હતા, જેઓના જીવન ભયાનક વિપ્લવના પ્રકોપથી અડચણમા આવી પરચા હતા,

---

૧ લૉર્ડકેનિંગે આ સમય દરમ્યાન જે જે કાગળપત્રો લખ્યા છે, તે બધામા આ બાબતની પુષ્કળ સાબીતિઓ મળી આવે છે તેણે બિશપ વિલ્સનને એ સમયે જે પત્ર લખ્યો હતો તેનો ભાવાર્થ આ પ્રમાણે હતો:—આકાશ મસીમય બની ગયુ છે તોપણ સાફ થવાના ચિન્હો અસ્પષ્ટ રૂપમા જણાય છે સરકારે ધીરજ અને ન્યાય પરાયણતા પૂર્વક કામ શરૂ કર્યું છે યથોચિત સાવધાનતા અને શક્તિ સાથે કાર્ય કરવામા કદી પણ ઉદાસીનતા બતાવવામા આવશે નહિ આગ્રા, લખનોર અને વારાણસીમા વિપત્તિ ઘનીભૂત થઇ રહેલી છે. એ સ્થાનોમા ભારે શક્તિમાન, પ્રતિભાશાળી વ્યક્તિઓ રહેલ છે અને ખાસ આશા છે, કે આપણે સપૂર્ણ રીતે કૃતકૃત્ય થશુ." Kaye, Sepoy War. Vol. 11 P. 116, note.

તેઓ પ્રતિ સમવેદના દેખાડવામા લૉર્ડ કેનિગ પાછો પડચો નહિ વેરાન થએલા ગામડાના રક્ષણ માટે તેણે પ્રયત્નો આરભી દીધા. જેઓ એ સ્થાનો કરતા વધારે નિરાપદ સ્થાને હતા, ઉડતી વાતોથી પોતાને ભયકર સ્થિતિમા આવી પડેલા માનતા હતા, તેઓ તરફ પણ સમવેદના બતાવવામા ગવર્નર જનરલે બાકી રાખ્યુ નહિ કેનિગ તેઓની દશા બરાબર સમજી ગયો હતો, છતા કર્તવ્ય બજાવવાના વિષયમા તે તેઓની સાથે એકમત થઇ શકયો નહિ. વિપત્તિમા આવી પડેલા પ્રદેશનુ રક્ષણ કરવુ એ તેને ખાસ જરૂરનુ જણાયુ. તે એ કર્તવ્ય બજાવવા તત્પર થયો કલકત્તાનું રક્ષણ કરવાનો બંદોબસ્ત સૌ પહેલા ન કરવાથી ઘણા લોકો તેના તરફ ગુસ્સે થયા પણ તેઓ કેનિગના અતકરણના મહાન ભાવો સમજવાને અશક્ત હતા. ગવર્નર જનરલ જે સ્થળે રહેતો હતો તે સ્થળ કરતા બીજા સ્થાનો ભયંકર પ્રકોપની કરાલ છાયામા ગ્રસાયા હતા ગવર્નર જનરલ એ સ્થળોનું રક્ષણ કરવા તૈયાર થયો હતો. કલકત્તામા અગ્રેજો આ ઉદ્દેશ સમજ્યા વગર ગવર્નર જનરલને ધિક્કારતા હતા, પોતાને અસહાય ધારતા હતા, કારણ કે ગવર્નર જનરલ તેઓની માફક સમગ્ર બ્રિટિશ સામ્રાજ્ય મરાઠાખાઇની અદર હોય એવુ ધારતો નહોતો

મે માસ જતા ન જતા કલકત્તાના યુરોપિઅનોનો સંદેહ પ્રબળ થઇ ગયો તેઓ વોલન્ટીઅર સૈન્યમા જોડાવા તત્પર થઈ રહ્યા. કલકત્તાની વેપારી સભા વગેરે મુખ્ય મુખ્ય સભા તરફથી આ સબંધમા લૉર્ડ કેનિગ સમક્ષ અરજો થવા લાગી. ફ્રેંચ, અમેરિકન વગેરે વિદેશી જાતિના માણસો તરફથી પણ અગ્રેજોની આ અરજીઓ પ્રતિ સહાનુભૂતિ દર્શાવા લાગી અરજદારો સૈનિકોની માફક તૈયાર થવાની

૧૨૮-૧૭

ઇચ્છા દર્શાવવા લાગ્યા. પરંતુ લોર્ડ કેનિંગને આવા સમયમા રાજધાનીના રક્ષણ માટે વૉલન્ટીઅર સૈન્ય ઉભું કરવાની જરૂર જણાઇ નહિ. તેણે અરજદારોને જવાબ આપ્યો, કે તમે ખાસ કૉન્સ્ટેબલના રૂપમા નિમાઇ શકશો આ જવાબથી અંગ્રેજો બહુ જ ગુસ્સે થયા. તેઓ ધુંધવાતા ધુંધવાતા મનમા બબડવા લાગ્યા, કે ગવર્નર જનરલ અમારો પૂરેપૂરો ધ્વંસ કરવા માગે છે, માટે જ અમારી આવી આજીજી ભરી વિનંતિઓની ઉપેક્ષા કરે છે.

ગવર્નર જનરલે અરજદારો તરફ તિરસ્કાર દર્શાવવા ખાતર આવો જવાબ આપ્યો હોય એવું જણાતું નથી આવા વખતમાં સાધારણ પ્રજા સમક્ષ પોતાના હૃદયમા સંદેહ પેઠો છે, એવા કંઇપણ ચિહ્નો પ્રકટ કરવા એ તેને યોગ્ય લાગ્યું નહિ. એમ કરવાથી કદાચ સાધારણ પ્રજાના હૃદય વધારે ઉશ્કેરાઈ જાય, અંગ્રેજોને દરેક વિષયમા જુદા પડતા જોઇ કદાચ પ્રજા પોતાના ધર્મનાશના સંદેહને વધારે પ્રબળ કરી મૂકે એવા ઇરાદાથી કેનિંગે આ અરજ નામંજૂર કરી હતી. લોર્ડ કેનિંગ અમુક સંપ્રદાયનો સર્વોચ્ચ અમલદાર નહોતો તે સમગ્ર ભારતવર્ષનો, દરેક સંપ્રદાયનો, દરેક જાતિનો રક્ષક હતો. તેને ખાત્રી થઇ હતી કે કલકત્તા અને તેની આજુબાજુના ગામડાઓના લોકો અતિશય ભયગ્રસ્ત થઈ ગયા છે એકલા અંગ્રેજો જ નહિ પણ સર્વ જાતિના લોકો પોતાના જાનમાલના રક્ષણ માટે સરકાર તરફ તાકી રહ્યા છે. આ વખતે જો અમુક જાતિ તરફ અનુકંપા દર્શાવી તે જાતિને નિરુદ્વેગ કરવાનો પ્રયત્ન કરવામા આવશે તો બીજી જાતિના લોકો વધારે ભયગ્રસ્ત બની જશે. જેથી બધા શાંત થાય, બધા સંદેહમુક્ત થાય એવા ઉપાયો યોજવા એ આવા સમયમા શ્રેયસ્કર

હતું. આ વખતે હિંદીઓ ભયના પ્રબળ હલ્લાથી અસ્થિર બની ગયા હતા, તેઓ વટલાવાની બીકથી કંપતા હતા. નાના પ્રકારની ઉડતી વાતો વિજળીના વેગે ચોતરફ ફેલાઈ જતી હતી. આવા મિથ્યા ગપ્પાને ખોટા પાડવા માટે લૉર્ડ કેનિંગે ૨૦ મી મે એ લખ્યું હતું કે, " બજારમા વાત ઉઠી છે, કે મે હિંદુઓને વટલાવવા ખાતર જે તળાવોમા હિંદુઓ નહાતા હોય તે તળાવોમા ગાયનુ માસ નાખવાનો હુકમ આપ્યો છે. સાધારણ પ્રજાને અપવિત્ર ખોરાક સ્વીકારવાની ફરજ પાડવા ખાતર મહારાણીના જન્મ દિવસે મોદની બધી દુકાનો બંધ કરવામા આવશે એવુ જાહેરનામુ બહાર પાડ્યુ છે. જે જે લોકોએ આવા સમયમા ધીરજથી સમજી ચાલવુ જોઇએ, તેઓ પણ આગ્રહપૂર્વક કહે છે કે આવા ગપ્પા બજારમા ફેલાય કે તરત એક જાહેરનામુ કાઢી એ બધા ગપ્પા અસત્ય છે, એવુ સાબીત કરી આપવુ જોઇએ એમ કરવામા આવતુ નથી, માટે એવા લોકો પિસ્તોલો લઇ તૈયાર થાય છે આવા ગપાટાને જૂઠા પાડવા ખાતર મને જે યોગ્ય જણાયું છે, તે પ્રમાણે હુ વર્તુ છુ મને આશા છે, કે ધીરજ અને દૃઢતાથી ચાલતા સાધારણ પ્રજાના હૃદય શાત થશે." મહાનુભાવ કેનિંગ આવી રીતે ધૈર્યપૂર્વક લાબો વિચાર કરી કર્ત્તવ્ય બજાવતો હતો અને અમુક સંપ્રદાયના ગુસ્સાથી અણુમાત્ર ન ખસતા શાતિપૂર્વક શાતિનું રાજ્ય ફેલાવવાની ચેષ્ટા કરતો હતો.

૨૫ મી મે એ મહારાણીનો જન્મ દિવસ અગાઉની માફક ધામ ધુમ સાથે ઉજવાયો. લૉર્ડ કેનિંગે આ વખતે સાધારણ પ્રજાની રાજભક્તિપર કોઇપણ પ્રકારનો સંદેહ બતાવવામા ન આવે તે તરફ ખાસ ધ્યાન આપ્યું હતું કોઇ કોઇએ તેના અગરક્ષકો તરીકે દેશી સિપા-

હીઓને બદલે યુરોપિઆનોને રાખવાનું જણાવ્યુ હતું, પરંતુ લૉર્ડ કેનિંગે એ પ્રાર્થના મજૂર કરી નહોતી આ ઉત્સવ વખતે નવા ટોટા વાપરવામા સિપાહીઓ આનાકાની કરે એ ખાતર એક ટુકડી જુના ટોટા લાવવા બરાકપુર ગઇ હતી રાત્રે ગવર્નમેન્ટ હાઉસમા બૉલ (નૃત્ય) થવાનો હતો, તેમા ઘણા ખરા હાજર થયા હતા પરંતુ કોઇ કોઇ એ સ્થળે હાજર થવાનું સાહસ ખેડી શક્યા નહોતા. કારણ કે તેઓને શક હતો કે બૉલને બહાને સરકારી મહેલમા અનેક યુરોપિઆનો એકત્ર થશે એટલે શત્રુઓ એકી સાથે અનેક ગોરાઓને એકત્ર જોઇ મહેલપર તૂટી પડશે.[1] એ વખતે મુસલમાનોનો ઇદનો તહેવાર ઉજવાઇ રહ્યો હતો. એટલે અગ્રેજોને પ્રબળ શક હતો કે એ તહેવાર દરમીઆન મુસલમાનો કલકત્તા સિવાયના બીજા સ્થળોએ પણ સરકાર વિરુદ્ધ ઉશ્કેરાશે. પરંતુ કલકત્તામા કશો ગોટાળો જણાયો નહિ. અગ્રેજો ભયંકર શકાગ્રસ્ત છતા, દરેક પળે પ્રજાના હુમલાના સ્વપ્નો જોતા

---

૧ એક અંગ્રેજ સ્ત્રીએ એ વખતે લખ્યુ છે, કે બે જુવાન સ્ત્રીઓ બોલમા જવા ઇચ્છતી નહોતી. તેઓ એટલી બધી બ્હીની હતી, કે એક નાની બેગ હાથમા લઇ નાસવાને તૈયાર થઇ રહી હતી. જ્યા સુધી તેના પિતા બોલમાથી પાછા ન ફર્યા ત્યા સુધી આવી સ્થિતિમા બંને જણીઓ બેસી રહી. એક બીજી કુળવાન કુમારિકાએ બે યુરોપિઅન નાવિકોને બોલાવી પોતાના બંગલામા બેસારી રાખ્યા હતા. એ કુમારિકાએ કાલ્પનિક ભયને વશ થઇ તેઓને ઘરમા બેસાડ્યા હતા ખરા પણ એ નરપુગવોએ પણ પેલી કુમારિકાને બીવરાવવામાં પાછું વાળી જોયું નહોતું.

હતા છતા[૧] કલકત્તાની શાંતિને કોઇ પણ જાતની અડચણ નડી નહિ લૉર્ડ કેનિંગ દિલ્હીનો ઉદ્ધાર તથા વાયવ્ય પ્રાંતોના રક્ષણ માટે પોતાની કાઉન્સિલ સાથે મસલત ચલાવતો હતો આ વખતે એ બંને કાર્યો એકી સાથે કરવાનુ અશક્ય હતું. યુરોપિઅન સૈનિકો બહુ થોડા હતા, એટલે કાઉન્સિલના સભાસદો જુદા જુદા મત દર્શાવવા લાગ્યા સિવિલ અમલદારોમાના જે કાઉન્સિલના સભાસદો હતા, તેઓ યુરોપિઅન સૈનિકોની થોડી સંખ્યા જોઇ એવો મત દર્શાવવા લાગ્યા, કે દિલ્હીનો પુનરુદ્ધાર કરવા જતા બાકીના પ્રદેશો અરક્ષિત સ્થિતિમા આવી પડશે અને બંડખોરો એ અરક્ષિત પ્રદેશપર ફરી વળશે. આવા વિચારથી એ સભાસદો દિલ્હીનો પુનરુદ્ધાર થોડા રોજ વિલંબમા નાખવાનો મત દર્શાવવા લાગ્યા. પરંતુ દીર્ઘ દૃષ્ટિવાળો સરજૉન લૉ આ અભિપ્રાયથી જુદો પડયો તેણે દિલ્હીનો પુનરુદ્ધાર જેમ બને તેમ જલદી કરવાનો

---

૧. કલકત્તામાના અંગ્રેજોના ગભરાટ સબંધમા એ સ્ત્રીએ લખ્યુ છે, કે હું એક દિવસ રાત્રે બે એક વાગ્યાને શુમારે તોપના અવાજ જેવો કંઈ નાદ સાભળી જાગી ઉઠી. આ નાદ પરથી કેટલાક માણસોએ અનુમાન કર્યું કે અલીપુરની જેલ તોડી કેદીઓ છૂટયા છે. તરત જ હથિયાર સજાવા લાગ્યા, ગાડીઓ તૈયાર થઇ. સ્ત્રીઓને છોકરાને કિલ્લામા મોકલી દેવાની તૈયારીઓ થઇ. મે વંડામા જઇ જોયું તો જણાયું કે થોડે દૂર આતશબાજી ફુટે છે. એ જોઇ મેં ઇશ્વર પ્રાર્થના કરી. આ આતશબાજીના અવાજથી આટલી બધી ગડબડ મચી હતી. મ્હૈસૂરના રાજવંશીઓમાના એકાદ માણસના વિવાહ પ્રસંગે આ બાજી ફુટતી હતી. Kaye, Sepoy War Vol. II. P. 119 note.

મત આપ્યો. ગવર્નર જનરલે પણ એ મત માન્ય રાખ્યો. તેણે નક્કી કર્યું, કે શત્રુઓના હાથમાથી દિલ્હીનો છુટકારો કરવો એ સૌથી પહેલુ અગત્યનું છે દિલ્હીના છુટકારા વિના મોટી રાજનૈતિક ભૂલ થશે. સાધારણ પ્રજા જ્યારે જાણશે, કે બ્રિટિશ સરકાર મોગલ સમ્રાટની રાજધાની કબજે કરવાનો પ્રયત્ન કરતી નથી, સિપાહીઓ દિલ્હીમા અંગ્રેજોનુ પ્રાધાન્ય નષ્ટ કરી પોતાનુ આધિપત્ય સ્થાપી રહ્યા છે, દિલ્હીનો વૃદ્ધ પાદશાહ સમગ્ર ભારતના સમ્રાટ પદે આરૂઢ થઇ પોતાની સત્તા વિસ્તારવા તૈયાર થયો છે, સરકાર સિપાહીઓની સત્તા નષ્ટ કરી કરી શકતી નથી,–ત્યારે તે પણ કદાચ બડખોર સિપાહીઓ સાથે ભળી સરકારની સામે ઝૂઝશે તેથી કદાચ આખા ભરતખંડમા પ્રકોપ સળગી ઉઠશે અને અંગ્રેજોની સત્તાના પાયા ડગમગશે માટે જેમ બને તેમ જલદી દિલ્હી તાબે થવુ જોઇએ દિલ્હી કબજામા આવતા જેઓ સરકાર વિરુદ્ધ વરતે છે, તેઓના હૃદયમા શંકા પેદા થશે, સરકારની કાર્યતત્પરતા નિરખી તેઓ કદાચ સાહસશૂન્ય થઈ પડશે. એથી ભયંકર પ્રકોપની મૂળ ગ્રંથિ શિથિલ થઇ જશે

ગવર્નર જનરલ આવા વિચારથી દિલ્હીનો ઉદ્ધાર કરવા તૈયાર થયો. આ બાબતમા તે કોઇપણ જાતનો વિલંબ કરવા તૈયાર નહોતો. દરરોજ તારદ્વારા વડા સેનાપતિ પર દિલ્હી પાછું કબજે કરવા માટે હુકમો જવા લાગ્યા. એ વખતે વાયવ્ય પ્રાંતોમા ગોરા સૈનિકો બહુ નહોતા. પરંતુ એ પ્રદેશના ઉત્તર ભાગમા કેટલીક ગોરી ટુકડીઓ હતી. લોર્ડ કેનિંગે હવે એ બધી ટુકડીઓને એકત્ર કરી દિલ્હીનો ઉદ્ધાર કરવાની ઇચ્છા દર્શાવી. આ વખતે તે મોગલ રાજધાનીથી લગભગ હજાર માઇલ દૂર હતો, તેથી જાતે ઘટનાસ્થળે હાજર થઇ કાર્ય

પદ્ધતિ વ્યવસ્થિત કરવા જેટલી સગવડ તેને મળે તેમ નહોતું. પરંતુ વડા સેનાપતિ પર, વાયવ્યપ્રાંતના લેફ્ટેનન્ટ ગવર્નરપર અને પંજાબના ચીફ કમિશનર પર તેને ઉંડો વિશ્વાસ હતો. તે આ કુશળ અમલદારો પર આધાર રાખી સંકલ્પ પાર પાડવા તૈયાર થયો. મિરતના બનાવ પછી તેણે ઇંગ્લાંડમાં એવા ભાવાર્થનો પત્ર લખ્યો હતો, કે—" હું ઘટનાસ્થળથી નવસો માઇલ દૂર બેઠો છું, તેથી શત્રુઓને હંગાવવા માટે જે કંઇ કરવું ઉચિત છે તે પાર પાડવામાં મને થોડી અડચણ નડે છે. જેટલું બની શકે તેટલું સૈન્ય એકત્ર કરવામાં આવ્યું છે. લેફ્ટેનન્ટ ગવર્નર કેલ્વિન પર મને બહુ વિશ્વાસ છે. બધા પોતપોતાનું કાર્ય બજાવવા તનતોડ પ્રયત્ન કરશે મેં વડા સેનાપતિને બંગાળા અને વાયવ્ય પ્રાંતોની સ્થિતિ વિષે લખી જણાવ્યું છે, અને જેમ બને તેમ જલદી કાર્ય શરૂ કરવાની તાકીદ કરી છે બધી બાબત પાર પાડવામાં સમયની જરૂર છે. દિલ્હી તાબે કર્યાં બાદ અને શત્રુઓને હરાવી કઠોર દૃષ્ટાંત પ્રદર્શિત કર્યાં બાદ આપણુને વધારે અગવડ પડશે નહિ " લૉર્ડ કેનિંગે જે આશા રાખી આ પત્ર લખ્યો હતો, તે આશા કેટલે અંશે ફલિભૂત થઇ તે આગળ જણાશે.

ગવર્નર જનરલે હવે યુરોપિઅન સેના એકત્ર કરવામાં મન પરોવ્યું. જે જે સ્થળો બંડખોરો વડે આક્રાન્ત થવાનો સંભવ હતો, તે તે સ્થાનોની એકત્ર લશ્કરવડે રક્ષણ કરવાની જરૂર હતી. આ વખતે લોર્ડ કેનિંગને આ ઉદ્દેશ પાર પાડતાં બહુ મુશ્કેલી નડી. રાજધાનીમાં અને તેની આજુબાજુના સ્થળોમાં આ વખતે માત્ર બે યુરોપિઅન ટુકડાઓ હતી. તેમાની એક—૫૩ મી પાયદળ ટુકડી

કલકત્તાના કિલ્લામા હતી અને ૮૪ મી ટુકડી ચુચુડામા હતી કલકત્તાથી ૪૦૦ માઇલ દૂર આવેલ દાનાપુર સિવાય બગાળાની આજુબાજુ કોઇ પણ સ્થળે યુરોપિઅન ટુકડી નહોતી લૉર્ડ કેનિંગે એ બે ટુકડીઓ પર આધાર રાખી કામ શરૂ કર્યું. જુદા જુદા કારણોને લીધે રાજધાનીમા યુરોપિઅન સૈન્ય રાખવાની જરૂર પડી હતી. કલકત્તાના કિલ્લામા નાના પ્રકારના હથિયારોથી ભરપૂર એક અસ્ત્રાગાર હતું. થોડે દૂર કાશીપુરમા બદુક અને તોપનુ કારખાનું હતું ઇશાપુરમા દારૂ બનાવવાનુ કારખાનુ હતું, દમદમામા જાતજાતના હથિયારોથી પરિપૂર્ણ અસ્ત્ર શિક્ષાલય હતું. ચોરગિની પાસે અલિપુરમા જેલ હતી, તેમા અસખ્ય બદમાસ કેદીઓ હતા એ સિવાય સરકારી કાપડના ગુદામમા સૈનિકોના જુદી જુદી જાતના પોશાકો એકત્ર કરી રાખવામા આવ્યા હતા. ટકશાળ, તેજુરી, બેક વગેરે બધુ પૈસાથી ભરપૂર હતું આથી કલકત્તા અને તેની આજુબાજુના સ્થળો બડખોરોને માટે લાલચના ખાસ સ્થળો હતા બડ ઉઠતા જ બડખોરો અલીપુરની જેલમાના બદમાસોને અનાયાસે પોતાના પક્ષમા લઇ શકે તેમ હતુ, અસ્ત્રાગાર દારૂગોળો વગેરે હસ્તગત કરી સરકારને પૂરેપૂરી મુશ્કેલીમા ઉતારી શકે તેમ હતું, અને ટકશાળ, બેક વગેરેના પૈસા લૂટી પોતાનુ બળ વધારી શકે તેમ હતું. આવા આવા કારણોને લીધે કલકત્તામા યુરોપિઅન લશ્કર રાખવાની જરૂર પડી હતી.

કોઈ કોઇ[1] લૉર્ડ કેનિંગ પર એવો આરોપ મૂકે છે કે કેનિંગ

---

૧ રેડ પેમ્ફલેટ નામના એક ગ્રથનો લેખક અને સિપાહીઓના બળવાનો ઇતિહાસ લખનાર મીડ સાહેબ આ બાબતમા લૉર્ડ કેનિંગ પર આરોપ મૂકે છે. પહેલો લેખક કહે છે, કે વેપારી સભા વગેરેની

વખત વિચારી શક્યો નહોતો. જો તેણે અગાઉથી કલકત્તાના યુરોપિઅનોમાથી વોલન્ટીઅર સૈન્ય ઉભું કર્યું હોત, બરાકપુરના સિપાહીઓના હથિઆરો ઉતારી લશ્કરમાથી રજા આપી હોત, દાનાપુરના સિપાહીઓને પણ એવી જ શિક્ષા કરી હોત, બગાળાના યુરોપિઅન લશ્કરને ઝપાટાબંધ ભયગ્રસ્ત પ્રદેશમા મોકલ્યુ હોત, તો આ ભયકર ઘટનાનુ ભયકરપણું અનેકગણું ઓછુ થઇ જાત એટલુ તો નક્કી હતું કે મે માસમા કેટલીક તૈયારી કરી રાખી હોત તો સરકારને બહુ મુશ્કેલી નડત નહિ પરંતુ મનુષ્ય વર્ત્તમાન બનાવોનું નિરીક્ષણ કર્યા

અરજો પર ધ્યાન આપ્યુ હોત તો ગવર્નર જનરલને ઓછામા ઓછી એક ટુકડી લશ્કર મળત. બીજા લેખકે સરકારની કાર્યપદ્ધતિમા આ ભૂલ બતાવી છે કે " મળવાની ખબર મળ્યા પહેલા એકાદ અઠવાડિઆ પર સરકારના તાબામા એક હજાર વોલન્ટીઅર યુરોપિઅન, પાયદળ, ચારસો ઘોડેસ્વાર અને દોઢ હજાર નાવિકો હતા xx સૈન્ય તોપો ઇત્યાદિ મોકલવા માટે રેલ્વે અને રસ્તાની સ્થિતિ પણ સારી હતી, રેલ્વે કલકત્તાથી ૧૨૦ માઇલ દૂર રાણીગંજ સુધી ગઇ હતી. દરેક ટ્રેનમા બે ટુકડી સૈન્ય અનાયાસે મોકલી શકાત. વોલન્ટીઅર સૈનિકો બદુક છોડતા શીખતા હતા. નાવિકો પણ તોપો છોડવાની કેળવણી લેતા હતા. રાણીગજથી કાનપુરના રસ્તા પર સરકાર દર પાચ માઇલના અતરે ઘોડા, બળદ વગેરે રાખવાના મથકો સ્થાપી શકત. xxx સરકારને ૧૪ મી જુને જે કરવાની જરૂર પડી હતી, તે જો ૫દર દિવસ પહેલા કર્યું હોત તો એ માસની ૧ લી તારીખે બે હજાર હથિયારબધ સૈનિકો રાણીગજ પહોચી શકત. " Mead, Sepoy Revolt P 81—82

બાદ કાર્યક્ષેત્ર પર ઉતરે છે. ભવિષ્ય પર આધાર રાખી, અનિશ્ચિત વિષયો પર આધાર રાખી કાર્ય કરવા મંડી જના નથી આજે જે કંઇ પ્રત્યક્ષ જણાતું હોય તે પર આધાર રાખી ધૈર્યપૂર્વક કામ કરવાથી જ પ્રશંસા મેળવાય છે. કાલે શું થવાનું છે, તે કોઇ પણ માણસ જાણી શકતો નથી આગતી કાલના પ્રકાશથી પોતાનો કર્તવ્ય પક્ષ કેટલો પ્રકાશિત થશે, તે માર્ગને અવલબી પોતાનો સંકલ્પ કેટલો સિદ્ધ થશે તે વાત મનુષ્ય અગાઉથી ધારી શકતો નથી. ભવિષ્ય જાણવાની શક્તિ હોત તો બગકપુર અને દાનપુરના સિપાહીઓના હથિયાર ઉતારી લેવાનું કાર્ય કદાચ સૌ પહેલુ ગ્રહણ કરવામા આવત, પરંતુ લૉર્ડ કેનિંગ ભવિષ્યવેત્તા નહોતો. તેણે ભવિષ્ય ભાખી અગાઉથી એ ભવિષ્યને આધારે કર્તવ્ય નક્કી કર્યું નહોતું મે માસની અધવચે બરાકપુરના સિપાહીઓ વફાદારી બતાવતા હતા તેઓએ સરકારના પક્ષમા લડવાનો આગ્રહ દર્શાવ્યો હતો દાનાપુરના સિપાહીઓના ઉપરી લૉઇડ સાહેબે પણ પોતાના તાબાના સૈનિકોને તેવા જ વિશ્વાસુ ગણ્યા હતા[૧] એ વખતે હિંદના જુદા જુદા વિભાગોના સૈનિકોની નજર દિલ્હી ભણી હોય એમ જણાતું હતું મોગલોની

---

૧. ૨ જી જુને સેનાપતિ લોઇડે કેનિંગને લખ્યુ હતું, કે જો કે હવે દેશી સિપાહીઓ પર કોઇ વિશ્વાસ રાખતું નથી, તો પણ મને ખાત્રી છે કે અહીંના સૈનિકો શાંતિ જાળવશે. જ્યા સુધી તેઓ કોઈ પણ ભયંકર ઉશ્કેરણીથી ન ઉશ્કેરાય ત્યા સુધી તેઓની શાંતિ ડગમગશે નહિ, એવી ઉશ્કેરણી ફેલાશે તો તેઓના પર વિશ્વાસ રાખી શકાશે નહિ × × × "–Ms. correspondence–Kaye Sepoy war Vol II. P. 124. note

પ્રસિદ્ધ રાજધાની ફરીથી સરકારના કબજામા આવે છે કે નહિ, એ તરફ એ દરેક સૈનિકો ઉત્સુક નજરે જોઇ રહ્યા હતા દીર્ઘ દૃષ્ટિવાળો લૉર્ડ કેનિગ એ ખાતર જ બહુ જ સાવધાનીથી દિલ્હીનો કબજો લેવા તૈયાર થયો હતો. કદાચ સૈનિકોના હથિયાર ઉતારી લેવાનું વાજબી હોત તો પણ આખા બગાળાના સિપાહીઓને હાથયાર વિનાના કરવાનુ કામ તે વખતે અશક્ય હતું લૉર્ડ કેનિગે એ સમયના એક પત્રમા લખ્યુ છે કે "જ્યા સભવિત હોય ત્યા સિપાહીઓના હથિયારો ઉતારી લેવાથી ઘણો ફાયદો થઇ શકે. પરતુ બગાળામા— જ્યા બરાકપુરથી કાનપુર સુધીની ૧૫ ટુકડીઓમા કેવળ એકજ ગોરા સૈનિકોની ટુકડી છે—ત્યા હથિયારો ઉતારી લેવાનું કામ અશક્ય છે. આવે સ્થળે એમ કરવા જતા કદાચ વિપરીત ફળ મળે[૧]

આ વખતે સિપાહીઓમા તોફાની તત્ત્વો જણાતા હતા ખરા પણ કેટલેક સ્થળે કોઇ કોઇ ટુકડીઓએ એવી શાતિ દર્શાવી હતી કે સત્તાવાળાઓથી સતોષ દર્શાવ્યા સિવાય રહેવાતુ નહિ. વિજળીના તાર દરરોજ ગવર્નર જનરલને એ ટુકડીઓની શાતિના સમાચાર સંભળાવી રહ્યા હતા. ૧૯ મી અને ૨૦ મી મેએ વારાણસીથી સમાચાર આવ્યા, કે "કોઇ બાબતની ગરબડ નથી, સૈનિકો શાત છે" એ જ તારીખે સર હેન્રિ લોરેન્સે લખનૌથી તાર મોકલ્યો, કે "શહેરમા, છાવણીમા, કે આજુબાજુના પ્રદેશમા કશી ગડબડ જણાતી નથી." એજ તારીખે કાનપુરથી સર હ્યુ વ્હિલર તરફથી તાર જાય છે, કે "અહી કઇ ગડબડ નથી, પ્રજાની ઉશ્કેરણી મદ પડી છે" અલ્લાહાબાદથી સમાચાર આવે છે કે, "સૈનિકો શાત છે, વર્તણુક સારી છે." વાયવ્ય

---

૧ Kaye Sepoy war vol II. P. 124. note

પ્રાંતોના લેફ્ટેનેન્ટ ગવર્નર, ગવર્નર જનરલને આશ્વાસન આપી જણાવે છે, કે "બધી બાબત સંતોષકારક જણાય છે, દિલ્હીમા આગળ વધવામા જરા વાર લાગશે. પ્રજાને વિશ્વાસ છે કે દિલ્હી આપણા કબજામા આવશે. સિપાહીઓનો બળવો આગળ વધશે નહિ." ત્યાર બાદ પણ એવા જ સમાચાર જુદે જુદે ઠેકાણેથી આવ્યા જ કરતા હતા. કેવળ અલીગઢથી સિપાહીઓના તોફાનના સમાચાર આવતા હતા, પરંતુ ત્યાર બાદ ત્યાંથી પણ સમાચાર આવ્યા કે બરાબર વ્યવસ્થા જાળવવા ખાસ બંદોબસ્ત કર્યો છે.

મે માસમા લૉર્ડ કેનિંગ પર જુદે જુદે સ્થળેથી આવા સમાચારો પહોંચતા હતા. આ સમાચારોમા કોઇ પણ સ્થળે ગડબડનું નામનિશાન જણાતું નહોતું બધા શાંતિના મનોરમ દૃશ્યો નિરખી લૉર્ડ કેનિંગને શાન્ત કરતા હતા આથી લૉર્ડ કેનિંગનુ હૃદય ભયંકર વિપ્લવનુ પૂર્ણ સ્વરૂપ ધારણ કરી કલ્પ્યુ નહિ કલકત્તા જેવા દૂરના મથકે બેસી ગવર્નર જનરલને આ સમાચારો પર આધાર રાખી કાર્ય કરવુ પડતું હતું આવી સ્થિતિમા શાંતિપૂર્વક જે કંઇ કરવુ યોગ્ય હતું તે તરફ તેણે કદી ઉદાસીનતા બતાવી નહિ તેના હુકમથી જુદા જુદા ઠેકાણેથી યુરોપિઅન સૈન્ય આવતું હતું. તે એ બધા સૈન્યને વિપત્તિ દૂર કરવા માટે યથાયોગ્ય સ્થાને ગોઠવતો હતો લૉર્ડ ડેલ્હાઉઝીની દૂષિત રાજનીતિને લીધે જે આગ્ન અત્યાર સુધી ગુપ્ત રીતે સળગતો હતો, તે અત્યારે કોઇ કોઇ સ્થળે પ્રજ્વળિત થઈ રહ્યો છે, એ મર્મ ધીર પ્રકૃતિવાળા લૉર્ડ કેનિંગથી અજાણ્યુ નહોતું. શાંતિપૂર્વક બધે નજર નાખી દરેક કાર્ય કરવું એ તેની મુખ્ય નીતિ હતી. એ નીતિને અનુસરી તે કાર્યક્ષેત્ર પર ઉતર્યો હતો ભવિષ્યમાં આવી

પડનારી વિપત્તિથી ચમકી, પ્રજાને ચમકાવવી એ તેને યોગ્ય લાગતું નહોતુ. તેને વિચાર એવો હતો, કે શાંત રહી, કાર્ય કરી બતાવી, પ્રજાને આશ્વાસન આપવાથી અને સરકાર પર તેના વિશ્વાસ વધારવાથી ઘણુ કાર્ય થઇ શકશે તે સમજતો હતો, કે બીજે સ્થળેથી યુરોપિઅન સૈનિકો લાવી શકીશ તો બહુ ફાયદો થશે. કારણ કે તે પરથી પ્રજા સમજશે કે અંગ્રેજો સાગર ઓળંગી પોતાના જાતિભાઇઓને છોડાવવા આવી ચઢયા છે હવે અંગ્રેજોના હથિયારોથી સરકારના શત્રુઓ પાયમાલ થઇ જશે આવી સમજણુથી સાધારણ પ્રજા અંગ્રેજો પ્રતિ દ્વેષભાવ પોષવાનું કાર્ય છોડી દેશે. લોર્ડ કેનિંગ આવા વિચારથી યુરોપિઅન સૈન્ય એકત્ર કરવા તૈયાર થયો તેનો પ્રયત્ન નિષ્ફળ ગયો નહિ. એક સાહસિક સેનાપતિ સમુદ્ર ઓળંગી, એક બહાદુર ટુકડી લઇ કલકત્તા આવી પહોચ્યો. તેના આગમનથી ભયાકુલ યુરોપિઅનોના હૃદય આશાથી પ્રફુલ્લ થઇ ગયા

કર્નલ નીલ મદ્રાસના યુરોપિઅન સૈન્યના વડા તરીકે કર્તવ્ય ક્ષેત્રપર ઘૂમવા તૈયાર થયો. ૨૦ મે એ સેનાપતિ પોતાના લશ્કરનો એક ભાગ લઇ કલકત્તાથી રવાના થયો. ધીમે ધીમે તેનું બાકી રહેલુ લશ્કર પણ વહાણુ પરથી ઉતરી વાયવ્ય પ્રાંતો તરફ રવાના થયું. એ વખતે રાણીગંજ સુધી રેલ્વે હતી સરકારે લશ્કરના ઉપયોગ માટે ઘોડાગાડી, બળદગાડી વગેરે એકત્ર કરી રાખ્યુ હતું, ઘોડા, બળદ વગેરે ખરીદી રાખેલ હતું એ સિવાય જળ માર્ગે સૈન્ય મોકલવાની પૂરી તૈયારી કરી રાખી હતી. કર્નલ નીલ પોતાનું સૈન્ય લઇ હાવરા સ્ટેશન પર આવી પહોચ્યો. નાના પ્રકારની અગવડોને લીધે તેનું લશ્કર બરાબર વખતે સ્ટેશન પર હાજર થઇ શક્યુ નહિ. એટલે સ્ટેશન

મારતર બબડવા લાગ્યો, કે બધા લશ્કરને આવતા વાર લાગે છે, એ લશ્કરની રાહ જોવા ગાડી મોડી કરી શકાય તેમ નથી. સેનાપતિ આ વચનો સામે વાંધો દર્શાવવા લાગ્યો, પણ રેલ્વેના અમલદારોએ પોતાની જક નજ મૂકી. તેઓમાના એકે કર્નલ નીલને તિરસ્કાર પૂર્વક કહ્યુ કે "તમે કેવળ સૈન્યના જ ઉપરી છો, રેલ્વેપર તમારી કઇ સત્તા ચાલવાની નથી ગાડી તો હમણા જ ઉપડશે." તેજસ્વી અને દૃઢ નિશ્ચયી કર્નલ નીલ આવા વચનોથી ગાજ્યો જાય તેવો નહોતો તેણે એ વચનો ઉચ્ચારનારને ભયંકર વિશ્વાસઘાતી અને સરકારનો શત્રુ માની તિરસ્કાર પૂર્વક કહ્યુ, કે "હવેથી હું તમારી સાથે બિલકુલ વાત કરવા માગતો નથી." એમ કહી તેણે એન્જિન ડ્રાઇવરને કેદ કરવાનો પોતાના સૈનિકોને હુકમ આપ્યો ડ્રાઇવર આ રીતે જ્યા સુધી બધુ લશ્કર આવી પહોચ્યુ નહિ ત્યા સધી બંદીવાન બની રહ્યો. એ દરમ્યાન બધુ લશ્કર આવી ગાડીપર ચઢ્યું. નિયમિત સમય બાદ દશ મિનિટે રેલ્વે હાવરાનુ સ્ટેશન છોડી ગઇ. યુરોપિઅન લોકોના હૃદય હર્ષથી નાચવા લાગ્યા તેઓ સમજી ગયા, કે અત્યારે આપણી મદદમા એક એવો વીર આવી પહોચ્યો છે કે જેની મદદથી આ વિપત્તિના વાદળા વિખરાઇ જશે.

જેમ જેમ મે માસ વીતતો ગયો તેમ તેમ વાયવ્ય પ્રાતોમા વિપ્લવની આગ ભયકર સ્વરૂપ ધારણ કરતી ગઇ. અગ્રેજોની રાજનીતિથી જેઓ ઉશ્કેરાઇ ગયા હતા, તેમના કાયદાથી જેઓના મર્મસ્થળ વિધાઇ ગયા હતા, તેઓ ક્ષણભર જણાતી મનોહર મરીચિકાથી પાગલ બની, કલ્પના શીળ મગજથી સુંદર ચિત્રો આલેખી ભરતખંડના નકશા પરથી લાલરંગ ભૂસી નાખવા તૈયાર થયા હતા, ઉમરા

ઉપર ભયકર કૃત્યો કર્યે જતા હતા. મે માસ પૂરો થતા ન થતામા જણાઇ ગયુ કે આખો વાયવ્ય પ્રાત ભયકર પ્રકોપનું રણાગણ બનવાનુ છે. મિરતના યુરોપિઅનો પાયમાલ થઇ ગયા હતા. દિલ્હી અગ્રેજોના હાથમાથી સરકી ગયુ હતું વૃદ્ધ મોગલ પાદશાહ અકબર, શાહજહા વગેરેના મહિમામય પદ પર આરૂઢ થઇ પોતે પોતાની મેળે કલ્પી લીધેલી સત્તાને આધારે પરમ સુખમા ગળકા ખાતો હતો વાયવ્ય પ્રાતોના અનેક સ્થળોમા અગ્રેજોની સત્તા ડગમગી ઉઠી હતી હવે સરકાર પોતાની સત્તાના પાયા ન ડગમગે એ ખાતર પુષ્કળ પ્રયત્ન કરવા તત્પર થઇ. ગુન્હેગારોને દડ આપવા ખાતર સખતમા સખત કાયદા ઘડાવા લાગ્યા ૩૦ મી મે એ ગવર્નર જનરલની કાઉન્સિલમા એક કાયદો પસાર થયો એ કાયદા મુજબ જ્યા જ્યા પ્રકોપ સળગી ઉઠે ત્યા ત્યાની પ્રજાના જીવનમરણની જવાબદારી શાસનવિભાગના કોઇ પણ વર્ગના, કોઇ પણ ઉમરના અથવા કોઇ પણ સત્તાવાળા અમલદારના હાથમા સોપવામા આવી સરકારે આ કાયદા મુજબ જાહેર કર્યું, કે "જે કોઇ માણસ મહારાણી અથવા સરકાર વિરુદ્ધ લડાઇ કરશે, અથવા તેમ કરવાનો પ્રયત્ન કરશે કિવા કોઇ પણ જાતના કાવતરામા ભળશે, તેને ફાસીની, દેશનિકાલની કે સખ્ત કેદની સજા થશે જે વિભાગમા કોઇ પણ જાતનુ તોફાન થશે, તે વિભાગને આ કાયદો લાગુ કરવામા આવશે જે માણસ સરકારની વિરુદ્ધ વર્ત્તન ચલાવશે, ચોરી ડેકોઇટી કરશે, અથવા કોઇ પણ જાતનો ભયકર અપરાધ કરશે તેના પર સરકાર કમિશન દ્વારા કામ ચલાવશે. એવી સત્તા મેળવેલ કમિશનર અથવા કમિશનરો બધે સ્થળે ન્યાયનું કાર્ય બજાવશે વકીલ અથવા એસેસર હાજર ન હોય તો પણ તેઓ ઉપર

જણાવેલા અપરાધીઓને ફાસી, દેશનિકાલ કે સખત કેદની શિક્ષા કરી શકશે. તેઓના હુકમ પર અપીલ થઇ શકશે નહિ તેઓની અદાલત કોઇ પણ સદર અદાલતના તાબામા રહેશે નહિ." આ કાયદાનો ખરડો ગવર્નર જનરલે પસદ કર્યો એટલે ૮ મી જુનને રોજ કાયદા તરીકે પ્રસિદ્ધ થયો દરેક અગ્રેજને આ કાયદાની રૂયે અસાધારણ સત્તા મળી. પણ આ કાયદામા કેવળ ન્યાય ખાતાના અમલદારોના હાથમા જ અસાધારણ સત્તા સોપવામા આવી હતી. એ ખાતર ગવર્નર જનરલ અને તેની કાઉન્સિલના હુકમ મુજબ એમ ઠરાવવામા આવ્યુ કે "જૂના અથવા કોઇ પણ પાયરીના સૈનિક અમલદારો બગાળા પ્રાતની કોઇ પણ છાવણીમા યુરોપિઅનો અથવા દેશી અગર બંને જાતના પાચ માણસોની એક સાધારણ લશ્કરી અદાલત સ્થાપી શકશે. આ લશ્કરી અદાલતમા જ ગુનેહગારનું કામ ચલાવવામા આવશે."

અધ્યાય ૨ જો

વિષયનિર્દેશ—વડા સેનાપતિની બેદરકારી-તેનુ મરણ-સેનાપતિ બર્નાડની સરદારી નીચે દિલ્હી તરફ કુચ—શિખ રાજાઓની મદદ- મિરતની હાલત—રૂડકીના રક્ષણનો બંદોબસ્ત—જનરલ સ્મિથ— હિન્દન નદીના કિનારે લડાઇ—બદલિકા સરાઇ આગળ લડાઇ—દિલ્હી આગળ અગ્રેજ લશ્કરની છાવણી.

આ વખતે હિંદનો વડો સેનાપતિ એન્સન સિમલામા મોજમઝા ભોગવતો હતો સિપાહીઓની ચળવળમાથી આવો ભયંકર પ્રકોપ સળગી ઉઠશે એવો તેને ખ્યાલ નહોતો આવો પ્રકોપ સર્વવ્યાપી બની

બ્રિટિશ સત્તાના પાયા ડગમગાવશે એ વિચાર તેના મગજમા ઉત્પન્ન થયો નહોતો એન્સન ભવિષ્યનો વિચાર ન કરતા ગ્રીષ્મઋતુમા સુશીતલ હિમાલયની હવા ખાતો હતો પરતુ તેનાથી આ સુખ લાબી મુદ્દત સુધી ભોગવાયુ નહિ. ૧૧ મી મેને રોજ અબાલાથી એક જુવાન કાસદે આવી તેના હાથમા એક પરબીડિઉં મૂક્યુ એ પત્રમા દિલ્હીમા બનેલા બનાવો કઈક અસ્પષ્ટ સ્વરૂપમા જણાવવામા આવ્યા હતા. વડો સેનાપતિ સમજી ગયો કે મિરતના સિપાહીઓ સરકાર વિરૂદ્ધ ઉઠ્યા છે ત્યાર બાદ એક કલાકે તેની પાસે એક બીજો પત્ર આવી પહોચ્યો એ પત્ર પણ જો કે અસ્પષ્ટ પણે લખેલો હતો છતા વડો સેનાપતિ એ પરથી સમજી ગયો કે મિરતના સિપાહીઓ ઉશ્કેરાઈ ગયા છે, જે ઘોડેસ્વારોને કેદમા પૂર્યા હતા તેઓ મુક્ત થયા છે અને દિલ્હી તરફ બડખોરોના ટોળે ટોળા ધસારો કરી રહ્યા છે. મિરત ને દિલ્હી, બંને સ્થળે યુરાપિઅનોના ખુન થયા છે. જ્યારે આ સમાચાર વડા સેનાપતિને મળ્યા, ત્યારે તે આ બનાવોનું સ્વરૂપ બરાબર વિચારી શક્યો નહિ તેને જે કર્ત્તવ્ય બજાવવાનું કામ સોપવામા આવ્યુ હતું તેના પર જે જવાબદારી મૂકવામા આવી હતી, તે કર્ત્તવ્ય, તે જવાબદારી પર ધ્યાન આપી કાર્યમા તત્પરતા બનાવવા તે તૈયાર ન થયો તોપણ તે એટલુ તો સમજ્યો કે હવે નિશ્ચેષ્ટ ભાવે બેસી રહ્યુ પાલવશે નહિ; સિપાહીઓમા ફેલાતી ઉશ્કેરણી ઘટાડવા માટે કઇક કરવુ તો જોઇએ જ. દિલ્હી બળવાખોરોના હાથમ જઇ પડયુ હતુ, ત્યાના યુરોપિઅનો બ ડખોરોના જુલમથી પિડાતા હતા, માર્યા ગયા હતા, છુપાઇ રહ્યા હતા. આથી હવે આજુબાજુ જેટલુ યુરોપિઅન સૈન્ય હોય, તેટલું બધુ એકત્ર કરી યોગ્ય સ્થળે મોકલવાની જરૂર તેને જણાવા લાગી.

આવા વિચારથી તેણે એજ દિવસે (૧૨ મી મે ને રોજ) પોતાના એક એડ-ડિ કાને મસુરી મોકલ્યો. એ સ્થાન પર યુરોપિઅન સૈન્યની ૭૫ મી ટુકડી પડેલી હતી, તે ટુકડીને અંબાલા જવાનો હુકમ એ એડિકા સાથે મોકલી આપવામાં આવ્યો હતો. તે સિવાય બીજે જે જે સ્થળે યુરોપિઅન લશ્કર હતું તે તે સ્થળે તે લશ્કરને કુચ કરવા તૈયાર થઇ રહેવાના હુકમો મોકલવામા આવ્યા. વડા સેનાપતિએ સૈન્ય મોકલવાનો આ પ્રમાણે બદોબસ્ત કર્યો ખરો પણ પોતે સિમલા છોડયુ નહિ. તેણે લોર્ડ કેનિગને લખી મોકલ્યુ કે " આ બાબતમા સપૂર્ણ વિવરણ જાણવાની મને બહુ આતુરતા છે. જો સમય કટોકટીને હોય તો હું અબાલા જવા તયાર છુ." આ પત્ર મોકલ્યા પછી તરત તેના પર એક તારનો સદેશો આવી પહોચ્યો આ પરથી તેણે મિરતની સંપૂર્ણ હકીકત જાણી આટલુ જાણ્યા છતા તેનુ અતઃકરણ તલપાપડ થયુ નહિ, સમય ઓળખી શકયુ નહિ. તે તો હિમગિરિની સુંદર હવામા મુગ્ધ બની રહ્યો હતો તેની સમક્ષ વિશાળ કાર્યક્ષેત્ર પડયુ હતું, તે વિશાળ કાર્યક્ષેત્રને નજરે નિરખવાની શક્તિ તેનામા નહોતી, અથવા હતી તો તેને તેમ કરવાની પરવા હોય તેવુ જણાતુ નહોતું. છેવટે બહુ વિચાર કર્યા બાદ તેને સમયનુ ભાન થયુ એ યુરોપિઅન ટુકડીને અબાલા જવાનો હુકમ આપવામા આવ્યો સિર્મુરના ગુરખા સૈન્યને પણ દેરાથી મિરત જવાનો હુકમ આપવામા આવ્યો. વડા સેનાપતિએ પ્રથમ એમ ધાર્યું હતું કે દિલ્હીનુ મુખ્ય અસ્રાગાર બંડખોરોના હાથમા ગયું છે. એવી ધારણાથી બીજા સ્થળો પર આવેલા અસ્રાગારોના રક્ષણ માટે તેણે તરત સૈન્ય મોકલી આપ્યું તેણે ગવર્નર જનરલને લખ્યું કે " ફિરોજપુરનો કિલ્લો ૬૧ મી પાયદળ ટુકડી જાળવશે.

ગોવિંદગઢ ૮૧ મી ટુકડી જાળવશે જાલંધરથી ૮ મી રેજીમેન્ટની બે ટુકડીઓ જઇ ફિલૌરના કિલ્લાનું રક્ષણ કરશે. તે ઉપરાંત ફિલૌરના કિલ્લામાની બધી તોપો તૈયાર રાખવામા આવશે. નાસૌરીનું ગુરખા સૈન્ય અને ૮ મી ઘોડેસ્વાર ટુકડી એ બધી તોપોની રક્ષક બની અંબાલા તરફ રવાના થશે.

આવી વ્યવસ્થા કરી તે ૧૪ મી મે એ અંબાલા તરફ રવાના થયો બીજે દિવસે સવારમા તે ત્યા જઇ પહોંચ્યો એ સ્થળે તેની આગળ નાના પ્રકારના સમાચાર આવવા લાગ્યા. તે પરથી તેને જણાયુ કે પંજાબનુ દેશી સૈન્ય સરકારની વિરૂદ્ધ પડયુ છે અગર તેમ કરવાની તૈયારીમા છે આથી તેણે એ તરફની મદદની આશા છોડી દીધી આ સમયે તેને પુષ્કળ વિપત્તિઓ સામે થવુ પડયુ. કુચ કરવા માટે જોઇતી સામગ્રી મેળવવાની સગવડ નહોતી, ખોરાકી, તોપો વગેરે લઇ જવાના સાધનો નહોતા. અડચણો પર અડચણો નડવા લાગી તે લગભગ એક વર્ષથી હિંદમા ફરજ બજાવતો હતો એ એક વરસમા તેને આ વખતે સૌથી ભયંકરમા ભયંકર શત્રુ સામે ઝુઝવાની તૈયારી કરવાની હતી, મદદનીશો ઉત્સાહ વધારવાને બદલે નિરાશા વધારવાનો પ્રયત્ન કરતા હતા. પંજાબના દેશી સૈનિકો પર પણ તે પૂરો વિશ્વાસ રાખી શકે તેમ નહોતું. એ સિવાય તેની શારીરિક શક્તિ અતિક્ષીણ હતી. માંદગીથી તેનું શરીર કાયર બની ગયુ હતું, પોતે આરંભેલા કાર્યનો બીન અનુભવ તેને શૃંખલાશૂન્ય બનાવી દેતો હતો જ્યારે પંજાબમાના દેશી સૈનિકો તરફથી કંઇ મદદની આશા નહોતી તો પછી તે અંબાલામાના સિપાહીઓને નિરસ્ત્ર કરી શકત. પંજાબના વડા કમિશનર સર જોન લોરેન્સે પણ તેને

તેમ કરવાની સલાહ આપી હતી. સર જોન લોરેન્સે એ સિપાહીઓના હથિઆર છોડાવ્યા બાદ દિલ્હી તરફ કુચ કરવાની વિનતિ કરી હતી; પરંતુ વડા સેનાપતિએ સર જોન લોરેન્સે દર્શાવેલી પદ્ધતિ સ્વીકારી નહિ. કારણ કે અંબાલાના સૈનિક વિભાગના અમલદારો એ કાર્ય-પ્રણાલિથી વિરુદ્ધ હતા. તેઓએ સિપાહીઓને હથિયાર પડાવી લેવાના અપમાનમાથી બચાવવાની પ્રતિજ્ઞા લીધી હતી તેઓ આ પ્રતિજ્ઞા પાળવા તૈયાર થયા. વડો સેનાપતિ તેઓના મત વિરૂદ્ધ કાર્ય કરવા તૈયાર નહોતો. તે અંબાલાના આ બધા સિપાહીઓને સાથે લઇ દિલ્હી તરફ જઇ શકયો નહિ, તેમ પાછળ મૂકી આગળ કુચ કરવાની હિમત પણ દર્શાવી શકયો નહિ આ તરફ એ સિપાહીઓના ઓફિસરો બોલવા લાગ્યા કે સિપાહીઓને અમે જે વચન આપ્યુ છે તે તોડવું એ યોગ્ય નથી હથિયાર ઉતારી લેવાથી અમારૂં વચન જશે વડા સેનાપતિએ આ વાત પર ધ્યાન આપી અંબાલાના દેશી સિપાહીઓને હથિયારથી વિમુક્ત કર્યા નહિ તેઓની વફાદારી પર વિશ્વાસ રાખી તેઓને તેણે અગાઉની માફક હથિયારબદ્ધ રાખ્યા. આ પરથી અંબા-લાના સિપાહીઓ અગાઉની માફક હથિયારો વાપરવા લાગ્યા પરંતુ તેઓએ વડા સેનાપતિની માફક ઉદારતા દર્શાવી નહિ.

થોડા દિવસોમા તે લોકોએ સરકારે આપેલા હથિઆરો સરકારી ગોરા અમલદારો સામે વાપર્યા. વડો સેનાપતિ અંબાલાના લશ્કરી અમલદારોના કહેવાથી જ એ પ્રમાણે વર્ત્યો હતો. પંજાબના મુખ્ય કમિશનરે તેને જે રીતે વર્ત્તવાની સલાહ આપી હતી તે તરફ તેણે ધ્યાન આપ્યું નહોતું. આ વખતે બે રાજપુરુષો વડા સેનાપતિની મદદે આવ્યા હતા. અંબાલાના ડેપ્યુટિ કમિશનર ફરસિત સાહેબ અને

સતલજના કિનારાપર આવેલા પ્રદેશના કમિશનર જ્યોર્જ બાર્નેસ સાહેબ સિપાહીઓને મારી હઠાવવા વડા સેનાપતિની મદદે આવવા તત્પર થયા. દિલ્હીના સમાચાર સાભળતાજ પરસિન સાહેબે બાર્નેસ સાહેબને આત્મ-રક્ષણનો બંદોબસ્ત કરવાનો પત્ર લખ્યો. બાર્નેસ એ વખતે કૌશલી નામના સ્થળે પડાવ નાખી પડયો હતો પ્રથમ અબાલાના રક્ષણ માટે એક શિખ પોલીસ સૈન્ય ઉભુ કરવામા આવ્યુ ત્યાર બાદ સતલજ નદીના કિનારા પર આવેલા પ્રદેશનો બ દોબસ્ત કરવાની તૈયારી થઇ સતલજથી જમના નદી સુધીના વિશાલ પ્રદેશમા કેટલાક શિખ રાજાઓ રાજ્ય કરતા હતા તેઓ આ વખતે અગ્રેજોના પક્ષમા આવ્યા. સિપાહી-ઓના બળવાનો ઇતિહાસ સ્પષ્ટાક્ષરે બતાવી આપે છે કે બડખોર સિપાહીઓ જ્યારે સરકારની સકુચિત નીતિને લીધે અગ્રેજો વિરુદ્ધ હથિયારો પકડી લડી રહ્યા હતા, ત્યારે તેઓના સ્વદેશી બધુઓ અગ્રે-જોના પક્ષમા તેઓને મારી હઠાવવા એકત્ર થયા હતા. અગ્રેજ સરકાર જ્યારે આ ભયકર પ્રકોપના પ્રચડ વાવાઝોડાથી અધીરી બની ગઇ હતી ત્યારે હિદના જુદા જુદા ભાગોમાના દેશી રાજાઓ તેનો પક્ષ પકડી હરકોઇ પ્રકારની મદદ આપવા તત્પર થયા હતા. સિપા-હીઓ ભયકર ઉશ્કેરણીને વશ થઇ અસહાય અગ્રેજ સ્ત્રીઓ અથવા નિરાશ્રિત અગ્રેજ બાળકોના લોહીથી પોતાની તરવાર કલકિત કરવા તૈયાર થયા હતા ત્યારે તે સિપાહીઓના સ્વદેશી બધુઓએ જ પોતાનું જીવન સકટમા નાખી એ નિર્દોષોના જાનમાલનું રક્ષણ કર્યું હતું. હિંદીઓની મદદ ન મળી હોત તો અગ્રેજો આ ભયકર પ્રકોપમાથી પોતાનું રક્ષણ કરવાને સમર્થ કદી ન જ થાત. એ વખતે જેમ હિદના રાજાઓએ સરકારને મદદ કરી હતી, હિંદના

વીરપુરુષોએ પોતાના સ્વદેશીઓને રહેંસી નાખી સરકારની સત્તા જાળવી રાખી હતી, કેળવાએલા પુરુષોએ સરકારના ભલા માટે સિપાહીઓથી વિરુદ્ધ પડી રાજભક્તિની પરાકાષ્ઠા બતાવી હતી, તેમ હિંદના અભણ, અણકેળવાએલા દરિદ્ર જનસંઘે અંગ્રેજોના બચાવ માટે પોતાના જીવનના બલિદાનો આપ્યા હતા. સિપાહીઓએ જ્યારે સરકારની સત્તા ઉખેડી નાખવા હથિયારો પકડ્યા, મિરતના યુરોપિઅનો તેઓના હુમલાથી માર્યા ગયા, નાસી ગયા, દિલ્હી બંડખોરોના હાથમા આવ્યુ, ત્યારે હિંદીઓએ જ દયાવૃત્તિ દર્શાવી યુરોપિઅનોને આ વિપત્તિમાથી બચાવવાની તત્પરતા દર્શાવી જ્યોર્જ બાર્નેસ જે વખતે પોતાના તાબાના પ્રદેશનો બચાવ કરવાની તૈયારી કરતો હતો, ત્યારે ફરસિત સાહેબે પત્યાળા અને ઝિન્દના રાજાઓ પાસે મદદ માગી. પત્યાળાના રાજાએ તરતજ એક ટુકડી સૈન્ય થાણેશ્વર મોકલ્યુ. એ સૈન્ય કર્નાલ જવાના રસ્તા પર ચોકી કરવા રહ્યું. કારણ કે અંબાલાથી આવેલું સૈન્ય કર્નાલ એકત્ર થવું હતું. આ તરફ ઝિંદના રાજાએ દિલ્હીના સમાચાર સાભળી અંબાલાના વડા અમલદારને પૂછાવ્યું કે આ વખતે મારે શુ કરવુ. ત્યાર બાદ તે પણ બાર્નેસ સાહેબની માગણીને લીધે કર્નાલનો બચાવ કરવા તત્પર થયો. કર્નાલનો નવાબ પણ નિશ્ચેષ્ઠ બેઠો નહોતો તેણે અંગ્રેજોની સેવામા પોતાનું સૈન્ય, પૈસો, નોકરચાકર વગેરે બધુ અરપી દેવાનું વચન આપ્યું. આ પ્રમાણે બળવાની શરૂઆતમા જ હિંદી રાજાઓ બ્રિટિશ સિંહની સત્તા બચાવવા માટે પોતાની દોલત ને લશ્કર અર્પણ કરવા લાગ્યા.

બાર્નેસ ૧૩ મી મેને રોજ અમ્બાલા આવ્યો. મિરત અને દિલ્હીના બનાવોથી ત્યાના લોકોના મનમા બીક પેઠી હતી. કમિશ્નરના

આવવાથી એ બીક ઉડી ગઇ બાર્નેસ સાહેબે જમના નદી પર આવેલા પૂલની ચોકી કરવાનો બંદોબસ્ત કર્યો અને સ્થાનિક રાજા રજવાડાઓનું સૈન્ય મોકલી તે પૂલની આજુબાજુના પ્રદેશને સુરક્ષિત કર્યો. ત્યારબાદ બાર્નેસ અને તેના મદદનિશ ચેસ્ટર સાહેબ વડા સેનાપતિના લશ્કર માટે જોઇતો સામાન એકત્ર કરવા લાગ્યા એ વખતે કોઠીવાળા, આડતદાર, કંટ્રાક્ટર, મજૂરો વગેરે બધા કંપનિનું રાજ્ય જશે એવી આશંકાથી સરકારનુ કાર્ય કરવાની આનાકાની કરતા હતા. પરંતુ બાર્નેસ અને ચેસ્ટર સાહેબના પ્રયત્નથી લશ્કર માટે ગાડા વગેરેનો બંદોબસ્ત થવા લાગ્યો.

આ દરજ્જાના સિવિલ અમલદારના પ્રયત્નથી જ્યારે વડા સેનાપતિની મુશ્કેલી કંઇક અંશે દૂર થતી હતી ત્યારે એક બીજી ગરબડ મચી. એક અઠવાડીઉં જતા ન જતા અંબાલામા સમાચાર આવ્યા કે માસોરીના ગુરખા સૈનિકો બહુ જ ઉશ્કેરાઇ ગયા છે. તેઓ તોપો લઇ ફિલોર જવા ઇચ્છતા નથી અને વડાસેનાપતિનો સરસામાન લૂટી સિમલા પર હલ્લો કરવાની તૈયારી કરે છે. આ વખતે સત્તાવાળાઓએ બહુ જ સાવચેતીથી કામ કરવાની જરૂર હતી કોઇ પણ બાબતમા જરા પણ ગફલત થઇ, કોઇની જરા જેટલી ફરિયાદ સાભળવામા રજ માત્ર ફેર પડયો, કોઇની જરા અગવડ દૂર કરવામા સહેજ ઉદાસીનતા દર્શાવાઇ તો તેનુ પરિણામ બહુ ભયંકર આવવાની સભાવના હતી. પરંતુ સત્તાવાળાઓ પ્રથમ એટલા બધા સાવચેત નહોતા. તેઓ અમુક જાતિનો અસંતોષ દૂર કરવાને તત્પર થયા નહિ પણ જ્યારે ભયંકર પ્રકોપથી દિલ્હી અને મિરત સળગી ઉઠયુ, વીજળીના તારો વડે આખા હિંદમા એ સમાચાર જાહેર થયા,

ત્યારે અંગ્રેજો ભયથી બેબાકળા બની ગયા. તેઓ હિંદની બધી જાતિઓના સર્વ કાર્યોમાં પ્રકોપનો ભયંકર ધ્વનિ સાંભળવા લાગ્યા. જ્યારે કોઇ કોઇપણ કારણસર તેઓ તરફ અસંતોષ દર્શાવે, તેઓનો હુકમ માનવાની ના પાડે ત્યારે તેઓ એમ ધારી બેસતા કે આપણે એ લોકોને હાથે મરી ખૂટવું પડશે. અસંતોષ થવાના કારણો શોધવા જેટલું ધૈર્ય તેઓમાં રહ્યું નહોતું. તેઓ ક્ષણે ક્ષણે પ્રચંડ સંહારમૂર્તિના ભયથી ચમકી ચોતરફ કેવળ મહાપ્રલયના દેખાવો જોતા હતા ભયંકર વિપત્તિ જાણે વાયુની લહરિઓપર નાચતી નાચતી તેઓની સમક્ષ આવી પડતી હોય એવા વિચારથી તેઓ ધ્રુજતા હતા સિમલાની પાસે આવેલા સ્થળમાં જે ગુરખા સૈન્ય હતું, તેમાં ફેલાએલા અસંતોષની વાત સાંભળી શીતળ ટેકરી નિવાસી અંગ્રેજોની મનોદશા ભયંકર થઇ ગઈ જે કારણથી એ સૈન્ય અસંતોષ દર્શાવતું હતું એ કારણ તપાસી જોવાની કોઇને ફુરસદ નહોતી. તેઓની બુદ્ધિ બહેર મારી ગઇ હતી, દીર્ઘ દૃષ્ટિ પર પડળ આવરી રહ્યો હતો આ વખતે તેઓ વિવેકબુદ્ધિ અને ધીરજથી રસ્તો ખોળી શક્યા નહિ મિરત અને દિલ્હીના અંગ્રેજો બંડખોર સિપાહીઓને હાથે જે દશા પામ્યા હતા, તેવી જ દશા ગુરખાઓને હાથે પોતાની થવાની છે, એમ તેઓ માની બેઠા આ વખતે ઘણા યુરોપિઅનો પોતાના બાળબચ્ચા સહિત આ સ્થળે આવી એકત્ર થયા હતા. હિંદનો પ્રચંડતાપ તેઓને સિમલાની શીતળ હવા ખાવા અહિં ખેંચી લાવ્યો હતો. સ્નિગ્ધ પવનના સ્પર્શથી તેઓ પૃથ્વીપર અમૃત રસથી નાતા હતા. પરંતુ એકાએક તેઓનું સુખ પૂર્ણ થઇ ગયું તેઓ ગુરખાના હલ્લાના ભયથી ગાંડા

બની ચોતરફ નાસવા લાગ્યા અમે અગાઉ જણાવ્યું છે તેમ ગુરખાઓ કંઇ વિના કારણે અસતુષ્ટ થયા નહોતા તેઓનો પગાર ચઢી ગયો હતો, તેને ફિલોર જવાનો હુકમ આપવામા આવ્યો ત્યારે તેઓના પરિવાર વર્ગનુ રક્ષણ કરવાનો કશો બંદોબસ્ત કરવામા આવ્યો ન હતો. સાધારણ ચપરાશીઓ પર તેઓના કુટુબના રક્ષણની જવાબદારી નાખવામા આવી હતી. આવી અવ્યવસ્થાથી એ સાહસિક યોદ્ધાઓનો પિત્તો ફકળી આવ્યો હતો. તેઓએ ગુસ્સાથી અવશ થઇ સેનાપતિ મેજર બેગટ સમક્ષ અસભ્યતા દર્શાવી હતી એટલું જ નહિ પણ તેઓએ પોતાનો ચઢેલો પગાર ચૂકાવી આપવાની ને ફિલોર ન જવાની હઠ લીધી હતી. ગુરખાઓની આ નાફરમાનીના સમાચાર ચોતરફ ફેલાઇ ગયા. સિમલામા એવા સમાચાર પહોચ્યા હતા કે, યુતોગ નામના સ્થળે યુરોપિઅનો માર્યા ગયા છે, ગુરખાઓ સિમલાપર ધસી આવે છે આ સમાચારથી સિમલાના યુરોપિઅનો પોતાના બચાવ માટે અકળાવા લાગ્યા જે સ્થાન એક દિવસ પહેલા પૂર્ણ સુખ શાતિનુ સ્થાન ગણાતું હતું, ત્યા નિરાશ, ભય, અને વિષાદની છાયા છવાઇ ગઇ બધા જાનમાલની બીકે આમ તેમ દોડાદોડી કરવા લાગ્યા. યુરોપિઅન બાઇઓ નાના બાળકોને ખોળામા લઇ મૃત્યુની વિકટ મૂર્ત્તિ નિહાળવા લાગી. ગુરખાઓ આવવાના સમાચાર જાણવા માટે દેવળના ઉચ્ચ શિખરપર એક માણસ રાખવામા આવ્યો. બાળક, વૃદ્ધ. યુવક, યુવતી વગેરે બધા ઘરબાર છોડી બેકમા જઇ ભરાયા. બેકની પાસે બે તોપો તૈયાર રાખવામા આવી. એ સ્થળે ચારસો માણસો એકત્ર થયા હતા એ દરેકના મુખપર પ્રિકાશ ફરી વળી હતી દરેક પ્રતિક્ષણે એ જગલી ગુરખાઓના ભયકર હલ્લાની રાહ જોતા હતા. પ્રતિક્ષણે સર્વ સહારક કાળ પોતાની ભયકર છાયા વિસ્તારી તેઓને

નીવડાવતો હતો. એ વખતે સિમલામા યુરોપિઅન સૈનિકોની એક પણ ટુકડી નહોતી,[1] તેથી આ વખતે સીમલાવાસીઓને ભય બમણો વધી ગયો હતો. આ પ્રમાણે ભયથી વ્યાકુળ બની ગએલા ચિત્તે ગોરા લોકો એકના મકાનમા વસવા લાગ્યા. સ્ત્રીઓ પોતાના બાળકો માટે બહુ જ ચિંતાતુર બની રહી હતી, અધીર હૃદયે તેઓ અંતર્યામી ભગવાનની પ્રાર્થના કરતી હતી

છેવટે આ સંદેહ અમૂલક નીવડયો. જે ગંભીર ત્રાસથી સિમલાના યુરોપિઅનો અધીરા થઇ ગયા હતા, તે ત્રાસ ધીમે ધીમે ઓછો થતો ગયો. ગુરખાઓ અમુક કારણોને લીધે અસંતુષ્ટ થયા હતા છતા તેઓ યુરોપિઅનોનો વિનાશ કરવા તત્પર નહોતા જે જે બાબતોમા તેઓએ અસંતોષ બતાવ્યો હતો, તે તે બાબત દૂર કરતા તેઓ પાછા વફાદારીથી સરકારનુ કામ કરવા તૈયાર થયા જેઓ થોડા દિવસો પહેલા ભયભીત થઈ, પોતપોતના ઘરબાર છોડી એકમા એકત્ર થયા હતા તેઓ હવે શરમાતા શરમાતા ઘેર પાછા આવ્યા થોડા

---

૧ કેવબ્રાઉન પોતાના ગ્રંથમા જણાવે છે, કે જ્યારે વડો સેનાપતિ ઘોડેસ્વાર થઇ સિમલા છોડી જવા તૈયાર થયો, ત્યારે ત્યાના મેઇન નામના પાદરીએ તેને કહ્યું, કે "આ વખતે અહિ બહુ અશાંતિ ફેલાઇ રહી છે. બજારમા બદમાસોએ અડ્ડો જમાવ્યો છે, માટે કેટલાક ગોરા સૈનિકો અહિ મોકલો તો ઠીક." વડા સેનાપતિએ કહ્યું, કે "અત્યારે હું કોઇને અહિ મોકલી શકુ તેમ નથી " "ત્યારે સ્ત્રીઓની શી દશા થશે?" પાદરીએ આવો પ્રશ્ન પૂછયો. વડા સેનાપતિએ જવાબ આપ્યો, "ગમે તેમ વર્ત્તવા તેઓ કુલ મુખત્યાર છે." Cave Browne, Punjab and Delhi in 1875 vol. I. D. 197.

દિવસો પહેલા જેઓ પોતાના ઘરો પ્રચંડ અગ્નિને સ્વાધીન થએલા નિહાળતા હતા, ઘરમાનો સરસામાન વેરણુસેરણુ થઈ ગએલો ધારતા હતા, તેઓએ પાછા ફરી જોયુ તો જણાયુ, કે ઘર જેમના તેમ છે, સરસામાનમા જરા પણ ફેરફાર થયો નથી. યુરોપિઅનો આ પ્રકાર જોઇ પોતાના બીકણપણાથી મનમા ને મનમા શરમાવા લાગ્યા તથા પોતાની કલ્પનાને સેકડોવાર ધિક્કારવા લાગ્યા.

જ્યારે યુરોપિઅન સૈન્ય હિમાલયના પ્રવેશમાથી હિંદના મેદાનો તરફ આવતું હતું, ત્યારે વડો સેનાપતિ પંજાબના વડા કમિશ્નર સર જોન લોરેન્સ સાથે લડાઇની પદ્ધતિ બાબત મસલત ચલાવતો હતો. જરા જેટલુ સૈન્ય લઇ દિલ્હી પર હલ્લો કરવો એ વડા સેનાપતિને ઠીક જણાતું નહોતું તે હાલ તુરતમા તો સતલજ અને જમના વચ્ચે એકત્ર સૈન્યની છાવણી નાખી બીજા સહાયકારી લશ્કરની રાહ જોવા ઇચ્છતો હતો તેણે ૧૧ મી મેએ આ સબધમા સર જોન લોરેન્સને જે પત્ર લખ્યો હતો તેનો સરાંશ આ પ્રમાણે હતો—"જે થોડુ ઘણું યુરોપિઅન સૈન્ય અહીં છે, તેને દિલ્હીની લડાઇમા રોકવુ ઉચિત છે કે નહિ તે બાબત આપ વિચાર કરી જોશો મારા ધારવા પ્રમાણે એમ કરવુ એ ઉચિત નથી. મારા મત પ્રમાણે આ સૈન્ય દિલ્હી જીતવા માટે પુરતુ નથી. મોટી મોટી તોપોની મદદથી શહેરની દિવાલ તોડી શકાય ખરી, સહેજ સાજ બળ વાપરતા નગરમા પ્રવેશ કરી શકાય ખરો, પરંતુ એ મહાન નગરમા બહુ સાકડા રસ્તાનો પાર નથી વળી એ દરેક રસ્તા હથિયારબંધ લોકોના કબજામા હોવાથી નાનું સૈન્ય લઇ શહેરમા પેસવાનું કામ મારા વિચાર મુજબ વિપદજનક છે જો છસો કે સાતસો માણસો લડાઇમા નકામા થઇ જાય તો કઇ બાકી રહે

નહિ જો આપણી ચારે બાજુનો પ્રદેશ વિરુદ્ધ પક્ષ અવલબન કરે તો આપણે શુ તેને વશ રાખી શકીશુ ? મારા વિચાર મુજબ અત્યારે સાવચેતી પૂર્વક લશ્કર અને હથિયારો એકત્ર કરવાને જરૂર છે. અત્યારે લડાઈની જે હલકી સામગ્રી એકત્ર થઇ છે, તે પર આધાર રાખી શકાય તેમ નથી એ સામગ્રીને બદલે ઉચ્ચ પ્રકારની સામગ્રી હસ્તગત થયા બાદ આપણે માટે નિરાશ થવાનું કઇ કારણ રહેશે નહિ મે અહીં મેજર જનરલ, બ્રિગેડિયર જનરલ વગેરે જે જે લશ્કરી અમલદારો સાથે મસલત કરી છે, તેઓએ પણ આવોજ મત દર્શાવ્યો છે." ૧

પરતુ લૉર્ડ લોરેન્સ સેનાપતિના આ ઠરાવ સાથે મળતો થયો નહિ. હવે કોઇ પણ જાતનો વિલબ કરવાનો સમય નહોતો સહેજ વિલબ અગણિત વિપત્તિઓ ઉત્પન્ન કરે તેમ હતુ લૉર્ડ કેનિગ કલકત્તાથી અને સર જોન લોરેન્સ પજાબથી વડા સેનાપતિને જેમ બને તેમ જલદી દિલ્હી પર હલ્લો કરવાની પ્રાર્થના કરવા લાગ્યા. સર જોન લોરેન્સ સમજી ગયો કે જો મોગલ રાજધાની લાબો વખત બડખોરોના હાથમા રહી તો સાધારણ પ્રજાના મનમા અગ્રેજી સત્તા નાશ પામી છે એ વિચાર દૃઢ થશે. અને તેથી અત્યારનો સિપાહીવિદ્રોહ જનસાધારણના વિદ્રોહના રૂપમા પરિણામ પામશે. માટે ગમે તેવી સ્થિતિમા પણ દિલ્હી જેમ બને તેમ જલદી કબજે કરવાનો

---

૧ Unpublished Memoir by Colonel Baird Smith, quoted by Kaye, Vol, II. P 149, note. Comp. Bosworth Smith, Life of Lord Lawrence, Vol. II. P. 28. and Holmes, Indian Mutiny P. 121.

પ્રયત્ન કરવાની જરૂર છે તેમ નહિ થાય તો બ્રિટિશ નામ અને બ્રિટિશ સત્તા પર કદી ન ભુસાય એવુ કલક લાગશે તે વડા સેનાપતિને જેમ બને તેમ જલદી દિલ્હી પર હલ્લો કરવાની આજીજી કરવા લાગ્યો તેણે એક પત્રમા પોતાનો મનોભાવ આ પ્રમાણે દર્શાવ્યો છે,–એક વાર હિદનો ઇતિહાસ તપાસી જુઓ, જ્યારે આપણે કોઈ પણ કાર્ય કરવા મચી પડયા છીએ ત્યારે કોઇ પણ સ્થળે પાછું હઠવુ પડયુ છે? સાહસ અને ઉત્સાહશૂન્ય લોકોની સલાહથી જ્યારે જ્યારે આપણે દોરાયા છીએ ત્યારે આપણે કઇ જગાએ વિજય મેળવ્યો છે? કલાઇવે પોતાના મુખ્ય સેનાનાયકોના મત વિરુદ્ધ બાર સો સૈનિકો સહિત પ્લાસીના રણક્ષેત્ર પર લડાઈ કરી, ૪૦૦૦૦ લોકોને હરાવી, બગાળા જીત્યુ હતું ચબલ આગળથી સેનાપતિ મોન્સનને પાછુ હઠી જવુ પડયુ હતુ. આગ્રા જીત્યા પહેલા તેનું સૈન્ય અવ્યવસ્થિત થઇ ગયુ હતું, થોડો ભાગ નાશ પામ્યો હતો. કાબુલની દુર્ઘટના પર દૃષ્ટિપાત કરો એકાગ્રતા અને સાહસપૂર્વક કાર્ય કરવામા આવ્યુ હોત તો એવો બનાવ કદી ન બનત જે વિદેશી પગારદાર લોકો આપણા પક્ષમા છે, તેઓ આપણા માટે સર્વસ્વ ત્યાગ કરવા તત્પર થાય એમ શા માટે ધારવુ? તેઓ આપણા પક્ષમા રહે છે તેનું એક કારણ છે. તેઓ જાણે છે, કે આપણે જે કાર્ય ઉપાડીએ છીએ, તેમા પાછા પડતા નથી આપણા હાથ નીચે કાર્ય કરવામા કોઇ પણ જાતનું દુ:ખ પડતુ નથી એ ઉપરાત વિચાર કરો કે દરેક પોતપોતાના ભલા તરફ દૃષ્ટિ રાખે છે. પજાબનું અનિયમિત સૈન્ય ઉત્સાહિત ચિત્તે, લડાઇમા નિયમિત સૈન્ય કરતા વધારે વફાદારી બતાવવા આગળ વધે છે. તે સૈન્ય અત્યારે યુરોપિઅનો સાથે એકત્ર થઇ, લડાઇ કરવા

તત્પર છે તે સૈન્ય જો એમ જાણશે કે યુરોપિઅનો લડાઇ કરવા ઇચ્છતા નથી, તો તે ધારી લેશે કે કંપનીનો પરાજય થયો છે. એ સિવાય એ પણ વિચારજો કે જેટલા દિવસ આપણે બેસી રહેશુ, તેટલા દિવસ દરમ્યાન શત્રુના જાસુસો આપણી છાવણીમા ભટકશે; અને ચિઠ્ઠીપત્ર દ્વારા આપણા પક્ષમાના સૈનિકોને ઉશ્કેરશે અત્યારે ઘણે સ્થળે પાક સારો પાકયો છે, અંબાલા અને મિરત વચ્ચેના પ્રદેશમા આપણા માટે ઘણું અનાજ સંઘરી શકાશે. દેશના ઘણાખરા ભાગમા પાકની સ્થિતિ સારી છે આપણે જરા પણ મુશ્કેલી વગર દેશના દરેક વિભાગમા લશ્કર મોકલીએ છીએ. પત્યાળા અને ઝિંદના મહારાજા પર તથા સાધારણ રીતે આ પ્રદેશ ઉપર આપણે વિશ્વાસ રાખવાની જરૂર છે. કારણ કે તેઓ આપણા પક્ષમા છે તેની ઘણી સાબીતિઓ મળી છે, અને મળતી જાય છે. પરંતુ સિપાહીઓ પર વિશ્વાસ રાખવો ઉચિત નથી × × × જો પંજાબમાથી કોઇ પણ સેનાનાયક આપને જોઇતો હોય તો આપ મહેરબાની કરી મને જણાવશો ×"

પંજાબના વડા કમિશ્નરે આ પ્રમાણે ધૈર્ય, એકાગ્રતા અને કાર્યતત્પરતાપૂર્વક વડા સેનાપતિને દિલ્હી તરફ જવાનું લખ્યુ હતું. તેનો પત્ર ઓજસ્વિતાથી અલંકૃત છતા બનાવોની સત્યતાથી પરિપૂર્ણ નથી તે જે પ્લાસીની લડાઇનો ઉલ્લેખ કરી પોતાના જાતિબંધુનું સાહસ અને ગૌરવ દર્શાવવા તૈયાર થયો છે, તે લડાઇ ખરા મહાયુદ્ધ તરીકે ઓળખવા યોગ્ય નથી ભયંકર વિશ્વાસઘાત અને રાજદ્રોહથી બલસંપન્ન ન થયો હોત[1] તો લૉર્ડ ક્લાઇવ કદી પણ આવું સાહસ

---

[1] આ બાબત વિસ્તારથી જાણવી હોય તો અમારા તરફથી બહાર પડેલું 'સિરાજુદ્દૌલા' નામનું ઐતિહાસિક પુસ્તક વાંચો'
વ્યવસ્થાપક. સ્વ. ગ્ર. મં.

અને એકાગ્રતા દર્શાવવા તત્પર ન થાત. મીરજાફર વગેરેના વિશ્વાસ-ઘાતથી જ લૉર્ડ ક્લાઇવ પ્લાસીની લડાઇ જીત્યો હતો અને એ વિશ્વાસઘાતને લીધે જ તેનુ સાહસ, પરાક્રમ અને કાર્યતત્પરતા પરસ્પર એકત્ર થઇ લડાઇમા સમરલક્ષ્મીનો પ્રસાદ મેળવવાની આશાથી વિકસિત થયા હતા ગમે તે હો, પણ એટલુ તો ખરૂં કે સર જોન લોરેન્સ આ વખતે સાહસ અને દઢતાના બલથી કાર્યસિદ્ધિ મેળવવા તૈયાર થયો હતો. ઇતિહાસના ગૂઢ સત્ય તરફ તેણે જોઇએ તેવી નજર રાખી નહોતી. વિશાળ ભરતખડમા તેણે પોતાના જાતિબધુઓની કાર્યતત્પરતાના જે કઇ ઉદાહરણો જાણ્યા હતા, તે દર્શાવી વડા સેનાપતિને ઉશ્કેરવાનો તેનો પ્રયાસ એ પત્રમા જણાઇ આવે છે

છેવટે વડા સેનાપતિને સર્વોપરિ સરકારની ઇચ્છા મુજબ કાર્ય કરવાની ફરજ પડી જો કે તે સૈનિકવિભાગનો સર્વોપરિ અમલદાર હતો, છતા તે ધારતો હતો, કે હુ સમગ્ર ભારતવર્ષની સર્વોપરિ સત્તાના પરિચાલકના મત વિરુદ્ધ કાર્ય કરવાને અશક્ત છુ જ્યારે ગવર્નર જનરલનો અભિપ્રાય તેના જાણવામા આવ્યો, ત્યારે તે જરા પણ આનાકાની ન કરતા દિલ્હી તરફ કુચ કરવા તૈયાર થયો. સેનાપતિ એન્સને ૨૩ મી મેએ ગવર્નર જનરલને લખી જણાવ્યુ, કે " દિલ્હી જલદી પહોચવાની સભાવના બહુ થોડી છે આપે તારથી સમાચાર મોકલ્યા છે કે દિલ્હી જેમ બને તેમ જલદી કબજે કરવુ જોઇએ. પુરતા ગોરા સૈનિકો વડે આ કાર્ય કરવાનુ છે. પુરતું બ્રિટિશ સૈન્ય અહી તો નથી અમે બની શકયુ તેટલું સૈન્ય એકત્ર કર્યું છે, તેટલુ દિલ્હી પર હલ્લો કરવા માટે પુરતું છે કે નહિ તે બાબતમા આપનો અભિપ્રાય જાણવાની ઇચ્છા રાખુ છુ." વડા સેનાપતિએ

અત્યાર સુધીમા જેટલુ સૈન્ય એકત્ર કરી શકાયુ હતું તેની સખ્યા અને તે સબંધી બધી હકીકત મિરતના સેનાપતિ હ્યુટને લખી મોકલી.

વડા સેનાપતિએ અબાલાથી ઉપલો પત્ર લખ્યો તે દરમ્યાન ગવર્નર જનરલે આગ્રાના લેફ્ટેનેન્ટ ગવર્નર મારફત વડા સેનાપતિને તારદ્વારા જણાવ્યુ કે "જેમ બને તેમ જલદી દિલ્હી તરફ કુચ કરવી. લેફ્ટેનેન્ટ ગવર્નર તમને બનતી મદદ કરવા તૈયાર છે." પરતુ વડા સેનાપતિ સૈન્યસગ્રહ અને કુચ કરવા બાબત નાના પ્રકારની હરકતો બતાવવા લાગ્યો. તેથી ગવર્નર જનરલ શાત રહી શક્યો નહિ મે માસની આખર તારીખે તેણે વડા સેનાપતિને ફરીથી તાર કરી જણાવ્યું, કે "મે આજે સાભળ્યુ કે આપ ૯ મી જુન પહેલા દિલ્હી પહોચી શકશો નહિ. પરતુ એ સમય દરમ્યાન લખનોર ને કાનપુરમા ભારે પ્રકોપ સળગી ઉઠશે, અને દિલ્હીથી કાનપુર સુધીનો બધો પ્રદેશ બળવાખોરોના હાથમા જઇ પડશે. આ ગડબડ દબાવવાનું કાર્ય અતિશય જરૂરી છે કાનપુરનો બચાવ કરવાની ખાસ જરૂર છે આપની પાસે જે તોપોનું રક્ષક સૈન્ય છે તે વડે દિલ્હીનુ કાર્ય થશે. માટે મારા મત મુજબ યુરોપિયન પાયદળ અને ઘોડેસ્વારની એકેક ટુકડી દિલ્હીની દક્ષિણ બાજુએ મોકલી દેવી એ ઉચિત છે તેથી અલીગઢ અને કાનપુર બળવાખોરોના હાથમાથી જલદી મુક્ત થશે."

એ દરમ્યાન એક આબરૂદાર વર્ગ બ્રિટિશ સરકારને મદદ કરવા તૈયાર થયો. જમના અને સતલજની વચ્ચે આવેલા વિશાળ પ્રદેશમાં કેટલાક રાજાઓ રાજ્ય કરતા હતા. તેઓ સરકારના રક્ષણ નીચે હતા અને મિત્રરાજ્ય તરીકે ગણાતા હતા. ઓગણીસમી સદીની શરૂઆતમાં

જે અસાધારણ વીરપુરુષ પવિત્ર પંચનદ પ્રદેશમા પોતાનો અધિકાર વિસ્તારી બધાને દિગ્મૂઢ બનાવવા લાગ્યો હતો, તે વખતે તે બહાદુર પુરુષની સત્તાથી બચવા માટે એ રાજાઓએ બ્રિટિશ સરકારનું રક્ષણ સ્વીકાર્યું હતું પંજાબકેસરીના હાથમાથી મુક્ત થઇ પત્યાળાના રાજાએ ચાર્લ્સ મેટકાફના હાથમા પોતાના કિલ્લાની ચાવી સોપી કહ્યુ હતુ, કે જે કંઇ મારે તાબે છે, તે બધુ બ્રિટિશ સરકારની સેવા માટે તૈયાર છે. ત્યારથી એ મિત્ર રાજાઓ પોતાની પવિત્ર મિત્રતાનું રક્ષણ કરતા આવ્યા હતા સિપાહીઓ જ્યારે ભયંકર ઉશ્કેરણીથી સરકાર વિરુદ્ધ એકસંપી કરતા હતા, ગામડે ગામડે, નગરે નગર છુપા જાસુસો ધર્મહાનિને બહાને જનસાધારણને સરકાર વિરુદ્ધ ઉશ્કેરતા હતા, ભારતના આકાશમા ભયંકર વાદળા એકત્ર થઇ મહાપ્રલયનો આભાસ કરાવતા હતા, ત્યારે સતલજથી છોવાતી જમીન પર રાજ્ય કરતા આ ખડિઆ મિત્રરાજ્યો બ્રિટિશ સરકાર માટે પોતાનુ સર્વસ્વ અર્પણ કરવા તૈયાર થયા. ઝિંદ અને નભાના રાજાઓએ પત્યાળાના રાજાનું અનુસરણ કર્યું એ વખતે અંબાલાથી કર્નાળ સુધીના રસ્તાનું રક્ષણ કરવાની બહુ જરૂર હતી કારણ કે અંબાલાથી લશ્કર કર્નાળ જતું હતું દિલ્હીથી જેઓ નાસી છૂટયા હતા, તે કર્નાળ એકત્ર થયા હતા. અને ત્યા રહી પોતાની હારેલી બાજી પાછી મેળવવાની પેરવી કરતા હતા એ સિવાય કર્નાળ સરકારના કબજામા હોવાથી મિરત અને અંબાલા વચ્ચે સંદેશા મોકલવાની સરળતા થતી હતી સરકારનાં નસીબે આ સંકટને વખતે રણક્ષેત્ર પર એક બીજા હિતેચ્છુ પુરુષનો આવિર્ભાવ થયો. કર્નાલનો નવાબ સરકારના પક્ષમા રહી જોઇતી મદદ આપવા તૈયાર થયો. જ્યારે ઝિંદના રાજાએ પોતાનુ સૈન્ય કર્નાળ

મોકલ્યું, ત્યારે ત્યાની પ્રજા સરકાર વિરુદ્ધ બ ડ ઉઠાવવાની છે એવો સંદેહ ઉત્પન્ન થયો હતો, તે સંદેહ હવે કાયમને માટે દૂર થયો. વળી પત્યાળાના રાજાએ અ બાલા ને કર્નાલની વચ્ચે આવેલ થાણેશ્વર પોતાના તાબામા રાખ્યું હોવાથી સરકારને બહુ સગવડ થતી હતી. આ પ્રમાણે સરકારનું હિત ઇચ્છનારા મિત્ર રાજ્યોની મદદથી એ બધા સ્થળો વચ્ચે સ દેશાની લેવડ દેવડ કરવાનો રસ્તો મોકળો રહ્યો હતો.

કર્નાલ સ્ટેશનથી કેટલાક માઇલ દૂર હિ દના ઇતિહાસમા પ્રસિદ્ધ થયેલુ પાણિપત આવેલુ છે એ સ્થળના વિશાળ મેદાનપર ત્રણ વાર હિ દનું ભાગ્ય પરિવર્તિત થયુ છે ત્રણે વાર પ્રસિદ્ધ વીરો સ ખ્યાબ ધ સૈન્યના આગેવાન બની હિ દની રાજ્યલક્ષ્મી મેળવાની આશાથી આ વિશાળ ક્ષેત્ર પર અપાર ચાતુર્ય બતાવી ગયા છે. જે મેદાન પર ભટકતો બાબર માલેતુજાર બની ગયો છે, અકબર પિતાનું રાજ્ય બચાવવા સમર્થ થયો છે, અહમ્મદશાહે પરાક્રમી મરાઠા વીરોને પદદલિત કરી હિ દુઓની છેલ્લી આશાને નિર્મૂળ કરી નાખી છે, તે મેદાનની કથા બ્રિટિશ વીરપુરૂષોની સ્મૃતિમાથી કદી ભૂલાઇ જાય તેમ નથી. આ સ્થળે હિ દના મદદગાર લશ્કરનો ઘણો ખરો ભાગ છાવણી નાખી પડયો હતો. અ બાલાથી એક બીજી ટુકડી કર્નાલ તરફ જવા નીકળી. એ ટુકડીનો અગ્રભાગ બહુજ ઉતાવળે પાણિપત આવી પહોચ્યો. અ બાલામા જે યુરોપિઅન લશ્કર હતું, તેને લઇ વડો સેનાપતિ ૨૫ મી મે એ અ બાલાથી ઉપડયો. પર તુ તેનું આયુષ્ય પુરૂં થવા આવ્યું હતું. તે જે ભારે કાર્ય સાધવા તૈયાર થયો હતો, તે કાર્ય પાર પાડવાની જવાબદારીથી તેને વધારે વખત પીડાવું પડયુ નહિ તેણે પોતાના સ્કંધ પર જે જવાબદારી લીધી હતી, તે જવાબદારી એક બીજા માણસ

પર નાખી આ સંસારમાથી તેને હમેશને માટે કુચ કરી જવી પડી. સેનાપતિ એન્સને ૨૫મી મે એ અબાલા છોડયુ ૨૬મી મે એ તે કર્નાલમા મરણપથારીએ પડયો બીજે દિવસે મધરાતે સર હેન્રિ બર્નાર્ડ તેના તબુમા હાજર થયો એ વખતે વડો સેનાપતિ ધીરે ધીરે મૃત્યુના ખોળામા સુવાની તૈયારી કરી રહ્યો હતો તે પોતાના મિત્રને ઓળખી, અતિ ધીમા અવાજે બોલ્યો, "બર્નાર્ડ, હું તમારા હાથમા લશ્કરની જવાબદારી સોપુ છુ, તમે જાહેર કરશો કે હુ મારૂં કર્તવ્ય બજાવવા કેટલો વ્યગ્ર હતો હવે હું આ પથારી પરથી ઉઠી શકુ તેમ નથી. હું પ્રાર્થના કરૂ છુ કે તમે આ બાબતમા ફતેહ મેળવો. ઇશ્વર તમારૂ ભલું કરો. હવે રજા લઉ છુ" ત્યારબાદ એક કલાકમા સેનાપતિ એન્સને મનુષ્યોના વખાણ કે નિંદાના હાથમાથી મુક્ત થઇ અનંત શાંતિના રાજ્યમા આશ્રય લીધો

આ પ્રમાણે ભયંકર પ્રકોપની શરૂઆતમા હિંદનો વડો સેનાપતિ કોલેરાના ભયંકર રોગથી મરણ પામ્યો. તેણે જે ભારે કામ બજાવવાનું માથે લીધુ હતું, તે કામ બજાવવાની લાયકાત તેનામા કેટલી હતી તે વિસ્તારથી કહેવાની જરૂર નથી કેવળ એટલુ જ કહેવું બસ થશે કે તે હિંદમા આવ્યા બાદ બધાને સરખી રીતે સંતુષ્ટ કરી શકયો નહોતો તે સાહસી અને સરળ હૃદયનો હોઇ શકે, પરંતુ કાર્ય ક્ષેત્ર પર તેની સૂક્ષ્મદષ્ટિ અગર એકાગ્રતા ખિલી નીકળી નથી જ્યારે ચોતરફ ભયંકર પ્રકોપના ચિહ્નો જણાતા હતા, સિપાહીઓ ઉશ્કેરાઇ ફિરંગીઓના લોહીથી પોતાની દ્વેષબુદ્ધિ શાંત પાડવાનો આગ્રહ દર્શાવતા હતા, ત્યારે વડો સેનાપતિ જોઇએ તેવી કાર્યતત્પરતા કે દઢતા બતાવી શકયો નહોતો. તે ઘટના સ્થળે ઉપસ્થિત થયો હોત તો મિરતના

બંડખોર સિપાહીઓ દિલ્હીના સિપાહીઓ સાથે એકત્ર થઇ શક્ત નહિ. જ્યારે મિરત બંડખોર સિપાહીઓનું રણક્ષેત્ર બની રહ્યું હતું, દિલ્હી તેઓના પ્રબળ હલ્લાથી બ્રિટિશ સત્તાના હાથમાથી સરી પડ્યું હતું, ત્યારે વડો સેનાપતિ સિમલાની શીતલ ટેકરીપર હવા ખાતો હતો. મેજર જનરલ હુકર નામનો એક લશ્કરી અમલદાર લખે છે, કે "હું સાહસપૂર્વક કહું છુ, કે તપાસ કરવાથી જરૂર જણાશે કે તે (એન્સન) આ વખતે કાર્ય પાર પાડવાને તદ્દન નાલાયક હતો. તે શાત, ધીર અને શિષ્ટ હતો. તેના હૃદયની દુર્બળતાના સબંધમા કઇ પણ કહેવુ એ બહુ જ કષ્ટમય છતા દેશને માટે અને જેઓના પુત્ર, તથા બૈરાછોકરાએ હિંદમા બલિદાન આપ્યુ છે, તેને ખાતર કહેવુ જોઇએ કે તેને કેવળ ભલામણ પત્રોના જોરથી આવી ઉંચી પદવી આપવામા આવી હતી."[1] એક બીજા અમલદારે આ સબધમા લખ્યું છે, કે "મૃત્યુએ સેનાપતિ એન્સનને મારાના હાથમાથી છોડાવ્યો છે. સૈનિકો તેના તરફ તિરસ્કારની નજરે જોતા તેઓએ તેનો તબુ સળગાવી મૂક્યો હતો. તે પોતાના કાર્ય માટે તદ્દન અયોગ્ય હતો. ઘોડા અને રમત ગમત એજ તેનું પ્રધાન લક્ષ્ય હતું"[1] આ પ્રમાણે ઘણા માણસોએ સેનાપતિ એન્સન સબંધમા પોતાનો અભિપ્રાય જાહેર કર્યો છે. કોઇ કોઇ તેના ગુણો પ્રગટ કરે છે ખરા, પરતુ તે ગુણગૌરવ સર્વ સમત થએલ નથી સૂક્ષ્મ વિચારકોની કઠોર સમાલોચનાથી એ પ્રશ્ન સાવાદ સાધારણ પ્રજાને તૃપ્તિ પમાડતો નથી વડો સેનાપતિ સહૃદયી અને શાત સ્વભાવનો હતો. શિષ્ટ વ્યવહારથી તે

---

1 Cracertin Indian Empire Vol. II. P. 180

1 Martin,, Indian Empire Vol. II. P. 180.

સમાજમા પોતાની આબરુ જાળવી શકતો પરંતુ ફક્ત કાર્યતત્પર-તાના અભાવને લીધે જ તે પોતાની પદવીનું ગૌરવ જાળવી શકયો ન હોતો. અને સરકારી નોકરોને સંતુષ્ટ કરી શક્યો નહોતો.

અગાઉ કહ્યું છે તેમ વડા સેનાપતિએ મરતી વેળ સેનાપતિ બર્નાર્ડના હાથમા સૈન્ય પરિચાલનની જવાબદારી સોપી હતી બર્નાર્ડ પોતાની જવાબદારી સમજી દિલ્હી તરફ કુચ કરવાની તૈયારી કરવા લાગ્યો. તરત જ સૈન્ય અંબાલાથી દિલ્હી તરફ જવા લાગ્યુ ગ્રીષ્મ-ઋતુનો પ્રચંડ તડકો ચોતરફ અગ્નિના કણ વેરતો હતો. યુરોપિઅન સૈનિકો દિવસે મુસાફરી કરી શકતા નહિ, તેથી દિવસ આથમ્યા બાદ રાત્રિના સમયમા તેઓની મુસાફરી શરૂ થતી. જ્યારે રાત પૂરી થતી, સવાર પડતી, પુર્વ દિશા સૂર્યના પ્રકાશથી ઝળાહળા થઇ રહેતી ત્યારે યુરોપિઅન સૈનિકોના હૃદયમા ભારે ભય પેદા થતો, ત્યાર બાદ સૂર્યના કિરણો પ્રખર થતા એટલે તેઓ પોતપોતાના તંબુમા છુપાઇ જતા, પરંતુ એ તંબુમા પણ તેઓને શાંતિ વળતી નહિ નિર્દય સૂર્ય તંબુને છિન્ન ભિન્ન કરી પ્રતિક્ષણે સળગતી આગ તેઓના શરીર પર ફેંકતો. પ્રચંડ તાપથી આ પ્રમાણે પિડાતા પિડાતા તેઓ ચોતરફ બંધ કરેલા તંબુમા મુડદાની માફક પડયા રહેતા, છેવટે જ્યારે સૂર્ય પશ્ચિમ તરફ ઢળતો, કિરણો ધીમે ધીમે શાંત થતા, ત્યારે તેઓમા જીવ આવતો. ત્યારે તેઓ પોતપોતાના તંબુમાથી બહાર આવતા અને પોતાનો સરસામાન લઇ મુસાફરી માટે તૈયાર થતા. આ પ્રમાણે સંધ્યાકાળ એ તેઓને માટે કાર્ય શરૂ કરવાનો વખત હતો તેઓ એ સમયે મુસાફરી શરૂ કરી રાત્રિની નિસ્તબ્ધતામા મગ્ન રહી દિલ્હી તરફ જતા તારામય રાત્રિ તેઓને બહુ સુંદર લાગતી હતી. પરંતુ

આવી બાબ શાંતિપૂર્ણ મુસાફરીમા તેઓના હૃદયને શાંતિ વળતી નહિ દમન ન કરી શકાય એવી વેરવૃત્તિને લીધે તેઓ રસ્તામા અનેક ન કરવાના કાર્યો કરતા હતા દિલ્હીથી જે યુરોપિઅનો નાસી છૂટયા હતા, તેઓમાના અનેક બહુ ખરાબ સ્થિતિમા આવી પડયા હતા. આનું કારણ ગામડાના લોકો ઉપર અહંકારી યુરોપિઅન લશ્કર ભારે જુલમ ગુજારવું હતું. યુરોપિઅન સૈનિકો નિર્દોષ ગામડિઆઓને પકડી લાવતા અને પોતે પોતાની મેળે ન્યાય કરવાનો ફાર્મ ભજવી તેઓને નિષ્ઠુર ભાવે મારી નાખતા. તેઓના ઓફિસરો પણ આ કાર્યને અનુમોદન આપતા એક સહૃદય લેખક આવા શોચનીય દશ્યનું વર્ણન આ પ્રમાણે કરે છે.–" સૈનિકોનો ભયંકર ઉગ્રભાવ દહાડે દહાડે વધતો જતો હતો. સાથે આવતા ચાકરો તરફ તેઓ ઉગ્રભાવ વારવાર દર્શાવતા તેથી ઘણા ચાકરો રસ્તામા જ નાસી જતા હતા. બંદીવાનો જે થોડા કલાક–અર્થાત્ તેઓનો ન્યાય અને વિનાશની વચ્ચેનો જે કંઇ સમય મેળવતા તે દરમ્યાન આ ઉગ્રભાવવાળા સૈનિકોને હાથે ભારે ત્રાસ ભોગવતા. તેઓ તેઓને વાળ પકડી ઘસડતા, સંગીનો ભોંકતા, અને જુલમથી ગોમાંસ ખવરાવતા. તેઓના ઓફિસરો પાસે ઉભા ઉભા આ કાર્યને અનુમોદન આપતા હતા."[૧]

મનુષ્યનું રુધિર પીવાને તલસતા સૈનિકો આ પ્રમાણે રસ્તામાં પોતાની હેવાનિયતના દષ્ટાંતો આપતા આપતા દિલ્હી તરફ રવાના થવા લાગ્યા તેઓનું કાર્યક્ષેત્ર હવે વધુ દૂર નહોતું. તેઓને વિશ્વાસ બેસી ગયો હતો કે અમે ગમે તેમ કરી અમારૂં કાર્ય પાર પાડશુ જ. એકજ લડાઇમા બંડખોર સિપાહીઓનો નાશ કરીશુ અમે સવા-

૧ Kaye Sepoy war, Vol II. P. 170 note.

રમા લડાઇ કરીશુ અને રાત્રે કઇ પણ હરકત વિના દિલ્હીમા બેઠા બેઠા મદિરાપાન કરીશુ. તણુમા જેઓ માદા હતા તેઓ પણ પોતાને સાજા તરીકે ઓળખાવવા લાગ્યા રોગનુ દુખ છુપાવી તેઓ કહેવા લાગ્યા કે " હવે અમને જેમ બને તેમ જલદી માદાની પથારી છોડવાની રજા આપો જેથી અમે શત્રુઓ સાથે લડી શકીએ " પરંતુ સેના-પતિ બર્નાર્ડના સૈનિકો આવા બળસપન્ન નહોતા જોકે તેઓ શત્રુઓ સામે ધસી જવાનો આગ્રહ દર્શાવતા હતા, તો પણ મદદગાર સૈન્યની એક વધુ ટુકડી જરૂરની હતી સેનાપતિ વિલસનના સનિકો મિરતથી તેઓની મદદે આવતા હતા ૧૦મી મેની સ્મરણીય રાત પછી એ ટુકડી શુ કરતી હતી, એ વાત જાણવા જેવી છે

જે રાત્રે મિરતના સિપાહીઓએ બડ ઉઠાવી દિલ્હી તરફ કુચ કરી ત્યારબાદ બીજે દિવસે અગ્રેજ અમલદારોએ બાકી રહેલા યુરોપિઅનોને એક સ્થળે એકત્ર કરવાનો પ્રયત્ન કર્યો. તેઓના પ્રયત્નથી બધા મિરતના × વિશાળ લશ્કરી વિદ્યાલયમા એકત્ર થયા કલેકટરની ઓફિસમાથી તેજુરી ખસેડી અહી લાવવામા આવી. એ સમયે મિરતમા કેવી ઉથલપાથલ થઇ હતી, તે અમે પહેલા ભાગમા દર્શાવી ગયા છીએ યુરોપિઅનોમાના કોઇનુ જીવન સલામત નહોતુ બડખોર સિપાહીઓના ગોળીબારથી છૂટેલા કેદીઓના જુલમથી અથવા ઉન્મત્ત ગુજરોના હલ્લાથી તેઓમાના અનેક મરી પરવાર્યા હતા અગર લુટાઈ બેહાલ બન્યા હતા એવુ કહેવાય છે, કે એ વખતે મુસાફરોને ધોરી માર્ગે જતા અટકાવવામા આવ્યા હતા ટપાલ લુટાઈ હતી. ઘણા ઘરો લૂટાયા હતા અને ગૃહસ્વામી કુટુબ સાથે માર્યા ગયા હતા.[1]

---

1 એ સમયની સરકારી યાદીમા જાહેર કરવામા આવ્યુ હતુ,

સત્તાવાળાઓ સિપાહીઓનુ આ આકસ્મિક ઉત્થાન અને તેથી બનેલી ભયાનક ઘટનાઓ નિરખી પ્રકોપની ભયકરતા સમજી શક્યા હતા. તેઓએ પોતાના બચાવ માટે લશ્કરી કાયદો જાહેર કર્યો હતો પરતુ આ કાયદાનું માન જાળવવામા આવ્યુ નહોતુ. કેવળ સદેહ પર આધાર રાખી અનેક માણસોને ફાસીએ લટકાવવામા આવ્યા હતા. સિપાહીઓના હલ્લાથી જેમ યુરોપિઅનોનુ જીવન ભયમા આવી પડ્યુ હતું તેમ આ કાયદાની રૂએ સાધારણ પ્રજાની જિદગી પણ ભયમા આવી પડી હતી. સત્તાવાળાઓ ભયકર વેદનાથી અધીરા બની ન્યાય અન્યાય તરફ નજર રાખતા નહિ. જે કોઇ બદીવાન બને, તે કેવળ સદેહને લીધેજ ફાસીએ લટકતો અને યુરોપિઅનોની ધગધગતી વૈરાગ્નિમા અજલિદાન કરતો.

મિરતથી ૬૦ માઇલ દૂર ગગાને કિનારે રૂડકિ આવેલ છે અહીં હિદની મોટામા મોટી ઇજિનિયરિગ કોલેજ આવેલી છે રૂડકિની

કે રામદયાલ નામના એક માણસને ઘણુ દેવુ થઇ ગયુ તે આપી ન શકવાથી કોર્ટમા દાવો માડવામા આવ્યો. તેને કેદની સજા થઇ જ્યારે ૧૦ મી મે એ મિરતના સિપાઓએ યુરોપિઅનો પર હલ્લો કર્યો, ઘરો સળગાવ્યા અને જેલ તોડી કેદીઓને મુક્ત કર્યા ત્યારે આ ભાઇ પણ છુટા થયા. તે છુટો થઇ પોતાને ગામ ભોજપુર ગયો, અને ૧૦ મીની રાત્રે તથા બીજે દિવસે સવારમા કેટલાક માણસો એકત્ર કરી જે સાહુકારે તેનાપર ફરિયાદ કરી હતી તેના પર ચઢાઇ કરી. તેણે તે સાહુકારને તથા તેના કુટુંબના ૬ માણસોને મારી નાખ્યા—Kaye, Sepoy War, Vol II. P 173, note.

આ ટોમ્સન કોલેજનું કારખાનું વિવિધ યંત્રોથી પરિપૂર્ણ છે. યંત્રોને લીધે આ સ્થળ હમેશા જીવતું જાગતું હોય એમ જણાય છે. નહેરનું પાણી પાવાને લગતા કાર્યનું મુખ્ય કાર્યાલય પણ અહીં હોવાથી અહીંથી જે નિયમો બહાર પડે તે મુજબ બધા ખેતરોને પાણી પૂરૂં પાડી જમીન ફળદ્રુપ બનાવવામા આવે છે. એ સિવાય અહીં આ દેશના કેળવાએલા લશ્કરી ઇજનેરો યુરોપિઅન ઑફિસરોના તાબમા કામ કરે છે તેથી રૂડકિ એક મુખ્ય મથક થઇ પડયુ છે. મે મામની શરૂઆતમા તો અહીં કઇ ચિન્હો જણાયા નહિ. વિદ્યાલયના અધ્યાપકો શાંતિથી વિદ્યાર્થીઓને સ્થપતિ વિદ્યાનો ઉપદેશ આપતા હતા. વિદ્યાર્થીઓ પણ શાંતિપૂર્વક એ ઉપદેશ ગ્રહણ કરતા હતા ઇજનેરો પોતપોતાના નકશા અને યંત્રાદિ લઇ દનરોજનું કાર્ય કર્યે જતા હતા. કોઇ પણ સ્થળે કઇ ગડબડ જણાતી નહાતી. કર્નલ બેયર્ડસ્મિથ આ સ્થળનો વડો હતો તે જ્યારે જીવન અને સંપત્તિની જાળવણી માટે આખી પૃથ્વીમા રૂડકિને સર્વોત્તમ માનતો હતો ત્યારે મિરતના સમાચાર આ શાંતિપૂર્ણ સ્થાનમા આવી પહોચ્યા. પૂર્વોક્ત લશ્કરી ઇજનેરોના અધ્યક્ષ મેજર ફ્રેઝરને મિરતના સેનાપતિ પાસેથી હુકમ મળ્યો, કે "તમારે જેમ બને તેમ જલદી હાથ નીચેની ટુકડી સાથે મિરત આવવુ કારણુ કે અહીના સિપાહીઓએ બંડ ઉઠાવ્યુ છે કર્નલ બેયર્ડસ્મિથને જ્યારે આ સમાચાર મળ્યા ત્યારે તેણે કર્નલ ફ્રેઝરને ગંગા નદીની નહેર વાટે નૌકા મારફત સૈન્ય મોકલવાનું કહ્યું. ફ્રેઝરે આ વાત સ્વીકારી લીધી તેણે ૭ કલાકમા હજાર માણસનું લશ્કર મોકલી શકાય તેટલા વહાણો એકત્ર કર્યા. રૂડકિમા કેવળ ૭૧૭ લશ્કરી ઇજનેરો હતા એ બધા લોકો મિરત જવા તૈયાર થયા. એ દરમિઆન મિરતથી સમાચાર આવ્યા, કે રૂડકિના રક્ષણ માટે બે ટુકડી રાખી

બાકીનું સૈન્ય મિરત મોકલવુ. તેથી ૭૧૩ માણસોમાના ૫૮૦ માણસો તૈયાર થઇ ફ્રેઝર સાહેબની સરદારી નીચે મિરત જવા નીકળ્યા.[1]

ત્યાર બાદ દિલ્હીમા મચેલા દગાના સમાચાર રૂડકિ આવી પહોચ્યા. બેયર્ડસ્મિથ ઇજનેરી કારખાનાના બચાવ માટે ગોઠવણ કરવા લાગ્યા. તે વાયવ્ય પ્રાનની નહેરોના જલસેચન વિભાગનો મુખ્ય પરિદર્શક હતો. આ કાર્યમા તે ખૂબ કુશળ હતો. લશ્કરી ઉત્તેજન અથવા ગડબડ સાથે આ કાર્યને કંઇ સબંધ નહતો. મુખ્ય પરિદર્શક તરીકે તે શાન્તિથી શાન્તિમય માર્ગે રહી પોતાનુ કર્તવ્ય બજાવતો હતો. પરંતુ અત્યારે એ શાન્તિ તો દૂર નાસી ગઇ હતી. શાન્તિ અશાન્તિના રૂપમા ફેરવાઇ ગઇ હતી. તેથી મુખ્ય પરિદર્શક સ્થપતિવિદ્યાને બદલે લશ્કરી

---

૧ કર્નલ બેયર્ડસ્મિથે આ સબંધમા લખ્યુ છે, કે " મે સવારમા મિરતના સિપાહીઓએ બળવો ઉઠાવ્યો છે અને યુરોપિઅનોના ખૂન કર્યા છે એવા સમાચાર સાભળ્યા. જ્યારે હુ પ્રાત ભ્રમણ કરવા માટે ઘોડેસ્વાર થવા બારણા આગળ આવ્યો ત્યારે ભૂતત્વ શાસ્ત્રના અધ્યાપક મેડલિકટ ત્યા બેઠા હતા તેમને મેં ચિંતાતુર જોયા ચિંતાનું કારણ પૂછ્યુ તો તેમણે જણાવ્યુ, કે મિરતના સેનાપતિએ ફ્રેઝર સાહેબને સૈન્ય સહિત જેમ બને તેમ જલદી ત્યા જવાનો હુકમ આપ્યો છે લગભગ એક કલાક પહેલા આ સમાચાર આવ્યા છે. મેં તરતજ પગ રસ્તે જવાને બદલે ગંગાનદીની નહેર વાટે જવાનો ઠરાવ મૂક્યો કારણ કે પગ રસ્તે જતા સૈનિકો થાકી જાય તેથી મિરત જઇ તરત કંઇ કામ કરી શકે નહિ. " Ms. Correspondence of Colonal Baird Smith. C0mp. Kaye, Sepoy war. Vol. II. P 175 note

કાર્યમા જોડાયો. રૂડકિના બચાવનુ કામ તેને માથે આવી પડ્યું. એયર્ડસ્મિથ ખૂબ તત્પરતા દર્શાવી બચાવનુ કાર્ય બજાવવા લાગ્યો ૧૬ મી મે એ કોલેજના કારખાનામા યુરેપિઅન સ્ત્રીઓ ને બાળકોને લઈ જવામા આવ્યા તેઓની સંખ્યા ૧૦૦ ઉપર હતી પુરુષોની સખ્યા ગૈરા છોકરા કરતા સહેજ વધુ હતી તેઓમાના ઘણા ખરા નોકરી કરતા હતા, તેથી હથિયાર પકડવામા ચાલાક નહોતા. ૫૦ માણસનુ કેળવાએલુ સૈન્ય અને ૮–૧૦ અમલદારો હતા એયર્ડ સ્મિથ તેઓનો સરદાર થઇ રૂડકિનુ રક્ષણ કરવા તૈયાર થયો

રૂડકિમા જે લશ્કરી ઇજનેરો હતા, તેમાના દરેકને એયર્ડ સ્મિથે વિશ્વાસુ ધાર્યા નહોતા. નાના પ્રકારના ગપ્પાથી તેઓ ધીમે ધીમે અધીરા બની જતા હતા હાડકાના ભૂકાવાળા આટાની વાત તેઓમા પણ ફેલાઇ હતી. બીજા સિપાહીઓની માફક તેઓ પણ ધારતા હતા કે અમારા હથિયારો પડાવી લઇ અગ્રેજો અમારો નાશ કરી નાખશે તેઓ પ્રતિક્ષણે હુમલો થવાનો ડર રાખતા હતા ડર પછી તેઓ પોતાની કલ્પના આગળ પોતાને હથિયારો વિનાના દીનહીન બનેલા કલ્પતા હતા આમ હોવાથી તેઓના મનમા શાંતિ નહોતી, હૃદયમા રાજભક્તિ નહોતી, કર્ત્તવ્યમા દિલ ખૂચતુ નહોતુ તેઓ પોતાની સમક્ષ પોતાની જ સહારિણી મૂર્તિ નિહાળી ભયભીત થતા હતા એ દરમ્યાન તેઓએ સાભળ્યુ કે મેજર રીડની સરદારી નીચે ગુરખા સૈન્યની એક ટુકડી ડેરાડુનથી આવે છે. આ વાત સાભળી તેઓએ વિચાર્યુ કે હવે આવી બન્યુ સૈન્ય આવે છે, આપણા હથિયારો જશે, પોશાક જશે, ધર્મ જશે. એયર્ડસ્મિથે આ ચળવળ સમજી લઇ મેજર રીડને લખી મોકલ્યુ કે " આપ મહેરબાની કરીને રૂડકિ આવશો નહિ " રીડે

આ સલાહ માની રૂડકિ તરફ ન આવતા ગંગાનદીની નહેર વાટે મિરત તરફ ગમન કર્યું

ફ્રેઝરની સરદારી નીચે જે સિપાહીઓ મિરત જતા હતા, તેઓ શાંતિ પૂર્વક મિરત પહોંચ્યા. મિરત સુધીના રસ્તામાં તેઓએ કંઇ ઉદ્ધતાઇ દર્શાવી નહિ. પણ મિરત પહોંચ્યા બાદ તેઓમાં અશાન્તિ પેદા થઇ. સેનાપતિ તેઓના હથિયારો તથા દારૂગોળો તેઓના રક્ષણ તળે રાખવા તૈયાર હતો. સૈનિકોમાં અવિશ્વાસ પેદા થાય, તેવું કંઇ પણ કાર્ય કરવાની તેની મરજી નહોતી ગોળાનો આઘાત સહી શકે એવું એક મજબુત ઘર તેને સોંપવામાં આવ્યું હતું. તેની મરજી એ ઘરમાં પોતાની ટુકડીનો બધો દારૂગોળો રાખવાની હતી જો આ અભિપ્રાય અગાઉથી સૈનિકોને જણાવવામાં આવ્યો હોત તો તેઓ જરાપણ વાદવિવાદ ન કરતા કબૂલ થાત પરંતુ દૈવયોગે સૈનિકોને આ સબંધમાં અગાઉથી કંઇ જણાવવામાં આવ્યું નહોતું દીર્ઘદૃષ્ટિનો અભાવ ઘણી વેળા અનર્થનું કારણ થઇ પડે છે આ બાબતમાં પણ ડગલે ડગલે દીર્ઘદૃષ્ટિનો અભાવ માલુમ પડતો હતો. અમલદારોએ સિપાહીઓનું કૌતુહલ શાંત પાડયું નહિ. સત્તાવાળાઓ ઘણી વેળા અમુક ઇરાદાથી અમુક કાર્ય શરૂ કરતા, તે કાર્યને શંકાશીલ સિપાહીઓ જુદી રીતે નિહાળતા અને સરકારને ભયંકર શત્રુ ગણી કાઢતા આ વખતે પણ એવું જ બન્યું. મિરતમાં પહોંચ્યા પછી બીજે દિવસે તેઓએ જોયું કે અમારો દારૂગોળો સ્થાનાન્તરિત થાય છે, પોતાના સેનાપતિનો ઇરાદો તેમનાથી અજાણ્યો હતો. આથી તેઓના અંતઃકરણ અનેક કુતર્કો કરવા લાગ્યા. તેઓ એટલા બધા ઉશ્કેરાઇ ગયા કે ભરેલી ગાડીઓ અટકાવી મિરતના સિપાહીઓએ કરેલા કાર્યની પુન-

રાજ્ભક્તિ કરવા તત્પર થયા એક અફગાન સિપાહીએ પીઠ પાછળથી સેનાપતિ પર ગોળીબાર કર્યો. ફ્રેઝર ઘાયલ થઇ જમીન પર પડયો. સેનાપતિને મારી સિપાહીઓ આમ તેમ દોડયા એક યુરોપિઅન ટુકડી તેમની પાછળ દોડી ઘણા ખરા સિપાહીઓ નાસી ગયા હતા કેવળ પચાસ જણા પકડાયા. તેઓમાંનુ કોઇ બચ્યુ નહિ. ઉલ્ટે એ યુરોપિઅન સિપાહીઓના હાથે તેઓની જીવનલીલા પુરી થઇ ગઇ.

૨૭ મી મે એ સેનાપતિ વિલ્સનની સરદારી નીચે મિરતનું સૈન્ય દિલ્હી પર હલ્લો કરવા જતા સૈન્યને મદદ કરવા આગળ વધ્યું. બ્રિગેડ સાહેબ દિનાની અમલદાર તરીકે તેમની સાથે ચલ્યા પહેલા બે દિવસો સુધી તો તેઓને બળખોર સિપાઈઓનો ભેટો થયો નહિ. બ્રિગેડ સાહેબે ધાર્યુ કે દિલ્હીની દિવાલો પાસે ગયા સિવાય બળખોરોનો ભેટો થવાનો નથી પરંતુ ૩૦ મી તારીખે તેમની ભુલ ભાગી વિલ્સન સાહેબ એ તારીખે હિન્દન નદીને કિનારે આવેલા ગાજીઉદ્દીન નામના નગર આગળ આવી પહોચ્યો હતો દિલ્હીના સિપાઈઓએ યુરોપિઅનોને હરાવી દિલ્હીમા બ્રિટિશ સત્તાનુ નામ નિશાન રહેવા દીધુ નહોતું, બ્રિટિશ સત્તા સામે લડવા માટે તેઓએ તૈયારી કરી રાખી હતી. તેઓએ અત્યાર સુધી અંગ્રેજો સમક્ષ પોતાનુ પ્રાધાન્ય જાળવી રાખ્યુ હતું, મોગલ પાદશાહને પોતાનો સમ્રાટ બનાવ્યો હતો અને કોઇનો ડર રાખ્યા વિના દિલ્હીપર પોતાની સત્તા ચલાવી હતી. અત્યાર સુધીમા સફળતા મળી હોવાથી તેઓનું સાહસ વૃદ્ધિ પામતું જતું હતુ આ વખતે તેઓએ વિચાર કર્યો કે અંબાલાનુ સૈન્ય દિલ્હી આવી પહોચે તે દરમ્યાન મિરતના સૈન્યને હરાવી હાંકી કાઢવાથી અંગ્રેજી લશ્કરનુ બળ છિન્નભિન્ન થઇ જશે

આવા વિચારથી સિપાહીઓ દિલ્હી બહાર મિસ્તના લશ્કરને અટકાવી હાકી કાઢવા વિલ્સન સાહેબના લશ્કર સામે છાવણી નાખી પડયા હતા. તેઓએ પોતાની જમણી બાજુએ તોપો ગોઠવી ગોરા સૈનિકો પર આગ ચલાવ્યો, પણ થોડી વારમા તેઓને છત્રભંગ થઇ પાછુ હઠવું પડયું. તેઓની પાચ તોપો અંગ્રેજોના હાથમા આવી. નાસેલ સિપાહીઓમના કેટનાક પાસેના ગામો તરફ અને કેટલાક દિલ્હી તરફ નાઠા. આ લડાઇમા સિપાહીઓએ બહાદુરી બતાવવામા કચાસ રાખી નહોતી. અંગ્રેજો પણ આ લડાઇમા પોતાને થએલું નુકશાન કબુલ કરે છે એક સિપાહીની અસાધારણ બહાદુરીથી સિપાહીઓના દારૂ ગોળાની એક ગાડી સળગી ઉઠી એ ગાડીના દારૂગોળો જે તોપના ભરવામા આવતો હતો તે તોપ એક અંગ્રેજ સેનાપતિએ પોતાના સૈનિકોની મદદથી કબજે કરી તે વખતે ૧૮ મા ટુકડીનો એક સિપાહી ભયંકર યુદ્ધના કોલાહલ વચ્ચે પણ શાંતિ પૂર્વક એ દારૂગોળાની ગાડી પર બંદુકની ગોળીઓ છોડયા કરતો હતો. બંદુકના ગોળીમાંથી દારૂગોળો સળગી ફૂટયો કે તરત પેલો સિપાહી મરણ પામ્યો તથા અંગ્રેજ સેનાપતિ પણ પોતાના કેટલાક સિપાહીઓ સાથે માર્યો ગયો બીજા કેટલાક સૈનિકો પણ આ અકસ્માતથી ઘાયલ થયા પેલા સિપાહીએ પોતાના જીવનને તુચ્છ ગણી પોતાનો પરાજય સ્પષ્ટ જણાતો છતા સામા પક્ષનું બળ ઓછુ કરવા માટે આવુ વીરત્વ બતાવ્યુ હતું. બંડખોર સિપાહીઓમા આવી કાર્ય તત્પરતાનો અભાવ નહોતો. તેઓ સ્વાધીનતા માટે જીવ આપવા તૈયાર હતા આ ઇતિહાસમા અનેક સ્થળે તેઓનું વીરત્વ અને સાહસ જણાઇ આવે છે સ્વાધીનતા પ્રાપ્ત કરવા માટે વીરપુરૂષો કેવો ત્યાગ કરી શકે છે, તે આવા દૃષ્ટાંતો પરથી સમજાય છે. તેઓમાના અનેકની કીર્તિ આજે પણ ઇતિહાસના પાના

ઉજાગી રહી છે, જો કે કેટલાક એવા વીરો પણ હશે કે જેના વિષે આપણે કઇ જાણતા નથી વિદેશી ઇતિહાસકારો ઘણે સ્થળે વિદેશી-ઓની જવલત કીર્તિ દર્શાવવાની આનાકાની કરતા જણાય છે. જો આવો બનાવ યુરોપમા બન્યો હોત તો એ વીર પુરુષોની વીરત્વ કથાથી આખુ જગત ચમકત એ વીરો જગતના દરેક માણસોના હૃદયમા સ્થાન મેળવત પરતુ આ હતભાગ્ય દેશમા તેઓના નામ પણ ઇતિહાસમા મળી શકતા નથી અનત કાળના મારાથી, અર્થાત સ્મૃતિની તાડનાથી બધુ નિર્મૂળ થઇ ગયુ છે

નામેરુ સિપાહીઓ દિલ્હી આવી પહોચ્યા એટલે અગ્રેજોને અટકાવવાની બીજી તૈયારી થવા લાગી જે સિપાહીઓ હાર્ં નાસી આવ્યા હતા, તેઓ પોતાનુ ભાગ્ય ફરી અજમાવવા માટે તૈયાર થવા લાગ્યા પાછા તેઓ હિન્દનન તીરે આવી અગ્રેજો પર તોપોના મારો ચલાવવા લાગ્યા અગ્રેજ તોપચીઓએ આગળ વધી નદીના મોરચા સામે તોપો ગોઠવી દીધી બે કલાક સુધી બને પક્ષ વચ્ચે લડાઇ ચાલી. મે માસની છેલ્લી તારીખ હતી, સૂર્યનારાયણે પોતાના પ્રખર તાપથી અંગ્રેજી સૈન્યને કાયર કરી નાખ્યુ કેટલાક ગોરા સૈનિકો તરસથી બેબાકળા બની ગયા, કેટલાક સિપાહીઓના ગોળાથી માર્યા ગયા, કેટલાક મુસાફરીના થાકથી તથા ભયકર તરસથી લડાઇ કરવાને અશક્ત બની ગયા, અને કેટલાક પરિશ્રાન્તિ વખતે જલપાન કરી અનત નિદ્રામા પોઢયા સામા પક્ષને આગળ વધતો જોઇ સિપાહીઓએ દિલ્હી તરફ હઠવાનો વિચાર કર્યો અંગ્રેજોની હરોળના ભાગ પર સતત ગોળીબાર કરતા કરતા તેઓ પોતાની હાર તોલ્યા સિવાય દિલ્હી તરફ હટી ગયા. તેઓની તોપો, બદુક કે દારૂગોળામાથી કંઇ અગ્રેજોના

હાથમા આવ્યુ નહિ. સિપાહીઓ પોતાના બધા અસ્ત્રશસ્ત્રો સાથે દિલ્હીમા પેઠા પ્રચડતાપથી, દારૂણ પિપાસાથી અને કઈ ખાવાનું ન મળવાથી અગ્રેજી સૈન્ય સિપાહીઓની પાછળ ધસતી વેળા કઇ નુકસાન કરી શક્યા નહિ

દિલ્હી જીતવા આવતા લશ્કરને મદદ કરવા મિરતના સૈન્ય ઉપરાત બુલદ શહેરથી ૫૦૦ ગુરખાનુ સૈન્ય લઇ મેજર ચાર્લ્સ રીડ ઝપાટાબધ આવી રહ્યો હતો અંગ્રેજી લશ્કર છેટેથી તેને દુશ્મનનું લશ્કર ધારી ચિતાતુર બન્યુ હતું પણ છેવટે તેને પોતાનું મદદગાર લશ્કર જાણી અતિશય આનદ દર્શાવ્યા ગોરા સૈનિકોએ આનદપૂર્વક ગુરખા સૈન્યને આવકાર આપ્યો

૫ મી જુને બર્નાડનુ લશ્કર દિલ્હીથી પાચ માઇલ દૂર આવેલા અલીપુર આગળ આવી પહોચ્યુ મિરતનુ મદદગાર લશ્કર આવી પહોચ્યુ ત્યા સુધી તે લશ્કર ત્યા પડયું રહ્યુ ૬ ઠ્ઠી જુને સેનાપતિ વિલ્સન વાઘપથ આગળ જમના નદી ઉતર્યો એજ દિવસે મોટી મોટી તોપો પણ આવી પહોચી.

૭ મી જુને લશ્કર અલીપુર આવી પહોચ્યુ બીજે દિવસે એક વાગ્યાને શુમારે દિલ્હી તરફ કુચ કરી જાસુસ દ્વારા સાભળ્યુ કે બડખોરો દિલ્હી આગળ ભેટો કરવાની રાહ જોઇ રહ્યા છે. અગ્રેજો પોતાનું લુપ્ત ગૌરવ મેળવવા માટે દઢ નિશ્ચય કરી આગળ વધવા લાગ્યા. દિલ્હીથી ૭ માઇલ દૂર આવેલ બુદલિકાસરાઇ નામના સ્થળે સિપાહીઓ ધામો નાખી પડયા હતા એ સ્થળે કેટલીક જુની ઇમારતો અને દિવાલ બાધેલા બાગો હતા. મોગલ સલ્તનતની ચડતી વખતે અહીં દરબારના અમાત્યોમાના કોઇ કોઇ રહેતા હતા. જૂની ઇમારતો

અને વિશાળ બાગો એ પૂર્વકથાના નિદર્શન રૂપે અત્યારે વિરાજતા હતા સેનાપતિ બર્નાડ એ સ્થાન તરફ આગળ વધવા લાગ્યો. ૮ મી જૂને સિપાહીઓની તોપોમાંથી તેના લશ્કર પર ગોળા વરસવા લાગ્યા સિપાહીઓએ પ્રથમ પોતાની તોપો પર આધાર રાખી યુદ્ધ શરૂ કર્યું અંગ્રેજી લશ્કર મુખ્યત્વે કરીને ચાર વિભાગમાં વહેંચાઇ ગયું હતું. સેનાપતિ બર્નાર્ડે સિપાહીઓ પર હલ્લો કર્યો ત્યારે એક બીજા સેનાનાયકે સિપાહીઓની ડાબી પાંખ પર હુમલો કર્યો. બીજી બાજુએથી એક બીજા સેનાનાયકે પોતાના માણસોને સિપાહીઓ પર ધસારો કરવાનો હુકમ આપ્યો. આ પ્રમાણે સિપાહીઓ ચોતરફથી ઘેરાયા છતાં તેઓનું પરાક્રમ, સાહસ, કે વીરત્વ ઓછું થયું નહિ અંગ્રેજ સેનાનાયકો પ્રબળ પરાક્રમ દાખવી તેઓ પર ધસી આવતા હતા ત્યારે સિપાહીઓ પોતપોતાની તોપ પાસે ખડા રહી અત્યંત બહાદુરી દર્શાવવા લાગ્યા તેઓમાંના ઘણાખરા તોપો તજી પાછળ હઠયા નહિ. તેઓએ જે મંત્રની દિક્ષા લીધી હતી, તે મંત્ર ખાતર દેહપાત કરવાનો નિશ્ચય કરી તેઓ અપૂર્વ વીરત્વ દર્શાવી રહ્યા હતા અંગ્રેજોની સંગીનો તેઓના હૃદયમાં ભોંકાવા લાગી છતાં તેઓએ તોપો ન છોડી તેઓ સંગીનોથી આરપાર વીંધાઇ પોતાની તોપો આગળ ખરા વીરની માફક અનંત નિદ્રામાં સૂતા

સેનાનાયક ગ્રેવ્સ સાહેબે જ્યારે સિપાહીઓની ડાબી પાંખ પર હલ્લો કર્યો, ત્યારે એક બીજા સેનાનાયકે પોતાના ઘોડેસ્વાર અને તોપચીઓ સાથે શત્રુઓના મોખરાના ભાગ પર હલ્લો કર્યો. સિપાહીઓ હવે પાછળ હઠવા તૈયાર થયા પ્રથમ તો હરોળબંધ પાછળ હઠયા, પણ પાછળથી ગભરાટમાં હરોળ તૂટી તેઓ છૂટા છવાયા દિલ્હી તરફ

નાઠા. તેઓની તોપો તથા દારૂગોળો અંગ્રેજોના હાથમાં આવ્યો. મુબારિકામંડાઇથી દિલ્હી જવાના બે રસ્તા ફાટે છે. તેમાંનો એક રસ્તો સબજીમંડી તરફ અને બીજો અંગ્રેજોની જુની છાવણી તરફ જાય છે. સેનાપતિ બર્નાર્ડ પહેલે રસ્તે પોતાના એક સેનાપતિને મોકલી પોતે બીજે રસ્તે દિલ્હી તરફ જવા લાગ્યો. આ બંને રસ્તા સિપાહીઓના હાથમાંથી ખુંચવી લેવામાં આવ્યા. સિપાહીઓ હવે દિલ્હીમાં ભરાયા. આ પ્રમાણે ૮ મી જૂનની લડાઇ પૂરી થઇ. અંગ્રેજોના ઇતિહાસમાં લખ્યું છે કે આ લડાઇમાં સાડાત્રણસો સિપાહીઓ માર્યા ગયા હતા. અંગ્રેજોના લશ્કરમાં ૪ ઓફિસરો અને ૪૬ સૈનિકો મરણશરણ થયા હતા એ ઉપરાંત ૧૩૪ માણસો ઘાયલ થયા હતા અને કેટલાકનો પત્તો મળ્યો નહોતો. અંગ્રેજ સૈન્યનો આજુટંટ જનરલ કર્નલ ચેસ્ટર આ લડાઇમાં માર્યો ગયો હતો. કર્નલ ચેસ્ટર માર્યા ગયાથી અંગ્રેજોના પક્ષને બહુ નુકશાન થયું. અંગ્રેજો કેવળ પોતાના સ્વદેશી લોકોની સહાયતાથી આ લડાઇમાં વિજયી થયા નહોતા. સેનાનાયક રીડની સરદારી નીચે ગુરખાઓએ આ લડાઇમાં ભાગ લીધો હતો. તેઓએ સિપાહીઓનો વ્યુહ ભેદવામાં એવું પરાક્રમ બતાવ્યું હતું કે અંગ્રેજ સિપાહીઓએ તેઓના મુક્ત કંઠે વખાણ કર્યાં હતાં. ગુરખાઓ સિવાય ચિરનનું દેશી લશ્કર, જિંદના રાજાનું સૈન્ય અને જાન ફિશનખાં નામના એક અફઘાન સેનાપતિની એક ઘોડેસ્વાર ટુકડીએ આ લડાઇમાં અંગ્રેજો તરફથી ભાગ લીધો હતો. દેશી લોકોના બાહુબળ પર આધાર રાખી અંગ્રેજોએ આ દેશમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું હતું. લૉર્ડ ક્લાઇવે દેશી સિપાહીઓની મદદથી દક્ષિણના પ્રદેશો જીત્યાં હતા અને પ્લાસીની લડાઇમાં હતભાગી સિરાજનો ગર્વ ઉતારી બિહાર, બંગાળા ને ઓરિસ્સાનો શાસનદંડ ગ્રહણ કર્યો હતો. આ

પ્રમાણે અગ્રેજો દર વખતે દેશી લોકોની મદદથી જ જીત્યા છે. આ વખતે પણ દેશી લોકો અગ્રેજોને મદદ આપતા અચકાયા નહોતા. દેશી લોકોએ આવા સકટના સમયમા પોતાના સ્વદેશબાન્ધવોના ગળા રહેસી અંગ્રેજોને વિજય અપાવ્યો હતો. મુખ્યત્વે કરીને તેઓની મદદથી અગ્રેજોએ આ ભયકર પ્રકોપમાથી મુક્તિ મેળવી હતી.

બર્નાર્ડે વિજયી થઇ દિલ્હીના કવાયતના મેદાન પર પોતાનું સૈન્ય ગોઠવ્યુ એક માસ પહેલા દિલ્હીના રહેવાશીઓએ જે સ્થળે ફિરગીઓને પ્રાણ જવાના ભયથી નાસતા જોયા હતા, ત્યા અત્યારે તેઓ દલબદ્ધ થઈ ઉભા હતા ફિરગીઓનો ધ્વજ તૈમુરવશીઓની રાજધાનીમાથી દૃષ્ટિગોચર થવા લાગ્યો. સેનાપતિ બર્નાર્ડે આ પ્રમાણે એક સાધનાની સિદ્ધિ મેળવી, સિપાહીઓએ દિલ્હીની દિવાલો આગળ ફિરગીઓને જોયા છતા હાર કબુલી શરણ સ્વીકાર્યું નહિ. તેઓને હજુ આશા હતી, તેથી તેઓ આ ગોરા સૈનિકો પર પ્રાધાન્ય મેળવવાની આશાથી ભવિષ્ય પર આધાર રાખી બેઠા.

અધ્યાય ૩ જો

વિષયનિર્દેશ—વાયવ્ય પ્રાત—વારાણસી—આઝિમગઢના સિપાહીઓમા ગડબડ—સેનાપતિ નીલનુ આગમન—જોનપુર—અલાહાબાદ—દાનપુર.

લૉર્ડ કેનિગ દિલ્હી કબજે કરવા માટે સેનાપતિઓની નિમણૂક કરતો હતો ત્યારે ગગા જમનાના દોઆબની સ્થિતિ ભયકર થતી જતી હતી. લોર્ડ કેનિગને એ પ્રદેશમા આવેલા શહેરોની બહુ ચિંતા થઇ કારણ કે ત્યા યુરોપિઅન સૈનિકો નહોતા. કેવળ દાનપુરમા એક

યુરોપિઅન ટુકડી હતી. એ સિવાય કેટલાક તોપરક્ષક યુરોપિઅન સૈનિકો અંગ્રેજોના પક્ષમા હતા. આ સિવાય ગંગાજમના વચ્ચેના પ્રદેશમા કોઇ પણ સ્થળે યુરોપિઅન લશ્કર નહોતું હવે એ સ્થાનો પર લૉર્ડ કેનિંગનુ ધ્યાન ખેંચાયુ જો બંડખોર સિપાહીઓ આ પ્રદેશ પર હુમલો કરે તો ત્યાના યુરોપિઅનોની સ્થિતિ અતિશય શોચનીય થઇ પડે તે વાત લૉર્ડ કેનિંગના ધ્યાનમા ઉતરી ગઇ હતી જ્યારે મિરતમા ભયંકર બનાવ બન્યો, દિલ્હી સિપાહીઓના કબજામા આવ્યુ ત્યારે ગંગાજમના વચ્ચેના પ્રદેશના સિપાહીઓએ બંડ ઉઠાવ્યુ હોત તો અંગ્રેજો એટલા બધા ત્રાસી જાત કે હવે શુ કરવુ તેનો વિચાર કરવાની શક્તિ પણ તેઓમા રહેત નહિ. જ્યારે દિલ્હીના યુરોપિઅનો જાન બચાવી નાસી છૂટયા હતા ત્યારે આ પ્રદેશમા વિપ્લવની ભયંકર મૂર્ત્તિ દેખાઇ નહોતી. કેવળ બજારમા, સૈનિકોની છાવણીમા અને પ્રજામા ભયંકર ઉશ્કેરણીના ચિન્હો જણાતા હતા. આ ચિન્હોમાથી ભયંકર ભડકો સળગી ઉઠશે એવુ બધા ધારતા હતા કેટલાક અઠવાડિઆમા એવો બનાવ બન્યો અને જોતજોતામા આખા વાયવ્ય પ્રાંત પર સર્વસંહારક કાળની વિકટ છાયા છવાઇ ગઇ.

કલકત્તાથી લગભગ ૪૦૦ માઇલ દૂર હિંદુઓનુ પવિત્ર તીર્થ કાશી આવેલુ છે કાશી એ હિંદુસમાજના તીર્થસ્થાન તથા વિદ્યાપીઠ રૂપે ઝળહળી રહ્યું છે. પુણ્યસલિલા ગંગા નદી પરથી આ શહેર અતિ રમણીય દેખાય છે આ શહેરના અસંખ્ય મંદિરો જુદે જુદે વખતે અને જુદા જુદા સંપ્રદાયદ્વારા બંધાયા હોવાથી વૈચિત્ર્યજનક ગણાય છે, તેની ઉન્નત પ્રાસાદાવલિ હારબંધ આવેલી હોવાથી ચિત્રની માફક અધિક સુંદરતા દર્શાવે છે, અને તેના ઘાટોના પગથિઆ ગંગાના

કિનારાની શોભા બમણી કરી મૂકે છે હિંદુઓની શિલ્પચાતુરી સિવાય આ સ્થાન તેમના ધર્મ અને શાસ્ત્રને માટે પોતાનું પ્રાધાન્ય અતિ પ્રાચીનકાલથી જાળવતુ આવ્યુ છે. ગંગા કિનારે નહાતા હજારો યાત્રાળુઓના હજારો મુખમાથી જ્યારે "હરહર શિવશિવ"નો અવાજ નીકળે છે, અને સાયકાળ વખતે દેવાલયોમા થતી આરતિના અવાજથી ગગા કિનારો કપી ઉઠે છે ત્યારે હિંદુઓના હૃદયમા ગભીર ઉદાત્ત ભાવનો સચાર થાય છે ઘણી સદીઓ પસાર થઇ ગઇ છે, છતા એ પવિત્ર શહેરની પવિત્રતામાથી એક રેખા પણ ચલિત થઇ નથી હિંદના છેલ્લા પ્રતાપી મોગલ પાદશાહે બધાવેલી મસ્જિદ, હિંદુ મદિરની પાસે ખડી છે, ખ્રિસ્તી ધર્મ ફેલાવનારાઓનું વિદ્યાલય અને ભજનાલય ઠેકઠેકાણે સ્થપાયા છે, તો પણ પવિત્ર વારાણસી તીર્થમા હિંદુ ધર્મનો મહિમા ઓછો થયો નથી. સુકુમાર બ્રાહ્મણ બાળકો આજે પણ તે શહેરના પ્રત્યેક ભાગમા કોમળ કઠે સામવેદનું ગાયન કરતા ફરે છે તત્ત્વજ્ઞ બ્રાહ્મણો આજે પણ અહીં વેદવેદાન્ત-વગેરે શાસ્ત્રોની ચર્ચા કરી જનસાધારણની શ્રદ્ધા અને પ્રીતિ આકર્ષે છે પશ્ચિમના વિજ્ઞાન અને સસ્કૃતિએ તેઓની ખ્યાતિ વિલુપ્ત કરી નથી. મોલવી અને મિશનરીઓના પ્રયત્નથી અહીંના પડિતો તથા પુરોહિતોએ પોતાના જુના વિદ્યાલયોને બધ પાડ્યા નથી

બળવા વખતે આ પવિત્ર તીર્થના રહેવાશીઓ શાંતિથી રહી શક્યા નહિ જે ઉશ્કેરણી મિરત અને દિલ્હીમા ફેલાઇ હતી તે જ ઉશ્કેરણી કાશીના લોકોને પણ અકળાવી મૂકતી હતી. ઈ. સ. ૧૮૫૭ ના ઉનાળામા ખોરાકી અતિશય મોંઘી થઇ ગઈ. લોકોને ખાત્રી થઇ ગઇ કે ફિરગીઓના દોષથી અમારી આહાર-સામગ્રી દહાડે દહાડે

મોંઘી થતી જાય છે. આ કારણથી લોકો દહાડે દહાડે બ્રિટિશ શાસન પર ગુસ્સે થતા જતા હતા તે સિવાય બીજા કેટલાક કારણોથી પણ પ્રજા ઉશ્કેરાઇ ગઇ હતી. દિલ્હીના રાજવંશીઓમાના ઘણાખરા કાશીમાં રહેતા હતા તેઓનો મંત્ર આ વખતે તદ્દન વ્યર્થ ગયો નહોતો. બ્રિટિશ રાજ્યમા દેશીઓનુ સન્માન જળવાતું નહિ, ધર્મ જળવાતો હતો તેમા વળી ખાદ્ય સામગ્રીના મોંઘવારી રૂપી મુશ્કેલી ઉમેરાતાં હિંદુ અને મુસલમાનોમાના ઘણાખરા બ્રિટિશ સત્તા વિરૂદ્ધ તરફેણ કરવા લાગ્યા. શહેરથી ત્રણ માઇલ દૂર શિક્રોલ નામનું સ્થળ આવેલું છે યુરોપિઅનો ત્યા રહેતા હતા. અંગ્રેજોની લશ્કરી છાવણી, અદાલત, કારાગૃહ, દેવળ ગવર્નમેન્ટ કોલેજ, ઇસ્પિતાલ, બગીચો વગેરે બધુ એ ગૌરાંગ દેવોના નિવાસમા હતું લશ્કરી છાવણીમા આ વખતે ત્રણ દેશી પાયદળ પલટણો અને કેટલાક ગોરા તોપચીઓ હતા. આ ત્રણ પલટણોમાની એક ૩૭ મી પાયદળ પલટણ, બીજી લુધિઆનાની શિખ પલટણ અને ત્રીજી ૧૩ મી ઘોડેસ્વાર પલટણ હતી. બધા મળીને લગભગ ૨૦૦૦ સૈનિકો એ ત્રણે પલટણોમા હતા. ગોરા તોપચીઓની સંખ્યા ૩૦ ની હતી, જ્યોર્જ પોન્સનબિ આ બધા લશ્કરનો ઉપરિ હતો. હેન્રિ ટકર આ વખતે કાશીનો કમિશનર, ફ્રેડરિક ગાબન્સ જજ અને લિન્ડ સાહેબ મેજિસ્ટ્રેટ હતો તેઓ મિરત અને દિલ્હીના સમાચાર સાભળી પોતાના હાથ નીચેનો પ્રદેશ જાળવવા તત્પર થયા. પરંતુ તેઓનો પ્રયત્ન સફળ થયો નહિ જે બનાવ મિરત તથા દિલ્હીમા બન્યો તેજ બનાવ કાશીમા પણ બન્યો.

જુન માસની શરૂઆતમા સિપાહીઓના કેટલાંક ખાલી ઘરો આગ લાગી ભસ્મ થઇ ગયા. ત્યારબાદ કાશીથી ૬૦ માઇલ દૂર

આવેલ આજિમગઢથી સમાચાર આવ્યા કે અહીંની ૧૭ મી પલ્ટણે સરકાર વિરુદ્ધ બંડ ઉઠાવ્યુ છે આજિમગઢની એ પલ્ટણ મેજર બેરોસ નામના એક અમલદારના હાથ નીચે હતી. એ અમલદાર બાહોશ ન હોવાથી ઉશ્કેરાએલા સિપાહીઓને વશ રાખી શક્યો નહિ. મે માસની આખરે સિપાહીઓને જે વધાગના ટોટા આપવામાં આવ્યા તે વાપરવાની તેઓએ ચોકખી ના પાડી. એ દરમ્યાન દારૂણ અર્થલોભે તેઓને જલદી ઉશ્કેરી મૂક્યા ૫ લાખ રૂપીઆ ૧૭ મી પલ્ટણના કેટલાક સિપાહીઓ તથા ૧૩ મી પલ્ટણના કેટલાક ઘોડેસ્વારના રક્ષણ નીચે ગોરખપુરથી રવાના કરવામા આવ્યા હતા. લેફ્ટેનન્ટ પાલિસર એ સૈન્યના અધિનાયક હતો એ રૂપીઆ આજિમ-ગઢ પહોચ્યા એટલે ત્યાથી બે લાખ રૂપીઆ ઉમેરી કુલ સાત લાખ રૂપીઆ કાશી લઈ જવાનો બદોબસ્ત કરવામા આવ્યો. આ વખતે સાત લાખ રૂપીઆ હાથમા આવેલા જેઈ સિપાહીઓ બહુ લલચાયા તેઓ તે રૂપીઆ કાશી મોકલવા સામે અડચણો ખડી કરવા લાગ્યા એ અડચણો દૂર કરી સત્તાવાળાઓએ ૩ જી જુને રૂપીઆ કાશી મોકલ્યા પરતુ સ્થાનિક સત્તાવાળાઓ સમજી ગયા હતા કે રૂપીઆ કાશી તરફ રવાના કરવાથી ભય દૂર થયો નથી. ઉશ્કેરાએલા સિપા-હીઓ કોઇ પણ વખતે બડ ઉઠાવી શકે તેમ હતું. એક દિવસ ઓફિસરો પોતપોતાના કુટુંબ સાથે ૧૭ મી પલ્ટણની લાઇનમા ભોજન કરતા હતા એ દરમ્યાન થોડે દૂર તોપોના અવાજ સંભળાયા એ અવાજ કવાયતના મેદાન તરફથી આવતા હતા, એમ સ્પષ્ટ જણાયુ. એક ક્ષણમા રણવાદ્યો વાગવા લાગ્યા, એટલે શુ બન્યું છે તે સમજવા માટે કોઇ ખેપિયાની જરૂર ન રહી તેઓ સમજી ગયા કે બધા સિપાહીઓ આપણી વિરુદ્ધ ઉઠયા છે. યુરોપિયનોમા ભારે ત્રાસ

ફેલાયો. યુરોપિયન સ્ત્રીઓ અને લશ્કરી કામ ન જાણતા હોય એવા પુરુષો એકદમ કચેરી તરફ દોડયા. જિલ્લા મેજિસ્ટ્રેટ અને તેના મદદગારોએ કચેરીનું મકાન સુરક્ષિત કર્યું હતું. યુરાપિઅનો બૈરાછોકરા સાથે અહીં આવી રહ્યા સિપાઇઓએ પોતાના ક્વાર્ટર માસ્તર અને ક્વાર્ટર માસ્તર સરજનના ખૂન કર્યાં, પણ બીજા કોઇ ઓફિસરને ઇજા કરી નહિ. આવા ભયંકર ઉશ્કેરણીના સમયમા પણ તેઓએ પોતાના ઓફિસરોને અડચણ કરી નહિ. તેઓએ તેજુરી લૂટી હતી, કારાગૃહના કેદીઓ છોડી મૂક્યા હતા, યુરોપિઅનોના ઘરો સળગાવ્યા હતા, આ પ્રમાણે સર્વત્ર ભયંકર પ્રકોપના ચિહ્નો દર્શાવ્યા છતા પોતાના ઓફિસરો તરફ નિર્દયતા દાખવી નહોતી. આજિમગઢના સિપાહીઓ ઓફિસરોને કઇ અડચણ ન કરતા જે પૈસા કાશી રવાના કર્યા હતા, તે કબજે કરવા દોડયા સેનાનાયક પાલિસર પૈસા સાચવી શક્યો નહિ બધા રૂપીઆ સિપાહીઓના હાથમા આવ્યા. પરતુ ઓફિસરોને કઇ ઇજા કરવામા ન આવી. ૧૩ મી પલ્ટણના સિપાહીઓએ આ વખતે ઓફિસરો તરફ ભારે માયાળુ વર્ત્તન ચલાવ્યુ હત તેઓએ પોતાના ઓફિસરોને વિનંતી કરી કે " આપનો વાળ વાકો થવા દઇશુ નહિ, અમે તમારૂં ગમે તેમ થાય તો પણ રક્ષણ કરીશુ પરંતુ અમારામાના કેટલાકે તમારો નાશ કરવાની પ્રતિજ્ઞા લીધી છે, માટે આપ સાહેબોએ એકદમ કોઇ સુરક્ષિત સ્થળે જઇ રહેવાની જરૂર છે. " ઓફિસરોએ કહ્યુ કે " અત્યારે અમને ગાડીઓ શી રીતે મળે ? " સિપાહીઓએ કહ્યુ કે " ગાડીઓ ન મળે તો અમે આપને યોગ્ય સ્થળે પહોચાડી દઇશુ " એમ કહી તેઓમાના કેટલાક ઓફિસરોને સાથે લઇ સ્ટેશનથી ગાજીપુર તરફ દશેક માઇલ મૂકી આવ્યા.

તેઓએ જે રૂપીઆ લૂટી લીધા હતા, તેમાથી ઓફિસરોને અકેક મહિનાનો પગાર લેવાનુ કહ્યું હતુ આ પ્રમાણે સિપાહીઓએ પોતાના ઓફિસરો પ્રાત સૌજન્ય દર્શાવ્યુ હતું[૧] તેઓ આ રૂપીઆ લઇ પાછા આઝમગઢ આવ્યા તેઓમાના કોઇ કોઇ પોતાના ઓફિસરોને સુરક્ષિત સ્થાને પ્હોચાડવા ગયા. એ દરમ્યાન આઝીમગઢના યુરોપિઅનો ગાઝીપુર નાસી ગયા સિપાહીઓએ આવીને જોયુ કે આજિમગઢમા તો યુરોપિઅનોનું નામ નથી. કચેરી, છાવણી વગેરે બધુ ખાલી પડયુ છે તેઓ વિજયના ઉલ્લાસમા આડબરપૂર્વક ફૈઝાબાદ તરફ રવાના થયા

આજિમગઢના સમાચાર કાશી પહોચ્યા. કાશીના સત્તાવાળા આત્મરક્ષણ માટે તત્પર થયા તેઓને મદદ કરવા સેનાપતિ નીલ સૈન્ય લઇ પાસે આવવા લાગ્યો હતો નીલ રાણિગજ સુધી રેલ્વેમા આવ્યા બાદ ઘોડાની ટપાલમા કાશી આવી પહોચ્યો. નીલ અને તેની સાથેના મદ્રાસી સૈન્ય સિવાય દાનાપુરની યુરોપિઅન ટુકડી પણ કાશી આવી પહોચી આ પ્રમાણે મદદગાર લશ્કર આવી પહોચ્યુ એટલે કાશીના સત્તાવાળાઓએ દેશી લશ્કરના હથિયારો ઉતારી લેવાની તૈયારી કરી

નિરસ્ત્રીકરણ વિષે સત્તાવાળાઓમા પ્રથમ એવો નિશ્ચય થયો હતો કે સિપાહીઓને બીજે દિવસે સવારમા કવાયતના વિશાળ મેદાનમા એકત્ર કરી હથિઆરો છોડી દેવાનો હુકમ આપવો. પરંતુ કોઈ કોઈ સવાર સુધી રાહ જોવા તૈયાર નહોતા એક કલાકનો વિલબ પણ ભયકર સ્થિતિ ઉત્પન્ન કરશે એવો તેઓનો મત હતો. જે કંઇ કરવું હોય તો અત્યારે આ ક્ષણેજ પાર પાડવુ એવા વિચાર અમલમા મુકા-

૧ Martin, Indian Empire. Vol. II P. 280,

ચવા એ પક્ષ તલપાપડ થઇ રહ્યો હતો. આઝીમગઢના સમાચાર અહીં આવી ગયા છે, એ સમાચારથી અહીંના સિપાહીઓ કોઇપણ ક્ષણે બંડ ઉઠાવે, કદાચ સવાર સુધીમા બંડ ઉઠાવી ચૂકયા હોય, માટે નિરસ્ત્રીકરણમા વિલબ કરવો યોગ્ય નથી એમ કહી તેઓ પોતાના પક્ષનું સમર્થન કરવા લાગ્યા. પન્સન્બિ કાશીનો વડો સેનાનાયક હતો નિરસ્ત્રીકરણનો હુકમ આપવાની સત્તા તેના હાથમા હતી. શિખ સૈન્યના ઓફિસર ગૉર્ડને પન્સન્બિને જણાવ્યુ કે શહેરના બદમાસો સાથે સિપાહીઓને વાતચીત થાય છે. તેઓ બંને કમિશનર અને જજ સાથે નિરસ્ત્રીકરણ સબંધમા મસલત કરવા લાગ્યા થોડીવાર પછી તેઓનો કર્નલ નીલ સાથે મેળાપ થયો[૧] નીલે જેમ બને તેમ જલદી હાથઆરો પડાવી લેવાનો વિચાર દર્શાવ્યો, થોડા વાદવિવાદ પછી પન્સન્બિએ સિપાહીઓને સાજના ૫ વાગે કવાયતના મેદાન પર હાજર કરવાની કબુલાત આપી. તે નિરસ્ત્રીકરણનો બંદોબસ્ત કરવા તત્પર થયો.

ત્યારબાદ પન્સન્બિ ગોર્ડનની સાથે પોતાને ઘેર ગયો ત્યા ૩૭મી પલટણના અધ્યક્ષ મેજર બારેટ સાથે તેઓની મુલાકાત થઇ મેજર

---

૧. પન્સન્બિ અને નીલ એ બેમાના કોણે કોની મુલાકાત લીધી, તે બાબતમા મતભેદ છે. પન્સન્બિ કહે છે કે હું અને ગોર્ડન જજ ગોબિન્સને ઘેર હતા ત્યારે નીલ તે સ્થળે આવી પહોચ્યો. તેથી ઉલટું નીલ કહે છે કે પન્સન્બિ અને ગૉર્ડન બંને મારે ઉતારે આવ્યા હતા. વારાણસીના જોઇન્ટ મેજિસ્ટ્રેટ ટેલરે લખ્યું છે કે પન્સન્બિ જ્યારે ગોર્ડનને ઘેરથી રવાના થયો હતો ત્યારે રસ્તામા નીલની સાથે તેની મુલાકાત થઇ ગમે તેમ હોય, આવા મતભેદ પર કંઇ વચન આપવાની જરૂર નથી

બારેટ સિપાહીઓ પર બહુ પ્રીતિ રાખતો હતો, સિપાહીઓની સાધુતા, પ્રભુભક્તિ અને કર્ત્તવ્યપરાયણતાએ તેનાપર ઊંડી છાપ પાડી હતી. તેણે નિરસ્ત્રીકરણની વિરુદ્ધ પોતાનો મત દઢતાપૂર્વક દર્શાવ્યો. તેણે કહ્યું કે નિરસ્ત્રીકરણથી સિપાહીઓને બહુ લાગી આવશે, તેઓ દુસહ મનોયાતનાથી અધીરા થઇ વેર વાળવા તૈયાર થશે. પરંતુ પન્સન્બિએ એવી દલીલો પર ધ્યાન આપ્યું નહિ. તેણે કહ્યું કે સ્થાનિક જજની પાસેથી મે જે કઇ સાભળ્યુ છે તે પરથી મને જણાય છે કે હથિયારો પડાવી લેવા સિવાય બીજો ઉપાય રહ્યો નથી આથી બારેટને પોતાના ઓફિસરોને ૫ વાગતા કવાયત માટે તૈયાર રહેવાનુ કહેણ મોકલવાની ફરજ પડી. થોડીવારમા વડા સેનાનાયકનો ઘોડો તૈયાર કરી આણવામા આવ્યો પન્સન્બિ થોડો સમય થતા સાજો થયો હતો. દૈન્યપ્રયુક્ત ક્ષીણતા હજુ સુધી તેના ચહેરા પરથી દૂર થઇ નહોતી. અત્યારે તેનુ શરીર અને મન બને વ્યાકૂળ થઇ ગયા. આ રીતે વ્યાકૂલચિત્તે તે યુરોપિઅન લશ્કરી છાવણી તરફ ચાલ્યો ત્યા પહોચતા જણાયુ કે કર્નલ નીલ પોતાનું લશ્કર લઇ તૈયાર ઉભો છે. બધી તોપો તયાર હતી પન્સન્બિએ જરૂરી હુકમો આપ્યા, પરંતુ તે જાણતો હતો કે આ કાર્ય કરવાની લાયકાત મારામા નથી. અગ્રેજ સેનાપતિઓ જે કાર્ય સાધવા તૈયાર થયા હતા, તે કાર્ય પાર પાડવામા ભારે અડચણ થવાની સભાવના હતા. આ વખતે કાશીમા બે હજાર સિપાહીઓ હતા ત્યારે યુરોપિઅનોની સંખ્યા અઢીસોથી વધારે નહોતી. આ બે હજાર સિપાહીઓ એક સરખા ઉશ્કેરાઇ ગયા હતા અંગ્રેજી સેનાપતિ આવા ઉશ્કેરાઇ ગએલા સિપાહીઓના હથિયારો છોડાવવા માગતો હતો. નિરસ્ત્રીકરણનો હુકમ જાહેર કરી સેનાપતિ અને તેના મદદનીશો કવાયતના મેદાનપર ઉભી પલટણના સિપાહીઓ પાસે ગયા ૪૧૪

સિપાહીઓએ જરા પણ આનાકાની ન કરતા સેનાપતિ સમક્ષ પોતાના હથિયારોનો ઢગ કર્યો. ધીમે ધીમે તેઓ પોતાનો પોશાક ઉતારવા લાગ્યા તેઓની સામે ભરેલી તોપોના મો હતા. યુરોપિઅનો સંગીન પકડી થોડે દૂર ઉભા હતા શિખ યોદ્ધાઓ હથિયાર સહિત તેઓના પક્ષનું સમર્થન કરતા હતા, આ પ્રમાણે ૩૭મી પલટણના સિપાહીએ આ ભયંકર અસ્ત્રવિસર્જન ભૂમિપર અતિ ભીષણ હથિયારોનો ઢગ કરી પોતાના જીવન શોચનીય પરિણામ વિષે ચિન્તવન કરતા હતા, તેઓને શક પડયો હતો કે કદાચ આ બધી તોપોના ગોળાથી હમણા અમારા શરીરના ટુકડે ટુકડા થઇ જશે, યુરોપિઅન સૈનિકો અમારા હથિઆરો લઇ અમારા પર આક્રમણ કરશે આવા સંદેહથી અકળાતા છતા તેઓએ કંઇ ઉદ્ધતાઇ દર્શાવી નહિ. કર્નલ સ્પટિસ વુડે જ્યારે તેઓને હથિયારો છોડવાનો હુકમ આપ્યો ત્યારે તેઓ ધૈર્યપૂર્વક તે આદેશ પાળવા લાગ્યા. પરંતુ અકસ્માત્ તેઓનો મત ફર્યો, અચાનક તેઓનો સંદેહ અતિ ભયંકર બની ગયો દૂર ઉભેલા યુરોપિઅનો તેઓએ છોડેલા હથિયારો લેવા પાસે પાસે આવવા લાગ્યા એટલે તેઓ શાંત રહી શકયા નહિ ગોરા લોકોને પાસે આવેલા જોઇ તેઓએ વિચાર્યું કે હવે ભયંકર સમય ઉપસ્થિત થયો છે. હમણા અમારે તોપોના ગોળા વડે આત્મબલિદાન આપવું પડશે. તેઓને શક તો હતો જ, પણ એ સૌમ્ય શક અત્યારે ભીષણ બની ગયો તેઓ ભયંકર બની ગયા, પોતાના પરિત્યક્ત હથિઆરો લઇ તેઓએ પોતાના ઉપરિઓ પર હુમલો કર્યો.

આ સમય જ એવો હતો કે કોઇ પણ બાબતમા જરા જેટલી ગફલત થઇ તો કામ વણસી જતું. સિપાહીઓ ઉશ્કેરાયા તો હતા જ;

તેટલામા જો સત્તાવાળા જરા અસાવધાનતાથી વર્ત્તે તો તેઓ વધારે ઉશ્કેરાઇ જાય એમા કઇ શક નથી કાશીના સત્તાવાળાઓએ આ વખતે અધીરતા દર્શાવી ન હોત અગર બીક બતાવી ન હોત તો જરૂર સિપાહીઓ સુશેહ શાતિપૂર્વક હથિયારો છોડી દેત પરતુ સત્તાવાળાઓ ધૈર્ય ધારણ કરી શક્યા નહિ નિરસ્ત્રીકરણ વખતે તેઓએ તોપો તૈયાર રાખી હતી, હથિયારબંધ સૈનિકો ગોઠવી દીધા હતા, પોતે પણ ઉઘાડી તરવારે બીક બતાવી રહ્યા હતા, સિપાહીઓતો ઉશ્કેરાયલા હતા જ, તેવામા સામે કાળ જેવા યુદ્ધાસ્ત્રનો સમાવેશ જોઇ ભડકી ઉઠયા ભાન ભુલી યુરોપિઅનો પર હુમલો કરવા તૈયાર થયા ધુધવાતો અગ્નિ સળગી ઉઠ્યા[1]

કર્નલ સ્પટિસવુડે કહ્યુ કે " કવાયતના મેદાનપર જે ૪૧૪ સૈનિકોને એકત્ર કરવામા આવ્યા હતા તેઓ બધાના હૃદય બડખોર બની ગયા છે, એ હુ ૪ થી જુનના બપોર સુધી ચોક્સપણે જાણી શક્યો નહોતો મને બાતમી મળી હતી કે બડખોર લોકોની સખ્યા ૧૫૦ થી વધારે નથી. એ કારણથી જ્યારે મે હથિયાર છોડવાનો હુકમ આપ્યો ત્યારે ઘણાખરા એ આદેશ પાળવા લાગ્યા. * * * બે ત્રણ સૈનિકોએ કહ્યુ કે ' અમારા ઓફિસરોએ અમને છેતર્યા છે યુરોપિઅનો સહેલાઇથી અમારા પર ગોળીબાર કરી શકે એ ખાતર તેઓ અમને હથિયાર છોડવાનુ કહે છે " મે કહ્યુ, " એ ખોટી વાત છે " ત્યારબાદ હું જે દેશી ઓફિસરોને ત્રીશ વર્ષ થયા ઓળખતો હતો તેઓને મે પૂછ્યુ કે મે તમારી સાથે કદી છેતરપિંડી કરી છે ખરી? તેઓમાના ઘણાખરાએ એકી અવાજે કહ્યુ કે " ના, કદી નહિ, આપે

1 Martin, Indian Empire Vol. II. P. 284.

સદ્દાશય પિતાની માફક અમારી સાથે વર્ત્તણુક ચલાવી છે." મને જણાયુ કે યુરોપિઅન સૈન્યની હાજરીથી તેઓ બહુ ઉશ્કેરાઇ ગયા છે તેથી એ સૈન્યને આગળ વધવાની મના કરવા માટે મે તેના તરફ ઘોડો દોડાવ્યો.[૧]"

સેનાપતિ પન્સન્બિના હુકમથી યુરોપિઅન લશ્કર સિપાહીઓ તરફ આગળ વધતું હતું, સ્પટિસવુડ એ સૈન્યને આગળ વધતુ અટકાવવા ગયો હતો સેનાપતિએ સિપાહીઓને માયાળુ અવાજે કહ્યુ કે "તમને હથિયારો છોડી દેવાનો હુકમ આપવામા આવ્યો છે. જો તમે ધૈર્યપૂર્વક આ હુકમ બજાવશો તો તમને કશી ઇજા કરવામા આવશે નહિ" આ વચનો બોલતી વેળા તેણે વિશ્વાસ ઉત્પન્ન કરવા ખાતર એક સિપાહીને ખભે હાથ મૂક્યો હતો. સિપાહીએ તેને કહ્યુ કે, "અમે કઇ ગુનો કર્યો નથી," પન્મન્બિએ હિંદીમા જણાવ્યુ કે, "ના, તમે કઇ ગુનો કર્યો નથી પરતુ તમારામાના કોઇ કોઇએ પોતાની પ્રતિજ્ઞા તોડી છે અને જે ઓફિસરોએ તેઓનુ કઇ બગાડયુ નહોતું તેઓને મારી નાખ્યા છે, માટે તમારે હથિયાર છોડવા પડે છે. તમને જે હુકમ આપવામા આવે તે બજાવવો જ જોઇએ" સેનાપતિ જ્યારે આ વાતચીત કરતો હતો ત્યારે તેની બાજુના સિપાહીઓ બહુ જ ઉશ્કેરાઇ જઇ હલ્લો કરવાનો પ્રયત્ન કરતા હતા એક બાજુએથી બે ગોળીઓ અગ્રેજ ઓફિસરો આગળ આવી પડી તરત જ સિપાહીઓએ તજેલી બદુકો હાથમા લીધી અને ગોળીઓ ભરી યુરોપિઅનો સાથે લડાઇ શરૂ કરી. અકસ્માત ગોળીબાર થવાથી અગ્રેજ ઓફિસરો ત્રાસી ગયા, પાગલ જેવા બની ગયા. સાત આઠ યુરોપિઅન સૈનિકો

---

૧. Martin Indian Empire, Vol II. P. 285.

માર્યા ગયા. ઓફિસરો તોપોની મદદવડે હુમલો અટકાવવા તયાર થયા. મેજર બારેટ હાથઆરો છિનવી લેવાના કાર્ય વિરુદ્ધ હતો તે આ અણચિન્તવ્યા વ્યાપારથી સ્તબ્ધ બની ગયો તેની ગતિ અટકી ગઇ. તે એક ડગલુ પણ ન હઠતા એ સિપાહીઓના ટોળા વચ્ચે શાંતિપૂર્વક ઉભો સિપાહીઓ ઉશ્કેરાઇ ગયા હતા છતા તેઓએ સુજનતાને બાજુએ મૂકી નહોતી. અંગ્રેજોનુ લોહી રેડવા તૈયાર થયા છતા તેઓએ પોતાના હિતેચ્છુ અંગ્રેજ અધિનાયકને કંઇ ઇજા કરી નહિ. સદાચાર અને માયાળુ વ્યવહારથી જે પ્રીતિ અને શ્રદ્ધા ઉત્પન્ન થઇ હતી, તે આવા સમયમા પણ અચળ રહી સિપાહીઓએ મેજર બારેટને સુરક્ષિત સ્થાને લઇ જઇ બચાવ્યો.

સિપાહીઓને આ પ્રમાણે લડાઇ કરતા જોઇ અંગ્રેજ સૈનિકોએ ગોળાવૃષ્ટિ શરૂ કરી સિપાહીઓ તોપો સમક્ષ ટકી ન શકવાથી પોતપોતાના ઘર તરફ દોડયા ઘરની દિવાલો પાછળ છુપાઇ અંગ્રેજો પર ગોળીમાર કરવા લાગ્યા. પરંતુ અંગ્રેજ સેનાનાયકોએ તોપો બંધ કરી નહિ. તોપોના ગોળાથી કેટલાક સિપાહીઓ મરણ પામ્યા બાકીના કેટલાક શહેરમા છુટા છવાયા વિખરાઇ ગયા, અને કેટલાક થોડે દૂર આવેલા ગામડાઓમા ભરાઇ વેર વાળવાના સમયની રાહ જોઇ બેઠા

એ દરમ્યાન એક દેશી ઘોડેસ્વાર ટુકડી અને એક શિખ ટુકડી કવાયતના મેદાન પર આવી પહોચી તેઓ પણ પૂર્વોલ્લેખિત સિપાહીઓની માફક શંકાશીલ હતા તેઓની શંકા હજુ દૂર થઇ નહોતી ઘોડેસ્વારોમાના એકે અતિશય ઉશ્કેરાઈ જઇ પોતાના સેનાનાયક પર ગોળી છોડી એક બીજા ઘોડેસ્વારે પોતાની તરવાર ખુલ્લી કરી તે ગોળી છોડનારના ટુકડે ટુકડા કરી નાખવાનો પ્રયત્ન કર્યો. શિખો આ બનાવ

દિગ્મૂઢ બની નિહાળવા લાગ્યા તેઓએ બ્રિટિશ સરકાર વિરૂદ્ધ હથિયારો ઉપાડવાનો સંકલ્પ કરી મૂક્યો નહોતો. કવાયતના મેદાન પર પણ તેઓ બ્રિટિશ સરકારના વિશ્વાસુ સૈનિકો નીવડ્યા હતા જો સત્તાવાળાઓએ તેઓના પર સંદેહ ન દર્શાવતા પોતાનો ખરો ઉદ્દેશ સમજાવી દીધો હોત તો બનતા સુધી શિખ સૈન્ય કદી આટલુ બધુ ઉશ્કેરાઇ જાત નહિ પરંતુ તે સમયે એટલી બધી ધીરજ જાળવી શકે એવા અમલદારોનો તોટો હતો ૩૭ મી પલ્ટણના સિપાહીઓએ જ્યારે લડાઇ જગાવી હતી ત્યારે શિખ પલ્ટણપર અંગ્રેજ સેનાનાયકોને સંદેહ ઉત્પન્ન થયો હતો તેઓએ એ સંદેહને વશ થઇ ૩૭ મી પલ્ટણ સામે શિખોને હુમલો કરવાનો હુકમ ન આપતા તોપોનો આશ્રય લીધો હતો તેઓની આવી અધીરાઇ જોઇ એક શિખ સૈનિકે એક અંગ્રેજ સેનાનાયક પર ગોળી છોડી. તરત જ તેની જ પલ્ટનના એક બીજા શિખે એ ગોળી છોડનારને મારી નાખી પોતાની વફાદારી બતાવવાનો પ્રયત્ન કર્યો આ રીતે શિખ પલ્ટણમા એક જણની ઉશ્કેરણી બંધ પાડવા બીજો પ્રયત્ન કરી રહ્યો હતો એકનો દ્વેષ દબાવી દેવા બીજો હથિયાર વાપરવા તૈયાર થયો હતો એવામા અંગ્રેજ સૈનિકોએ તેઓની આખી પલ્ટણને બંડખોર ધારી હથિયારોનો આશ્રય લીધો ધુંધવાતો અગ્નિ પ્રજ્વલિત બન્યો દેશી સિપાહીઓ યુરોપિઅનો પર ગોળીબાર કરવા લાગ્યા આ વખતે બધી તોપો અરક્ષિત અવસ્થામા હતી. તોપોના રક્ષક ગોરા સૈનિકો ૩૭ મી પલ્ટણના સિપાહીઓ પાછળ પડી તેમના ઘર પર્યંત ગયા હતા જો દેશી પાયદળ અને શિખોએ અગ્રેસર થઇ આ તોપો કબજે કરી લીધી હોત અને શૃંખલાબદ્ધ થઇ તોપોની સહાયતાથી અંગ્રેજો પર હલ્લો કર્યો હોત તો જરૂર કાશી અંગ્રેજોના કબજામાથી ચાલ્યુ જાત પરંતુ તે વખતે સિપાહીઓમાં

આવી ગૂંખલા નહોતી ધારેલું કાર્ય પાર પાડવાની પદ્ધતિ નહોતી. સિપાહીઓ કોઇ હોશિયાર અધિનાયકના હુકમ મુજબ વર્ત્તતા નહોતા. કોઇ વિચક્ષણ યુદ્ધવીર તેઓને રસ્તો બતાવતો નહોતો તેઓ ઉચ્છૃંખલ ભાવે કોલાહલ કરતા હતા પોતાને કર્ત્તાહર્ત્તા માની ગમે તેવી રીતે હથિયારો વાપરતા હતા, પોતાને વીરપુરુષ માની કેવળ આડી અવળી ગોળીઓ ફેંકી વિજય મેળવવાની આશા રાખતા હતા, તે દરમ્યાન એક અંગ્રેજ સેનાનાયકે તોપોને અરક્ષિત જોઇ ઝપાટાબંધ આવી એ બધી તોપો કબજે કરી લીધી. એકાએક તોપોના મો ફરી ગયા સિપાહીઓપર ગોળા પડવા લાગ્યા આ સળગતા ગોળા આગળ તેમનાથી ટકી શકાયુ નહિ તેઓ વિચ્છિન્ન થઇ ચોતરફ નાઠા કાશીના કવાયતના મેદાનપર અંગ્રેજોનું પ્રાધાન્ય કાયમ રહ્યુ

હથિયાર છોડાવવા જતા આખી પલટણ બંડખોર બની ગઇ, અમલદારોના અવિચારથી ઉશ્કેરણીને બદલે બંડ ઉઠયુ કાશીનો અંગ્રેજ સેનાપતિ બિચારો અતિશય કાયર થઇ ગયો. તેની સમક્ષ વિશાળ કાર્યક્ષેત્ર પડયુ હતું, એ કાર્યક્ષેત્રપર ડગલા ભરવાનું સામર્થ્ય તેનામા રહ્યુ નહિ ગ્રીષ્મઋતુનો સૂર્ય ધીમે ધીમે પશ્ચિમ બાજુએ ઢળતો હતો. તેની મ્લાન જ્યોતિ જગતની સમક્ષ અવસ્થાની પરિવર્ત્તનશીલતા વિષે પ્રત્યક્ષ બોધપાઠ આપતી હતી સાયકાળનો પવન ધીરે ધીરે વહી જીવોના હૃદયને શાતિ આપતો હતો. રોગશીર્ણ અને જરાજીર્ણ સેનાપતિ પણ અસ્તગમનોન્મુખ સૂર્યની માફક આથમી ગયો સ્નિગ્ધ સમિરણ તેના હૃદયને શાતિ આપી શકયો નહિ તીવ્ર મનોયાતના અને દુસહ દુઃખને લીધે સેનાપતિએ પોતાનો ઓહ્દો કર્નલ નીલને

સોપી દીધો. નીલ કાશીનો સેનાપતિ બની પોતાની વૈરવૃતિ ચરિતાર્થ કરવા તૈયાર થયો જે સિપાહીઓ પોતાના ઘરમા ભરાઇ રહ્યા હતા તેને હાકી કાઢી મારી નાખવામા આવ્યા. જેઓ નિર્જન કુટીરમા છુપાઇ રહ્યા હતા તેઓ એ ઝુપડા સહિત ભસ્મીભૂત થઇ ગયા.

સિપાહીઓને નિરસ્ત્ર કરવાનુ કાર્ય કરવામા વખત તરફ દૃષ્ટિ રાખવામા આવી નહોતી. સિપાહીઓ બુદ્ધિશાળી હોતા નથી એટલે કોઇ પણ પ્રકારની અસાવધતાથી તેઓ ઉશ્કેરાઈ જાય છે. કાશીના સત્તાવાળાઓએ જો સિપાહીઓને કવાયતના મેદાનપર એકત્ર કર્યા ન હોત અને તેઓની આગળ યુરોપિઅન સૈનિકો તથા તોપો સજ્જ રાખી હથિયારો છોડવાનો હુકમ ન કર્યો હોત, તો સિપાહીઓ તેઓ સામે આટલી ત્વરાથી હથિયારો ઉપાડત નહિ એમા કશો શક નથી. તેઓ તરફ વિશ્વાસ બતાવવામા આવ્યો હોત તો તેઓ પણ અમલદારો તરફ વિશ્વાસ બતાવત જ્યારે તેઓ બળવાન હિંસકવૃત્તિથી ઉશ્કેરાઇ યુરોપિઅનો સામે ગોળી છોડતા હતા ત્યારે પણ તેઓની અમલદારો પ્રત્યેની શ્રદ્ધા વિલુપ્ત થઇ નહોતી. એવી અસ્તવ્યસ્ત સ્થિતિમા પણ તેઓ પોતાના સેનાનાયક મેજર બારેટ પ્રત્યેનુ કર્ત્તવ્ય વિસર્યા નહોતા. મેજર બારેટની માફક જો બધા અમલદારો સિપાહીઓ પર પ્રીતિ રાખતા હોત તો આવો બનાવ કદી ન બનત. ખાસ કરીને શિખ પલ્ટણ પર વિશ્વાસ રાખવામા આવ્યો હોત તો તે તો કદી બેવફા ન નીવડત હથિઆર છોડવવા વિષે કાશીના કમિશનર સાહેબે ૬ ઠી જુને ગવર્નર જનરલને લખ્યુ હતું કે " મને લાગે છે કે સિપાહીઓના હથિયારો છોડવવાના કાર્યમા અતિશય અવ્યવસ્થા થઇ હતી ઘણાખરા સિપાહીઓએ હથિયારો છોડ્યા હતા. પોતાના નિરસ્ત્ર

ભાઇબંધો પર હલ્લો કરવો પડશે એવા વિચારથી સશસ્ત્ર સિપાહીઓ બહુ જ દિલગીર થયા હતા આ બાબતમા એક સિવિલ અમલદારે મત દર્શાવવો જોઇએ નહિ, પરતુ સાધારણ પ્રજાનો મત એવો છે કે આ કાર્ય ધૈર્યપૂર્વક વ્યવસ્થિત રીતે ન બજાવવાથી પાર પડ્યુ નથી" લોર્ડ કેનગ પણ કમિશનરના આ મત સાથે મળતો થયો હતો તેણે કમિશનરનો પત્ર મળ્યા બાદ એક પખવાડિએ વિલાયતમાની હિદશાસનસમિતિના અધ્યક્ષ પર પત્ર લખ્યો હતો કે "કાશીના સિપાહીઓને નિરસ્ત્ર કરવામા ઉતાવળ કરવામા આવી હતી, લાબો વિચાર કરવામા આવ્યો નહોતો એક શિખ પલ્ટણને આગ્રહપૂર્વક બંડખોર બનાવવામા આવી હતી, તેઓની સાથે સારી વર્ત્તણુક ચલાવવામા આવી હોત તો મને ખાત્રી છે કે તેઓ આપણા પ્રત્યે વફાદાર રહેત" આ બનાવ બન્યા બાદ ૧૬ માસ પછી જે દિવાની અમલ-દારોપર આ બાબતની પૂરેપૂરી હકીકત લખવાની જવાબદારી નાખવામા આવી હતી તેઓએ ઉંડી તપાસ કર્યા બાદ લખ્યુ છે કે "જ્યારે શિખ સૈનિકો કવાયતના મેદાનપર હાજર થયા ત્યારે તેઓ પોતાના ભાવીથી તદ્દન અજાણ્યા હતા કવાયતના મેદાનપર બનેલા બધા બનાવો તેઓને આશ્ચર્યમા ગરક કરી દેતા હતા આ પલ્ટણ રાજભક્ત હતી. જો તેમના તરફ કઠોરતા દર્શાવવામા ન આવી હોત તો તે કદી પણ બ ? ઉઠાવત નહિ" દીર્ઘદૃષ્ટિવાળા પરીક્ષકોએ ઉંડો વચાર કર્યા બાદ આ મત ઉચ્ચાર્યો છે. જેઓ સત્યને ચાહનારા છે, તેઓ કદી પણ આ મતની ઉપેક્ષા કરી શકે તેમ નથી. પરતુ આ વખતે અનેક અગ્રેજી રાજપુરુષો આ મત મુજબ વર્ત્યા નથી જે સ્થળે ધીરજ બતાવવી જોઇએ ત્યા અધિરાઈ બતાવી તેઓએ પોતાના અશ્રિતોને શત્રુ બનાવી દીધા હતા. આ વખતે તેઓના હૃદયમા કોમળતાને

બદલે કઠોરતાનુ સામ્રાજ્ય ફેલાયુ હતુ તેઓ તામસીવૃત્તિને વશ થઇ કાર્યક્ષેત્રપર ઉતર્યા હતા તેઓમા કાર્યપટુતા, શ્રમશીલતા, એકાગ્રતા વગેરે બધુ હતુ કેવલ ધીરજ અને સારી સમજ એ બે સદ્‌ગુણોનો અભાવ હોવાથી ઉપલા બધા સદ્‌ગુણો ભયજનક થઇ પડચા હતા. તેઓ કેવળ તરવારની મદદથી સામ્રાજ્યનો ઉદ્ધાર કરવા તૈયાર થયા હતા તેઓને ખાત્રી હતી કે હિદ તરવારના બળથી જીતાવાનુ છે, અમારી સત્તા કેવળ તરવારના બળ વડે કાયમ રહેવાની છે પરતુ તેઓનો એ વિશ્વાસ અમૂલક નીવડચો હતો તેઓએ જ્યા જ્યા તરવારની મદદ લીધી હતી ત્યા ત્યા ભયાનક પ્રકોપ ફાટી નીકળ્યો હતો. હિદીઓ તેઓને વફાદાર ન રહ્યા હોત તો તેઓનુ જીવન અને રાજ્ય શાતિપૂર્ણ થાત નહિ તેઓ અનુરક્ત અને સ્નિગ્ધ પ્રકૃતિવાળા હિદીઓની મદદથી આ બળવારૂપી ઘુઘવતો સમુદ્ર તરી પાર ઉતર્યા હતા તેઓના સ્વદેશી શાસકવર્ગમા લોકોના મનરજન કરવાની શક્તિ ન હોત તો હિદમા તેઓની સત્તા પાછી ફેલાત નહિ

બડખોર સિપાહીઓને કવાયતના મેદાન પરથી હાકી કાઢવામા આવ્યા છતા કાશીના સત્તાવાળા નિશ્ચિત થયા નહિ રાતના વખતે નગરના બદમાસો સિપાહીઓ સાથે ભળી કઇ અનર્થ કરે એવી આશંકા તેઓના હૃદયમા પેસી ગઇ હતી લશ્કરી છાવણી અને શહેરની વચ્ચે એક વિશાળ ટકશાળ હતી. ઘણા યુરોપિઅનોએ ત્યા આશ્રય લીધો હતો. ખ્રિસ્તી પાદરીઓ ચુનાર જવા માટે રામનગર તરફ દોડચા હતા સિવિલ અમલદારો પોતપોતાના કુટુબ સાથે કલેકટર સાહેબની કચેરીમા જઇ ભરાયા હતા.[1] ટંકશાળના રક્ષણનો ભાર કેટલાક શિખ

---

૧. કમિશનર સાહેબ તેઓમા નહોતા, તેઓ ટકશાળમા ગયા હતા.

સૈનિકો પર હતો. તેઓના સ્વદેશ બાંધવોમાના કેટલાક કવાયતના મેદાનપર મરણ પામ્યા હતા, તેથી આ લોકો પણ ઉશ્કેરાઈ ખજાનો લૂટે એવી સત્તાવાળાઓને શકા થઇ હતી, પરતુ એક શાતપ્રકૃતિના શિખ સરદારની અવિચલિત રાજભકિત અને દક્ષતાથી એ શકા દૂર થઇ એ રાજભક્ત શિખ સરદારનુ નામ સુરતસિહ હતું.

જ્યારે બીજો શિખ વિગ્રહ પૂરો થયો, લોર્ડ ડેલ્હાઉઝીના હુકમથી પંજાબનુ રાજ્ય ખાલસા કરવામા આવ્યું ત્યારે સરદાર સુરતસિહને પજાબથી કાશી લાવી બદીવાન બનાવવામા આવ્યો હતો પજાબની સાથે સુરતસિહ પણ અગ્રેજ સરકારનો બંદીવાન બન્યો હતો. પરંતુ તે અગ્રેજોનો બંદીવાન છતા હૃદયનો ધર્મ વિસર્યો નહોતો જ્યારે બનારસના સત્તાવાળાઓ તેજુરી લૂટાવાની ભયે ચિતાતુર બન્યા હતા, રાતને વખતે અવશ્ય સળગી ઉઠનાર પ્રકોપનું ચિત્ર હૃદયમા આકી પ્રતિક્ષણે ભયભીત થતા હતા, ત્યારે આ પુખ્ત ઉમરના શિખ સરદાર અટલ સાહસ અને અતૂલ્ય તેજસ્વીપણુ દર્શાવી ભરેલી બદુક ખભે ચડાવી અંગ્રેજોને કચેરીમા લઇ ગયો. અગ્રેજો પ્રત્યે તેની આટલી બધી ભક્તિ નિહાળી ટંકશાળને પહેરો ભરતા શિખો સ્તબ્ધ બની ગયા, તેઓમા જે કઈ હીનપણું હતું તે દૂર થયુ. આ ટકશાળમા તેઓની દેશનિકાલ થયેલી મહારાણી ઝિન્દનનુ ઝવેરાત વગેરે હતું સ્વદેશના શોચનીય અધપતનની હકીકત તેઓના હૃદયમાં જાગ્રત હતી પોતાનો બાળક મહારાજા પદભ્રષ્ટ થયો છે, પોતાની પવિત્ર મહારાણી દેશનિકાલ થઇ છે, તેના અમૂલ્ય રત્ન કપનીના ખજાનામા પડયા છે, એ બધી મર્મસ્પર્શી હકીકત તેઓના હૃદયને વલોવી નાખતી હતી. તે ઉપરાત થોડા જ કલાક પહેલા પોતાના બહા-

દુર સહયોગીઓ અંગ્રેજોની તોપોના મારાથી મરણશરણ થયાનું દુ ખ તેઓને બડખોર બનાવવા માટે પુરતું હતું ભયંકર કાર્ય સાધવાનો સમય ઉપસ્થિત થયો હતો. તેઓ જ્યારે એ કાર્યમા જીવન અર્પણ કરવાનો સંકલ્પ કરતા હતા તેવામા પેલા વૃદ્ધ શિખ સરદારની પ્રશાન્ત મૂર્તિ નજરે પડી તેઓની બધી ફિસ્કેરણી શાન્ત પડી તેઓએ કશી આનાકાની ન કરતા ટંકશાળનો કબજો યુરોપિઅનોને સોપી દીધો. સત્તાવાળાઓએ સંપત્તિ વધારે સુરક્ષિત સ્થાનમા લઇ ગયા આવુ ધૈર્ય બતાવવા ખાતર કમિશનરે બીજે દિવસે સવારમા દશ હજાર રૂપીઆ તેઓને ઇનામ તરીકે આપ્યા

આ શિખ સરદાર સિવાય બીજા કેટલાક હિંદુઓએ પણ અંગ્રેજોને મદદ આપી હતી પંડિત ગોકલચંદ ઉચ્ચ શ્રેણિના બ્રાહ્મણ તરીકે કાશીમા પ્રખ્યાત હતો, તે ઉદાર અને ધીર પ્રકૃતિ માટે વખણાતો હતો. આ સમયે તે જજ અદાલતનો નાજર હતો તેથી જજ સાહેબ સાથે તેને સારો સંબંધ હતો. તેણે રાત દહાડો અથાગ મહેનત લઇ યુરોપઅનોને મદદ કરી હતી. આવી મદદ અંગ્રેજોનો ધર્મ પાળનારા ખ્રિસ્તીઓ પણ આપી શક્યા નહોતા પંડિત ગોકુલચંદનો પ્રયાસ વિફળ ગયો નહિ. તેના અપાર પરિશ્રમને લીધે અંગ્રેજો આસન્ન વિપત્તિમાથી મુક્ત થયા પંડિત ગોકુલચંદ સિવાય એક બીજા ધનવાન ગૃહસ્થે પણ અંગ્રેજોને સારી મદદ કરી હતી. તેનું નામ હતું રાવ દેવનારાયણ સિંહ. તે સરકારનો પક્ષ મજબુત કરવા પુષ્કળ દ્રવ્ય ખરચતો હતો. તેની મદદથી કાશીના યુરોપિઅનો પર બહુ ઉપકાર થયો હતો એક અંગ્રેજ ઇતિહાસકાર (સર જોન કે) લખ્યું છે કે " દેવનારાયણ સિંહના ઉપકારો માટે

ગમે તેટલુ લખીએ તે ઓછુ જ છે” બનારસના મહારાજ ઇશ્વરીપ્રસાદ સિંહે પણ આ વખતે પુષ્કળ મદદ આપી હતી. તેણે રાતને વખતે ગોરા પાદરીઓને આશ્રય આપ્યો હતો અને પોતાના સપાત્ત, નોકર ચાકર વગેરે બધુ કાશીના સત્તાવાળાઓને સોપી રાજભક્તિની પરાકાષ્ટા દર્શાવી હતી પવિત્ર વારાણસીના પવિત્ર સ્વભાવવાળા હિંદુઓની મદદથી યુરોપિઅનો બચ્યા. જેઓ બનારસમા ખ્રિસ્તી ધર્મ ફેલાવવા માટે થાણું નાખી પડયા હતા, તેઓ વિધર્મીઓની અપાર દયાથી જીવતા રહ્યા તેઓ હિંદુઓના આવા પરોપકારથી વિસ્મય પામ્યા, અને દિગ્મૂઢ બની હિંદુઓના સ્વાર્થત્યાગના મહત્વના છૂટે મોએ વખાણ કરવા લાગ્યા. સુરતસિંહની કાર્ય તત્પરતાથી કચેરીમાના અંગ્રેજો ભયમુક્ત થયા હતા અને ટંકશાળમાના યુરોપિઅનો કુટુંબ કબીલા સાથે સુરક્ષિત હતા. રાતના બે વાગતા કેટલાક અંગ્રેજો કચેરીએથી ટંકશાળ ગયા. અહી તેઓને બહુ કષ્ટ ભોગવવુ પડયુ હતું તેઓની સ્ત્રીઓ, પુત્ર, દાસ, દાસી વગેરે બધા એક સ્થળે ખડકાયા હતા જે યુરોપિઅનો આ મકાનના રક્ષણ માટે નીચે રહ્યા હતા, તેઓ આખા દિવસના પરિશ્રમથી થાકી ગયા હતા, મકાનના આગણામા ગાડી, પાલખી, ઘોડા વગેરે અસ્તવ્યસ્ત સ્થિતિમા પડયુ હતું. યુરોપિઅનોએ આવી સ્થિતિમા આખી રાત ગાળી દર પળે તેઓના સમક્ષ મૃત્યુના પ્રચંડ ઓળા આવી ઉભા રહેતા હતા દરપળે તેઓની શંકા વૃદ્ધિ પામી સહેજ મીચાતી આખ ઉઘાડી દેતી હતી, ધીમે ધીમે સવાર પડી. તેઓએ સાજા તાજા પ્રભાતના બાલસૂર્યનાં દર્શન કર્યાં. સવારમા આખુ શહેર શાત હતું. આ પ્રશાન્ત ભાવ નિહાળી યુરોપિઅનો બહુજ રાજી થયા. તેઓના મકાન રાત્રિના અંધકારમા ભીષણ શાતિ દર્શાવતા હતા તેઓના બગલા, કચેરી, વગેરે

બધુ જેમનુ તેમ કાયમ હતું. સવારે શહેરના માણસોમા અશાન્તિનુ નામ નહોતું. દરેક પોતપોતાનુ કાર્ય કરતા હતા આ જોઈ યુરોપિઅનો નિશ્શ ક ચિત્તે પોતાને કામે વળગ્યા.

યુરોપિઅનોએ ધાર્યું હતું કે હિદુઓ ધર્મ ડૂબવાની બીકે ગભરાયા હોવાથી જરૂર કાશીમા તો આપણું આવી બનવાનું છે. પરતુ તેઓએ જે કઇ ધાર્યું હતું, તેથી ઉલટું બન્યુ. હિંદુધર્મનુ સ્થાન ખ્રિસ્તીઓના લોહીથી કલકિત ન બન્યુ. કમિશનર સાહેબે આ માટે ગવર્નર જનરલ સમક્ષ વિસ્મય દર્શાવતો એક પત્ર લખ્યો હતો પરંતુ અંગ્રેજો જો હિદુઓનું ચરિત્ર સમજતા હોત તો તેઓને વિસ્મય દર્શાવવાની કઇ જરૂર પડત નહિ. હિદુઓ વિપત્તિમા આવી પડેલાનો ઉદ્ધાર કરવામા તથા રાજભક્ત પ્રજા તરીકેનો ધર્મ પાળવામા સદા તત્પર રહે છે અને વૈરવૃત્તિ ચરિતાર્થ કરતી વેળા દયાનો ધર્મ વિસરી જતા નથી. ભયકર ઉશ્કેરણીના સમયમા પણ સ્નેહ અને પ્રિતિના કિરણો નજરે પડતા તેઓ શાત થઇ જવાના અંગ્રેજો તેઓને વિધર્મી માની શત્રુવર્ગમા ભલે મૂકે, પણ વિપત્તિના સમયે તેઓ પ્રત્યુપકાર કરવા પાછા હઠે તેમ નથી. અગ્રેજો જો હિદુઓનુ જાતીય ચરિત્ર બરાબર સમજ્યા હોત તો આ ભયકર પ્રકોપ કદી સળગી ઉઠત નહિ અંગ્રેજોએ જે જે સ્થળે હિદુઓ પર પ્રીતિ દર્શાવી છે, તે સ્થળે હિદુઓએ તેમની ખાતર પોતાની જાતના બલિદાન આપ્યા છે અગ્રેજોએ આ વાત ધ્યાનમા ન રાખતા હથિયારનો આશ્રય લીધો સમવેદના, અને સ્નેહશીલતા તજી કઠોરતાપૂર્વક અતિ કઠોર શાસનદંડ ફેરવી પોતાની સત્તા અચળ રાખવાનો પ્રયત્ન કર્યો. તેની આ કઠોર નીતિએ છેવટે અમૃતને બદલે ઝેર નીપજાવ્યું.

કાશીમા બીજી કંઇ ગડબડ થઇ નહિ. અગ્રેજો પોતાને નિરાપદ માનવા લાગ્યા પરતુ તેઓનો ક્રોધ શાત પડ્યો નહિ. સિપાહીઓની બીકથી જે અગ્રેજો એક વખત ધ્રુજતા હતા, તેઓ હવે નિર્દોષ રહેવાશીઓનું સત્યાનાશ વાળવા તૈયાર થયા ૯ મી જુને બનારસ વિભાગમા લશ્કરી કાયદો જાહેર કરવામા આવ્યો. લશ્કરી અમલદારો આ કાયદાના જોરે પોતાને પ્રિય એવુ સહારકાર્ય વિના અડચણે કરવા લાગ્યા દર ગામડે ફટકાનો માર અને ફાસી જાણીતા થઈ ગયા. નાના મોટા વગેરે બધા હડખાયા કુતરા કે ઝેરી સર્પની માફક નિર્દયતાપૂર્વક હલાલ થવા લાગ્યા યુરોપિઅનોએ જે રાત્રે સિપાહીઓના ડરથી કચેરી અને ટકશાળના મકાનમા આશ્રય લીધો હતો ને રાત પૂરી થઇ કે તરત હારબધ ફાસીના લાકડા ઉભા કરવામા આવ્યા. દરરોજ એ લાકડા પર અનેક મનુષ્યો લટકવા લાગ્યા. એક ખ્રિસ્તી પાદરીએ લખ્યુ છે કે કોમળ અતઃકરણવાળી અગ્રેજ મહિલાઓ પણ આ હતભાગ્ય લોકોને ફાસીએ લટકતા જોઇ આનદ દર્શાવવા લાગી [૧] આ વખતે કાશીના રહેવાશીઓને યુરોપિઅન સૈનિકો માનવના આકારમા રાક્ષસો જેવા જણાતા હતા. આ અસુરોના હાથમાથી કોઇ છૂટી શક્યુ નહિ, તેઓએ જેને પકડ્યા તે બધા ફાસીને લાકડે લટકાવ્યા ઘણાખરા ઇતિહાસકારો આ હત્યાકાડ સેનાપતિ નીલના હુકમથી કરવામા આવ્યો હતો એમ જણાવે છે [૨]

---

૧ Rev James Kennedy—Empire in India. Vol II P. 288.

૨. કે સાહેબે લખ્યુ છે કે આ બનાવ બન્યા પછી ૪–૫ દિવસે સેનાપતિ નીલે કાશી છોડ્યુ. માટે આ હત્યાકાડ માટે તેને જવાબદાર

એક વખતે કેટલાક બાળકો રમતમા બડખોર સિપાહીઓની ધ્વજા ઉડાડતા તથા ટમટમ વગાડતા જતા હતા. તેઓને લશ્કરી અદ-લત સમક્ષ ઉભા કરવામા આવ્યા. એક વિચારક કોમળ બાલકનો ધ્રૂસકાટ જોઇ આસુ રોકી શકયો નહિ છેવટે એ બાળકોને ફાસીની સજા થઇ પેલા દયાળુ વિચારકે આ અસહાય, વિપન્ન અને બધી રીતે નિર્દોષ જણાતા બાળકો તરફ દયા બતાવવા માટે વડા સેનાપતિને વિનતિ કરી, પરંતુ તેની પ્રાર્થના મંજૂર રાખવામા ન આવી. કોમળ બાળકો જીવ જવાની બીકે ઉચ્ચ સ્વરે રૂદન કરવા લાગ્યા. તેઓના છાતીફાટ રૂદનો લશ્કરી અદાલતના વડાના પાષાણમય હૃદયને પીગળાવી શક્યા નહિ. કાશીનો કઠોર સેનાપતિ સર્વસહારક મહાકાલની માફક અવિચલિતપણે આવા સહારકાર્યોને અનુમોદન આપવા લાગ્યો. આવા કાર્ય માટે જલ્લાદોનો પણ તોટો પડયો નહિ ઘણા જલ્લાદોએ પોતાની મરજીથી આવુ કાર્ય સ્વીકાયુ હતુ તેઓ શહેરની પાસેના ગામડાઓમા જઇ ગુનેહગારો (!)ને ફાસીને લાકડે લટકાવવા લાગ્યા. એક માણસ આ બાબતમા નિપુણતા મેળવ્યાનો ગર્વ કરતા કહેતો કે એક જગાએ મે આખુ આબાનુ ઝાડ ફાસીકાષ્ઠના રૂપમા ફેરવી નાખ્યુ હતુ અપ રાધીઓને હાથીપર ચઢાવી તેઓ ના ગળામા ફાસી નાખવામા આવતી. કાશીથી ૪૦ માઇલ દૂર કેટલાક બડખોર સિપાહીઓ રહે છે, એવા સમાચાર કાશીના સત્તાવાળાઓને ૧૨ મી જુને મળ્યા. ૨૭ મી જુને ૨૪૦ યુરોપિઅન અને કેટલાક શિખ સૈનિકો તેઓની સામે મોકલવામા

ઠરાવી શકાય નહિ. Kaye, Sepoy war. Vol. II P 236. પણ હોલ્મેસ સાહેબે આ હત્યાકાડ માટે સેનાપતિ નીલને જવાબદાર ઠરાવેલ છે Holmes, Indian Mutiny, P 223.

આવ્યા. તેઓના આગમનથી સિપાહીઓ આમતેમ નાસવા લાગ્યા નાસતા નાસતા તેમાના કેટલાક માર્યા ગયા, કેટલાક પકડાયા પકડાયા તેટલાને ઉપર લખ્યા મુજબ ફાસીને લાકડે લટકાવી દેવામા આવ્યા. યુરોપિઅન સૈનિકોએ ક્રોધાવેશમા અતિશય નિર્દયપણે વીશ ગામડા સળગાવી મૂકી તેની આજુબાજુના પ્રદેશને જનશન્ય કરી નાખ્યો. એકજ તરૂણ અ ગ્રેજ આ ટુકડીમા હતો તરૂણાવસ્થાને લીધે તેની કલ્પના પણ તરૂણ હતી તેણે જે કઠોર મ ત્રની દીક્ષા લીધી હતી અને જે કઠોર કાર્ય સાધવાની પ્રતિજ્ઞા લીધી હતી, તે મ ત્ર તથા તે કાર્ય ચાલુ રાખ્યા છતા તેની કોમળવૃત્તિ દબાઇ ગઇ નહોતી એ તરણુ યુવકે પોતાની કોમળવૃત્તિથી મુગ્ધ બની એ ગામડા સળગાવ્યાની હકીકત નીચે પ્રમાણે દર્શાવી છે –

" અમે ૮ દિવસ અને ૯ રાતની મુસાફરીમા ૪૨૧ માઇલ ચાલી ૨૫મી જુને કાશી આવી પહોચ્યા ૨૭ મી જુને સાયકાળ વખતે અમારી ટુકડીના ૨૪૦ સૈનિકો, (તેઓમા હુ પણ હતો) ૧૧૦ શિખ અને ૨૦ સ્વારો બનારસથી નીકળ્યા સ્વારો સિવાય અમે બધા બળદગાડીમા મુસાફરી કરતા હતા, બીજે દિવસે ૩ વાગ્યાને સુમારે અમે ત્રણ ટોળામા વહેચાઇ ગામડાઓમા ગુનેહગારો શોધવા નીકળ્યા હુ જે ટોળામા હતો તે ટોળી એક ગામડામા જઇ પહોચી. ગામડીઆઓ ગામડુ છોડી ચાલ્યા ગયા હતા. અમે એ ગામડાને સળગાવતા હતા, તે વખતે એક માણસે આમારી પાસે આવી જણાવ્યુ કે બે માઇલ દૂર આવેલા એક ગામડામા અમારા લોકો એકત્ર થયા છે તેઓ બધા હથિયારબધ છે અમે તે તરફ દોડયા. અમે જ્યારે તેઓનાથી ૬૦૦ હાથ દૂર રહ્યા ત્યારે તેઓ નાસવા લાગ્યા અમે તેઓના પર

ગોળીઓ છોડવા લાગ્યા, તેઓમાના ૮ માર્યા ગયા અમે તે ગામડા તરફ જતા હતા તેવામા એક માણસે અમારી પાસે આવી અમારા ઓફિસરને બે હાથે સલામ કરી અમે તેને સિપાહી માની આનદ-ધ્વનિ કરી ઉઠયા. તેને તરત જ કેદ કરવામા આવ્યો તે માણસ સાથે એકદર ૨૦ જણા અમારા બદીવાન બન્યા હતા અમે અમારી ગાડીઓ પાસે આવી પહોચ્યા એટલે એક ધરડો માણસ અમારી પાસે આવી અમે જે ગામ સળગાવી મૂકયું હતું તેની નુકસાનીના પૈસા માગવા લાગ્યો અમારી સાથે એક મેજિસ્ટ્રેટ હતો. તે જાણી શકયો હતો કે આ માણસે પોતાના ગામમા બડખોરોને આશ્રય આપ્યો હતો, એટલુ જ નહિ પણ તેઓને ખોરાકી અને અસ્ત્રશસ્ત્રો પૂરા પાડયા હતા. આ બાબતનો ન્યાય ચુકવતા કેવળ ૫ મિનિટ લાગી પેલા સિપાહીને તથા આ વૃદ્ધને રસ્તાની બાજુએ લઇ જવામા આવ્યા તે સ્થળે એક ઝાડની ડાળીએ એ બને જણાઓને લટકાવી દેવામા આવ્યા, અમે આખી રાત ત્યા પડાવ નાખી ગય્યા. અમારી બાજુએ એ બનેના શબો આખી રાત લટકતા રહ્યા. બીજે દિવસે સવારમા અમે ખેતરોમા થોડા માઇલ આગળ વધ્યા એ વખતે ભારે વરસાદ વરસવા લાગ્યો અમે એક ગામમા જઇ પહોચ્યા અને ત્યા આગ લગાડી અમારે રસ્તે પાછા ફર્યા. એ દરમ્યાન અમારી બીજી ટોળીઓ પણ કઇ આળસુ બની બેઠી નહોતી તે પણ અમારી માફક ગામડા સળગાવવાનુ કાર્ય કરતી હતી. અમે પાછા ફર્યા તે દરમ્યાન અમારા માથા પરથી પગ સુધી પાણીના રેલા ઉતરવા લાગ્યા. અમે ૮૦ જણને બંદીવાન કર્યા હતા, ૬ જણને તે જ દિવસે ફાસી આપવામા આવી ૬૦ જણને ફટકા મારવાની સજા થઇ ત્યાર બાદ મેજિસ્ટ્રેટે જાહેર કર્યું કે અપ-

રાધીઓના મુખીને પકડી લાવનારને અગર તેની બાતમી આપનારને રૂ. ૨૦૦૦નુ ઇનામ આપવામા આવશે અમે તે રાત્રે રસ્તામા સૂઇ રહ્યા. અમારી બાજુએ પેલા છ જણાના શબો ફાસીના દોરડા વડે લટકતા રહ્યા. બીજે દિવસે સવારના ૫ વાગે બ્યુગલનો અવાજ થયો. અમે અમારી મુસાફરી શરૂ કરી. એ વખતે ખૂબ વરસાદ વરસતો હતો અમે ઘૂટણભર પાણીમા આગળ વધવા લાગ્યા આવી રીતે ચાલતા ચાલતા એક ગામ આગળ આવી પહોચ્યા તે ગામને સળગાવતા હતા ત્યા સૂર્યોદય થયો અમારા ભીના વસ્ત્રો સુકાવા લાગ્યા, પરતુ થોડીવારમા પાછા પરસેવાથી પલળી ગયા. અમે એક મોટા ગામડા આગળ આવી પહોચ્યા એ ગામડુ માણસોથી ભરપૂર હતું અમે ગામના ૨૦૦ માણસોને કેદ કરી મકાનો અગ્નિદેવને સ્વાધીન કરી દીધા મે ગામમા પ્રવેશ કર્યો ત્યારે ચોતરફ આગના ભડકા ગગન ભણી ઉંચા ઉડતા હતા એક ડોસો પથારી પરથી ઉઠી ચતુષ્પાદ બની બહાર નીકળવાનો પ્રયત્ન કરતો હતો ટટાર ચાલવાનુ તેનામા સામર્થ્ય નહોતું. ખાટલો ઉપાડવા જેટલી પણ તેનામા શક્તિ નહોતી. મે તેને ગામ બહાર આવવાનું કહ્યુ, અને ચોતરફ સળગતા ભડકા તરફ આગળી કરી કહ્યુ કે જો તું મારા કહ્યા પ્રમાણે નહિ વરતે તો બળી ભસ્મ થઇ જશે. મે ખાટલા સહિત તે ડોસાને બહાર ખેચી કાઢયો ત્યાર બાદ જરા ફરમા ફરી હુ એક ગલીને નાકે આવ્યો. ભડકા અને ધૂમાડા સિવાય બીજુ કઇ જણાતું નહોતું. મારે કયે ગ્સ્તે જવુ તે એક મહાન પ્રશ્ન થઇ પડયો. હું આમ તેમ ફાફા મારવા લાગ્યો તે દરમ્યાન અગ્નિના જોરથી એક મકાનની દિવાલ પડી ભાગી મે ચકિત દૃષ્ટિએ તે મકાન તરફ જોયું એક ચાર વર્ષનું

બાળક એ તૂટેલી દિવાલ વાળા ઘરમા આમ તેમ દોડાદોડ કરતુ જણાયુ મેં પેલા ડોસાને રસ્તો દર્શાવી એ રસ્તે ચાલ્યા જવાનું કહ્યું અને ધમકી આપી કે જો તું બહાર નહિ જાય તો ગોળીબાર કરીશ એમ કહી હુ પેલા બાળક તરફ દોડયો ઘ નું બારણું અગ્નિના પૂરેપૂરા કબજામા હતું મને મારી જાતનો વિચાર નહોતો કેવળ એ ચાર વર્ષનું અસહાય બાળક મારા વિચારનો વિષય બની ગયુ હતું. હું દોડતો બારણામા પેઠો. અ દરના ભાગમા એક નાનો ચોક હતો ચોકની ચારે બાજુના ઘર સળગતા હતા. પેલા ચાર વર્ષના બાળક સિવાય ત્યા આઠથી બે વરસની ઉમરના બીજા છ બાળકો હતા. એ સિવાય એક ઘરડોખખ પુરુષ અને એક ઘરડી ડોસી એ બાળકોને વીંટી બેઠી હતી. તેઓ બને બીજાની મદદ સિવાય ચાલવાને અશક્ત હતા. એક વીશ વર્ષની સ્ત્રી એક બાળકને છાતી સાથે દાબી બેઠી હતી. મને ખાત્રી થઇ કે એ બાળક ૫-૬ દહાડા પહેલા જ અવતર્યું હોવુ જોઇએ. એ બાઇ ભારે તાવથી ફફડતી હતી હું ઉભો ઉભો આ બધુ નિહાળવા લાગ્યો, પરંતુ વખત વીતાડવો પાલવે તેમ નહોતુ. મે છોકરાઓને બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેઓ એકલા મારી સાથે આવવા રાજી થયા નહિ મેં પેલા સદ્યોજાત બાળકને ઉપાડી લીધુ પણ તેની માતાએ તેને પોતાની પાસે રાખવાની ઇચ્છા દર્શાવી એટલે મે તે બાળકને પાછુ તેની માના ખોળામા મૂક્યુ. હું એ નવયુવાન સ્ત્રી અને તેના બાળકને બાથમા લઇ બહાર લઇ જવા તૈયાર થયો. બાળકો ડોસા ડોસીનો હાથ પકડી ઉભા થયા. તેઓ મારી પાછળ આવશે એમ ધારી હું આગળ જવા લાગ્યો, તેઓ મારી પાછળ આવવા લાગ્યા. આગના ભડકા ચોતરફ ફરી વળ્યા હતા. હુ

એક એવે સ્થળે આવી પહોચ્યો કે ત્યાથી દૂર નજર પહોચતી નહોતી મે બાળકોને મારી પાછળ આવવાનું કહી બધી અડચણોને તરછોડી આગળ વધવુ ચાલુ રાખ્યું. મહામહેનતે બધાને બહાર કાઢ્યા. × × જે વસ્ત્રો તેઓનું અરધુ અંગ ઢાકી શકતા નહોતા તે વસ્ત્રો પણ આગના ભડકાથી ઠેકઠેકાણે સળગી ગયા હતા, મે તેઓને થોડે દૂર આવેલા મેદાનપર બેસાડ્યા હું પાછો એ સળગતા ગામમા ભટકવા લાગ્યો થોડે દૂર જતા જણાયુ કે એક ડોસી સળગતા ઘરમાથી બહાર આવવા મથે છે તેનામા ચાલવાની શક્તિ નથી. કેવળ હાથ પગ પર આધાર રાખી બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે. મે તેને બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો, પણ તે મારી મદદ લેવા ઇચ્છતી નહોતી. તેની સાથે વાદવિવાદ કરવા જેટલો સમય નહોતો એટલે મે તેની આનાકાની તરફ લક્ષ ન આપતા તેનો હાથ પકડી બહાર કાઢી ત્યાથી આગળ ચાલતા જણાયું કે એક મકાનમા એક બાવીસેક વર્ષની સ્ત્રી બેઠી છે, તેની આગળ મરણપથારી પર એક માણસ સૂતું છે. પેલી બાઇ પેલા મરવા પડેલા માણસના ગળામા શરબત રેડે છે અગ્નિ ચોતરફ ધુધવે છે, તેની જ્વાલામયી શિખા બધુ ઢાકી દે છે મરણપથારીપર પડેલા માણસથી થોડે દૂર ચાર સ્ત્રીઓ બેઠી છે હું દોડતો દોડતો તેમની પાસે ગયો. તેઓને મે બહાર નીકળવામા મદદ કરવાનો વિચાર જણાવ્યો. પરંતુ તેઓએ મને કઈ જવાબ જ ન આપ્યો, મે સંગીનબહાર કાઢી તેઓને જણાવ્યુ કે તમે એ મારો હુકમ નહિ પાળો તો હું આ સંગીન વડે બધાને મારી નાખીશ તેઓ છેવટે મારી સાથે બહાર નીકળ્યા, પેલા મરવા પડેલા માણસને બહાર લાવ્યા હુ તેઓને ખુલ્લા મેદાનમા રાખી બીજે સ્થળે દોડ્યો. જ્વાળા

પ્રબળ બનતી જતી હતી મેં એક ખુલ્લા મેદાનમા ૧૪૦ સ્ત્રીઓ અને ૬૦ બાળકોને જોયા. બધા કિંકર્તવ્યમૂઢ બની વિલાપ કરી રહ્યા હતા મેં એ કુટુબોમાના જે કુટુબની ડોસીને બચાવી તે ડોસીએ મારી આગળ આવી બધાની વતી મારો આભાર માન્યો મને ખાવા માટે જે બિસ્કુટ મળી હતી તે બધી એ બાઇને આપી, પણ તે તેણે સ્વીકારી નહિ, તેણે કહ્યુ કે એ ખાઇએ તો અમારો ધર્મ નષ્ટ થાય બરાબર આ વખતે બ્યુગલ વાગ્યુ. હુ મારા ભાઇબધોને મળવા દોડયો. જતી વેળા એ સ્ત્રીઓએ પોતાના પરમાત્મીય સ્નેહભાજનને જે આશીર્વાદ અપાય તેવા આશીર્વાદો આપી મને વદન કર્યું. + + + અમારા બંદીવાનોમાના દશ જણને ફાસી આપવામા આવી. લગભગ સાઠ જણને ૫ટકા મારવામા આવ્યા તેજ રાત્રે અમે એક બીજું ગામડુ સળગાવી દીધુ. બંદીવાનો જે દૃઢતા દર્શાવી ફાસીએ લટકવા લાગ્યા તે જોઇ અમને બહુ નવાઇ લાગી. ફાસીનુ દોરડું તૂટી જવાથી એક જણ નીચે પડયો, તે ઉભો થઇ ચોતરફ જોવા લાગ્યો તેને ફરીથી ફાસીએ લટકાવ્યા બાદ બીજા બંદીવાનોને આ દેખાવ જોવા બોલાવવામાં આવ્યા + + + + ૬ ઠી જુલાઇએ અમારે ૨૦૦૦ બંડખોરો સામે કુચ કરવી પડી અમારા સાથમા ૧૮૦ સૈનિકો હતા બડખોરો ત્રણ વિભાગમા વહેંચાઇ અમારી ગતિ અટકાવવા ઉભા અમે ઝપાટાબેર ધસારો કર્યો, એટલે તેઓ નાઠા. અમે તેઓના ગામને આગ લગાડી ઘેરો ઘાલ્યો તેઓ આગમાથી બચવા બહાર આવવા લાગ્યા કે તરત અમે ગોળીબાર કરી તેઓનો નાશ કરવા લાગ્યા. તેઓમાના અઢાર અમારા હાથમા સપડાયા. એ બધાનો ન્યાય એકી સાથે ચુકવવામા આવ્યો. × × × અમે ગોળીબાર કરી તે બધાને તે જ સ્થળે વીંધી

નાખ્યા. અને એ વિભાગમાના પાચસો માણુસને આ રીતે મારી નાખ્યા હતા. [૧]

બનારસ વિભાગમા આ પ્રમાણે હત્યાકાડ મચી રહ્યો. બંડખોર સિપાહીઓએ બનારસની જેલ તોડી શહેરને ઉછૃંખલ બનાવી દીધું નહોતું જેલ તો કેદીઓથી ભરપૂર હતી તેથી બનારસના સત્તાવાળાઓએ જ્યારે સખ્યાબધ માણુસોને ગુનેગાર ઠરાવી કેદ કર્યાં ત્યારે જેલમા એ બધા કેદીઓનો સમાવેશ થયો નહિ તેઓને કેદમા રાખવાનું કાર્ય મુશ્કેલ થઇ પડયુ એટલે જેમ બને તેમ જલદી કામ ચલાવી નિકાલ કરવાનુ શરૂ થયુ. દરપળે ન્યાયનુ કાર્ય પૂરૂં થવા લાગ્યુ, દરપળે લોકોને ફાસીને લાકડે લટકવા લાગ્યા. કેટલાક ફટકાની શિક્ષાથી બેભાન બની ધરણી પર ઢળવા લાગ્યા પરતુ આવી કઠોરતાથી પ્રકોપની ગતિ અટકી નહિ. સિપાહીઓનો બળવો જોતજોતામા જોનપુર તથા અલાહાબાદમા ફાટી નીકળ્યો.

જોનપુર બનારસથી ૩૪ માઇલ દૂર વાયવ્યમા આવેલુ છે તેના પાધરમા ગોમતી નદી વહે છે. જોનપુર ઇ. સ ૧૭૭૫ મા કપનીના કબજામા આવ્યુ. તે સમયથી અંગ્રેજોએ ત્યા પોતાની સત્તાનો પાયો મજબુત કર્યો હતો. જોનપુરમા એક પ્રચડ કિલ્લો હતો એ કિલ્લામા કેદીઓ પૂરવામા આવતા શહેરની પૂર્વ બાજુએ લશ્કરી છાવણી હતી. આ વખતે ત્યા લુધિઆનાના ૧૬૯ શિખો પડાવ નાખી પડયા હતા મરે નામનો એક યુરોપિઅન ઓફિસર તેમનો અધ્યક્ષ હતો.

---

૧ આ પત્ર વિલાયતના ટાઇમ્સ નામના વિખ્યાત વર્તમાન પત્રમા છપાયો હતો.

૬ ઠ્ઠી જુને બનારસમા ૩૭ મી પલ્ટણ સાથે શિખ સૈનિકો પણ અમલદારોના ગુસ્સાને ભોગ થઇ પડયા હતા. જો આ વખતે સેનાપતિએ ધૈર્યપૂર્વક કામ લીધુ હોત તો કદી પણ યુરોપિઅનોના લોહીથી હાથ ખરડાત નહિ એક જણ બડખોર નીવડયો એટલે કઇ આખી પલ્ટણ બડખોર નીવડી છે એવો સિદ્ધાંત બાંધી શકાય નહિ બનારસના કવાયતના મેદાનપર જ્યારે એક શિખ સિપાહીએ પોતાના સેનાનાયક પર ગોળીબાર કર્યો ત્યારે તેજ પલ્ટણના વિશ્વાસુ હવાલદાર ગુડાસિંહે પોતાનું જીવન સંકટમા નાખી, પોતાના બાહુ વડે એ ગોળીનો આઘાત અટકાવવાનો પ્રયત્ન કર્યો હતો વફાદાર હવાલદારના હાથમા ગોળીઓ પેસી ગઇ પણ તેનો અધિનાયક જરાએ ઘવાયો નહિ, બીજા શિખોએ ધૈર્યપૂર્વક આ બધુ જોયુ બીજા કોઇએ ઉશ્કેરણીનાં ચિન્હો દર્શાવ્યા નહિ, પોતાની બંદુકો સજજ કરી યુરોપિઅનો પર ગોળી છોડી નહિ. જો આ વખતે અમલદારો આખી શિખ પલ્ટણ પર ખફા થયા ન હોત તો શિખ સૈન્ય દ્વેષબુદ્ધિ દર્શાવી ફિરંગીઓનું લોહી રેડવા તત્પર ન થાત પરંતુ તે સમયે એવી ધીરજ દર્શાવી શકાઇ નહિ સેનાપતિઓના દોષથી બંગાળાના સિપાઇઓની માફક શિખ સિપાહીઓને પણ ખાત્રી થઇ હતી કે કંપનિ હિંદની બધી જાતિઓ પર અવિશ્વાસ રાખે છે, અને એ બધી જાતિને એક જ જાતની શિક્ષા કરવાની તૈયારી કરે છે.

બનારસમા બનેલી બીનાના સમાચાર જો જોનપુરના યુરોપિઅન સેનાપતિને વખતસર પહોચાડવામા આવ્યા હોત તો તે ત્યાના શિખ સૈન્યને બધી વાત સમજાવી શાંત રાખવાનો પ્રયત્ન કરી શકત પરંતુ તે જમાનામા સમાચાર જલદી મોકલવાના સાધનો નહોતા બનાર-

સના સત્તાવાળાઓએ પણ આ બાબતમા ખાસ કાળજી રાખી નહોતી. વળી ઉડતી વાત તો પવન પર સ્વાર થઇ ચોતરફ ફેલાઇ જતી. એક છાવણીનો સેનાપતિ બીજી છાવણીના સેનાપતિને બધી હકીકત જણાવી સમજણ પાડે તે દરમ્યાન સિપાહીઓ ઉશ્કેરાઇ જતા. ૪ થી જુને જોનપુરમા એવી વાત ફેલાઇ કે આજિમગઢના સૈનિકો કંપનિની વિરુદ્ધ ઉઠયા છે. બીજે દિવસ કાશીની ૩૭ મી પલ્ટણની હકીકત તેઓના જાણવામા આવી જોનપુરના શિખ સૈનિકો આ સમાચારથી અધીરા થયા નહિ. તેઓ નાસી છૂટેલા સિપાહીઓના હલ્લાથી યુરોપિઅનોનુ રક્ષણ કરવા માટે તત્પર થઇ ગયા.

યુરોપિઅનો સિપાહીઓની બીકથી કચેરીમા જઈ ભરાયા. શિખ સૈનિકો સજ્જ થઇ તેઓના મકાનને પહેરો ભરવા લાગ્યા. લગભગ દોઢેક પહોર દિવસ ચડ્યો એટલે સમાચાર આવ્યા કે સિપાહીઓ નજીકની એક કોઠી લૂંટી લખનોર તરફ નાઠા છે યુરોપિઅનો આ સમાચારથી આનંદ પામી ખાણુ ખાવા બેઠા પરંતુ એક બીજા બનાવને લઇને ભારે મુશીબત ઉભી થઇ ૩૭મી પલ્ટણના સિપાહીઓ મારફત શિખ સૈનિકોએ સાભળ્યુ કે અમારા સ્વદેશબાધવો પર જુલમ વરતાવવામા આવ્યો છે. આ સમાચાર સાભળતા તેઓની ચિત્તવૃત્તિ ચળી ગઇ. યુરોપિઅનોને હાથે બનારસના શિખોના ખૂનો થયાની વાત સાભળી તેઓએ ખાત્રી કરી લીધી કે કંપનિ જાતિધર્મનો ભેદ જોયા સિવાય હિંદના બધા સિપાહીઓનું કાટલુ કાઢી નાખવા માગે છે. આ વિશ્વાસ ધીમે ધીમે તેઓના હૃદયમા દૃઢ થવા લાગ્યો. હવે તેઓ જે અસ્રો વડે યુરોપિઅનોનું રક્ષણ કરવા તૈયાર હતા તે જ અસ્રો વડે તેઓનુ લોહી રેડવા તત્પર થયા.

સેનાનાયક મરે કચેરીના આગણામા ઉભો હતો, તે વેળા એકાએક બંદુકનો શબ્દ થયો આગણામા ઉભેલા એક બીજા યુરોપિઅને એ શબ્દથી ચમકી જોયુ તો જણાયુ કે મરે ઘાયલ થઇ જમીન પર પડયો છે. તેના શરીરમાથી લોહીની ધાર વહે છે, બદુકની ગોળી તેની છાતીમા પેસી ગઇ છે. શિખ સૈનિકો ફેંકેલી ગોળીથી આ કાર્ય બન્યુ છે એમ સમજતા યુરોપિઅનોને વાર લાગી નહિ તેઓ એકદમ મકાનમા પેસી ગયા સર્વસંહારક કાળની વિકટ છાયા તેઓ સમક્ષ ફેલાઇ ગઇ. તેઓ આ ભયકર 'ગયા જોઇ દર પળે જીવ જવાની બીકે ધ્રુજવા લાગ્યા

જોનપુરનો જોઇન્ટ મેજિસ્ટ્રેટ જેલ જવાના રસ્તા પર માર્યો ગયો. ઉશ્કેરાએલા શિખોએ તેજુરી લૂટી તેજુરીમા બે લાખ સાઠ હજાર રૂપીઆ હતા એ બધા પૈસા સિપાહીઓએ કબજે કરી લીધા. જોનપુરમા અંગ્રેજોની સત્તાનું નામનિશાન રહ્યુ નહિ આખુ શહેર અરાજકતામા સપડાયુ કચેરીમા બચાવ કરવાનુ મુશ્કેલ જણાતા યુરોપિઅનો નાસી જવાનો વિચાર કરવા લાગ્યા. સેનાપતિ મરે એ વખતે પણ જીવતો હતો છતા તે સાજો થાય એવી આશા ન હોતી; ગોળીનો ઘા મર્મસ્થાનમા થયો હોવાથી તે બચે તેમ નહોતું. નાસી છૂટવા ઇચ્છતા યુરોપિઅનોને પોતપોતાની પડી હતી. તેઓ મરવા પડેલા સેનાપતિને રસ્તામા છોડી કોઇ પગપાળા, તો કોઇ ઘોડા પર બેસી જેમ ફાવ્યું તેમ નાઠા, રસ્તામા મરેનુ મરણ નીપજ્યુ તેની પત્ની પણ થોડે દૂર ગયા બાદ મરણ પામી. નાસેડુઓ ગોમતી નદી ઓળગી કારાકટ નામના સ્થળે આવી પહોચ્યા રસ્તામા કોઇએ તેઓને હેરાન કર્યા નહિ. આ વખતે એ યુરોપિઅનોના દેશી નોકરોએ

તેઓની સેવા બજાવવામા કમાલ કરી હતી. કારાકટમા લાલા હિગન-લાલ નામનો એક આબરૂદાર રજપુત ગ્હેતો હતો તેણે આ બધા નાસેડુને આશ્રય આપ્યો. પોતાના ઘરમા એ બધાનો સમાવેશ કર્યો મડમોને પોતાના અંત પુરમા ગખી તેઓની આજ્ઞા મુજબ આ લોકો માટે રસોઇ તૈયાગ થવા લાગી હિગનલાલના નોકરો હથિયાર બધ થઇ આ લોકોનો બચાવ કરવા તૈયાગ થયા. બડખોગ સિપાહીઓએ ત્રણવાર કારાકટ લૂટયુ પણ લાલા હિગનલાલના ઘર પર હલ્લો કર્યો નહિ આ ધર્મનિષ્ઠ રજપુતનું મકાન તેઓ પરમ પવિત્ર માનતા હતા. એટલુ જ નહિ પણ લાલાજીનુ રજપુતોમા એટલુ બધુ માન હતુ કે તેના મકાનપર હલ્લો કરતા કદાચ અયોધ્યા પ્રાનના બધા રજપુનોની સહાનુભુતિ ગુમાવવી પડે એવી બીકથી બડખોરો એ તરફ આગળી ઉચી કરી શકયા નહિ. યુરોપિઅનો લાલાજીના આશ્રયમા નિરાપદે વસવા લાગ્યા બનારસના કમિશનરને આ વાનની ખબર પડના તેણે કેટલાક યુરોપિઅન સૈનિકો મોકલી આપ્યા, તેની મદદથી બધા યુરો-પિઅનો કાશી જઇ પહોચ્યા.

સરકારે આ ઉપકારના બદલામા હિગનલાલને સન્માનસૂચક ડેપ્યુટિ મેજિસ્ટ્રેટ બનાવ્યો હતો અને જીવે ત્યા સુધી માસિક એકસો રૂપીઆનુ પેન્શન બાધી આપ્યુ હતું. તે વૃદ્ધ હોવાથી એ પેન્શન તેની પછીના વારસને આવવાનો બદોબસ્ત થયો હનો

બનારસથી ૭૦ માઇલ દૂર અલાહાબાદ આવેલુ છે. આ તીર્થ-સ્થાન ધર્મનિષ્ઠ હિદુઓમા ઘણું પ્રસિદ્ધ છે. બહુ મોટા મકાનો ન હોવાથી તથા બહુ સકડાશ હોવાથી એક વખને એ શહેર પ્રકિરાબા-દના નામથી ઓળખાતું હતુ હિદની બે મોટી નદીઓ હિમાલયમાથી

નીકળી એ સ્થળે એકત્ર થઇ છે. આ સગમ અતિ પ્રાચીન કાળથી જનસાધારણમા પ્રસિદ્ધ થયો છે ધર્મિષ્ઠ હિંદુઓ એ સગમને પરમ પવિત્ર માની એમા સ્નાન કરે છે, અનીતદર્શી ઇતિહાસકારો જૂના સમયની અનેક ઘટનાનો સાક્ષીભુન માની એસગમને મહાન કરી મૂકે છે, કવિઓ ચિત્તને મોહ પમાડનારી શોભાનું વર્ણન કરી પોતાની કવિત્વ શક્તિનો પ્રભાવ દર્શાવે છે. મહાકવિ કાલિદાસે રઘુ-વ શમા ગ ગાયમુનાના સ ગમનુ જે વર્ણન કર્યું છે તે કદી ભુલાય તેવું નથી. મતલબ કે અલાહાબાદ આગળ ભેગા થતા જમના ગ ગાના કાળા ધોળા પાણીનો સ ગમ જોઇ હરકોઇ માણસના હૃદયને આન દ થાય છે.

અનિ પુરાતન કાળમા આ સ્થળે ચ દ્રવ શી રાજાઓની રાજ-ધાની હતી યયાતિ રાજાએ આ સ્થળે પોતાની મહાનકીર્તિ સ્થાપી હતી પુરૂ આ સ્થાનના સિહાસને બેસી પ્રજા રજન કરી ગયો હતો, અને દુષ્ય ત જેવા પુરૂવંશના રાજાઓએ આ સ્થળે રાજ્ય કરી ભારન ભુમિને ગૌરવશાળી બનાવી હતી.

જ્યારે મુસલમાનોએ હિ દમા પોતાનો પગદંડો જમાવ્યો, યુરોપિઅન વેપારીઓ હિ દને કિનારે વેપારાર્થે આવવા લાગ્યા, ત્યારે પણ આ રાજધાની હિ દુઓના પવિત્રતીર્થ તરીકે પ્રખ્યાત પામેલી હતી. નિષ્ઠાવાન હિ દુઓ અહીં આવી પોતાને પરમ પવિત્ર થએલા માનતા અને ગ ગા જમનાના સ ગમમા નાહી ચરિતાર્થ થતા મુસલમાન યુગમા પણ આ સ્થાન પ્રસિદ્ધ હતું દિલ્હીનો મહાન મોગલ અકબર આ સ્થાનની રમણીયતા જોઇ બહુ રાજી થયો હતો. તેણે પોતાના સામ્રાજ્યના બચાવ માટે પશ્ચિમ બાજુએ અટકનો કિલ્લો બાંધ્યો

હતો તેમ પૂર્વ બાજુએ ગંગા જમનાના સંગમપર બંધાએલા જુના કિલ્લાને સમરાવી મજબુત કિલ્લો બંધાવ્યો હતો. તેણે આ સ્થાનનું નામ અલાહાબાદ રાખ્યું હતું. અંગ્રેજોના સમયમાં એ કિલ્લો બહુ મજબુત બનાવવામાં આવ્યો. ગંગાજમનાના સંગમ સ્થળે આ કિલ્લાની રમણીયતા અલૌકિક જણાય છે અલાહાબાદના અસ્ત્રાગારમાં આ વખતે અસ્ત્રશસ્ત્રોનો તોટો નહોતો. એમ કહેવાતું હતું કે તેના ધનાગારમાં આ વખતે ૩૦ લાખ રૂપીઆ રોકડા હતા જ્યારે મિરતના સિપાહીઓએ બંડ ઉઠાવ્યું ત્યારે આ પ્રસિદ્ધ સ્થળે યુરોપિઅન સૈનિકનું નામ નિશાન નહોતું એ શહેરના પ્રસિદ્ધ કીલ્લામાં અને ત્યાંથી ચાર માઇલ દૂર આવેલી લશ્કરી છાવણીમાં ૬ ઠ્ઠી દેશી પલ્ટણના પાયદળો, કેટલાક દેશી તોપચીઓ અને એક શીખ પલ્ટણ પડાવ નાખી રહી હતી

કિલ્લાની બહાર આવેલી લશ્કરી છાવણીમાં જે પલ્ટણ પડી હતી તેમાં અયોધ્યા અને બિહારના લોકો હતા અંગ્રેજોએ હિંદમાં જે જે પ્રસિદ્ધ યુદ્ધો કર્યાં હતા, તે દરેક યુદ્ધમાં આ ૬ ઠ્ઠી પલ્ટણના સિપાહીઓએ ભાગ લીધો હતો. તેઓએ લડાઇના મેદાનપર પોતાનું લોહી રેડી અંગ્રેજ સરકારનું નિમક હલાલ કર્યું હતું તેના બદલામાં તે લોકોએ ખરા વીર તરીકે સરકારમાં આબરૂ મેળવી હતી. તેઓએ કદી પણ બેવફાપણું બતાવ્યું નહોતી. સરકારે પણ તેમના પર કદી અવિશ્વાસ રાખ્યો નહોતો. તેઓ આ વખતે ધનાગારનું રક્ષણ કરતા હતા. બે માણસોએ તેઓને સરકાર વિરૂદ્ધ ઉશ્કેરવાનો પ્રયત્ન કર્યો હતો. તે લોકોને તેઓએ સરકારના હાથમાં સોપી દીધા હતા તેઓ સરકાર માટે લડવા દિલ્હી જવા તૈયાર થયા હતા તે માટે હિંદના

ગવર્નરજનરલે તેઓની વફાદારીના ખૂબ વખાણ કર્યા હતા. પરંતુ છેવટે આવા વફાદાર લોકોની પણ બુદ્ધિ ફરી. જે સાહસે તેઓને સરકારની સત્તા જમાવવાને પ્રેર્યા હતા, તે જ સાહસે તેઓને બ્રિટિશ સત્તા ઉખેડી નાખવાની પ્રેરણા કરી. સરકારની જૂની રાજનીતિના દોષથી તેઓની સામાજીક રીત હારી ગઇ, વફાદારી અતળ સમુદ્રમા ડુબી ગઇ. તેઓએ એકાએક હથિયારો ઉપાડી અંગ્રેજોની સત્તાને ખળભળાવી મૂકી, આજુ બાજુના ગામડાઓમા ત્રાસ ફેલાવ્યો. તેઓના હલ્લાથી તેજુરી લૂટાઇ, અંગ્રેજો માર્યા ગયા, છેવટે તેઓ છૂટા છવાયા ચોતરફ નાસી ગયા

આ પલટણ સિવાય એક બીજી પલટણ પણ અલાહાબાદમા હતી. એ પલટણના સિપાહીઓ સાહસિક અને બહાદુર હતા લોર્ડ ડેલ્હાઉસીએ વિજયમા મળેલી સંપત્તિ તરીકે જે રાજ્યને ખાલસા કર્યું હતુ, તે રાજ્યમાથી આ સાહસિક વીરોની ભરતી કરવામા આવી હતી. નવ વર્ષ પહેલા તેઓએ સ્વદેશની સ્વાધીનતા માટે અંગ્રેજો સામે લડી પોતાનું ખમીર બતાવી આપ્યુ હતુ. તેઓના પરાક્રમથી અલિવાલ, ફિરોજપુર, સોબ્રાઓન અને ચિલિઅનવાલાની લડાઇ ઇતિહાસમા અમર થઈ ગઇ છે છેવટે હારી આ બધા વીરો બ્રિટિશપતાકા ચેની સંરજ થયા હતા એક વખતે તેઓ જેઓનો નાશ કરવા કટિબદ્ધ થયા હતા, અત્યારે તેઓના અનુચર તરીકે પોતાનુ જીવન અર્પણ કરવા તત્પર થયા હતા.

૧૧ મી મે ને દિવસે જ્યારે મિરતમા પ્રબળ તોફાન મચી રહ્યુ હતું, ત્યારે અલાહાબાદના યુરોપિઅનો નિરાતે ગ્રીષ્મઋતુના રમણીય

સાયંકાળની હવા ખાતા હતા કોઇ રમણીય વૃક્ષવાટિકામા પ્રણયિની અથવા પ્રિયજન સાથે લટાર મારતા હતા, કોઇ દેશી સિપાહીઓની મોરલીના નાદથી પરિતૃપ્ત થતા હતા. કોઇ બરોબરિયા સાથે નાના પ્રકારની રમતો રમતા હતા. આ પ્રમાણે મિરતના યુરોપિઅનો જ્યારે જીવ બચાવવા માટે આમ તેમ નાસતા હતા, ત્યારે અહીંના યુરોપિઅનો પોતપોતાના તાનમા મસ્તાન હતા થોડા સમયમા પોતાને પણ મિરતવાસી યુરોપિઅનોની માફક અપાર દુઃખમા સડોવાવુ પડે એ વાતનો તેઓને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો.

૧૧ મી મે આનંદમા પસાર થઈ. ૧૨ મી મે એ મિરતની ઘટનાની વિગત તાર મારફત આવી પહોચી ૧૪ મી તારીખે એ બનાવની બધી વિગત મળી. યુરોપિઅનો વિસ્મય અને ભયના માર્યા દરપળે પોતાનો નાશ થયાના સ્વપ્નો જોવા લાગ્યા બજારમા, ગામડામા, લોકોમા આ સબધી વાતો થવા લાગી દરેક પોતપોતાના આડોશીપાડોશી સાથે આ બાબતની ચર્ચા ચલાવવા લાગ્યા. સર્વવ્યાપી ત્રાસથી બધા દિલગીર થઇ ગયા યુરોપિઅનો જેમ પોતાના જાન માટે ચિંતા કરવા લાગ્યા, તેમ પ્રજા પોતાના ધર્મનો નાશ થશે, એવી બીકથી ત્રાસવા લાગી પ્રજાને ખાત્રી થઇ ગઇ કે કંપનિ આપણને ખ્રિસ્તી ધર્મની દીક્ષા આપવા તૈયાર થઇ છે. સરકારે છેવટે એક જાહેરનામુ કાઢી આ ભય દૂર કરવાનો પ્રયત્ન કર્યો. કંપનિ કદી પણ કોઇના ધર્મપર હાથ નાખતી નથી. દરેક પોતપોતાને ફાવે તે ધર્મ પાળી શકે છે. કંપનિનો એ વાતમા દખલગીરી કરવાનો મુદ્દલ વિચાર નથી એવી મતલબ આ જાહેરનામામા સ્પષ્ટ રીતે દર્શાવવામા આવી હતી.

૧૫મી મે એ સાધારણ પ્રજાની ઉશ્કેરણી શાંત પડી ગઇ. પણ એકાએક અનાજના ભાવે ઇછાળો માર્યો એટલે એ શક પાછો મજબુત થઇ ગયો ૧૮મી તારીખે દિલ્હીથી સમાચાર આવી પહોંચ્યા. લોકો વધારે ઉશ્કેરાયા મિરતના સિપાહીઓએ દિલ્હી આવી શહેર કબજે કર્યું છે. દિલ્હીનો બહાદુરશાહ આખા હિંદનો શહેનશાહ તરીકે જાહેર થયો છે, મોગલોની પ્રસિદ્ધ રાજધાનીમા મોગલોની સત્તા પાછી જામી છે, દેશી સિપાહીઓ અંગ્રેજોને હરાવી મોગલ બાદશાહની ખ્યાતિ એકદમ ફેલાવે છે—આવા સમાચાર બજારમા ચોતરફ ફેલાઇ ગયા લોકો હવે ધીરજ રાખી શકયા નહિ સિપાહીઓ ગભીર ઉશ્કેરણીથી ઉશ્કેરાવા લાગ્યા યુરોપિઅનો પણ પોતાનો બચાવ કરવાની તૈયારી કરવા લાગ્યા બીજી કોઇ દિશામા તેઓનું ધ્યાન ન રહ્યું, કિલ્લાને શી રીતે બચાવવો, તેજુરીનુ શી રીતે રક્ષણ કરવુ, આપણા શરીરો શી રીતે ઇજા ન પામે એવા એવા વિચારો તેઓનો કાર્યક્રમ રોકી રહ્યા.

દરરોજ દિલ્હીથી નાના પ્રકારના ખરાબ સમાચારો આવવા લાગ્યા. આ સમાચારોથી યુરોપિઅનો વધારે ગભરાવા લાગ્યા તેજુરીના બધા પૈસા કિલ્લામા લઇ જવાનો વિચાર થયો, પણ કોઇ કોઇ એ વિચાર સામે થયા એટલે એ વિચાર પડતો મૂકવામા આવ્યો. કારણ કે જો પૈસા કિલ્લામા હોય તો સિપાહીઓ પૈસાને લોભે પ્રથમ કિલ્લો કબજે કરવાનો વિચાર કરે સ્થાનિક યુરોપિઅનો વોલન્ટીઅર તરીકે જોડાવા લાગ્યા. શહેરનો બંદોબસ્ત કરવાનુ કામ એ વોલન્ટીઅરોને સોંપવામાં આવ્યુ તારના દોરડા હજુ સુધી અખંડ હોવાથી ચોતરફથી સમાચાર આવવા લાગ્યા. વાયવ્ય પ્રાન્તમાંથી બહુ સંદેહજનક ખબરો આવતા હતા.

કલકત્તાથી એક પણ સંદેશો આવતો ન હતો

જેમ તેમ કરતા મે માસ તો વિત્યો. જુન માસની શરૂઆતના સમાચારથી યુરોપિઅનો બહુજ મુઝાયા ૪ થી જુનથી તારના દોરડા નકામા થઇ પડયા સંદેશા આવતા બંધ પડયા એ દિવસે બપોર પછી કેટલાક જાસુસોએ દોડતા આવી સમાચાર આપ્યા કે 'કાશીના સિપાહીઓએ બંડ ઉઠાવ્યું છે. પોતાના સેનાપતિ પર હલ્લો કર્યો છે. એ બધા સિપાહીઓ આ તરફ આવે છે' સ્થાનિક યુરોપિઅનો વસ્તુ-સ્થિતિ સમજી ગયા પોતાનો બચાવ કરવા તૈયાર થયા શહેરમાના બધા યુરોપિઅનો ૫ મી જુને કિલ્લામા જઇ રહ્યા.

બનારસથી ગંગાને પેલે પાર થઇ અલાહાબાદનો રસ્તો જતો હતો. અલાહાબાદ આવવા માટે નગરના પાધરમા દારાગંજ આગળ આવેલો પુલ ઓળગવો પડતો અલાહાબાદના મેજિસ્ટ્રેટના હુકમથી હી પ'ટણના કેટલાક સિપાહીઓને એ પુલનુ રક્ષણ કરવા માટે બે તોપો લઇ મોકલવામા આવ્યા. એ વખતે અયોધ્યાના કેટલાક ઘોડે-સ્વારો પુલ અને છાવણીના મધ્યભાગમા પડાવ નાખી પડયા હતા. આ સિપાહીઓએ હજુ સુધી બંડના કઇ ચિન્હો દર્શાવ્યા નહોતા. મિરતના સિપાઇઓએ બંડ ઉઠાવ્યુ અને બહાદુરશાહને દિલ્હીના શહેનશાહ તરીકે જાહેર કરવામા આવ્યો, ત્યારે પણ આ સિપાહીઓની વર્તણુકમા કઇ તફાવત પડયો નહોતો. ત્યા સુધી તેઓએ કંપનિ વિરૂદ્ધ હથિયાર ઉપાડવાનો નિશ્ચય કર્યો નહોતો તેમ સરકારને પણ તેઓના પર કોઇ પણ જાતનો શક પેદા થયો નહોતો. જ્યારે મિરત તથા દિલ્હીના સમાચાર અલાહાબાદ આવી પહોચ્યા ત્યારે પણ સેના-પતિએ આ સૈનિકોને પૂરેપૂરા વફાદાર મા[illegible]ના. પરંતુ જ્યારે

તેઓએ બનારસની હકીકત સાભળી ત્યારે તેઓના અંતઃકરણ સળગી ઉઠ્યા. તેઓએ વિચાર્યું કે સેનાપતિ નીલ બનારસની પેઠે અલાહાબાદમા પણ વર્તવાનો. બનારસના સિપાહીઓ જેમ તેને હાથે પીડાયા હતા, તથા માર્યા ગયા હતા તેમ અહીં આપણું પણ થવાનું છે. કદાચ આપણે યુરોપિઅનોની સંગીનોથી અગર ગોળીઓથી મરણશરણ થઇશુ. આવી ચિંતાથી તેઓનો દિમાક બગડી ગયો. તેઓએ ૬ ઠ્ઠી જુનને રોજ સાયંકાળ વખતે અલાહાબાદના યુરોપિઅનોની કતલ કરવાનો મનસુબો કર્યો તેઓએ ધાર્યું હતું કે અમારા બનારસના સ્વદેશબાંધવો બનતા સુધી અહીં આવતા હશે, માટે આપણે નિશ્ચેષ્ટ રહેવુ યોગ્ય નથી આ પ્રમાણે બનારસની માફક અલાહાબાદના સિપાહીઓ પણ અંગ્રેજો વિરુદ્ધ ઉશ્કેરાઇ ગયા. તેઓ ૬ ઠ્ઠી જુને ફિરંગીઓના લોહીથી પોતાનો શક દૂર કરવા માટે કટિબદ્ધ થવા લાગ્યા.

સૂર્ય અસ્ત પામ્યો. અત્યાર સુધી એ લોકોએ પોતાની વફાદારી જાળવી રાખી હતી મે માસની આખરમા જ્યારે મિરતના સિપાહીઓએ દિલ્હીના પાદશાહ પાસે ઉપસ્થિત થઇ, યુરોપિઅનોને હાંકી કાઢી તેને મોગલ સમ્રાટ તરીકે જાહેર કર્યો ત્યારે આ સિપાહીઓએ દિલ્હી પાછુ કબજે કરવા માટે જે મહાન લડાઇ થવાની હતી તેમાં ભાગ લેવાનો ઇરાદો જાહેર કર્યો. તરત જ આ બાબત તાબડતોબ લૉર્ડ કેનિંગને જણાવવામા આવી ગવર્નર જનરલે વળતા તારમા આ બાબત સિપાહીઓને ધન્યવાદ આપવાનું જણાવ્યુ. અલાહાબાદના સેનાધ્યક્ષે ૬ ઠ્ઠી જૂનને રોજ સાયંકાળ વખતે સરકારે માનેલો આભાર સિપાહીઓ સમક્ષ રજૂ કરવાની ઇચ્છા બતાવી. સિપાહીઓને

કવાયતના વિશાળ મેદાન પર એકત્ર કર્યા. આ વખતે પણ તેઓની ધીરજ જોઇ સેનાપતિ બહુ ખુશ થયો. તેઓની આગળ ગવર્નર જનરલનો આભારપત્ર વાચવામા આવ્યો અલાહાબાદનો કમિશ્નર સેનાધ્યક્ષની પ્રાર્થના પરથી આ વખતે હાજર રહ્યો હતો. તેણે હિ દી ભાષામા ભાષણ કરી સિપાહીઓનો બહુ આભાર માન્યો સિપાહીઓ તેના ભાષણથી બહુ જ ખુશ થયા અને આનંદપૂર્વક ખુશાલીના પોકારો કરવા લાગ્યા. ભાષણ પૂરૂં થયું સિપાહીઓ પોતપોતાને સ્થળે જવા લાગ્યા. યુરોપિઅન અમલદારો તેઓની ધીરજ તથા વિશ્વાસુપણુ નિરખી બહુ ખુશ થતા થતા કોઇ પગપાળા તો કોઈ ઘોડેસ્વાર થઇ ભોજન-ગૃહ તરફ જવા લાગ્યા બધા એકત્ર થઈ ભોજન કરતા કરતા ૬ ઠ્ઠી પલ્ટણના સિપાહીઓની સારી વર્ત્તણુક માટે સ તોષ બતાવવા લાગ્યા એ વખતે એક જણે પુલ પાસેની તોપો કિલ્લામા લાવવાની સૂચના કરી એ સૂચના કબુલ રાખવામા આવી તરત જ બંને તોપો કિલ્લામા લઈ જવાનો હુકમ આપવામા આવ્યો.

લશ્કરી અમલદારો ભોજનગૃહમા નિરાતે ભોજન કરતા હતા. કેટલાક નવજુવાન અ ગ્રેજોને ૬ ઠ્ઠી પલ્ટણના સિપાહીઓ સાથે કવાયત શીખવા બોલાવવામા આવ્યા હતા, તેઓ પણ આ અમલદારો સાથે ભોજન કરવા લાગ્યા પોતાની જન્મભૂમિમા જેવી શાતિથી વખત ગુજારતા હોય તેવી જ શાતિ અત્યારે તેઓમા પ્રસરી રહી હતી. સિવિલ અમલદારો પણ આ લોકોની માફક પોતપોતાના ઘરમા ભોજન કરતા હતા. આ પ્રમાણે ૬ ઠ્ઠી જુનના સાય કાળ વખતે અલાહાબાદના યુરોપિઅનોમા અવિચ્છિન્ન શાતિ વિ રાજતી હતી. જેઓ ગઇ રાત્રે દુર્ગમા જઇ સૂતા હતા, તેઓ ૬ઠ્ઠી જુને ઘેર પાછા

આવ્યા હતા મિરત અને દિલ્હીના સમાચાર આવ્યા બાદ આવી શાન્તિ તેઓએ કદી ભોગવી નહોતી, પરંતુ રાતના ૯ વાગતા તેઓની શાંતિનો અંત આવ્યો. એકાએક આશંકાસૂચક બ્યુગલ ફુંકાયું યુરોપિઅનો પાગલની માફક આમતેમ દોડવા લાગ્યા. સેનાપતિ પોતાને બંગલે આવી ઘોડેસ્વાર થઇ છાવણી તરફ ગયો બીજા યુરોપિઅન સૈનિકો પણ બ્યુગલનો અવાજ સાંભળી તે સ્થળે આવી હાજર થઇ ગયા ૬ ઠ્ઠી પલ્ટણના સિપાહીઓનો સંકલ્પ અમલમાં આવી ચૂક્યો હતો જેઓએ ક્ષણસ્થાયી વફાદારીથી સેનાપતિના હૃદયમાં અપાર પ્રીતિ ઉપજાવી હતી, તેઓ જ સરકારના દોષથી બળવાન સંદેહને વશ થઇ પોતાની વૈરવૃત્તિ પોષવા માટે હથિયાર પકડી ઉભા થયા હતા.

જે સિપાહીઓ પુલના રક્ષણ માટે નિમાએલા હતા, તેઓએ સૌ પહેલાં બંડ ઉઠાવ્યું. તેઓની પાસે બે તોપો હતી, તે સત્તાવાળાઓએ કિલ્લામાં લઇ જવાનો હુકમ કર્યો હતો, પણ તેઓએ એ તોપો સહેલાઇથી સોંપી નહિ. બનારસમાં તોપોના ગોળાથી પોતાના સ્વદેશબાંધવોની કેવી દશા થઇ હતી, તે તેમનાથી અજાણ્યું નહોતું. તોપો અંગ્રેજોના હાથમાં જતાં તે પોતાની વિરૂદ્ધ વપરાવાની છે, એ સંદેહથી તેઓ બહુ જ ઉશ્કેરાઇ ગયા તેઓએ વિવેકબુદ્ધિ ગુમાવી અધીરા બની તોપરક્ષક યુરોપિઅન સિપાહી પર હલ્લો કર્યો તોપરક્ષક હલ્લો કરનાર સૈનિકને મારી હઠાવવા માટે અયોધ્યાના અનિયમિત લશ્કરના અધ્યક્ષની મદદ માગી તેણે મદદ આપવામાં વિલંબ કર્યો નહિ તેણે પોતાના સિપાહીઓને તોપનું રક્ષણ કરવાનો હુકમ કર્યો. સિપાહીઓએ અનિચ્છાપૂર્વક એ હુકમ પાળવાની તૈયારી કરી. એ

દરમ્યાન તોપરક્ષકે આ સમાચાર કિલ્લામા મોકલ્યા એ વખતે સિપાહીઓનો ભયંકર કોલાહલ તથા બંદુકોનો ગભીર શબ્દ, લશ્કરી છાવણીમાથી ખુલ્લી રીતે સંભળાવા લાગ્યો. તોપરક્ષક તથા અયોધ્યાના સિપાહીઓના અધિનાયકે જ્યારે ઘોડેસ્વાર થઇ બંડખોર સિપાહીઓ પર હલ્લો કર્યો, ત્યારે અયોધ્યાના સિપાહીઓમાના કેવળ ત્રણ જણા તેમની પાછળ ચાલ્યા. એ સિવાયના બીજા બધા સિપાહીઓએ ૬ ટ્ઠી પલ્ટણના સિપાહીઓનુ અનુકરણ કર્યું એ વખતે ચંદ્રના શાંત કિરણો ચોતરફ અજવાળુ ફેલાવી રહ્યા હતા બંડખોર સિપાહીઓ એ અજવાળી રાતે યુરોપિઅનોનુ લોહી રેડવા તત્પર થયા તેઓની ગોળીના આઘાતથી અયોધ્યાના અનિયમિત લશ્કરનો અધ્યક્ષ માર્યો ગયો તોપરક્ષક સૈનિક જીવ લઇ નાઠો આ વખતે અયોધ્યાના કેટલાક સિપાહીઓએ પોતાની વફાદારી બતાવી આપી તેઓના સ્વદેશીઓ જ્યારે ફિરંગીઓનો વિનાશ કરવા દલબદ્ધ થયા હતા, ત્યારે તેઓએ ધીરજથી પોતાની ફરજ બજાવી હતી તેઓ પોતાના અધ્યક્ષના દેહનુ રક્ષણ કરી કોઇ સુરક્ષિત સ્થાને લઇ ગયા. પરંતુ તેથી બીજા સિપાહીઓની ઉશ્કેરણી ઓછી થઇ નહિ બંડખોર સિપાહીઓએ પોતાના બંડના સમાચાર જણાવવા માટે બે સિપાહીઓ મોકલ્યા હતા એમ કહેવાય છે કે તેઓએ આ ખબર જણાવવા માટે બોમ્બનો ધડાકો કર્યો હતો આ પ્રમાણે સંકેત દર્શાવી તેઓ તોપ લઇ છાવણી તરફ જવા લાગ્યા તેઓનો સેનાપતિ જ્યારે ઘોડેસ્વાર થઇ કવાયતના મેદાન પર આવ્યો, ત્યારે બધા સિપાહીઓએ ખુલ્લી રીતે બંડ ઉઠાવ્યુ હતુ.

કર્નલ મિમ્સને કવાયતના મેદાનપર સિપાહીઓના બંડના બધા

ચિન્હો બરાબર નિહાળ્યા. આ વખતે કર્તાહર્તા પોતાનું નેતૃત્વ બતાવી શક્યો નહિ પરિચાલક પોતાના તાબાના માણસોનુ પરિચાલન કરી શક્યો નહિ અનુચરોએ પોતાના શેઠનો હુકમ માનવાની ઇચ્છા દર્શાવી નહિ. માલીકનુ માલીકપણું તથા અનુચરોનુ અનુચરપણું આ વખતે પરસ્પર વિરુદ્ધ ધર્માક્રાન્ત થઇ રહ્યુ યુરોપિઅન અધિનાયકો પોતપોતાના તાબાના સૈનિકોને જે હુકમો આપવા લાગ્યા, તે હુકમો સિપાહીઓએ પાળવાની ઇચ્છા દર્શાવી નહિ. સેનાપતિ સિમ્સને કવાયતના મેદાનપર તોપ આણવાનું કારણ પૂછ્યુ. એ સિપાહીઓએ તેના ૫ર ગોળીબાર કરી એ પ્રશ્નનો ઉચિત જવાબ આપ્યો શિષ્ટાચાર કે મીઠી વાતોથી, સત્તા કે સદુપદેશથી સિપાહીઓને વશ કરવાનુ કાર્ય અસાધ્ય થઇ પડયુ ઉશ્કેરણીથી અધીરા બની તેઓ વાતવાતમા ગોળીમાર કરવા લાગ્યા અને પોતપોતાના ઉપરીઓને કવાયતના મેદાનપર ધરાશાયી કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા. સેનાપતિએ હતાશ થઇ એક બીજી દિશાએ પોતાનો ઘોડો દોડાવ્યો ત્યાના સિપાહીઓએ સેનાપતિ તરફ સૌજન્ય બતાવવામા કૃપણતા દાખવી નહિ. તેઓ પોતાના હથિયારો છોડી મિમ્સનના ઘોડાની આજુબાજુ વીંટળાઇ વળ્યા તેઓએ તેને પ્રાણ બચાવવા માટે કિલ્લામા જતા રહેવાનુ જણાવ્યુ સેનાપતિ એક સૈનિક સાથે ધનાગારનુ રક્ષણ કરવા દોડયો સેનાપતિ જે દિશા તરફ જવા લાગ્યો, તે દિશા તરફ ગોળીઓના વરસાદ વરસવા લાગ્યો. આ પ્રમાણે ગોળીઓના વરસાદમા સેનાપતિને પોતાના જાનનુ રક્ષણ કરવુ મુશ્કેલ થઇ પડયુ બંદુકની એક ગોળી તેની ટોપી પાસેથી ચાલી ગઇ હવ સેનાપતિએ બીજો કઇ ઉપાય ન જોતા કિલ્લા તરફ ઘોડો દોડાવ્યા સિપાહીઓએ તે વખતે પણ તેના પર ગોળીઓ છોડવાનું

કાર્ય બંધ રાખ્યું નહિ. સેનાપતિનો ઘોડો ઘવાયો, છતા એ તેજસ્વી પ્રાણી પોતાના સ્વારને લઇ કિલ્લા તરફ ધસ્યુ કિલ્લાના દરવાજા પાસે માંડ માંડ પહોચાયુ સેનાપતિ એ પ્રાણીના લોહીથી તરબોળ થઇ કિલ્લામા પેઠો. ઘોડો અપૂર્વ તેજ દર્શાવી, સ્વારને બચાવી, દરવાજામા જ મરણ પામ્યો

સેનાપતિ સિમ્સન કિલ્લામા પેઠો છતા સિપાહીઓએ પોતાનુ કામ અટકાવ્યું નહિ. તેઓએ જે યુરોપિઅનો જોયા તે બધાના પર હલ્લો કર્યો કેટલાક ગોરાઓ એમના હથિયારોને વશ થઈ મરણ પામ્યા અને કેટલાક કિલ્લામા નાસી આવ્યા જે ૮ જુવાન ગોરાને લડાયક કેળવણી આપવાને બોલાવવામા આવ્યા હતા, તેઓમાના ૭ સિપાહીઓના ભયકર હથિયારોનો ભોગ થઇ પડયા આઠમો માણસ ભયકર રીતે ઘવાયા છતા પાસેના એક ખાડામા છુપાઇ ગયો આ વખતે તેની ઉમર કેવળ ૧૬ વર્ષની હતી. સોળ વર્ષનો બાળક દારૂણ અસ્રાઘાતથી પિડાતો ચાર દિવસ સુધી એ ગદા સ્થાનમા છુપાઇ રહ્યો તેના સ્વદેશ બંધુઓમાનો કોઇ તેને બચાવવા માટે એ સ્થળે આવ્યો નહિ જે યુરોપિઅનો કિલ્લામા ભરાયા હતા, તેઓ કિલ્લાની બહાર શુ બને છે તે જાણવાને અશક્ત હતા બડખોર સિપાહીઓની બીકથી તેમાનો કોઇ બહાર નીકળવાનું સાહસ કરતો નહિ ઘવાએલો બાળક આ પ્રમાણે અસહાય સ્થિતિમા ચાર દિવસ સુધી એ ઉઘાડા સ્થાનમા પડયો રહ્યા ભુખ તરસથી તેને ભારે પીડા ભોગવવી પડી ગ્રીષ્મઋતુનો પ્રચડ તાપ તેને સહન કરવો પડયો પાચમે દિવસે સિપાહીઓએ તેને જોયો તેઓ તેને એક ધર્મશાળામા લઈ ગયા ત્યા બીજા કેટલાક ખ્રિસ્તીઓને કેદ રાખવામા આવ્યા હતા ગોપીનાથ નામના એક

ખ્રિસ્તીએ આ ઘવાએલા બાળકને ખાવાનુ આપ્યુ, પાણી આપ્યુ. બાળકે એ બધુ સ્વીકાર્યું પણ તેથી તેને શાતિ થઇ નહિ. તેના ઘા અતિશય કષ્ટદાયક નીવડયા. એ દરમ્યાન કેટલાક મુસલમાનોએ આવી ગોપીનાથને ખ્રિસ્તીધર્મ છોડી મુસલમાન થવાનુ જણાવ્યુ આ સાભળી પેલો બાળક પોતાનુ બધુ કષ્ટ ભૂલી બોલી ઉઠયો. "પાદરિ' પાદરિ' તું તારો ધર્મ બદલતો નહિ." આ તેજસ્વી બાળકને છેવટે સિપાહીઓના હાથમાથી મુક્ત કરી કિલ્લામા આણવામા આવ્યો હતો પરતુ તેની જિદગી બચી નહિ. અનાહારથી અને ઉઘાડા સ્થાનના વાસવાટથી તેની જીવનશક્તિ લુપ્ત થઇ ગઇ હતી એ બાળકે ૧૦ મી જુને અલાહાબાદના કિલ્લામા પ્રાણત્યાગ કર્યો

કિલ્લામા ૬ઠી પલ્ટણની એક ટુકડી અને કેટલાક શિખ સૈનિકો રહેતા હતા જ્યારે તેઓએ કિલ્લાની બહાર બદુકના અવાજો સાભળ્યા ત્યારે વિચાર્યું કે બનારસના સિપાહીઓ આવી પહોચ્યા છે અને તેની સાથે અમારા સ્વદેશબાધવો પણ તેઓની સાથે ભળ્યા છે પરતુ સેનાપતિ સિમ્સન લોહીથી તળબોળ થઇ કિલ્લામા આવી પહોચ્યો ત્યારે તેઓની ધારણા ખોટી પડી તેઓ બનારસના સિપાહીઓ આવી ન પહોચવાથી હતાશ થઇ ગયા, અને કિલ્લાની બહારના પોતાના સ્વદેશબાધવોના ભવિષ્યની ચિતા કરવા લાગ્યા સેનાપતિએ કિલ્લામા આવતા જ છઠી પલ્ટણના સિપાહીઓના હથિયારો લેવાની પેરવી કરી. શિખોના ઉપરિ પર આ બાબતની જવાબદારી નાખવામા આવી. આ ઉપરીએ પજાબની લડાઇઓમા ખાસ પ્રસિદ્ધિ મેળવી હતી તે શિખોને આ અપ્રીતિકર કાર્યમા જોડતા અચકાયો નહિ એ વખતે સિપાહીઓ કિલ્લાના મુખ્ય દરવાજાનુ રક્ષણ કરતા હતા છાવણીમા બદુકોના ધડાકા થવા લાગ્યા ત્યારે આ લોકો પણ બડ ઉઠાવવાની તૈયારી કરી રહ્યા હતા.

જો શિખ સૈન્ય તેઓની સાથે ભળ્યુ હોત તો કિલ્લામાના યુરોપિઅનો આ એકત્ર સિપાહિઓના કબજામાથી કિલ્લો છોડવી શકત નહિ તે ઉપરાત જો ખજાનાનો પૈસો કિલ્લામા આણ્યો હોત તો છાવણીના સિપાહીઓ અને શહેરના બદમાસો કિલ્લાપર હુમલો કર્યા વગર રહેત નહિ અને એ એકત્ર બળ આગળ યુરોપિઅનો ટકી શકત નહિ તેમ થયુ હોત તો અલાહાબાદ અગ્રેજોના કબજામાથી જાત. પરંતુ સુભાગ્યે કિલ્લામાના પજાબી સૈનિકો હિદુસ્થાની સૈનિકો સાથે ભળી ગયા નહિ ખજાનામાની દોલત કિલ્લામા આણવામા આવી નહોતી. કિલ્લાના જે સ્થાનમા સિપાહીઓ ભરેલી બદુકો તૈયાર કરી ઉભા હતા, તે સ્થાનમા હથિયારબધ શિખો આવી ઉભા, તેઓના મોખરાના ભાગ પર થોડે દૂર વોલન્ટીયર યુરોપિઅન સૈન્ય અસ્ત્રશસ્ત્રથી સજ્જ થઇ ગોઠવાઇ ગયુ તોપરક્ષક અગ્રેજ પુરુષો હાથમા મશાલ લઇ તોપની પાસે ઉભા પરતુ કિલ્લામાના હિદુસ્થાની સિપાહીઓએ આ વખતે કશી હરકત કરી નહિ તેઓને કિલ્લામાથી હાકી કાઢવામા આવ્યા, તેઓ પોતાની પલ્ટનના માણસોને જઇ મળ્યા

અલાહાબાદના કિલ્લામા પુષ્કળ હથિયારો હતા. જો કિલ્લો બડખોરોના કબજામા આવ્યો હોત તો જરૂર તેઓનુ બળ બહુ વધી જાત એક તોપ રક્ષક સૈનિકે આવા વિચારથી ડરી જઇ કિલ્લાના દારૂગોળામા દીવાસળી મુકી દેવાનો ઠરાવ કર્યો કમાન વિલોબીએ જે રીતે દિલ્હીનો દારૂગોળો સળગાવી દીધો હતો તે રીત એ સૈનિકથી અજાણી ન હતી મુસ્કેલીમા આવી પડતા એ સૈનિક પુરુષે વિલોબીની પેઠે કિલ્લામાનો દારૂગોળો તથા શસ્ત્રઅસ્ત્રને ભસ્મીભૂત કરી નાખવાનો બદોબસ્ત કર્યો હતો. પરતુ બીન અડચણે સિપાહીઓએ હથિયારો

છોડી દીધા. કલ્લિપર અગ્રેજોનો વાવટો ઉડતો રહ્યો. એટલે પેલા સૈનિકોએ વિચાર અમલમા મૂકવાનુ માંડીવાળ્યુ કિલ્લામાનો દારૂગોળો, અસ્ત્રશસ્ત્રો વગેરે કાયમ રહ્યું

અલાહાબાદની છઠ્ઠી પલ્ટણના બડનો ઇતિહાસ આ પ્રમાણે છે એ ઇતિહાસ પરથી જણાશે કે તેઓએ પરસ્પર એકત્ર થઇ આ કાર્ય કર્યું નહોતું. જ્યારે પુલ પાસેના સિપાહીઓએ ખુલ્લું બડ ઉઠાવી, તોપો કબજે કરી છાવણી તરફ પ્રસ્થાન કર્યું, તથા યુરોપિયન સૈનિકો પર આક્રમણ કર્યું, ત્યારે કિલ્લામાના સિપાહીઓ તેઓની કાર્યપ્રણાલી વિષે કંઇ સમજી શક્યા નહિ તેઓએ બંદુકોના શબ્દ સાભળી ધાર્યું કે બનારસના બડખોર સિપાહીઓ આવી પહોચ્યા છે. તે વખતે તેઓ અમુક પદ્ધતિસર કાર્ય કરવા તત્પર થયા નહિ કિલ્લાની બહારના સિપાહીઓએ તેઓને એકી સાથે બડ ઉઠાવવાનો કઇ સંકેત કર્યો નહિ. જ્યારે સેનાપતિ સિમ્સન લોહાથી તરબોળ થઇ કિલ્લામા આવી પહોચ્યો ત્યારે તેઓ ગાભરા બની ગયા. સેનાપતિએ કિલ્લામા આવતાં જ તેઓના હથિયાર લઇ લેવાની ઇચ્છા દર્શાવી આ ઇચ્છા જ્યારે કાર્યમા પરિણામ પામી ત્યારે શિખોએ છઠ્ઠી પલ્ટણના સિપાહીઓનો પક્ષ સ્વીકાર્યો નહિ. જો એકી સાથે કિલ્લાની બહાર તથા અદર બંડ ઉઠયું હોત તો અંગ્રેજો અલાહાબાદને બચાવી શકત નહિ કદાચ વિવિધ અસ્ત્રશસ્ત્રપૂર્ણ કિલ્લો સિપાહીઓના હાથમા જાત અને ગંગા-યમુનાના સગમ આગળ સિપાહીઓનું પ્રાધાન્ય સ્થપાત. પણ સુદક્ષ-પરિચાલક અને વ્યવસ્થિત કાર્યપ્રણાલીના અભાવે અલાહાબાદમા સિપાહીઓના બડે કંઇ કરી બતાવ્યુ નહિ બળવાના ઇતિહાસમા દરેક સ્થળે આવી અધાધુધી જણાઇ આવે છે એથી આ બંડ

પછીના બનાવો પણ અવ્યવસ્થિત બની ગયા મૂળ બાબત જેમ વ્યવસ્થિતપણા વિના વ્યર્થ ગઇ તેમ તેની પછી બનેલી બાબતો પણ એ જ રીતે તટ્ટફતૂટક થઇ વ્યર્થ ગઈ સિપાહીઓના બંડ પછી તરત આખા શહેરે કંપનિ વિરુદ્ધ બંડ ઉઠાવ્યું. શહેરના છેડાના ભાગમાં પણ આ બંડ ફેલાયું. જોતજોતામાં આજુબાજુના ગામડામાં પણ બંડની ગતિ ફેલાઇ ગઇ જો આ સાર્વજનીક અભ્યુત્થાનની કાર્ય-પ્રણાલી યોગ્યતાપૂર્વક નક્કી થઇ હોત, નિપુણતાપૂર્વક એ કાર્યપ્રણાલી અમલમાં મૂકવાનો પ્રયત્ન થયો હોત અને બધી પ્રજા એક જ ઉદ્દેશ લક્ષમાં રાખી તે ઉદ્દેશ પાર પાડવા કાર્યક્ષેત્ર પર ઉતરી હોત, તો અંગ્રેજો આ ગડબડ એકદમ બંધ પાડી શકત નહિ અને પોતાની સત્તા પાછી જમાવતા તેમને બહુ મુશ્કેલી પડત પરંતુ આ સર્વવ્યાપી અભ્યુત્થાનનો કોઇ પણ ભાગ વ્યવસ્થિત નહોતો દરેક માણસ પોત-પોતાની ઇચ્છા મુજબ વર્ત્તતો હતો કોઈ કોઇના તાબામાં રહી કામ કરવા તૈયાર નહોતો. કોઈએ કોઇની સલાહ લેવાની જરૂર જોઇ નહોતી. બધા પોતપોતાની ઇચ્છા મુજબ પોતાનો ઉદ્દેશ પાર પાડવા ભયંકર કૃત્યો કર્યે જતા હતા કોઇ પણ સ્થળે વ્યવસ્થા, પ્રાધાન્ય કે ઉપરિતું સન્માન જાળવવાની પરવા જણાતી નહિ. સર્વત્ર સ્વેચ્છા-ચાર પોતાનું પ્રાધાન્ય દર્શાવી રહ્યો હતો.

હિંદના મોટા શહેરોમાંનુ કોઇ પણ શહેર અલાહાબાદની માફક જુદી જુદી જાતિના માણસોથી ભરપૂર નહોતું આ શહેરમાં હિંદુ-ઓની પેઠે મુસલમાનોની પણ સારી વસ્તી હતી. ત્યાંના મુસલમાનો એક વખતે દિલ્હીના મોગલ શહેનશાહોના આશ્રિત હતા. તેઓના હૃદય પર હજુ પોતાની અગાઉની સ્થિતિની છાપ તાજી હતી મોગલ-

સામ્રાજ્યમા તેઓ જે સમૃદ્ધિ તથા સત્તા ભોગવતા હતા, તે સમૃદ્ધિ અને સત્તા પાછી મેળવવાની તેઓને ખાસ ઇચ્છા હતી આથી તેઓ અંગ્રેજી રાજ્યથી સતુષ્ટ નહોતા જ્યારે અલાહાબાદમા બંડ ઉઠયુ ત્યારે તે લોકો પોતાનુ નષ્ટ ગૌરવ ફરીથી પ્રાપ્ત કરવાના સ્વપ્નો જોવા લાગ્યા. પરતુ તેઓનામા વ્યવસ્થિતપણે કામ કરવાની શક્તિ નહોતી. તેઓ પોતાની કલ્પનાથી મુગ્ધ બની પોતાના માનસપટને વિષે જે સુખમય ચિત્રો આકતા હતા એ ચિત્રના મોહથી તેઓની ધીરજ ખૂટી ગઇ હતી તેઓ ભવિષ્ય તરફ દૃષ્ટિપાત ન કરતા વર્તમાન અવ્યવસ્થા તરફ સહાનુભૂતિ દર્શાવવા લાગ્યા યુરોપિઅનો જયારે કિલ્લામા પોતાનો બચાવ કરવાની તૈયારી કરતા હતા, ત્યારે આખા શહેરમા તથા શહેરના આજુબાજુના પ્રદેશમા ભારે ગડબડ મચી રહી હતી ૬ ઠ્ઠી જૂનની આખી રાત લૂટફાટ કરવામા જ ચાલી ગઇ જેલ તોડવામા આવી, કેદીઓને છોડી દેવામા આવ્યા. બેડીથી જકડાએલા કેદીઓ પોતાના અપૂર્વ આભરણો તજ્યા સિવાય લૂટફાટ કરવા ચોતરફ દોડી જવા લાગ્યા. ઉશ્કેરાએલી પ્રજામાના ઘણાખરા યુરોપિઅનોના મકાનો તરફ દોડ્યા રસ્તામા જે યુરોપિઅન કે યુરેઝિઅન મળે તેના તરફ હથિઆરોનો યથેચ્છ ઉપયોગ થવા લાગ્યો. ખ્રિસ્તી ધર્મ પાળનારાના ઘર લૂટી લેવામા આવ્યા અને ખાલી ઘરોને આગ લગાડવામા આવી. ગભીર મધરાત ભયકર ભડકાથી અજવાળી બની ગઇ કિલ્લામાના યુરોપિઅનોએ ફરીથી જોયુ કે અમારાં રમણીય મકાનો થોડા સમયમા ભસ્મ બની જશે ખ્રિસ્તીધર્મ પાળનારાઓની દુકાનો લૂટવામા આવી, રેલ્વેનું કારખાનું તોડી ફોડી નાખવામા આવ્યું તથા તારના દોરડા તોડી નાખવામા આવ્યા. ઉશ્કે-

ગએલા લોકોએ લૂટફાટ અને ફિરંગીઓને બાળવાનો દૃઢ સંકલ્પ કર્યો હતો એ સંકલ્પ તેઓ અત્યારે અમલમા મૂકવા લાગ્યા એક દિવસ પહેલા જેઓની સત્તા જાળવવા સિપાહીઓ તત્પર થઇ રહ્યા હતા, તેની જ સત્તા તોડી પાડવા અત્યારે તલપાપડ થઇ ગયા હતા કંપનિના સિપાહીઓમા જેઓ પેન્શન લઇ નિવૃત્તિ ભોગવતા હતા તેઓ પણ આ બડમા ભળ્યા હતા, એવુ એક ઇતિહાસકારે જણાવેલુ છે[૧] તેઓના યૌવનની કાર્યપટુતા અન્તર્હિત થઇ ગઇ હતી, વૃદ્ધાવસ્થાને લીધે બળ અને પરાક્રમ વિલુપ્ત થઈ ગયા હતા, છતા તેઓ આ વખતે બડની ગતિ વધારવામા અશેષ ઉત્સાહ દર્શાવવા લાગ્યા તેઓની સલાહથી અનેક સિપાહીઓ ભયંકર કાર્યો કરવા લાગ્યા. આવા વૃદ્ધોની સલાહથી તથા વીરોના પરાક્રમથી આખુ અલ્હાબાદ ભયંકર બનાવોની રંગભૂમી બની ગયુ રાજકીય શાસન બંધ પડતા અરાજકતાએ પોતાનુ સામ્રાજ્ય ફેલાવ્યુ. અર્ધચંદ્રાંકિત લીલી ધજા થોડા વખત માટે કોટવાળી પર મોગલોનુ પ્રાધાન્ય જણાવવા લાગ્યુ.

ઉશ્કેરાએલા લોકોએ કેવળ યુરોપિઅનો તથા ફિરંગીઓ પર જુલમ ન ગુજારતા અલાહાબાદમા આવી વસેલા બંગાળીઓ પર પણ જુલમ ગુજારવામા બાકી રાખ્યું નહોતું ઘણાખરા બંગાળીઓ ત્રિવેણીમા નાહી પોતાની આખર અવસ્થા ગુજારવા અલાહાબાદમા રહેતા હતા બંડખોર લોકો તરફ તેઓની સહાનુભુતિ બિલકુલ નહોતી કંપનિના રાજ્યમા પોતાના જાનમાલની સલામતી જોઇ તેઓ એ રાજ્યને અંતઃકરણપૂર્વક ચાહતા હતા તેઓ નિર્દોષપણે પોતાનું કાર્ય કરતા હતા. શહેરના બદમાસોએ હવે એ લોકો પર

---

૧ Kaye, Sepoy war. Vol II. P. 257, note.

હુમલો કર્યો બંગાળીઓ ચોતરફથી ઘેરાઈ ગયા, તેઓના ઘર લૂટી લેવામા આવ્યા, તેઓની જીદગી ભયમા આવી પડી, તેઓના ઘરમા ગડારોળ મચી રહી. છેવટે તેઓએ લોકોની સત્તા સ્વીકારી શપથપૂર્વક વૃદ્ધ મોગલ પાદશાહની સત્તા કબૂલ કરી એટલે લોકોએ તેમને જવા દીધા. આ વિપત્તિમાથી મુક્ત થઇ તેઓએ આત્મરક્ષણ કરવાનો પ્રયત્ન શરૂ કર્યો તેઓ કિલ્લામાના અંગ્રેજો સાથે આ બાબત મસલત કરવા લાગ્યા. તે વખતે યુરોપિઅનો તો પોતાનુ સભાળી બેસી રહેવા ઇચ્છતા હતા માટે તેઓએ તેમને કઇ મદદ આપી નહિ છેવટે તે ઓએ એક મમૃદ્ધિસ પન્ન હિંદુસ્તાનીની મદદથી પોતાના બચાવ માટે એક સશસ્ત્ર સૈનિકદલ ઉભુ કર્યું

ખજાનો લૂટવો એ બડખોર સિપાહીઓ અને જનસાધારણનો મુખ્ય ઉદ્દેશ હતો. પરતુ ૬ઠી જુને તેઓએ ખજાનાને હાથ લગાડ્યો નહિ કોઇએ એવી ઇચ્છા દર્શાવી કે એ પૈસા દિલ્હી લઇ જઈ વૃદ્ધ મોગલ પાદશાહને આપવા સ્વાધીનતામૂલક જાતીયભાવને અનુસરી કોઇએ એ વખતે તો ખજાનાનો એક પૈસો પણ લીધો નહિ. બધુ દ્રવ્ય મોગલ સામ્રાટ્‌ને નામે જમા રાખવામા આવ્યુ પરતુ ૭ મી જુને સવારમા ફરી પલ્ટણના સિપાહીઓ કવાયતના મેદાનપર એકત્ર થયા તેઓએ આ ઠરાવ વિરૂદ્ધ મત દર્શાવ્યો ત્યાર બાદ એ જ દિવસે બપોરે તેઓ તેજુરી આગળ આવી પહોચ્યા. તેજુરી કેવાડવામા આવી, દરેક સિપાહીએ પોતાનાથી ઉપડી શકે તેટલી કોથળીઓ ઉપાડી લીધી. બાકી વધ્યું તેટલુ પ્રજાએ લૂટી લીધુ એમ કહેવાય છે કે તે વખતે ધના-ગારમા ૩૦ લાખ રૂપીઆ હતા. દરેક સિપાહી ૩ થી ૪ કોથળી લઇ

ગયો હતો દરેક કોથળીમા એક એક હજાર રૂપીઆ હતા. સિપાહીઓ આ પ્રમાણે પૈસા મેળવી પોતપોતાને ઘેર જઇ ન્હા. પરતુ શહેર અને તેની આજુબાજુના સ્થળોમા શાતિ ફેલાઇ નહિ. કપનિનુ રાજ્ય ગયુ માની બદમાસ લોકો ભારે જુલમો ગુજારવા લાગ્યા યુરોપિઅનોને નાસી છુટેલા જોઇ તેઓનું સાહસ અતિ પ્રબળ બની ગયુ તેઓ અદમ્ય ઉત્સાહ દર્શાવી અરાજકતાની ગતિ વિસ્તારવા લાગ્યા

શહેરની અશાન્તિ જોતજોતામા ગામડાઓમા ફેલાઇ ગઇ જે તાલુકદારોએ અગ્રેજી રાજ્યમા પોતાની સપત્તિ ગુમાવી હતી, તેઓ ગરીબ ખેડુતોને ઉશ્કેરવા લાગ્યા ગગાજમનાના દોઆબમા મુસલમાન જમીનદારોનુ ભારે જોર હતું. તેઓ બ્રિટિશોને બદલે મોગલો સત્તાધારી થાય એવુ ઇચ્છતા હતા ગગાજમનાની આજુબાજુ આવેલા સ્થાનોમા બ્રાહ્મણધર્મ જોરમા હતો. એ ધર્મના લોકોએ આ બડમા કોઇનો પક્ષ ન લેતા તટસ્થવૃત્તિ જાળવી રાખી હતી કપનિની સત્તા તોડી પાડવા માટે તત્પર થયેલા સિપાહીઓને મદદ આપવી એ તેઓને યોગ્ય લાગ્યુ નહોતું તેઓ પોતાનો બચાવ કરવાની તૈયારી કરવા લાગ્યા હતા. આ પ્રમાણે ગગાયમુનાના પ્રદેશમા કપનિનો રાજ્ય અમલ-વિધિવ્યવસ્થા અને સત્તા થોડા સમય માટે તદ્દન વિલુપ્ત થઇ ગઇ. થોડા દિવસો બાદ લૂટફાટનુ કાર્ય પૂરૂ થયુ બદમાસ લોકો કઇ કામ ધધા વગર આમ તેમ રઝળવા લાગ્યા, પણ તેથી અરાજકતા શાત થઇ નહિ ભયાનક વિપ્લવની ઉચ્છૃખલ કાર્યાવલી હવે પદ્ધતિસર અમલમા મૂકાઇ જ્યારે પ્રજાના હૃદય અતિશય ઉશ્કેરાઇ જાય, આત્મપ્રાધાન્યની ઇચ્છા અતિ પ્રબળ થઇ જાય, વિપ્લવ પ્રતિક્ષણે ભયકર બની ચોતરફ ફેલાઇ જાય, ત્યારે સાધારણ પ્રજાને વધારે ઉશ્કેરનારા

લોકોનો તોટો પડતો નથી. આ વખતે પણ એવા માણસોનો આવિર્ભાવ થવામા વિલબ થયો નહિ ગંગાયુમનાના પ્રદેશમાના એક મુસલમાન ગામડામા એક મૌલવી રહેતો હતો તે થોડા સમય પહેલા અલાહાબાદના ખુશરૂબાગમા આવી રહ્યો હતો. આ બગીચાને ફરતી દિવાલ હતી તથા તેમા કેટલીક કબરો આવેલી હતી. એટલે મુસલમાનો આ સ્થાનને પવિત્ર માનતા હતા મૌલવીજી આ પવિત્ર બગીચામા રહી પોતાને અપાર સત્તાધારી ધર્મનિષ્ઠ સાધુ તરીકે ઓળખાવવા લાગ્યા ઘણા મુસલમાનો તેની શિષ્યમંડળીમા જોડાવા લાગ્યા બળવો શરૂ થયો, દિલ્હીમા મોગલાઇ સત્તા સ્થપાઇ ત્યારે બધા મુસલમાનો આગ્રહપૂર્વક આ મૌલવીની વાતો સાભળવા લાગ્યા. મૌલવીની ઉદ્દીપનામય છટાદાર વકતૃત્વ શક્તિથી મુસલમાનો મુગ્ધ બની ગયા. તેઓ અગ્રેજોનુ લોહી રેડી પોતાની વૈરવૃત્તિ શાત પાડવા એકત્ર થવા લાગ્યા મૌલવીની વાતો સાભળી તેઓને ખાત્રી થઇ હતી કે અંગ્રેજી સત્તા પરિસમાપ્ત થવા આવી છે. મોગલાઇની સત્તા ફરી એક વાર આખા હિદમા સ્થપાશે દિલ્હીમા તો એ પ્રમાણે થઇ ચુકયુ છે. અલાહાબાદમા પણ એ સત્તાનો વાવટો ઉડવા લાગ્યો છે. દિલ્હીમા અંગ્રેજો માર્યા ગયા છે અલાહાબાદમા પણ તેમજ બન્યુ છે. કેટલાક અગ્રેજો કોઇ અગોચર સ્થળે છુપાઇ રહ્યા છે આ પરથી સ્પષ્ટ જણાય છે કે મોગલોનું આધિપત્ય પૂરેપૂરી રીતે સ્થપાયુ છે મુસલમાનો આવી કલ્પનાથી મુગ્ધ બની ગયા તેઓએ મૌલવીને અલાહાબાદનો સુબો બનાવ્યો તેના હુકમ મુજબ અલાહાબાદમા શાસન ચાલવા લાગ્યું. મૌલવીનુ નામ અને ગુણો મુસલમાનોમા ચર્ચાનો ખાસ વિષય થઇ પડયા. તેની વાતોથી મુસલમાનોના હૃદયમા અગ્રેજો તરફ અધિક

વૈરવૃત્તિ જામવા લાગી, તેના હુકમ મુજબ મુસલમાનોની કાર્યપ્રણાલી નક્કી થવા લાગી તે કહેવા લાગ્યો કે હિંદમા ગોરા લોકોનુ નામનિશાન રહેવાનુ નથી. સર્વત્ર મુસલમાની સત્તા સ્થપાશે. એમ કહી તે બધાને કિલ્લાપર હલ્લો કરવા માટે ઉશ્કેરવા લાગ્યો તેના હુકમ મુજબ લોકોએ કિલ્લાપર હલ્લો કરી તે કબજે કરવાનો પ્રયત્ન કર્યો ખરો, પણ તેમા તેમને સફળતા ન મળી અગ્રેજોની તોપોએ હુમલો કરનારને હરાવ્યા. કિલ્લામા અગ્રેજોની સત્તા કાયમ હતી. અલાહાબાદના આ મૌલવીનુ નામ લિયાકતઅલી હતુ તે જાતનો સાલવી હતો તથા શિક્ષકનો ધધો કરતો હતો આત્મશુદ્ધિ અને ધર્મનિષ્ઠા માટે તે પોતાના ગામમા પ્રસિદ્ધ થયો હતો. બળવાની શરૂઆતમા ચેલ નામના પરગણાના મુસલમાન જમીનદારો તેને પોતાના અધિનેતા તરીકે અલાહાબાદમા નાખ્યા હતા ત્યારબાદ તેને અલાહાબાદ વિભાગના સુબા તરીકે જાહેર કરવામા આવ્યો હતો. તે દિલ્હીના વૃદ્ધ પાદશાહને નામે સત્તા ચલાવતો હતો

અલાહાબાદમા મૌલવી સાહેબની સત્તા વધારે વખત ચાલી નહિ. ટુક સમયમા અગ્રેજોએ પોતાની સત્તા જમાવી જ્યારે સિપાહીઓએ બળવો ઉઠાવ્યો ત્યારે અલાહાબાદ તરફ દરેકની નજર હતી વીર આઉટ્રામે આ સ્થળને કબજે રાખવા ખાસ પ્રાર્થના કરી હતી રાજનીતિજ્ઞ કુશળ હેન્રિ લોરેન્સે આ સ્થળ કબજે રાખવાની જરૂર સાબીત કરી બતાવી હતી. તેઓની રૂડી સલાહથી અલાહાબાદનો કિલ્લો બળવાખોરોના હાથમા ન ગયો. જો કિલ્લો બંડખોરોના હાથમા ગયો હોત તો કાનપુર અને લખનોર કબજે કરવાનુ કાર્ય બહુ મુશ્કેલ બની જાત હિંદમાનુ વિશાળ બ્રિટિશ સામ્રાજ્ય બળવાના ભયકર મારાથી છિન્-

ફ્રિજ થઇ જાત.[1] સરકારની કાર્યપટુતા ને મનુષ્યની સત્તા આ સ્થળે કામ આવી હો કે ન આવી હો પણ એટલું તો ખરૂ કે પરમેશ્વરની અખડનીય ઇચ્છાને લીધે અલાહાબાદના કિલ્લાપર બ્રિટિશ ધ્વજ કાયમ રહ્યો. બનારસના શિખોની પેઠે અલાહાબાદના શિખોએ પણ અંગ્રેજોને મદદ ન કરતા બંડ ઉઠાવ્યું હોત તો જરૂર ઘટનાક્રમ બદલાઇ જાત. અલાહાબાદમાના અગ્રેજો તરફ ઇશ્વરની કૃપાદૃષ્ટિ હતી એટલે બધુ સારૂં થયુ. થોડા સમયમા તેઓનુ ભાગ્ય ઉઘડયુ. જે સાહસિક સુદક્ષ, સ્વજાતિ હિતેચ્છુ છતા કઠોર વીરપુરુષે બનારસનું રક્ષણ કર્યું હતું, તે પુરુષે પોતાના સૈન્ય સાથે અલાહાબાદના કિલ્લામા પ્રવેશ કરી યુરોપિયનોના હૃદયને પ્રફુલ્લ કર્યાં

સેનાપતિ નીલ ૧૧ મી જુને અલાહાબાદ આવી પહોચ્યો. તે જ્યારે બનારસથી નીકળ્યો ત્યારથી અલાહાબાદના સમાચારથી અજાણ્યો હતો તારના દોરડા તૂટી ગયા હતા માટે તેને અત્યારસુધી કંઇ સમાચાર મળ્યા નહોતા એ સાહસિક સેનાપતિ દડમજલ કરતો જપાટાબધ અલાહાબાદ તરફ આવવા લાગ્યો પ્રચંડ તાપના અકળાટથી તેની ગતિ અટકી નહિ. બધી અડચણો દૂર કરી તે ગંગાનદીને સામે કિનારે આવી પહોચ્યો કિલ્લામાના અંગ્રેજોને તેના આગમનના સમાચાર મળ્યા ન હોવાથી નદી ઓળગવા માટે નૌકાની સગવડ થઇ નહોતી. પરતુ એ અતરાય તરત દૂર કરવામા આવ્યો. કાર્યકુશળ નીલે કેટલાક દેશી ખલાસીઓને લાચ આપી વશ કર્યા, તેઓએ એક મોટી હોડી આણી આપી. તે હોડીમા બેસી નીલ તથા કેટલાક યુરોપિયનો સામે કિનારે પહોચ્યા. કિલ્લામના અગ્રેજોને આ ખબર

1. Russell, Diary in India, Vol. I. P. 155

મળતા તેઓએ હોડીઓની સગવડ કરી આપી. આ પ્રમાણે નીલનુ બધુ લશ્કર સામે કિનારે પહોચ્યુ સેનાપતિ આ સૈન્ય સાથે પરસેવાથી નીતરતો નીતરતો કિલ્લાના દરવાજા પાસે આવી ઉભો. રસ્તામા તેણે અરાજકતાના ચિહ્નો નજરેનજર નિહાળ્યા. કોઇ પણ સ્થળે યુરોપિઅનોના જાનમાલની સલામતી નહોતી અશાન્તિ અને ઉછૃખલતા ચોતરફ પોતાનુ જોર દર્શાવી રહ્યા હતા. આ બધુ સેનાપતિએ નિહાળી નિહાળીને જોયુ હતુ. અહીં અલાહાબાદ આવ્યા પછી પણ એ જ ચિતાર તેની દૃષ્ટિ આગળ ખડો થયો જનસાધારણની પ્રબળ વૈરવૃત્તિના ચિહ્નો ઠેકઠેકાણે દેખાવા લાગ્યા. યુરોપિઅનોના બંગલા, દુકાનો અને ઓફિસો પ્રકોપની ભયકરતા દર્શાવી રહ્યા હતા સાર્વજનિક ઉશ્કેરણી વખતે વ્યવસ્થા રહી શકતી નથી યુરોપની બાલકલાવાની[૧] લડાઇમાં ત્યાના સુસંસ્કૃત સૈનિકોએ આ કરતા પણ વધારે ઉછૃખલતા દર્શાવી હતી[૨] તો પછી અલાહાબાદના નિરક્ષર લોકો ઉશ્કેરણીથી અધીરા બની, ખોટી સલાહથી દોરવાઇ આવા જુલમ કરે તેમા નવાઇ નથી સેનાપતિ નીલ આવી સ્થિતિમા પણ કિલ્લો કબજામા રહેલો જોઇ બહુ નવાઇ પામ્યો. કિલ્લામાના શિખ સૈન્યે આવી દશામા પણ કિલ્લો કબજે કરવાનો લોભ જતો કર્યો એ તેને અતિશય નવાઇ જેવુ લાગ્યુ કિલ્લાની ચોતરફ ઉશ્કારેએલા માણસોના ટોળેટોળા વસતા હતા બદખોર સિપા-

---

૧ બાલકલાવ ક્રીમિઆની પશ્ચિમે આવેલુ છે. તે સબાસ્ટપાલથી ત્રણમાઇલ દૂર છે. ક્રીમિઆની લડાઇમા (એક બાજુએ રશિઆ અને બીજીબાજુએ અંગ્રેજ, ફ્રેંચ, તુર્ક અને સાર્ડિનીઆ હતા) આ સ્થળે અગ્રેજી કાફલો પડયો હતો.

૨. Russell, Diary in India. Vol. I. P. 156.

હીઓ પણ પ્રતિક્ષણે ચિંતાતુર થતા હતા આ બધુ જોઇ સેનાપતિએ વિચાર્યું કે ઇશ્વરની અપાર કરુણાથી કિલ્લો કબજે રહ્યો છે નીલના આગમન પૂર્વે કિલ્લાની બહાર માણસોમા જેવી અધાધુધી મચી હતી તેથી વધારે અધાધુધી કિલ્લામાના યુરોપિઅનોમા ફેલાઇ હતી તેઓ ન કરવાના કાર્યો કરતા હતા કોઇ કોઇનો હુકમ માનતુ નહિ, કોઇનામા ઉચ્છૃંખલ લોકોને કાબુમા રાખવાની તાકાત નહોતી જે યુરોપિઅનો વોલન્ટીઅર સૈન્યમા જોડાયા હતા તેઓ આગળ નીતિ કે વ્યવસ્થાની કોડી જેટલી પણ કિંમત ન હોતી. અનિયમિત મદ્યપાન અને યથેચ્છાચારથી તેઓ બધી બાબતને અવ્યવસ્થિત કરી મૂકતા હતા લૂટફાટ, નાશ કે વિરૂદ્ધાચરણને તેઓ દોષ માનતા ન હતા તેઓ લડાઇમા અનભિજ્ઞ છતા પોતાને બહાદુર સિપાહી માની નિર્દોષ લોકોનું લોહી રેડી પોતાનુ ગૌરવ દર્શાવી આપતા હતા તેઓમાના એક માણસે તો ઉશ્કેરાઇ જઇ શિખસૈન્યના અધ્યક્ષ પર ગોળી ચલાવવા જેટલી હિંમત ચલાવી હતી. તેઓ શિખોની સાથે કિલ્લામાનો માલ લૂટવા તત્પર રહેતા. કિલ્લામાનો મૂલ્યવાન લાકડ સામાન ભાગી તોડી ફેકી દેવામા આવ્યો હતો ગુદામમાનો સરસમાન બીનવારસી દ્રવ્યની માફક બધાના હાથમા જતો હતો શિખ સિપાહી મદ્યની બાટલીઓ લૂટી થોડી કિંમતે યુરોપિઅનોને વેચતા હતા. આ રીતે મદ્યપાન બીનહરકતે પોતાનુ કાર્ય કર્યે જતું હતું યુરોપિઅનોએ નદી કિનારે આવેલી એક ગુદામ લૂટી હતી તેઓનુ અનુકરણ કરી શિખો પણ લૂટફાટને ધંધે વળગ્યા હતા કિલ્લામા એવી જાતનો બંદોબસ્ત હતો કે એક માણસે આખો દિવસ કિલ્લાના બચાવ માટે પરિશ્રમ કર્યો છતા તેને ખાવાનું ન મળ્યુ તેનુ કુટુંબ પણ આખો

દિવસ ભૂખ્યુ રહ્યું છેવટે એક દયાળુ પાદરીએ તેમની દુ ખી સ્થિતિથી વાકેફ થઇ સેનાપતિ સિમ્સનને આ બાબત જણાવી. સેનાપતિ મહા- મુશીબતે તેને કિલ્લામા લઇ આવ્યો અને ખાવાને માટે એક રોટની પૂરી પાડી શકયો. પરતુ સરસામાનની ગુદામના નોકરે પેલા માણસની સ્ત્રી તથા છોકરાને ખોરાક આપવાની સાફ ના પાડી. બચાવમા જ- ણાવ્યું કે તેઓ કિલ્લાનો બચાવ કરવાને અશકત છે. આવા અપૂર્વ કારણો દર્શાવી દરેક પોતપોતાનો સ્વાર્થ સાધવા લાગ્યા. સેનાપતિ પણ આ યથેચ્છાચાર અટકાવી શકયો નહિ. કિલ્લામાના યુરોપિઅન તથા શિખ સૈનિકો બહારના બડખોર સિપાહીઓની માફક અતિ ઉગ્રભાવ બતાવતા હતા. હિતાહિતજ્ઞાનશૂન્ય પ્રજા જ્યારે માથુ ઉચકે ત્યારે ન કરવાના કૃત્ય કરી બેસે તેમા કઇ નવાઇ નથી. પરતુ સૂક્ષ્મદૃષ્ટિવાળા સુધરેલા સેનાપતિના તાબાના સિપાહીઓ જ્યારે આ પ્રમાણે વર્તે ત્યારે હરકોઇને ગભીર ક્ષોભ પેદા થાય એમા કઇ નવાઇ નથી વીર સેનાપતિના તાબાના સૈન્યનું આવુ આચરણ ઇતિહાસમા હમેશા નિ દાય છે આ વખતે આલાહાબાદના યુરોપિઅનોના કાર્યો આવા નિદ- નીય થઇ પડયા હતા સેનાપતિ નીલ આવા અવ્યવસ્થિત કાર્યક્ષેત્રમાં વિષે આવી પોતાનું પ્રાધાન્ય જાળવવા માટે દઢતા દાખવવા લાગ્યો તેણે પ્રથમ યથેચ્છાચારી યુરોપિઅનોને વશ કર્યા.

હવે સેનાપતિ નીલે અલાહાબાદનો કિલ્લો સુરક્ષિત કરવાની તૈયારી કરી દારાગજ નામનું સ્થળ શહેરના બદમાસોથી ભરપુર હતું તે બદ- માસોને દૂર કરવા માટે ૧૨મી જુને તેણે પોતાના કેટલાક સૈનિકો તથા કેટલાક શિખ સિપાહીઓને મોકલી આપ્યા. એ સૈન્યે દારાગજ- માથી બદમાસ લોકોને હાકી કાઢયા એક ગામડુ સળગાવી મૂક્યું

તથા નદીપરનો પુલ કબજે કર્યો. નીલે એ પુલ સમરાવી તેના રક્ષણ માટે કેટલાક શિખ સિપાહીઓ રાખ્યા. શિખો અત્યાર સુધી કિલ્લામા ગયા હતા તેઓએ હિંદુસ્થાની સિપાહીઓના હથિયારો ઉતારી લેવામા ખાસ કાર્યતત્પરતા બતાવી હતી. તેઓને ખાત્રી હતી કે અમે વોલન્ટીઅર સૈન્યમા જોડાએલા યુરોપિઅનોની માફક કિલ્લામા રહી સ્વેચ્છાચાર પૂર્વક મદ્યપાન કરીશુ અને સરકારી ગુદામમાથી જોઇતો સરસામાન લઇ માલમલિદા ઉડાવીશુ પરતુ સેનાપતિ નીલને તેઓના પર અવિશ્વાસ આવ્યો જેઓ બંડખોર સિપાહીઓને હઠાવી કિલ્લાનો બચાવ કરતા હતા, તેઓને કિલ્લાના બહારના ભાગમા કામ સોપવામા આવ્યુ શિખોએ આ હુકમ ન પાળવાની હઠ કરી પરતુ સેનાપતિ નીલ કલાઇવના જેવો દઢ હતો, તેણે પોતાનો હુકમ પાછો ફેરવ્યો નહિ. અગાઉ જણાવ્યા પ્રમાણે આ વખતે કિલ્લામા વ્યવસ્થાનું નામ નહોતું સૈનિકોમા મદ્યપાન હદબહાર ફેલાયુ હતું શિખો ગુદામમાની ઉત્તમોત્તમ દારૂની બાટલીઓ લાવી મદ્યપાન કરતા હતા સેનાપતિ નીલે તેઓ માગે તેટલા પૈસા આપી એ બાટલીઓ પાછી ગુદામમા લઇ જવાનો હુકમ આપ્યો. આ હુકમથી શિખોને સંતોષ થયો. તે ઉપરાત તેમનો અધિનાયક પણ તેઓને કિલ્લાની બહાર રહેવાનું સમજાવવા લાગ્યો. એટલે તેઓએ કંઇ પણ આનાકાની ન કરતા નીલે આપેલો હુકમ માથે ચઢાવ્યો તેઓ કિલ્લાની બહાર આવેલા મકાનોમા રહેવા લાગ્યા. પરતુ તેઓની લૂટફાટ કરવાની કુટેવ દૂર થઇ નહિ તેઓ યુરોપિઅનોનો સરસામાન લૂટતા બંધ પડયા ખરા, પણ કિલ્લાની બહાર આવેલા ગામડાઓમા તેઓનો કોયડો ફરી વળ્યો. તેઓ ઉંદરન. ટોળા માફક છૂટા છવાયા ચોતરફ દોડતા અને ગરીબ ગામડીઆઓનો સર-

સામાન લૂટી આવતા તેઓની આ કુટેવ છોડાવવા પુષ્કળ પ્રયત્નો કરવામા આવ્યા, છતા તેઓએ આ ટેવ ન છોડી તેઓનો અધિનાયક તેઓને વ્યવસ્થિત રાખી શક્યો નહિ શિખોની માફક યુરોપિઅનો પણ પોતાના સેનાપતિનો હુકમ ન માનવાનો આગ્રહ દર્શાવના એ વખતે સરસામાન લઇ જવા માટે બળદગાડીઓની બહુ જરૂર પડી. ઘણે સ્થળે ગાડી કે બળદમાનુ કઇ મળતુ નહિ તેથી યુરોપિઅન લડવૈયાઓની માફક બળદગાડીઓ પણ અતિ જરૂરની થઇ પડી હતી. વોલન્ટીઅર યુરોપિઅન લડવૈયાઓ એટલા બધા ઉન્મત્ત થઇ ગયા હતા કે તેઓ આવા અતિ જરૂરી જીવોને પણ ઠાર કરતા હતા. તેઓની આવી ઉચ્છૃંખલતા જોઇ સેનાપતિ નીલે તેઓને એવી બીક બતાવી હતી કે જો તમે વ્યવસ્થા નહિ જાળવો તો તમારામાના કેટલાકને બદુકની ગોળીએ ઠાર કરવા પડશે

શિખોને કિલ્લામાથી બહાર કાઢી સેનાપતિ નીલે બડખોરોને હાકી કાઢવાની તૈયારી કરી. તેણે ૧૫ મી તથા ૧૭ મી જુને પોતાના બૈરા છોકરાને બે વહાણોમા કલકત્તા મોકલી દીધા. વહાણના નાવિકો મુસલમાનો હતા તેઓ પર વિશ્વાસ રાખી શકાય એવુ ન હોવાથી ૧૭ વિશ્વાસુ રક્ષકો તેમની સાથે કલકત્તા રવાના થયા. તેઓમા એક શ્યામચરણ મુખોપાધ્યાય નામનો દેશી ખ્રિસ્તી હતો તેણે આ બૈરા છોકરા તરફ સૌજન્ય બતાવવામા મણા રાખી નહોતી હવે કર્નલ નીલે જમનાના ડાબા કિનારા પર આવેલા કિદગજ અને મૂલગજ નામના ગામડા પર હલ્લો કર્યો બડખોરો એ બને ગામડા તજી ચાલ્યા ગયા. ત્યારપછી જળમાર્ગ સહીસલામત રાખવા માટે એક વહાણમા એક તોપ તથા કેટલાક સૈનિકો મોકલવામા આવ્યા તેઓએ નદીમા થોડે દૂર

જઇ નદીના ડાબા ને જમણા કિનારા પર ગોળીબાર કરી બંડખોરોને ખૂબ અકળાવ્યા સ્થળમાર્ગે કેટલાક પાયદળ અને ઘોડેસ્વાર સૈનિકો મોકલવામા આવ્યા. પાયદળોમા એક શિખ ટુકડી હતી, શિખો આ-ગળ વધ્યા કે તરત બડખોરો તેના પર તૂટી પડ્યા. પરતુ છેવટે તે-ઓને શિખ સિપાહીઓનો માર ખાઇ નાસી જવુ પડ્યુ તેઓ અતને વખતે તોપ તથા કેદીઓ છોડી બીજે સ્થળે નાઠા. એ બદીવાનોમા અગાઉ જણાવેલો સોળ વર્ષનો છોકરો હતો.

સેનાપતિ નીલે અલાહાબાદમા આવી આ પ્રમાણે એક પછી એક સ્થળે પોતાની સત્તા પાછી જમાવી. ૧૭ મી જુને મેજિસ્ટ્રેટ સાહેબ કોટવાળીમા પધાર્યા બડખોરો આ જગા અગાઉથી છોડી નાસી ગયા હતા મેજિસ્ટ્રેટે બીનહરકતે પોતાના માણસોને અમુક કાર્ય સોપી દીધુ એ દરમ્યાન શહેરમા બુમ ઉઠી કે અગ્રેજો આખુ શહેર તોપના મારાથી ઉડાવી દેવાના છે આ બુમની ઉત્પત્તિ શી રીતે થઈ તે જણાયું નથી. બીકણ માણસોની કલ્પનાએ અગર જેઓ અગ્રેજો-ના સામા પક્ષવાળાને હાકી કાઢવા તત્પર થયા હતા, તેઓની સલા-હથી આ જનશ્રુતિ ફેલાઇ હોય એ સંભવિત છે આ જનશ્રુતિ ગમે તેણે ફેલાવી હોય પણ એટલુ તો ખરૂ કે તેણે માણસોના હૃદયમા એવી ભીતિ ફેલાવી દીધી કે મૌલવી અને તેના શિષ્યોએ આ બીક ખોટી છે એવુ બતાવવાના પુષ્કળ પ્રયત્નો કર્યા છતા તેઓને સફળતા મળી નહિ નગરવાસીઓ ભયથી ગાડા બની ચોતરફ નાસવા લાગ્યા. તે દિવસે શહેરમા માણસનુ નામ રહ્યુ નહિ. સધ્યાકાળ વખતે શહે-રમા કોઇ પણ સ્થળે દીવા સળગ્યા નહિ લિયાકતઅલી અધીર હૃદયે કાનપુર તરફ નાઠો.[1] તેના બે મદદગારો અત્યાર સુધીમા લડતા માર્યા

ગયા હતા. એક સુંદર પોશાકવાળા રૂપાળા પુરુષને શિખોના અધિનાયક સમક્ષ ઉભો કરવામાં આવ્યો તેના બંને હાથો પાછળ બાંધેલા હતા. તેણે સેનાપતિ સમક્ષ પોતાને મૌલવીના ભત્રીજા તરીકે ઓળખાવ્યો હતો. સેનાધ્યક્ષે તેને કેટલાક પ્રશ્નો પૂછ્યા બાદ કેદખાનામાં પૂરવાનો હુકમ આપ્યો જ્યારે શિખ સૈનિકો પોતાના અધિનાયકના હુકમથી તેને કેદખાનામાં લઇ જતા હતા ત્યારે તેણે અકસ્માત રીતે પોતાના હાથના બંધન તોડી નાખ્યા બંધન બાંધનારને લાત મારી આ જોઈ સેનાનાયક વીજળીના વેગે તેની પાસે આવી પહોચ્યો, તેણે તેના હાથમાંથી તરવાર કાઢી લીધી અને ધક્કો મારી જમીન પર પાડ્યો શિખોએ આ વખતે પોતાના પગરખા દ્વારા તેના માથાને એવી તો લાતો મારી કે એક ક્ષણમાં તેનું માથુ કપાઇ દેહથી છૂટુ થઇ ગયુ ત્યારબાદ તેના શબને ફેંકી દેવામાં આવ્યુ ૨

૧૮ મી જુને સેનાપતિ નીલ બધુ સૈન્ય લઇ કિલ્લા બહાર નીકળ્યો. તેણે એક ટુકડી દરિયાબાદ, મેંહરબાદ અને રસુલપુર નામના

પૃષ્ઠ ૧૨૩–૧. મૌલવીએ આ સબંધમાં લખ્યુ છે કે:– કેટલાક દુષ્ટ લોકોએ "અભિશાપગ્રસ્ત લોકોનો" પક્ષ લઇ જાહેર કર્યું કે અંગ્રેજો શહેરનો નાશ કરવા માટે તોપો તૈયાર કરે છે રાત પુરી થતા તેઓ શહેર પર ગોળા ફેંકશે. આ વાત જાહેર કરનારા પોતાના વચનોમાં વિશ્વાસ રખાવવા ખાતર ઘરબાર તથા મરસામાન સાચવવાની જવાબદારી ઇશ્વરપર નાખી નોકર ચાકરો સહિત નાસી ગયા આ વિપત્તિજનક સમાચાર ફેલાતા મે વારવાર મના કરી છતા શહેરના લોકો પોતપોતાના કુટુંબકબીલા સાથે પૈસાટકો લઇ નાસી જવા લાગ્યા.

૨ Martin, Indian, Empire, Vol. II. P 299.

ગામડા પર મોકલી અને બાકીનું લશ્કર લઇ પોતે શહેર તરફ ગયો. શહેર સુમસુમાકાર હતું લોકો નાસી ગયા હતા. વાવાઝોડા પછી પ્રકૃતિ જેવો દેખાવ ધારણ કરે તેવો દેખાવ ચોતરફ થઇ રહ્યો હતો. છાવણી, કવાયતનું મેદાન વગેરે સ્થળોમા કેવળ શાતિ પ્રસરી રહી હતી સેનાપતિએ તજી દેવાએલી લશ્કરી છાવણીમા પડાવ નાખ્યો શાસન વિભાગના અમલદારો પોતપોતાનુ કાર્ય બજાવવા લાગ્યા. કવાયતના મેદાન પર વળી કપનિના વફાદાર સૈનિકો કવાયત કરવા લાગ્યા. ગંગાજમનાના સંગમ સ્થળે ફરીથી કપનિની સત્તા સ્થપાઇ. અલાહાબાદની લડાઇ પૂરી થઇ પરતુ અગ્રેજ રાજપુરુષોની વૈરવૃતિ તૃપ્ત થઈ નહોતી, બંડખોર પ્રજાના હાથે જે નિષ્ઠુરતાપૂર્વક અગ્રેજો માર્યા ગયા હતા, તે નિષ્ઠુરતાને વીસરાવે તેવી નિષ્ઠુરતા દર્શાવવા હવે અમલદારો તૈયાર થયા બે અઠવાડિઆ પહેલા તેઓને શહેરમાથી હાકી કાઢવામા આવ્યા હતા, તેઓનો કિલ્લો ચોતરફથી ઘેરાયો હતો. ઘરબાર ભસ્મીભુત થયા હતા. સ્નેહીઓ માર્યા ગયા હતા એ બધુ સભારી તેઓ વેર વસુલ કરવા તૈયાર થયા. જ્યારે તેઓની સત્તા પુન સ્થપાઇ ત્યારે તેઓ બેધડક નિરક્ષર તથા નિરપરાધી લોકોનું લોહી રેડવા લાગ્યા. પ્રકોપના પ્રતિઘાતે ભયકર કાર્યો કર્યા ઉદારતા અને ન્યાયશીલતાને યોગ્ય દયા જે સ્થળે શાતિનુ રાજ્ય કાયમ રાખી પવિત્રતા ફેલાવી શકત, તે સ્થળે ભયકર વૈરવૃત્તિને લીધે પાપમય કાર્યો થવા લાગ્યા

જ્યારે અંગ્રેજો વાયવ્યપ્રાતોમા પોતાની જિદગી બચાવવા માટે તરફડિઆ મારતા હતા, ત્યારે કલકત્તાની કાઉન્સિલે બંડખોરોને શિક્ષા કરવા માટે કઠોર કાયદો જાહેર કર્યા આ કાયદાને લીધે પ્રજાની અમૂલ્ય જિદગી કેવળ ન્યાયાધીશના હાથનું રમકડુ બની ગઇ. અલાહા-

બાદ વિભાગમા એ કાયદો જાહેર કરવામા આવ્યો. નીચ િતનાય ન્યાયા ધીશ, તેના મદદગારો તથા ન્યાયખાતાની બહારના કેટલાક લોકોને આ કાયદાનો અમલ કરવાની સત્તા આપવામા આવી. વિભાગીય કમિશનર, જજ, સહકારી મેજિસ્ટ્રેટ, સિવિલ સર્જન વગેરે બધાને આ કાયદાને લીધે માણસોની જિંદગીના વિધાતા બનાવવામા આવ્યા આ બધા ન્યાય તોળનારાઓએ લોકોને હાથે પોતાના બંગલા બળતા નજરેનજર જોયા હતા. પોતાની સ્ત્રી તથા છોકરાને બેબાકળી અવ સ્થામા કિલ્લામા લઇ જવાનુ દુ ખ ભોગવ્યુ હતુ તેથી એ લોકો વેર વાળવા માટે ઉંચા નીચા થઇ રહ્યા હતા તેઓ કાળા લોકોને પોતાના શત્રુ માની બેઠા હતા. જેઓ આ રીતે કેવળ વેર વાળવા ખાતર તત્પર થઇ બેઠા હતા તેઓને પ્રજાનો ન્યાય તોળવા પવિત્ર ન્યાયા સન પર બેસાડવામા આવ્યા હતા

આ વખતે આવા લોકોના હાથમા આવી જવાબદારી સોપવી એ સરકારને છાજતું નહોતું જેઓએ સર્વત્ર બળવો ફેલાવ્યો હોય તે-ઓને સજા કરવી જોઇએ એ વાત ખરી છે, પરંતુ એવી સજા કરતા વેળા ન્યાયની મર્યાદા જાળવવી જોઇએ સેંકડો અપરાધી છુટી જાય એ બહેતર છે, પણ એકે નિર્દોષને ફાસીની સજા થાય એ યોગ્ય નથી સરકારે જે ઉદ્દેશ લક્ષમા રાખી આ કાયદો ઘડયો હતો, તે ઉદ્દેશ કાયદાનો અમલ કરનાર સૂક્ષ્મદષ્ટિવાળો હોય તો જ પાર પડે તેમ હતું પરંતુ ધીરજ અને સારી સમજના અભાવે સરકા નો ઉદ્દેશ પાર પડયો નહિ. જે કાયદો દુષ્ટોનું દમન તથા શિષ્ટોના પાલન અને રક્ષણ માટે રચાયો હતો તે કાયદો શિષ્ટોની જીંદગી હરી લેવામા અતિ સફળ નીવડયો. દરરોજ અસંખ્ય નિર્દોષ માણસોના જીવ જવા

લાગ્યા. વાયવ્યપ્રાંતમાં લેફ્ટેનેન્ટ ગવર્નરે જાહેર કર્યું હતું કે ગવર્નર જનરલની અનુમતિ સિવાય કોઇને દેહાંતદંડની સજા કરવામાં આવશે નહિ પરંતુ સેનાપતિ નીલે આ તરફ કંઇ ધ્યાન ન આપ્યું. એ વખતે પરલોકવાસી હરિશ્ચંદ્ર મુખોપાધ્યાય હિંદુ પેટ્રિઅટ પત્રના તંત્રી હતા તેણે આ બાબતમાં નીચે મુજબ લખ્યું હતું, " જો ગવર્નર જનરલ ગ્રાંટ સાહેબને (વાયવ્ય પ્રાંતનો લેફ્ટેનેન્ટ ગવર્નર) હુકમ ન પળાવે તો તેને પદભ્રષ્ટ કરવો જોઇએ. જો હિંદી લોકોનો નાશ કરવા ખાતર સેનાપતિ નીલની વૈર વાળવાની પદ્ધતિ મુજબ કાર્ય કરવું ઉચિત હોય તો લોર્ડ કેનિંગ અને તેની કૌંસિલના મેમ્બરોએ કેટલાક કસાઇના હાથમાં રાજ્યની જવાબદારી સોંપી આ દેશમાંથી ચાલ્યું જવું જોઇએ પરંતુ જો તેઓ હજી હિંદને બ્રિટિશ રાજમુગટનું રત્ન સમજતા હોય તો યુદ્ધદેવને સ્થળે કરુણાદેવીની સ્થાપના કરી વાયવ્ય પ્રાંતના લોકોને આ મહાનાશમાંથી બચાવવા જોઇએ " સ્વદેશ હિતેચ્છુ, રાજનીતિજ્ઞ લેખકની લેખનીને એક વખતે આવા સખત વચનો લખવા પડયા હતા. પરંતુ તે વખતે તો સેનાપતિ નીલ સિવાય બીજા પણ આ સર્વધ્વંસમયી રાજનીતિને વિસ્તારી પ્રજાને ત્રાસ પમાડી રહ્યા હતા.[૧] ભયંકર વેરવૃત્તિથી તેઓનો વિવેક નષ્ટ થયો હતો અને ગંભીર ઉશ્કેરણીને લીધે તેઓની ન્યાયવૃત્તિ દબાઇ ગઇ હતી.

ન્યાયખાતાની બહારના જે ત્રણ જણાના હાથમાં લશ્કરી કાયદાનો

---

૧. ૧૭ મી જુને–સેનાપતિ નીલે પોતાની રોજનિશીમાં લખ્યું હતું કે, " વિદ્રોહીઓ સાથે જોડાવાના અપરાધથી સૈયદ હસ્ન અલી નામના એક સવારને મારી આગળ ઉભો કરવામાં આવ્યો. આ માણસે વીશ વર્ષ સુધી સરકારી નોકરી બજાવી હતી મેં તેને તરત જ ફાંસીએ

અમલ કરવાની સત્તા હતી તેઓમાના એકે ૬૦ જણને, બીજાએ ૬૪ જણને અને સિવિલ સર્જને ૫૪ જણને ફાસીની સજા કરી હતી આ બધા લોકોના ગુનાની હકીકત કે સાક્ષીઓની જુબાનીનો કોઇ પણ કાગળ રાખવામા આવ્યો નહોતો એક માણસ પાસે એક થેની ભરીને નવા પૈસા હતા, તે ખાતર તેને ફાસીની સજા કરવામા આવી હતી ન્યાયાધીશે ધાર્યું હતું કે આ માણસે તેજુરી લટવામા ભાગ લીધો છે અથવા સિપાહીઓ પૈસા છોડી રૂપીઆ લેવા માટે તૈયારી કરી રહ્યા હતા તે વખતે આ માણસે આ પૈસાની થેની લઈ લીધી હશે સરકારની સત્તા સ્થપાયા પછી એક માસ કરતા વધારે મુદતે એક દિવસ પદર જણને અને તેને બીજે દિવસે ૨૮ જણને બડ ઉઠાવવાના તથા તેજૂરી લૂટવાના અપરાધ સબબ ફાસીએ ચડાવવામા આવ્યા હતા. પરતુ તેઓ બડખોર સિપાહીઓ હતા તેની કશી સાબીતિ મળી નહોતી.

લટકાવવાનો હુકમ આપ્યો. આ માણસને લીધે મારે છ જણને ફાસી આપવી પડી હતી. મારે આવુ કામ કરવુ પડશે તે હુ અગાઉ જાણતો નહોતો ઇશ્વર જુએ છે કે મે ન્યાયનુ ખૂન કર્યુ નથી જો કે મારે બહુ કઠોરતા દર્શાવવી પડે છે એ વાત ખરી, પરતુ પરિસ્થિતિ જોતા મારા બધા અપરાધ ક્ષમ્ય ગણાવા જોઇએ સ્વદેશના ભલા માટે મારે આ પ્રમાણે કરવુ પડે છે ઇત્યાદિ." કે સાહેબ આ કાગળ પરથી સિદ્ધાત કાઢે છે કે નીલને ધર્મભય હતો, તે પોતાની જવાબદારી બરાબર સમજતો હતો. સેનાપતિએ કઇ અસખ્ય લોકોને દેહાતદડની શિક્ષા કરી નહોતી પરતુ આ સબધમા સાધારણ લોકોનુ માનવુ જુદુ જ છે. Kaye. Sepoy War Vol II. P. 269, Note

એવાજ અપરાધ સબબ એક દિવસ ૧૩ જણને ફાંસીએ ચઢાવવામા આવ્યા હતા.

બંડખોર સિપાહીઓને નદી ઉતરવાની સગવડ કરી આપવાના ગુના સબબ ૭ જણને ફાંસી આપવામા આવી. આ વખતે ફાંસી જ દરેક અપરાધની શિક્ષા હતી. દરેક ગુનેગારના અપરાધ બાબત યથોચિત વિચાર કરવામા આવ્યો હોત, સાક્ષીપુરાવા ગ્રહણ કરવામા આવ્યા હોત, તો આપણે ફરિયાદ કરવાનુ કંઈ કારણ નહોતું પરતુ એ સમયે તે તરફ બિલકુલ લક્ષ આપવામા આવ્યુ નહોતું. ન્યાયાધીશ ગુનેગાર માણસના ગુના તરફ લક્ષ ન આપતા પોતાના હૃદયમા ધગધગતી વૈરવૃત્તિ તરફ લક્ષ આપતો હતો પ્રકોપ સળગી ઉઠયા બાદ ૭ માસ પછી જજના હુકમથી ૧૦૦ જણને અને મેજિસ્ટ્રેટના હુકમથી ૫૦ જણને ફાસીની સજા કરવામા આવી હતી. અલાહાબાદ અને વાયવ્ય પ્રાતના કેટલાક ગામડાઓમા ફાસીના લાકડા ઉભા કરવામા આવ્યા હતા. એ લાકડા એવા જબરા હતા કે તે પર એકી સાથે અનેક જણને લટકાવી શકાતા હતા. એ વધસ્થાનમા ગુનેગારોના ટોળેટોળા હાજર કરવામા આવતા હતા અને તેઓને હારબંધ લટકાવી દેવામા આવતા હતા. પૂર્વોક્ત વિયાગકોમાના એકે આ વખતે લખ્યું હતું કે, "જે ગામના લોકોએ અમારા વિરૂદ્ધ બંડ ઉઠાવ્યુ હતું તે ગામના લોકોને અમે બાળી નાખ્યા છે કે ફાસીએ ચઢાવ્યા છે આ રીતે અમે અમારૂં વેર વસુલ કર્યું છે. જેઓએ સરકાર સામે બડ ઉઠાવ્યુ છે અગર સરકારના વફાદાર નોકરો તરફ નિષ્ઠુરતા બતાવી છે, તેઓને શિક્ષા કરવા માટે મારી નિમણુક થઇ હતી મે દરરોજ ૮ થી ૧૦ જણને ફાસીએ લટકાવ્યા છે. પ્રાણરક્ષણ અને પ્રાણહરણની જવાબ-

દોરી મારા હાથમા હતી. મેં નિશ્ચય કર્યો હતો કે અપરાધીઓમાના કોઇને જીવતા રાખવા નહિ. સાધારણ તપાસ ચલાવી દરેક અપરાધીને ફાસીની સજા કરવામા આવી છે સજા પામેલા માણસના ગળામા ફાસી નાખી તેને ઝાડની નીચે ગાડી પર ઉભો રાખવામા આવતો, પછી ગાડી ખેચી લેવામા આવતી એટલે પેલો માણસ ઝાડની ડાળીએ લટકી રહેતો.[૧]" પવિત્રતા પરાયણ ન્યાયાધીશ સાહેબે પોતાની પવિત્રતાનો આવો ગર્વ કર્યો હતો. સૈનિક અમલદારો કરતા દિવાની અમલદારોએ સત્યાનાશની પરાકાષ્ઠા દર્શાવી હતી. જલ્લાદ અને મુડદા વહ નારાઓનો પગાર ઘટાડી નાખવામા આવ્યો હતો આ બાબત સરકારને જાહેર કરતી વેળા મેજીસ્ટ્રેટે એવી દલીલ કરી હતી કે દરેક માણસને ફાસી આપના દર ફાસીએ દશ રૂપીઆ બચશે ખર્ચ ઘટાડવા સાથે આ પ્રમાણે લોકોને ઘટાડવાની પેરવી થતી હતી

આ વખતે એક બગાળી મુનસફે બહુ બહાદુરી દર્શાવી હતી તેણે પોતાના હાથ નીચે એક લસ્કરી ટુકડી ઉભી કરી હતી તેણે એ ટુકડી વડે બડખોરોને હાકી કાઢવાનો પ્રયત્ન કર્યો હતો એનુ નામ પ્યારીમોહન. તે હુગલી જિલ્લામાના ઉગરપાડા નામના ગામમા કુલીન વશમા જન્મ્યો હતો તેણે પોતાની બહાદુરી દર્શાવી "લડાઇ કરનાર મુન્સફ" એવી પદવી મેળવી હતી. બાબુ પ્યારીમોહને ઉત્તરપાડાની અગ્રેજી નિશાળમા કેળવણી લીધા બાદ કલકત્તાની હિદુ કોલેજમા કેળવણી લીધી હતી બળવા વખતે તે અલાહાબાદના મુનસફ હતો સરકારે તેને જાગીર આપી ડેપ્યુટિ મેજિસ્ટ્રેટ બનાવી સન્માન કર્યું હતું[૨]

---

૧ Martin, Indian Empire. Vol II P 161

૨ A Hindu Mutinies and the People, P. 141.

કલકત્તા રિવ્યુ નામના સામયિક પત્રના એક લેખકે આ ‘યુદ્ધ કરનારા મુન્સફ” વિષે લખ્યુ હતું કે “ દિવાની અદાલતનો એક દેશી ન્યાયાધીશ બંગાળી બાબુ હતો તેણે આ વખતે એવુ સાહસ દર્શાવ્યુ કે તે “ યુદ્ધ કરનાર મુનસફ ” તરીકે પ્રસિદ્ધિ પામ્યો. તેણે કેવળ પોતાના સ્થળનું જ રક્ષણ ન કરતા બંડખોરોને હટાવવાનો પ્રબળ પ્રયત્ન કર્યો હતો કેટલાક ગામડા ભસ્મીભૂત કર્યા હતા, અંગ્રેજીમા બધી બાબતની હકીકત નોધી પોતાનો અભિપ્રાય દર્શાવી તાબાના માણુસોને શાબાશી આપી હતી તથા સના ચલાવવામા પોતાની જાતિનું પ્રખર બુદ્ધિપ્રાબલ્ય દાખવી આપ્યુ હતું ”[૧] આ વખતે વાયવ્ય પ્રાતોમા સરકારી અમલદારો તરીકે બંગાળીઓની સંખ્યા બહુ હતી. તેઓએ આ બંડમા જરા પણ ભાગ લીધો ન હોતો, તેઓ અંતઃકરણપૂર્વક વફાદારી જાળવી રહ્યા હતા.[૨]

સુધરેલી જાતિના મહાનુભાવો આ પ્રમાણે નાશકારક નીતિ ચલાવી પોતાની સંસ્કૃતિથી જાહેર પ્રજાને વિમૂઢ કરી રહ્યા હતા તેઓની સામે લડનારા તેમની માફક સુધારાનું અભિમાન રાખતા ન હોતા. હિતાહિત કાર્ય નક્કી કરવાને અશક્ત હતા, અસ્ત્રશસ્ત્ર તથા લડાયક અનુભવમા તદ્દન ઉતરતા હતા. તેઓ કદચ સ્વાધીનતા મેળવવા માટે લડતા હોય એ સંભવિત છે, પણ તેઓએ ગંભીર ઉશ્કેરણીને લીધે પોતાની સુજનતાને તિલાજલિ આપી હતી, તેમા કંઇ શક નથી. તેઓએ પ્રબળ વૈરવૃત્તિથી ઉશ્કેરાઇ યુરોપિઅનોની દુર્દશા કરી હતી. દવાખાના, નિશાળો વગેરે સળગાવી મૂક્યા હતા; તથા

૧ Calcutta Review. Nol XXXI. P 59.

૨ Calcutta Review. Vol XXXI. P. 68

વિદેશી છોકરા પર તરવાર ચલાવી હતી. વેપારથી જે જે સ્થળો ઉન્નત દશામા આવ્યા હતા તે સ્થળોને તે લોકોએ જમીનદોસ્ત કરી નાખ્યા હતા. પરંતુ કેવળ હિંદના ઇતિહાસમા જ ભયકર વિપ્લવના આવા રૂંવાડા ઉભા કરે તેવા ચિત્રો દૃષ્ટિગોચર થાય છે એમ માનવાની જરૂર નથી એ બધા વિપ્લવના અવશ્યભાવી ફળો છે. બીજા દેશોના ઇતિહાસમા આ કરતા પણ વધારે ભયાનક બનાવો બનેલા નોધાએલા છે બાઇબલના જુના કરારમા સ્ત્રીપુરુષો અને બાળકોની હત્યાનુ વર્ણન મળી આવે છે સભ્યતાભિમાની રોમ સામ્રાજ્યમા પણ આવા નિષ્ઠુર કાર્યો થતા હતા, તે ઇતિહાસ વાચકોથી અજાણ્યુ નથી. સત્તરમી સદીમા ઇગ્લાડના રાજા પહેલા ચાર્લ્સના રાજ્ય અમલમા આયર્લાડના પ્રોટેસ્ટટ પથ તરફ ત્યાના કેથોલિકોએ જે ભયકર જુલમ કર્યો હતો, તેનું વર્ણન વાચી અત્યારે પણ માણસો સ્તભિત બની જાય છે.[૧] જ્યારે સુધરેલા દેશોમા સુધરેલા લોકોને હાથે આવા કલકિત કાર્યો થાય, નિરપરાધી સ્ત્રીઓ તથા બાળકો પણ ઉશ્કેરાએલા લોકોને હાથે મરણશરણ થાય, તો પછી હિંદના બડખોર સિપાહીઓ તથા ઉશ્કેરાએલા લોકો પોતાના ધર્મનું, આચારનુ અને સંપત્તિનું રક્ષણ કરવા માટે ફિરગીઓ સામે બંડ ઉઠાવી તેઓની હત્યા કરે એ કઇ વિચિત્ર નથી તેઓનામા સમજશક્તિ ન હોતી, જ્ઞાન નહોતુ લાબો વિચાર કરવાની શક્તિ નહોતી. તેઓ અગ્રેજોની ભેદી નીતિ સમજી શક્યા નહોતા, તેઓમાના કોઇ કોઇ અગ્રેજોની કાર્યપ્રણાલિના દોષથી પોતાનુ સત્યાનાશ વળશે એવા વિચારથી બડ ઉઠાવવા તૈયાર થયા હતા, કોઇ કોઇએ સત્તા તથા સંપત્તિથી ભ્રષ્ટ થએલા લોકોના ભમા-

[૧] Calcutta Review. XXXI. P. 80

વવાથી તરવાર પકડી હતી, કોઇ કોઇ ઇચ્છા વિના કેવળ પોતાની સંપત્તિ જાળવવા ખાતર બંડખોરો સાથે ભળ્યા હતા, કોઇ સંપત્તિ લૂટી એકાએક ધનવાન બની જવાની આશાથી, અને કોઇ પોતાના સંબધીના ઉશ્કેરવાથી બંડ વિસ્તારવા તૈયાર થયા હતા. જ્યારે મુખ્ય મુખ્ય શહેરોના સિપાહીઓએ બંડ ઉઠાવ્યું, યુરોપિઅન સિપાહીઓ એ બંડ દબાવી દેવાને અશક્ત નીવડ્યા, ત્યારે આ લોકો બીજો કંઇ ઉપાય ન જોતા બંડખોરોના ટોળામા જઇ ભળ્યા. રોમનોએ બ્રિટન છોડયું ત્યારે બ્રિટન લોકોની જેવી સ્થિતિ થઇ હતી, તેવી સ્થિતિ અત્યારે એ લોકોની થઇ પડી હતી[૧] તેઓને સાચી સલાહ આપનારૂ કોઇ નહોતું; તેઓની સંપત્તિનું રક્ષણ કરનાર કોઇ નહોતું. તેઓ બંડખોર સાથે ન ભળે તો તેઓ તેમની બધી સંપત્તિ લૂટી લે તેમ હતું. આવી સ્થિતિમા તેઓએ બંડખોરોનો આશ્રય લીધો. છેવટે તેઓનો અંગ્રેજોના હાથે નાશ થયો. તેઓએ જે સંપત્તિના બચાવ માટે બંડખોરોનો આશ્રય લીધો હતો, તે સંપત્તિ અંગ્રેજોને હાથે લૂટાઇ. જે સંબંધીઓને બચાવવા માટે બંડખોરોને આશ્રય આપ્યો હતો તે સંબધીઓ અંગ્રેજોને હાથે માર્યા ગયા. તેઓ પોતે પણ ફાંસીને લાકડે લટક્યા. અંગ્રેજોએ તેમના તરફ કંઇ દયા બતાવી નહિ. તેઓના બૈરાં છોકરા પણ સળગતા ગામોમા ભસ્મ થઇ ગયા. અંગ્રેજો ગર્વથી બોલવા લાગ્યા કે ‘ કાળા નેટિવોનો ’ નાશ કરવો એ અમારે માટે રમત થઇ પડી છે. તેઓએ અંત:કરણ પૂર્વક આ આનદ લૂટયો હતો.[૨] આપણા દેશના એક ગ્રંથકારે પો-

---

૧. Calcutta Review, XXXI. P. 81

૨. Kaye, Sepoy War, Vol. II. P. 210.

તાની મુસાફરીની નોંધમા જણાવ્યું છે કે રસ્તામા અને બજારમા જે જે માણસોને ફાંસીએ લટકાવવામા આવ્યા હતા, તેઓના શબોને ગંગામા ફેંકી દેવા માટે ૮ ગાડીઓ રોકવામા આવી હતી. ત્રણ માસ સુધી આ ગાડીઓ દરરોજ સવારથી સાંજ સુધી એ શબો લઇ જતી હતી એકદર ૭ હજાર માણસોની જિંદગી આ રીતે નષ્ટ થઇ હતી[૧] બંડ શાંત થયા બાદ અંગ્રેજોએ આવી રીતે પોતાની વૈરવૃત્તિ શાંત કરી હતી. લોકોને લૂંટફાટ અને પ્રકોપના બદલામા આ પ્રમાણે ધ્વંસમય સજા વેઠવી પડી હતી. સરકાર પ્રજાનું રક્ષણ કરવાને બદલે દયાવૃત્તિ છાંડી પ્રજાનું ભક્ષણ કરવા તત્પર થઇ હતી.

અલ્લાહાબાદ વિભાગના બંડ વિષે કલકત્તા રિવ્યુમા એ બંડ પૂર્ણ થયા બાદ એક લેખ પ્રગટ થયો હતો એ લેખ પરથી કેટલાક વિચારો ઉપર જણાવવામા આવ્યા છે. એ લેખનો ઉપસંહાર કરવા એ લેખના વિદ્વાન લેખકે જણાવ્યું છે કે, " પ્રત્યેક અંગ્રેજ સ્વતંત્ર અને સ્વાધીનતાનો પ્રચારક છે. તેઓ યથેચ્છાચારી સરકારના અમલદાર છતા સરકાર પ્રજાનું પિતૃભાવે પાલન કરે છે એવા વિચારથી સાન્ત્વન પામે છે ' રાજનૈતિક ગુના આ સ્થળે દૃષ્ટિગોચર થતા નથી, અને પ્રજા પોતપોતાની અવસ્થામા સંતુષ્ટ છે ' એવી એવી વાતો હવે જાહેર કરવાની જરૂર રહી નથી. અહીં જે લોહી રેડાયું છે તે ભાગીરથીના પ્રચંડ પ્રવાહથી પણ ધોવાવાનું નથી, અનંત કાળસ્રોતમાં ૧૮૫૭ ની સાલ સ્મૃતિપટ પરથી કદી ભૂંસાઇ જવાની નથી એ સાલમા સેંકડો માણસોને બળજોરીથી મારી નાખવામાં આવ્યા છે,

---

૧. Bholanath Chunder, Travels of a Hindu. Vol II. P. 324-25.

આપણાપર ચોતરફથી હુમલો થયો હતો, પણ આપણે એ હુમલાનું વેર લેવામા જે રાક્ષસી ઉપાયો કામે લગાડયા હતા તે કદી વીસરાય તેમ નથી હવે આપણે તેઓની સાથે બંધુભાવે બેટવાનો અગર મિત્ર તરીકે અભિનંદન ગ્રહણ કરવાનો અધિકાર ગુમાવ્યો છે તેઓના સંતાનોના રક્ષક તરીકેની ફરજ બજાવવાનો અધિકાર ગુમાવ્યો છે. તેઓએ જેમ આપણું લોહી રેડયું હતું તેમ આપણે પણ તેઓનુ લોહી રેડયુ છે. આપણે તેમના તરફ એટલો બધો તિરસ્કાર બતાવ્યો છે કે તેઓ આપણું મરણ થાય તોજ અંતઃકરણપૂર્વક સંતુષ્ટ થાય તેમ છે.

"આવા બળવામા ખ્રિસ્તી ધર્મ પાળનારાઓએ ધર્મના મૂળભૂત તત્ત્વો વિસરી જવાની કલ્પના કરવી એ બહુ ભયંકર છે. જેઓ હમણા ઇગ્લાંડથી આવ્યા છે, તેઓએ જ્યારે દેવાગનારૂપી કોમલાંગિનીઓને મુખે આપણે અહીંના દેશીઓ તરફ જે વર્ત્તણુક ચલાવી છે, તેની વાતો સાભળી છે, ત્યારે તેઓ અતિશય નવાઇ પામ્યા છે. મનુષ્યત્વનો છાટો પણ આપણામા રહ્યો નથી. આપણે આ બધા માણસોને પશુ માન્યા હતા, પણ એ પશુઓ વચ્ચે જ આપણે આપણી જિંદગીનો ઉત્તમોત્તમ સમય ગુજાર્યો છે. આપણે તેઓનો ખોરાક ખાધો છે. આપણું કર્તવ્ય એ હતું કે તેઓ હવેથી આપણા પર હાથ ન ઉગામે તેવો બંદોબસ્ત કરવો

× × × ×

"જેઓ આપણી સામે ઉભા થયા હતા, આપણી સત્તા આગળ હાર્યા હતા, અથવા આપણી તરવાર, તોપ કે ફાંસીવડે ત્રાસ પામ્યા હતા, તેઓ સબંધમાં આપણે કશી તપાસ કરી નથી. તેઓમાંના

ઘણાખરા સ્પાર્ટાવાસીઓની માફક ગર્વપૂર્વક મરણ પામ્યા છે, તેઓ પોતાના અંતિમ સમયની રાહ જયજયકાર વચ્ચે જોતા હતા તેઓ કેવા શક્તિસંપન્ન હતા, તે કેવળ અંતર્યામી પ્રભુ જ જાણતો હતો તેઓમાના કોઇએ જીવનભિક્ષા માગી નથી, અથવા કોઇ પણ ચીજ આપી પોતાની જિંદગી બચાવવાનો પ્રયત્ન કર્યો નથી. તેઓએ બીજાના જીવનની પેઠે પોતાના જીવનને પણ તૃણ સમાન માન્યું હતું હજારો માણસો આપણી સામે ઉઠયા હતા, કારણ કે તેઓને માટે એ સિવાય બીજો કોઇ રસ્તો નહોતો, આત્મરક્ષણનો કોઇ ઉપાય નહોતો અને કોઇ સ્થળે દયાથી કોમળતાનો વિકાસ નહોતો.

"આપણા અમલદારોએ વિચારવું જોઇએ કે તેઓએ કંઇ જંગલી લોકોનો કબજો લીધો નથી સંખ્યાબંધ સમૃદ્ધ શહેરો અને અસંખ્ય ગામડાઓમા એ લોકો રહેતા હતા તેઓ કાર્ય કરવામા ચતુર, આચારવ્યવહારમા વિવેકી, યુદ્ધ કરવામા સાહસિક, મૃત્યુથી ન ડરનારા અને ધર્માનુગત વિશ્વાસમા શ્રદ્ધા રાખનારા હતા. તેઓએ ન્યાયાનુગત વિરાગને વશ થઇ આપણી વિરુદ્ધ હથિયાર પકડયા હોય એ સંભવિત છે. કારણ કે તેઓની અને આપણી માન્યતાઓ જુદી જુદી છે. તેઓનો ને આપણો ધર્મ એક નથી, તેઓ જે રીતે ન્યાય અન્યાયનો વિચાર કરે છે, તે રીતે આપણે કરતા નથી આપણે એ બધા લોકોનો તદ્દન નાશ કરી તેઓની જગાએ અંગ્રેજોને વસાવી શકીએ તેમ નથી આપણે સમગ્ર હિંદને જનશૂન્ય કરી તેને શાંતિમય દેશ બનાવી શકીએ તેમ નથી. માટે આપણે અતિશય ખોટું કાર્ય કર્યું છે એમા કંઇ શક નથી. વિશ્વનિયંતાએ આપણું રક્ષણ કર્યું છે અને હજુ કરે છે. એ સર્વનિયંતા ભગવાન અપરાધની

શિક્ષા આપે છે અને આપણો બચાવ કરે છે. આપણી પાસે સત્તા, બુદ્ધિ, અનુભવ, સૈન્ય, હથિયારો વગેરે બધુ છતા એ દુર્બળ, નિરક્ષર, વિદ્રોહી તરીકે ઓળખાતા લોકો તરફ દયા બતાવવી એને હુ ઉચિત ગણુ છુ."[૧]

એ ઉદાર લેખકે અલાહાબાદ વિભાગમા મચી રહેલી અવ્યવસ્થા માટે ઉપર પ્રમાણે વિચારો દર્શાવ્યા છે. દુનિયામા જ્યા સુધી ન્યાય, દયા અને ઉદારતાનુ નામનિશાન રહેશે ત્યા સુધી એ વિચારોની ઉપેક્ષા થઇ શકશે નહિ.

સેનાપતિ નીલ અલાહાબાદમા કંપનિની સત્તા પાછી જમાવતો હતો, ત્યારે તેને કાનપુર તથા લખનૌરમાના પોતાના સ્વદેશ બંધુઓની ચિંતા થતી હતી. તે એ બંને સ્થળે મદદગાર લશ્કર મોકલવાનો પ્રયત્ન કરવા લાગ્યો પરતુ આ સમયમા ત્વરિત ગતિથી કાર્ય કરવાની સગવડ નહોતી. માણસોનો તોટો ન હોતો પણ સરસામાનની ઘણી હાડમારી હતી. સૈનિકો માટે ખોરાકી નહોતી. ને સિવાય કુચ કરવા માટે જે ચીજો જોઇએ તે ચીજોનો તદ્દન અભાવ હતો. સરસામાન એકઠો કરનાર વિભાગે બળવા પહેલા ખોરાક માટે ઘણા બળદો એકઠા કર્યાં હતા. પણ એ બધા બંડખોરોએ કબજે કરી લીધા હતા. ગાડીઓ મેળવતા બહુ વાર લાગી. લડાઇની ગરબડમા સૈન્યને વાપરવાના વણુઓ આડાઅવળા થઇ ગયા હતા. ઋતુ એવી હતી કે તાપ તથા વરસાદના પ્રચંડ મારા વચ્ચે સિપાહીઓને કુચ કરવી પડતી. આવી સ્થિતિમા તેઓ દ્રવ્યાદિ વગર અમુક સ્થાને જલદી જઈ શકતા નહિ. પરંતુ

---

૧ Calcutta Review, Vol. XXAI; A district during a Rebellion PP 82, 83, 84.

અલ્લાહાબાદની લડાઇમા સંપત્તિ નષ્ટ થઇ હતી, મજુરો નાસી ગયા હતા, વેપારીઓ ભારે ખોટમા આવી પડ્યા હતા. તે ઉપરાત લડાઇ પૂરી થયા બાદ સત્તાવાળાઓએ જે ત્રાસ મચાવ્યો હતો તેમાથી બચવા ઘણાખરા માણસો કોઇ નિર્જન સ્થાનોના જઇ છુપાઇ રહ્યા હતા. આથી સરસામાન એકત્ર કરનાર વિભાગના અમલદારોને મજુરો ન મળ્યા, સરસામાન પણ ન મળ્યો. તેઓએ સરસામાન મેળવવા માટે કેટલાક માણુસો પાસે કરાર કરાવી લીધા હતા, પણ અંગ્રેજોએ મચાવેલો જુલમ તે લોકોથી સહન ન થઇ શક્યો. તેઓ કરાર તોડી નાસી ગયા. આ બધા કારણોને લીધે મદદગાર લશ્કરની કુચને વિલબ થયો.

એ દરમ્યાન એક દૈવી આફત આવી પડી સેનાપતિ નીલ આવશ્યક સરસામાન મેળવવાનો ઉદ્યોગ કરતો હતો ત્યારે સન્યમા કોલેરાનો રોગ ફેલાયો સખત તાપ, પુષ્ટિકર ખાદ્યની ખામી અને ઉત્તેજિત મદ્યપાન, આ ત્રણ કારણોને લીધે આ ચેપી રોગ દહાડે દહાડે વૃદ્ધિ પામવા લાગ્યો એક રાત્રે એક સામટા ૨૦ જણુને આ રોગ લાગુ પડ્યો. દવાખાનું રોગીઓથી ભરપૂર બની ગયુ સેનાપતિ આ અણધારી વિપત્તિથી બહુ મુઝાવા લાગ્યો. આ સમયે દેશી લોકોની મદદ લેવાની બહુ જરૂર પડી રોગીઓની ડોળી ઉપાડવા માટે મજુરો મળતા ન હોતા. ડોળી મળે પણ માણસો ન મળે. જરૂરી કાર્યો બજાવવા માટે સૈનિક અમલદારોને નોકર ચાકર મળવા મુશ્કેલ થઇ પડ્યા. અંગ્રેજોની પ્રબળ વૈરવૃત્તિ નિરખી કોઇ પણ માણુસ તેમની પાસે રહેવા ઇચ્છતું નહોતું. ભયનું સામ્રાજ્ય ચોતરફ ફેલાઇ રહ્યું હતું. દરેક પોતાની જીંદગી અંગ્રેજોની ઇચ્છાપર આધાર રાખે છે એમ માનતા હતા. એ વખતની

દશા બાબત રેલ્વેના એક અમલદારે આ પ્રમાણે લખ્યુ છે, "સેનાપતિ નીલે અમને બધાને કિલ્લાની બહાર રહેવાનો હુકમ આપ્યો હતો આ હુકમ બહુ કઠોર છતા એથી અમારી બધી પીડા દૂર થઇ હતી સત્રે અમે કિલ્લાના ઢળતા ભાગમા તોપો આગળ સુતા હતા. પુરૂષો વારા ફરતી સંત્રીનું કામ કરતા. દેશી લોકોમાનું કોઇ અમારી નજરે પડતું કે તરત અમે કંઈ પણ પૂછયા વગર ગોળીબાર કરતા. સૈનિકો અતિશય થાકેલા હોવાથી ચાલી શકે તેમ નહોતું, છતા સેનાપતિના હુકમથી તેઓએ અમારા બળી ગએલા બંગલા પાસેનું ગામ બાળી નાખ્યુ હતું. એ ગામ બાળતા જે કોઇ પકડાયા તેને રસ્તાની બાજુએ આવેલા ઝાડોની ડાળીએ ફાસીએ લટકાવી દેવામા આવ્યા. એક બીજી ટુકડીએ શહેરના જે ભાગમાં દેશી લોકો વસતા હતા, તે ભાગમાના દરેક મકાનને આગ લગાડી દીધી. જેઓ ઘર બહાર નીકળી નાઠા તેઓને ગોળીથી વીંધી નાખવામા આવ્યા. એક વખતે અમે એટલા બધા બીહના હતા કે જીવતા રહેવા ખાતર સ્ટેશને જવું ઉચિત સમજી તે તરફ ચાલ્યા. અમે હથિયાર વિના ત્યા જઇ પહોચ્યા. જે દેશી લોકો અમારા નોકર તરીકે રહ્યા હતા, તેઓને એક એક પાસ આપવામા આવ્યો હતો. જેઓ પાસ બતાવી ન શકે તેને ફાસીએ લટકાવી દેવામા આવતા[1]"

આવી ખૂનરેજીથી દેશી લોકો બહુ ત્રાસ પામી ગયા. તેઓ યુરોપિઅનો પાસે આવી તેમનું કાર્ય કરવાની આનાકાની કરવા લાગ્યા. આથી અંગ્રેજી સૈન્યને માટે બહુ મુશ્કેલી વેઠવી પડી. સિપાઈઓના બળવાનો ઇતિહાસ લખનાર કે સાહેબ લખે છે કે દેશીઓની મદદ વગર આપણાથી કંઇ બને તેમ નહોતું. એમ છતા આપણે સિપાઇઓને

---

1 Martin, Indian Empire Vol. II. P. 200.

આપણા તરફથી બહુ દૂર હાંકી કાઢવાની ચેષ્ટા કરતા હતા.[1] અંગ્રેજોએ આ વખતે કેવી અનિષ્ટ નીતિ શરૂ કરી હતી, તે આ ઇતિહાસ લેખકના વાક્યો પરથી સાબીત થાય છે.

આવી ગડબડને લીધે સેનાપતિ નીલને જુન માસની આખર સુધી અલાહાબાદમા રહેવું પડ્યુ. કોઇ પણ યુરોપિઅન સૈન્ય અત્યાર સુધી કાનપુરનો બચાવ કરવા ગયુ નહોતું. તે દિવસે સાંજે મેજર રેનડેની સરદારી નીચે ૪૦૦ ગોરા, ૩૦૦ શિખ ૧૦૦ ઘોડેસ્વારો તથા ૨ તોપો કાનપુર જવા તૈયાર થઇ. સેનાનાયક રેનડેએ શુ કરવુ તે બાબત કર્નલ નીલે લેખીત હુકમો આપ્યા. નીલે આ હુકમોમા દર્શાવ્યુ હતુ કે રસ્તાની આજુબાજુ આવતા બડખોરોના સ્થાનોનો નાશ કરવો, પરંતુ બીજા કોઈ લોકોના દેહનો સ્પર્શ કરવો નહિ. રહેવાશીઓને પોતપોતાના ઘરમા જઇ વસવાનો ઉપદેશ આપવો, બ્રિટિશોની સત્તા ફરી જામી છે એવો તેઓનામા વિશ્વાસ પેદા કરવો, આમ કરવા માટે ગુનેગાર ભરાયા હોય એવા કેટલાક ગામોનો નાશ કરવો અને એ ગામડાના બધા લોકોને મારી નાખવા. એ સિવાય આદેશપત્રમા જણાવવામા આવ્યુ હતું કે જે સિપાહીઓ પોતાના સબંધમા સંતોષજનક હકીકત ન દર્શાવી શકે તે દરેકને ફાસી આપવી. ફતેપુરના લોકો સરકાર વિરૂદ્ધ ઉઠ્યા છે માટે એ ગામ પર હલ્લો કરવો તથા તેની પઠાણ શેરીના બધા રહેવાશીઓને મારી નાખવા. ફતેહપુરના બધા બડખોરોને ફાસી આપવી, તેનુ માથું ધડથી જુદુ કરવું અને તે માથુ શહેરના કોઇ મોટા મુસલમાનના મકાન આગળ ટાગવું. આવા ભયંકર હુકમો લઇ સેનાપતિ રેનડે કાનપુર તરફ ચાલ્યો. હવે રેનડેને મદદ

1 Kaye, Sepoy war. Vol. P. 27, 41 note.

કરવા તથા કાનપુરના યુરોપિઅનોને બચાવવા કપ્તાન સ્પાર્જન નામના એક સેનાનાયકની સરદારી નીચે એ ટુકડી જળમાર્ગે કાનપુર તરફ મોકલવાની તૈયારી થવા લાગી.

જે દિવસે કાનપુરના બચાવ માટે સૈન્ય મોકલવામા આવ્યુ તેજ દિવસે એક ઉંચી પદવીનો સૈનિક અમલદાર કલકત્તાથી આવી પહોચ્યો. તેના આગમનથી અલાહાબાદના યુરોપિઅનોને બહુ સંતોષ થયો. એ મહારાણી વિકટોરિઆના લશ્કરનો એક સાહસિક સેનાપતિ હતો. ઘણી લડાઇઓમા તેનુ સાહસ વખણાઇ ગયુ હતું બ્રહ્મદેશ, અફ્ગાનિસ્તાન, મધ્યહિંદ, મહારાષ્ટ્ર અને પંજાબની લડાઇઓમા તેણે ભાગ લીધો હતો. લડાઇમા જય મેળવવો એ જ તેના જીવનનો ઉદ્દેશ પાર પાડવા માટે તે કોઇ પણ કાર્ય કરતા અટકતો નહિ તેની દક્ષતા કાર્યતત્પરતા અને અસાધારણ અનુભવ દરેક વખતે અચળ રહેતો

કર્નલ હેવલોક બળવાની શરૂઆત થઇ ત્યારે મુબાઇ હતો. મુબાઇથી તે મદ્રાસ આવ્યો એ વખતે ગવર્નર જનરલ લોર્ડ કેનિંગે મદ્રાસના મુખ્ય સેનાપતિ સર પેટ્રિક ગ્રાન્ટને સેનાપતિ એન્સનની જગા લેવાનો આગ્રહ દર્શાવ્યો હતો. સર પેટ્રિક ગ્રાન્ટ એ માટે કલકત્તા જવા તૈયાર થયો આ પ્રમાણે આ બને સાહસિક યોદ્ધાઓ એકી સાથે ૧ જુને કલકત્તા પહોચ્યા. ગવર્નર જનરલ તેઓના આગમનથી બહુ ખુશી થયો હવે વિલબ કરવાથી કામ વધારે બગડે તેમ હતું સર પેટ્રિક ગ્રાટને વડો સેનાપતિ બતાવવામા આવ્યો. કર્નલ હેવલોકને સૈન્ય લઇ અલાહાબાદ જવાનો હુકમ મળ્યો એ વખતે ખબર આવ્યા કે બનારસની ગડબડ શાત પડી છે, હજુ અલાહબાદમા શાતિ ફેલાઇ નથી. કાનપુર અને લખનોરમા બહુ તોફાન જામ્યું છે. આ ખાતર

હેવલોકને એવો હુકમ આપવામા આવ્યો કે તમારે જેમ બને તેમ જલદી અલાહાબાદ જવું, અને ત્યા શાતિ સ્થાપી કાનપુર તથા લખનોર તરફ જવુ. તે સ્થળોના બડખોરોને દબાવી દેવા યોગ્ય ઉપાયો લેવા. આવો હુકમ લઇ હેવલોક ૪ ટુકડી પાયદળ, એક ટુકડી ઘોડેસ્વાર અને ગોલદાજ સૈન્ય સાથે મુસાફરી કરવાની તૈયારી કરવા લાગ્યો. ઘોડા અને તોપો જોઇના પ્રમાણમા ન હોવાથી તેને દિલગીરી થઈ પણ પુરતા ટાટા ન હોવાથી તેને ભારે નિરાશા ઉત્પન્ન થઇ પરતુ તેણે એ માટે રાહ ન જોતા ગવર્નર જનરલ અને વડા સેનાપતિની રજા લઇ ૨૫ મી જુનને રોજ મુસાફરી શરૂ કરી.

૩૦ મી જુને હેવલોક અને નીલ અલાહાબાદમા એકત્ર થયા નીલે પોતાના કાર્યનો હેવાલ હેવલોકને જણાવ્યો. તેણે કાનપુર અને લખનોરના બચાવ માટે જે રીતે સૈન્ય મોકલ્યુ હતુ તે રીત હેવલોકને ગમી આ વિચક્ષણ અને કાર્યતત્પર સૈનિકો વચ્ચે મસલત થઇ કે સેનાનાયક રેનડેને આજે જ કાનપુર મોકલવો જળમાર્ગના સૈન્યને તેની સાથે મોકલવાની જરૂર નથી કારણ કે સ્થળમાર્ગે જતા સૈન્ય કરતા જળમાર્ગે જતું સૈન્ય ઉતાવળે રસ્તો કાપે છે. માટે રેનડેના ગયા પછી અમુક દિવસ કપ્તાન સ્પાર્જનનુ સૈન્ય રવાના કરવાનું કર્યું.

આ પ્રમાણે ૩૦ મી જુને સધ્યાકાળ વખતે કાનપુરના યુરોપિઅનોના બચાવ માટે યુરોપિઅન લશ્કર રવાના થયુ પરતુ આ વખતે દરેક બાબતમા નકામો વિલબ થવા લાગ્યો અગ્રેજ સેનાપતિને જરૂરી ચાજે માટે થોભવુ પડ્યુ હતું પોતાની વૈરવૃત્તિ શાત પાડવા માટે વિલબ કરવો પડચો હતો, પરંતુ કાનપુરના અગ્રેજોની વિપત્તિ દષ્ટિમાપ ખડી થતા જેમ બને તેમ જલદી સૈન્ય મોકલવાની ફરજ

પડી હતી. અલાહાબાદમાના અગ્રેજોની વૈરવૃત્તિથી ફેલાએલા ત્રાસને લીધે માણસો તેમજ ખોરાકીની તગી પડી હતી. હવે અલાહાબાદથી નીકળેલા લશ્કરના અધિનાયકના દોષથી ડગલે ડગલે વિલબ થવા લાગ્યો. તેણે પોતાની હિસકવૃત્તિની લગામ છૂટી મૂકી દીધી. તેની ત્રણ દિવસની મજલનો રસ્તો સર્વત્ર ભસ્મના ઢગલા અને ઝાડની ડાળી-ઓપર લટકતા શબોથી ભરપૂર બની ગયો હતો સેનાનાયક જરા પણ વિચાર ન કરતા રસ્તાની આજુબાજુ આવેલા ગામડાઓમા રહેતા શીખોને ઝાડની ડાળીએ લટકાવી દેવા લાગ્યો આ શબોથી કાનપુર જવાનો રસ્તો બહુ ભયકર બની ગયો. બે દિવસમા બેંતાળીશ માણસોને ફાસી આપવામા આવી, તેઓના શબ્દો ડાળીઓ પર લટકવા લાગ્યા તે સિવાય બાર જણાને ગોળીથી વીંધી નાખવામા આવ્યા કારણ કે તેઓ જ્યારે અગ્રેજી સૈન્ય કાનપુર તરફ જતું હતુ ત્યારે વિપક્ષીઓ તરફ જતા હતા સૈન્ય જે સ્થળે આરામ કરતું ત્યાની આજુબાજુના ગામડા ભસ્મના ઢગલા બની જતા ઓફીસરોએ આ બનાવ જોઇ સેનાનાયકને જણાવી દીધુ કે જો આ રીતે ગામડાનો નાશ કરવામા આવશે તો સૈન્યને ખોરાકી મેળવવી મુશ્કેલ થઇ પડશે કાનપુરની ખુનરેજી પહેલા અગ્રેજ સેનાપતિના હુકમથી આ પ્રમાણે ગામો સળગાવવામા અવ્યા અને લોકોને રેસી નાખવામા આવ્યા હતા[1] આ સ્થળે સેનાપતિએ કેવળ દ્વેષને તૃપ્ત કરવા ખાતર લોહી રેડયુ હતું પણ એથી જે અનિષ્ટ થયુ હતું તે તરફ તેની નજર નહોતી. સર્વસહારણી પ્રવૃત્તિ તેને ભવિષ્ય તરફ નજર કરવાનો અવસર આપતી નહિ. ને મોજથી ત્રાસ ફેલાવનો ફેલાવનો કાનપુર

---

1 Russell, Diary in India. Comp. Kaye Sepoy war. Vol. II. P. 244 note.

તરફ જતો હતો એ વખતે (૩ ૭ જુલાઇએ) સર હેન્રિ લોરેન્સે મોકલેલા એક દેશી જાસુસ દ્વારા ખબર મળ્યા કે કાનપુર બચાવવાની બધી આશા નિર્મુળ થઇ છે શહેર શત્રુઓના હાથમા આવ્યુ છે, સેનાપત્તિ શરણુ થયો છે અને તેની સાથે ત્યાના બધા યુરોપિઅનો માર્યા ગયા છે.

થોડીવારમા આ સમાચાર અલ્લાહાબાદ પહોચ્યા. સેનાપતિ નીલને આ સમાચાર ખોટા લાગ્યા તેણે વિચાર્યુ કે આ ગપ્પ શત્રુઓએ ફેલાવી લાગે છે જરૂરી ચીજો મેળવતા વિલબ થયો હતો છતા તેને ખાત્રી હતી કે કાનપુરના યુરોપિઅનો કઇ આમ એકાએક શત્રુઓના કબજામા જઇ પડશે નહિ આટલા વિલબથી કાનપુરમા સત્યાનાશ વળશે એવો ખ્યાલ નીલને કદી આવ્યો નહોતો. આ રીતે સેનાપતિ નીલ આ સમાચારની અસત્યતા માટે નકાશીલ હતો ત્યારે કર્નલ હેવલોક આ સમાચાર તદ્દન સત્ય માની બેઠો હતો બે જાસુસો અલ્લાહાબાદ આવી પહોચ્યા હતા, એ બનેને આ બાબતના સમાચાર પૂછવામા આવ્યા તે દરેકે એક જ વાત જણાવી કોઇ પણ બાબતમા વિરૂદ્ધતા જણાઇ નહિ કાનપુરમા બ્રિટિશ કપનિની સત્તાનુ અધ પતન અને ત્યાના યુરોપિઅનોની હત્યાની વાત સેનાનાયક રેનડેને પણ મળી છે એ વાત એ બને જાસુસોએ કબુલ કરી નીલે હવે કશો શક દર્શાવ્યો નહિ. ઉંડા વિષાદ સાથે પશ્ચાત્તાપની છાયા તેના મુખમડળપર છવાઇ ગઇ. કાનપુરના બચાવ માટે અલાહાબાદથી સૈન્ય મોકલતા વાર લાગી હતી. હવે નીલ જેમ બને તેમ જલદી રેનડેને કાનપુર પહોચવાનો હુકમ આપવાનો આગ્રહ દર્શાવવા લાગ્યો પરતુ સેનાપતિ હેવલોકે તેના આ ઠરાવને ટેકો આપ્યો નહિ. તેણે કહ્યુ કે

જો કાનપુર આપણા તાબામાંથી ગયું હશે તો બડખોરો બીજા સ્થળો કબજે કરવા દોડશે. અને તેઓ જરૂર અલાહાબાદથી કાનપુરનો બચાવ કરવા જતા સૈન્યપર રસ્તામાં હલ્લો કરી ભયંકર અનર્થ કરી મૂકશે પરંતુ કાનપુરનો બધો ભાગ બળવાખોરોના હાથમાં ગયો હોય એ વાત નીલ હજુ માનતો નહોતો આ સબંધીના બધા સમાચારો શત્રુઓએ ફેલાવેલા ગપ્પા સમાન માનતો હતો, આથી તે રેનૉના સૈન્યને અટકાવવાના હુકમ સામે વાંધો દર્શાવવા લાગ્યો પરંતુ સેનાપતિ હેવલોકે રેનૉના સૈન્યને આગળ વધવાનું બંધ રાખવાનો હુકમ મોકલી દીધો. આ રણકુશળ વીરપુરુષો વચ્ચે જે મતભેદ પડ્યો હતો, તેમાં સાચું કોણ હતું તે આગળ જતા સમજાશે. કાનપુર અંગ્રેજોના હાથમાંથી ગયું હતું. ત્યાંના યુરોપિઅનો મર્યા ગયા હતા કાનપુર શી રીતે બળવાખોરોના હાથમાં ગયું પેશ્વા બાજીરાવનો વારસ અંગ્રેજોની વિરુદ્ધ કેવી રીતે ઉઠ્યો, અંગ્રેજોએ આત્મરક્ષણ માટે કેટલું બધું સાહસ દર્શાવ્યું, પણ છેવટે શત્રુના હાથે કેવી રીતે માર્યા ગયા તે હવે વર્ણવવામાં આવે છે આ ઇતિહાસમાં આ બનાવ બહુ ભયંકર છે, આ બનાવની એક બાજુએ જેમ કરુણાની દીનતા છે, તેમ બીજી બાજુએ વીરત્વ અને સહનશીલતાની દૃઢતા છે. એક તરફ જેમ કાર્યતત્પરતા અને એકસંપીનું નિદર્શન છે તેમ બીજી બાજુએ હઠવાદ અને અદૂરદૃષ્ટિના ચિહ્નોનો વિકાસ છે

અધ્યાય ૪ થો.

વિષય નિર્દેશ–કાનપુર–સરહ્યુ વ્હીલર–યુરોપિયનોનો સંદેહ–સિપાહી-ઓની ઉશ્કેરણી માટીની દીવાલથી વિંટળાએલુ સ્થાન–નાનાસાહેબ સિપાહીઓનુ બંડ–તેઓનો હલ્લો અંગ્રેજોનો આત્મરક્ષણ માટે પ્રયત્ન તેઓનુ શરણ થવુ–ગંગાના ઘાટો પર ખૂનરેજી–ખૂનરેજીમાથી બાકી રહેલાની નાસભાગ–બીબીઘર

કાનપુર ગંગા નદીના જમણા કિનારા પર આવેલુ છે. બનારસ અને અલાહાબાદની માફક એ હિંદના પ્રાચીન ઇતિહાસમા પ્રસિદ્ધ નથી તે શહેરમા કોઇ પણ ઇતિહાસપ્રસિદ્ધ ખંડિએરો નથી તે શહેરની સાથે કોઇ પણ ઐતિહાસિક ઘટનાવલિ જોડાયલી નથી. અથવા તે શહેર કોઇ પુરાતન મહાપુરુષના પુનિત પગલાથી પાવન થયુ નથી. હિંદુઓની ભૂગોળમા આ શહેરનો ઉલ્લેખ જણાતો નથી. મોગલ બાદશાહ બાબરે આ સ્થાનનો નિર્દેશ કર્યો નથી. આઇનઅકબરીમા પણ આ શહેર વિષે કઇ લખેલુ નથી બ્રિટિશ સત્તા સાથે કાનપુર શહેરની મહત્તા જામતી જણાય છે ઇ. સ ૧૭૭૫ મા અયોધ્યાના નવાબને માટે કંપનિએ આ સ્થળે લશ્કર રાખ્યુ હતું ૧૮૦૧ મા નવાબે બીજા સ્થળો સાથે આ સ્થળ પણ કંપનિબહાદુરને સોપ્યુ ત્યારથી કાનપુર બ્રિટિશ સત્તા નીચે આવ્યુ અગાઉ અહીં ઠગ, ફાસિઆ વગેરે લૂટારાઓની વસ્તી હતી.[૧] ધીમે ધીમે આ શહેર સુંદર મકાનોથી શોભવા લાગ્યુ, લશ્કરી છાવણીથી સુરક્ષિત બન્યુ અને વેપારથી સમૃદ્ધિમા આવ્યુ.

---

૧ Asiatic Researches. Vol. XII P 290

હિંદના જુના ઇતિહાસમા કાનપુરનું નામ જણાતુ નથી જ્યા ચાલુ સમયે તે બહુ પ્રસિદ્ધિમા આવ્યુ હતુ. એ વાયવ્ય પ્રાતોનુ કેન્દ્ર હતું. તેની ઉત્તરે થોડા સમય પ્હેલા તાબામા આવેલ અયોધ્યાનો મુલક હતો, અગ્નિખુણામા અલાહાબાદ આવેલુ હતું. કલકત્તાથી અહીં સુધી વિશાળ રાજમાર્ગ હતો. નૈઋર્ત્યમા દિલ્હી અને આગ્રા આવેલા હતા. એ બાજુએ પંજાબથી કાનપુર સુધી લશ્કરને આવવા માટે વિશાળ રાજમાર્ગ બાધેલો હતો. એ સિવાય કાનપુરની દક્ષિણ તરફ પણ કેટલાક રાજમાર્ગો ઠેઠ મદ્રાસ ને મુબાઇ સુધી પ્રસરેલા હતા, એટલે એ સ્થળોના સૈન્ય પણ કાનપુર સહેલાઇથી આવી શકે તેમ હતું. આવા કારણોને લીધે કાનપુર કંપનિના સમયમા સૈનિકોનું મુખ્ય મથક બની ગયુ હતું.

વાયવ્યપ્રાતોમા કાનપુર ચામડાની ચીજોના વેપાર માટે વખણાય છે આ સ્થળે ચંપલો અને ઘોડાના જીન વગેરે સ્વારીને ઉપયોગી સામાન જથાબંધ થાય છે. બીજા સ્થળો કરતા કાનપુરમા એ ચીજો બહુ સોઘી મળે છે. શહેર ગંગા નદીના કિનારા પર વસ્યુ હોવાથી લોકોમા વેપાર કરવાનો ઉત્સાહ પુષ્કળ પ્રમાણમા જોવામા આવે છે દરરોજ નાના પ્રકારની નાની મોટી અસંખ્ય હોડીઓ વિવિધ દ્રવ્યથી ભરપુર થઇ ગંગાના પ્રવાહ પર મંદ ગતિથી વહેતી જણાય છે કોઇ નૌકા માલ ભરી દૂર પ્રદેશમા લઇ જાય છે, તો કોઈ દૂર પ્રદેશમાથી કાચો માલ લાવી કાનપુર ઉતારે છે. કાનપુરના લોકો પોતપોતાના કાર્યમા મશગુલ રહે છે આ પ્રમાણે જુદા જુદા પ્રદેશના વેપારીઓના ચિત્રવિચિત્ર પોશાકથી કાનપુરનો ગંગા કિનારો વિચિત્ર જણાય છે. પરતુ એવી વિચિત્રતા શહેરમા જણાતી નથી. ત્યાની ખાયે સેંકડો માણસોની

ધમાધમ પણ શહેરમા ક્વચિતજ જણાય છે. આ વખતે કાનપુરની વસ્તી ૬૦ હજાર માણુસની હતી. તેની લશ્કરી છાવણીમા ૧,૫૪ અને ૫૬ મી પાયદળ પલ્ટણ તથા ૨ જી ઘોડેસ્વાર પલ્ટણ મળી કુલ ૩૦૦૦ દેશી સિપાહીઓ હતા. ગોરા સૈનિકોમા ૬૦ ગોલંદાજો તથ ઈંગ્લાન્ડથી મોકલેલા કેટલાક સૈનિકો હતા. તે ઉપરાંત પાયદળ અને ઘોડેસ્વાર પલ્ટણના ૬૭ અગ્રેજ ઓફિસરો હતા.[1]

સેનાપતિ સર્‌હ્યુ વ્હિલર કાનપુરના લશ્કરનો અધ્યક્ષ હતો. લશ્કરી કાર્યમા એ માણસ બહુ હોશિયાર ગણાતો તેણે સિપાહીઓના સહવાસમા ૫૪ વર્ષ ગાળ્યા હતા, તેથી તે તેઓના રીત-રિવાજોથી સપૂર્ણ વાકેફ હતો તેણે લૉર્ડ લેકની સરદારી નીચે સિપાહીઓને તેમના સ્વદેશબાધવો સામે લડાવ્યા હતા, અફઘાનિસ્તાનમા અને પજાબમા તેણે અપાર પરાક્રમ દર્શાવી સિપાહીઓ પર પોતાનો કાબુ દર્શાવી આપ્યો હતો આ પ્રમાણે અરધી સદી કરતા વધારે સમય સુધી એ સેનાપતિએ સિપાહીઓના ઉપરિ તરીકે અપાર સાહસ અને પરાક્રમ બતાવ્યુ હતુ તાબાના સિપાહીઓ પર તેને બહુ વિશ્વાસ હતો. તે અહીની કોઇ યુરેશિઅન બાઇ સાથે પરણી આ દેશમાજ જીવનનો ઘણો ખરો ભાગ ગાળતો હતો તેણે ૭૦ વર્ષ પૂરા કર્યા હતા છતા તેની ચપળતા ઘટી નહોતી. સ્થિર અને

---

[1] મોબ્રે ટોમ્સન સાહેબે જણાવ્યુ છે કે બધા મળીને ૩૦૦ યુરોપિઅન સૈનિકો કાનપુરમા રહેતા હતા. તેઓમા ૩૨ મી પલટણના દુર્બળ અને રોગીઓ ૭૪ (કોઇના કહેવા પ્રમાણે ૩૦) હતા.—Mowbray Thomson, Story of Cownpur, P 23. Comp Kaye, Sepoy war. Vol. II P. 289 note.

દિલ્હીના સમાચાર મળતા તેણે ધારી લીધુ કે એ શહેરોની પેઠે કાનપુરમા પણ બંડ ઉઠે એ સંભવિત છે. એ વખતે ત્યા યુરોપિઅન સૈન્ય બહુ ઓછુ હતું બ્રિટિશ કંપનીએ જે અપાર સત્તા વધારી મૂકી હતી તેના કુફળ હવે તેને બરાબર સમજાવા લાગ્યા કંપનિએ હમેશા પોતાની સત્તા વધારવા તરફ ધ્યાન આપ્યુ હતુ, પણ એ સત્તા સુરક્ષિત રાખવા માટે જોઈતું સૈનિક બળ વધારવા તરફ ધ્યાન આપ્યુ નહોતું. જે યુરોપિઅન લશ્કર કાનપુરના બચાવ માટે રાખ-વામા આવતું તે અયોધ્યા તાબામા લીધા બાદ ત્યા ખેંચી લીધુ હતું. મે માસમા સિપાહીઓમા ઉશ્કેરણીના ચિન્હો જણાવા લાગ્યા, મિરત અને દિલ્હીથી ભયકર સમાચારો આવવા લાગ્યા, યુરોપિઅનો ત્રાસના માર્યા આમતેમ છુપાવા લાગ્યા, દરરોજ તારના દોરડા નવા નવા ભયંકર સમાચારો લાવવા લાગ્યા, ત્યારે વ્હીલર કાનપુરમા ગોરા સૈનિકોની અલ્પતા જોઇ બહુ વિમાસણમા પડયો. કાનપુરની ઉત્તમો-ત્તમ ઇમારતો યુરોપિઅન લોકોથી ભરપૂર હતી તેઓમાના કેટલાક સરકારી અમલદારો હતા, અને બાકીના વેપારી હતા. એ સિવાય ઇસ્પિતાલમા ૩૨ મી પલટણના કેટલાક ગોરા સૈનિકો હતા. એ બધા અસહાય જીવોના રક્ષણનો ભાર વ્હીલર પર આવી પડયો. વૃદ્ધ સેનાપતિ એવી સ્થિતિમા આવી પડયો કે એવી સ્થિતિનો અનુભવ તેણે ૫૪ વર્ષની કારકીર્દિમા મેળવ્યો નહોતો.

એ વખતે સિપાહીઓમા વટલાવાની બીક બહુ ફેલાઇ હતી. મે માસની અધવચમા કાનપુરમા કેટલીક હોડીદ્વારા ઘઉંના લોટના ચેલા આવી પહોચ્યા. બજારમા એ લોટ બહુ સસ્તો વેચાવા લાગ્યો. એ લોટ જુનો તથા મેલા રંગનો હતો. રોટલી બનાવતા તેમાથી

એક તરેહની દુર્ગંધ આવતી આ લોટ માટે એવી વાત ફેલાઇ કે ફિરંગીઓએ હિંદુ તથા મુસલમાન બન્ને જાતિને વટલાવવા ખાતર આ લોટમા ગાય અને ડુક્કરના હાડકાનુ ચૂર્ણ ભેળવેલુ છે આ વાત સિપાહીઓની છાવણીમા જઇ પહોચી સિપાહીઓ પોતપોતાના ધર્મ માટે શંકાશીલ બની ગયા. તે ઉપરાત ચરબીવાળા ટોટાની વાત ચાલવા લાગી. કેટલાક સિપાહીઓ નવા ટોટા વાપરવાનો હુન્નર શીખવા માટે અબાલા ગયા હતા, તેઓ કાનપુર પાછા ફર્યા, છતા તેઓના તેના સજાતિબંધુઓ જાતિચ્યુત કરવા તૈયાર થયા નહિ અથવા તેઓની સાથે એક પંક્તિએ ભોજન કરવા આનાકાની કરવા લાગ્યા નહિ[1] ૫૩ મી પલ્ટણનો માનખા નામનો મુસલમાન સિપાહી કેટલાક નવા ટોટા સાથે લાવ્યો હતો, તે એ ટોટા પોતાના બાઇબંધોને બતાવવા લાગ્યો, તથા કહેવા લાગ્યો કે આમા ચરબીનો ભેગ બીલકુલ નથી.[2] માનખાએ પોતાના મિત્રોમા ટોટા વિષે જે સંદેહ હતો તે દૂર કરવા ખાતર આ કાર્ય કર્યું હતું, પણ તેના સોબતીઓને એ વાતની ખાત્રી ન થઇ નવા ટોટામાંથી એવી ગધ ફેલાતી હતી કે તે ફિરંગી, હિંદુ અને મુસલમાન દરેકને એક સરખા અપ્રિય થઇ પડયા.[3] સિપાહીઓ બહુ શંકાશીલ બની ગયા નવા ટોટા વિષે બજારે બજારે, છાવણીએ છાવણીએ ચર્ચા ચાલવા લાગી. નાના પ્રકારની વાતો ફેલાવા લાગી, સિપાહીઓ આ બધી વાતો સાંભળી

---

૧. J. W Shepherd, Personal Narrative of the outbreak and Massacre of Cawnpur; P. 25

૨. Mawbray Thomson Story of Cownpur, P. 25.

૩. Ibid, P 25.

નાના પ્રકારના તર્કવિતર્ક કરવા લાગ્યા. ત્યાર બાદ જ્યારે તેઓએ નવા ટોટા નજરોનજર નિહાળ્યા, તેમાંથી ફેલાતી દુર્ગંધી પ્રત્યક્ષ રીતે અનુભવી ત્યારે તેઓની શંકા દૃઢ થઇ તેઓ વટલાવાની બીકે ફિરંગીઓને પોતાના પરમ શત્રુ માનવા લાગ્યા આ વખતે કલ્પનાશીલ ભેજાંવાળાઓએ પોતાના ફળદ્રુપ ભેજામાથી નાના પ્રકારના ગપ્પા ઉડાડવા માડયા જ્યારે ઉશ્કેરણી ફેલાય ત્યારે એ ઉશ્કેરણીને ગતિશીલ બનાવનારાનો તોટો પડતો નથી. જ્યારે સિપાહીઓ આ શંકાથી અધીરા બની ગયા હતા, ત્યારે તેઓમા એવી વાત ફેલાવવામા આવી કે ક્વાયતના મેદાન નીચે દારૂગોળો ગોઠવવામા આવ્યો છે, હિંદુ અને મુસલમાન સિપાહીઓને એક દિવસે એ ઠેકાણે એકત્ર કરી ભૂગર્ભસ્થિત દારૂગોળો સળગાવી ઉડાડી દેવામા આવશે.[1] સિપાહીઓ આવી ભયંકર વાતોથી બહુ ડરવા લાગ્યા જેઓએ અત્યાર સુધી કંપનિ બહાદુરની વિશ્વાસપૂર્વક સેવા બજાવી હતી, સેનાપતિનો હુકમ થતા કંપનિ માટે માથા કપાવવા તૈયાર થયા હતા, તેઓ હવે શંકાશીલ બની પોતાના વૃદ્ધ સેનાપતિને શત્રુ માનવા લાગ્યા. કંપનિ સરકાર વિરૂદ્ધ બંડ ઉઠાવવાની તક ખોળવા લાગ્યા.

---

૧. ૫૬ મી પલટણના ખાં મહમુદ નામના એક સિપાહીએ જાહેર કર્યું કે, સિપાહીઓને નિઃશસ્ત્ર કરવામા આવશે, અને તેઓને પગાર આપવાને બહાને એકત્ર કરી સુરંગમા ભરી રાખેલા દારૂગોળાવડે ઉડાડી મૂકવામા આવશે. ઘોડેસ્વાર પલટણ ખાં મહમુદની આ વાતથી બહુ ઉશ્કેરાઇ ગયા. સત્તાવાળાઓએ આ વાત જાણી એ સિપાહીને કેદ કર્યો.-Triwilvan, Cawnpu, P. 79.

સેનાપતિ વ્હીલર ઓફિસરો મારફત સિપાહીઓનું ઉશ્કેરા-પણ જાણી બહુ દિલગીર થયો. તેણે ધાર્યું હતું કે થોડા દિવસમા એ ઉશ્કેરણી બંધ પડી જશે. પરતુ કાનપુરમા મિરત અને દિલ્હીના ખબર આવી પહોચતા સિપાહીઓ બહુ ઉશ્કેરાઇ ગયા યુરોપિઅનો પણ આ સમાચાર સાભળી બહુ ગભરાયા. દિલ્હીની જેલ તોડવામા આવી હતી. ત્યાના કેદીઓ લૂટફાટ કરવા માટે આમતેમ રખડતા હતા. કાનપુરથી દિલ્હી તથા આગ્રા જવાનો રસ્તો ગુજર નામના લૂટારાઓથી સહીસલામત રહ્યો નહોતો. આ તરફ કાનપુરના સિપા-હીઓ પણ દહાડે દહાડે વધારે ઉશ્કેરાતા જતા હતા આવી સ્થિતિ હોવાથી કાનપુરના યુરોપિઅનો પ્રતિપળે મૃત્યુના સ્વપ્નો જોવા લાગ્યા તેઓએ એક દિવસ સાભળતા કે ગુજર લોકો ટોળાબદ્ધ થઇ શહેર લુટવા આવે છે, બીજે દિવસ અમલદારોને આમતેમ દોડતા જોઈ માની લેતા કે સિપાહીઓએ બડ ઉઠાવ્યુ છે. ત્રીજે દિવસે વળી પોતાના દેશી નોકરો પાસેથી એકાદ નજીવી વાત સાભળી ધારી લેતા કે બડખોર સિપાહીઓ આપણા ખૂન કરવા દોડયા આવે છે. આ પ્રમાણે દરરોજ તેઓ ભયથી ગાડા બની જવા લાગ્યા. રાત્રે પણ તેઓને શાતિ વળતી નહિ. એક દિવસ મધરાતે કેટલાક ગોલંદાજો પોતાની તોપો સહિત કાનપુર આવતા હતા. તેઓના ઘોડાના દાબડાનો અવાજ સાભળી યુરોપિઅનો બેબાકળા ઉઠયા અને પોતપોતાના રક્ષણની પેરવી કરવા લાગ્યા. તેઓએ ધાર્યું કે ઘોડેસ્વાર પલટણ અમારો નાશ કરવા માટે આવે છે. છેવટે જ્યારે ખરી વસ્તુસ્થિતિ સમજાઇ ત્યારે તેઓ પ્રભુપ્રાર્થના કરતા કરતા ઘરમા જઇ સુતા આ પ્રમાણે તેઓને દિનરાત ચેન પડતું નહોતું. રસ્તામા કોઇને દોડતું

જતું દેખતા તો તેઓ પોતાનુ સત્યાનાશ થવાનુ છે એમ માની એ-બાફળા બની જતા. હજુ સુધી સિપાહીઓએ તેઓની સામે બડ ઉઠાવ્યુ નહોતું છતા તેઓ અગ્ધા મરી ગયા હોય તેવા જણાતા હતા. તેઓએ પોતાના નિશ્વાસુ નોકરદ્વારા હિંદુસ્તાની પોશાકો તૈયાર કરી રખાવ્યા હતા. વિપત્તિમા આવી પડતા એ પોશાકો પહેરી કોઇ સુરક્ષિત સ્થાને જઈ પહોચવુ એવો તેમનો વિચાર હતો.[1] તેઓ એટલા બધા ભીતિગ્રસ્ત થઇ ગયા હતા કે તેમના જાતિબન્ધુઓમાનો કોઇ ગભરાઇ ઉઠતો અગર તેઓના નોકરોમાના કોઇ પણ બે નોકરો છાની વાતો કરતા તો પણ એકદમ કુટુબ સાથે ઘર બહાર દોડી જતા. કારણ તપાસવાની જરૂર જોતા નહિ કોઇ કોઇની કોઇપણ વાતનો ખરો જવાબ આપી શકતા નહિ કોઇ કોઇપણ બનાવનુ ખરૂં કારણ તપાસવા ઉભો રહેતો નહિ. તરતજ તેઓ જે કઇ હા થમા આવતું તે લઇ, કુટુબ સાથે ગાડીપર ચઢી કમ્પિત હૃદયે યુરોપિયન છાવણીમા જઈ પહોચતા. જેઓને ગાડી તરત ન મળતી તેઓ પરસેવાથી રેબઝેબ થતા, તરસથી અકળાતા છાવણી તરફ દોડતા રસ્તામા તેઓ પોતાને કાળના મુખમા સપડાએલા માનતા.[2]

---

૧. શેફર્ડ નામનો એક અંગ્રેજ એ વખતે કાનપુરમા રસદ વિભાગમા કામ કરતો હતો તેને ત્યા ઠાકુરાણી નામની એક હિંદુ દાસી કામ કરવા આવતી શેફર્ડ સાહેબે આ વિશ્વાસુ દાસી મારફત પોતાના કુટુબની સ્ત્રીઓ માટે હલકી શ્રેણીની સ્ત્રીઓ પહેરે તેવા જાડાં કપડા ખરીદ્યા હતા. વિપત્તિ વખતે પોતાનું કુટુંબ આવા કપડાં પહેરી કોઇ સહીસલામત જગાએ જઇ પહોચે એવી તેની ઇચ્છા હતી.

૨. શેફર્ડ સાહેબે ૨૧ મી મેએ ૧૦ વાગતા પોતાની ઓફિ

કાનપુરનો વૃદ્ધ સેનાપતિ યુરોપિઅનોને ત્રાસ પામેલા જોઈ તેઓનો બચાવ કરવાની યુક્તિ ખોળવા લાગ્યો. જ્યા સુધી પોતાની મદદે બીજુ સૈન્ય ન આવી પહોચે ત્યા સુધી આ બધા યુરોપિઅનોને કોઇ સુરક્ષિત સ્થળે એકત્ર કરવાનો તેણે વિચાર કર્યો આ કાર્ય અનાયાસે પાર પડે તેમ નહોતુ વળી સમય પણ બહુ થોડો હતો, તેથી સેનાપતિ સ્થળ નક્કી કરી બધી વ્યવસ્થા કરવાની તત્પરતા દર્શાવવા લાગ્યો આત્મરક્ષા માટે અસ્ત્રાગાર સૌથી ઉત્તમ અને મજબુત ગણાતુ હતુ તે ગગાને કિનારે આવેલુ હતું, અને તેની ચોતરફ ઉચી

સભા જઇ જોયુ કે બંગાળી કારકુનો ડરતા ડરતા પોતાના ઘર તરફ દોડે છે તેણે સાભળ્યુ કે એ કારકુનોના ઉપરિની સ્ત્રી, છોકરા તથા આયા પગે ચાલતા યુરોપિઅન છાવણી તરફ ગયા છે એ સાહેબ પોતે પણ પોતાના નોકરોને જેમ બને તેમ જલદી ગાડી મોકલવાનુ જણાવી તેઓની પાછળ દોડયો છે શેફર્ડ સાહેબે નોકરને આનુ કારણ પૂછ્યુ. નોકરે કહ્યુ કે હું કઇ જાણતો નથી મેમસાહેબની પાસે એક પત્ર આવ્યો હતો. મેમસાહેબ એ વાચી ધાટા પાડી ઉઠયો અને ક્ષણનો વિલબ ન કરતા બાળક તથા આયા સાથે ઘર છોડી નીકળ્યા, શેફર્ડ સાહેબે કઇ વિપ્રત્તિ આવી પડયાનો શક દર્શાવી હે નામના એક બીજા સાહેબ પાસે વસ્તુસ્થિતિ જાણવા નોકર મોકલ્યો નોકરે આવી કહ્યુ કે " સાહેબ છાવણી તરફ ગયા છે, આપને પણ જલદી આવવાનું જણાવ્યુ છે. ઘણી મેમસાહેબો, છૈયા છોકરા સાથે બરાક તરફ દોડયા જાય છે." શેફર્ડ સાહેબ આ વાત સાભળી પોતાના ઉપરિ અમલદારને નામે એક પત્ર લખી ઘર તરફ ચાલ્યો. ઘેર પહોચતા જણાયુ કે ઘરમા પણ ભારે ધામધુમ

દિવાલો આવી રહી હતી. તેમાં દારૂગોળો પણ પુરતા પ્રમાણમાં હતો, ચોકમાં વસવા લાયક મકાનોનો પણ તોટો નહોતો એટલું જ નહિ પણ તેજુરી તથા જેલ પણ તેની પાસે આવેલ હતા. આ જગા છાવણીથી ૭ માઇલ દુર હતું. પરંતુ સેનાપતિએ આ સ્થળ પસંદ કર્યું નહિ. આ અસ્પતાલની નૈર્ઋત્યમાં, છાવણીથી થોડે દૂર, વિશાળ મેદાનમાં યુરોપિયન સૈનિકોની બે વિશાળ કરિયતાઓ હતી. તેમાંની એક પાકી બાંધેલી હતી, અને બીજી પાકી દિવાલો પર ઘાસના ઢાંકણવાળી હતી. એ સિવાય તેની પાસે જરૂરી કાર્ય સાથે એવા

મચી રહી છે. મેમ સાહેબ નાસી જવાની બધી તૈયારી કરી બેઠા છે શેફર્ડ સાહેબે તરત આવશ્યક ચીજો ગાડીપર મૂકી કુટુંબ સાથે છાવણી તરફ પ્રસ્થાન કર્યું. છાવણી સાહેબો, મડમો અને છોકરાથી ખદબદતી હતી તેઓ બધા ઘરબાર છોડી શામાટે અહીં આવ્યા છે, તે વિષે કોઈ કશું જાણતા નહોતા, છતા બધા બેબાકળા બની પોતાનો બચાવ કરવાની તૈયારી કરી રહ્યા હતા. છાવણી તરફ આવતા શેફર્ડને કેટલાક ગોરા લોકો મળ્યા હતા, તેઓ પણ છાવણી તરફ જતા હતા, તેઓએ શેફર્ડને આમ એકાએક નાસભાગ કરવાનું કારણ પૂછ્યું. શેફર્ડ પોતે આ વિષે કંઇ જાણતો નહોતો એટલે આ પ્રશ્નનો બરાબર જવાબ આપી શક્યો નહિ. છેવટે કારણ તપાસતા કોઇ કહેવા લાગ્યા કે તેજુરીના રક્ષક સિપાહીઓ ખજાનાના પૈસા લૂટે છે, કોઇએ કહ્યુ કે સિપાહીઓ બળવો કરવાની તૈયારી કરે છે, કોઇએ કહ્યું કે ગુજરો દિલ્હીથી આવી પહોંચ્યા છે.-આ પ્રમાણે દરેક માણસ જુદું જુદું કારણ દર્શાવવા લાગ્યો. Shepherd Cawnpur, p.-46.

નાના નાના કેટલાક મકાનો આવી રહ્યા હતા. થોડે દૂર ગંગા નદી વહેતી હતી. સેનાપતિ વ્હીલરે આત્મરક્ષા માટે આ સ્થળ પસંદ કર્યું એ હાસ્પિતાલની ચોતરફ દિવાલો ચણાવા લાગી. બહુ મુશ્કેલી વેઠયા બાદ ચારેક ફુટ ઉંચી માટીની દિવાલ એ હાસ્પિતાલની આજુબાજુ ચણાઈ રહી. સૂર્યના તાપથી માટી એટલી બધી સુકાઈ કઠણ થઇ ગઇ હતી કે તે ખોદી લાવવાનુ કાર્ય બહુ ઝડપથી થતુ નહિ, વળી વખત એવો બારીક હતો કે સહેજ વિલબ પરવડે તેમ નહોતું આ દિવાલો બહુ ઉતાવળે બાધતા છતા વિલબ થયો, તથા તે જોઇએ તેવી મજબુત થઇ શકી નહિ, ગોળીનો મારો સહન કરવાની શક્તિ આ દિવાલમા નહોતી. આ દિવાલ ચણાઇ રહ્યા બાદ સેનાપતિએ ત્યા પુરતા પ્રમાણમા ખાદ્યસામગ્રી એકત્ર કરી. પરતુ આ વ્યવસ્થા પણ બહુ સફળ નીવડી નહિ જેઓએ સામગ્રી પૂરી પાડવાનુ માથે લીધુ હતું, તે પૂરતી ચીજો લાવી શક્યા નહિ સેનાપતિએ પચીસ દિવસનો ખોરાક એકઠો કરવાનો હુકમ આપ્યો હતો, પણ જેઓએ ખોરાકીની ચીજો એકઠી કરવાની જવાબદારી ગ્રહણ કરી હતી તેના દોષથી હો કે પછી સેનાપતિએ કેવળ લશ્કર માટે જ ખોરાકી એકઠી કરવાનો હુકમ આપ્યો હોય તેથી હો પણ એટલુ તો નક્કી કે માણસોની સખ્યા મુજબ ખાદ્યદ્રવ્ય બહુ થોડા પ્રમાણમા એકત્ર કરી શકાયુ હતું.[1]

સેનાપતિએ આત્મરક્ષણ માટે જે સ્થાન નક્કી કર્યું હતુ, તે સ્થાન ઘણા થોડા ઇતિહાસકારોને પસદ પડયુ લાગે છે તેઓએ કહ્યુ છે કે સેનાપતિએ અન્નાગારને આત્મરક્ષણના સ્થળ તરીકે પસંદ

---

૧ Thomson, Story of Cawnpur, P 31

કર્યું હોત તો જરૂર ફતેહ મળત. કારણ કે અસ્રાગાર નાના પ્રકારના હથિયારોથી પરિપૂર્ણ હતું, તેની આજુબાજુ મજબુત દિવાલ હતી. ગગા નદી પાસે થઇને વહી જતી હતી, તેના વિશાળ આગણામા એટલા બધા મકાનો હતા કે બધા યુરોપિઅનો મજેથી રહી શકત. આ સ્થાન પસદ કરવામા આવ્યુ હોત તો બૈરા છોકરાને આટલું બધુ વેઠવુ ન પડત, યુરોપિઅનો પણ બંડખોરોના હાથમાથી પોતાનો બચાવ કરી શકત. એ ઉપરાત તેજુરી, જેલ વગેરે પાસે આવેલું હોવાથી એ બધાનુ રક્ષણ કરી શકાત. જેઓએ કાનપુરના બનાવ વિષે લખ્યું છે તેઓ બધા અસ્રાગારને આત્મરક્ષણ માટે સર્વોત્તમ માને છે.[૧] રણનિપુણ અનુભવી સૈનિક અમલદારો પણ આ બાબતમા અસ્રાગારની ઉપયોગિતા સ્વીકારે છે. સેનાપતિ વ્હીલરે આ સ્થાન છોડી ગગા નદીથી બહુ દૂર આવેલા સ્થાનને આ માટે પસંદ કર્યું, એ ખાતર તેના પર ભારે દોષારોપ કરવામા આવે છે.[૨]

---

૧. Trevilyan, Cawnpur P. 82. Comp. Kaye, Sepoy War. Vol II. P. 294.

૨. સેનાપતિ નીલે અસ્રાગાર સંબંધમા આ પ્રમાણે લખ્યું છે કે એ ચોતરફ બંદુકની ગોળીઓથી ન ભેદાય એવી દિવાલોથી અભેદ્ય બન્યું છે. તેણે નવ વીઘાથી પણ વધારે જમીન રોકેલી છે, તેમા વસવા લાયક ઘણા મકાનો આવેલા છે; એ ગંગાનદીની પાસે છે. અહીં સિપાહીઓના હલ્લાથી બિલકુલ નુકસાન થાત નહિ. નાના સાહેબ કે સિપાહીઓમાનું કોઈ અહીં આવી શકત નહિ. અગ્રેજો અહીંથી તોપો વડે સિપાહીઓ પર હુમલો કરી શકત, તેથી પોતાના બચાવ સાથે શહેરનો પણ બચાવ થઇ શકત. xxx

પરંતુ સમરવિદ્યા વિશારદ પુરુષોએ જે સ્થાન દર્શાવ્યું છે તે સ્થાન ન સ્વીકારવાના વ્હીલર જેવા અનુભવી અને વિચક્ષણ સેનાપતિ પાસે કારણો હોવા જ જોઇએ અસ્ત્રાગાર છાવણીથી લગભગ છ માઇલ દૂર હતું. સેનાપતિ એટલે બધે દૂર રહેત તો સિપાહીઓ પર નજર રાખી શકત નહિ, તેમ છાવણીમાં શું બને છે તે પણ જાણી શકત નહિ. સિપાહીઓ ઉશ્કેરાએલા છતાં હજુ સુધી શાંત હતા. તેઓ હજુ ખુલ્લી રીતે યુરોપિઅનો સામે ઉઠયા નહોતા તેથી સેનાપતિ આ વખતે સિપાહીઓથી તદ્દન જુદો પડી શકે તેમ નહોતું. તેને અસ્ત્રાગારમાં જવું પડત તો ગોરા સિપાહીઓને સાથે લઇ જવા પડત, પરંતુ એવા પ્રયત્નની ભયંકર વિપત્તિ આવી પડવાનો સંભવ હતો. સેનાપતિ યુરોપિઅન સૈન્ય અને તોપો સાથે અસ્ત્રાગાર તરફ ગયો હોત, તેઓના બૈરાંછોકરાંના ટોળાં અસ્ત્રાગારમાં જઇ રહ્યાં હોત, સિપાહીઓને છાવણી છોડી જવાનો હુકમ આપવામાં આવ્યો હોત તો તેઓ બહુ જલદીથી ઉશ્કેરાઈ જાત તેઓ એમ ધારત કે ફિરંગીઓ અમારી વિરૂદ્ધ થયા છે. અમને અસ્ત્રાગારમાંના અસ્ત્રોથી હમણાં મારી નાખશે, આવા વિચારથી તેઓ યુરોપિઅનો પર તૂટી પડત. પરંતુ એ વખતે એવો હલ્લો અટકાવવાની સગવડ નહોતી યુરોપિયન સૈન્ય એટલું બધું થોડું હતું કે તે સિપાહીઓના હુમલા આગળ ટકી શકત નહિ વૃદ્ધ સેનાપતિએ આવા વિચારથી કદાચ

સેનાપતિ વ્હીલરે અહીં આશ્રય લેવો જોઇતો હતો અહીં તેમને કોઇ અટકાવી શકત નહિ. તેઓ અહીં સહી બધું બચાવી શકત.xx Kaye, Sepoy War. Vol II. p. 295, note.

અમાગને મુખ્ય મથક નાહ બનાવ્યુ હોય.[1] તેણે જે સ્થાન નક્કી કર્યું હતું તે અયોગ્ય હતું એમ તે જાણતો હતો. પરન્તુ તેને સંજોગ-વશ થઇ એજ સ્થાનનો આશ્રય લેવો પડયો હતો સિપાહીઓના પ્રબળ હુમલાથી નાશ પામવા કરતા સહાયક સૈન્ય આવી ચડે ત્યા સુધી આવા સ્થાનમા બચાવ કરવો એ એને શ્રેયસ્કર જણાયું હતું. તેને જે બાતમી મળી હતી તે પરથી તેને જણાયું હતું કે સિપાહીઓ બ ડ ઉઠાવશે તો પણ અમાગ પર હલ્લો ન કરતા સીધા દિલ્હી ચાલ્યા જશે. એ દરમ્યાન કલકત્તાથી સૈન્ય આવી શકશે. એ સૈન્યની મદદથી અહીંના યુરોપિઅનો અલાહાબાદ પહોંચી શકશે. વૃદ્ધ સેનાપતિએ જે ધાર્યું હતું તે સંજોગો ઉલટા થઇ જવાથી ન બન્યું એમા કઇ વાંક નથી સેનાપતિએ ઇરાદાપૂર્વક પોતાના બાલબચ્ચાને મૃત્યુના મુખમા ધકેલ્યા નથી અથવા પોતાના અમૂલ્ય જીવનને વિનાશના માર્ગે ચડાવ્યુ નથી. તેણે જે ધાર્યું હતું તે ન બન્યું તો પણ તેની આગાહી ખોટી નહોતી એ આગળ ઉપર જતા જણાશે.

સેનાપતિએ આત્મરક્ષાનુ સ્થળ નક્કી કર્યા બાદ સર હેન્રિ લોરેન્સ પાસે સૈન્યની મદદ માગી એ વખતે અયોધ્યાના પ્રકોપના ચિન્હો જણાતા હતા સર હેન્રિ લોરેન્સની પાસે જે કંઇ સૈન્ય હતુ તે ખુદ અયોધ્યાને માટે પણ પુરતુ નહોતુ તો પણ સર હેન્રિ લોરેન્સે કાનપુરના વૃદ્ધ સેનાપતિને મદદ આપવામા ઉદાસીનતા દર્શાવી નહિ તેણે તરત ૩૨ મી યુરોપિઅન પલ્ટણના ૮૪ પાયદળ સૈનિકોને

---

૧ The Meeting of the Bengal Army By one who has served under Sir Charles Napier, P. 125 Comp. Kaye Sepoy war Vol. II. P. 294,

ઘોડાગાડીમા કાનપુર મોકલી દીધા. એ સિવાય અયોધ્યાના ગોલંદાજ સૈન્ય સાથે લેફ્ટેનેન્ટ આસે નામના સૈનિકની સરદારી નીચે બે તોપો મોકલી. કાનપુરની ખરી અવસ્થા જાણવા માટે સર હેન્રિ લોરેન્સે પોતાના સેક્રેટરીને મોકલ્યો. આ સૈન્ય સેનાપતિ વ્હીલરના આત્મરક્ષણના મથકમા આવી પહોચ્યું હેન્રિ લોરેન્સનો હોશિયાર સેક્રેટરી પણ યોગ્ય વખતે આવી પહોચી આવી પડનારી વિપત્તિમાથી બચાવના ઉપાયોનું ચિન્તન કરવા લાગ્યો.

કાનપુરના અંગ્રેજ સત્તાવાળાઓએ જ્યારે સર હેન્રિ લોરેન્સ પાસે મદદ માગી ત્યારે તેઓએ પોતાને વધારે સુરક્ષિત કરવા ખાતર કાનપુરની પાસે આવેલા બિઠુરના એક સત્તાવાન માણસની પણ મદદ માગી એ સત્તાધારી માણસ કાનપુરવાસી યુરોપિઅનોનો મિત્ર હતો. તે તેઓને હરવખત મદદ આપ્યા કરતો હતો. એ મદદ યાદ લાવી કાનપુરના અંગ્રેજ અમલદારોએ આ ભયંકર વિપત્તિમાથી બચવા માટે તેનું શરણ સ્વીકાર્યું

મહારાષ્ટ્રના છેલ્લા પેશ્વા બાજીરાવના વારસ ધુન્ધુપંથ નાનાસાહેબ વિષે પ્રથમ ભાગમા સવિસ્તર વિગત આવી ગઇ છે. બાજીરાવ પેશ્વાને કેવી રીતે પુનાની રાજગાદી પરથી દૂર કરવામા આવ્યો, તેના વારસને સાલિઆણા માટે કેટલી બધી મુશ્કેલી વેઠવી પડી, છતા સાલિઆણું તો નજ મળ્યું તેણે પોતાના એક મુસલમાન વકીલને વિલાયત મોકલ્યા છતા કંપનિએ તેનો દાવો નકાર્યો એથી તે કેટલો બધો હતાશ થઇ ગયો હતો એ બધુ આ ઇતિહાસ વાચનારથી અજાણ્યું નથી. નાનાસાહેબ પોતાના કાર્યમા નાસીપાસ થયો હતો છતા તેણે અંગ્રેજો સાથેની મિત્રાચારી તોડી નહોતી. બાજીરાવ પાસે

૮૦૦૦ હથિયારબંધ નોકરો હતા. તેઓ તેના જીવતા કદી ઉચ્છૃંખલ જણાયા નહોતા. નાનાસાહેબના વખતમા પણ તેઓ તરફથી કશી રંજાડ થઈ નહોતી. નાનાસાહેબ પણ અતુલ સંપત્તિનો સ્વામી થયા છતા ઉછાંછળો થયો નહોતો. દર વખતે અંગ્રેજો તેના વિશાળ મહેલમા આવી વસતા હતા. નાનાસાહેબ તેનુ આતિથ્ય બહુ સારી રીતે કરતો હતો અંગ્રેજો તેના આતિથ્યથી સંતોષ પામી તેના ગુણાનુવાદ ગાતા હતા તેઓ બિથુર આવી નાનાસાહેબના વડિલોપાર્જિત સાલિઆણાની વાત ધ્યાનપૂર્વક સાભળતા, નાનાસાહેબ ધારતો હતો કે તેઓ સ્વદેશમા ગયા બાદ મારી આ ફરિયાદ બાબત કંઇ પ્રયત્ન કરશે[૧] ઉચ્ચ દરજ્જાના અંગ્રેજ અતિથિઓ સ્વદેશમા ગયા બાદ નાના સાહેબની સિફારસ કરતા હો કે ન કરતા હો પણ એટલું તો ખરૂ છે કે નાનાસાહેબનો વિશાળ મહેલ અતિથિશૂન્ય રહેતો નહોતો. તેના મહેલની મુલાકાત લેનારાઓની ચોપડી જોતા તેમા સેકડો અંગ્રેજોના નામ મળી આવતા. તેઓ ઘણા દિવસો સુધી નાનાસાહેબના રાજમહેલમા અમનચમન ઉડાવતા એક વખતે એક અંગ્રેજ અમલદાર નાનાસાહેબની ગાડીમા બિઠુર આવ્યો તેણે એ ગાડીના નાનાસાહેબ પાસે પુષ્કળ વખાણ કર્યા. નાનાસાહેબે તેને કહ્યું કે, " થોડા દિવસ પહેલા મારી પાસે આ ઘોડાગાડી કરતા પણ સરસ ગાડી હતી. પણ મે એ ગાડી બાળી નાખી છે, ઘોડાને મારી નાખ્યો છે." પેલા અમલદારે એનું કારણ પૂછ્યું એટલે નાનાસાહેબે જણાવ્યુ કે " કાનપુરના એક

---

૧ Martin, Indian, Empire Vol. II. P. 249.

સાહેબનુ બાળક બહુ માદું પડયુ. તે હવાફેર કરવા મેમ સાહબ સાથે બિથુર આવતા હતા મે તેઓને લાવવા માટે એ ગાડી મોકલી હતી રસ્તામા ગાડીમા જ પેલુ બાળક મરણ પામ્યુ ગાડીમા પેલા બાળકનુ શબ હોવાથી મે એ ગાડીનો કે ઘોડાનો કદી પણ સ્પર્શ કર્યો નહિ " અમલદારે પૂછયુ કે " એ ઘોડાગાડી આપના કોઇ મુસલમાન કે ખ્રિસ્તી મિત્રને કેમ ન આપી ? ' નાનાસાહેબે કહ્યુ, " એમ કર્યુ હોત તો પેલા સાહેબ એમ માનત કે મારે ખાતે નાનાસાહેબને નુકસાન વેઠવુ પડયુ છે, તેથી તે બહુ દુખી થાત " એ અગ્રેજ અમલદારે આ ઘટનાનો ઉલ્લેખ કરી છેવટે જણાવ્યુ છે કે" બિથુરનો આવો મહારાજા સાધારણ પ્રજામા નાનાસાહેબના નામથી પ્રસિદ્ધ છે તે આપણી પાસે સત્તાવાન ગણાતો નહિ તેમ મૂર્ખ પણ ગણાતો નહિ.[૧]

આ વખતે નાનાસાહેબની ઉંમર ૨૬ વરસની હતી. યૌવનની કાર્યપટુતા તેનામા પુરેપુરી વિદ્યમાન હતી તે કાર્યપટુ છતા દીર્ઘ દૃષ્ટિવાળો નહોતો તેનામા વિવેકશક્તિ પુરતા પ્રમાણમા ખીલેલી નહોતી. તે બીજાના કહ્યા પ્રમાણે ચાલતો, બીજાએ નક્કિ કરી આપેલ માર્ગે જતો અને તેનુ પરિણામ શુ આવશે તે પણ બીજાના મુખે સાભળી શ્રદ્ધા રાખતો એક ડહાપણવાળો મુસલમાન તેનો મુખ્ય મત્રી હતો. તે તેની સલાહ મુજબ વર્તતો

અઝિમઉલ્લાખા વિષે અગાઉ લખવામા આવ્યુ છે તે તરૂણાવસ્થામા અગ્રેજ અમલદારોને ખાણું પરૂ પાડવાનો ધધો કરતો હતો, તેણે કાનપુરની નિશાળના દશ વર્ષ કેળવણી લીધી હતી. તથા આગળ જતા તે નિશાળનો શિક્ષક બન્યો હતો ત્યારબાદ તે એક

૧ Martin, Indian Empire, Vol. II. p. 249,250.

અંગ્રેજ લશ્કરી અમલદારનો મુન્સી બન્યો હતો.[1] તેણે રૂપાળા દેખાવ વડે તથા આંજી નાખે એવી વાતચીત કરવાની કળા વડે ઈંગ્લાંડના વિલાસી સમાજને આંજી નાખ્યો હતો તો પણ તેનો અનુભવ વિશાળ નહોતો તે અંગ્રેજી ભાષા બહુ સારી રીતે જાણતો. જર્મન તથા ફ્રેંચ ભાષાઓમા પણ વાતચીત કરી શકતો આ પરથી નાનાસાહેબે તેને પોતાનો વકીલ બનાવી વિલાયત મોકલ્યો હતો. ત્યા તે પોતાના માલીકનું કામ બનાવી શક્યો નહિ વિલાયતના સત્તાવાળાઓએ તેને કઇ દાદ આપી નહિ એટલે તે પોતાને ગમતા મોજ-શોખમા પડયો તેની પાસે નાનાસાહેબે આપેલો પુષ્કળ પૈસો હતો વાકપટુતા અને સૌદર્ય તેના કુદરતી ગુણો હતા, તેનો અવાજ બહુ મીઠો હતો આ બધા સાધનોથી તેને વિલાસસાગરમા ડુબવાની સગવડ મળી. વિલાસિનીઓની કૃપાથી તેની યૌવનકાન્તિ અધિક વિકસવા લાગી તે ઈગ્લાડથી કોન્સ્ટાન્ટિનોપલ ગયો, એ વખતે ક્રીમિયાની લડાઇએ આખા યુરોપને ખળભળાવી મૂક્યુ હતુ કુતૂહલી આજિમઉલ્લા યુરોપના વીરપુરૂષોનુ વીરત્વ નિહાળવા રણક્ષેત્ર ભણી ગયો. તેણે અંગ્રેજોની પડખે ઉભા રહી રશિઆ સામે ફ્રેંચોને લડતા જોયા. રશિઆની તોપો અંગ્રેજોને છિન્નભિન્ન કરી નાખતી જોઇ તેને બહુ સંતોષ થયો. આજિમઉલ્લા જે અંગ્રેજો આગળથી હતાશ થઇ આવ્યો હતો, પોતાના માલીકનું કામ બરાબર બજાવી શક્યો નહોતો એ અંગ્રેજોને યુરોપની રણભૂમિ પર તેમના બરોબરિઆ સમક્ષ વીરત્વમા ઉતરતા જોઇ આનંદ પામવા લાગ્યો.[2] તેને ખાત્રી થઇ ગઇ

૧. Kaye Sepoy War, p. 312. Shepherd, Cawnpur, p. 9.

૨. ક્રીમિયામા ઇ. સ. ૧૮૫૪-૫૫ મા રશિઆ સાથે ફ્રાંસ,

કે હું સ્વદેશમા ગયા બાદ જરૂર તેઓની સત્તાનો નાશ કરી શકીશ. ત્યાંથી તે સ્વદેશ આવ્યો. ત્યા પણ તેનો આ વિશ્વાસ પ્રબળ થયો. તેણે બિઠુર આવી નાનાસાહેબને પોતાના અનુભવની વાતો કહી સંભળાવી. સાલિઆણું ન મળવાથી નાનાસાહેબને બહુ દિલગીરી થઇ હતી. પણ જ્યારે તેનો વકીલ કામ પાર પાડયા સિવાય પાછો આવ્યો ત્યારે તેની અધિરાઇ બહુ વધી ગઇ તેને અંગ્રેજ અમલદારો પર બહુ ગુસ્સો ઉપજ્યો. લૉર્ડ ડેલ્હાઉઝીના ગેરવાજબી કામનું ફળ તેને પ્રત્યક્ષ જણાયું બીજી બાજુએથી આજિમઉલ્લાએ પોતાના યુરોપના પ્રવાસનો અનુભવ નાનાસાહેબ પાસે રજૂ કરી તેને વધારે અધીરો બનાવી મૂકયો. નાનાસાહેબ કોઇ પણ બાબતમા પારદર્શી નહોતો, તેથી તે પોતાના દૂતના અનુભવની યથાર્થતા સમજી શકયો નહિ. ઉંડી વેદનાથી તથા આજિમઉલ્લાની વાક્પટુતાથી તેનું માનસિક

ઇગ્લાંડ, ટર્કી અને સાર્ડિનિઆને લડાઈ થઈ હતી. ૧૮ મી જુને સેબાસ્ટપોલની લડાઇમા આ સંયુક્ત લશ્કરને હઠાવવામા આવ્યું હતું. એ વખતે આજિમઉલ્લા કોન્સ્ટાન્ટિનોપલમા હતો વર્તમાનપત્રોના પ્રખ્યાત લેખક રસલસાહેબ પણ એ વખતે ત્યા હતા. તેને ત્યા આજિમઉલ્લા સાથે મેળાપ થયો. આજિમઉલ્લાએ તેમને કહ્યું કે "ક્રિમિઆના પ્રખ્યાત શહેરો તથા જે પરાક્રમી (રૂસ્તમ) રશિઅનોએ ફ્રેંચો તથા અંગ્રેજોને હરાવ્યા છે તે જોવાની મને બહુ ઇચ્છા છે;" આજિમઉલ્લા કલકત્તા આવતો હતો ત્યારે માલ્ટા પહોંચતા તેને અંગ્રેજોની હારના સમાચાર મળ્યા હતા, એટલે તે તરત લડાઇનું સ્થળ જોવા કોન્સ્ટાન્ટિનોપલ ગયો હતો. Russel Diary in India Vol I. P 165-166.

પરિવર્તન થયું. કાનપુરનો ઇતિહાસ શોણિતાક્ષરે લખવાની તૈયારી થઇ ચૂકી.

બિથુરના રાજમહેલમાં આજિમઉલ્લા ઉપરાંત નાનાસાહેબના બીજા પણ કેટલાક સલાહકારો વસતા હતા. તેના ભાઇઓ બાલરાવ અને બાબાભટ્ટ એ જ સ્થાને રહેતા હતા તેનો ભત્રીજો રાવસાહેબ પણ તેમના આશ્રયમાં દિવસો ગુજારતો હતો અને તેનો બાળમિત્ર તાતિયા તોપી પણ અહીં જ પોતાના પ્રિયમિત્રની સમૃદ્ધિ ભોગવી આનંદ કરતો હતો આજિમઉલ્લાની માફક તાતિઆ તોપી પણ નાનાસાહેબનો સલાહકાર ગણાતો હતો. આ પ્રમાણે એક તરફથી મુસલમાનોની અને બીજી તરફથી મરાઠાઓની કાર્યપ્રણાલી બિથુરના મહારાજના આગળ રજૂ થવા લાગી. કાનપુરના ભયંકર વિપ્લવ વખતે મુખ્યત્વે કરીને આ બે જણા નાનાસાહેબના ખાસ સલાહકાર બન્યા હતા.

કાનપુરના સત્તાવાળાઓ જ્યારે આત્મરક્ષાનું સ્થાન સુરક્ષિત કરવાનો પ્રયત્ન કરતા હતા ત્યારે તેઓની દૃષ્ટિ ખજાનાના પૈસા પર પડી. એ વખતે કાનપુરના ખજાનામાં દશ બાર લાખ રૂપીઆ હતા. મેજિસ્ટ્રેટ અને કલેકટર હિલરર્ડન સાહેબે નાનાસાહેબની મદદથી ખજાનો સાચવવાની તૈયારી કરી નાનાસાહેબની વર્તણુકથી કલેકટર સાહેબ બહુ મુગ્ધ બની ગયા હતા. તેને ખાત્રી હતી કે આવી વિપત્તિમાં કેવળ નાનાસાહેબ અમારી દોલત અને જિંદગીનું રક્ષણ કરી શકે તેમ છે. આ સંબંધમાં મિસિસ હિલરર્ડને એક પત્રમાં લખ્યું છે, કે "આ ઠેકાણે બળવો ફાટી નીકળવાનો સંભવ છે જો બળવો ફાટી નીકળશે તો અમે યુરોપિઅન છાવણીમાં અગર કાનપુરથી ૭ માઇલ

દૂર આવેલ બિથુરમા જઇ રહેશુ એ ઠેકાણે પેશ્વાનો સરસ નાના-સાહેબ રહે છે. તે સાહેબનો પરમપ્રિય મિત્ર છે અને અતુલ સંપત્તિ તથા સત્તાનો અધીશ્વર છે તેણે સાહેબને દૃઢતાપૂર્વક કહ્યુ છે કે તમે બિથુરમા તદ્દન સહીસલામત રહેશો મને તો બીજી યુરોપિઅન બાઇઓ સાથે છાવણીમા રહેવુ ઠીક લાગે છે પણ સાહેબ મારા સંતાનસહિત મને બિથુર રાખવાનું વધારે શ્રેયસ્કર ગણે છે."[1]

કાનપુરના કલેકટરને નાનાસાહેબ પર આટલો બધો વિશ્વાસ હતો. આ વિશ્વાસ પર આધાર રાખી તે ખજાનાના રક્ષણની જવા-બદારી નાનાસાહેબને સોપવા તત્પર થયો હતો એવુ કહેવાય છે કે નાનાસાહેબે જ્યારે લખનૌરની મુલાકાત લીધી ત્યારે ત્યાના અમલ-દારોએ તેને બહુ માન આપ્યુ હતું. તેઓએ તેના પર પૂરેપૂરો વિશ્વાસ રાખ્યો હતો પરંતુ જ્યારે તે ત્યાથી એકાએક બિથુર ગયો ત્યારે અયોધ્યાના ખજાનચીને શક પેદા થયો તેણે આ બાબત કાનપુરના અંગ્રેજ સેનાપતિને લખી જણાવી. આ બાબતમા અયોધ્યાના મુખ્ય કમિશ્નર સરહેન્રિ લોરેન્સની પણ સંમતિ હતી.[1] ગમે તેમ હોય પણ એટલુ તો ખરૂં કે હિલસ્ડર્નસાહેબ નાનાસાહેબના આભાર તળે એટલા તો દબાઇ ગયા હતા કે તેને તેનો એક પણ અવગુણ નજર આગળ આવતો નહિ બાજીરાવના મરણ બાદ નાનાસાહેબે કાનપુરના ગૌરાંગ-દેવોને સંતોષવામા બાકી રાખ્યું નહોતું. લૉર્ડ ડેલ્હાઉઝીની સાંકડી રાજનીતિથી તે નિરાશ થયો હતો ખરો પણ તેને ખાત્રી હતી કે "એક સમય જરૂર મને ન્યાય મળશે જ. અત્યારે હું જેના પ્રત્યે અતિશય આદરમાન દર્શાવુ છુ, તેઓ મને ન્યાય અપાવવામા મદદ

---

૧. Martin, Empire in India, Vol. II. p. 251.

કયા સિવાય રહેશે નહિ." આવા વિચારથી તેણે પોતાનો હાથ ગોરા લોકોને માટે સદા પહોળો રાખ્યો હતો તેના બીજા અનુભવી અને કુતૂહલી મુસલમાન મંત્રીએ ક્રીમિઆની લડાઇના મેદાન પરથી જે જ્ઞાન મેળવ્યુ હતું, તે જ્ઞાનની મોહિની શક્તિથી જો નાનાસાહેબ આકર્ષાયો ન હોત અથવા તેના બાલમિત્ર તાતિઆ તોપીની સલાહથી અવળે માર્ગે ન ચડયો હોત તો કદી પણ અંગ્રેજો પ્રત્યેની સુજનતામા તે ખામી આવવા દેત નહિ, કદાચ કાનપુરનુ વિશાળ મેદાન અંગ્રેજોના લોહીથી ખરડાત નહિ, કાનપુરની પાસેથી પસાર થતી પવિત્ર જાન્હવી અસહાય બાલબચ્ચા તથા સ્ત્રીઓના લોહીથી રક્તવર્ણી થઇ જાત નહિ.

નાનાસાહેબ યથોચિત શિષ્ટતા દર્શાવી કાનપુરના અંગ્રેજોને મદદ આપવા તૈયાર થયો. અમલદારોએ એકાએક તેની મદદ કેમ માગી અને તેને આ સંકટને વખતે પોતાનો પરમ હિતેચ્છુ કેમ માન્યો તે વિચારવાની જરૂર છે. દિવાની અને સૈનિક અમલદારો આ વખતે ખજાનાનો પૈસો સાચવવા માટે બહુ ચિંતામા પડયા હતા. તેઓએ જે સ્થળે આત્મરક્ષા કરવા ધાર્યું હતું, ત્યા ખજાનાનો પૈસો આણવામા આવ્યો હોત તો પૈસાનુ રક્ષણ થઇ શકત પણ જે સિપાહીઓ ખજાના પર પેરો ભરતા હતા તેઓએ પોતાની વફાદારી દર્શાવતાં જણાવ્યુ કે, "અમે ખજાનાનુ રક્ષણ કરવા અમારાથી બનતી કોશિશ કરીશુ. તેજુરી અહીંથી ખસેડવામા આવશે તો અમારી રાજભક્તિને કલંક લાગે, અમારી વફાદારીનુ અપમાન થાય. અમે જીવતા છીએ ત્યા સુધી બંડખોરોમાનો કોઇ ખજાનામાની એક

---

૧. Gubbins, Mutinies in Oudh, p. 32.

પાછા પણ લઇ શકશે નહિ અમારા હાથમા એ તદન સલામત છે." અમલદારો તેજુરી પર પેરો ભરતા સિપાહીઓની આ વાતો પર દલીલ કરી શકયા નહિ જો તેઓ સિપાહીઓ પર અવિશ્વાસ દર્શાવી ખજાનો ખસેડે તો બંડ ઉઠતા વાર લાગે નહિ અગર રક્ષકો પોતે સત્તાવાળાઓ અમારા પર અવિશ્વાસ રાખે છે એવો વિચાર કરી તેજુરી હસ્તગત કરે આવા વિચારથી સેનાપતિ સિપાહીઓના મન વિરૂદ્ધ કામ કરવા તત્પર થયો નહિ પુષ્કળ પૈસા ખજાનામા જ રહ્યા પરંતુ વિનંતિ વેળા ધનાગાર રક્ષક સિપાહીઓ તરફ સંપૂર્ણ વિશ્વાસ રાખવો અયોગ્ય માની કેટલાક સશસ્ત્ર સૈનિકો તેજુરી પાસે રાખવાનો વિચાર કર્યો કલેકટર હિલરસ્ડૅન સાહેબને નાનાસાહેબ સાથે દિલોજાન દોસ્તી હતી તે ખાતર તેણે તેની મદદ માગી નાનાસાહેબે પણ મદદ આપવાની આનાકાની કરી નહિ. ધનાગર બિથુર જવાના રસ્તાથી થોડે દૂર આવેલુ હતું તરત જ નાનાસાહેબના ૨૦૦ સિપાહીઓ બે તોપો સાથે ધનાગાર અને અસ્ત્રાગારની વચ્ચે આવેલા નવાબગંજ નામના સ્થળે આવી પહોચ્યા. આ પ્રમાણે કાનપુરના અમલદારોએ કંપનિના પૈસા બચાવવાનો ઉપાય કર્યો. આ ઉપાય છેવટે સિપાહીઓને માટે બહુ સફળ નીવડયો નાનાસાહેબની પાસે કલેકટરે મદદ માગી હતી તે સબંધમા તેના સહચર તાતિયાતોપીએ આ પ્રમાણે જણાવ્યુ છે કે "ઈ સ. ૧૮૫૭ ના મે માસમા કાનપુરના કલેકટરે બિથુરમા નાના સાહેબ પર એક પત્ર મોકલ્યો. પત્રમા લખ્યુ હતું કે "આપ કૃપા કરી મારા બૈરીછોકરાને ઇંગ્લાડ મોકલી દો તો સારૂ." નાનાસાહેબે આ વાત સ્વીકારી ચાર દિવસ પછી કલેકટર સાહેબે નાનાસાહેબને લશ્કર તથા તોપો સહિત કાનપુર આવવાનું લખ્યુ.

નાનાસાહેબ ત્રણસો સૈનિકો અને બે તોપો લઈ કાનપુર ગયા. હું પણ તેમની સાથે કાનપુર ગયો. એ વખતે કલેક્ટર સાહેબ પોતાના બંગલામા નહોતા, પણ રક્ષણસ્થાનમા હતા તેણે અમને પોતાના બંગલામા રહેવાનું કહેવરાવ્યુ અમે તે મુજબ તેમના બંગલામા તે રાત ગાળી સવારે કલેક્ટર સાહેબે આવી નાનાસાહેબનો પોતાનો ખાસ બંગલો વાપરવા આપ્યો એ બંગલો કાનપુરમા હતો. એ એ બંગલામા રહેવા લાગ્યા આ પ્રમાણે ચાર દિવસ વીત્યા કલેક્ટરસાહેબે કહ્યુ કે સિપાહીઓએ અમને જે સ્થિતિમા મૂક્યા છે તે સ્થિતિમા સંતોષની વાત એ છે કે નાનાસાહેબ અમારા પક્ષમા છે કલેક્ટરે અમારા ખરચને માટે સેનાપતિને કહ્યુ સેનાપતિએ એ બાબત આગ્રા લખી મોકલ્યું ત્યાથી જવાબ આવ્યો કે નાનાસાહેબના સૈનિકોના ખર્ચ માટે બંદોબસ્ત કરવામા આવશે "[1] આ પ્રમાણે ૨૨ મી મેએ નાનાસાહેબે બ્રિટિશ સરકારનો ખજાનો સાચવવાની જવાબદારી સ્વીકારી.

૨૧ મી મેએ લખનૌરથી મદદગાર લશ્કર આવી પહોચ્યુ. સેનાપતિએ યુરોપિઅન સ્ત્રીઓ તથા પુરુષોને હૉસ્પિતાલમા ભેગા થવાનો હુકમ કર્યો આ વખતે ભારે ગડબડ મચી રહી. બગી, પાલખી, ગાડી વગેરે વિવિધવાહન ક્રમે ક્રમે આશ્રયસ્થાનના વિશાળ આગણામા આવી પહોચવા લાગ્યા. બાળકોના રુદનથી, સ્ત્રીઓના આર્તનાદથી, આમ-તેમ દોડતા લોકોના બરાડાથી તથા ગાડીઘોડાના ખડખડાટ હણહણાટથી આખી છાવણી ગાજી ઉઠી. આ વખતે બધા પોતપોતાના જાનને બચાવવા ઉંચનીચ પદવીનો ગર્વ છોડી એક જ સપાટી પર ઉભા રહી

1. Kaye Sepoy War, Vol. II p 300, note.

સામાન્ય શત્રુને મારી હઠાવવા તત્પર થયા હતા, બધાના મુખ મલિન બની ગયા હતા. ૨૨ મી તારીખે બજારની બધી દુકાનો ૪-૫ વખત બંધ થઇ ને ઉઘડી એ દિવસે સેનાપતિ આગળ નાના પ્રકારની વાતો આવવા લાગી એક માણસ જે ખબર લાવતો ત્યારબાદ દશેક મિનિટે બીજો એ વાત ખોટી પાડી તે જુની વાતથી પણ વધારે ભયંકર વાત સેનાપતિને કહી સંભળાવતો આ પ્રમાણે આખો દિવસ બન્યુ બીજે દિવસે પણ એવી નાના પ્રકારની ભય કર વાતો સભળાવા લાગી. એ વખતે વૃદ્ધ સેનાપતિની શાન્તિ ડગમગી નહોતી. સેનાપતિના મકાનના બારણા તથા જાળીઆ આખો દિવસ તથા આખી રાત ખુલ્લા જ રહેતા. સેનાપતિ પોતાનુ મકાન બદલવાનો ઇરાદો રાખતો નહોતો, તેણે પોતાના કુટુંબને પણ સુરક્ષિત સ્થળે મોકલ્યુ નહોતું. સેનાપતિ સિવાય કાનપુરના કેટલાક અમલદારો પણ આ વખતે પોતપોતાના બંગલામા રહેતા હતા

અંગ્રેજો આત્મરક્ષાની તૈયારી કરતા હતા, સૈનિક હસ્પિતાલના વિશાળ મેદાનની ચોતરફ દિવાલ રચી તોપો ગોઠવતા હતા, ત્યારે સિપાહીઓ નાના પ્રકારના લોકોની વાતો સાભળી ઉદ્ભ્રાત બનતા જતા હતા તેઓમા બીજી ઘોડેસ્વાર પલ્ટણે સૌ પહેલા ચચળતા દર્શાવી. તેણે ધીમે ધીમે પોતાના કુટુબ તથા સપત્તિ દૂર મોકલી દીધી લોટા સિવાય તેઓએ પોતાના ઘરમા બીજુ કઇ રાખ્યુ નહિ એ પલ્ટણમા કેટલાક મુસલમાનો પણ હતા તેઓ પણ હિંદુઓ જેટલાજ ઉશ્કેરાઇ ગયા હતા. તેઓ મસ્જિદમા એકત્ર થઇ આ બાબતમા શું કરવુ તેનો વિચાર કરવા લાગ્યા ૨૪ મી મે તેમનો ઇદનો દિવસ હતો. એ ખાતર યુરોપિઅનોએ ધાર્યું હતુ કે એ દિવસ તેઓ આપણી

વિરૂદ્ધ બંડ ઉઠાવશે. પરતુ તે દિવસ બીન ગડબડે વીત્યો. મુસલમાન સૈનિકો ઉશ્કેરાયા છતા તે દિવસે શાન્તિ અટૂટ રહી તેઓએ શાતિ-પૂર્વક પોતાનું ધાર્મિક કાર્ય પૂરૂં કર્યું અને શાતિપૂર્વક પોતપોતાના અધ્યક્ષોને નમન કરી યથાયોગ્ય વિનય દર્શાવ્યો તેઓના અધ્યક્ષોએ પણ તેઓને સામુ અભિનદન આપ્યુ.

પરતુ એથી કંઇ સેનાનાયક તથા સિપાહીઓ વચ્ચે સદ્ભાવ સ્થપાયો નહિ, સિપાહીઓની ઉશ્કેરણી મદ પડી નહિ. અધિકારીઓના દરેક કાર્ય તેઓને અશાત બનાવવા લાગ્યા તેઓએ જોયુ કે અંગ્રેજો અમને હમેશા સંદિગ્ધ દૃષ્ટિથી નિહાળે છે. તેઓએ પોતાના બચાવ માટે પુરતી તૈયારીઓ કરી રાખી છે લખનોરથી સૈન્ય બોલાવ્યુ છે. યુરોપિઅનો હથિયારબદ્ધ થઈ આત્મરક્ષા માટે તત્પર થઇ રહ્યા છે. સૈનિકો અમારાપર હથિયારો વાપરવા તલપાપડ થઇ રહ્યા છે આ બધુ જોઇ તેઓ શાત રહી શક્યા નહિ. તેઓએ ધાર્યું કે આ બધી તોપો અમારો નાશ કરશે, તે ઉપરાત ચરબીવાળા ટોટા અને હાડકાવાળા લોટની વાતોએ તેમના અતઃકરણમા આગ પ્રગટાવી તેઓ વિચારવા લાગ્યા તે ફિરગીઓના રાજ્યમા અમારૂ સત્યાનાશ વળવા બેઠુ છે જે દિવસે ગોલદાજ સૈન્ય તોપો લઇ લખનોરથી કાનપુર આવી પહોચ્યુ, તે દિવસે ઘોડેસ્વાર પલ્ટણ એટલી બધી ઉશ્કેરાઇ ગઇ કે પિસ્તોલો સજ્જ કરી લડાઇ કરવા તત્પર થઇ ઉભી. એ તોપો શા માટે આવતી હતી તે તેઓ જાણતા નહોતા તેઓને શક પડયો હતો કે એ તોપો હમણા અમારી જિદગી પૂરી કરશે, તેઓએ પોતપોતાના ઘર બહાર નીકળી ઘોડા તૈયાર કરી રાખ્યા જોતજોતામાં ગોલંદાજ સૈન્ય તોપો લઇ છાવણી આગળથી પસાર થઈ ગયું. પરંતુ

તેથી તેઓના હૃદયને શાંતિ વળી નહિ. તોપો દૂર ગઇ એટલે સાધારણ પ્રજા આ તોપો આવવાનું કારણ જાણવા માટે કવાયતના મેદાન પર એકત્ર થઇ. કેટલાક સિપાહીઓ પણ એ ટોળામાં જઇ ભરાયા. ગડબડ થતી જોઇ રસદ વિભાગનો એક અંગ્રેજ અમલદાર તે સ્થળે આવી પહોંચ્યો, એ સમયે સિપાહીઓની વાતચીત પરથી તેણે જાણ્યું કે તોપો દૂર જતા તેઓનો શક દૂર થયો છે અત્યાર સુધી તેઓ પોતાના પર હલ્લો થવાનો છે એવો શક રાખતા હતા તેઓનો એ શક હવે નાશ પામ્યો છે અત્યારે તેઓ પરસ્પર વાતચીત કરતા હતા. એ વખતે પેલો અંગ્રેજી અમલદાર તેમની પાસે આવી પહોંચ્યો. તેણે કહ્યું, " અયોધ્યાથી જે ઘોડેસ્વારો આ તોપો સાથે આવતા હતા, તેઓએ અગાઉ કદી બેવફાપણું દર્શાવ્યુ નહોતું રાજભક્તિનું અપમાન કરવા જેટલી હિંમત તેઓએ કદી દર્શાવેલી ન હોવાથી અધિકારીઓએ તેઓને વફાદાર માની ફતેહગઢ મોકલ્યા હતા[1] પરંતુ તેઓએ વફાદારી તોડી પોતાના ઉપરીઓને મારી નાખ્યા, આનું કારણ શું?" તેના આ વાક્યથી સિપાહીઓ ઉશ્કેરાએલા અવાજે વાતચીત કરવા લાગ્યા એક જણે કહ્યું, " ઓફિસરો જાતે વિશ્વાસઘાતી બન્યા હતા, એમા કંઇ શક નથી. એ લોકોએ સિપાહીઓના હથિયારો અને ઘોડા છિનવી લેવાનો પ્રયત્ન કર્યો હતો પણ આ કાર્યમા સફળતા ન મળવાથી તેઓએ તેમને પગાર લેવા માટે સામાન્ય પોશાકમા એ સ્થળે આવવાનો હુકમ આપ્યો." આટલું કહી બોલનાર માણસે માથું ધુણાવ્યું ત્યારબાદ જણાવ્યું કે " પરંતુ સિપાહીઓ કંઈ મૂર્ખ નથી; તેઓ તે સ્થળે સહેલાઇથી ગયા નહિ " એક બીજા માણસે કહ્યું,

૧. ફતેહગઢની હકીકત આગળ લખવામા આવશે

"ઓફિસરો જો વિશ્વાસઘાતી ન નીવડયા હોત તો તેઓ પોતાનું રહેઠાણુ શા માટે સુરક્ષિત કરે છે? તેઓનો અગાઉની માફક અમારી સાથે વર્ત્તવા લાગે તો અમે તેમનું કદી અનિષ્ટ કરીશુ નહિ પરંતુ અત્યારે તેઓ અમારી સાથે સારી વર્ત્તણુક ચલાવવાને બદલે નાના પ્રકારના છળકપટનો આશ્રય લઇ અમને વટલાવવા માગે છે" ત્યાર બાદ વક્તાએ પોતાના સોબતીઓ તરફ મો ફેરવી કહ્યું, "જુઓ, આપણી વિરૂદ્ધ કેવા છુપા કાવતરા થાય છે. તેઓ જાણે છે કે આપણે કદી પણ નવા ટોટા સ્વીકારવાના નથી, એ ખાતર તેઓ આપણને વટલાવવાના અભિપ્રાયથી ગાય અને ડુક્કરના હાડકાંગો લોટ રૂડકિથી અહીં મોકલે છે" ત્રીજા માણસે કહ્યું, "મને સ્પષ્ટ જણાય છે કે આપણા પર ઓફિસરોને રજમાત્ર વિશ્વાસ નથી, તેઓએ અસ્ત્રાગાર અને ધનાગાર રક્ષક સિપાહીઓને હાંકી કહાડી તે સ્થળે યુરોપિઅનો ગોઠવવાનો વિચાર કર્યો છે. સિપાહીઓ અત્યાર સુધી વિશ્વાસુ હતા, તેઓ અત્યારે એકાએક અવિશ્વાસુ ઠર્યા છે," સિપાહીઓમા જ્યારે આ પ્રમાણે વાતચીત થતી હતી ત્યારે પેલો યુરોપિઅન અમલદાર તેઓના ટોળામા હતો. એ અમલદારે તેઓને શાંત કરવાના ઘણા ઉપાય કર્યાં પરંતુ તેઓ શાંત થયા નહિ તે તેઓને સરકારનો ઉદ્દેશ સમજાવવાનો જેમ જેમ પ્રયત્ન કરતો ગયો તેમ તેમ સિપાહીઓ વધારે અધીરતા દર્શાવવા લાગ્યા. તેઓએ મિરતના બનાવનો ઉલ્લેખ કરી ચોકખી રીતે કહ્યું કે," ત્યાના સિપાહીઓને દશ વર્ષની સખત સજા થઇ હતી એ શા માટે? કેવળ નવા ટોટા દાંત વડે ન કરડવા ખાતર કે નહિ? અહીં પણ યુરોપિઅન સૈનિકોનો પુરતો જથો આવી પહોંચશે એટલે અમારી એવીજ દશા થશે. અમે ત્યા સુધી રાહ જોઈશુ નહિ. અમારી

અધોગતિનો છેડો આવ્યો છે. જુઓને, તે દિવસે રાત્રે એક ઓફિસરે અમારી ટોળીના કેટલાક સત્રીઓ પર ગોળી છોડી ન્યાયાધીશે તેને ગાડો ગણી છોડી મૂકયો.[1] અમે જો કોઇ યુરોપિઅન પર ગોળી છોડી હોત તો અમને ફાસીની સજા થઇ હોત " સિપાહીઓને આ રીતે ઉશ્કેરાતા જોઇ પેલા અમલદારે કહ્યું, " તમે તમારૂં સત્યાનાશ વાળવા તૈયાર થયા છો. બ્રિટિશ કંપનિ સિવાય તમે આવુ ઉચ્ચ તથા માનનીય કામ કયાથી મેળવી શકશો "[2] એક સિપાહીએ જરાપણ વિલંબ ન કરતા આ પ્રશ્નનો જવાબ આપ્યો કે " અમે મુસલમાન છીએ. અમે અમારી જાતના રાજાનુ કામ કરીશુ અમારી જાતના રાજા સાથે અમારે શી રીતે વર્તવુ તે અમને બરાબર યાદ છે." એક બીજો સિપાહી પોતાનુ દાઢી મૂછવાળુ મુખ મંડળ વિકૃત કરી અતિશક ઉશ્કેરાઇ ગયો હોય તેવા ચિહ્નો દર્શાવવા લાગ્યો પેલા અમલદારે તેને અતિશય ઉશ્કેરાઇ ગએલો જોઈ કહ્યું, " જો તમે આવા કાર્યો કરવાની પ્રતિજ્ઞા લઇ બેઠા હો, તો પણ વેપારી, નોકરો વગેરે

---

૧ સિપાહીની આ વાત ખોટી નથી એક દિવસ રાત્રે ઘોડેસ્વાર ટુકડીનો એક સિપાહી પહેરાપર હતો એ વખત એક યુરોપિઅન સૈનિકે પોતાના બંગના બહાર નીકળી અતિશય મદ્યપાનને લીધે હો કે ભયને લીધે પણ એટલુ તો ખરૂ કે તેણે તે સત્રીપર ગોળી બાર કર્યો ગોળી લક્ષ્યભ્રષ્ટ નીવડી બીજે દિવસે સવારમા સિપાહીએ પેલા સૈનિક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી. આ બાબતનો ન્યાય ચુકવવા લશ્કરી અદાલત શરૂ થઇ. મદ્યપાનને લીધે બુદ્ધિભ્રંશ થયો હતો એમ જણાવી ન્યાયાધીશે આ માણસને છોડી મૂકયો Trevlyan, Cawnpur, p 223

વર્ગના માણસો સાથે તો તમારે કંઇ સબંધ નથી તેઓનું અનિષ્ટ કરવા કેમ તૈયાર થયા છો?" તેના આવા વચનો સાંભળી પેલો સિપાહી દઢતાપૂર્વક બોલ્યો, "અરે! તમે બધા તો એકના એક છો. તમે બધા એકજ જાતના છો. તમે બધા સર્પ જેવા છો તમારામાંનું કોઇ બચવાનું નથી " એ વખતે એક હવાલદાર અથવા નાયકે પેલા અમલદાર પાસે આવી કહ્યું "આપ આ બેવકુફોની વાતો પર લક્ષ આપતા નહિ, આપ આપને કામે વળગો, મહેરબાની કરીને હવેથી અમારા જથ્થામાં આવતા નહિ." હવાલદાર આવા વચનો બોલતો હતો એ દરમિઆન બીજા કોઇ માણસોએ આવી પેલા અમલદારને જેમ બને તેમ જલદી અહીંથી રવાના થઇ જવાની સૂચના આપી. પેલો અમલદાર સિપાહીઓને બહુ ઉશ્કેરાએલા જોઇ શંકાશીલ બની ગયો હતો ચોતરફ ઉશ્કેરાએલા સિપાહીઓથી વીંટળાઇ ગએલો હોવાથી તેની શંકા પ્રબળ બની ગઇ, તે ઝપાટાબંધ તે ટોળું છોડી દૂર જવા લાગ્યો. વે જવા લાગ્યો એટલે એક માણસે મશ્કરી ભર્યા અવાજે ઉચ્ચ સ્વરે કહ્યું," તમે બ્હીના નહિ સાહેબ' જેમ બને તેમ જલદી ઘેર જઇ મુસલમાની પોશાક ધારણ કરો હાથમાં જાડી લાકડી લો, અને દાઢી પર હાથ મૂકતા મૂકતા "અલહાબ્દ લિલ્લા રબિલ્લ અલ્મિન" (મુસલમાનોની પ્રાર્થનાનો એક અંશ) એમ કહેતા કહેતા ખુશીથી રખડો. તમારો કોઇ વાળ વાંકો કરશે નહિ." આ વચનો સાંભળી હાજર રહેલા માણસો હસવા લાગ્યા પેલા અમલદારે એ તરફ લક્ષ આપ્યું નહિ, તે તો પોતાનો જીવ લઇ ઘર તરફ નાઠો.[૧]

આ પ્રમાણે સિપાહીઓ હદ ઉપરાંત ઉશ્કેરાઇ ગયા, યુરોપિઅનો

૧. Shepherd, Cawnpur Massacre, p. 17–19.

અવશ્યભાવી વિપત્તિમાંથી બચવા માટે જેમ જેમ વધારે પ્રયત્નો કરવા લાગ્યા તેમ તેમ સિપાહીઓ શંકાશીલ બનતા લાગ્યા અગાઉ કહ્યું છે તેમ તેઓએ વૃદ્ધ સેનાપતિને આત્મરક્ષાનું સ્થાન સુરક્ષિત કરતો જોઇ અંધીરાઇ દર્શાવી હતી. ત્યારબાદ જ્યારે તેઓના જાણવામાં આવ્યું કે યુરોપિયનોના ટોળેટોળા એ કિલ્લેબંધીમાં જઇ રહ્યા છે, બધી તોપો એ સ્થળે એકત્ર કરવામાં આવી છે, વૃદ્ધ સેનાપતિ રાત દહાડો એ સ્થળે લશ્કરી કાર્ય સુવ્યવસ્થિત કરી રહ્યો છે, ખ્રીસ્તી ધર્મ પાળનારાઓ ત્રાસ પામી એ સ્થળે આવતા જાય છે, ત્યારે તેઓના મનમાં યુરોપિયનોપર જે કંઇ સ્નેહ હતો તે નષ્ટ થઇ ગયો. વૃદ્ધ સેનાપતિએ પોતાના આશ્રયસ્થાન આસપાસ જે દિવાલ ચણાવી તે દિવાલથી છેવટે તેનું રક્ષણ તો ન થયું, છતાં તેજ દિવાલે સિપાહીઓને તેની સામે ઉશ્કેરી મૂક્યા સિપાહીઓએ યુરોપિયનોને ભયગ્રસ્ત જોયા એટલે તેઓએ જાણી લીધું કે આવી સાહસિક, દૃઢ અને કાર્યકુશળ જાતિ પણ છેવટે આપણાથી ચઢિઆતી નથી. તેઓ પણ આપણી પેઠે સંદેહ વશ થઇ ડર ખાય છે. આવી ડરપોક જાતિનો પરાજય કરવો એ કંઇ અશક્ય નથી આવો વિચાર કરી તેઓ યુરોપિયનોને અવજ્ઞાની નજરે નિહાળવા લાગ્યા છેવટે જ્યારે તોપરક્ષક યુરોપિયનોએ પોતાની તોપો યોગ્ય સ્થળે ગોઠવી દીધી, શક્તિમાન યુરોપિયનો હથિયાર સજવા લાગ્યા, ત્યારે સિપાહીઓને પોતાના ઓફિસરો પર જે કંઇ થોડી ઘણી શ્રદ્ધા હતી તે પણ લુપ્ત થઇ ગઇ ઓફિસરો અને સિપાહીઓ વચ્ચે હવે કોઇ જાતનું બંધન રહ્યું નહિ. મિત્રતા અને વિશ્વાસને બદલે ભયંકર શત્રુતા અને ઘોર અવિશ્વાસનો આવિર્ભાવ થયો. અંગ્રેજો સિપાહીઓને આતતાયી માનવા

લાગ્યા, સિપાહીઓ પણ અંગ્રેજોના દરેક કાર્યને શંકાની દૃષ્ટિથી નિહાળવા લાગ્યા.

મે માસના છેલ્લા અઠવાડિઆમા ચોતરફ આશંકા અને ઉદ્વેગના ચિહ્નો પ્રત્યક્ષ જણાતા છતા શાંતિભંગ થયો નહિ મહારાણીના જન્મદિવસે અંગ્રેજ સેનાપતિએ તોપોના બાર કરવાનું બંધ રાખ્યુ તે દિવસે કાનપુરના કવાયતના મેદાન પર કવાયત ન થઇ, કોઇ પણ સૈનિકે પદ્ધતિસર એ ઉત્સવ ન ઉજવ્યો આખી છાવણી તે દિવસે સૂમસામાકાર જણાઇ દરેક સૈનિકે એ ઉત્સવ કંઇ પણ ક્રિયા કર્યા વગર પસાર કર્યો. ૫૩ મી પલ્ટણના એક યુરોપિઅન સૈનિકની સ્ત્રી કંઈ જરૂરી ચીજો લેવા માટે બજારમા ગઈ હતી. એ વખતે એક લશ્કરી પોશાક વગરના સિપાહીએ તેને કહ્યુ કે “ તમે લોકો હવે અહીં વારવાર આવના નહિ, તમારી જિંદગી કેવળ એક અઠવાડિઆ જેટલી ટુકી છે.” પેલી સ્ત્રીએ આ વાત છાવણીમા બધાને જણાવી પરંતુ તે વખતે એ વાત પર કોઇએ પૂરેપૂરો વિશ્વાસ રાખ્યો નહિ. એ સમય પહેલા એક દિવસ રાત્રે દેશી પાયદળ સૈનિકના ઘરમા આગ લાગી હતી, યુરોપિઅનોમાના ઘણાખરાએ આ આગને બંડખોરો તરફથી થએલો સંકેત માન્યો હતો. તેથી તે સ્થળે છ તોપો ગોઠવવામા આવી હતી ત્યારબાદ સિપાહીઓને આગ હોલવવા બોલાવવામા આવ્યા તેઓએ એ હુકમ પાળ્યો, આગ હોલવાઇ ગઈ. છેવટે આ બનાવ અકસ્માત બન્યો હતો એમ સાબીત થયું. આ પ્રમાણે અંગ્રેજો દરેક બાબતમા પોતાને ભયગ્રસ્ત માનવા લાગ્યા આ તરફ અંગ્રેજદ્વેષી મિથ્યાભાષી આજ્ઞિમફ્ઉલ્લા પણ અંગ્રેજોના કાર્યો નિરખી

મશ્કરી કરતો કરતો પોતાનો દ્વેષ બતાવવા લાગ્યો. અંગ્રેજોના બચાવ માટે હૉસ્પિતાલની આજુબાજુ દિવાલ બંધાતી હતી ત્યારે આજિમઉલ્લાની સાથે તેના એક પરિચિત જુવાન અંગ્રેજ સેનાધ્યક્ષની (લેફ્ટેનેન્ટ દાનિઅલ) મુલાકાત થઈ મિરતના બંડના સમાચાર કાનપુર આવ્યે હજુ બહુ દિવસ થયા નહોતા આજિમઉલ્લાએ પેલી દિવાલ બતાવી લેફ્ટેનેન્ટ દાનિઅલને પૂછ્યું, આપ લોકો સપાટ મેદાન પર જે સ્થળ તૈયાર કરો છો, તેને શું નામ આપવાના છો ? ' દાનિઅલે કહ્યું, " હું કંઇ જાણતો નથી " એ વાત સાંભળી આજિમઉલ્લાએ કહ્યું, " એ સ્થાનને નિરાશાદુર્ગ તરીકે ઓળખાવવું જોઇએ. " તરત જ પેલા અંગ્રેજ સેનાનાયકે જવાબ આપ્યો, " ના, ના ' અમે એને વિજયદુર્ગ નામ આપીશું " આજિમઉલ્લાએ આનો કંઈ જવાબ આપ્યો નહિ કેવળ " અહા ' અહા ' " એવા શબ્દો બોલી અંગ્રેજ સેનાનાયક તરફ તીવ્ર વિદ્રુપ દર્શાવવા લાગ્યો[1] લેફ્ટેનેન્ટ દાનિઅલ નાનાસાહેબનું પ્રિયપાત્ર હતો એક દિવસ નાનાસાહેબે પોતાની આંગળી માંથી મૂલ્યવાન નંગવાળી વીંટી કાઢી લેફટેનેન્ટ દાનિઅલને ભેટ આપી હતી

એ વખતે કાનપુરમાં નાનકચંદ નામનો એક વકીલ રહેતો હતો. પેશ્વા બાજીરાવના એક ભત્રીજાએ પોતાના કાકાની મિલ્કતમાંથી ભાગ મેળવવા માટે નાનાસાહેબ પર મુકદ્દમો માંડયો હતો પેશ્વાના ભત્રીજાએ પોતાનો મુકદ્દમો ચલાવવાનો ભાર નાનકચંદ પર મૂક્યો હતો નાનકચંદ નાનાસાહેબનો વિરોધી અને અંગ્રેજ સરકારનો મિત્ર

---

૧ Mowbray Thomson, Story of Cawnpur, p. 57 Comp Trevelyan Cawnpur, p. 83.

હતો. તેણે પોતાની રોજનિશીમા ૧૫ મી મેથી કાનપુરની મોટી મોટી ઘટનાઓની વિગત નોધી છે. જે સિપાહીઓએ ધનાગારરક્ષાનો ભાગ ગ્રહણ કર્યો હતો, તેઓ પણ કપનિની ગજનીતિ ઉપર દોષારોપ કરતા હતા, એ વાત નાનકચંદે સ્વીકારી છે.[૧] મે માસમા નાના પ્રકારના બનાવો બન્યા હતા અને નાના પ્રકારના સમાચાર ફેલાયા હતા છતા એ માસની આખર તારીખ સુધી સિપાહીઓએ ખુલ્લી રીતે સરકાર સામે બડ ઉઠાવ્યુ નહોતું મેનાપતિ વ્હીલરે એ પરથી ધાર્યુ કે હવે શાન્ત પ્રસરી જશે ખાત્રી થયા બાદ સર હેન્રિલોરેન્સને મદદ આપવા સૈન્ય મોકલી શકાશે એવા વિચારથી કાનપુરના વૃદ્ધ સેનાપતિએ ૧ લી જુને ગવર્નર જનરલને લખ્યુ કે " અલાહાબાદથી યુરોપિઅન સૈન્ય આણવા માટે આજે મે ૮૦ બળદગાડીઓ મોકલી છે. મને ખાત્રી છે કે થોડા રોજમા કાનપુરમા શાતિ ફેલાઇ જશે એટલુજ નહિ જરૂર પડતા હુ લખનોર સૈન્ય મોકલી શકીશ. અમે અત્યારે ઘરબાર છોડી દિવાલથી ઘેરાએલા સહીસલામત સ્થાનમા નાખેલા તબુમા વસીએ છીએ. જ્યા સુધી પૂરેપૂરી શાન્તિ ન ફેલાય ત્યા સુધી અહીં મથક રાખવાનો ઇરાદો છે ગ્રીષ્મઋતુ સખ્ત રૂપ ધારણ કરી રહી છે, તાવનો પ્રકોપ શાત પડતો જાય છે. પરતુ ઉશ્કેરણી અને અવિશ્વાસ એટલા બધા પ્રમાણમા ફેલાઈ રહ્યો છે કે કોઇ પણ બાબતમા ધ્યાન પરોવાતુ નથી આ સમય એવો છે કે વગર વિચાર્યે કરેલું નજીવુ કાર્ય પણ ભયકર આગ સળગાવવાને શક્તિમાન બને છે. દૈવયોગે આવા સકટને વખતે મારો સિપાહીઓ સાથેનો લાબો

---

૧. Trevelyan, Cawnpur, p 78–79 ધનાગારરક્ષક પાત્રીસ સિપાહીઓ ગજભક્ત અને વફાદાર હતા.

અનુભવ બહુ કામ આવ્યો છે, × × હું પર વર્ષથી એ લોકોમાં કામ કરતો આવ્યો છુ મારી આત્મ પ્રશંસાના આ શબ્દો માટે આપ માફી આપશો. કાનપુર જેવા સ્થળની શાન્તિ જાળવવામા કંઇક આશા ઉત્પન્ન થએલ હોવાથીજ હું આ બાબત જણાવવાની ધૃષ્ટતા કરૂ છુ લોકો કહે છે કે હું સિપાહીઓની વચ્ચે કામ કરી રહ્યો છુ માટે તેઓ બીજાના દૃષ્ટાંતનું અનુકરણ કરતા અટક્યા છે "[1] આવા વિશ્વાસથી વૃદ્ધ સેનાપતિ મદદગાર લશ્કર લખનોર મોકલવા તૈયાર થયો. ૮૪ મી પલ્ટણના યુરોપિઅન સિપાહીઓમાના કેટલાક સૈનિકો બનારસથી મે માસની આખરે કાનપુર આવી પહોચ્યા. તેઓને ૩ જી જુને લખનોર મોકલવામા આવ્યા. આ સબંધમા સેનાપતિએ ગવર્નર જનરલને તારદ્વારા આ પ્રમાણે જણાવ્યુ કે, "સર હેન્રિલોરેન્સે ઉદ્વેગ દર્શાવ્યાથી મે હમણાજ મારા નાના સૈન્યમાથી મહારાણીની ૮૪ મી પલ્ટણના ૫૦ પાયદળ સૈનિકો અને ૨ ઓફિસરોને ટપાલની ગાડીમા લખનોર મોકલ્યા છે. વધારે વાહન મળ્યા નથી આ સૈન્ય મોકલવાથી મારૂં બળ ઓછુ થયુ છે ખરૂ, પણ મને ખાત્રી છે કે બીજુ યુરોપિઅન સૈન્ય આવી પહોચે ત્યા સુધી હું મારો બચાવ કરી શકીશ." એ સૈનિકો કાનપુરની છાવણી-માથી લખનોર તરફ ગયા. તેમણે જ્યારે પુલ પસાર કર્યો એટલે સિપાહીઓ કાનપુરમા યુરોપિઅનોનું બળ ઘટેલુ જોઇ બહુ આનંદ પામ્યા તેઓ હવે સાહસ દર્શાવવાની પેરવી કરવા લાગ્યા. તેઓ તક ખોળવા લાગ્યા પ્રતિક્ષણે પોતાને અંગ્રેજોના તાબામાંથી મુક્ત થઈ મોગલ બાદશાહના તાબેદાર બનવાના સ્વપ્નો જોવા લાગ્યા.

---

૧ Kaye, Sepoy War, Vol. II., p. 304.

જુન માસની શરૂઆતમા સિપાહીઓ પોતાનુ કાર્ય પાર પાડવાની તૈયારી કરવા લાગ્યા. એ વખતે ઘોડેસ્વાર સૈન્ય બહુજ ઉશ્કેરાઇ ગયુ હતું એ સૈન્યના ઘોડેસ્વારો પાયદળ સૈન્યના સિપાહીઓને ઉશ્કેરવાનો પ્રયત્ન કરતા હતા બજારમા, છાવણીમા વગેરે સર્વત્ર સ્થળે નાના પ્રકારના કાવતરા રચાવા લાગ્યા બિથુરના મહારાજનુ સૈન્ય નવાબગંજમા પડાવ નાખી પડયુ હતું મહારાજ પોતે એ સ્થળે નિવાસ કરી રહ્યા હતા. એવુ કહેવાય છે કે કાવતરાખોરો એમની સાથે મેળાપ કરવાનું વિસર્યા નહોતા. એ સ્થળે અસ્ત્રાગાર, ધનાગાર અને કારાવાસ હતા. કાવતરાખોરો આ બધુ પોતાની નજર આગળ અરક્ષિત સ્થિતિમા જોઇ બહુ આશાખોર બન્યા હતા. તેઓ ધનાગારની પાસે અસ્ત્રાગાર અને કારાગાર જોઈ, એ અધિકારમા લેતા બહુ શ્રમ નહિ પડે એમ માનવા લાગ્યા એ વખતે તેમને ઉત્સાહ આપનારા ઘણા હતા, તેઓનું બળ વધારનારા સાધનો પણ દૂર નહોતા જવાલાપ્રસાદ નામે એક માણસ નાના સાહેબના રક્ષણમા હતો મહુદઅલી નામનો એક મુસલમાન નાના સાહેબની નોકરી છોડી ઘોડાનો વેપાર કરતો હતો. આ બંને જણા અત્યારે સિપાહીઓના મદદગાર થઈ પડયા. બીજી ઘોડેસ્વાર પલટણનો સુબેદાર ટીકાસિંહ પોતાની સત્તા, કાર્યનિપુણતા અને અગ્રેજો તરફના ઘોર દ્વેષને લીધે પોતાના સહયોગીઓમા મુખ્ય થઇ પડયો હતો. હવે સુબેદાર ટીકાસિંહ સાથે જવાલાપ્રસાદના સદેશા ચાલવા લાગ્યા. એ વખતે આજિમ પણ મુંગો બેઠો નહોતો. તે નાનાસાહેબને પોતાની બુદ્ધિદ્વારા દોરતો હતો. કાવતરા ખોરોમાના કોણ કઇ રીતે મસલત કરતા હતા, કોણે કઇ રીતે સંકલ્પ પાર પાડયો ઇત્યા-

દિનુ વિવેચન કરવુ અશક્ય છે આ સબધમા દરેક જીદુ જુદું વૃત્તાન્ત આપે છે, એ બધા મતમાથી સત્ય તારવી કાઢવાનું કામ બહુ મુશ્કેલ છે. [૧] શિવચરણદાસ નામના એક માણસે કહ્યુ છે કે "ઘોડેસ્વાર સૈન્યના બંડ પછી ત્રણ કે ચાર દિવસે સુબેદાર ટીકાસિંહે નાના સાહેબની મુલાકાત લઈ કહ્યુ કે" આપ અગ્રેજોનુ અન્નાગાર અને ધનાગારનું રક્ષણ કરવા અહી આવ્યા છો. અમે હિંદુ અને મુસલમાનો અમારા ધર્મનુ રક્ષણ કરવા એકત્ર થયા છીએ. બગાળાનું બધુ સૈન્ય એક ઉદ્દેશ પાર પાડવા માટે એક ક્ષેત્ર પર તૈયાર થઇ ઉભુ છે, આપ આ સબંધમા શો મત આપો છો?" નાનાસાહેબે જવાબ આપ્યો કે "હુ પણ સૈનિકોના હાથમા છુ."[૨] એક બીજા માણસે કહ્યું છે કે "જુન માસના એક દિવસે સાયકાળ વખતે મહારાજ નાનાસાહેબ પોતાના ભાઇ બાલરાવ અને મત્રી આજિમઉલ્લા સાથે ગગાનદીના ઘાટ તરફ ગયા તે સ્થળે તેમના જાસુસોએ ટીકાસિહ અને તેના મદદગારોને આણ્યા. બધા નૌકામા બેઠા. હોડીમા બેઠા બેઠા બે કલાક સુધી વાતચીત થઇ[૩] આવી જુદી જુદી વાતોમથી સત્ય ખોળી કાઢવાનુ કામ બહુ મુશ્કેલ છે. કાવતરાખોરોએ

---

૧. વાયવ્ય પ્રાતના પોલિસ કમિશનર કર્નલ વિલિઅમ્સે આ બાબતની ઘણી સાક્ષી તપાસી હતી તે પણ ઘણા ખરા લોકોની સાભળી વાતો પર વિશ્વાસ રાખી શક્યો નથી. Kaye, Sepoy War. Vol. II. p 106, note.

૨ Kaye, Sepoy War. Vol II. p 306. note, Comp Trevelyan, Cawnpur, p. 89.

૩. Trevelyan, Cawnpur, p 89

પોતાની વક્તૃત્વની મોહકશક્તિથી નાનાને મુગ્ધ કર્યો હો કે ન કર્યો હો, હોડી પર છુપાઇ મસલ્લત કરી હો કે ન કરી હો, તેઓમાના કોઇએ કલ્પનાના મોહથી અગર આશાના તૃપ્તિદાયક મંત્રથી પ્રફુલ્લ બની પોતાની પ્રિયા પાસે ગર્વ કરતા કરતા એ વાત કહી સંભળાવી હો કે ન હો, તો પણુ એટલુ તો ખરૂ કે જુન માસની પહેલી ૪ તારીખે ઘોડેસ્વારોએ પોતપોતાનામા વાતચીત કરવામા ગાળી હતી[1] નાનાસાહેબના નોકરો તેમની સાથે ભળ્યા હતા. કદાચ તેઓએ આ નોકરો મારફત સાભળ્યુ હોય કે બિથુરનો મહારાજ તમારા પક્ષમા છે, તેમણે પોતાનો પૈસો, સૈન્ય વગેરે બધુ તમારે માટે તૈયાર રાખ્યુ છે. નોકરોની આવી વાતો સાભળી ઘોડેસ્વારો બહુ રાજી થયા હશે અને વિલંબ ન કરતા પોતપોતાના ઓફિસરો સમક્ષ પોતાની સ્વાધીનતા જાહેર કરી હશે

સેનાપતિ વ્હીલરે લાબા સમય સુધી બંગાળાના સિપાહીઓમા નોકરી કરી હોવાથી તેણે તેઓની ભાષા પર સારો કાબુ મેળવ્યો હતો. તે જ્યારે હિંદુસ્થાની ભાષામા ભાષણુ કરતો ત્યારે તેનો સ્વર, ઉચ્ચારણપ્રણાલી, અને વાક્યરચના સાભળી એમ જણાતું કે કોઈ હિંદુસ્થાની માણસના મુખમાથી શુદ્ધ હિંદી ભાષા બહાર પડે છે. વૃદ્ધ સેનાપતિ સિપાહીઓની છાવણીમા જઇ, સ્નેહપૂર્વક શાંતિ જાળ-

---

૧. એવુ કહેવાય છે કે આજિજન નામની એક વેશ્યા બીજી ઘોડેસ્વાર પલટણની પ્રિયપાત્રી હતી. શમ્સઉદ્દીન નામના એક સ્વારે તેને ઘેર આવી જણાવ્યુ કે એકાદ બે દિવસમા નાનાસાહેબ કર્તાહર્તા થશે અમે પણુ તારૂ ઘર સોનામહોરોથી ભરી દઇશુ. Trevelyan, Cawnpur, p. 89.

વવાનો ઉપદેશ આપતો, સિપાહીઓ ઉદાસ ચહેરે એ ઉપદેશ સાભળતા પણ છેવટે એ ઉપદેશ કઇ કામ આવ્યો નહિ ખટપટિઆ લોકોની ઉશ્કેરણીથી ઉશ્કેરાઇ તેઓએ પોતાનુ ખરૂ સ્વરૂપ પ્રગટાવ્યુ. પ્રથમ તો તેઓમા પુષ્કળ મતમતાતર જણાતા હતા કોઇ જેમ બને તેમ જલ્દી કામ શરૂ કરવા ઇચ્છતા હતા, કોઇ વિલબ કર્યાથી કાર્ય સિદ્ધ થશે એમ માની પોતપોતાના મળતીઆઓને થોડો વખત ગમ જોવાનુ કહેતા હતા આ પ્રમાણે પ્રથમ સરકાર વિરુદ્ધ કોણ પડે છે એ નિહાળવામા જ તેમના થોડા દિવસો પસાર થઇ ગયા એક વખતે ઘોડેસ્વાર સૈન્યના એક દેશી ઓફિસરે સૈનિકોને હથિયારબધ થઇ બળવો ઉઠાવવાની ચેતવણી આપવા બ્યુગલ વગાડવાની તૈયારી કરી પણ બીજા એક માણસે તેના હાથમાથી બ્યુગલ ઝુટવી લીધુ.[૧] આ પ્રમાણે સિપાહીઓ નક્કી કરેલુ કાર્ય શરૂ કરવા માટે ઉત્સુપણુ દર્શાવવા લાગ્યા ઘોડેસ્વારપલ્ટણે ૩ જી જુનની રાત્રે કપનિ વિરુદ્ધ બડ ઉઠાવવાની ઇચ્છા દર્શાવી, પણ તેમના સુબેદાર ભવાનીસિંહના પ્રયત્નથી એ ઇચ્છા પાર પડી નહિ. સુબેદાર ભવાનીસિહ અગ્રેજોનો હિતેચ્છુ હતો. ઉમરની સાથે તેનામા અનુભવ પણ જબરો હતો તેણે ૩ જી જુને પોતાની ટુકડીના સૈનિકોને શાત રાખ્યા. સિપાહીઓએ તે રાત્રે કઇ ચિહ્નો દર્શાવ્યા નહિ ૪થી જુને પણ પ્રકોપના ચિહ્નો સ્પષ્ટ રીતે જણાયા નહિ તેઓ અગાઉની માફક ઉત્સુપણુ અતઃકરણે દિવસ ગાળવા લાગ્યા[૨] છેવટે તે દિવસની રાત્રે તેઓનો સંકલ્પ દૃઢ થયો. તેઓએ મદ્ય પી યુરોપિઅન ઓફિસરને લશ્કરી

---

૧ Kaye, Sepoy War, Vol II. p. 305. note.
૨ Shepherd, Cawnpur Massacre, p. 22

અદાલતના નિર્દોષ ઠરી છૂટેલો જોતા કહ્યુ હતું કે "એક દિવસ અમારી પિસ્તોલમાથી પણ અકસ્માત ગોળીબાર થઇ જાય ખરો!"[1] હવે તેઓની એ વાત કાર્યમા પરિણામ પામી તેઓએ પોતાના વૃદ્ધ સુબેદારને આજ્ઞા પાળવાની ના પાડી, અગ્રેજ ઓફિસરો અથવા વૃદ્ધ સેનાપતિ તરફ દષ્ટિપાત કરવાની જરૂર જોઇ નહિ ૪ થી જુને રાત્રે બીજી ઘોડેસ્વાર પલ્ટણે કપનિ વિરૂદ્ધ બંડ ઉઠાવ્યુ[2] વૃદ્ધ સુબેદારે તેઓને ઘણુ સમજાવ્યુ, ઘણી બીક બતાવી પણ તેઓની ચિત્તવૃત્તિ ફેરવાઇ નહિ. તેઓએ સુબેદારને પોતાની સાથે આવવાની અગર મરણ માટે તૈયાર થઇ રહેવાની ચેતવણી આપી વૃદ્ધ વીરપુરૂષે શાતિપૂર્વક તેઓની માગણી તરછોટી નાખી અને તે નિર્ભય ચિત્તે પોતાની ટુકડીના વાવટાનું તથા છાવણીમાના સરકારી પૈસાનું રક્ષણ કરવા ઉભો રહ્યો. પરતુ તેનો પ્રયાસ સફળ થયો નહિ. બડખોર ઘોડેસ્વારોમાના કેટલાકે તેને ઘાયલ કર્યો તે ભયકર ઘાને લીધે બેભાન થઇ જમીન પર પડયો સિપાહીઓ તેને એજ અવસ્થામા પડયો રહેવા દઇ પૈસા તથા અસ્ત્રશસ્ત્રો લઈ ઘોડાપર બેસી રવાના થયા. આ તરફ તેઓમાના બે ઘોડેસ્વારોએ

---

૧. આ બાબત અગાઉ દર્શાવાઇ છે. જે ઓફિસરે મદ્યપાનથી ઉન્મત્ત બની સિપાહી પર ગોળી ચલાવી હતી તે નિર્દોષ ઠર્યા બાદ સિપાહીઓએ ઉશ્કેરાઇ જઇ આવા વચનો ઉચ્ચાર્યા હતા.

૨ ટોમ્સન સાહેબે લખ્યું છે કે ઘોડેસ્વાર પલ્ટણે ૬ઠી જુને રાત્રે સરકાર વિરુદ્ધ બંડ ઉઠાવ્યું હતું—Story of Cawnpur. P. 38. પરંતુ કે સાહેબના મત મુજબ એ બંડ ૪થી જુનની રાત્રે થયુ હતું. Kaye Sepoy War, II. P. 306.

પાયદળ પલ્ટણ પાસે આવી ઉંચા અવાજે કહ્યું, "અમારો સુબેદાર આ પલ્ટણના સુબેદારને માનપૂર્વક પૂછાવે છે કે તમારી પલ્ટણ હવે વિલંબ કેમ કરે છે ઘોડેસ્વાર પલ્ટણ ઘરબાર છોડી ઇચ્છિત કાર્ય સાધવા રસ્તે પડી છે" પરંતુ તેઓએ પોતાના જે સુબેદારને નામે પાયદળ પલ્ટણના સુબેદારને પૂછ્યુ તે સુબેદાર તો બેભાન થઇ ધરણી પર રગદોળાતો હતો, એ વાત પાયદળ પલ્ટણ જાણી શકી નહિ ઘોડેસ્વાર સૈનિકોના કહેવાથી પાયદળ પલ્ટણ પોતપોતાના અસ્ત્રશસ્ત્રો તથા દ્રવ્યાદિ લઇ તૈયાર થઈ ઘોડેસ્વારોના પ્રસ્થાન પછી બે કલાકે પાયદળ પલ્ટણે પણ તેઓનુ અનુગમન કર્યું. તેઓના અધિનાયકને આ વાતની ખબર પડી તે ઘટનાસ્થળે આવી હિંદી ભાષામા કહેવા લાગ્યો, "બાબા લોક! બાબા લોક! તમારી આવી વર્ત્તણુક બરાબર નથી, તમે કદી આવુ અપકર્મ કરતા નહિ" પરંતુ તેના આ વચનો સાભળે કોણ? પાયદળ પલ્ટણનામાના બધા સિપાહીઓ ઘોડેસ્વાર પલ્ટણની પાછળ નવાબગંજ તરફ રવાના થયા એ સ્થળે ધનાગાર, અસ્ત્રાગાર અને જેલ હતી વળી દિલ્હી જવાનો રસ્તો પણ એ સ્થળે થઇને જતો હતો માટે બંડખોરો કંઇ વિચાર ન કરતા તે તરફ જવા લાગ્યા તેઓએ રસ્તામા આવતા ઘરો સળગાવી મૂક્યા. દ્રવ્યાદિ લૂટી લીધુ તેઓના માર્ગમા આવતા બધા સ્થળો ખંડિયર જેવા બની ગયા. પરંતુ તેઓએ ઓફિસરોને કંઇ ઇજા કરી નહિ. બીજા ખ્રિસ્તીઓ પણ હજુ સુધી સલામત રહ્યા અંગ્રેજો પ્રત્યે બળી રહેલા સિપાહીઓ અંગ્રેજોનું લોહી રેડયા સિવાય ઉતાવળી ગતિએ ઇચ્છિત સ્થળ તરફ જવા લાગ્યા

સિપાહીઓ નવાબગંજ આગળ આવ્યા એટલે નાનાસાહેબનાં

અનુચરોએ અંતઃકરણપૂર્વક તેઓને આવકાર આપ્યો અને જોઇતી મદદ આપવાની તૈયારી કરી. ૫૩ મી પલ્ટણના કેટલાક સિપાહીઓ આ વખતે ખજાનાનું રક્ષણ કરતા હતા એ સૈનિકો હજુ વફાદાર હતા. તેઓ ઉશ્કેરાએલા સિપાહીઓ વિરૂદ્ધ ઉભા રહ્યા યુરોપિઅનોએ દૂરથી તેઓના બંદુકના બાર સાભળ્યા પણ સેનાપતિએ તેઓને કંઇ મદદ મોકલી નહિ[1] એ સિપાહીઓની સખ્યા બહુ થોડી હતી. તેથી બડખોરોને હઠાવી શક્યા નહિ. ખજાનો લૂટાયો, જેલ તૂટી, રાજકીય કાગળપત્રો ભસ્મીભૂત થયા. અસ્ત્રાગારના હથિયારો બંડખોરોના હાથમાં આવ્યા. સિપાહીઓએ બધા પૈસા હાથી પર તથા બળદગાડીઓપર લાદયા અને જેમ બને તેમ જલદી દિલ્હી તરફ રવાના થવાની તૈયારી કરી.

સેનાપતિ નીલે જણાવ્યુ છે કે કાનપુરના અસ્ત્રાગારમા કયા કયા હથિયારો હતા તે સેનાપતિ વ્હીલર જાણતો નહોતો. આવા અજ્ઞાન-માથી છેવટે ભયકર અનર્થ પેદા થાય છે નીલે આ સબધમા જે લખ્યુ છે, તેનો ભાવાર્થ એ છે કે સેનાપતિ વ્હીલરને એવો વિશ્વાસ હતો કે નાનાસાહેબ અમને મદદ કરશે. બડખોર સિપાહીઓ દિલ્હી તરફ જતા હતા, તેને નાના સાહેબે પાછા વાળ્યા સેનાપતિ વ્હીલરે પોતાની ચારે દિશા શત્રુઓથી ભરપૂર જોઇ બંડખોરોની તોપોમાથી ગોળા ફેકાવા લાગ્યા. સેનાપતિને આ તોપો પોતાના અસ્ત્રાગારમા હતી તેની ખબર નહોતી. એટલું જ નહિ પણ તેના મદદગારોએ પણ આ તોપોનું અસ્તિત્વ અત્યારે જ જાણ્યુ થોડા દિવસો પહેલા અસ્ત્રા-ગારની તપાસ કરવા માટે કેટલાક ઓફિસરોને મોકલવામા આવ્યા

---

૧ Thomson, Story of Cownpur, P. 40.

હતા, પણ તેઓ તો તંબુ વગેરે સાધારણ સરસામાનની નોંધણી કરવામાજ મશગુલ થઇ ગયા હતા તેમને તોપો કે બંદુકોની નોંધનો તપાસ કરવાનો અવસર જ મળ્યો નહિ. મુદ્દાની વાત એ કે એ ચીજો તરફ તેમનુ ધ્યાન નહોતું. તેમણે સેનાપતિને જણાવ્યુ કે અસ્ત્રાગારમા કંઇ નથી પરંતુ કે સાહેબે પોતાના ઇતિહાસમા લખ્યુ છે કે અસ્ત્રાગારનો સરસામાન કાનપુરના ગોલિંદાજ સૈનિકોથી અજાણ્યો હોય એ સંભવિત નથી. બંડની શરૂઆતમા સેનાપતિ અને તેના મદદગારોએ અસ્ત્રાગારનો નાશ કરવાનો સંકલ્પ કર્યો હતો. આ બાબતનો બંદોબસ્ત થઇ ચૂક્યો હતો, પણ એ બંદોબસ્ત અમલમા આવી શકયો નહિ. વાયવ્ય પ્રાંતના પોલિસ કમિશનર કર્નલ વિલિમ્યસે જણાવ્યુ છે કે રેલે નામના એક માણસને અસ્ત્રાગારનો નાશ કરવા મોકલવામા આવ્યો હતો, પરંતુ રક્ષક સિપાહીઓએ તેને એ કાર્ય કરવા દીધુ નહોતુ.[૧]

અત્યાર સુધીમા ઘોડેસવાર પલટણ અને પહેલી પાયદળ પલટણે બંડ ઉઠાવ્યુ હતું. બીજી બે પાયદળ પલટણો હજુ તટસ્થ હતી. ઘોડેસ્વાર અને પહેલી પાયદળ પલટણ નવાબગંજ આવી પહોચી છતા બાકીની બે પલટણો તેમને આવી મળી નહિ. તેથી તેઓને સંદેહ ઉત્પન્ન થયો. સવાર સુધી ૫૩ મી તથા ૧૬ મી પલટણે બંડ ઉઠાવવાના કંઇ ચિનો બતાવ્યા નહિ. તેઓના ઓફિસરોએ આખી રાત તેઓની સાથે ગાળી રાતના ૨ વાગ્યાથી તે બીજા દિવસ સુધી તે પલટણો કવાયતના મેદાનપર સજ્જ થઇ ઉભી. દરેક ઓફિસર પોતપોતાની ટુકડીના આગલા ભાગમા ઉભો. ૫૬ મી પલટણના અધિનાયકે પોતાની

૧ Kaye, Sepoy War, Vol. II. P 308 note

પલ્ટણ બીજી ઘોડેસ્વાર પલ્ટણની છાવણી ભણી દોરી ઘોડેસ્વારો એ સ્થળે જે કંઇ હથિયારો છોડી ગયા હતા તે એકત્ર કરવામા આવ્યા. ત્યારબાદ અધિનાયકોએ બંને પલ્ટણને છાવણીમા જવાનુ કહી પોતે પોતાના મથકે આવ્યા સિપાહીઓ લશ્કરી પોશાક ઉતારી ખાવા પીવાની રસોઇ કરવા લાગ્યા. એ વખતે બીજી ઘોડેસ્વાર પલ્ટણના જાસુસોએ આવી તેઓને નવાબગજ આવવાની વિનતિ કરી. એ લોકોએ આવી ૫૩ મી પલ્ટણના સિપાહીઓને કહ્યું કે તમારામાના જે સિપાહીઓ તેજુરીનું રક્ષણ કરતા હતા તેઓ તમારા આવ્યા સિવાય પૈસાનો ભાગ પાડવા દેતા નથી.[1] આ પલ્ટણના સુબેદાર તથા જમાદારો કંપનિ પર આફરીન હતા બડ ઉઠાવવાની અગર અંગ્રેજોનુ લોહી રેડવાની ઇચ્છા તેઓને બિલકુલ નહોતી તેઓ લૂટફાટ કરી પૈસા મેળવવા ઇચ્છતા નહોતા. આ વખતે તો અંગ્રેજ ઓફિસરો છાવણીમા હોત તો જરૂર આ પલ્ટણને વ્યવસ્થિત રાખી શકત. પરંતુ તેઓ ભવિષ્ય તરફ દૃષ્ટિપાત ન કરતા પોતાની પલ્ટણ છોડી બચાવના મથકમા જઇ બેઠા હતા. તેઓની ગેરહાજરીને લીધે ૫૬ મી પલ્ટણના સિપાહીઓ આ ઘોડેસ્વાર પલ્ટણના જાસુસોની વાત સાભળી બહુ ઉશ્કેરાઇ ગયા. તેમાના ઘણા ખરા સરકારી ખજાના પર તરાપ મારવા જે સ્થળે પૈસા રાખવામા આવતા હતા તે સ્થળે જઇ પહોચ્યા ઘણાખરા વાવટા અને હથિયારો કબજે કરવા તૈયાર થયા. એ પલ્ટણનો સુબેદાર સરકારી પૈસા બચાવવા માટે પોતાની ટુકડી સાથે તેઓને

---

૧. કપ્તાન ટોમ્સને લખ્યું છે કે તેમણે ખજાનો બચાવવાનો પ્રયત્ન કર્યો હતો પણ કંઇ મદદ ન મળવાથી છેવટ તેઓને બંડખોરોની ઇચ્છાનિ માન આપવું પડયુ હતુ.

અટકાવવા ઉભો રહ્યો, પરંતુ સામાપક્ષની સખ્યા ઘણી હોવાથી એ ગજભક્ત સુબેદારનુ કઇ ચાલ્યુ નહિ સિપાહીઓ પૈસાને હથિયારો લઈ નવાબગજ તરફ દોડયા પરતુ એ પલ્ટણના કેટલાક સિપાહીઓ પોતાની રાજભક્તિ અચળ રાખી ફિરગીઓ પ્રત્યેના દ્વેષથી ખળભળ્યા નહિ. પોતાની ઇચ્છાથી પોતાના અધિનાયકની આજ્ઞા મુજબ કામ કરવા માટે કવાયતના મેદાન પર એકત્ર થયા. ૫૩ મી પલ્ટણ પણ કંપનિ પર વિશ્વાસ રાખી ધનાગારના પૈસાના લોભથી નવાબગજ તરપ ગઇ નહિ. પરતુ સેનાપતિના બુદ્ધિના દોષથી તેઓને પણ છેવટે અણછૂટકે નવાબગજ જઇ બંડખોરો સાથે મળી જવું પડયુ તેઓ જ્યારે નિશકચિતે પોતાનો ખોરાક પકવતા હતા. કોઇ પણ જાતની ઉશ્કેરણી દર્શાવના નહોતા ત્યારે સેનાપતિ વ્હીલરે શકાશીલ બની તેઓ પર તોપોના ગોળા ફેકવાનો હુકમ આપ્યો. તેણે બધા સિપાહીઓને બડખોર માની લીધા હતા ૫૬ મી પાયદળ પલ્ટણના ઘણાખરા સિપાહીઓ વફાદાર રહેવા ઇચ્છે છે તે તેના ધ્યાનમા ઉતર્યું નહિ ૫૩ મી પલ્ટણ પણ હજુ વફાદાર રહેવા માગે છે તે વાત તેનાથી સમજી શકાઇ નહિ સાવચેતીપૂર્વક કામ કરતા જ્યા પોતાનુ બળ વધી શકત ત્યા ઉતાવળે હઠ દર્શાવવામા આવ્યાથી વફાદાર માણસોને પણ વિરૂદ્ધ પક્ષમા જઈ ભળવુ પડયુ. એ વખતે મોટા મોટા શહેરોમા યુરોપિઅન સૈન્યની સખ્યા બહુ થોડી હતી સખ્યા થોડી હોવાથી યુરોપિઅન સૈનિકો સિપાહીઓ કરતા બળમા ઉતરતા હતા જો કાનપુરના સેનાપતિએ નકામી શકાથી પ્રેરાઇ ૫૩ મી તથા ૫૬ મી પલ્ટણના વિશ્વાસુ સિપાહીઓને છાવણીમાથી હાકી કાઢ્યા ન હોત તો તેઓ અણીને વખતે કામ આવત. પરંતુ સેના.

તેએ વગર વિચાર્યે પોતાનુ બળ ઘટાડયુ તેના હુકમથી વફાદાર સિપાહીઓ તરફ ગોળા ફેંકવામા આવ્યા સિપાહીઓ લશ્કરી પોશાક તથા હથિયારો તજી ગપ્પા મારવામા પડયા હતા, એવામા તોપોના ગોળા આવી પડવા લાગ્યા તેઓ બહુ મુઝાવા લાગ્યા. અમારો સેનાપતિ એકાએક આવી કઠોરતા દર્શાવશે, દયા તથા સદાચારને જલાંજલિ આપી અમને આમ જગલી પશુની માફક રેસી નાખશે એવી તેઓને કલ્પના પણ ન્હોતી તેઓ પોતાને નિર્દોષ ગણુતા હતા, અત્યારે સેનાપતિ અમને કપનિની સેવામાથી હાકી કાઢવા કેમ તૈયાર થયો છે તે વાત તેઓ સમજી શકયા નહિ. આ બાજુએ ગોળાનો મારો તો ચાલવા લાગ્યો. એક, બે, ત્રણ એમ સળગતી આગ જેવા ગોળા તેઓની આગળ પડવા લાગ્યા, એટલે તેઓની ચમક ભાગી. તેઓ ભોજનપદાર્થો તજી જેમ ફાવ્યુ તેમ નાઠા. કોઇ કોઇ નવાબગજ જઇ ત્યાના સિપાહીઓ સાથે ભેળાયા પરતુ બધાએ એ રસ્તો ગ્રહણ કર્યો નહિ તેઓની ટોળી વિખરાઇ ગઇ ખરી, પણ એવી સ્થિતિમા પણ ઘણાખરાએ પોતાની રાજભક્તિ જાળવી રાખી. તેઓ ગોળાનો મારો બંધ પડયો ત્યા સુધી આજુબાજુ ભરાઈ રહ્યા. પછી પોતાના માલીકનુ કામ બજાવવા યુરોપિઅન મથક પર ગયા. ત્યા તેઓએ અપૂર્વ વફાદારી બનાવી સેનાપતિને આશ્ચર્યચકિત બનાવી દીધો. તેઓએ જીવ જતા સુધી આવી વફાદારી જાળવી રાખી. કાનપુરના સેનાપતિએ જો આ વખતે લાળી નજર પહોચાડી હોત તો આ પલ્ટણના બધા સિપાહીઓ તેની મદદમા ઉભા રહેત.

કાનપુરના સિપાહીઓએ નવાબગંજ એકત્ર થઇ દિલ્હીના સિપાહીઓ સાથે જોડાઇ જવાની ઇચ્છા દર્શાવી, તેઓએ સાભળ્યું

હતું કે દિલ્હીના સિપાહીઓએ ત્યાથી અગ્રેજોને નસાડી મૂક્યા છે મોગલ સલ્તનતની સ્થાપના થઇ ચૂકી છે એક વખતે આપણા આપદાદાઓ લશ્કરમા જે દરજ્જો ભોગવતા હતા, તે દરજ્જો અત્યારે દિલ્હીના સિપાહીઓ ભોગવી રહ્યા છે આવા વિચારથી તેઓ દિલ્હી જઇ ભારત સમ્રાટના વફાદાર સિપાહીઓ બનવા તત્પર થવા લાગ્યા તેઓએ ધનાગાર લૂટી ઘણો પૈસો મેળવ્યો હતો. અસ્ત્રાગાર કબજે કરી પુષ્કળ હથિયારો પ્રાપ્ત કર્યા હતા. હવે તેઓ વિલબ ન કરતા મોગલ પાદશાહની સત્તા સુરક્ષિત કરવાના પ્રયત્નો કરવા લાગ્યા. એવું કહેવાય છે કે નાનાસાહેબને નવાબગજ પાસેના સ્થળે આવી રહેલા જોધ બડખોરોમાના કોઇએ તેમની પાસે આવી કહ્યુ, " મહારાજ ' જો આપ અમારી સાથે ભળો તો આ રાજ્ય આપનુ થશે. જો આપ અમાગ શત્રુના પક્ષમા રહેશો તો મરણની તૈયારી કરવી પડશે." એ સાભળી નાના સાહેબે કહ્યુ કે " અગ્રેજોના પક્ષમા રહી શુ કરૂ હુ તો આપના પક્ષનો જ છુ " ત્યાર બાદ સિપાહીઓએ તેમને પોતાની સાથે દિલ્હી આવવાની પ્રાર્થના કરી નાનાસાહેબે એ પ્રાર્થના માન્ય કરી અને સિપાહીઓના પ્રતિનિધિઓના માથાપર હાથ મૂકી જાતીય ગૌરવનુ રક્ષણ કરવાનુ વચન આપ્યું. ત્યાર બાદ સિપાહીઓએ ધનાગારમાના દશ લાખ રૂપીઆ હસ્તગત કર્યા, કેદ ખાનાના દરવાજા તોડી નાખ્યા કોઇએ એક હાથી પર વિજયપતાકા રાખી આખા શહેરની પ્રદક્ષિણા કરી અને ગગા નદીપરનો પૂલ તોડી નાખ્યો આજુ બાજુ આવેલા યુરોપિઅનોના મકાનો ભસ્મીભૂત કર-વામા આવ્યા આ પ્રમાણે તેઓ રૂપીઆથી ભરપૂર ગાડીઓ સાથે લઇ, પોતપોતાની સ્ત્રીઓને બીજી બળદ ગાડીઓ પર બેસાડી હર્ષનાદ

કરતા દિલ્હી જવાના રસ્તાપર આવેલા કલ્યાણપુર નામના સ્થળે આવી પહોચ્યા.[૧] એ વખતે નાના સાહેબનો મુખ્ય સલાહકાર આવી પહોચ્યો. તેની સલાહથી નાના સાહેબનો મત ફર્યો તે સાથે બડખોર સિપાહીઓએ નક્કી કરેલી કાર્ય પદ્ધતિ પણ ફરી

આજિમઉલ્લાએ નાનાસાહેબને સમજાવ્યુ કે જો તમે સિપાહીઓ સાથે દિલ્હી જશો તો મોગલ દરબારમા તમારૂ માન રહેશે નહિ ત્યા પાદશાહના તાબેદાર તરીકે રહેવુ પડશે દરબારમાના ઇર્ષ્યાખોર મુસલમાનોની ખટપટને લીધે કદાચ આપની સત્તા જળવાશે નહિ આવી સ્થિતિમા સિપાહીઓ તમારા સામુ જોશે નહિ, પાદશાહ પણ તમારી ઉપેક્ષા કરે એ સભવિત છે. પરતુ જો આપ કાનપુર રહો તો તેમાની કશી બીક રહેશે નહિ અત્યારે કાનપુરના અગ્રેજો બધી રીતે નિરાધાર બની ગયા છે. તેથી આપ કાનપુરમા રહી આજુબાજુ પ્રદેશ પર અમલ ચલાવી શકશો અગ્રેજોની સત્તા તથા મહત્વ આપના અમલને લીધે લુપ્ત થઇ જશે. ધીમે ધીમે આખુ ઉત્તર હિદ આપની સત્તા તળે આવશે. આપ અસખ્ય સૈન્ય અને વિશાળ સામ્રાજ્યના અધિપતિ બની આનદથી રાજ્ય ભોગવશો. એકસો વર્ષ પહેલા અંગ્રેજોએ બરાબર આજ વખતે પ્લાસીના મેદાનમા પોતાની સત્તાનો પાયો નાખ્યો હતો. આપ પણ અહીં કાનપુરમા આપના સામ્રાજ્યનો પાયો નાખવામા કૃતકૃત્ય થશો. કાળી કોટડીમા તેઓનુ સત્યનાશ વળ્યુ હતું, તે રીતે આપ પણ અહીં કાળી કોટડીના બનાવનું પુનરાવર્તન કરી શકશો. જે ખ્રિસ્તી કુતરાઓએ પરાક્રમી મરાઠાઓને હરાવ્યા છે, રાજવશી બ્રાહ્મણોને છેતર્યા છે, તેઓને આમ

---

૧. Trevelyan, Cawnpur, p 104–105

કરવાથી યોગ્ય શિક્ષા મળશે મુસલમાન સલાહકારની આવી અપૂર્વ યુક્તિપુરઃસર ઉદ્દીપનાત્મક વક્તૃતા સાભળી નાનાસાહેબનુ હૃદય આકર્ષાયુ તે કાનપુરના અગ્રેજોની સ્થિતિ વિષે બરાબર જાણતો હતો લખનોરમા તેઓ કેવી સ્થિતિમા આવી પડયા છે, તે વાત પણ તેનાથી અજાણી નહોતી તેથી લખનોરથી કઇ મદદ મળે તેમા તેને બીક નહી નહોતી ગગા અને યમુનાના કિનારે આવેલા બનારસ, અલાહાબાદ તથા આગ્રાથી સહાયકારી લશ્કર આવી શકશે નહિ તેથી સર હ્યુ વ્હિલર પોતાનુ બળ વધારી શકશે નહિ, વળી અગ્રેજોની સાથે મુકાબલો કરતા પોતાની પાસે તો અસખ્ય લશ્કર, તોપો, દારૂગોળો તથા પુષ્કળ પૈસા વગેરે હતું આવી સ્થિતિમા પોતે બધી બાબતમા સફળ થઇ શકશે, ગૌરવાન્વિત પેશ્વાની પદવી મેળવી શકશે. એવી તેને ખાત્રી થઇ આજિમઉલ્લાએ કહ્યુ હતુ કે યુરોપમા અગ્રેજોની સત્તા ઓછી થઇ છે, અત્યારે તેને જણાયુ કે હિદમા પણ અગ્રેજોનુ બળ ઘટી ગયુ છે. જે જે સ્થળે બડ ફાટ્યુ હતુ તે તે સ્થળે યુરોપિઅનોનુ બળ પુરતા પ્રમાણમા નહોતું તેઓ સિપાહીઓના ભયથી ચોતરફ નાસભાગ કરતા હતા આ સ્થિતિ જોઇ નાના સાહેબની આશા બળવાન બની. તે આજિમઉલ્લાના વચનોથી મુગ્ધ બની પોતાને ભરતખડનો સમ્રાટ ધારવા લાગ્યો. લોર્ડ ડેલ્હાઉઝીની રાજનીતિને લીધે પોતાને સાલિઆણુ ગુમાવવુ પડ્યુ હતુ એ અન્યાય તેના હૃદયમા વીછી પેઠે ડખ મારી રહ્યો હતો તણે અગ્રેજો સાથે દિલોજાન દોસ્તદારી રાખી હતી છતા તેને તેઓની રાજનીતિ પર આસ્થા નહોતી જેઓએ તેનું સાલિઆણુ બંધ કર્યું તેઓને તે ન્યાયી માની શકતો નહિ આથી આજિમઉલ્લાના ઉશ્કેરવાથી તેનુ હૃદય ઉશ્કેરાઈ

જાય એ કઇ વિચિત્ર નહોતુ બિથુરના લોકોએ અને બંડખોર સિપાહીઓએ જે કાર્યપદ્ધતિ નક્કી કરી હતી, તે સબંધમા ઉપર પ્રમાણે હકીકત મળી આવે છે. અંગ્રેજોના ઇતિહાસમા પણ એજ હકીકત આપેલી છે. પરતુ નાનાસાહેબના બાલમિત્ર તાતિયા તોપીએ આ સંબંધમા જુદી હકીકત જાહેર કરી છે. તેના અભિપ્રાય મુજબ સિપાહીઓએ નાનાસાહેબને કેદ કરી આ બધુ કાર્ય પોતાની મરજી પ્રમાણે કર્યું હતુ. તેણે જણાવ્યુ છે કે "બે દિવસ પછી ત્રણ પાયદળ પલ્ટણ અને એક ઘોડેસ્વાર પલ્ટણે ખજાના આગળ આવી નાના સાહેબ અને અમને ચોતરફથી ઘેરી લીધા પછી તેઓએ તેજુરી, અસ્બાગાર ને જેલ તોડી, તેઓએ બે લાખ અગિઆર હજા રૂપીઆ નાના સાહેબના હાથમા મૂકી પોતાના લોકોને તેજુરી પ- પહેરો ભરવા રાખ્યા. નાનાસાહેબને એ રક્ષક સિપાહીઓના ઉપરિ બનાવવામા આવ્યા, અમારી સાથે જે સિપાહીઓ હતા તે બડખોરે સાથે ભળી ગયા ત્યાર બાદ સિપાહીઓ અમને નાનાસાહેબને તથા અમારા બધા નોકરોને લઇ દિલ્હી તરફ ચાલ્યા કાનપુરથી ત્રણ ગાઉ દૂર ગયા બાદ નાનાસાહેબે સિપાહીઓને કહ્યુ કે 'આજ તો સાજ પડી છે માટે અહીં પડાવ નાખીએ તો ઠીક, કાલે સવારમા મુસાફરી શરૂ કરીશુ સિપાહીઓએ તેમની વાત માની ત્યાજ થાણું નાખ્યુ બીજે દિવસે સવારમા તેઓ મુસાફરી કરવા તૈયાર થયા નાનાસાહેબને તૈયાર થવા જણાવ્યુ, પણ નાનાસાહેબે તેમ કરવાની ના પાડી. તેથી સિપાહીઓએ કહ્યુ કે, "ત્યારે અમારી સાથે કાનપુર આવી લડાઇ કરો ' નાનાસાહેબે આ માગણી પણ તરછોડી એટલે તેઓએ તેમને બદીવાન બનાવ્યા, તેઓ કાનપુર

પાછા આવી લડાઇની તૈયારી કરવા લાગ્યા[૧] "તાતિયા તોપીનર:
આ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે નાના સાહેબે સિપાહીઓ સાથે
ભળી જઇ લડાઇ કરવાની ચોકખી ના પાડી હતી. તેથી તેઓએ
તેમને બંદી બનાવ્યા હતા હવે બીજો કશો ઉપાય ન મળતા
તેમણે બંડખોરોનો પક્ષ લીધો તે અનિવાર્ય ઘટનાને વશ થઇ અંગ્રેજો
સામે લડ્યા હતા. આ વાત ઉપલી બંને હકીકતો પરથી સાબીત
થાય છે આજિમઉલ્લાએ સલાહ આપી નહોત તો સિપાહીઓ કદાચ
દિલ્હી ગયા હોત. તેમ બન્યુ હોત તો કાનપુરના યુરોપિઅનો બીન
હરકતે અલાહાબાદ જઇ શકત વળી તાતિઆ તોપીની હકીકત મુજબ
જોઇએ તો જણાય છે કે સિપાહીઓએ નાનાસાહેબને બદીવાન ન
બનાવ્યા હોત તો તે કદી પણ બંડખોરોના પક્ષમા જાત નહિ આ
પરથી જણાય છે કે નાનાસાહેબને બળજેરીથી બડમા સામેલ
કરવામા આવ્યા હતા નસીબના ચક્રમા ફસી પડી નાનાસાહેબ
પોતાની મરજી વિરૂદ્ધ બડખોરોના પક્ષમા ગયા હતા

આજિમઉલ્લાની સલાહથી તથા સિપાહીઓની ઉશ્કેરણીને લીધે
નાનાસાહેબે પોતાના ભાઇ બાલરાવ અને બાબાભટ્ટ સાથે સિપા-
હીઓના પક્ષમા જવાનો નિશ્ચય કર્યો સિપાહીઓએ તેને પોતાના
રાજા તરીકે કબૂલ કર્યો એવુ કહેવાય છે કે, રાજાએ સિપાહીઓને
એકેક સોનાનુ કડુ આપવાનુ વચન આપ્યુ હતું હવે એ રાજાને
નામે બધુ કામ ચાલવા લાગ્યુ. બડખોરો આ રાજાને નામે ભય કર
કાર્ય સાધવા તૈયાર થયા. રાજાને નામે અધિનાયકોની પસદગી થઇ
અને તેઓ આ રાજાના નામે પોતપોતાના હાથ નીચેના લશ્કરને

૧ Kaye, Sepoy War, Vol. II. P. 310, Note.

દોરવા લાગ્યા. સુબેદાર ટીકાસિંહ સૌ પહેલો સિપાહીઓના પક્ષમાં આવ્યો હતો માટે તે સેનાપતિ થઈ ઘોડેસ્વાર પલ્ટણનો મુખી બન્યો; જમાદાર દોલરજનસિંહ અને સુબેદાર ગંગાદીન અનુક્રમે ૫૩ મી અને ૫૬ મી પલ્ટણના અધિનાયક બન્યા. જે ત્રણ સેનાધ્યક્ષો નીમાયા હતા, તેઓ હિંદુ હોવાથી કેટલાક ઇતિહાસકારો એવું જણાવે છે કે બંડખોર સિપાહીઓમાંના હિંદુઓ જ વધારે દુષ્ટ હતા, મુસલમાનોએ હિંદુઓ જેટલી શત્રુતા દર્શાવી નહોતી[1] પરંતુ એ સમયે હિંદુ અને મુસલમાન બંને પક્ષના લોકોની ધીરજ ખૂટી ગઈ હતી દુષ્ટ લોકોએ હિંદુઓની ભગવતી ગાય અને મુસલમાનોને અસ્પૃશ્ય ડુક્કરનો ઉલ્લેખ કરી બંને ધર્મ પાળનારા લોકોને એક સરખા ઉશ્કેરી મૂક્યા હતા કાનપુરની ઘોડેસ્વાર પલ્ટણે સૌ પહેલા બંડ ઉઠાવ્યું હતુ તેમાંના ઘણા ખરા મુસલમાન હતા. ગમે તેમ હો કદાચ એમ પણ હોય કે પોતાનો રાજા મરાઠા બ્રાહ્મણ હોવાથી તેને પ્રસન્ન કરવા ખાતર ત્રણે સેનાપતિના હોદ્દા હિંદુઓથી પૂરવામાં આવ્યા હોય

૬ ઠી જુનને શનીવારે સવારમાં નાનાસાહેબના નામથી સેનાપતિ વ્હીલર પર એક પત્ર આવ્યો.[2] તેમાં લખ્યુ હતું કે અમે જેમ

---

૧. Trevelyan, Cawnpur, p 107 Comp. Kaye, Sepoy War Vol. II. p. 315 note.

૨. મોબ્રે ટોમ્સન સાહેબે લખ્યું છે કે ૭ મી જુન ને રવિવારે સિપાહીઓએ અંગ્રેજો પર હલ્લો કર્યો હતો. Story of Cawnpur, p. 61. પરંતુ કર્નલ વિલિયમ્સે એકત્ર કરેલી હકીકત પરથી જણાય છે કે સિપાહીઓ ૬ ઠી જુને કાનપુર પાછા ફર્યા. અને એ જ દિવસે તેઓએ અંગ્રેજો પર હલ્લો કર્યો.- Kaye, p. 313. note. Comp. Trevelyan, Cawnpur, p. 114.

ને તેમ જલદી તમારા પર હલ્લો કરવાના છીએ. બડખોરો દિલ્હી તરફ ગયા એટલે સેનાપતિએ ધાર્યું હતુ કે હવે આપણે અલાહાબાદ જઇ શકીશુ પણ આ પત્ર મળતા જ એ આશા અતર્હિત થઇ ગઇ. બંડખોરો કાનપુર પાછા ફર્યા તેમના નવા અધિનાયકો તેઓને વધારે ઉશ્કેરવા લાગ્યા આ પ્રમાણે હિંદુ અને મુસલમાન સિપાહીઓ એક નિશ્ચય કરી અગ્રેજોના મથક પર હલ્લો કરવા ધસી જવા લાગ્યા એકાએક આ વિપત્તિ આવી પડવાથી સેનાપતિ દિગ્મૂઢ બની ગયો. સિવિલ અમલદારો અને સૈનિકોના ઓફિસરો પણ આ આકસ્મિક ઘટનાથી મુઝાઇ ગયા પણ હવે વિલબ કરવાનો સમય નહોતો. ઓફિસરોમાના ઘણા ખરા સિપાહીઓના મકાનો તપાસતા, રાત્રે ત્યા જ સૂઈ રહેતા. છેવટે તેઓ પોતપોતાના બંગલામા જઈ રહ્યા હના સેનાપતિના હુકમથી તે બધા મુખ્ય મથકે આવી હાજર થયા. તેઓના મથકની આ તુબાજુ સાધારણ દિવાલ હતી અસ્ત્રાગાર પાસે નહોતું જેલ તથા ધનાગાર ત્યાથી દૂર હતા ગગા પણ ત્યાથી થોડે દૂર વહેતી હતી. સપાટ જમીન પર જે દિવાલ બાધવામા આવી હતી તે અભેદ્ય નહોતી આ સબધમા નાનકચંદે કહ્યુ કે સાહેબોએ બીન અનુભવની માફક આ કાર્ય કર્યુ હતું તેઓએ શહેરની બહાર મેદાન પર દિવાલ ચણી હતી જો સિપાહીઓ તેમના પર હુમલો કરે તો તે દિવાલ સહેલાઇથી જમીનદોસ્ત કરી શકે તેમ હતું. અસ્ત્રાગાર અને ધનાગાર અરક્ષિત સ્થિતિમા હોવાથી સિપાહીઓ તોપો તથા પૈસા મેળવી બળવાન બની ગયા હતા, એક કહેવત છે તેમ સાહેબોએ પોતાના શત્રુના હાથમા તરવાર આપી માથુ નીચું ધર્યું હતું[૧]

૧ Trevelyan, Cawnpur, P. 106–107.

અગ્રેજો હવે આવા અયોગ્ય સ્થાનનો બચાવ કરવા તનતોડ મહેનત કરવા લાગ્યા દરેક માણસને કઇ કઇ કામ સોપવામા આવ્યુ. દરેક માણસ પોતાનુ કામ બજાવવાની પ્રતિજ્ઞા લઇ મડી પડયો.

યુરોપિઅનો પોતાનું મથક જાળવવા કામની વહેચણી કરી લેના હતા ત્યારે સિપાહીઓના ટોળેટોળા તેમની સમક્ષ આવવા લાગ્યા તેઓ ધનાગારના પૈસાથી સમૃદ્ધ બન્યા હતા અસ્ત્રાગારના અસ્ત્રોએ તેઓને બળવાન બનાવ્યા હતા તેઓ રસ્તામાના બધા ખ્રિસ્તીઓને મારી અગ્રેજોનુ મથક કબજે કરવા દોડયા હતા નાનાસાહેબનો પત્ર સેનાપતિને મળ્યો એટલે યુરોપિઅનો પ્રતિક્ષણે હલ્લો થવાની રાહ જોવા લાગ્યા ઉદ્વેગમા ને ઉદ્વેગમા પ્રાત કાળ પૂર્ણ થયો. સૂર્ય ધીમે ધીમે પશ્ચિમ તરફ ઢાળવા લાગ્યો, છતા હલ્લો થવાના ચિન્હો દૃષ્ટિગોચર થતા નહોતો. છેવટે બપોર વખતે તોપનો શબ્દ સભળાયો. યુરોપિઅનો સમજી ગયા કે સામો પક્ષ તૈયારી કરી ચૂકયો છે બ્યુગલ ફુકાયુ તરત જ બધા યુરોપિઅનો પોતપોતાના કામ પર ગોઠવાઈ ગયા. આ તરફ બડખોરોની તોપોએ મ્હો ખુલ્લા કરી દીધા તોપોના ગોળા અગ્રેજોના મથક પર પડવા લાગ્યા. વિપત્તિમા આવી પડેલી બઇરો તથા છોકરા ભયકર શબ્દ સાભળી હાહાકાર કરવા લાગ્યા. અગ્રેજો આ અસહાય જીવોના રક્ષણ માટે બલિદાન આપવા લાગ્યા. તેઓ સખ્યામા થોડા હતા છતા પોતપોતાને સ્થળેથી ન ખસ્યા તેઓ સાહસ અને એકાગ્રતાપૂર્વક પોતપોતાને સ્થળે ઉભા રહી બચાવ કરવા લાગ્યા. તેઓ આ વખતે કેટલા બધા મુઝાયા હતા, પોતપોતાના બૈરાછોકરાને હાહાકાર કરતા જોઈ કેટલા બધા દિલગીર થયા હતા, અને પોતાની અલ્પ સંખ્યામાથી ઘણાખરાને મરણશરણ થએલા જોઇ

ભયકર અંતર્દાહથી કેટલા પીડતા હતા, તે હવે પછીના વૃત્તાન્ત પરથી સમજાશે. એ વૃત્તાન્તના દરેક બનાવમા દિલગીરી, વિષાદ અને વીરત્વની એકાગ્રતા છવાઇ રહી છે.

બડખોર સિપાહીઓએ મહારાજ નાનાસાહેબને નામે ૬ ઠ્ઠી જુનથી ૨૬ મી જુન સુધી અગ્રેજો પર ગોળાનો વરસાદ વરસાવ્યો તેઓના હલ્લાથી અગ્રેજો ભારે દુર્દશામા આવી પડયા અગ્રેજોએ આ વખતે જે કષ્ટ ભોગવ્યુ છે તેવું કષ્ટ ઇતિહાસ પ્રસિદ્ધ રણભૂમિ પર લડતા કોઇ પણ સૈન્યને ભોગવવુ પડયુ નથી જેઠ માસનો પ્રચડ સૂર્ય તેઓના પર ચદરવો વિસ્તારી રહ્યો હતો. ભયકર લૂ ફુંકાવાથી તેઓને પ્રચડ ભઠ્ઠી પાસે ઉભા હોય એવી લાગણી થતી હતી. બદુક અને તોપો સળગતા લોખંડ જેવા જણાતા હતા આ દેશમા એ લોકોએ એટલો બધો મોજશોખ ભોગવ્યો હતો કે તેઓનો ઉત્સાહ શિથિલ થઇ ગયો હતો, લડાઇનું કાર્ય કરવામા તેઓ ઉદાસીનતા બતાવતા હતા આવી સ્થિતિ વખતે તેઓને આ બડખોરો સાથે ઝૂઝી જીવન અર્પણ કરવુ પડયું. તેઓના બૈરાછોકરાના દુઃખનો પાર નહોતો. મડમોને રોજ સવારમા નહાવાની, દરરોજ લુગડા બદલવાની અને નોકરોના હાથનો પવન ખાવાની ટેવ હતી. અત્યારે એ ટેવને પોષણ મળતું બંધ થયુ. તેઓ નહાયા વગર એક જ લુગડે આખો દિવસ વિતાડવા લાગી તેઓના છોકરા પાણી અને ખોરાકને અભાવે દરરોજ સુકાઇ જવા લાગ્યા આ તરફ શત્રુઓ તરફથી ગોળાઓનો વરસાદ વરસવા લાગ્યો. ઘાયલોના આર્ત્તનાદથી, શબોના ભયકર દેખાવથી તેઓ હતાશ થઇ જવા લાગી. તેઓનો બચાવ કોઇ રીતે થાય તેમ નહોતું. જીવ જવાની બીકથી તથા પ્રાણાધિક સંતાનોની

શોચનીય અવસ્થા જોઇ તેઓના નારીસુલભ ગુણો ધીમે ધીમે નષ્ટ થવા લાગ્યા તેઓનો વેશવિન્યાસ દહાડે દહાડે મલીન થવા લાગ્યો. તેઓ બીકની મારી ઘણી વેળા ઉઘાડા શરીરે એ ભયંકર સ્થળે કાળ ગુજારવા લાગી

અગ્રેજો પોતાની સ્ત્રીઓ તથા છોકરાની આવી શોચનીય દશા નિહાળતા નિહાળના બચાવ કરવા લાગ્યા. માટીની દિવાલમા જુદા જુદા સ્થળોએ તોપો મૂકવામા આવી હતી દરેક તોપથી ૫ દર કદમને અંતરે પાયદળો ઉભા હતા. જેઓ સૈનિકો નહોતા તેઓ પણ પાયદળનું કામ કરતા હતા. સેનાપતિ વ્હીલરના હુકમથી દરેક સશક્ત માણસને હથિયાર ઉપાડવા પડયા હતા. દરેક પાયદળની પાસે ગોળીથી ભરપૂર તથા સંગીનવાળી ત્રણ ત્રણ બંદુકો હતી કેળવાએલા સૈનિક પુરુષોએ સાત આઠ બંદુકો લીધી હતી. તોપો ઉઘાડા સ્થળે હોવાથી દરેક ગોલદાજને બંદુકોના મારા સમક્ષ ટક્કર ઝીલવી પડતી, ઇસ્પિતાલમા ઘાયલો પડયા હતા, તેઓની સારવાર બરાબર થતી નહિ કાનપુરનો વૃદ્ધ સેનાપતિ આ પ્રમાણે નાના પ્રકારની અગવડો વેઠી સિપાહીઓનો હલ્લો અટકાવતો હતો તેણે જે સ્થળે માણસો ગોઠવ્યા હતા તે માણસો તેની રજા સિવાય તે સ્થાન છોડી શકતા નહોતા કાનપુરના આ બનાવનો ઇતિહાસ લખનાર મોબ્રે ટોમ્સન સાહેબે ભયંકર તાપથી પીડાઇ બ્રિગેડિયર જાકની પાસે કૉફી પીવા માટે થોડીવાર દૂર જવાની રજા માગી હતી. પરંતુ સેનાપતિના હુકમ મુજબ બ્રિગેડિયરે તેની માગણી સ્વીકારી નહોતી. આ પ્રમાણે હમેશા નિશ્ચિત સ્થાન પર ઉભા રહી. યુરોપિઅનો પોતાની ફરજ બજાવવા લાગ્યા. તોપોના ભયંકર અવાજથી તથા ભાંગપીવાથી મસ્ત બનેલા સિપા-

હીઓના કલરવથી પહેલે દિવસે તો દિવાલની અંદર રહેલા મડદા તથા છોકરા રડકકળ કરવા લાગ્યા દિવસે દિવસે એ રડકકળ ઓછી થવા લાગી, પણ તેઓની યાતના ઓછી થઈ નહિ. દિવસો પર દિવસો વીતવા લાગ્યા દરરોજ નવી નવી વિપત્તિઓ આવી તેમને ઉન્મત્ત બનાવવા લાગી.

સિપાહીઓના અધિનાયકો પણ પોતાના કાર્યમા ઉદાસીન નહોતા ટીકાસિંહે શનિવારે આખો દિવસ કામ કરી અસ્ત્રાગારમાથી બધી તોપો અંગ્રેજોના મથક આગળ મોકલી દીધી. એ તોપો અંગ્રેજોના મથકની આજુબાજુ ગોઠવાઈ ગઈ રવિવારે સવારે હિંદી અને ઉર્દુ ભાષામા જાહેરનામા પ્રગટ થયા તે હિંદુ મુસલમાનોમા વહેચવામા આવ્યા એ જાહેરનામામા હિંદુ અને મુસલમાનને પોતાના પવિત્ર ધર્મનુ રક્ષણ કરવાની વિનંતિ કરવામા આવી હતી શહેરના દીર્ઘદૃષ્ટિ વાળા લોકો આ બંડમા ભળ્યા નહોતા પણ બીન અનુભવી લોકો અંગ્રેજોના પૈસાની લાલચે સિપાહીઓને જઈ મળ્યા હતા આ પ્રકોપમા સાધારણ રીતે પ્રજાએજ સિપાહીઓના પક્ષને પુષ્ટ કર્યો હતો. જે જમીનદારોના હાથમાથી જમીનદારી ખુચવી લીધી હતી એ જમીનદારોએ આ બળવાની ગતિ ખૂબ વિસ્તારી મૂકી હતી. જો કેવળ સિપાહીઓએ જ બળવો ઉઠાવ્યો હોત તો અંગ્રેજો તેઓને સહેલાઈથી દબાવી શકત કારણ કે ઘણાખરા સિપાહીઓ હજુ વફાદાર હતા. અંગ્રેજ સેનાપતિએ ઘણી વેળા તેઓ પર વિશ્વાસ રાખ્યો નહોતો છતા તેઓ તનતોડ મહેનત કરી પોતાની વફાદારીની ખાત્રી આપતા હતા, પરંતુ હિંદના અધિકારભ્રષ્ટ જમીનદારો અને પ્રજાપર સત્તા બેસાડવી એ કઠણ કામ હતું તેઓ જ્યારે ટોળાબંધ થઈ સિપાહી-

ઓને આવી મળવા લાગ્યા, શહેરે શહેર ગામોગામ તેઓની ઉચ્છૃંખલતાનો પૂર્ણ વિકાસ જણાવા લાગ્યો, ખ્રિસ્તીઓ તેઓના હલ્લાથી દેહ ત્યાગ કરવા લાગ્યા ત્યારે બધે સ્થળે એકી વખતે શાંતિ ફેલાવવાનું કામ દુસાધ્ય થઇ પડ્યુ પદભ્રષ્ટ જમીનદારો અને પ્રજા ઉશ્કેરાઇ ગઇ નહોત તો આ બળવો એકાએક આટલા બધા પ્રદેશમા વિસ્તાર પામત નહિ. મુદ્દાની વાત એટલી જ કે આવી ગભીર ઉશ્કેરણીને લીધે જ આ બળવામા અગ્રેજોને બહુજ ખમવુ પડ્યુ હતું [1]

જાહેરનામા પ્રગટ થયા બાદ મુસલમાનો ફિરગીઓનું લોહી રેડવાનો દૃઢ નિશ્ચય કરી બેઠા બીજે દિવસે અર્થાત્ ૮ મી જુનને સોમવારને દિવસે ગંગાની નહેરની દક્ષિણ બાજુએ મુસલમાનોની અર્ધચંદ્રશોભિત લીલી ધજા ઉડવા લાગી મુસલમાનોનો માનનીય ધર્મોપદેશક એ ધજા નીચે ઉભો રહી વિધર્મીઓનું પરાક્રમ નાશ પામે એવી પ્રાર્થના કરવા લાગ્યો. એવુ કહેવાય છે કે બીજી ઘોડેસ્વાર પલ્ટણની પ્રણયીની આજિજન યુદ્ધવેશથી વિભૂષિત બની ઘોડેસ્વાર થઈ ઉઘાડી તરવારે એ સ્થળે ગઇ હતી.[2]

---

૧. કોઇ કોઇ ઈતિહાસકારો એમ માને છે કે આ બળવો જો એકલા સિપાહીવર્ગમાજ ફેલાયો હોત, પદભ્રષ્ટ રાજાઓ અને જમીનદારો તથા સાધારણ પ્રજાના માણસો સિપાહીઓને મદદ કરતા ન હોત તો સિપાહીઓની બહુ થોડી સંખ્યા બળવો ઉઠાવત.—Red Pamphlet Comp Kaye Vol. II P. 290, Note Indian Empire, II. P 240

૨. Trevelyan, Cawnpur, P. 137. આજિજન મુસલમાન વેશ્યા, બીજી ઘોડેસ્વાર પલ્ટણની જીવજાન પ્રિયા હતી. અગાઉ આ વિષે કહેવાઇ ગયુ છે.

અગાઉ કહ્યું છે કે અગ્રેજોના મથકપર બહુ થોડા સૈનિકો હતા. વોલન્ટીઅર સૈન્ય પણ બહુ થોડુ હતું એ સિવાય ઘણા બૈરાછોકરા એ સ્થાનમા પીડાતા હતા એથી ઉલટુ સામો પક્ષ સખ્યામા પ્રબળ હતો[૩] ઉશ્કેરાએલી પ્રજા પણ એ લોકોના દળને પુષ્ટ કરી યુરોપિઅનોને

---

૩. યુરોપિઅનોના મથક પર ૨૧૦ યુરોપિઅન સૈનિકો હતા. એ સિવાય લગભગ ૧૦૦ ઓફિસરો હતા વેપારી અને બીજા મળી કુલ ૪૫૦ યુરોપિઅનો એ સ્થળે રહેતા હતા બાળકો અને મડમોની સંખ્યા ૩૩૨ ની હતી.-Mutiny of the Bengal Army, By one who has served under Sir Charls Napier P 130 રસદ વિભાગનો અમલદાર શેફર્ડ સાહેબ આ સ્થળે હાજર હતો તેણે એ સખ્યા નીચે પ્રમાણે દર્શાવી છે —

યુરોપિઅન સૈનિક પુરુષ	.........૨૧૦
દેશી પલ્ટણના દેશી વાદ્ય વગાડનારા . ..	....૪૪
અધિનાયક લગભગ.	૧૦૦
સૈનિકો સિવાયના માણસો લગભગ .	...૧૦૦
સ્ત્રીઓ તથા છોકરા લગભગ.	. ૫૪૬
	૧૦૦૦

એ સિવાય ૨૫-૩૦ દેશી નોકરો અને કેટલાક વિશ્વાસુ સિપાહીઓ તથા ઓફિસરો હતા Shepherd, Cawnpur. Massacre, P. 26=27 હોલ્મ્સ સાહેબ નોકરોની સંખ્યા ૫૦ની અને વિશ્વાસુ સિપાહીઓ તથા ઓફિસરોની સખ્યા ૨૦ની બતાવે છે.—Holmes, Indian Mutiny, P 236 Note. ટ્રિવિલિયન સાહેબે જણાવ્યું

મારી નાખવા ઇચ્છતી હતી. સિપાહીઓ અનુક્રમે વિસામો અને ગોળીબાર કરવા લાગ્યા, પરંતુ બચાવ કરનારાઓને વિસામો લેવાનો સમય મળતો જ નહિ યુરોપિઅન સૈન્યના સૈનિકો તોપોની પાસે ઉભા ઉભા હામથી બંદુક લઇ ગોળીબાર કરતા હતા, તેઓ જ્યારે બંડખોરોની ગોળીઓથી મરણ શરણ થતા ત્યારે તેની જગા વોલન્ટીઅર સૈન્યનો કોઇએક સિપાહી લેતો હતો. તેઓ પોતાના માન માટે, પોતાના જીવન માટે અને પોતાના પ્રાણાધિક કુટુંબ કબીલા માટે છાતીના બાખા થઇ લડતા હતા. આ વખતે અંગ્રેજ વીરપુરુષોએ પોતાના જીવનની ઉપેક્ષા કરી, આસાધ્ય કાર્યને સાધ્ય બનાવવા માટે, ગોળીઆના વરસાદ વચ્ચે રહ્યા છતા બાળકોની તથા ઘાયલોની સારવાર કર-

છે કે બધા મળીને ૧૦૦૦ માણસો એ મથક પર હતા.–Trevelyan, Cawnpur, P 118.

સામા પક્ષના સિપાહીઓની સખ્યા સૂક્ષ્મ રીતે નક્કી થઇ નથી એક પલ્ટણ ઘોડેસ્વાર અને બે પલ્ટણ પાયદળો બંડખોર નીવડ્યા હતા. પાછળથી ૫૩ મી પલ્ટણના કેટલાક તેઓને જઇ મળ્યા હતા તે પલ્ટણના ઘણાખરા ઓફિસર (જમાદાર અથવા સુબેદાર) અંગ્રેજોના પક્ષમા હતા, ઘોડેસ્વાર પલ્ટણ ૬ ભાગમા (ટ્રુપમા) (અત્યારે ૮ ભાગમા) વહેચાયેલી હતી તેમા નીચે પ્રમાણે દેશી સિપાહીઓ હતા.

ઓફિસર	૧૩
ઉતરતા દરજ્જાના ઓફિસર	૫૪
ભિસ્તી	૬
બ્યુગલ વગાડનારા	૬
સૈનિકો	૫૦૪

વામા જે તત્પરતા દર્શાવી છે તેનુ ઇતિહાસકારોએ વર્ણન અપાર વિસ્મય અને પ્રીતિપૂર્વક કર્યુ છે બડખોર દરરોજ અપાર ઉત્સાહપૂર્વક ગોળીબાર કરવા લાગ્યા. દરરોજ યુરોપિઅનો વધારે વધારે મુશ્કેલીમા મુકાતા ગયા સિપાહીઓ આખો દિવસ તોપોનો મારો ચલાવતા સવારથી સાજ સુધી ઉના ધગધગતા ગોળા અગ્રેજોના મથકની દિવાલ પર આવી પડતા તેના પ્રચડ મારાથી કોઇ ઘવાતુ ને કોઇ માર્યું જતું એની જ્વાલામય જ્યોતથી એ મથકમાનુ કોઇ કઇ કઇ બળી ભસ્મ થઇ જતુ. રાત્રે અધકારમા બડખોરો છુપી રીતે દિવાલ પાસે આવતા અને પ્રતિક્ષણે બદુકના ગોળીબાર કરી યુરોપિઅનોને હેરાન કરતા આથી યુરોપિઅનોને રાતદિવસ બચાવવામા ઉભા રહેવુ પડતુ એક વખત તોપના ગોળાથી દારૂગોળો રાખવાની એક ગાડી પરનુ છાપરૂ ઉડી ગયુ અને દારૂ વગેરે રાખવાના સ્થળ પાસેનુ ગાડીનુ

પાયદળ પલ્ટણુ (રેજિમેન્ટ) ૮ ભાગમા (કપનિમા) વહે ચાએલી હતી આખી પલ્ટણમા નીચે પ્રમાણે સિપાહીઓ હતા

સુબેદાર	૧×૮=૮
જમાદાર	૧×૮=૮
હવાલદાર	૬×૮=૪૮
નાયક	૬×૮=૪૮
બ્યુગલ વગાડનારા	૧×૮=૮
સૈનિકો	૮૦×૮=૬૪૦

આ હિસાબ પરથી સામા પક્ષના સિપાહીઓની સખ્યાનુ અનુમાન કરી શકાશે. એ સિવાય નાનાસાહેબના અનુચરોથી તથા કાનપુર અને અયોધ્યાના ઘણા લોકો સિપાહીઓને આવી મળ્યા હતા

લાકડું સળગવા લાગ્યું. ડિલાફીની નામનો એક જુવાન સૈનિક આ જોઈ શાંત રહી શક્યો નહિ અગ્નિ તરત હોલવી નાખવામાં ન આવે તો ભયંકર બનાવ બને તેવું હતું પેલો વીર પુરુષ એક ક્ષણનો વિલંબ ન કરતાં સળગતી ગાડી પાસે ગયો, જે લાકડું સળગતું હતું તે હાથ વડે ખેંચી કાઢ્યું અને પાણીને અભાવે કકણ માટી બળતા પર નાખવા લાગ્યો થોડી વાર આ પ્રમાણે પ્રયત્ન કરવાથી આગ હોલાઇ ગઇ.

આવું વીરત્વ કેવળ કેળવાએલા સૈનિકોમાં જ દૃષ્ટિગોચર થતું ન હોતું જેઓ અગાઉ લશ્કરમાં જોડાયા નહોતા તેઓ પણ અત્યારે અપૂર્વ વીરત્વ બતાવવા લાગ્યા સૈનિકો સિવાયના બીજા યુરોપિઅનોએ પણ આ આશ્રયસ્થાનમાં આશ્રય ગ્રહણ કર્યો હતો તેમાંના કેટલાક રેલ્વેના ઇજનેરો હતા. તેઓ હાથમાં બંદુક લઇ વિપક્ષીઓને મારી હઠાવવા ઉભા હતા તેઓમાંના એક જણને બડખેરોની ગોળી બરાબર મો પર લાગી આ મારથી તે મો ઉંચું કરી શકતો નહિ તેને અપાર યાતના ભોગવી નીચું મો કરી પડયું રહેવું પડતું. છેવટે એ આઘાતથી તેનું મરણ નીપજ્યું. ખ્રિસ્તી પાદરીઓ પણ આ વખતે ઉદાસીન રહ્યા નહોતા તેઓએ હથીઆર ઉપાડયા નહતા તેઓ ઘાયલોની સારવારમાં આખો દિવસ વીતાડતા હતા, પીડિતોને ધર્મો-પદેશ આપી દૃઢ કરતા હતા, અને થાકી ગયેલા સિપાહીઓને તથા ભયાકુલ બૈરાં છોકરાંને ધર્મોપદેશ આપી, ઇશ્વરના અશેષ મહિમાનું કિર્તન કરી તેઓના હૃદય શાંત કરતા હતા

જ્યારે ભયંકર મુશ્કેલી આવી પડે ત્યારે વીર જાતિમાં એકાગ્રતા, દૃઢતા, કર્તવ્યનિષ્ઠા અને ત્યાગવૃત્તિ બળવાન થઇ ઉઠે છે કાર્યૈજની

વીર માતાઓએ એક વખતે સ્વદેશને માટે પોતાના સૌંદર્યનું પ્રધાન અગ કેશપાશનુ છેદન કર્યું હતું વીરેન્દ્ર સમાજમા વખણાતી હિંદી સ્ત્રીઓએ પણ પરાક્રમી શત્રુને મારી હઠાવવા પોતપોતના આભૂષણો ઉતારી આપ્યા હતા.[૧] કાનપુરમા ઘેરાએલી યુરોપિઅન સ્ત્રીઓએ પણ આ વખતે પરાક્રમી શત્રુ સન્મુખ ઝૂઝવામા મદદ કરવાનો ઉપાય ખોળી કાઢવામા ઉદાસીનતા બતાવી નહોતી. દરરોજ ભયકર બનાવો જોઇ તેનામા સાહસ વૃદ્ધિ પામ્યુ હતું પોતાના માણસોને દરરોજ વીરત્વ દર્શાવતા જોઇ તેઓનામા પણ વીરત્વનો સંચાર થયો હતો. હવે તેઓ અગાઉની માફક રડારોળકરી પડી રહેતી નહિ. હવે તેઓ પોતાના વહાલા સતાનોના બચાવ માટે યુક્તિઓ ખોળવા લાગી. સિપાહીઓની તોપોના ગોળાથી તોપોમા છિદ્રો પડયા હતા. વીરાંગનાઓ તે માટે પોતાના પગના મોજા ઉતારી આપવા લાગી એ વખત તેઓના શરીર ઢાકવાને બહુ કપડા નહોતા તો પણ તેઓ પોતાને દરરોજની ઉપયોગી ચીજો આપી દેવા લાગી. તેઓના મોજા વડે છિદ્રો પૂરી દેવામા આવ્યા. ફરીથી તોપોના ગોળા ફેકાવા લાગ્યા કેટલાક સિપાહીઓ એ મથકમા કેદ હતા એક સૈનિક પુરૂષની સ્ત્રી સાહસપૂર્વક હાથમા ઉઘાડી તરવાર લઈ તેઓ પર પહેરો ભરવા

---

૧ રોમનોએ કાર્થેજ પર હુમલો કર્યો ત્યારે ધનુષની દોરી બનાવવા માટે કાર્થેજની વીર સ્ત્રીઓએ પોતાના ચોટલા કાપી આપ્યા હતા જ્યારે સુલતાન મહમુદ હિંદ પર ચોથી વાર ચઢી આવ્યો ત્યારે લાહોરનો રાજા અનગપાળ તેની વિરૂદ્ધ લડયો હતો. એ વખતે હિંદુ સ્ત્રીઓએ લડાઈના ખર્ચ માટે પોતાના દાગીના ઉતારી આપ્યા હતા

લાગી જ્યાં સુધી આ સ્ત્રી ઉઘાડી તરવારે પહેરો ભરતી ત્યાં સુધી કેદીઓ નાસી જઇ શક્યા નહિ. છેવટે એક પુરુષે આવી એ પહેરો ભરવાનું કામ ગ્રહણ કર્યું. એટલે તે કેદીઓ નાસી ગયા.[1] આવી વીરતા દર્શાવ્યા છતાં સ્ત્રીઓનું દુઃખ ઘટ્યું નહિ. તેઓમાંની કોઇ કોઇ ગર્ભવતી હતી તેઓને ઘેરા વખતે સંતાન પ્રસવ્યાં હતાં. આ વખતે તેમની સારવાર કરનાર કોઇ નહોતું. તેઓ પ્રસવવેદના ભૂલી પોતાના નવજાત શિશુની જિંદગી બચાવવા માટે વલખાં મારવા લાગી વિશ્વપાલક ભગવાન સિવાય તેઓનો રક્ષક બીજું કોઈ થઇ શકે એમ નહોતું તેઓ ચુપચુપપણે એ સર્વ શક્તિમાન પ્રભુની ઇચ્છા પર આધાર રાખી ધીરજ ધરી બેઠી. ઘણી સ્ત્રીઓ પોતાનાં બાળકોની દુર્દશા જોઇ દહાડે દહાડે દુર્બળ બનવા લાગી. તેઓનાં વહાલાં બચ્ચાંઓ દહાડે દહાડે ગુમ થવા લાગ્યાં. એક સૈનિક પુરુષની સ્ત્રી પોતાનાં બે બાળકોને બે હાથ વડે બે બાજુએ ઉપાડી પોતાના સ્વામી સાથે ફરતી હતી, એકાએક ગોળી આવી તેના સ્વામીનું શરીર વીંધી એ સ્ત્રીના બન્ને હાથોને ઘાયલ કરી ગઇ. તેનો સ્વામી તરત જ ધરણી પર ઢળી પડી પંચત્વ પામ્યો. તેની પ્રિયતમા પણ મૃતસ્વામીની પાસે ઢળી પડી બે બચ્ચાંઓમાંનું એક સખત ઘવાયું અભાગણી વિધવાને અંદરના ભાગમાં લાવવામાં આવી. તેના બંને હાથ ભાગી ગયા હતા, તેથી છોકરાને ખોળે લેવા જેટલી શક્તિ તેનામાં રહી નહોતી. તે યાતનાથી કાયર થઈ પથારીવશ થઇ બે બાળકો તેની છાતીની બંને બાજુએ રહી સ્તનપાન કરવા લાગ્યાં; પરંતુ તેઓની માં હાથ

---

૧ આ મહમ્મદ નામનો જે સિપાહી ઘોડેસ્વારોને ઉશ્કેરવાના ગુના સબબ કેદ થયો હતો તે તેઓમાંનો એક હતો.

ઉંચા કરી શકતી નહોતી આથી અધિક શોચનિય દશ્ય કલ્પના-દ્વારા કદી અંકિત થઇ શકે તેમ નથી, ઉદ્‌ભવનાશક્તિ આ કરતા વધારે કરૂણ રસવાળુ ચિત્ર ઉત્પન્ન કરી શકે તેમ નથી આવા શોચનીય દશ્યો ઠામ ઠામ જણાવા લાગ્યા એક દિવસ એક બીજા સૈનિકની સ્ત્રીના હાથની કોણીમા બંદુકની ગોળી પેસી ગઇ એ સૈનિક પુરુષ તો અગાઉથી મરણ પામ્યો હતો તેની સ્ત્રી પણ પ્રચંડ આઘાતજનિત જ્વરથી લોકાન્તિરિત થઇ. આ પ્રમાણે હરરોજ સ્ત્રીઓના પ્રાણ જવા લાગ્યા જે છોકરા ચાલી શકતા તેઓ બાલસુલભ-ચાપલ્યને લીધે એક સ્થાને બેસી શકતા નહિ. તેઓ પોતે કેવી સ્થિતિમા આવી પડયા છે તે સમજતા નહોતા ઘર બહાર નીકળતાજ અભાગ પ્રાણ ચાલ્યા જશે એટલુ સમજવા જેટલી શક્તિ તેનામા નહોતી આ અજાન બાળકો આવી સ્થિતિમા પણ રમત ગમત માટે ખુલ્લી જગામા ભટકવાનો આગ્રહ દર્શાવતા હતા તેઓ રમત ગમત કરવા આગણામા આવતાજ સિપાહીઓની ગોળીઓ તેમના કોમળ શરીરમા પેસી જતી. આ પ્રમાણે નિર્દોષ બાળકો અનંત નિદ્રામા પોઢવા લાગ્યા

સેનાપતિ વ્હીલર હરપળે મદદની આશા રાખી બેઠો હતો તેને ખાત્રી હતી કે પંજાબથી સર જોન લોરેન્સ સહાયકારી લશ્કર મોકલશે. અલાહાબાદથી નીલ મારી મદદે આવી પહોચશે. લખનૌરથી સર હેન્રિ લોરેન્સ પણ આવી સ્થિતિમા મદદ મોકલ્યા સિવાય રહેશે નહિ પરંતુ દુર્ભાગ્યે આ વખતે કોઇ પણ સ્થળેથી મદદગાર સૈનિકો આવી પહોચ્યા નહિ પંજાબથી સર જોન લોરેન્સનો પત્ર આવ્યો. તેમા તેણે લખ્યુ હતું કે “ પંજાબના રક્ષણ માટે પુરતું લશ્કર નથી, માટે

હું કોઈને મદદ મોકલવાની સ્થિતિમા નથી." સેનાપતિને નીલ ૧૪ મી જુનને રોજ જરૂર કાનપુર આવી પહોચશે એવી આશા હતી. પરંતુ ૧૪ મી જુન તો પસાર થઇ ગઇ સેનાપતિએ હતાશ થઇ એ તારીખે સંધ્યાકાળ વખતે લખનોરના ન્યાયાધિશ ગબિન્સ સાહેબને એક પત્ર લખ્યો પત્રની મતલબ આ પ્રમાણે હતી કે "શહેરના બધા ખ્રિસ્તીઓ અમારા મથક પર આવી રહ્યા છે. અમે અમારો બચાવ કરીએ છીએ અમે સહાય, સહાયના પોકારો કરી ભીખ માગીએ છીએ. અત્યારે જો મદદગાર બસો સૈનિકો મળેતો અમે વિપક્ષીઓને હરાવી આપની મદદે આવી શકીએ.'' પરતુ બસો સૈનિકો લખનોરથી આવ્યા નહિ. વૃદ્ધ સેનાપતિ ધીરજથી આ અદશ્ય આગળ માથુ નમાવી રહ્યો. તેના સહાયકારીઓ પણ ધૈર્યપૂર્વક પોતાની ફરતી દશાને આલિગન કરવા લાગ્યા એક પછી એક તેમની બધી આશાઓ નિર્મૂળ થવા લાગી છેવટે તેઓએ પોતાના પગ પર આધાર રાખી બચાવ કરવાનો ઠરાવ કર્યો. તેઓનો ઉત્સાહ સેકડો ગણો વધી ગયો. તેઓ મરણિઆ થઇ લડવા લાગ્યા.

એક અઠવાડીઉં વીત્યુ યુરોપિઅનોએ હજુ પોતાનું સ્થાન બચાવી રાખ્યુ હતું એ દરમ્યાન યુરોપિઅનો એક ભયકર વિપત્તિ આવી પડવાથી બેબાકળા બની ગયા અગાઉ કહ્યુ છે તેમ દિવાલની અંદર આવેલા બે મોટા મકાનોમા એકનુ છાપરૂ ઘાસનું હતું બંને મકાનોમા રોગી, ઘાયલ, વૃદ્ધ, સ્ત્રીઓ અને બાલ બચ્ચા રહેતા હતા. ઘાસનું છાપરૂં નળિઆ અગર ઇટો વડે ઢાકી દેવાનો પ્રયત્ન કર્યો હતો, પણ એ પ્રયત્ન સર્વાંશે સફળ થયો નહોતો. કોઈ કોઇ ભાગ ખુલ્લો રહી ગયો હતો. એક દિવસ સાજરે એકાએક છાપરૂ સળગી ઉઠ્યું.

ઘાયલ અને રોગી માણસો એ મકાનમા રહેતા હોવાથી તેઓ ભારે વિપત્તિમા આવી પડયા. આ તરફ બંડખોરોએ યુરોપિઅનોનું મકાન સળગતું જોઇ પ્રબળ વેગે ગોળીઓનો વરસાદ વરસાવ્યો. આ ભયંકર રાત્રે આગની જ્વાળા બમણી ઉજ્વલ બની યુરોપિઅનોને બહુ ગભરાવા લાગી ઘાયલ અને રોગી લોકો પોતાનો બચાવ કરવા સમર્થ નહોતા એ લોકોનો બચાવ કરવા યુરોપિઅનોએ કમર ભીડી તેઓ વિપત્તિથી ભાન ભૂલ્યા વગર વ્યવસ્થા પૂર્વક તેઓને બીજે સ્થળે લઇ ગયા પેલુ છાપરૂ જોતજોતામા બળી ભસ્મ થઇ ગયુ બે ગોલંદાજ સૈનિકો સળગતી આગમા ભસ્મીભૂત થઇ ગયા. પરંતુ જીવતા રહેલા યુરોપિઅનોને તો એથી પણ વધારે નુકશાન થયુ સ્ત્રીઓ અને બાળકોને માટે આશ્રય લેવાનું સ્થળ બીજુ એકેય નહોતુ તેઓ હવે ખુલ્લી જગામા જઇ રહ્યા દારૂની બાટલીઓ ભરવાના ખોખા અને શણના તાપડા હવે તેઓનુ દિવસના પ્રચંડ તાપથી અને રાતના સખત હીમથી રક્ષણ કરવા લાગ્યા પરંતુ બંડખોરોના નગીબાગથી એ આચ્છાદાન થોડા વખતમા નાશ પામ્યુ. મકાન બળી જવાથી સારવાર કરવામા જોઇતી દવા પણ નાશ પામી હતી, વાઢ-કાપના સાધનો પણ નષ્ટ થયા હતા તેથી જેઓ ઘવાવા લાગ્યા. તેઓના શરીરમાથી ગોળીઓ કાઢવાનો ઉપાય રહ્યો નહિ જેઓ રોગથી ભૂતલશાયી થવા લાગ્યા તેને દવા વિના શાંતિ આપી શકાઇ નહિ. અસહ્યયાતના, અકાલમૃત્યુ વગેરે દરેક વિપત્તિઓ આ અસહાય જીવો પર જુલમ ગુજારવા લાગી તેઓ આ દુ:ખમાથી છૂટવા માટે મૃત્યુને નિકટ આવવાની પ્રાર્થના કરવા લાગ્યા

મકાન બળી જવાથી આશ્રયશૂન્ય થનારાઓમા ૫૩ મી પલટણના

કેટલાક સિપાહીઓ પણ હતા. અગાઉ કહ્યું છે તેમ બીજી ઘોડેસ્વાર પલટણનો સુબેદાર ભવાનીસિંહ પોતાના હાથ નીચેના સિપાહીઓ વિરૂદ્ધ ઉભો રહ્યો હતો તેથી તેને ઘાયલ કરી સિપાહીઓએ બંડ ઉઠાવ્યું હતું. તે ઘાયલ થઇ જમીન પર પડયો હતો તે વખતે તેને અંગ્રેજોના મથકે લાવવામા આવ્યો. ભવાનીસિંહ ઘાયલ થયો હતો છતા તેણે પોતાના માલીકનો પક્ષ તજ્યો નહિ. તે આવા ભયંકર વખતે અંગ્રેજોની બાજુએ ઉભો રહ્યો. ઘેરાની શરૂઆતમાંજ એ વીરપુરુષના પ્રાણ સિપાહીઓની તોપના ગોળાથી ચાલ્યો ગયો. આ વખતે વળી ૫૩ મી પલટણના સિપાહીઓ આશ્રય વિનાના થઇ પડયા. તેઓ અત્યાર સુધી પોતાના સ્વદેશબાધવો સામે ઝૂઝતા હતા જ્યારે મકાન સળગી ગયુ ત્યારે સેનાપતિએ તેમને બીજે કોઇ સ્થળે જઇ રહેવાનું કહ્યુ. કારણ કે અત્યારે યુરોપિઅનોને ખોરાકના સાસા પડયા હતા, આશ્રયસ્થાનનો પણ તોટો પડયો હતો એ સિપાહીઓમાના બોલાખા નામના સિપાહીએ આ સબંધમા જણાવ્યુ છે કે “અમે ૫ મીથી ૯ મી કે ૧૦ મી જુન સુધી અમારા મકાનનુ રક્ષણ કર્યું. અંડખોરોના ગોળાથી એ મકાન સળગી ગયુ એટલે અમારે એ સ્થાન છોડી જવુ પડયુ મને લાગે છે કે ગોળા પર કોઇ સળગી ઉઠે તેવો પદાર્થ ચોપડેલો હતો, એ પદાર્થ સાથે ઘાસના છાપરાને સંસર્ગ થવાથી આગ લાગી હતી.” રામબક્ષ નામના એ જ ટોળીના એક-બીજા માણસે પણ આ સબંધમા એવી જ મતલબનું બ્યાન કર્યું છે. તેના મત મુજબ ૯ મી કે ૧૦ મી જુનના ૪ વાગે મકાન સળગી ઉઠયું હતું.[1] ગમે તેમ હો પણ એટલુ તો ખરૂં કે લગભગ ૮૦ થી

---

૧. Kaye, Sepoy War, Vol. II, P. 325, note.

૬૦૦ સુધીની સખ્યામા સિપાહીઓ અગ્રેજોના પક્ષનુ અવલંબન કરી રહ્યા હતા. એ સિવાય તેઓની સાથે ૧૦ દેશી ઓફિસરો પણ હતા[૧] તેઓ બધાને મથક છોડી ચાલ્યા જવાનો હુકમ મળ્યો ઓફિસરોએ દિલગીર ચહેરે વિદાયગીરી લીધી. સિપાહીઓ ગમગીન ચહેરે મથક છોડી જવા તૈયાર થયા મેજર હિલર્સડનસાહેબે (કલેકટર હિર્સડનસાહેબનો ભાઇ) બધાને થોડા રૂપીઆ અને વફાદારી જાળવી રાખ્યા બદલના સર્ટિફિકેટો આપ્યા. સિપાહીઓ એ લઇ પોતપોતાને ઘેર ચાલ્યા કોઇ રસ્તામા જ માર્યા ગયા કોઇ અક્ષત શરીરે ઘેર પહોચ્યા, તેઓમાના કોઇ બીનવફાદાર નીવડયા નહોતા કોઇ બડખોરો સાથે ભળ્યો નહોતો તેઓએ વિદેશી માલીકને બચાવવા પોતાના સ્વદેશીઓ સામે ગોળીઓ ચલાવી હતી આત્મીયસ્વજન શૂન્ય થઇ રસ્તામા આત્મબલિદાન આપ્યું હતું, છતા પોતાને 'નિમકહરામ ' તરીકે ઓળખાવ્યા નહોતા. કાનપુરના વૃદ્ધ સેનાપતિએ જો એ લોકોને પોતાની પાસે રાખ્યા હોત તો તેના વડે બહુ સગવડ મેળવી શકત. તેઓ માલીકની સગવડ માટે જાન આપવા તૈયાર હતા, તેઓ આ વખતે અગ્રેજોની સાથે હોત તો જરૂર તેઓનુ બળ વૃદ્ધિ પામત

દિવસે દિવસે યુરોપિઅનોનું બળ ઘટતું ગયુ અને બડખોરોની તોપોનો મારો વધારે કાતિલ થતો ગયો. આ વખતે યુરોપિઅનોને કેવી હાડમારી વેઠવી પડતી હતી તે સંબંધમા એક એ ઘેરામાથી બચેલા યુરોપિઅને બહુ આબેહુબ વર્ણન કરેલુ છે[૨] થોડા અઠવાડિઆં

---

૧. Kaye, Sepoy War, Vol II. P. 325 note.

૨ Capt–Mawbray Thomaon, Story of Cawnpur.

પહેલા જિલ્લાના જે રાજપુરૂષોના હુકમથી બધાના મસ્તક નીચા નમતા, જે સેનાપતિના ઇસારાથી હજારો સિપાહીઓ ઘેરાતા, જે અગ્રેજ અમલદારોના દોરથી નોકરો સદા કાપતા અત્યારે તે લોકોમાના કોઇના હાથ પગ સિપાહીઓના ગોળાથી ભાગી ગયા, કોઇના મો વિકૃત થઇ ગયા એક પછી એક અનેક માણુસો ધીમે ધીમે અશક્ત બનવા લાગ્યા. સાહેબ લોકોના પ્રાણુ એક પછી એક વિસર્જન થવા લાગ્યા. તેમના વિશ્વાસુ નોકરો મોટાસાહેબને આ પ્રમાણે પીડાતા જોઇ નવાઇપૂર્વક પોતપોતામા વાતો કરતા હતા, એ દરમ્યાન પોતાના માનનીયસાહેબને ઘાયલ થઇ આવતા જોઇ વાતચીત બંધ કરી તેમની સેવા કરવા દોડતા, થોડીવારમા તેઓ એકબીજા સાહેબને ઘાયલ થઇ જમીનદોસ્ત થતા જોતા. આ પ્રમાણે દરરોજ બનવા લાગ્યુ. મૃત્યુ જાણે ઓળખીતા મિત્રની માફક દરપળે બધા દુખોની શાતિ માટે તેઓને ભેટવા લાગ્યું કલેકટર હિલર્સડનસાહેબ ઘરના આગણુમા ઉભા ઉભા નાનાસાહેબની સાથે સંધિ કરવાની ચેષ્ટા કરતા હતા તેની યુવાન સ્ત્રી પાસે ઉભી હતી. તરત જ કલેકટરસાહેબ ગોળાના મારથી પોતાની પ્રિયતમાના પગમા પડયા અને પચત્વ પામ્યા થોડા દિવસ બાદ ગોળાના મારથી દિવાલનો કેટલોક ભાગ તૂટી પડયો. તે વખતે હિલર્સડન સાહેબના પત્ની ત્યા ઉભા હતા. તેના પર એ તૂટી પડેલો ભાગ પડયો તરત જ એ અભાગણી વિધવાના બધા દુખોનુ અવસાન થયુ સેનાપતિ હ્યુ વ્હિલરનો પુત્ર લેફ્ટેનેન્ટ વ્હીલર ઘાયલ થઇ એક મકાનમા સુતો હતો. તેના માબાપ તથા બહેનો બાજુએ બેસી સારવાર કરતા હતા. એક બહેન પગ પાસે બેસી પખો નાખતી હતી. એકાએક તોપનો ગોળો એ સ્થળે આવી પડયો. વૃદ્ધ સેનાપતિના

પુત્રનુ માથુ એ ગોળાને લીધે ઉડી ગયુ પુત્રવત્સલ પિતા, માતા અને બહેનો આ બનાવ રડતી આખે જોઇ રહ્યા. લિંડસે નામના એક સૈનિકનુ મુખ ગોળાના આઘાતથી વિકૃત થઇ ગયુ આખો નષ્ટ થઇ ગઇ. અભાગીઓ સૈનિક આધળો બની થોડી મુદ્દત જીવ્યો. છેવટે મૃત્યુએ આવી તેને પોતાની ગોદમા લીધો. એક બીજા સૈનિકનો આઘાત એટલો બધો કારી નીવડયો કે તે એ યત્રણાને લીધે મરણ પામ્યો તેની સ્ત્રી તથા કન્યા પણ અસહાય સ્થિતિમા એ ભયકર સ્થળે પડયા રહ્યા. થોડા દિવસો દરમ્યાન તેની અભાગણી વિધવા એક ગોળી વાગવાથી મરણ પામી. તેની પુત્રી પણ ઘાયલ થઇ કપ્તાન હાલિડે નામનો એક સૈનિક પુરૂષ પોતાની મરવા પડેલી ભૂખી સ્ત્રી માટે ઘોડાના માસની કઢી લઇ જતો હતો. અકસ્માત્ તેના પર ગોળીઓ આવી પડી. તે રસ્તામા જ મરણ પામ્યો, એક કલાકમા યુરોપિઅનો બડખોરોના મારાથી કેટલા બધા પીડાતા હતા તે સબંધમા કપ્તાન ટોમ્સન સાહેબે આ પ્રમાણે લખ્યુ છે કે, “એક સૈનિક એક બીજા ઘાયલ સૈનિકને જોવા ગયો હતો, તે જ્યારે પેલા માણુસ સાથે વાત કરતો હતો તે દરમ્યાન તેના સાથળમા ગોળી પેસી ગઇ. તે જમીનદોસ્ત થઇ પડ્યો. મે તેની બાથે હાથ નાખી કમર પકડી ઉપાડયો આવી સ્થિતિમા હું ઉઘાડા સ્થાનમાથી તેને મકાનમા લઇ જતો હતો એ દરમ્યાન મારા જમણા ખભા પર ગોળી લાગી એટલે હુ તથા તે બંને જમીન પર પડયા. બીજા બે માણસોએ આવી અમને મકાનમા પહોચાડયા હુ જ્યારે ગોળીના આઘાતથી પીડાતો હતો ત્યારે એક સૈનિક મારી સારવાર માટે આવ્યો અકસ્માત એક ગોળી તેના ખભામા પેસી ગઇ

એ આઘાતથી એ બિચારો મરણ પામ્યો "[1] એક ટુકડીના ત્રણ ઓફિસરો એક સ્થળે ઉભા હતા ઉપરાઉપરી ગોળા પાડવાથી એ ત્રણેના માથા ઉડી ગયા. એક માણસ ગોળીઓના વરસાદમા ખુલી જગામાથી પસાર થતો હતો અચાનક તે ઘાયલ થઈ મરણ પામ્યો. વૃદ્ધ સેનાપતિના મદદગારો આ પ્રમાણે દરરોજ મૃત્યુ વશ થવા લાગ્યા સેનાપતિ પોતાનુ બળ ઓછુ થવાથી બહુ જ દિલગીર થવા લાગ્યો કોઇ વસવાટના મકાનોનું રક્ષણ કરતા મરણ પામ્યા. કોઇ ઘાયલોની સારવાર કરતા મરણ પામ્યા, કોઇ તરસ્યાને પાણી આપતા અને ભુખ્યાને ભોજન આપતા મૃત્યુ વશ થયા દિવાલની બહાર એક કુવો હતો એ કુવામા શબો નાખી દેવામા આવતા. દરરોજ રાત્રે શત્રુઓના હુમલાની બીકે આ પ્રમાણે જેમ બને તેમ જલદી સમાધીનું કાર્ય આટોપાવા લાગ્યુ. ઘેરાએલા લોકોના દુખોનો પાર નહોતો દિવસે તેઓના મસ્તક પર સૂર્ય પોતાના પ્રચડ કિરણો વરસાવતો રાત્રે પણ શત્રુઓની અગ્નિમય ગોળીઓ આવી તેમને દગ્ધ કરતી તેઓના જીવનસમા વહાલા સતાનો, પ્રિયતમા પત્નીઓ અને વહાલા સ્વજનોના મૃતદેહ દરરોજ પેલા સુકા કુવામા પડતા, તેઓ આવા શોચનીય દેખાવો જોઇ દિવસે દિવસે વિષાદમય બનવા લાગ્યા

સામા પક્ષના લોકોને પણ નુકસાન પહોચતુ હતું યુરોપિયનોની તોપોના ગોળાથી તેઓમાના ઘણા માર્યા ગયા હતા. છતા તેઓનુ બળ ખુટયું નહોતું. કારણ કે તેઓનામા દરરોજ ભરતી થયે જતી હતી. આજિમમદની ૧૭ મી પલ્ટણના સિપાહીઓ તેમને

---

૧. Thomson, Story of Cownpur, 106—107.

આવી મળ્યા હતા કાનપુરથી થોડે દૂર આવેલ ચૌબેપુર નામના ગામડામા લખનોરની પલટણોમાના કેટલાક ઘોડેસ્વારો અને પાયદળ સૈનિકો રહેતા હતા. તેઓ પણ આ સિપાહીઓને આવી મળ્યા હતા એમ કહેવાય છે. એ સિવાય બનારસ અને અલાહાબાદના સિપાહીઓનો ઘણો ભાગ અહીં આવી પહોચ્યો હતો મીરનવાબ નામનો એક આબરૂદાર જમીનદાર લશ્કરની બે ટુકડીઓ લઇ નાના સાહેબની મદદે આવ્યો હતો લોર્ડ ડેલ્હાઉઝીના અમલમા તેણે એ લશ્કર એકત્ર કરી રાખ્યુ હતું પણ એ વખતે તેને પોતાનો દ્વેષ શાત પાડવાની તક મળી નહોતી. હવે તે લોર્ડ ડેલ્હાઉઝીના કાર્યનુ વેર વાળવા તૈયાર થયો હતો આ પ્રમાણે ચોતરફથી સિપાહીઓનુ બળ વૃદ્ધિ પામતું હતું

હલ્લો કરનારાઓએ સભાળપૂર્વક પોતાનો વ્યૂહ રચ્યો હતો. માટીની દિવાલની ઉત્તર બાજુએ અગ્રેજોના રમતગમતના મકાન પાસે તોપ ગોઠવવામા આવી હતી નની નવાબ નામનો એક ધનવાન મુસલમાન એ સ્થળ સાચવતો હતો. અગાઉ હિદુ સિપાહીઓએ તેનું તથા બાકરઅલી નામના એક બીજા મુસલમાનનુ ઘર લૂટ્યુ હતું નની નવાબ અને બાકરઅલીને કેદ કરવામા આવ્યા હતા. પણ તેથી મુસલમાન સિપાહીઓ ગુસ્સે થયા, તેથી નાનાસાહેબે એ બન્નેને મુક્ત કરી પોતાના જેટલું જ માન આપ્યુ હતું. ત્યારથી તેઓ બડખોરોના પક્ષમા ભળ્યા હતા. એવું કહેવાય છે કે આજિજન હથિયારબધ થઇ આ સ્થળે તોપની પાસે ઉભી રહી ઘોડેસ્વાર સિપાહીઓને ઉત્સાહ પ્રેરતી હતી. દિવાલના અગ્નિ ખુણામા મીરનવાબ પોતાની તોપ ગોઠવી નિરતર ગોળા ફેંકતો હતો. પૂર્વ દિશામા બાકરઅલી

ગોઠવેલી તોપનું રક્ષણ કરતો હતો નૈઋત્ય ખુણા તરફ એક મોટું મકાન હતું. અંગ્રેજો તેને "સાબેડા હાઉસ" ના નામથી ઓળખતા હતા. એ મકાન ધીમે ધીમે "સબેદા કોઠી" ના નામથી પ્રસિદ્ધ થયુ હતું સબેદા કોઠીની બાજુએ હિંદુઓનુ જોર હતું એ કોઠીમા નાના સાહેબ પોતાના મિત્રો સાહિત્ય રહેતો હતો સેનાપતિ ટીકાસિંહનો તંબુ અહીં હતો. સેનાપતિ અહીંની તોપોને સંભાળતો હતો તાતિયા તોપી વગેરે આ સ્થળે ફિરંગીઓનો નાશ કરવાની યુક્તિઓ ગોઠવતા હતા. આ પ્રમાણે હિંદુ અને મુસલમાન એકત્ર થઇ અંગ્રેજોને ઘેરી વળ્યા હતા, નાનાસાહેબ તેઓના ભયથી નામનો રાજા બની હાજીહા કર્યા કરતો હતો

શાંતિ જાળવવા માટે તથા ન્યાય ચુકવવા માટે નાના સાહેબને નામે જુદા જુદા માણસોની નીમણુક થઇ હતી, હુલાસસિંહ નામનો એક માણસ શાંતિરક્ષક ખાતાનો વડો હતો બાબાભટ્ટ મુખ્ય ન્યાયાધીશ બન્યો હતો. આજિમઉલ્લા અને જવાલાપ્રસાદ વ્યવસ્થા જાળવવાનું કામ કરતા હતા. પરંતુ તેઓ ઉશ્કેરાએલી પ્રજા અને સિપાહીઓની ઉચ્છૃંખલતા દબાવી શકતા નહોતા, તેઓના મત વિરૂદ્ધ નાનો કઇ કરી શકતો નહિ. તેઓ નાનાસાહેબને નામે યથેચ્છાચાર ફેલાવી રહ્યા હતા

૨૧ મી જુને અયોધ્યાના બંડખોર લોકો સિપાહીઓ પાસે આવી પહોચ્યા. ૨૩ મી જુને સિપાહીઓએ પૂર્વાપેક્ષા અધિક ઉત્સાહપૂર્વક લડાઇની તૈયારી કરી. એક સૈકા પહેલા બરાબર આ વખતે લોર્ડ કલાઇવે પ્લાસીના આબાવાડિઆમા પોતાનુ અધિપત્ય સ્થાપ્યુ હતું સો વર્ષ બાદ સિપાહીઓ આ આધિપત્યના પાયાને

ડગમગાવવા તૈયાર થયા. લોર્ડ ક્લાઇવે જે રીતે બંગાળાના નવાબને નમાવ્યો હતો, તેજ પ્રમાણે સિપાહીઓ ફિરંગીઓને નમાવવા તત્પર થયા. અશ્વારોહી અને પાયદળ ટોળાબદ્ધ થઈ અંગ્રેજો પર હુમલો કર્યો. તેઓ પોતાના અગ્રભાગમાં કપાસના મોટા મોટા ધોકડા રાખી તે ગબડાવતા ગબડાવતા આગળ વધવા લાગ્યા. અંગ્રેજોનુ દેવળ તેઓની એક બાજુએ હતુ બીજી બાજુ એક અધૂરી રહેલી લશ્કરી છાવણી હતી. આમ બંને બાજુએ મકાનો હોવાથી તેમને હુમલો કરવાની સગવડ મળી હતી તો પણ તેઓ કાર્ય સિદ્ધ કરી શક્યા નહિ તેઓએ બહુ પરાક્રમ દર્શાવ્યુ પણ તેમના મદદગારો કંઇ લડવૈયા નહોતા તેઓ લશ્કરી પોષાકથી સજ્જ થયા નહોતા, અસ્ત્રશસ્ત્રથી બળવાન બન્યા નહોતા, તેઓનામાં રણકૌશલનો અનુભવ નહોતો. આથી તેઓ ચોતરફ વિખરાઇ ગયા. હરોળ તૂટવાથી સિપાહીઓ હઠી ગયા. અંગ્રેજોએ પોતાનુ સ્થાન બચાવ્યુ, પરંતુ એક બીજી મુશ્કેલીથી તેઓ અગાઉ કરતા વધારે પીડાવા લાગ્યા,

એ વખતે અંગ્રેજોએ બે ત્રણ વાર મદદ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ તેઓનો પ્રયત્ન સફળ નીવડયો નહતો ૨૪ મી જુને એક ફિરંગી સૈનિક છુપેવેશે અલાહાબાદથી મદદગાર સૈન્ય મેળવવાની આશાથી મથક છોડી નીકળ્યો પણ તે નિષ્ફળ થઇ પાછો આવ્યો. એજ દિવસે રસદ વિભાગના શેફર્ડ સાહેબે બદલુનુ નામ ધારણ કરી બાબર્ચિનો વેશ ધારણ કરી મુસાફરી શરૂ કરી. સિપાહીઓએ તેને કેદ કર્યો ગરીબ બિચારા બદલુને ત્રણ વર્ષની સખ્ત કેદની સજા થઇ.[1] આ પ્રમાણે ઘેરાએલા અંગ્રેજો પોતાના દર પ્રયત્નમા નિષ્ફળ

૧ જુલાઈ માસમા સેનાપતિ હેવલોક કાનપુર આવ્યો એટલે

નીવડવા લાગ્યા વિપત્તિના વખતમા વારવાર હતાશ થયા છતા મનુષ્યોની અમર આશા મરણ પામતી નથી. મરુભુમિવિહારી તૃષ્ણાતુર પથિક પ્રતિક્ષણે મૃગજળથી છેતરાતા છતા વારંવાર જળ મેળવવા માટે એ મૃગજળ ભણી દોડાદોડ કરે છે તે જેમ જેમ દોડે છે તેમ તેમ પાણી દૂર જતું જાય છે છતા તેની આશા મરણ પામતી નથી તે રીતે અંગ્રેજો પણ વારંવાર અલાહાબાદ તરફ નજર કરી મદદની ગાહ જોવા લાગ્યા, પરતુ અલાહાબાદથી કોઈ આવ્યુ નહિ, એ બિચારા હતાશ થયા છતા વળી આશાતુર હૃદયે એ તરફ જોવા લાગ્યા. તેઓનો ખોરાક પૂરો થઇ રહેવા આવ્યો હતો દેશી લોકોએ તેઓને ખોરાકી પૂરી પાડવાનો પ્રયત્ન કર્યો હતો. પણ બડખોર સિપાહીઓના ઘેરાને લીધે એ પ્રયત્ન સફળ નીવડયો નહોતો એક રોટલી વાળો રોટલીની ટોપલી ભરી અંગ્રેજોના મથક તરફ જતો હતો રસ્તામા સિપાહીઓએ તેને ઓળખી કાઢી કેદ કર્યો હતો જવાહિર નામનો એક આબકારી વિભાગનો અમલદાર છુપી રીતે રોટી, ઇંડાં, દૂધ અને ઘી મોકલતો હતો. ૧૪મી જુને રાત્રે એ દ્રવ્ય લઇ જનારા પદર જણને કેદ કરવામા આવ્યા, તેઓમાની બે તો સ્ત્રીઓ હતી, એ બિચારાઓને તોપોના મોએ બધાઇ મરી જવું પડયું મરી ગયા છતાં તેઓએ જવાહિરનું નામ જાહેર કર્યું નહિ[૧] વિશ્વાસુ દેશી લોકોએ

શેફર્ડ સાહેબ મુક્ત થયા. ૫૬મી પાયદળ પલટણનો ખુદાબક્ષ નામનો જમાદાર અંગ્રેજોના પક્ષમા હતો, તે પણ કેદમા હતો. હેવલોકના આગમનથી તેને પણ મુક્તિ મળી ખુદાબક્ષને છેવટે બ્રિટિશ સરકારે ઇનામથી નવાજ્યો હતો

૧. Trevilyon Cawnpur, P. 173.

આ પ્રમાણે પારકાને માટે આત્મત્યાગ કર્યો હતો દેશી લોકોએ આવે વખતે પોતાના જીવનની માયા તજી યુરોપિઅનોનો પક્ષ તજ્યો નહોતો, દિવાલબંદ મથકમાં તેઓમાંના અકેકેની જીવન લીલા પૂરી થઇ હતી એક વેળા તોપના એકજ ગોળાથી ત્રણ દેશી સિપાહીઓ માર્યા ગયા હતા. એક વિશ્વાસુ નોકર પોતાના માલીકને માટે ખાવાનું લઈ ઘર બહાર આવ્યો એકાએક તે ગોળીના મારાથી મરણ પામ્યો.[૧] એક આયા બાળકને ખોળામાં લઇ બેઠી હતી, એકાએક ગોળીએ આવી તેના બંને પગ ભાગી નાખ્યા. આવા સમયમાં પણ એ વિશ્વાસુ નોકરોએ પોતાના માલીકનું પડખું તજ્યું નહોતું ઘેરાએલા લોકોને દેશી લોકોના પ્રબળ પ્રયત્ન છતાં ખોરાક ન મળ્યો એટલે તેઓની દુર્દશાનો પાર રહ્યો નહિ એ વખતે તેઓમાં એટલી બધી હાડમારી ફેલાઇ હતી કે કોઇપણ જાનવર નજરે પડતા જ તે દ્વારા જઠરને શાંત પાડવાની પ્રવૃત્તિ શરૂ થઈ એક વખતે કોઇ રખડતું કુતરૂં આવી ચડયું તરત જ યુરોપિઅનોએ તેનો વધ કરી તેના માંસની કઢી બનાવી ખાધી. આ અપૂર્વ કઢી તેમને બહુજ સ્વાદીષ્ટ લાગી, એક વખતે ઘોડેસ્વાર સેનાનો એક ઘરડો ઘોડો ભોજનમાં કામ આવ્યો એક વખતે એક સાંઢ ફુંફાડા મારતો મારતો તે સ્થળે આવી પહોંચ્યો તેઓએ દારૂણ ક્ષુધાથી અકળાઇ એ પવિત્ર ગણાતા સાંઢને પણ મારી નાખ્યો. તેઓ એ સાંઢના શબને દિવાલની અંદર લાવવા મથવા લાગ્યા આઠ દસ જણા દોરી લઇ દિવાલ બહાર આવ્યા, પગ ને શીંગડાં દોરી વડે બાંધવામાં આવ્યો સાંઢ ઘસડાવા લાગ્યો. યુરોપિઅનોમાંના કેટલાક સિપાહીઓની ગોળીથી ઘવાયા છતાં આવું

૧ Thomson Story of Cawnpur, P. III.

સુંદર ખાદ્ય તેઓએ મહામહેનતે દિવાલમા આપ્યુ. આ રીતે ઘેરાએલા લોકો જે કંઇ વસ્તુ મળે તે ઉદરમા નાખવા લાગ્યા. છેવટે આવા પશુ પણ તેમનાથી બચ્યા નહિ. તેઓને મળતા ખોરાકનુ પ્રમાણ જુન માસના છેલ્લા આઠવાડિઆમા અરધુ થઇ ગયુ.[૧] ખોરાકના અભાવ કરતા પાણીનો અભાવ તેઓને બહુ પીડવા લાગ્યો. એ મથકમા ફક્ત એકજ કુવો હતો કુવામા ૬૦-૭૦ ફૂટ ઉંડુ પાણી હતું. આ કુવો પણ બંડખોર સિપાહીઓએ કાઢમા લીધો હતો ગોળીઓના વરસાદથી કુવાની દિવાલ તૂટી ગઇ હતી. જેઓ પાણી ભરવા જતા તેઓ પર ગોળીઓનો કાતિલ મારો ચાલતો તેથી ભિસ્તીઓ એક પછી એક મરણ શરણ થવા લાગ્યા. ગ્રીષ્મ ઋતુના ભયાનક તાપમા પાણીની અડચણ અસહ્ય થઇ પડી, સશક્ત આદમીઓ તો આ દુઃખ મુગા મુગા વેઠી શકતા પણ સ્ત્રીઓ, છોકરા અને ઘાયલોને પાણી વગર ચાલતું નહિ તેઓના હૃદયવિદારક કોલાહલથી આખુ મથક ગાજી રહેતું ઘણા લોકો અસહ્ય વેદનાને લીધે ગાંડા બની ગયા હતા. એક સ્ત્રી ભૂખ તથા તરસથી હેરાન હેરાન થઇ ગઇ તે પોતાના બે બાળકોને બે બાજુએ તેડી જે સ્થળે સતત ગોળીબાર થયા કરતો હતો ત્યા જઇ ઉભી એ બિચારી અસહ્ય વેદનામાથી છુટવા માટે બાળકો સાથે આત્મવિસર્જન કરવા ઇચ્છતી હતી, પણ એક સૈનિકે એ અભાગણીને આપઘાત કરવા દીધો નહિ. એ બિચારીને તીવ્ર યાતનારૂપી અગ્નિમા

---

૧. જ્યારે આત્મસમર્પણની વાતચીત થતી હતી ત્યારે દરરોજ અરધો ખોરાક લેતા છતા ખોરાકનો જથો ચાર દિવસથી વધારે ચાલે તેમ નહોતું Story of Cawnpur P. 134

શેકાઇ જીવન ત્યાગવા માટે ત્યાંથી ખસેડી મૂકવામા આવી[૧] રાત્રે પણ કુવામાથી પાણી ખેંચી કાઢવા જેટલી સગવડ મળતી નહોતી પાણી કાઢ નો શબ્દ થતા જ સિપાહીઓ ગોળીઓનો વરસાદ વરસાવી મૂકતા આ રીતે બધા ભિસ્તીઓ મરાયા બાદ જોન મેકફિલપ નામના સિવિલ અમલદારે પાણી ભરવાની જગાની જવાબદારી સ્વીકારી. પણ એક અઠવાડિઆમા એ બિચારો ગોળીમારનો ભોગ થઇ પડયો તેણે અત્યારે દુર્લભ ગણાતુ પાણી એક સ્ત્રીને આણી આપવાનું વચન આપ્યુ હતું, એ વચન પાળવા માટે મરતી વખતે પણ તેનું દુર્લક્ષ નહોતું. તે મગ્ન સ્વરે એ તૃષાતુર સ્ત્રીને બચાવવા માટે આ દુર્લભ પાણી આપવાનુ જણાવી મરણ પામ્યો હતો. આ પ્રમાણે ખોરાક અને પાણી વગર ઘેરાએલા માણસોની જીવનશક્તિ દહાડે દહાડે ઘટવા લાગી બાળકો સુકા મુખને ભીનુ કરવા ખાતર પાણીની ભીની પખાલો, ભીના તાપડા અને ચામડા સૂચવા લાગ્યા. પાણીનો એક છાંટો પ્રાપ્ત કરવા માટે તેઓએ આ ચીજોને પણ છોડી નહિ. યુરો-પિઅનો આવી શોચનીય દશા જોઇ બહુ નિરાશ થઈ ગયા. ભૂખ, તરસ, અનિદ્રા અને શત્રુઓના ગોળીબારથી તેઓ ગભરાતા નહોતા, પણ પોતાની પ્રિયતમા પત્ની અને પ્રાણાધિક પુત્રપુત્રીઓની દુર્દશા જોઇ તેઓની ગભરામણનો પાર રહેતો નહિ પોતાના જામા અને મોજાં ઘાયલોના ઘા પર પાટા બાધવા માટે આપ્યા હોવાથી સ્ત્રીઓનો પોશાક સદા મેલો રહેતો હતો ખોરાક અને પાણી વિના બધા સુકલકડી બની ગયા હતા તેઓનુ સૌંદર્ય, માધુર્ય કોણુ જાણે કયા ચાલ્યુ ગયુ હતું. શત્રુઓના જાણવામા જ્યારે આ વાત આવી ત્યારે

૧. Martin Indian Empire Vol, II. P 257

તેઓ અધિક ઉત્સાહમા આવ્યા તેઓ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે તકની ગહ જોઇ બેઠા.

આ પ્રમાણે ત્રણ અઠવાડિયા વીત્યા. એ ત્રણ અઠવાડિયા દરમ્યાન યુરોપિઅનોએ ૨૫૦ સાથીઓને પેલા નિર્જળ કુવામાં દફનાવ્યા[૧]. અપાર યત્રણા ભોગવ્યા છના એ દરમ્યાન મદદ આવી પહોચી નહિ. આ તરફથી તેઓની સંખ્યા દિવસો દિવસ ઓછી થવા લાગી, તોપો નકામી બની જવા લાગી. દારૂગોળો પૂરો થવા આવ્યો ખાદ્યસામગ્રીનુ તો પૂછવુ જ શુ ? ભૂખમરાને લીધે બચાવ કરવાનું તદ્દન આશક્ય બની ગયું. સ્ત્રીઓ, છોકરા અને ઘાયલોને સાથે લઇ શત્રુઓનો વ્યૂહ ભેદી નાસી છૂટવા જેવી સ્થિતિ નહોતી. આથી તેઓ બધી રીતે હતાશ બની ગયા. જ્યારે તેઓ પોતાની દુર્દશાથી શેકાતા હતા ત્યારે એકાએક એક ખ્રિસ્તી સ્ત્રી પેલી દિવાલ પાસે આવવા લાગી એક યુરોપિઅન સંત્રીએ તેને જાસુસ ધારી મારવા માટે બંદુક ઉપાડી તરતજ કપ્તાન ટોમ્સને તે સત્રીને તેમ કરતો અટકાવ્યો. પેલી સ્ત્રી નાના સાહેબનો એક પત્ર લઇ તેઓની સમક્ષ આવી

---

૧ સિપાહીઓના કેટલા માણસો મરણ પામ્યા હતા તે સૂક્ષ્મ-રૂપે નક્કી થઇ શકયુ નથી. કપ્તાન ટોમ્સને લખ્યુ છે કે જ્યારે હું ગગા નદીના ઘાટ પર ગયો ત્યારે એક સિપાહીને આ બાબત પૂછી જોયુ હતું. એ સિપાહી અગાઉ મારી ટુકડીમા હતો. કપ્તાનના પ્રશ્નના જવાબમા એક સિપાહીએ કહ્યું હતું કે અમારા ૮૦૦ થી ૧૦૦૦ માણસ માર્યા ગયા છે Thomson Story of Cawnpur, P. 104.

પહોચી[1]. પત્રમા આ પ્રમાણે લખ્યુ હતું કે "મહારાણી વિકટોરીઆની પ્રજા સમીપ લખવાનું કે લોર્ડ ડેલ્હાઉઝીના કાર્ય સાથે જેનો જરા પણ સબંધ નથી તથા જેઓ હથિયારો છોડવા ખુશી છે તેઓને બીન અડચણે અલાહાબાદ જવા દેવામા આવશે" પત્ર આજિમઉલ્લાના હાથનો લખેલો હતો. તેમા કોઇની સહી નહોતી. વૃદ્ધ સેનાપતિ આત્મ-સમર્પણ કરવાની વિરૂદ્ધ હતો તેને નાના સાહેબ કે આજિમઉલ્લાના વચનો પર જરાપણ વિશ્વાસ નહોતો માટે તે બૈરા છોકરા સાથે હથિયારો તજી નાનાસાહેબ સમક્ષ હાજર થવાની સલાહ આપી શક્યો નહિ. જુવાનિઆઓ મરતા સુધી જંગ મચાવવાની તરફેણમા હતા સેનાપતિ, કપ્તાન મૂર અને વ્હીટિંગ નામના બે મદદગારો સાથે આ બાબત મસલત કરવા લાગ્યો. તેઓ બનેએ જણાવ્યુ કે જો બૈરા છોકરા અને ઘાયલો ન હોત તો છેવટ સુધી લડાઇ કરવી એજ શ્રેયસ્કર હતું. પરંતુ એ બધા અનાથ જીવોનુ રક્ષણ કરવાનો કશો ઉપાય રહ્યો નથી માટે આત્મસમર્પણ કરવું એજ વધારે સારૂ છે. આ પરથી નાનાસાહેબના નામથી આજિમઉલ્લાએ જે પત્ર લખ્યો હતો તે પત્રનો અસ્વીકાર થયો નહિ. પેલી સ્ત્રીએ નાનાસાહેબ પાસે જઇ જાહેર કર્યું કે સેનાપતિ વ્હીલર અને તેના અમલદારો આ બાબત

---

૧ કોઇ કોઇ ઇતિહાસકારોએ આ સ્ત્રીને ગ્રીનવે નામના કાનપુરના એક ધનવાન સાહેબની પત્ની તરીકે ઓળખાવી છે. કોઇએ તેને ઘડીઆળવાળા જેકોબી સાહેબની સ્ત્રી તરીકે ઓળખાવી છે. તેઓ બંને નાનાસાહેબના હાથમા બંદી હતા મિસિસ જેકોબી પાલખી પર બેસી અંગ્રેજોના મથક પર આવી હતી. Trevelyan, Cawnpur P. 217.

મસલત કરી જવાબ આપશે. આ પરથી સિપાહીઓએ લડવાનુ મોકુફ રાખ્યુ બીજે દિવસે (૨૬ મી) સવારમા આજિમઉલ્લા અને નાનાસાહેબના ઘોડેસ્વાર સૈન્યનો અધ્યક્ષ જ્વાલાપ્રસાદ યુરોપિઅનોની દિવાલ તરફ ગયા. કમાન મૂર, વ્હીટિંગ, અને ટપાલનો અમલદાર રોડે સાહેબ એ બનેની સાથે વાતચીત કરવા બહાર આવ્યા બને પક્ષની સંમતિથી એવુ નક્કી થયું કે અગ્રેજોએ પોતાનુ મથક, તોપો અને પૈસો ટકો છોડી દેવા. તેઓમાનો દરેક સૈનિક પોતાની બદુક અસ્ત્ર અને સાઠ સાઠ વખત ગોળીબહાર કરી શકે તેટલો દારૂગોળો તથા ટોટા લઇ જઇ શકશે. નાનાસાહેબ તેમને બીન અડચણે નદી કિનારા સુધી લઇ જશે, ઘાટ પર તેઓને માટે હોડીઓ તૈયાર રહેશે અને જોઇતો લોટ પૂરો પાડવામા આવશે આ વખત આજિમઉલ્લા અને જ્વાલાપ્રસાદના સાથીઓમાના કોઇ કોઈ બોલી ઉઠયા કે અમે 'બકરા ને ઘેટાં પણ આપીશુ' આ બધા ઠરાવો કાગળમા લખી સોપવામા આવ્યા આજિમઉલ્લા એ કાગળ નાનાસાહેબ પાસે લઇ ગયો. સાજરે એક સ્વારે આવી જણાવ્યુ કે "મહારાજ નાનાસાહેબે બધી શરતો કબુલ રાખી છે, તેમના હુકમથી આજ રાત્રેજ તમારે બધાએ આ સ્થાન છોડવુ પડશે."

વૃદ્ધ સેનાપતિએ વાંધો ઉઠાવ્યો. તેજ રાત્રે મુસાફરી કરવાનુ કામ અશક્ય જણાવી તેને સંધિપત્ર પાછુ મોકલી દીધુ અને કહ્યું કે અમે કાલ સવાર સિવાય અહીંથી રવાના થઈ શકીએ તેમ નથી સ્વાર ચાલ્યો ગયો. થોડી વાર પછી તેણે આવી જણાવ્યું કે "અગ્રેજોની વર્તમાન સ્થિતિ મહારાજ ધોન્ડુપત નાનાસાહેબથી અજાણી નથી. જો મહારાજ પાછા ગોળા ફેકવાનો હુકમ

ફરશે તો તમે બધા માર્યા જશો." પરંતુ અંગ્રેજો આ ધમકીથી ડર્યા નહિ તેમણે દઢતાપૂર્વક કહેવરાવ્યુ કે, "અમે મરણ પામીશુ તો પણ આ સ્થાન આજની રાતે તજવાના નથી" ઘોડેસ્વાર ચાલ્યો ગયો. તે પાછો થોડી વાર પછી આવ્યો તેણે જણાવ્યું કે "નાનાસાહેબે તમારી માગણી સ્વીકારી છે આવતી કાલે સવારમા અલ્લાહાબાદ તરફ રવાના થવા તૈયાર થઇ રહેવુ જોઇએ" સામા પક્ષની છાવણીમાથી ત્રણ જણા જામીન તરીકે અગ્રેજો પાસે આવી ગ્યા તેઓમાનો એક જ્વાલાપ્રસાદ પોતે હતો. તે મોઢેથી સેનાપતિ આગળ ખૂબ સૌજન્ય પ્રદર્શિત કરવા લાગ્યો આખી જિંદગી સિપાહીઓમા ગાળ્યા છતા સેનાપતિને છેવટે પોતાના તાબાના સિપાહીઓને હાથે આટલુ ખમવુ પડ્યુ તે માટે તે બહુ જ દિલગીરી દર્શાવવા લાગ્યો સૂર્ય અસ્ત પામવાની તૈયારીમા હતો તે વખતે અગ્રેજોએ પોતાની તોપો શત્રુઓને સોપી દીધી બંડખોરોના કેટલાક જોલદાર સૈનિકોએ આખી રાત એ તોપો પર પહેરો ભર્યો હોડીઓ તૈયાર છે કે નહિ જે જાણવા માટે અગ્રેજો તરફના ત્રણ સૈનિકો હાથી પર ચઢી ગગાના ઘાટ પર આવ્યા. કેટલાક સ્વારો તેમને ઘાટ પર લઇ ગયા. તેઓ ત્યા ગયા એટલે જણાયુ કે લગભગ ૪૦ હોડીઓ તૈયાર રાખવામા આવી છે કોઇ કોઇ હોડી પર છાપરૂં તૈયાર થઇ ગયુ છે બાકીની પર છાપરૂ તૈયાર કરવાની તૈયારી ચાલી રહી છે. ખોરાક એકઠો કરવાની તૈયારી પણ તડામાર ચાલી રહી છે. આ બધું જોઇ એ સૈનિકોને જરા પણ સંદેહ પેદા થયો નહિ.[૧] સાથે આવતા

૧ તેઓ જ્યારે ઘાટ પર આવ્યા ત્યારે તેઓના દેશી નોકરોએ ખૂબ આદરમાન આપ્યું. ૫૬ મી પાયદળ પલ્ટણના અધિનાયક કર્નલ

ઘોડેસ્વારોએ તેઓને કંઇ ઇજા કરી નહિ. તેઓ અક્ષત શરીરે પાછા પોતાના મુકામ પર આવ્યા ટૉડ નામનો એક અંગ્રેજ નાનાસાહેબને અંગ્રેજી શિખવતો હતો. તે સંધિપત્ર લઇ નાનાસાહેબની સહી લેવા સેબેદા કોઠીમા ગયો, નાનાએ પોતાના ગુરૂને બહુ માન આપ્યુ. તેણે સહી કરી એ સધિપત્ર પોતાના ગુરૂના હાથમા મૂક્યુ ટોડસાહેબ તેના સત્કારથી સતુષ્ટ થઈ પાછો પોતાના મુકામ પર આવ્યો.

૨૭ મી જુને મળસ્કામા અંગ્રેજો અલાહાબાદ જવાની તૈયારી કરવા લાગ્યા. મુક્ત થવાના આનદમા તેઓ પોતપોતાની ચીજો સંભારવા લાગ્યા. કોઇ મૂલ્યવાન અલંકારોની પેટી ગુપ્ત સ્થળમાથી બહાર કાઢવા લાગ્યા, કોઇ શાતિદાયક ધર્મપુસ્તક સંભાળપૂર્વક સાથે લેવા લાગ્યા, કોઇ પોતાની પ્રિયસહચરી બંદુક લઇ બહાર આવવા

વિલિયમ્સનો નોકર કેટલીક દ્રાક્ષ લઇ તેઓની આગળ આવ્યો અને બહુજ આગ્રહપૂર્વક પોતાના માલીકના કુશળ સમાચાર પૂછવા લાગ્યો એ સાહેબ મરણ પામ્યા હતા પણ તેની સ્ત્રી જીવતી હતી. ૨૭ ની જુને યુરોપિઅનો અલાહાબાદ જવા માટે ઘાટ પર આવ્યા ત્યારે આ નોકરે પોતાના માલીકની સ્ત્રીને મળવા જવા દેવા માટે ૫૬ મી પલ્ટણના હવાલદાર આનદદીનને વિનતિ કરી હતી. આનંદદીન બંડખોર બન્યો હતો, માટે તેણે તે નોકરને કહ્યું કે "હવે હું આ મો મારી માલીકની પત્નીને શી રીતે બતાવી શકું," એમ કહી તેણે બીજા ચાર સિપાહીઓ સાથે પેલા નોકરને તેના માલીકની પત્ની આગળ મોકલી દીધો. નોકરોએ અનિવાર્ય ઘટનાને વશ થઇ માલીકોનો ત્યાગ કર્યો હતો છતા તેઓ કેટલા વફાદાર હતા તે આ પરથી જણાય છે. **Trevelyan, Cawnpur, P. 237–238.**

લાગ્યા. તેઓના ફિક્કા વદન પર આશાનુ મધુર હાસ્ય તરવરી રહ્યું હતું. તેઓ ધીમે ધીમે પોતાનુ મથક છોડી બહાર આવવા લાગ્યા. તેઓના શરીર ફિક્કા પડી ગયા છે, સ્ત્રીઓનુ સૌંદર્ય ઉડી ગયુ છે, બાળકો હાડપિંજર જેવા બની ગયા છે, મુખમંડલ અંતર્દાહને લીધે સુકાઈ ગયા છે, ચીંથરેહાલ પોશાક તેઓની શોચનીય દશાનો પૂરે-પૂરો ખ્યાલ આપી રહ્યો છે તેઓને ઘાટ પર લઇ જવાને હાથી, ગાડી તથા પાલખીઓ તૈયાર રાખવામા આવી હતી. સ્ત્રીઓ તથા બાળકોમાના ઘણાખરા બળદગાડી અથવા હાથી પર બેઠા. રોગી માણસોને પાલખી પર ચઢાવવામા આવ્યા. સશક્ત યુરોપિયનો કેડે પિસ્તોલ અને ખભે બંદુક લઇ ધીરે ધીરે આગળ વધવા લાગ્યા. આ પ્રમાણે લગભગ ૪૫૦ યુરોપિયનો ગંગાના કિનારા તરફ જવા લાગ્યા.[૧] શહેરના માણસોના ટોળેટોળા તેઓને જોવા માટે આવવા લાગ્યા. અંગ્રેજોના ફિક્કા શરીર, મેલો પોશાક અને દિલગીર ચહેરા જોઇ લોકોને બહુ દુઃખ થયુ ઘણા લોકો નવાઇ દર્શાવવા લાગ્યા તો કોઇ અગાઉ કરતા પણ અધિક ભયંકર બદલો લેવાની તક ખોળવા લાગ્યા. વૃદ્ધ સેનાપતિ સ્ત્રી અને કન્યાઓ સાથે પગે હીંડતો ગંગા કિનારે આવી પહોચ્યો.[૨]

---

૧ Trotter, British Empire in India, Vol. II. P. 145

૨ કપ્તાન ટોમ્સને લખ્યું છે કે સેનાપતિ પોતાના કુટુંબ સાથે પગપાળો ગયો હતો. (Thomson, Story of Cawpur, P. 104.) કેટલાક ઇતિહાસકારોના મત મુજબ સેનાપતિની સ્ત્રી તથા દીકરી નાનાસાહેબના હાથી પર (નાનાએ સેનાપતિ માટે આ હાથી

ગંગાના સતીચોર ઘાટપર હોડીઓ તૈયાર હતી. આ ઘાટ અંગ્રેજોના મુકામથી એક માઇલ દૂર વાયવ્યમા આવેલો હતો. ઘાટ પાસે હરદેવનું મંદિર હતું. પાસેના સતીચોર ગામના નામ પરથી આ ઘાટ પણ તેજ નામથી ઓળખાતો હતો. ઘાટ પર જવાના રસ્તાપર લાકડાનો બનાવેલો સફેદ પુલ આવતો હતો. અંગ્રેજો એ પુલ પર થઇને ઘાટ તરફ જવા લાગ્યા સિપાહીઓ પાસે આવી તેઓને ઘણા પ્રશ્નો પૂછવા લાગ્યા. તેઓ પોતપોતાના ઓફિસરોના મરણ સમાચાર સાભળી બહુજ દુઃખ દર્શાવવા લાગ્યા. એવુ કહેવાય છે કે એક નાયબ ઓફિસર સૌની પાછળ પાલખી પર બેસી જતો હતો. તેની સ્ત્રી એ પાલખીની બાજુએ ચાલતી હતી. કેટલાક બંડખોર સિપાહીઓએ તેઓને આ રીતે અસહાય અવસ્થામા જતા જોઇ અટકાવ્યા. પાલખી ઉપાડનારાઓએ સિપાહીઓના હુકમથી પાલખી નીચી મૂકી. તરત જ પેલા સિપાહીઓએ પોતાના ઓફિસરને મારી નાખ્યો. તેની પત્ની પણ સિપાહીઓના હથિયારથી પેલા ઓફિસર પાસે મૃત્યુવશ થઇ પડી

મોકલ્યો હતો.) ગઇ હતી સેનાપતિ પોતે પાલખી પર બેસી નદીતટ પર આવી પહોચ્યો હતો. પ્રવાહ પાસે આવતા સેનાપતિએ પાલખી ઉપાડનારાને કહ્યું કે "મને નૌકા પાસે લઇ જાઓ." એક સ્વારે તેને કહ્યુ કે "ના, અહીંજ પાલખી પરથી ઉતરો" સેનાપતિ પાલખી-માથી બહાર નીકળવા જતો હતો તેવામા પેલા સ્વારે તેના ગળાપર તરવારનો ઘા કર્યો. સેનાપતિ પાણીમા પડ્યો. (Trevelyan, Cawnpur, P. 245) આવી પરસ્પર વિરુદ્ધ વાતો પરથી સત્ય ખોળી કાઢવાનું કામ બહુ કઠણ છે.-Kaye, Sepoy War. Vol. II. 337. Note.

આ વખતે ભાગીરથનો પ્રવાહ બહુ સાંકડો બની ગયો હતો પાણીનુ પૂર આવેલુ નહોતું તેથી ઠેક ઠેકાણે રેતીના ટેકરા બહાર દેખાતા હતા. નૌકા પર જવા માટે સીડી નહોતી. રેતીના ટેકાને લીધે નૌકા કિનારે પણ આવી શકે તેમ નહોતું. પાણી ઉંડુ ઉતરી ગયુ હોવાથી કિનારા બહુ ઉંચા થઇ ગયા હતા. યુરોપિઅનો ઘુંટણ ભર પાણીમા ઉભા ઉભા સ્ત્રીઓ, બાળકો અને રોગીઓને નૌકા પર ચઢાવવા લાગ્યા લગભગ નવેક વાગતાને સુમારે બધા નૌકાઓપર ગોઠવાઇ ગયા. નદીના ભાઠામા ભારે ઠઠ જામી હતી. તાતિયા તોપી કિનારા પર આવેલા દેવમંદિર પાસે ઉભો હતો. આજિમઉલ્લા, ટીકાસિંહ વગેરે પણ એજ સ્થળે હતા ઘોડેસ્વાર સૈનિકો ઘોડેસ્વાર થઇ ઉભા હતા. પાયદળ અને ગોલંદાજ સૈનિકો પણ ત્યાજ એકત્ર થયા હતા તેઓને બહુ વાર સુધી નિશ્ચેષ્ટ રહેવુ પડયુ નહિ. બ્યુગલ ફુંકાયુ, પવિત્ર ગંગા નદી પર ભયંકર કતલ ચાલી રહી.

નૌકારૂઢ યુરોપિઅનો બ્યુગલના અવાજથી ચમકી ઉઠયા. જોત જોતામા તેઓનાપર ગોળીઓનો વરસાદ વરસવા લાગ્યો બ્યુગલનો અવાજ સાભળતા જ નૌકા ચલાવનારા ખલાસીઓ તો પાણીમા કુદી પડી નાસી ગયા કોઇ કોઇ ખલાસીઓએ નાસતી વેળા અગાઉ કરી રાખેલા સંકેત મુજબ નૌકાના ઘાસથી બાધેલા આચ્છાદનમા સળગતા અંગારા ભરી મુકયા હતા તેથી નૌકાઓના આચ્છાદન સળગવા લાગ્યા. એમ કહેવાય છે કે તાતિયા તોપીના હુકમથી બે તોપો કિનારાપર ગોઠવવામા આવી હતી. હવે એ તોપોમાથી પણ ગોળા વરસવા લાગ્યા. રોગી અને ઘાયલો તથા બૈરા છોકરામાના ઘણાખરા તો સળગતી આગમા જ નાશ પામ્યા. કેટલીક સ્ત્રીઓ પોતાના પ્રાણાધિક

સંતાનોને છાતી સાથે વળગાડી નદીના પાણીમા કુદી પડી. પણ એ બિચારીઓ બચી નહિ. ઘોડેસ્વારોએ પોતાના ઘોડા નદીના પાણીમા ચલાવ્યા. તેઓએ એ બિચારાઓને તરવારના મારથી કાપી નાખી. ગંગાનુ પવિત્ર પાણી નિર્દોષોની કતલથી લાલ થઇ ગયુ. જેઓ દોડતા દોડતા કિનારે આવ્યા તેટલા પાયદળ સૈનિકોની સંગીનોના ભોગ થઈ પડયા કોઇ કોઇ કેદ પકડાયા. આવા શોચનીય હત્યાકાંડે સિપાહીઓના દિલમા દયા ઉપજાવી નહિ એ શી વર્ષના સેનાપતિને જોઇ તેઓને કમકમાટી છૂટી નહિ, અસહાય બૈરા છોકરા પર ગોળી ચલાવતા તેમના હાથ ધ્રૂજ્યા નહિ. ભયંકર વિશ્વાઘાતથી પવિત્ર જાહ્નવીના પવિત્ર સલિલમા કોમલાંગી કામિની અને કોમળ શિશુઓનું લોહી રેડાયુ. આ વખતે એક નીચજાતિની દરિદ્ર હિંદુ સ્ત્રી પર બે વર્ષના એક ફિરંગી સંતાનને જાળવવાની ફરજ નખાએલી હતી. એ બાળકના માબાપ ઘેરા વખતે મરણ પામ્યા હતા, કેવળ આ સ્ત્રી તે બાળકની રક્ષક હતી, એ બાઇ પેલા બાળકને જન્મથી પાળતી આવી હતી, માટે તે તેને જીવથી પણ અધિક માની જાળવતી.

આ બાઇ પોતાના પંદર વર્ષના પુત્ર સાથે નૌકાપર ચઢી હતી. તે ગોળીબારમાથી બચવા માટે ફિરંગીના બાળકને છાતી સાથે રાખી પોતાના પુત્ર સાથે નૌકા પરથી ઉતરી પડી ને દોડતી કિનારા તરફ આવવા લાગી. ભયંકર ગોળીબાર વચ્ચે તેણે પોતાનું કાર્ય ચાલુ રાખ્યું. તે કિનારે આવી પહોચી. જેવી તે આગળ દોડવા જાય છે તેવી એક સિપાહીની નજર તેના પર પડી. પેલા સિપાહીએ પોતાના જમણા હાથમાથી તરવાર ઉચી કરી ડાબે હાથે પેલું બચ્ચુ ખુંચી લેવાનો પ્રયત્ન કર્યો. પણ પેલી બાઇએ બચ્ચુ ન આપ્યું. પોતાનું

શરીર એ બચ્ચાની આજુબાજુ એવી રીતે વીંટાળી દીધુ કે પોતાના મરણ પહેલા એ નિર્દોષ બાળકને કઈ ઇજા થઇ શકે નહિ.

પેલા સિપાહીએ તરવાર ખડખડાવી ગુસ્સાપૂર્વક કહ્યુ, "એ બાળક મને સોપી દે તારૂ શરીર અક્ષત રહેશે."

તેજસ્વિની ધાત્રીએ ગભીર અવાજે કહ્યુ, "હુ કદી પણ માગ સતાનને તમારા હાથમા નહિ સોપુ, ઇશ્વરને ખાતર અમારા પર દયા કરો."

"બાળકને સોપ્યા સિવાય દયા થઇ શકે તેમ નથી" સિપાહીએ રોષપૂર્વક ગર્જના કરી, ફરી હાથ લબાવ્યો પણ પેલી બાઇએ બચ્ચુ ન છોડયુ

પેલી બાઇનો પદર વર્ષનો પુત્ર પાસે ઉભો હતો. તેણે ધ્રુજતા અવાજે કહ્યુ, "મા ! બચ્ચાને આપી દે ને જીવ બચાવ."

પુત્રની ગદ્દગદ્દ પ્રાર્થનાથી પણ એ દયાળુ બાઇની પ્રતિજ્ઞા તૂટી નહિ, તે નિર્ભયતાપૂર્વક બોલી, "ના, તેમ કદી બનવાનુ નથી."

હત્યારાની તરવાર ઉચકાઇ, પેલી બાઇના માથાના બે કકડા થઇ ગયા, તે બેભાન થઇ ઢળી પડી. એ અભાગણીએ અનાથ બાળકને બચાવવા આત્મબલિદાન આપ્યુ.

સિપાહીએ પેલા બચ્ચાને મારી નાખ્યુ માત્ર બાઇના પુત્રને ઇજા કરી નહિ. સિપાહીએ તેને અક્ષત શરીરે જવા દીધો

આ બનાવ બન્યાબાદ ચાર વર્ષ પછી એ બાઇનો પુત્ર અયોધ્યા આવ્યો. જનનીના મરણની વાત નીકળતા તેણે કહ્યુ કે "મારી માએ મારૂ કહ્યુ માન્યુ હોત તો પોતાનો જીવ બચાવી શકત, અને પરજના બચ્ચાને બચાવવા જતા એ બંનેનો નાશ થયો."

અંગ્રેજોએ આશ્રયસ્થાન છોડયા પછી કેટલાક લોકો કંઇ કિંમતી ચીજો મેળવવાની આશાથી એ સ્થળે ગયા હતા. પરંતુ તેઓની આશા સફળ થઈ નહિ. એક ઊંટવાળો સૌ પહેલા ત્યા જઇ પહોચ્યો હતો તેણે ત્રણ પિત્તળની નકામી બની ગએલી તોપો, બે ધીના કુપ્પા અને થોડો મેદાનો લોટ પડી રહેલો જોયો. એ સિવાય અગિઆર માણસો એક ચટાઇ પર સુતેલા જણાયા. તેમાના ઘણાખરાનો શ્વાસ હજુ સુધી મદમંદ વેગે વહેતો હતો. પરંતુ તેમાનો એકેય બચી શકે તેમ ન હોવાથી યુરોપિઅનો તેમાના કોઇને સાથે લઇ ગયા નહોતા.

જ્યારે નદીતટ પર ભયકર કાર્ય શરૂ થયુ ત્યારે નાનાસાહેબ પોતાની છાવણીમાના તંબુમા ઉંચો નીચો થઇ રહ્યો હતો. તે દૂરથી બદુક તથા તોપના અવાજો સાભળી પોતાના સહચરોનું દુષ્કર્મ સમજી ગયો હતો. તેના કપાળ પર કરચલીઓ પડી. તે ચિંતાતુર બની આમ તેમ ડગલા ભરવા લાગ્યો. એ વખતે એક સ્વારે આવી સતી-ચોર ઘાટ પર બનેલા બનાવની હકીકત જણાવી. સ્રીપુરુષોની ભયંકર ખૂનરેજીથી નાનાનું હૃદય ગમગીન બની ગયુ, અસલ મનોઘાતનાનો ભાવ તેના મુખમડલ પર સ્પષ્ટ જણાવા લાગ્યો. તેણે વિચાર્યું કે આ બિચારા જીવતા રહ્યા હોત તો મારા પક્ષને બહુ સગવડ મળત. તેણે તરત જ ખૂનરેજી બંધ કરવાનો હુકમ આપ્યો. તેણે પેલા સ્વાર સાથે જ હુકમ મોકલ્યો કે ખૂનરેજી બંધ કરી બાકી રહેલાને કેદ કરવા આ હુકમ સતીચોરના ઘાટ પર પહોંચતા જ કાતિલ મારો બંધ પડ્યો. લગભગ ૧૨૫ માણસો કેદ થયા. તેઓ જે રસ્તે ઘાટ પર આવ્યા હતા તે જ રસ્તે પાછા ફર્યા. તેઓમાના ઘણાખરા ઘાયલ

થયા હતા. પાણીમા કુદી પડવાથી તેઓના વસ્ત્રો પલળી ગયા હતા. કેટલાકના કપડા નદીના કાદવથી ખરડાયા હતા, તેઓ જ્યારે કાનપુરના કેદખાનામા જતા હતા ત્યારે પોતે શા માટે ન મરણ પામ્યા એવો આક્ષેપ કરી પોતપોતાને ધિક્કારતા હતા

તાતિયા તોપીએ અગ્રેજોના શરણુ થવા વિષે તથા ખૂનરેજી વિષે આ પ્રમાણે જણાવ્યુ છે—" આ પહેલા એક સ્ત્રી નાનાસાહેબની કેદી બની હતી નાનાએ તેની મારફત સેનાપતિ વ્હીલર પર એક પત્ર લખી મોકલ્યો કે 'સિપાહીઓ મારો હુકમ માનતા નથી જો આપની મરજી હોય તો હુ તમારા બધા માણસોને અલાહાબાદ મોકલી આપુ ' સેનાપતિએ આ વાત કબૂલ કરી અને તે જ દિવસે સાજે નાનાસાહેબ પાસે રાખવા માટે એક લાખ રૂપીઆ મોકલી દીધા બીજે દિવસે મે ચાલીશ નૌકા એકઠી કરી અને સાહેબો, મડમો તથા બાળકોને તે પર ચઢાવી અલાહાબાદ તરફ રવાના કર્યા. બરાબર તે જ વખતે બધુ ઘોડેસ્વાર, પાયદળ અને ગોલદાજ સૈન્ય નદીતટ પર આવી પહોચ્યુ. સિપાહીઓ નદીમા કુદી પડયા તેઓએ નિર્દયપણે કતલ ચલાવી. મડમો તથા બાળકોને મારી નાખ્યા, તેઓએ ઓગણચાળીસ નૌકાને સળગાવી મૂકી. ફક્ત એક જ નૌકા એ ખૂનરેજીમાથી બચી કાલોકાકુડ સુધી ગઇ છેવટે એ નૌકાને પણ કાનપુર પાછી ફેરવવામા આવી એ નૌકા પરના બધા માણસોને મારી નાખવામા આવ્યા, ત્યાર બાદ ચાર દિવસ પછી નાનાસાહેબ માતૃશ્રાદ્ધ કરવા માટે બિથુર ગયા." આ બાબતમા સત્ય ખોળી કાઢવા ઘણી સાક્ષી તપાસવામા આવી હતી. એક જણે કહ્યુ હતુ કે 'તાતિયા તોપીએ મારી સમક્ષ બધાને મારી નાખવાનો હુકમ સેનાપતિ ટીકાસિંહને

આપ્યો હતો." એક ત્રીજા માણુસે જણાવ્યુ હતું કે "નાનાસાહેબના હુકમથી તાતિયા તોપીએ આ ખૂનરેજી કરી હતી." આ બધા મતો પરથી સિપાહીઓના બળવાના લેખક કે સાહેબ તાતિયાતોપીને જ દોષિત ઠરાવે છે.[1] તાતિયાતોપી દોષિત હોય કે આજિમઉલ્લા અથવા ટીકાસિંહ દોષિત હોય પણુ એટલી તો સત્ય વાત છે કે આ વખતે બધા હુકમો નાનાસાહેબના નામથી આપવામા આવતા હતા. પછી તે હુકમો નાનાસાહેબની ઇચ્છા મુજબના હો કે ન હો તેની કશી ચિંતા રાખવામા આવતી નહોતી. નાનાસાહેબ સિપાહીઓના તાબામા હતો તે તો તાતિયાતોપીના ઉપલા વચનો પરથી જ સિદ્ધ થાય છે.

દૈવયોગે એક નૌકામા આગ લાગી નહિ. વળી તેમા બહુ ભાર ન હોવાથી રેતીના ટેકરા પર ચઢી ગઇ છતા તેમા બેઠેલા લોકોએ નીચે ઉતરી તેને ઉંડા પાણીમા ધકેલી દીધી. એ નૌકા પર કપ્તાન ટોમ્સન, મૂર, ડિલાફ્રાસી વગેરે વીર પુરૂષો હતા તેઓએ પોતાનું મથક બચાવવા માટે ખૂબ સાહસ દર્શાવ્યુ હતું. હવે તેઓ પોતાની નૌકા બચાવવા માટે પણુ તેવુજ સાહસ તથા પરાક્રમ દર્શાવવા લાગ્યા. સિપાહીઓ કિનારા પરથી ગોળીનો વરસાદ વરસાવવા લાગ્યા. કપ્તાન મૂર અને તેના સોબતીઓમાના કોઈ કોઇ એ ગોળીબારમા મરણુ પામ્યા. ઘણા લોકો ઘવાયા. મરી ગએલાના શબો તથા ઘાયલો નૌકાને તળીએ પડયા રહ્યા. જીવતા રહેલા લોકો શબોને બહાર કાઢવા લાગ્યા નૌકાપર ખોરાકી નહોતી. ગંગાનું પાણી એજ તેમનો ખોરાક બન્યું. આ રીતે આ લોકોએ સૂર્યાસ્ત સુધી ટક્કર ઝીલી. પાછળ

1 Kaye, Sepoy War, Vol II P 340–641, note.

દોડતા સિપાહીઓ થાકી ગયા પણ તેથી આ નૌકા પર બેસનારાંઓનું દુઃખ પૂરૂ થયુ નહિ. નૌકાને ચલાવવા માટે હલેસા નહોતા. ખલાસીઓ નાસી ગયા હતા સુકાની વગરની નૌકા કોઇ વખતે ઝપાટાબંધ દોડવા લાગી તો કોઇ વખતે રેતીના ટેકરા પર લદાઇ જવા લાગી. રેતી પર અટકી જતા નૌકા પર બેઠેલા લોકો નીચે કુદી પડતા અને મહા-મહેનતે નૌકા ઊંડા પાણીમા ધમડી જતા મનુષ્ય હમેશા અવસ્થાનો ગુલામ છે, તે જ્યારે જે અવસ્થામા આવી પડે ત્યારે પોતાના ભલા માટે તે અવસ્થાનુરૂપ ઇચ્છા પ્રગટ કરે છે અંગ્રેજો જ્યારે પોતાના મથક પર હતા ત્યારે વરસાદ ન વરસે તેવી પ્રાર્થના કરતા હતા, કારણ કે વરસાદના પાણીથી તેના મથક આજુબાજુની માટીની દિવાલ ધોવાઈ જાય તેમ હતું. અત્યારે તેઓ વરસાદ આવે એવી પ્રાર્થના કરવા લાગ્યા, કારણ કે રેતીના ઢગ તેમને વારવાર દુખ દેતા હતા વરસાદનુ પાણી આવે તો એ ઢગ પ્રવાહમા ડુબી જાય, પ્રવાહ પ્રબળ થાય અને નૌકા વેગથી અલાહાબાદ તરફ ચાલી જાય પરંતુ એ હતભાગ્ય અંગ્રેજોની ઇચ્છા પહેલે દિવસે તો પૂર્ણ ન થઇ. તેઓને રેતીના ઢગ એક પછી એક મહામુશીબતે પસાર કરવા પડયા નદીની બંને બાજુએ લોકોના ટોળેટોળા તેઓને વધારે મુશ્કેલીમા ફસાવવાની પેરવી કરવા લાગ્યા. બીજે દિવસે અર્થાત ૨૮મી જુનને રોજ કાનપુર પાસે આવેલા નજફગઢ નામના સ્થળ આગળ નૌકા એક ટેકરા પર લાધી ગઇ. ગોળીઓનો વરસાદ વરસવા લાગ્યો. એક તોપ પણ નદી કિનારે ગોઠવાઇ ગઇ. પરંતુ એ વખતે એટલા જોરથી વરસાદ આવ્યો કે બંદુખોરો ગોળીબાર કરી શકયા નહિ સુર્યાસ્ત વખતે કાનપુરથી ૫૦—૬૦ હથિયારબંધ સિપાહીઓ એક નૌકા પર ચઢી અંગ્રેજોની

પાછળ પડયા દૈવયોગે તેઓની નૌકા પણ રેતીના ગઢ પર ચઢી ગઇ. આવી તકનો લાભ લઇ યુરોપિઅનોમાના ૧૮ –૧૯ જણ ઉત્સાહ-વશ થઇ ગોળીબાર કરવા લાગ્યા આથી પેલા સિપાહીઓ હેરાન થઇ ગયા. તેઓમાના બહુ થોડા માણસો નાસી છુટી શક્યા. અંગ્રેજોએ સિપાહીઓની હોડી કબજે કરી તેમા દારૂગોળો, ટોટા વગેરે પુરતા પ્રમાણમા હતું, પરંતુ ખોરાકી બહુ નહોતી. આ રીતે જીત મળી છતા યુરોપિઅનોની ગમગીની દૂર થઇ નહિ. દારૂણ જઠરાનલ તેઓને હરપળે દાહ કરવા લાગ્યો.

રાત પડી અંગ્રેજો ભુખથી લોથ થઇ નિદ્રાવશ થયા. એ વખતે પ્રબળ વાવાઝોડુ થયુ. નૌકા ટેકરા પરથી પાણી ભણી સરકવા લાગી. છેવટે પ્રબળ વેગે તણાવા લાગી, ચોતરફ ઘોર અંધકાર છવાઇ રહ્યા હતો. તેથી નૌકા કઇ દીશામા જાય છે તે તેઓ સમજી શક્યા નહિ. સવાર પડી એટલે તેઓએ જોયુ કે નૌકા પાછી નદી કિનારે અટકી પડી છે ચોતરફ ઉશૃંખલ લોકો ફરી વળ્યા છે. સિપાહીઓની દેખાદેખીથી તેઓ પણ ફિરંગીઓના લોહીના તરસ્યા થઇ રહ્યા છે તેઓને ખાત્રી થઇ હતી કે કંપનીનુ રાજ્ય ગયું છે આથી તેઓ બંડખોરો સાથે ભળી પોતાનું સૌભાગ્ય વધારવાનો પ્રયત્ન કરતા હતા. અંગ્રેજોની નૌકા કિનારે અટકી કે તરત પાછળ ધસતા સિપાહીઓએ આવી હલ્લો શરૂ કર્યો. આવી સ્થિતિમા ટકાવ કરવાનું કામ અશક્ય હતું. છતા વીરત્વથી પ્રેરાઇ અંગ્રેજોએ બંદુકો હાથમા લીધી તેઓના પર બરાબર વીતી હતી. તેઓ ભૂખ્યા ડાંસ બની ગયા હતા. પૂરતી નિદ્રા ન લેવાથી શિથિલ થઇ ગયા હતા, વારંવાર હુમલા થવાથી કાયર થઈ ગયા હતા. છતા તેઓએ બચાવ

કરવાનો નિશ્ચય કર્યો. કપ્તાન ટોમ્સન કેટલાક સૈનિકો સાથે કિનારે ઉતર્યો. તેણે નિરાશાથી ઉન્મત્ત બની હલ્લો કરનારા પર ગોળીઓ ચલાવી. કાંઠાપર સશસ્ત્ર સિપાહીઓ સાથે નિરસ્ત્ર લોકો ઉભા હતા. ચૌદ યુરોપિઅનો આવા ભયકર વખતે બદુક અને સગીન લઇ તેઓની સામા ચાલ્યા. તેઓના ઘાયલ સોબતીઓ નૌકામા રહ્યા

કપ્તાન ટોમ્સન સૈનિકો સાથે સિપાહી સામે લડાઇ કરવા ગયો એટલે તેની નૌકા વળી તરવા લાગી તરતી તરતી નજર બહાર નીકળી ગઇ ' અવિચ્છિન્ન ગોળીઓના વરસાદથી સિપાહીઓ ' પાછા હઠવા લાગ્યા. ટોમ્સને તેઓને નસાઠી મૂકી નદીના પ્રવાહ પાસે આવીને જોયુ તો નૌકા ન મળે. તે પર રહેલા ઘાયલ માણસોની શી દશા થઈ તે તેઓ જાણી શક્યા નહિ તેઓ જે સ્થળે ઉભા હતા તે સ્થળ બાબુરામ બક્ષ નામના જમીનદારના કબજામા હતુ તે બંડખોરોના પક્ષમા હતો તેણે પોતાના માણસોને યુરોપિઅનો પર હુમલો કરવાનો હુકમ આપ્યો યુરોપિઅનો લડાઇ દોડતા દોડતા આશ્રય સ્થાન ખોળવા લાગ્યા બીજો કઇ ઉપાય ન સૂઝતા છેવટે તેઓએ એક મદિરમા આશરો લીધો. એ મદિર નદી કિનારાથી ત્રણ માઇલ દૂર હતું. ત્યા ઠડુ પાણી હતું તે પીવાથી તેઓને જરા શાતિ વળી. જોતજોતામા બડખોરો આવી પહોચ્યા મદિરને ઘેરો ઘાલ્યો ચાર અગ્રેજો બારણા આગળ ઉભા રહી સગીનદ્વારા હુમલો અટકાવવા લાગ્યા એ સિવાય તેમના ગોળીબારથી કેટલાક બડખોરો માર્યા ગયા આ પ્રમાણે જાળિઆ વગરના સાકડા મદિરમા યુરોપિઅનો બચાવ કરવા લાગ્યા. બંડખોર લોકોએ સૂકા લાકડા મંદિરના બારણા આગળ નાખ્યા અને સળગાવ્યા તેઓએ એમ ધાર્યું હતું કે ધુમાડો મદિરમા જવાથી

અગ્રેજોને બહાર નીકળવુ પડશે. પણ દૈવયોગે પવન છૂટયો તેથી ધૂમાડા મદિરમા ન જતા બીજી દિશામા ફેલાઇ જવા લાગ્યો પોતાનો પ્રયત્ન નિષ્ફળ જાણી બડખોરો દારૂના થેલા પેલા હુતાશનને અર્પણ કરવા લાગ્યા. હવે અગ્રેજોથી મદિરમા ટકાયુ નહિ. તેઓ મરણિઆ થઇ બહાર નીકળ્યા, શત્રુનો વ્યૂહ ભેદી નદીના પ્રવાહ ભણી દોડયા. ચોદમાના સાત જીવતા નદી પાસે આવી પહોચ્યા તેઓએ હથિયારો ફેકી નદીના પ્રવાહમા ઝપલાવ્યુ એ સાતમાના ત્રણ સિપાહીઓના ગોળીબારથી માર્યા ગયા તરવામા હોશિયાર હોવાથી બાકીના ચાર જણ જેમ તેમ કરીને બચ્યા. તેઓ તરતા તરતા ગગાના પ્રવાહ સાથે ઘસડાતા જતા હતા એ દરમ્યાન કિનારા પરના કેટલાક માણસોએ ઉચા અવાજે પોકાર કર્યો કે “ઓ સાહેબ! તમે શા માટે તરો છો અમે શત્રુ નથી પણ તમારા મિત્રો છીએ ” તરનારાઓને આ શબ્દો પર વિશ્વાસ ન આવ્યો, પરંતુ જ્યારે કિનારા પરના લોકોએ તેમના કહેવાથી હથિયારો ફેંકી દીધા ત્યારે તેઓ ધીરે ધીરે કિનારે આવવા લાગ્યા. કિનારા પર આવેલા લોકો અયોધ્યાના મોરારમૌ નામના સ્થળના આબરૂદાર જમીનદાર રાજા દિગ્વિજયસિહની રૈયત હતી તેઓએ એ ચારે યુરોપિઅનોને કિનારે આણ્યા. એ ચારમા કપ્તાન ટોમ્સન પણ હતો

રાજા દિગ્વિજયસિહ બ્રિટિશ કંપનિનો વફાદાર મિત્ર હતો તેણે નાસેડુઓને લાવવા માટે હાથી મોકલ્યો હતો યુરોપિઅનો તેની પાસે આવ્યા એટલે તેણે તેમને બહુ આદરમાન આપ્યુ, બધી હકીકત સાભળી તેમના વીરત્વની પ્રશસા કરી. તેના હુકમથી એ લોકો માટે

જુદા મકાન કાઢી આપવામા આવ્યા. દરજીઓને પોશાક તૈયાર કરવાની વરદી આપવામા આવી, અને ઘા પર મલમપટા લગાવવા માટે વૈદ્ય બોલાવવામા આવ્યો કપ્તાન ટોમ્સન વગેરે ચાર જણા ત્રણ અઠવાડિઆ સુધી રાજા દિગ્વિજયસિહના આશરા નીચે રહ્યા. એ દરમ્યાન તેઓને કોઇ પણ જાતની અગવડ વેઠવી પડી નહિ તેઓને દરરોજ ત્રણ ટક જમવાનુ મળતુ ગજારાણી અને દરરોજ તેઓની કુશળતાના સમાચાર પુછાવતા દિગ્વિજયસિહ હિદુ હતો સ્વધર્મ પર તેને બહુ આસ્થા હતી દરેક જાતિની ઉપાસના પદ્ધતિ જુદી જુદી હોય છે પરતુ કોઇ પણ જાતિની ઉપસના પદ્ધતિ જો શ્રદ્ધાપૂર્વક કૃતિમા ઉતારવામા આવે તો ઉદાર પ્રકૃતિના પરધર્મીઓના હૃદય પણ ભક્તિથી આર્દ્ર બને છે. રાજા દિગ્વિજયસિહ જ્યારે મદિરમા જઇ ભક્તિથી ગદ્દગદ્દ કઠે પ્રાર્થના કરતો ત્યારે ટોમ્સન વગેરે સાહેબોને કેવળ મજાક થતી.[1] તેઓના હૃદય એટલા બધા ઉદાર નહોતા કે તેઓ પરધર્મીની અતઃકરણપૂર્વકની પ્રાર્થનાથી આકર્ષાય તેઓ વીરત્વને લીધે લોકોમા કદાચ પ્રસિદ્ધ થાય પણ ઉદારતા, શિષ્ટતા, ગભીરતા અને જીવનરક્ષક મહાપુરુષ પ્રત્યેની શ્રદ્ધાને અભાવે સહૃદય સમાજમા કદી પ્રતિષ્ઠા મેળવી શકે તેમ નથી

નાસેડુ લોકો જ્યા સુધી રાજાને આશ્રયે રહ્યા ત્યા સુધી કિલ્લા બહાર જઈ શક્યા નહિ. કારણ કે ચોતરફ બંડખોર લોકોના ટોળા ફિરગીઓનુ લોહી પીવા રખડતા હતા. બડખોર સિપાહીઓ પણ આજુબાજુના ગામડામા રહેતા હતા. યુરોપિઅનો કિલ્લાની બહાર

---

૧. Thomson Story of Cawnpur, P. 176 Comp Trevelyan Cawnpur, P. 268

નીકળે તો લોકોના હતાથી ભારે મુસ્કેલીમા આવી પડે તેમ હતું. તેથી તેઓ ચોવીસે કલાક કિલ્લામા જ ગાળતા હતા રાજાના હથિયારબંધ નોકરો તેમનુ રક્ષણ કરતા હતા. કાનપુરના બંડખોરોએ નાસેડુઓને સોપી દેવાનુ કહેણુ રાજાને મોકલ્યુ હતું પણ શરણાગતપાલક વૃદ્ધ રજપુત વીરે આ માગણી ધુતકારી કાઢી હતી તેણે નિડરતાપૂર્વક કહાવી મોકલ્યુ કે મારા ઉપર કાનપુરના સત્તાવાળાનો હુકમ ચાલતો નથી હુ અયોધ્યાનો જમીનદાર છુ માટે નાનાસાહેબ અથવા કાનપુરના કોઈ પણ માણસનો હુકમ પાળવાને બધાએલો નથી. આ રાજાની આવી નિડરતાથી યુરોપિઅનો અહી આનદમા દિવસો ગુજારવા લાગ્યા.

નાસેડુઓ હસ્તગત ન થયા એટલે બંડખોર સિપાહીઓમાના કોઈ કોઈ તેમને મળવા આવવા લાગ્યા એ સિપાહીઓમાના કેટલાક કપ્તાન ટોમ્સનની ટુકડીના હતા તેઓ કપ્તાનને કહેતા કે "કંપનિનુ રાજ્ય નાશ પામ્યુ છે." કપ્તાન કહેતો કે ' એમ કદી બનવાનુ નથી. ૭૦ થી ૮૦ હજારનુ બ્રિટિશ લશ્કર હમણા આવી પહોચશે. તે આગળ તમારૂ તેજ ઝાંખુ પડી જશે." સિપાહીઓ કહેતા કે "ના, ના નાનાસાહેબની મદદમા રશિયાએ સ્વાર મોકલ્યા છે. એ સ્વારો ઉંટ પર બેસી દોડયા આવે છે નાનાસાહેબ તમને બધાને કલકત્તા મોકલી દેશે ત્યાથી તમે સ્વદેશ જઈ શકશો ત્યાર બાદ નાનાસાહેબ આખા હિંદના મહારાજા બની ઇંગ્લાડ જીતવા માટે વહાણમા બેસી તમારા મુલક પર સ્વારી કરશે. કૌતુહલપ્રિય સિપાહીઓ આવી આવી વાતો કરી કપ્તાન ટોમ્સનને આનંદ આપતા હતા. તેઓને ખાત્રી હતી કે રશિયાનો પાદશાહ હિંદના હિંદુમુસલમાનોને અંગ્રેજોના હાથમાથી

રુત્તા કરશે ફિરંગીઓએ બધાને વટલાવવા ખાતર મેદાના લોટમા ગાય અને ડુક્કરના હાડકાનો ભૂકો ભેળવ્યો છે. સિપાહીઓ વારવાર કહેતા કે અયોધ્યા ખાલસા કરવાથી જ કંપનિને આવી વિપત્તિમા ઉતરવુ પડ્યુ છે. ચતુર આજિમઉલ્લાની વાતોથી ભોળા સિપાહીઓ કેટલા બધા ઉશ્કેરાઇ ગયા હતા, ક્રિમિયાની લડાઇ વખતે રશિયાનુ પરાક્રમ જોઇ નાનાસાહેબના આ મુસલમાન પ્રધાને સિપાહીઓને કેટલા બધા રશિયા પર ફિદા ફિદા બનાવી દીધા હતા, અને લૉર્ડ ડેલહાઉઝી જે અયોધ્યા ખાલસા કરી પોતાને વોટર્લુની લડાઇ જીતનાર તરીકે ઓળખાવતો હતો તે કાર્યનુ પરિણામ કેવુ ભયકર આવ્યુ હતુ તે આ બીન અનુભવી સિપાહીઓની વાતો પરથી સાબીત થયુ હતું

બંડખોર સિપાહીઓ કિલ્લામા આવી કપ્તાન ટોમ્સન વગેરેની સાથે હંમેશા વાતચીત કરતા છતા તેઓ તેમને કંઇ ઇજા કરતા નહોતા તેઓ રાજા દિગ્વિજયસિંહ પાસે મજાથી રહેતા હતા. ત્યાર બાદ રાજાએ તેઓને એક બીજા જમીનદાર પાસે મોકલી દીધા એ જમીનદારે પણ તેઓની ખૂબ ખાતર બરદાસ કરી. ત્યાથી તેઓ બીન હરકતે સેનાપતિ હેવલોકના સૈન્યને જઇ મળ્યા. આ પ્રમાણે દેશી લોકોની દયાને લીધે ચાર યુરોપિઅનોના જીવ બચ્યા આ વખતે દેશીઓની દયાથી અનેક યુરોપિઅનોના જીવ બચ્યા હતા. મથુર તેવારી નામના સિપાહીએ ડંકન નામના એક સાહેબને બચાવ્યો હતો. બે માણસોએ પોતાનું જીવન સંકટમા નાખી બે મડમોને બચાવી હતી આવા આવા અનેક દાખલાઓ પરથી સાબીત થાય છે કે દેશી લોકોની મદદ સિવાય અગ્રેજો આ ભયંકર વિપત્તિમાથી બચી શક્યા હોત નહિ.

નોકામાથી કિનારે ઉતરેલા ચાર સાહેમો તો આ રીતે બચ્યા. પણુ નૌકા પર રહેલા લોકોના નસીબમા જીવવાનુ લખ્યુ નહોતુ. તેઓની નૌકા પકડાઇ નૌકામા બધા મળીને ૮૦ જણુા હતા તેઓને બદીવાન બનાવી કિનારે ઉતારવામા આવ્યા તેઓ તેવી સ્થિતિમા કાનપુર તરફ રવાના થયા ૩૦ મી જુને તેઓ કાનપુર પહોચ્યા.[૧] ત્યા તેઓને મડમોથી જુદા પાડવામા આવ્યા પુરુષોને પ્રથમ શિક્ષા કરવાનુ ઠર્યુ પણુ સિપાહીઓમાના દરેક તેઓને મારી નાખવાની આનાકાની કરવા લાગ્યા એવુ કહેવાય છે કે અયોધ્યાના સિપાહીઓ તેમને કેદમા રાખવા માગતા નહોતા[૨] તેઓના હાથ પીઠ પાછળ રખાવી બાધેલા હતા. તેઓને એજ સ્થિતિમા ગોળીઓ વડે વીધી નાખવામા આવ્યા એક પતિપરાયણુ સ્ત્રીએ પોતાના પતિનો સાથ તજવાની ચોકખી ના પાડી. મરણુ વખતે પણુ તે સ્ત્રી પોતાના પ્રાણુાધિક પતિને ભેટી રહી. એ જ સ્થિતિમા તેઓનો જીવ ગયો. બાકી રહેલા બૈરાછોકરાને કેદમા નાખવામા આવ્યા. ગગાના ઘાટ પરની

૧. Kaye, Sepoy War. Vol II P. 348 note.

૨ એવું કહેવાય છે કે સેનાપતિ વ્હીલર તેઓમા હતો પ્રથમ પહેલી પાયદળ પલ્ટણુના સિપાહીઓને ગોળીઓ છોડવાનો હુકમ આપ્યો, પણુ તેઓએ હુકમ ન પાળ્યો. કારણુ કે વૃદ્ધ સેનાપતિએ તેઓની પલ્ટણુની આબરૂ વધારી હતી પછી બીજી કોઈ પલ્ટણુના સિપાહીઓએ તેના પર ગોળીઓ છોડી. Trevelyan, Cawnpur, p. 278, Comp. Martin, Indian Empire, Vol II. p. 262. પરતુ વૃદ્ધ સેનાપતિ તો નદી કિનારે માર્યો ગયો હતો, તે આગાઉ જણુાવ્યુ છે.

ચુનગંજીમા જીવતા રહેલા બૈરાછોકરાને સએદા કોઠીમા કેદ કરવામા આવ્યા હતા આ લોકોને પણ તેજ સ્થળે પૂરવામા આવ્યા

ધોન્ડુપંત નાનાસાહેબે બિઠુર જઇ ૧ લી જુલાઈએ પેશ્વાની પદવી ગ્રહણ કરી. એ વખતે મહા મહોત્સવ થયો. તોપોના અવાજથી ચારે દિશા કંપી રહી નાનાસાહેબે પુરોહિતને હાથે મંત્રો વડે પવિત્ર થએલા પાણી વડે અભિષેકક્રિયા કરાવી લલાટ પર રાજતિલક ધારણ કર્યું રાત્રે કાનપુરમા રોશની કરવામા આવી. ગગનમા આતશબાજી છૂટવા લાગી લોકોમા આનંદ ફેલાઇ રહ્યો પરંતુ આ વિજયોત્સવના વખતમા પણ નવીન પેશ્વાના હૃદયમા શાંતિનો આવિર્ભાવ થયો નહિ જેના નામથી કારભાર ચાલતો હતો એ પેશ્વા બીજાના હાથનુ રમકડુ હતું. આજિમઉલ્લાખા તેને જે રસ્તે દોરતો હતો, તે રસ્તે મહામાનનીય પેશ્વાના પગલા થતા હતા. તેની સત્તા સ્થાપવા માટે જે જે અદ્ભુત ઘટના જણાવવામા આવતી તે દરેક ઘટના પર તે વિશ્વાસ રાખતો તેના નામથી જે કાર્યો કરવામા આવતા તે પર

એવુ કહેવાય છે કે વૃદ્ધ સેનાપતિની નાની દીકરી એક સ્વારના હાથમા આવી હતી. કોઇકોઈએ કહ્યું છે કે એ દીકરીએ પોતાને હાથે પેલા સ્વાર અને તેના કુટુબના માણસોનો શિરચ્છેદ કરી પોતે કુવામા પડી મરણ પામી હતી. પરંતુ આ બનાવની સાબીતિ મળતી નથી. ટુકામા એટલુ ખરૂ કે સેનાપતિની એક દીકરી સ્વાર સાથે ઘણા દિવસ રહી હતી. છેવટે તેનુ શુ થયુ તે જણાયુ નથી. કોઇ કોઇ ઇતિહાસકારોએ લખ્યુ છે કે નેપાળની સરહદ પર તેનુ મરણ નીપજ્યુ હતું.—Martin, Indian Empire, Vol. II, p. 262–263. Trevelyan Cawnpur, p 254–255.

તેનું પ્રભુત્વ ચાલતુ નહોતુ. દુરાચારી પ્રધાનો તેના નામે બેવડકપણે અત્યાચાર કરી શકતા. એવુ કહેવાય છે કે ૨૮ મી જુને નાનાસાહેબ કાનપુરના કવાયતના મેદાનમા હાજર થયા. બધા સિપાહીઓ જયનાદ કરતા તેમની સમક્ષ આવી ઉભા તેઓ તેના અને તેના મત્રીઓના માનમા તોપના અવાજો કરવા લાગ્યા. નાનાસાહેબે સિપાહીઓને એક લાખ રૂપીઆનુ ઇનામ આપવાનુ વચન આપ્યુ તેથી તેઓએ જયના ગગનભેદી પોકારો કર્યા પરતુ આ સ્થળે પણ નાનાસાહેબની સ્થિતિ પરવશ જેવી હતી. તેને સિપાહીઓને શાત રાખવા માટે આવી યુક્તિઓ કરવી પડતી હતી સિપાહીઓ તથા સલાહકારો સતુષ્ટ ન થાય તો તેઓ ખુદ નાનાસાહેબની માલમિલ્કત પર હાથ નાખતા અચકાય તેમ નહોતા. તે જ્યારે બિઠુરમા પેશ્વાની પદવી મેળવવામા મસ્ત હતો ત્યારે કાનપુરમા મુસલમાની સત્તા વધવા લાગી નની નવાબે કાનપુરના શાસનકર્ત્તાનુ પદ ધારણ કર્યું હતું. તે સત્તા અને મહત્વમા આજુબાજુના મુસલમાનોમા પ્રસિદ્ધ હતો. મુસલમાનો તેને બહુ માન આપતા. તેના સખ્યાબધ નોકરો તેનો હુકમ પાળવાને સદા તત્પર રહેતા.

આ પ્રમાણે મુસલમાનોની ઇચ્છા પૂર્ણ થઇ. તેઓનો માણસ કાનપુરનો મુખ્ય સત્તાધીશ બન્યો. આ વખતે મુસલમાનોને હતાશ કરવા તે પાલવે તેમ નહોતુ હિંદુમુસલમાનોના વિવાદથી એકતામાં ભગાણ પડે તેમ હતું જો એમ થાત તો અંગ્રેજો જરા પણ મુશ્કેલી વગર કાર્ય સિદ્ધ કરી શકત.

અગાઉ જણાવ્યુ છે તેમ નાનાસાહેબે પેશ્વાપદ ધારણ કર્યું છતા તેની સત્તામા કંઇ વધારો થયા નહિ. અગ્રેજોની સત્તા કાનપુ-

માથી સર્વાંશે વિલુપ્ત થઇ ગઈ હતી. છતા નાનાસાહેબ સ્વતંત્ર રીતે કારભાર ચલાવી શકતો નહિ. આજિમઉલ્લા આગળ તેનું કંઈ ચાલતુ નહિ. તેનો ભાઇ અને બીજા સલાહકારો આગળ તે પોતાનુ ધાર્યુ કરી શકતો નહોતો તે કાનપુરનો સર્વોપરિ સત્તાધીશ તથા પેશ્વા હોવા છતા ટાઢથી કંપતા વૃદ્ધની માફક દરેક કાર્યમા સંકોચ રાખતો અત્યારે પણ તેના નામથી બધા હુકમો છૂટતા હતા આ વખતે અંગ્રેજોનુ લશ્કર આવે છે એવી વાતથી ચોતરફ ભીતિ પ્રસરી રહી હતી શહેરના લોકો ઘરબાર તજી નાસવા લાગ્યા હતા જુન માસમા હિંદુસ્થાની લોકોને શાંત પાડવા માટે દિલ્હીથી મોગલ સમ્રાટના નામે જેવુ જાહેરનામુ પ્રગટ કરવામા આવ્યુ હતુ તેવુ જાહેરનામુ આ વખતે કાનપુરથી પેશ્વા નાનાસાહેબને નામે પ્રગટ કરવામા આવ્યુ. ૧ યોગ્ય બદલો ન આપવાથી સિપાહીઓ ઉદ્ધત બની ગયા હતા તેઓને સંતુષ્ટ કરવા ખાતર પેશ્વા નાનાસાહેબે યોગ્ય ઇનામ આપવાનો બંદોબસ્ત કર્યો હતો.

કાનપુરના એક ધનવાન મુસલમાને બંધાવેલી એક વિશાળ હોટલમા નાનાસાહેબ રહેવા લાગ્યો મકાનના દરવાજા પર બે તોપો ગોઠવવામા આવી હતી અને ત્યા હથિયારબંધ સંત્રીઓ રાતદહાડા પહેરો ભરતા હતા અનિવાર્ય બનાવને લીધે નાનાસાહેબને અંગ્રેજો વિરુદ્ધ બળવો ઉઠાવવો પડ્યો હતો. હવે તે અંગ્રેજોના હુમલાનુ નિવારણુ કરવા માટે તૈયારીઓ કરવા લાગ્યો તેણે જ્યારે આજિમ-ઉલ્લાની સલાહથી અંગ્રેજો સામે જંગ માંડ્યો હતો ત્યારે આત્મ

૧ પરિશિષ્ટમા કેટલાક જાહેરનામાના ભાષાન્તર આપવામા આવ્યા છે.

રક્ષા માટે હલ્લો અટકાવ્યા સિવાય છૂટકો નહોતો. પેશ્વાએ અંગ્રેજોનુ લશ્કર આવે છે એવા સમાચાર સાભળ્યા. તે ટકી રહેવા માટે તૈયારીઓ કરવા લાગ્યો.

નાનાસાહેબ જે સ્થળે રહેતો હતો ત્યાથી થોડે દૂર ગંગાની નહેરની ઉત્તર બાજુએ એક નાનુ મકાન હતુ. એક અગ્રેજ અમલદારે પોતાની રખાત માટે એ ઘર બંધાવ્યું હતું. તેથી તે મકાન બીબીઘરના નામથી ઓળખાતું હતું. થોડા સમય પહેલા એ ઘરમા એક સાધારણ સ્થિતિનો ફિરગી રહેતો હતો. બીબીઘરમા રહેવા માટે ફક્ત ૨૦×૧૦ ફૂટના બે ઓરડાઓ હતા. આગણાની જમીન ૧૫ હાથ લાબી પહોળી હતી. જે યુરોપિઅન બૈરાછોકરાને અબેદા કોઠીમા રાખવામા આવ્યા હતા તે બધાને જુલાઇ માસની શરૂઆતમા આ સ્થળે લાવી રાખવામા આવ્યા. તેઓની સખ્યા બસોથી પણ વધારે હતી. તેઓ આ સાકડી જગામા બહુ દુખી થવા લાગ્યા વળી તેઓની સખ્યામા પણ વધારો થવા લાગ્યો. કાનપુરના યુરોપિઅનોની પેઠે ફતેહગઢના યુરોપિઅનોએ પણ સિપાહીઓ સામે ટક્કર ઝીલી હતી. એ ગામ ફરૂકાબાદ વિભાગમા આવેલુ છે. ફતેહગઢ વિષે આગળ ઉપર કહેવામા આવશે. અહીં કેવળ એટલુજ જણાવવુ યોગ્ય છે કે જુન માસના પહેલા અઠવાડિઆમા ફતેહગઢના યુરોપિઅનો પોતાને ભયમા જોઇ અકળાવા લાગ્યા તેઓ ત્યા વધારે વખત ન ગીતાડતા કાનપુર આવવા માટે જળ વાટે રવાના થયા. આ વખતે કાનપુરની સ્થિતિ વિષે તેઓ કંઇ જાણતા નહોતા. તેઓ બિચારા આશાતુર હૃદયે કાનપુર તરફ આવતા હતા તેવામા નવાબગજ આગળ તેઓની નૌકા અટકાવવામા

આવી તેમને કેદ કરી નાનાસાહેબ પાસે લાવવામા આવ્યા. તેઓની બે આયાઓ પ્રાણની મમતા છોડી આ વખતે તેઓની સાથે રહી એ બિચારા આવ્યા હતા આશાભર્યા પણ અહીં તો તરવારો તેમનુ લોહી ચૂમવા તૈયાર હતી. કેવળ ત્રણ જણા સિવાય બવા પુરુષોને કાપી નાખવામા આવ્યા. બૈરા છોકરાને બીબીઘરમા લઇ ગયા ત્યાના પીડાતુર પ્રાણીઓના દુઃખમા વૃદ્ધિ થઇ.[1]

બિચારા કેદી બીબીઘરમા બહુ પીડાવા લાગ્યા દાળ, ચપાટિ વગેરે ખોરાક અને દૂધ આપવામા આવતું છતા તેમને સતોષ થતો નહિ એક અગ્રેજ સૈનિકની દીકરી એ સ્થળે કેદમા પડી હતી. તે

---

૧. ફતેહગઢથી ૧૯ જણ પુરુષો, ૨૩ બૈરાં અને ૨૬ બાળકો કાનપુર તરફ ગયા હતા. Trevelyan, Cawnpur, p 283 ટ્રાટર સાહેબે લખ્યુ છે કે નૌકામા બધા મળીને ૧૩૦ માણસો હતા —Trotter, British Empire in India, Vol II p 143

આ માણસો નાનાસાહેબ પાસે આવ્યા એટલે તેણે તેઓ પર દયા બતાવવાનો વિચાર કર્યો પણ તેના ભાઇએ બહુ વાધો લીધો નાનાસાહેબ ભાઇના વિરોધને લીધે કઈ કરી શકયો નહિ —Trevelyan, Cawnpur, p. 284.

કે સાહેબે લખ્યું છે કે નાનાસાહેબની નજર આગળ પુરુષોના ખૂન થયા. Kaye, Sepoy War Vol II p 353. પરંતુ એક આયા તે વખતે ત્યા હાજર હતી. તેણે આ બનાવ નજરો-નજર જોયો હતો તેણે જણાવ્યું છે કે નાનો એ વખતે ત્યાં હાજર નહોતો—Trevelyan, Cawnpur, p 285.

સૈનિકનો એક વિશ્વાસુ નોકર એ બાઇને મળવા બીબીઘર પર આવ્યો હતો એ વખતે ખાધસામગ્રી વહેચાતી હતી. એ સામગ્રી સારી ન હોવાથી એ નોકરે પાસે ઉભેલા સિપાહીનો તિરસ્કાર કરી સારો ખોરાક આપવાનુ જણાવ્યુ એ સિપાહી પણ એક વખતે પેલા નોકરના માલીક પાસે રહ્યો હતો. સિપાહીએ પેલા નોકરને મિઠાઇ ખરીદી લાવવા માટે આઠ આના આપ્યા. પેલા નોકરે એ પૈસાની મિઠાઈ લાવી પોતાના માલીકની પુત્રીને આપી, પરંતુ એ વિશ્વાસુ નોકર ત્યા વધારે વખત રહી શક્યો નહિ કારાધ્યક્ષે તેને ત્યાથી કાઢી મૂક્યો[૧] આ બનાવમા પેલા નોકરની વફાદારી સાથે બડખોર સિપાહીઓની દયા પણ જણાઇ આવે છે. કોઇ સજ્જન માણસથી દોરાયા હોત તો આવા સિપાહીઓ કદી પણ અંગ્રેજો પર અત્યાચાર ગુજારી શકત નહિ. કોઈ કોઇ ઇતિહાસકારોએ જણાવ્યુ છે કે હુસેનીખાનુમ નામની એક મુસલમાન દાસી કેદીઓ પર દેખરેખ રાખતી હતી. આ દાસી સર્વત્ર બેગમના નામથી ઓળખાતી હતી. આ દાસી કેદીઓ પર દયા રાખતી નહિ બેગમનો ઝાડુવાળો કેદીઓને ખોરાક આપતો બેગમના હુકમથી મડમો નાનાસાહેબના કુટુંબ માટે જવ દળતી. તેઓને મહેનતાણા તરીકે કોતરા સિવાયના જવનો થોડો ભાગ મળતો આવી શોચનીય સ્થિતિમા આવુ મહેનતનું કામ કરી કરી ગરીબ બિચારી મડમો રીબાવા લાગી ખરાબ ખોરાક અને રહેઠાણથી તેઓને ઝાડાનો રોગ લાગુ પડ્યો. ઘણી ખરી મડમો આ રોગથી મરણ પામી. જેઓ જીવતી રહી તેઓ પણ આવી શોચનીય દશા ભોગવવા કરતા મરણને શ્રેયસ્કર માનવા લાગી.

---

૧. Trevelyan, Cawnpur. p 299.

નાનાસાહેબ પોતાના સલાહકારો સાથે વિશાળ મહેલમા રહેતો હતો ત્યારે તેની નજર સમક્ષ આ અસહાય નારીઓની દુર્દશા થઇ રહી હતી મત્રીઓના ભયથી કે પછી બીજા ગમે તે કારણથી તે તેઓનુ દુખ દૂર કરવા તૈયાર થયો નહિ નવીન પેશ્વાના અમાત્યો જ્યારે આવા નિર્દોષ જીવો પર પોતાની સત્તા જમાવી ફિરગીઓની સત્તા તોડવા મથી રહ્યા હતા ત્યારે તેઓની સત્તા તોડવા માટે એક બ્રિટિશ સૈન્ય આવતું હતુ થોડીવારમા એક બ્રિટિશ વીર વિપુલ ઉત્સાહ સાથે બળવાન વૈરવૃત્તિ તૃપ્ત કરવા માટે નવીન પેશ્વાના સિપાહીઓ સામે આવી ઉભો

અધ્યાય પાંચમો.

વિષય નિર્દેશ-સેનાપતિ હેવલોકની કાનપુર તરફ મુસાફરી-સેનાનાયક રેનડે સાથે મેળાપ-ફતેહપુરની લડાઇ-ફતેહપુરના લોકોની ઉશ્કેરણી-અગ્રેજ સૈન્યનુ વેર-ઓગગામની લડાઇ-બીબીઘરની કતલ-કાનપુરની લડાઇ-કાનપુરમા હેવલોકનુ આગમન-નાનાસાહેબ નાઠો-અગ્રેજ સૈન્યના અત્યાચાર-બિઠુરમાનો નાનાસાહેબનો મહેલ નાશ પામ્યો-સેનાપતિ નીલનુ કાનપુરમા આગમન-નીલની વૈરવૃત્તિ-કાનપુરનો બચાવ કરવાના ઉપાયો-હેવલોક લખનૌ તરફ ગયો

કાનપુર પડયાના સમાચાર સાભળી સેનાપતિ હેવલોકે અગ્રગામી સૈનિક ટુકડીના અધ્યક્ષ રેનડેને આગળ વધવાની મના કહી મોકલી. તે હુકમ મુજબ રેનડે લોહગ નામના સ્થળે પડાવ નાખી બેઠો. આ

તરફ હેવલોક રેનડેના લશ્કર સાથે સમ્મિલિત થવા બહુ ઉતાવળ દર્શાવવા લાગ્યો તેણે વડા સેનાપતિને તારદ્વારા ખબર આપી કે "કાનપુર પડયુ છે, કેવળ એ સ્થળેથી જ લખનૌ જઇ શકાય તેમ છેxxx માટે હુ એ સ્થળ કબજે કરવાનો પ્રયત્ન કરૂં છુ,xx ૧૪૦૦ બ્રિટિશ સોલ્જરો અને ૬ તોપો એકત્ર થતા જ હુ મોટા રસ્તા પર થઇ આગળ વધીશ. એક બીજુ લશ્કર એકત્ર થયા બાદ કર્નલ નીલ મારી પાછળ આવશે અલાહાબાદનો કિલ્લો યોગ્ય વ્યક્તિને સોંપવામા આવ્યો છે." સેનાપતિ હેવલોક આવા સમાચાર મોકલી કાનપુર જવાનો બંદોબસ્ત કરવા લાગ્યો. તેણે ૪ થી જુલાઇએ રવાના થવાની ઇચ્છા રાખી હતી. પરંતુ સરસામાન એકત્ર થઇ શક્યો નહિ તેથી એ દિવસે મુસાફરી શરૂ કરી શકાઈ નહિ. જે અડચણોને લીધે સેનાનાયક રેનડેને અલ્લાહાબાદથી રવાના થતા વાર લાગી હતી તે અડચણો સેનાપતિ હેવલોકને નડવા લાગી. એ સિવાય મુસાફરીને લગતો સરસામાન એકત્ર કરતા થોડા દિવસો વીતી ગયા. ૭ મી જુલાઇએ મુસાફરી શરૂ થઇ સેનાપતિ હેવલોક તે તારીખે સાંજરે ૧૦૦૦ યુરોપિઅન સોલ્જરો, ૧૩૦ શિખ, કેટલાક વોલન્ટિઅર ઘોડેસ્વાર સૈનિકો અને ૬ તોપો લઈ અલાહાબાદ તરફ રવાના થયો. જે ઓફિસરોની ટુકડીઓએ બંડ ઉઠાવ્યુ હતું તે બધા ઓફિસરો આ લશ્કરમા જોડાયા હતા જે સિવિલ અમલદારોની કચેરીઓ બંધ થઈ હતી તેઓ પણ વાલન્ટિઅર ઘોડેસ્વાર સૈન્યમા જોડાઇ હેવલોક સાથે ચાલ્યા હતા. હેવલોકે કાનપુર જીતવા તથા લખનૌનો બચાવ કરવા માટે આ સૈન્ય પર આધાર રાખી અલ્હાબાદ છોડયુ.

સેનાપતિએ મુસાફરી શરૂ કરી કે તરત વરસાદ પડવા લાગ્યો તેથી તે દિવસે અને ત્યાર પછીના દિવસે સૈન્ય બહુ આગળ વધી શક્યુ નહિ ઘણા સૈનિકોના પગ સડી ગયા અને તેથી બહુ પીડા થવા લાગી હેવલોક બહુ ચિંતાતુર બની ગયો, પરન્તુ મુસાફરી બંધ રાખવાથી કંઈ વળે તેમ નહોતુ. હેવલોક બધી અડચણો સામે લડાઈ કરતો કરતો કાનપુર તરફ ચાલ્યો તેણે ૧૦ મી જુલાઈએ સાભળ્યુ કે બંડખોરોનુ જબરૂ લશ્કર સામુ આવે છે. કાનપુર પડ્યાના સમાચાર પર તેને જે કંઈ સદેહ હતો તે આ સમાચાર સાભળી નષ્ટ થયો.

અંગ્રેજોના લશ્કરને અટકાવવા માટે નાનાસાહેબ પોતાની મંત્રીઓની સલાહ મુજબ બધી તૈયારી કરી રહ્યો હતો સેનાપતિ ટીકાસિંહ સિપાહીઓને સજ્જ કરતો હતો બાબાભટ્ટ ખાદ્યસામગ્રી અને દારૂગોળો લઈ જવા માટે ગાડીઓ એકત્ર કરતો હતો. વેપારીઓને તંબુ તથા પાણી પડતુ અટકાવનાર પોશાકો લાવી આપવાનો હુકમ આપવામા આવ્યો હતો. આ પ્રમાણે બધુ એકત્ર થયા બાદ જવાલાપ્રસાદ ૯ મી જુલાઈએ ૧૫૦૦ પાયદળ અને ગોલંદાજ, ૫૦૦ ઘોડેસ્વાર અને ૧૫૦૦ હથિયારબંધ માણસો સાથે અલ્લાહાબાદ તરફ ચાલ્યો તેની સાથે ૧૨ તોપો હતી ટીકાસિંહે સૈનિકોની સરદારી લીધી હતી. અંગ્રેજ સૈન્ય કાનપુર તરફ આવે છે એ સાભળી જવાલાપ્રસાદે ફતેહપુર જઈ છાવણી નાખી.

સેનાપતિ નીલને કાનપુર પડયાના સમાચાર ખરા લાગ્યા નહોતા. તેણે રેનડેને આગળ વધવાનો હુકમ આપવા વડા સેનાપતિને તારદ્વારા જણાવ્યુ હતું એટલે સેનાનાયક રેનડે આગળ વધવા લાગ્યો. આ

તરફ હેવલોક રેનડની સાથે સમ્મિલિત થવા માટે અથાગ પ્રયત્નો કરવા લાગ્યો. તે સમજી ગયો કે જો રેનડેના સૈન્ય સાથે મારૂ સૈન્ય મળે તે દરમ્યાન દુશ્મનો તેના પર હુમલો કરશે તો તેનુ સૈન્ય ટકી શકશે નહિ. આ માટે તેને બહુ ચિંતા થતી હતી. તેણે ઉતાવળે કુચ કરી હતી રેનડને મળવા માટે તે બહુજ ઉતાવળે આગળ ધસવા લાગ્યો. છેવટે ૧૧ મી જુલાઇએ મધરાતે હેવલોકના લશ્કરને રેનડેના લશ્કરના દર્શન થયા એ વખતે આકાશ સ્વચ્છ હતુ ચદ્રની ખીલી રહી હતી. ચંદ્રના અજવાળામા બને સૈન્યો હર્ષનાદ કરતા કરતા ભેટયા. સવાર પહેલા બને સૈન્યો એકત્ર થઇ, વાજાના મીઠા સરોદથી પ્રફુલ્લ થઇ મુસાફરી શરૂ કરવા લાગ્યા હેવલોક આ એકત્ર સૈન્ય સાથે ૧૨ મી જુલાઇએ, ૭ વાગતા ફતેહપુરથી ૪ માઇલ દૂર આવેલ બેલિન્દા નામના સ્થળે આવી પહોચ્યો જો સેનાપતિ હેવલોકે બહુજ ઉતાવળે કુચ ન કરી હોત તો રેનડેનુ સૈન્ય નાનાસાહેબના સૈન્ય આગળ ટકી શકત નહિ. સેનાનાયક રેનડેએ હેવલોક આવી પહોચે તે પહેલા ફતેહગઢ કબજે કરવાની ઇચ્છા રાખી હતી તેને બાતમી મળી હતી કે ફતેહપુરમા બહુ થોડા હથિયારબધ માણસો છે પરંતુ તરતજ નવા પેશ્વાનુ જબ્બર સૈન્ય ત્યા આવી પહોચ્યુ જો રેનડે આગળ વધત તો તેનું સૈન્ય જરૂર નાશ પામત એટલુજ નહિ પણ એ લડાઇના સમાચાર પહોચાડવા માટે કોઇ જીવતુ રહત નહિ [૧] કેવળ સેનાપતિ હેવલોકની દીર્ઘ દૃષ્ટિથીજ આ વિપત્તિ ટળી હતી. રેનડેની સાથે હેવલોકનું સૈન્ય એકત્ર થયુ ત્યારે અગ્રેજોના પક્ષમા

૧. Thavelock's Indian Campaign; Calcutta Review. Vol. 32 P. 27.

૧૪૦૦ બ્રિટિશ સોલ્જરો, ૬૦૦ દેશી સૈનિકો અને ૮ તોપ થઈ સૈન્યને થાકેલુ જોઇ હેવલોકે પડાવ નાખી ભોજન કરવાની રજા આપી. સેનાપતિના હુકમથી સૈનિકો હથિયારોનો એક જગાએ ઢગલો કરી ખાવાપીવાની તૈયારી કરવા લાગ્યા. એ દરમ્યાન એકાએક તોપનો એક ગોળો સેનાપતિ સમક્ષ આવી પડયો જાસુસોએ આવી સમાચાર આવ્યા કે બડખોરોનુ લશ્કર ફતેહપુરમા આવી રહ્યુ છે આથી હેવલોકના સૈન્યને જમવાની ફુરસદ મળી નહિ. સૈન્ય ભોજન સામગ્રી પડતી મૂકી લડાઇ માટે સજ્જ થયુ આ પ્રમાણે ૧૨ મી જુલાઇએ હેવલોક જ્વાલાપ્રસાદના સૈન્ય સમક્ષ આવી ઉભો કાનપુરના સિપાહીઓએ ધાર્યું હતુ કે કેવળ રેનડેનું સૈન્ય અમારી સાથે લડવા આવ્યુ છે આથી તેઓને ખાત્રી હતી કે આ લડાઇમા આપણી જીત નક્કી થવાની છે. અમારી સખ્યા વધારે હોવાથી રેનડેનુ સૈન્ય જરૂર હારશે આવી આશાથી તેઓ ઉત્સાહપૂર્વક લડાઇ કરવા લાગ્યા પરતુ રેનડેના સૈન્ય સાથે હેવલોકનુ સૈન્ય એકત્ર થયુ છે એ બાબત જ્યારે તેમના જાણવામા આવી ત્યારે તેઓના મુખપર ગ્લાનિ છવાઈ ગઇ પરતુ હવે લડયા સિવાય છૂટકો નહોતો. તરતજ તેઓની તોપોએ ગોળા ફેંકવા લાગ્યા. આ યુદ્ધ પિસ્તોલ કે સગીનોવડે લડાયુ નહોતુ રાઇફલ અને તોપથી આ યુદ્ધની શરૂઆત થઈ અને તેજ હથિયારો વડે તેની સમાપ્તિ થઈ હતી. અગ્રેજોની રાઇફલોની ગોળીઓ ૩૦૦ ગજ દૂરથી શત્રુઓ પર આવી પડતી પરતુ કાનપુરના સિપાહીઓ પાસે એવી સરસ બદુકો નહોતી. તેથી જ્વાલાપ્રસાદના સૈનિકો બ્રિટિશ લોકોની બદુકો આગળ ટકી શકયા નહિ. તેની તોપોમાથી

વારંવાર ગોળા ફેંકાતા છતા બ્રિટિશોની તોપો વધારે કાજગરી નીવડી. જ્વાલાપ્રસાદના ઘોડેસ્વારોએ જોસબંધ ધસારો કર્યો. આ યુદ્ધમા આ ઘોડેસ્વારોએ જ સૌ કરતા વધુ સાહસ અને પરાક્રમ દર્શાવ્યુ હતું. તેઓની એક ટુકડી સેનાપતિ હેવલોકની નજીક આગળ વધતી હતી, એ વખતે સેનાપતિએ પોતાના ઘોડેસ્વારોને હુકમ આપ્યો. સેનાનાયક પોલિશરે ઘોડેસ્વારોને પોતાની પાછળ આવવાનુ કહી પોતાનો ઘોડો એ બંડખોર ઘોડેસ્વારો તરફ દોડાવ્યો. ત્રણ વોલન્ટિઅર ઘોડેસ્વારો અને લગભગ ૧૨ સ્વારો (તેમાના ઘણાખરા દેશી ઓફિસરો હતા) તેની પાછળ ધસ્યા. પરંતુ બાકીના સ્વારો ધીરે ધીરે આગળ વધવા લાગ્યા. આથી અંગ્રેજોને જણાયુ કે આ બધા સ્વારો બંડખોરોને જઇ મળશે સેનાનાયક પોલિશર એકાએક ઘોડા પરથી જમીન દોસ્ત થયો, તરતજ બંડખોર ઘોડેસ્વારોની એક ટુકડી તે તરફ આવવા લાગી. દેશી ઓફિસરોએ પોતાના વડાને મરણતોલ સ્થિતિમા જોઇ ભારે પરાક્રમ દાખવ્યુ. તેઓ પોલિશરને ઘેરી ઉભા રહ્યા અને પ્રબળ પરાક્રમ દર્શાવી યુદ્ધ કરવા લાગ્યા. એ દરમ્યાન કાનપુરના ઘોડેસ્વારોની મુખ્ય ટુકડી પોતાના સાથીઓને મદદ કરવા દોડી. આથી અંગ્રેજોના ઘોડેસ્વારો એકદમ પાછા હઠી ગયા. આ લડાઇમા નજીબખા નામનો એક રસાલદાર બીજા ૭ સ્વારો સાથે મરણ પામ્યો છતા તે સામા પક્ષ સાથે જોડાયો નહિ. પરંતુ ઘોડેસ્વાર સૈન્યના આવા પરાક્રમ છતા જ્વાલાપ્રસાદને જીત મળી નહિ. એવું કહેવાય છે કે અલાહાબાદનો મૌલવી લિકાયેતઅલી આ વખતે અહી હાજર હતો, તેના ઉત્સાહ-વાક્યો સાંભળતા છતા મુસલમાન સૈનિકો ટકી શક્યા નહિ. અંગ્રેજોની તોપો આગળ ટકી ન શકવાથી કાનપુરનું સૈન્ય પોતાની તોપો છોડી

નાસવા લાગ્યુ તેઓના લગભગ ૧૫૦ જણુ મરાયા અગર ઘાયલ થયા. સેનાપતિ હેવલોકને જય મળ્યો તેના સૈન્યના દેશી ઘોડેસ્વારોએ, કાનપુરના ઘોડેસ્વારો સાથે ભળી જવાનો પ્રયત્ન કર્યો હતો એવા સદેહ પરથી તેઓને ૧૫ મી જુલાઇએ હથિયાર તથા ઘોડા કબજે કરી રજા આપવામા આવી[૧].

થોડા અઠવાડિઆ અગાઉ ફતેહપુરમાથી અગ્રેજી સત્તા નાશ પામી હતી. ફતેહપુર કાનપુરથી ૪૦ માઇલ દૂર કાનપુર અને અલાહાબાદના મધ્ય ભાગે આવેલું છે. અગ્રેજોએ એ સ્થળ અયોધ્યાના નવાબ પાસેથી મેળવ્યુ હતુ. આ વખતે ત્યા ૧૫-૧૬ હજાર માણસની વસ્તી હતી ત્યાની વસ્તીનો ઘણોખરો ભાગ મુસલમાન હતો. ઘોડેસ્વાર સૈનિકોમાનો ઘણો ભાગ આ વિભાગનો હતો. શાસન ચલાવવા માટે ફતેહપુરમા એક જજ, એક મેજિસ્ટ્રેટ હતો. તેનુ નામ હિકમતઉલ્લાખા હતું, હિકમતઉલ્લાખાને પોતાના ધર્મ પર બહુ શ્રદ્ધા હતી ફતેહપુરમા ખ્રિસ્તી ધર્મ ફેલાય એ ગમતું નહોતું ફતેહપુરના ડેપ્યુટિ મેજિસ્ટ્રેટની માફક ત્યાના જજને પણ પોતાના ધર્મ પર બહુ આસ્થા હતી. બનારસના કમિશનર હેન્રિ ટુકરનો ભાઇ ટચુકર ટુકર આ વખતે ફતેહપુરનો જજ હતો. તેણે ફતેહપુરમા પેસવાના દરવાજા પર ચાર સ્તભ સ્થાપ્યા હતા તેમાના બે ઉપર ફારસી અને હિંદીભાષામા ખ્રિસ્તી ધર્મની દશ આજ્ઞાઓ કોતરવામા આવી હતી. બાકીના બે સ્તભો પર એજ ભાષાઓમા ખ્રિસ્તી ધર્મગ્રથમાથી કેટલાક ધર્મતત્ત્વો કોતરવામા આવ્યા હતા પરતુ ટુકર સાહેબે કોઇને જોર-

---

૧ Havelock's Indian Compaign Calcutta Review. Vol. XXXII P. 29

જુલમથી પોતાના ધર્મની દીક્ષા અપાવી નહોતી તે ઉદાર, દયાશીલ અને પરોપકાર પરાયણ હતા. તે દુ:ખી તથા દરિદ્રી પર બહુ દયા રાખતા. પ્રગાઢ ધર્મજ્ઞાન સાથે દયા અને દાનશીલતાનો સંયોગ થવાથી તેઓ સર્વ માણસોને પ્રિય થઇ પડયા હતા. રોગી અને ભૂખ્યા માણસો તેઓના સંતાનો ગણાતા હોવાથી ફતેહપુરના ઘણા લોકો તેમને ચાહતા હતા. ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવાનો પ્રયત્ન કરતા છતા ટુકર આ રીતે ઘણા માણસોને પ્રિય થઇ પડયા હતા.

અલાહાબાદની છઠ્ઠી પાયદળ પલ્ટણના લગભગ ૭૦ સિપાહીઓ ફતેહપુરની તેજુરી સાચવતા હતા મે માસની આખરે ૫૬ મી પાયદળ પલ્ટણના કેટલાક સિપાહીઓ અને બીજી ઘોડેસ્વાર પલ્ટણના કેટલાક સ્વારો કંપનીના પૈસા લઇ ફતેહપુર આવી પહોચ્યા આ બને પલ્ટણોના સિપાહીઓએ છેવટે બંડ ઉઠાવ્યું હતું. એની સાથે ફતેહપુરવાસી ૬ ઠી પલ્ટણના સિપાહીઓને કંઈ મસલત થઇ હતી કે નહિ તે જણાયું નથી. તેઓ કંપનિનો ખજાનો લઇ ઉશ્કેરણી દર્શાવ્યા વગર અલાહાબાદ ચાલ્યા ગયા. એ વખતે ફતેહપુરના રહેવાસીઓમા નાના પ્રકારના ગપ્પા સં-ભળાતા હતા તેઓમા એવી વાત ઉડી હતી કે અંગ્રેજોએ આપણને વટલાવવા ગાય અને ડુક્કરના હાડકા કુવામા નાખ્યા છે. કેટલાક અમલદારોએ આ ગપ્પાની વાત મેજિસ્ટ્રેટને જણાવી મેજિસ્ટ્રેટે હસતા હસતા જણાવ્યુ કે ખ્રિસ્તી ધર્મમા કોઇને જોરજુલમથી ખ્રિ-સ્તી બનાવવાનુ લખ્યું નથી. માટે એ ધર્મના લોકો આ બાબતમા ગુનેગાર હોઈ શકે નહિ. પરતુ મેજિસ્ટ્રેટની આવી વાતોથી ઉશ્કેરણી ફેલાતી બંધ પડી નહિ. મિરતના સમાચાર મળતા લોકો બહુજ

ઉશ્કેરાઇ ગયા અંગ્રેજો શંકાશીલ બની ગયા. તેઓએ પોતાના કુટુંબોને અલાહાબાદ મોકલી દીધા દેશી ખ્રિસ્તીઓને પણ પોતપોતાનાં કુટુંબો સુરક્ષિત સ્થાને મોકલી દેવાની સુચના થઇ. ફતેહપુરના યુરોપિઅનો ૫ મી જુને કાનપુર તરફ તોપોના અવાજો થતા સાભળી બહુ ડરી ગયા અને જરા પણ સમય ન ગુમાવતા બધા મેજિસ્ટ્રેટને ઘેર એકત્ર થયા કારણ કે તેઓએ સાભળ્યું હતું કે બીજી ઘોડેસ્વાર પલ્ટણ અને ૫૬ મી પાયદળ પલ્ટણના સિપાહીઓ અલાહાબાદથી કાનપુર તરફ જાય છે. તેઓ કદાચ ફતેહપુરપર હલ્લો કરી અમારા પર હુમલો કરે. એ બંડખોરોએ ફતેહપુર આવી તેજુરી લૂટવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેજુરી રક્ષક ૬ ઠી પલ્ટણના સિપાહીઓ હજુ વફાદાર હોવાથી તેઓએ તેઓને મારી હઠાવ્યા ૭ મી જુને અલાહાબાદના સમાચાર ફતેહપુર આવી પહોચ્યા. આ સમાચાર સાભળી તેજુરી સાચવનારા સિપાહીઓ શાત રહી શક્યા નહિ. તેઓએ સાભળ્યુ કે અમારી પલ્ટણે બંડ ઉઠાવ્યુ છે એટલે તેઓ તેજુરી સાચવવાનુ કામ પડતું મૂકી કાનપુર તરફ ચાલ્યા ગયા આ વખતે ફિરંગીઓનુ લોહી રેડવાનો આગ્રહ તેઓમા ફેલાયો નહોતો. ફિરંગીઓની સમક્ષ કાળની માફક ઉભા રહેવાની વૃત્તિ પણ તેમના હૃદયમા ન ઉદ્‌ભવી તેઓ ફતેહપુરવાસી યુરોપિઅનોમાના કોઇને જરા પણ ઇજા ન કરતા કાનપુર તરફ ચાલ્યા ગયા

ત્યાર બાદ ૮ મી જુને એકાએક ભારે તોફાન શરૂ થયું. એક તરફથી અલાહાબાદ અને બીજી તરફથી કાનપુર, એમ બે બાજુના પ્રચંડ વિપ્લવસાગરના બે મોટા મોજાએ આવી ફતેહપુરને ડુબાડી દીધુ ફતેહપુરના હિંદુ અને મુસલમાનોમાના ઘણા ખરા બંડખોરોના

પક્ષમા ભળ્યા મુસલમાનો ખ્રિસ્તી પાદરીઓપર બળી રહ્યા હતા, અત્યારે તેઓ ચોતરફથી ખ્રિસ્તીઓ વિરૂદ્ધ ટોળે મળવા લાગ્યા. સિપાહીઓએ જેલ તોડી. કેદીઓ ચોતરફ નાઠા અગાજકતા ફેલાઇ ગઇ તેજુરી તોડવામા આવી. સરકારી દસ્તાવેજોનો નાશ કરવામા આવ્યો ખ્રિસ્તી ધર્મ પ્રચારનું મથક લૂટાયુ યુરોપિઅનોએ જોઈ લીધુ કે હવે અમારી સત્તા નાશ પામી છે. શહેરના ઉન્મત્ત લોકો દર પળે ભયકર કાર્યો કરતા જાય છે તેઓ હતાશ થઈ કોઇ સુરક્ષિત સ્થળે જઇ રહેવાનો વિચાર કરવા લાગ્યા. એ વખતે ફતેહપુરમા ૧૦ યુરોપિઅનો રહેતા હતા તેમાના નવ જણા ૯ મી જુને સાજે ઘોડેસ્વાર થઈ નાસી છૂટયા ચાર વિશ્વાસુ સ્વારો તેમની સાથે આવ્યા. તેઓ બાદા, કલિંજર વગેરે જુદા જુદા સ્થળોએ ભટકી બાવીશ દિવસે અલાહાબાદ આવી પહોચ્યા.

કેવળ એક અગ્રેજ અમલદારે પોતાનુ મથક છોડયું નહિ. ટુકર સાહેબે ફતેહપુરનું રક્ષણ કરવાનું માથે લીધુ. તે ઘોડેસ્વાર થઇ કેટલાક સિપાહીઓ સાથે બંડખોર લોકોને મારી હઠાવવા ચાલ્યો. તેનુ સાહસ વખાણવા જોગ હતું, તેની કર્તવ્યનિષ્ટા પ્રસશનીય હતી, તે સૈનિક નહોતો છતા હથિયાર સજી સેનાપતિ બન્યો, તેના પગક્રમથી બડખોરોમાના કેટલાક મરાયા, તે પોતે પણ ઘાયલ ગયો. તેના સોબતીઓ જ્યારે નાસી છૂટયા ત્યારે તે કચેરીમા હતો. ત્યા તે બંડ સમાવવા અથવા સરકારી કાર્યમા દેહત્યાગ કરવાનો નિશ્ચય કરી બેઠો હતો.

પરંતુ એ નિડર જજનો ઉદ્દેશ પાર પડયો નહિ. ટુકર સાહેબ જે સરકારનું કામ પાર પાડવા નીમાયો હતો તેજ સરકાર માટે મુઓ.

તે કેવી રીતે મરાયો તે બાબત ઘણા ઇતિહાસકારોએ જુદો જુદો મત દર્શાવ્યો છે ફતેહપુરના મેજિસ્ટ્રેટ શેરર સાહેબે જણાવ્યુ છે કે ડેપ્યુટિ મેજિસ્ટ્રેટ હિકમતઉલ્લાના હુકમથી જજ ટુકરને ગોળીએ મારવામા આવ્યો, એ વખતે હિકમતઉલ્લા એ સ્થળે બેસી કુરાન વાચતો હતો પરતુ આ બાબતની પુરતી સાબીતી મળી નથી. કોઇએ એવુ જણાવ્યુ છે કે જજ ટુકરે મુસલમાન ડેપ્યુટિ મેજિસ્ટ્રેટને પોતાના સમક્ષ હાજર થવાનો હુકમ કર્યો હિકમતઉલ્લા મુસલમાનોની લીલી ધજા ઉડાડતો પોલિસ સૈન્ય સાથે કચેરીમા આવ્યો. મુસલમાનોએ ટુકર સાહેબને પોતાનો ધર્મ સ્વીકારવાની વિનતિ કરી ટુકરસાહેબે એ વિનતિ માન્ય રાખી નહિ. એટલે ઉશ્કેરાએલા મુસલમાનોએ તેને મારી નાખ્યો. એક ત્રીજા મત મુજબ ૧૦ મી જુલાઇએ નવ વાગે તેજુરી લુટાઇ બપોર પછી સૈયદ મહમ્મદ હુસેન નામનો એક માણસ એક મુસલમાનોનુ ટોળુ લઇ ટુકર સાહેબ પર ચઢી આવ્યો. ટુકર સાહેબે કચેરીના છાપરાનો આશ્રય લઇ બચાવ કર્યો. છેવટે હુલ્લડખોરોએ મકાન સળગાવ્યુ. જોત જોતામા આગ ફેલાઇ ગઇ તેઓ ધુમાડામા છુપી રીતે છાપરાપર ચડયા અને ટુકર સાહેબને મારી નાખ્યા આ બાબતમા આવી રીતે પુષ્કળ મતભેદ છે એટલુ તો ખરૂ છે કે ટુકર સાહેનુ ખૂન કચેરીમા કરવામા આવ્યુ હતું તેણે પ્રબળ સાહસપૂર્વક તે સ્થળે પોતાનો બચાવ કર્યો હતો. બંડખોરોના ગોળીબાર સામે તેમણે મરતા સુધી ટક્કર ઝીલી હતી જ્યા સુધી પોતાનામા જીવ હતો ત્યા સુધી ગોળીબાર કર્યો હતો. છેવટે તેમની શક્તિ ચાલી ગઇ. સેકડો મુસલમાનોના હલ્લાથી તેમને કચેરીમા જ મરણ શરણ થવુ પડ્યું ઉશ્કેરાએલા મુસલમાનો પોતાના આ કાર્યથી

ફુલાતા હતા ત્યારે બે હિંદુઓ સાથે તેમની મુલાકાત થઇ. હિંદુઓએ ટુકર જેવા દયાળુ માણસનુ ખૂન કરવા માટે મુસલમાનોને ખૂબ ઠપકો આપ્યો પરંતુ આ ઠપકાથી મુસલમાનો એટલા બધા ઉશ્કેરાઇ ગયા કે તેઓએ એ બંને હિંદુઓને મારી નાખ્યા[૧]

ફતેહપુરમા પાચ અઠવાડિઆ સુધી અરાજકતા રહી. લોકોએ નાનાસાહેબનુ પ્રાધાન્ય સ્વીકારેલુ છતા યથેચ્છાચાર બંધ પડયો નહોતો બધા સ્વતંત્રપણે કાર્ય કરતા હતા. હેવલોક ત્યા આવી પહોચ્યો એટલે લોકો પ્રાણ બચાવવા ચોતરફ નાસભાગ કરવા લાગ્યા. એ વખતે અંગ્રેજોએ વૈરવૃત્તિ તૃપ્ત કરવા માટે પુષ્કળ પ્રયત્નો કર્યા ફતેહ-પુરનો મેજિસ્ટ્રેટ શેરર સાહેબ અલાહાબાદથી હેવલોકના સૈન્ય સાથે પાછો અહી આવ્યો હતો. શેરર સાહેબે અહીં આવ્યા બાદ જે કંઇ જોયું તેનું વિસ્તૃત વર્ણન કરેલુ છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે છે કે "અમારા રસ્તામા આવતા ઘણાખરા ગામડા ભસ્મીભૂત થયા છે. કોઇ પણ સ્થળે મનુષ્યનુ નામનિશાન જણાતુ નથી × × × મકાનોને બદલે રાખના ઢગલા પડયા છે મનુષ્યનો શબ્દ પણ સંભળાતો નથી. માણસોના શબ્દને બદલે દેડકાના શબ્દથી આજુબાજુનો પ્રદેશ ગાજી ઉઠે છે. તમરા અને પતંગિઆના શબ્દોથી ગુંજારવ થઇ રહ્યો છે. × × વખતો વખત પવન આવવાથી ઝાડની ડાળીઓ પર લટકતા શબો દુર્ગંધ ફેલાવી રહ્યા છે આવા ભયંકર દૃશ્યો એકવાર જેણે નજરે જોયા છે તે કદી પણ વિસરી શકે તેમ નથી." અંગ્રેજોએ વેર વાળવા માટે કેટલું બધુ સત્યાનાશ વાળ્યુ હતું તે આ હકી-

૧ Kaye-Sepoy War. Vol. II. P. 367

કત પરથી સ્પષ્ટ જણાય છે.[1] અત્યારે ફતેહપુર નિર્જન બની ગયુ હતુ. થોડા અઠવાડિઆ પહેલા જે સ્થળે માણસો સમાતા નહોતા ત્યા અત્યારે ભયકર શાતિ ફેલાઇ રહી છે. રાજમાર્ગપર માણસનુ નામ નિશાન જણાતું નથી. દુકાનો બધ છે. ઘણીખરી દુકાનો માલથી ભરપૂર છે કારણકે બધો માલ સાથે લઈ જવા જેટલો અવકાશ એ દુકાનોના માલીકોને મળ્યો નથી. હેવલોકના ગોરા તથા દેશી સૈનિકોએ એ દુકાનો લૂટી. મોટી મોટી હવેલીઓ તોપોના ગોળા વડે તોડી પાડી અને ઘાસના છાપરા વાળા ઝુપડા બાળી ભસ્મ કરી નાખ્યા ”

અંગ્રેજોની પેઠે દેશી લોકોએ પણ જુલમ ગુજારવામા બાકી રાખ્યુ નહોતું હેવલોકના સૈન્યમાનો એક માણસ આ બાબતમા જણાવે છે કે, “ તેઓએ (દેશી લોકોએ) અમારા બંગલા બાળી નાખ્યા છે, અમારા દેવળો અપવિત્ર કર્યા છે. × × × જે કઇ અગ્રેજોએ બંધાવ્યુ છે અગર અગ્રેજી સસ્કૃતિને અગે ઉત્પન્ન થયુ છે તે બધુ બડખોરોએ નષ્ટ કર્યું છે. ટેલિગ્રાફના તાર તોડી નાખવામા આવ્યા છે. થાભલા ઉખાડી નાખવામા આવ્યા છે રસ્તા પર માઇલ દર્શક સ્તભો જોકે તેઓને બહુ ઉપયોગી થાત પણ તે અમે બંધાવેલા હોવાથી તેનો પણ નાશ કરવામા આવ્યો છે.”[3] શેરર સાહેબે અંગ્રેજોના અત્યાચારનુ અને આ લેખકે દેશી લોકોના અત્યાચારનુ વર્ણન કર્યું છે બડખોર લોકોએ જ્યારે અગ્રેજી સસ્કૃતિના બધા ચિહ્નનોનો લોપ કરી નાખવાનું ધાર્યું હતું, ત્યારે અગ્રેજોએ સાધારણ

---

૧ Kaye, Sepoy War. Vol. II. P. 368

૨ Martin, Indian Empire, Vol II P 376

૩ Calcutta Review. Vol. ×××II P. 27–28

પ્રજાના સમાગમમા આવતી દરેક ચીજનો નાશ કરવાની દૃઢ પ્રતિજ્ઞા કરી હતી. આ રીતે આ ભયકર પ્રકોપ વખતે બને પક્ષોએ માણસોથી ભરપૂર ગામોને મહાસ્મશાન તુલ્ય કરી મૂક્યા હતા

ફતેહપુરની લડાઈના સમાચાર કાનપુર પહોચ્યા. બાલરાવને અંગ્રેજ સેનાપતિને અટકાવવા મોકલવામા આવ્યો. તેણે કાનપુરથી બાવીશ માઇલ દૂર આવેલા ઔગ નામના ગામડા આગળ છાવણી નાખી. ફતેહપુરની લડાઇમા હેવલોકે બડખોરોની ૧૨ તોપો કબજે કરી હતી આ બધી તોપો અત્યારે બડખોરો વિરૂદ્ધ વાપરવામા આવી. ૧૪ મી જુલાઇની સાજે અંગ્રેજ છાવણીમા સમાચાર આવ્યા કે બાલરાવ અહીંથી છ માઇલ દૂર ઔગ નામના ગામડા આગળ પડયો છે. હેવલોક એ બડખોર સામે ધસવા લાગ્યો. ૧૫ મી જુલાઇએ નવ વાગતા બંને પક્ષ વચ્ચે લડાઇ જામી આ લડાઇમા અગ્રેજોની તોપોએ અગાઉ કરતા વધારે કામ કરી બતાવ્યુ અંગ્રેજોની બદુકોએ પણ પોતાનું સર્વોપરિપણું સિદ્ધ કરી બતાવ્યુ. બાલરાવના ઘોડેસ્વારોએ જબરો હલ્લો કર્યો. પરતુ રાઇફલના અવિચ્છિન્ન મારાથી તેઓની ગતિ અટકી ગઈ તેઓએ જરા વાક વળી અગ્રેજી લશ્કરના પાછલા ભાગ પર હલ્લો કર્યો ત્યા પણ તેઓનુ જોર ચાલ્યું નહિ. આ લડાઇમા બાલરાવના સૈનિકોએ ભારે શૌર્ય બતાવ્યુ હતું. બે કલાક સુધી ભયકર યુદ્ધ થયા બાદ અંગ્રેજોની તોપો તથા રાઇફલોએ બડખોરો પર કાબુ મેળવ્યો. તેઓ નાઠા.[1]

ઔંગથી થોડા માઇલ દૂર એક નાની નદી આવેલી છે એ નદી પાડુના નામથી ઓળખાય છે. એ નદી ઓળંગવા માટે નદી

---

1 The Mutiny of the Bengal Army P. 150.

પર એક પુલ બાધવામા આવ્યો હતો. પાડુ નદી સાકડી હોવા છતા તેમા પાણી એટલુ બધુ હતુ કે તેની પેલી મેર જવા માટે પુલની જરૂર પડે તેમ હતું. બાલરાવ એ પુલ પસાર કરી પેલે પાર જઇ તોપો વડે એ પુલ ઉડાડી દેવાનો પ્રયત્ન કરવા લાગ્યો સેનાપતિ હેવલોકને આ સમાચાર મળતા જ તે એ પુલ ભણી દોડયો પ્રચડ તાપમા ઝપાટાબધ બે કલાક મુસાફરી કર્યા બાદ સૈન્ય પુલ પાસે આવી પહોચ્યુ બાલરાવે પુલની પાસે બે તોપો ગોઠવી હતી. સામા પક્ષનુ લશ્કર નજરે પડતા જ એ તોપોએ પોતાનુ કામ શરૂ કર્યું. અંગ્રેજોની તોપો બહુ મોટી ન હોવાથી દૂરથી ગોળા ફેકાય તેમ નહોતું. એટલે અગ્રેજો ઝપાટાબધ આગળ વધવા લાગ્યા આગળ વધ્યા બાદ તેમણે પોતાની તોપોના મો ખુલ્લા કરી દીધા. એકાએક બાલરાવની તોપો બધ પડી અગ્રેજોની તોપોએ સિપાહીઓની તોપો ભરવા માટેનો સામાન નષ્ટ કર્યો હતો તેથી સિપાહીઓ તોપો ફોડી શક્યા નહિ બડખોરોની તોપો બધ પડતા જ સેનાપતિ હેવલોકે સેનાનાયક રેનડેને યુરોપિઅન પાયદળ સાથે આગળ વધવાનો હુકમ આપ્યો રેનડે ઝપાટાબધ આગળ વધ્યો આ તરફથી અગ્રજોની તોપોએ બડખોરોના ઘોડેસ્વારોને આગળ વધતા અટકાવ્યા. પુલ અગ્રેજોના તાબામા આવ્યો બાલરાવ ખભા પર ગોળી લાગવાથી ઘવાયો. તે કાનપુર ભણી નાઠો. બડખોરોની પાચ તોપો અગ્રેજોના હાથમા આવી આ લડાઇમા અગ્રેજોને બહુ નુકશાન થયું હતું. સેનાનાયક રેનડે જ્યારે પોતાના લશ્કરને સેતુ તરફ લઇ જતો હતો ત્યારે તેના સાથળમા ગોળીઓ પેસી ગઇ હતી. આ ઘાથી તે બે દિવસમા મરણ પામ્યો[૧] સિપાહીઓએ આ સ્થળે અસાધારણ શૌર્ય બતાવ્યુ

---

૧ કે સાહેબે લખ્યુ છે કે મેજર રેનડે ઔગ આગળ ઘાયલ

હતું જો લાયક સેનાપતિ હોત તો તેઓ જરૂર અંગ્રેજોને અટકાવી શકત[1] આ બાબતમા સ્થળે સ્થળે લાયક સેનાપતિનો અભાવ જણાઇ આવે છે.

બાલરાવ ઘાયલ થઈ કાનપુર આવ્યો. ૧૫ મી જુલાઇની સાંજે અભિનવ પેશ્વાના દરબારમા વળી પરાજયના સમાચાર જાહેર થયા. આ સમાચારથી રમતગમતનો પ્રવાહ મંદ પડી ગયો ક્રૂર પ્રકૃતિવાળા મંત્રિઓ પણ આ સમાચારથી ચિંતાતુર બની ગયા. તેઓના ચહેરા પર ગમગીની ફેલાઇ ગઇ. જો બાલરાવમા દીર્ઘદૃષ્ટિ અને કાર્યકુશળતા હોત તો તે અંગ્રેજ લશ્કર પુલ પાસે આવી પહોચે તે દરમ્યાન પુલનો નાશ કરી શકત. પરંતુ એવી કાર્યકુશળતા કોઇમા ન હોવાથી બાલરાવના ખભાપર પડેલો ઘા પેશ્વાના સલાહકારો આગળ તેની રણ-કુશળતા જાહેર કરવા લાગ્યો સેનાપતિ હેવલોક પાંડુનદી પસાર કરી કાનપુર આવતો હતો હવે શું કરવું, તે નક્કી કરવા માટે મંત્રીમંડળ એકત્ર થયું. પરંતુ તેઓ એકમત થઇ શકયા નહિ. કોઇ બિઠુર જઇ આત્મરક્ષણ કરવાની સલાહ આપવા લાગ્યા, કોઇ કાન-પુરના રસ્તા ઉપર ઉભા રહી અંગ્રેજોને અટકાવવાની સલાહ આપવા લાગ્યા. ઘણી ચર્ચા બાદ આ છેલ્લો મત સ્વીકારવામા આવ્યો તે મુજબ લડાઇની તૈયારીઓ થવા લાગી આ સમયે આજિમઉલ્લા વળી નવી સલાહ આપવા લાગ્યો, તેનું લક્ષ્ય અંગ્રેજો પરના દ્વેષને

થયો હતો Kaye, Sepoy War. Vol. P 369, પરંતુ બીજા મત મુજબ તે પાડુનદીનો પુલ કબજે કરવા જતા ઘાયલ થયો હતો. Mutiny of the Bengal Army, P. 150.

[1] Martin, Indian Empire Vol. II. 376

લીધે દયા, સ્નેહ, પરદુ:ખકાતરતા ઇત્યાદિ સદ્‌ગુણો વિનાનું થઇ ગયું હતું. તે કેવળ યમરાજની પેઠે સંહારનું કાર્ય કરવા માગતો હતો; હવે તે છેલ્લીવાર એક ભયંકર કાર્ય કરવા તત્પર થયો.

આજિમઉલ્લા બીબીઘરમાના અભાગીઆ કેદીઓને ભૂલી ગયો નહોતો તેણે નાનાસાહેબને સલાહ આપી કે અગ્રેજ સેનાપતિ મડમો અને બૈરાંછોકરાંને બચાવવા માટે આવે છે. જો આપણે એ બધાને મારી નાખીએ તો તે નિષ્ફળ થઇ પાછા જાય. આ રીતે અગ્રેજોનુ સર્વસ્વ નાશ પામવાથી તેઓ કલકત્તા જઇ હિંદ છોડી ચાલ્યા જશે[1] નાનાસાહેબ નામનો જ પેશ્વા હતો. ખરી રીતે તો તે આજિમુલ્લાનો ગુલામ હતો આથી આ અભિપ્રાય સિદ્ધ કરાવવા માટે આજિમઉલ્લાને કશી અડચણ ન નડી એમ કહેવાય છે કે વારંવાર ખૂનરેજીના સમાચાર સાભળવાથી નાનાસાહેબની માતાઓ બહુ દીલગીર થતી હતી. તેઓએ એવી બીક બતાવી હતી કે જો હવે ફરી ખુનરેજી થશે તો અમે અમારા બાળકો સાથે મ્હેલના ઝરૂખામાથી કૂદી પડી આત્મહત્યા કરીશુ એમ કહેવરાવી તેઓએ થોડા દિવસ ઉપવાસ કર્યા પરતુ તેઓની ધમકીથી આજિમઉલ્લા પાછો હઠયો નહિ બીબીઘરમાના કેદીઓનુ અદષ્ટચક્ર અગાઉ કરતા વધારે જોરથી ફરવા લાગ્યુ.

આ શોચનીય ઘટનાની હકીકત સક્ષેપમા વર્ણવવી જોઈએ. કેદીઓમા ૪-૫ પુરૂષ હતા તેઓને ૧૫ મી જુલાઇની સાજે જેલ-આથી બહાર લાવવામા આવ્યા. ત્યા તેઓને કાપી નાખવામા આવ્યા

---

૧ Thomson, Story of Cawnpur, P. 212-213 Comp, Russell Diary in Indian, Vol. II P. 381

આજિમઉલ્લાએ ખૂબ પ્રયત્ન કર્યા છતા બૈરા છોકરાના ખૂન કરનાર માણસો મળી શક્યા નહિ[૧]. ઘોડેસ્વાર સિપાહીઓએ હવે પોતાના હાથ કલંકિત કરવાની ચોકખી ના પાડી, પાયદળ સિપાહીઓએ પણ અસમતિ દર્શાવી. છેવટે કારાગાર રક્ષક ૬ ઠી પલ્ટણના સિપાહીઓને આ ભયકર કામ કરવા બોલાવવામા આવ્યા. તેઓ ગોખમાથી ગોળીઓ ફેંકવા લાગ્યા. પરંતુ છેવટે તેઓને આ જલ્લાદનું કામ કરતા કંટાળો ઉપજ્યો. તેઓએ પણ હવે ગોળીબાર કરવાની ના પાડી. તેઓને તોપને ગોળે ઉડાડી દેવાની ધમકી આપવામા આવી તો પણ તેઓએ આ નિર્દોષ જીવોની કતલ કરવાની ચોખ્ખી ના પાડી.[૨] ત્યાર બાદ કારાગાર સાચવનારી બેગમ કેટલાક કસાઇ અને જલ્લાદો મળી પાચ જણને બોલાવી લાવી, તેઓ સાયકાળ વખતે તરવારના ઘાથી એ અભાગિયા જીવોનો પ્રાણ સંહાર કરવા લાગ્યા. ઘણા કેદીઓ આ નિર્દય કસાઇઓના હાથથી મરણ પામ્યા. કોઇ કોઇ અર્ધમૃત અવસ્થામા પડયા રહ્યા. રાત્રે ભયપ્રદર્શક બરાડાને બદલે મરણ સમયના ઊંડા નિ-શ્વાસો સભળાવા લાગ્યા. ૧૬ મી જુલાઇએ સવારમા માર્યા ગએલા અને મરવા પડેલા કેદીઓના શરીર પાસેના કુવામા ફેકવામા આવ્યા. એમ કહેવાય છે કે ઘાયલ થએલી સ્ત્રીઓમાની કોઇ કોઇમા બોલવા જેટલી શક્તિ હતી, તેઓ મદ મદ સ્વરે પોતાનું જીવતર પૂરૂં કરવાની પ્રાર્થના કરવા લાગી. કેટલાક બાળકો અક્ષત હતા. સ્ત્રીઓના

---

૧ Martin, Indian Empire, Vol. II. P. 381

૨ Martin, Indian Empire, Vol. II. P. 381-382

ચેરા વચ્ચે આવી જવાથી તેઓને તરવારના ઘા પડ્યા નહોતા તેઓ અત્યારે કુવા પાસે દોડાદોડ કરવા લાગ્યા. આ વખતે કેટલાક માણસો હાજર હતા, પણ તેઓમાનુ કોઇ એ બિચારા બાળકોનુ રક્ષણ કરવા તત્પર થયું નહિ માર્યા ગએલા, ઘાયલ થએલા અને સાજાંને એ બધાને એ કુવામા ફેંકી દેવામા આવ્યા[1] આજિમઉલ્લાની સલાહથી આ પ્રમાણે કાનપુરની છેલ્લી કતલ પૂર્ણ થઇ આટલું છતા યુરોપિઅન સ્ત્રીઓમાની કોઇની આબરૂ લેવામા આવી નહોતી, એ આ ખૂનરેજીમા નોધવા જેવી બાબત છે.[2] બદખોરો કેવળ તેઓનુ

---

૧ ૬ ઠ્ઠી પલ્ટણમા ફ્રિચેટ નામનો એક ફિરંગી વાલ વગાડનાર હતો. બદખોર મુસલમાનોએ તેને મુસલમાન થવાનુ જણાવ્યું. ફ્રિચેટ એ વાત કબૂલ કરી તેથી તેનો જીવ બચ્યો. તેણે આ ખૂનરેજી જોઇ હતી તેણે જણાવ્યુ છે કે “ બીજે દિવસે (૧૬ મી જુલાઇએ) લગભગ ૮ વાગ્યા વખતે ઝાડુ કાઢનારાઓને શબો કુવામા ફેંકવા માટે બોલાવવામા આવ્યા. તેઓએ શબો ચોટલા ઝાલી ઝાલી બહાર ખેંચી કાઢ્યા સ્ત્રીઓમાની કોઇ કોઇ જીવતી હતી. × × × ત્રણ બાળકો પણ જીવતા હતા. મેં એક બાળકને જીવતું કુવામા ફેંકાતુ જોયું હતું × × × મને ખાત્રી છે કે એ રીતે બીજા છોકરા તથા સ્ત્રીઓને પણ કુવામા ફેંકવામા આવ્યા હતા ” Martine, Indian Empire. Vol II P. 362–82

બીબીઘરમા ૨૧૦ જણ કેદ હતા તેઓમાના ૧૨ જણ અગાઉ મરણ પામ્યા હતા. ખૂનરેજી વખતે ૧૯૮ જણ હતા Kaye, Sepoy War. Vol II P 359, Note

૨ Kaye, Sepoy War Vol. II P. 373 કે સાહેબે

લોહી રેડવા માગતા હતા અને લોહી રેડી અટક્યા હતા તેઓએ આવા અસહાય સ્ત્રીપુરુષો તથા બાળકોનો નાશ કરી હલકામા હલકુ હૃદય ખુલ્લુ કરી બતાવ્યુ છે તેમા કંઇ શક નથી. હિંદીઓ હમેશા શાંતિપ્રિય છે, તેઓની સ્નિગ્ધપ્રકૃતિ જગજાહેર છે. આવી શાંત જાતિ એક વખતે ઉશ્કેરણીને વશ થઇ કોમલાંગી સ્ત્રીઓ અને કોમળ બચ્ચા પર તરવાર ફેરવે એ દશ્ય અતિ ભયંકર છે પૃથ્વીપરના જે જે દેશોમા પ્રકોપ જાગ્યો છે તે તે દેશોમા આવી ભયંકર ઘટનાઓ બનેલી જણાઇ છે. હિંદ જેવા ગરીબડા દેશમા પણ ભયંકર પ્રકોપ વખતે કોમળતાને બદલે કઠોરતા તથા ગરીબ સ્વભાવને બદલે વેરવૃત્તિ ફાટી નીકળી હતી તે આ બનાવ પરથી સાબીત થાય છે

નાનાસાહેબ ૧૬ મી જુલાઇએ ઘોડેસ્વાર, પાયદળ અને ગોલ-

જ્યારે પોતાના ઇતિહાસમા આ વાત લખી ત્યારે આયર્લાંડમા બનેલો એક બનાવ તેમના જાણવામા આવ્યો, કેટલાક ઉદ્ધત આઇરિશો ઓકટ નામના એક માણસને ઘેર ગયા જેનાપર તેઓને દ્વેષ હતો તે માણસ ઘેર ન હોવાથી તેણે એક નરનુ નાક કાપી નાખ્યુ. (Ibid P. 374. Note.) પણ હિંદી સિપાહીઓએ આવા કાર્ય કર્યા નથી

ટોમ્સન સાહેબે લખ્યું છે કે "જ્યારે કાનપુરનો ઘેરો ખલાસ થયો ત્યારે આપણી સુંદરીઓ ઉઘાડે સ્થળે રહેવાથી એવી કુરૂપ બની ગઇ હતી કે કોઇ પણ સિપાહી તેનો સ્પર્શ કરવા ઇચ્છતો નહોતો." (Story of Cawnpur, P. 272) પરંતુ સામો પક્ષ જ્યારે વેર લેવા તત્પર થાય ત્યારે તેઓના મનમા બીજો કોઇ ભાવ ઉત્પન્ન થાય એ સંભવિત નથી.

દાજ સૈન્ય મળી કુલ ૫૦૦૦ માણુસો લઇ સેનાપતિ હેવલોકને અટકાવવા આગળ વધ્યો તેણે કાનપુરથી લગભગ ૪ માઇલ દક્ષિણુમા આવેલા અહર્વા નામના ગામ આગળ છાવણી નાખી. આ સ્થળેથી બે મોટા રસ્તા બે જુદી જુદી દિશામા જતા હતા. જમણી બાજુનો માર્ગ કાનપુરની લશ્કરી છાવણી સુધી અને ડાબી બાજુનો માર્ગ દિલ્હી સુધી ગએલો હતો. ડાબી બાજુએ ગગા નદી વહેતી હતી. જમણી બાજુએ એક ગઢવાળુ ગામડુ તથા આબાવાડીઉ હતુ. ડાબી બાજુના ભાગમા ઢળતી જમીન પર મોટી મોટી તોપો ગોઠવવામા આવી આબાવાડિઆ તરફ પણુ કેટલીક તોપો ગોઠવાઇ ગઇ. રસ્તાના સધિસ્થળ આગળ અને તેની બને બાજુએ પાયદળો—પાયદળો પાછળ ઘોડેસ્વારો અર્ધ ચદ્રાકારે ગોઠવાઇ ગયા. સંધિસ્થળની જમણી બાજુએ સખ્યાબંધ ઘોડેસ્વારો ગોઠવાઇ ગયા કારણુકે તેઓએ એવુ ધાર્યું હતું કે અગ્રેજ સેનાપતિ દિલ્હી તરફ જતા રસ્તા પરથી આગળ વધશે. નાનાસાહેબ પોતે લડાઇ કરવા તત્પર થયો છે એ બાતમી અગ્રેજી લશ્કરને ૧૫ મી જુલાઇની રાત્રે મળી એ વખતે કાનપુર ૨૨ માઇલ દૂર હતું. તે રાત્રે તથા બીજે દિવસે સવારમા ૧૪ માઇલની કુચ કરવામા આવી. ત્યારબાદ એક આબાવાડિઆમા પડાવ નાખી નાસ્તો કર્યાબાદ લગભગ ૨ વાગ્યાને સુમારે પાછી મુસાફરી આરભી. બે માઇલનો રસ્તો કાપતાજ સામાવાળાનુ લશ્કર નજરે પડ્યુ. સેનાપતિ હેવલોક નાના સાહેબના લશ્કરની સખ્યા અને વ્યૂહરચના જોઇ નવાઇ પામ્યો. તે સમરનીતિ વિશારદ વીરપુરૂષ હતો જન્મથી જ લડવૈયો હતો. અત્યારે તેને સામા પક્ષનો વ્યહ ભેદવા માટે બહુ વિચાર કરવો પડ્યો. તેના મનમા નાના પ્રકારના વિચારો ઉત્પન્ન થવા લાગ્યા. છેવટે

તે સામા પક્ષ પર હલ્લો ન કરતા એક બીજી જાતની લશ્કરી ચતુરાઈ દર્શાવવા તૈયાર થયો. તેની પાસે ૧૦૦૦ ગોરા તથા ૩૦૦ શિખ સિપાહીઓ હતા તેઓ સામા પક્ષ પર હલ્લો કરે તો જરૂર મરી ખુટે. આ વખતે જુદી ગમત રમવાનો પ્રસંગ આવ્યો. તેના હુકમથી સૌ પહેલા વોલન્ટીઅર ઘોડેસ્વારો આગળ વધવા લાગ્યા. તેની પાછળ તોપો ચાલવા લાગી. તોપોની બન્ને બાજુએ પાયદળ સેના ગોઠવાઈ ગઈ. આ રીતે આખુ સૈન્ય શહેર તરફ ધસવા લાગ્યુ. તેઓના મસ્તક પર સૂર્યદેવ પોતાના પ્રચંડ કિરણો ફેંક્યા કરતો હતો. તાપના ઉકળાટથી કેટલાક સૈનિકો બેભાન થઈ ગયા છતા હેવલોકે આગળ વધવાનુ ચાલુ રાખ્યું. તેઓ મદિરાપાનથી મસ્ત બની ઉત્સાહભેર આગળ વધવા લાગ્યા. નાનાસાહેબના લશ્કરે ઘોડેસ્વારોને આબાવાડિઆમાથી બહાર આવતા જોયા કે તરત તોપોનો મારો શરૂ કર્યો. પરંતુ એ ગોળાઓએ પ્રથમ બરાબર કામ બજાવ્યુ નહિ. પાછળના સૈનિકો તો અક્ષત રહ્યા. હેવલોકે દૂરથી પોતાના સેનાનાયકોને ઉડતી ધૂળમા ઝાખો ઝાખો જણાતો દુશ્મનનો વ્યૂહ પોતાની તરવારના અગ્રભાગ વડે બતાવી બધી સમજણ પાડી. સેનાનાયકો સેનાપતિએ દર્શાવેલ પદ્ધતિ મુજબ કુચ કરવા લાગ્યા. અંગ્રેજોનું લશ્કર અર્ધો માઈલ આગળ વધ્યુ હશે એ વખતે સિપાહીઓએ પોતાની તોપોના મુખ ફેરવી બીજી બાજુએ ગોળાઓ ફેંકવા શરૂ કર્યાં. અત્યાર સુધી હેવલોકે તોપો છોડવાનો હુકમ આપ્યો નહોતો. તે તકની રાહ જોયા કરતો હતો. તેનું લશ્કર ખેડાએલા ખેતરમાથી જવા લાગ્યુ. તોપો મહામુશીબતે આગળ વધવા લાગી એ વખતે કાનપુરના સિપાહીઓએ તોપોનો

કાતિલ મારો ચલાવ્યો તેઓના ગોળા એટલા જોરથી પડવા લાગ્યા કે અંગ્રેજોનુ લશ્કર આગળ વધી શક્યુ નહિ પોતાની તોપ દ્વારા સામા પક્ષની તોપોની સત્તા નાશ ન પામે ત્યા સુધી આગળ વધવાનું કામ બધ રાખવુ પડયુ

પરંતુ સિપાહીઓની તોપો બધ પાડવાનુ કાર્ય અંગ્રેજો માટે અસાધ્ય હતું. અગ્રેજોથી બડખોરોની તોપો સામે પોતાની તોપોનો મોરચો માડી શકાયો નહિ આ તરફ સિપાહીઓની તોપોએ તો ગજબ કર્યો તેઓના વાજા વગાડનારાઓએ ઉત્સાહસૂચક વાદ્ય ધ્વનિ કરી તેઓને ઉત્સાહ ચડાવવા લાગ્યા વાજા વગાડનારાઓએ અગ્રેજો પાસેથી જે જ્ઞાન મેળવ્યુ હતું તે હવે અગ્રેજોને હગવવા માટે વાપરવા લાગ્યા સેનાપતિ હેવલોકે હવે સગીનોની મદદથી તોપો તાબે કરવા માટે પાયદળ સૈન્યને આગળ વધવાનો હુકમ કર્યો સ્કોટલાડવાસી પાયદળ સેના ગોળીઓનો વરસાદ વરસાવતી વરસાવતી આગળ ધસવા લાગી તેની ગતિ કોઇથી રોકી શકાઈ નહિ પાયદળ સેના સિપાહીઓથી લગભગ સો ગજ દૂર આવી એટલે સેનાપતિએ હુમલો કરવાનો હુકમ આપ્યો તરતજ ઉન્મત્ત મોહજરો સિપાહીઓની હરોળ તોડવા દોડયા તેઓએ હવે એક પણ ગોળી છોડી નહિ કેવળ સગીન વડે સામા પક્ષને હઠાવવાનો પ્રયત્ન કર્યો. સેનાપતિ હેવલોક તેઓને ઉશ્કેરવા લાગ્યો તોપો કબજે કરવામા આવી. સિપાહીઓ બાજુપર આવેલા ગામડા પાસેથી દૂર હઠી ગયા. તેઓ ડાબી બાજુએ પાછા હઠયા એટલે ઘોડેસ્વાર સિપાહીઓ આગળ વધ્યા. તેઓ અર્ધચદ્રના આકારમા અગ્રેજોને ઘેરી વળ્યા જો આ વખતે કોઈ અનુભવી વીરપુરૂષે તેઓને ઘેર્યા હોત તો અંગ્રેજી સૈન્યની

દશા બહુ બુરી થઈ પડત.[1] પરંતુ ચતુર સેનાપતિ વિના તેઓ ધીમે ધીમે છિન્નભિન્ન થવા લાગ્યા જો કે તેઓને હઠવુ પડતું હતું છતા તેઓએ ગોળીઓનો સતત મારો ચાલુ રાખ્યો હતો. અંગ્રેજ સેના-નાયકોમાનો કોઇ ભૂલ કરતો તો તરત બીજો કોઇ તે ભૂલ સુધારતો હતો [2] પરંતુ સિપાહીઓને આ રીતે સાચી સલાહ આપનારનો તોટો હતો આથી તેઓમાના અનેક શુ કરવુ તે સમજ્યા વિના ગાડા જેવા બની ગયા નિડર શિષ્યો પણુ અગ્રેજોના પક્ષમા રહી બહુ પરાક્રમ દર્શાવવા લાગ્યા. સિપાહીઓ સેનાપતિની સલાહ વિના તેઓની સમક્ષ ટકી શક્યા નહિ. ધીમે ધીમે તેઓ જમણી બાજુના માણુસોથી જુદા પડવા લાગ્યા. તેઓની તોપો એક પછી એક અગ્રે-જોના હાથમા જવા લાગી. નાનાસાહેબે કાનપુરની લશ્કરી છાવણીના માર્ગપર એક મોટી તોપ ગોઠવી રાખી હતી છેવટે સિપાહીઓ આ તોપમાથી ગોળાઓનો વરસાદ વરસાવવા લાગ્યા. પરંતુ સેનાપતિ હેવલોકના સૈનિકોએ સગીનોવડે એ તોપ અને પાસેનું ગામડુ કબજે કર્યું બધા પ્રયત્નો નિષ્ફળ નીવડવાથી નાનાસાહેબે રણુક્ષેત્ર છોડ્યુ. લગભગ ૨॥ કલાક ભયકર લડાઇ લડયા બાદ સિપાહીઓ ચોતરફ નાઠા. સેનાપતિ હેવલોક કાનપુરની લડાઇમા જીત્યો. આ લડાઈમા

---

૧ Martin, Indian Empire Vol II p. 377.

૨ મેજર સ્ટિવન્સન પોતાની ટુકડી સાથે દુશ્મનના મધ્ય ભાગમા કોઇ એવે સ્થળે જઇ પડયો હતો કે કેવળ એકજ ગોળાથી તેની ટુકડી નાશ પામે, તરતજ મેજર નોર્થે તેને સાવચેત કરી દીધો. મેજર નોર્થની સલાહથી તે પોતાની ટુકડી સાથે કોઇ સુરક્ષિત સ્થળે જઇ પહોચ્યો Indian Empire, Vol. II p 377.

અગ્રેજોના ૧૦૮ અને સિપાહીઓના ૨૫૦ સૈનિકો માર્યા ગયા તથા ઘાયલ થયા. સિપાહીઓએ લડાઈમા બહુ પરાક્રમ બતાવ્યુ હતું. હાથોહાથની લડાઇમા તેઓએ બહુ દૃઢતા દર્શાવી હતી. તેઓએ તોપોની લડાઇ લડવામા પણ બહુ કુશળતા બતાવી આપી હતી[1] આ લડાઇમા સેનાપતિ હેવલોકનું ઘોડેસ્વાર સૈન્ય બહુ નબળું હતુ તેની તોપો પણ લડાઇમા કામ આવી નહોતી તેણે કેવળ પાયદળ લશ્કરના સગીનોના બળ વડે વિજય મેળવ્યો હતો તેના પાયદળ સૈનિકોને ઘણા વિશાળ ક્ષેત્રમા છિન્નભિન્ન થઇ જવુ પડયુ હતું જો સિપાહીઓએ પોતાની વ્યવસ્થા જાળવી રાખી હોત તો તેઓ અગ્રેજોને નિર્મૂળ કરી શકત.[2] પરતુ હાર્યા છતા સિપાહીઓનુ સાહસ તથા પરાક્રમ ઇતિહાસમા વખણાયુ છે ને વખણાશે કાનપુરની લડાઈ પંજાબના ફિરોજપુર આગળની લડાઇ જેવીજ હતી[3] શિખોની પેઠે સિપાહીઓએ પણ આ વખતે પોતાનુ શૌર્ય દર્શાવી આપ્યુ હતું. સિપાહીઓએ જેની પાસેથી લશ્કરી કેળવણી લીધી હતી દૈવયોગે એ કેળવણીનો ઉપયોગ તેની સામે કરવાનો પ્રસગ આવ્યો હતો આપણે તેઓની વફાદારીને નિદીએ ખરા પણ તેઓના પરાક્રમ અને નિડરતાને કદી નિદી શકીએ તેમ નથી

હેવલોકનુ લશ્કર ભૂખ તરસથી બહુ પીડાતુ હતું. રાત પડતા તે કાનપુરની લશ્કરી છાવણીથી ૨ માઇલ દૂર પડાવ નાખી પડયું. ૧૭ મી જુલાઇએ સવારમા હેવલોક કાનપુર કબજે કરવા રવાના થયો

---

૧ Mutiny of the Bengal Army p 153

૨ Calcutta Review. Vol XXXII p 30

૩ Calcutta Review. Vol. XXXII. p 30.

રસ્તામા તેને કાનપુરની ખૂનરેજીના સમાચાર મળ્યા. જાસુસોએ તેને સમાચાર આપ્યા કે તમે જેનો ઉદ્ધાર કરવા જાઓ છો તેઓ તો આ લોકમા નથી બીબીઘરના કેદીઓએ કસાઇઓને હાથે પ્રાણ ખોયા છે. આ શોચનીય સવાદ તરત જ આખા લશ્કરમા ફેલાયા તેઓના હર્ષનાદ આ સમાચારથી બંધ પડી ગયા. સેનાપતિ હેવલોક ગમગીન હૃદયે કાનપુર તરફ જવા લાગ્યો. હરોળની ટુકડી જ્યારે લશ્કરી છાવણી પાસે આવી પહોચી ત્યારે દૂરથી ધૂમાડાના ગોટેગોટા દેખાયા. એક ક્ષણમા પ્રચડ શબ્દ થયો. ધરતી ધ્રુજવા લાગી તેઓ સમજી ગયા કે બંડખોરો અસ્ત્રાગાર સળગાવી નાસી જાય છે અગ્રેજોના જે હથિયારોએ સિપાહીઓનુ બળ વધાર્યું હતું, જે મોટી મોટી તોપોએ અંગ્રેજોને અનંતનિદ્રામા સુવાડયા હતા તે આ પ્રમાણે નાશ પામ્યા.

૧૭ મી જુલાઈએ કાનપુર પર બ્રિટિશ વાવટો ફરકવા લાગ્યો હેવલોકે કાનપુર કબજે કર્યા બાદ પોતાના સૈનિકોનો અતિશય ઉદ્દી-પનામય ભાષામા આભાર માન્યો. તેના લશ્કરમા અતિસારનો રોગ ફેલાયો હતો. તેથી કેટલાક માણસો મરણ પામ્યા. લડાઈમા ઘાયલ થએલાની સખ્યા સાથે આ રોગથી પીડાતા લોકોની સખ્યા ભળતા આખુ લશ્કર ગમગીન બની ગયુ આ વખતે હેવલોકને ખબર મળ્યા કે નાનાસાહેબ બિથુરમા લશ્કર એકત્ર કરે છે આ સમાચારથી તે ચિતાતુર બની ગયો. પણ છેવટે આ વાત ખોટી ઠરતા તેને નિરાત વળી. બંડખોરો જયની આશા છોડી કોણ જાણે કયા જઈ છુપાયા

નાનાસાહેબ લડાઇનુ મેદાન છોડયા બાદ કેટલાક સ્વારો સાથે બિથુર તરફ ગયો હતો. આ સ્થળેથી તેના સલાહકારો એક પછી એક નાસી જવા લાગ્યા. ખુદ આજિમઉલ્લા પોતે નાસવાની તૈયારી

કરવા લાગ્યો, આ બધી ભાજગડમા નાનાસાહેબથી બિથુર રહી શકાયુ નહિ તે અંતપુરવાસિની સ્ત્રીઓ સાથે ગંગા નદી ઉતરી નાસી જવાની તૈયારી કરવા લાગ્યો. એવુ કહેવાય છે કે એ સમયે લોકોમા એવુ જાહેર કરવામા આવ્યુ કે નાનાસાહેબ ગંગામા ડુબી મુઓ છે એમ જણાય છે કે નાનાસાહેબે કિનારાપરના ઉદાસ ગંગા-પુત્રોને જણાવ્યુ હતું કે ગંગાના મધ્ય ભાગમા ગયા બાદ જ્યારે મારી હોડીમાનો દીવો હોલાય એટલે તમારે જાણવુ કે મે મારૂ શરીર ગંગામાતાને સ્વાધીન કર્યું છે. એમ કહી તે હોડીપર ચઢ્યો. બરાબર મધ્ય ભાગમા ગયા બાદ હોડીપરનો દીવો હોલાઇ ગયો કિનારાપરના લોકોએ ધાર્યું કે ગંગાના ગર્ભમા તેનો પ્રાણવાયુ અવસાન પામ્યો. પરંતુ નાનાસાહેબ તો એ અંધકારમા બીજુ કોઇ ન દેખે તેમ ગંગા ઉતરી નાઠો કાનપુર અંગ્રેજોના હાથમા આવ્યુ. નાનાસાહેબે બિથુરનો રાજ્યમહેલ તજ્યો[1] હવે અંગ્રેજોની બળવાન વૈરવૃત્તિએ પોતાનું કાર્ય શરૂ કર્યું.

બ્રિટિશ સોલ્જરો સહનશીલતા અને ધીરજને માટે વખણાતા નથી. જ્યારે હલાહલ મદિરા તેઓના ઉદરમા જઇ પડે છે, નસો-માનું લોહી ઉછળવા લાગે છે, ત્યારે તેઓ ભયંકર દાનવની માફક આમતેમ આટા મારે છે. નિર્દોષ મુસાફરો તેઓને જોઇ બીહે છે, ગરીબ બિચારા ઘરધણીઓ તેઓને જોઇ બારણા બંધ કરે છે. અસહાય વેપારીઓ તેઓને જોઇ સર્વદા ત્રાસ પામે છે. તેઓ સ્વ-ધર્મી શત્રુ સાથે ન્યાયાનુસાર લડાઇ કરે છે છતા તેઓની દાનવ-

૧. કાનપુરમા મેજિસ્ટ્રેટ શેહરસાહેબે આ હકીકત જણાવી છે. Kaye, Sepoy War. Vol. II p. 390, note.

પ્રકૃતિ જણાઈ આવે છે કોઈ પોતાની મિલ્કત, ઘર કે સ્વતંત્રતાનુ રક્ષણ કરવા તેમની સામે ટક્કર ઝીલે છે તો પણ તેઓ જૂલ્મની પગ-કાઇા બતાવે છે તેઓ એ વખતે દયાધર્મનો ત્યાગ કરે છે કોઇ પણ પાપકાર્ય કરતા અચકાતા નથી સ્ત્રી કે પુરુષમાનુ કોઈ તેઓની પાસે મુક્તિ મેળવી શકતું નથી સેનાપતિ હેવલોકના ગોરા સોલ્જરો પણ આવી કઠોર પાશવપ્રકૃતિને વશ થયા હતા. આ વખતે કાનપુરમા તેઓને ઉશ્કેરી મૂકે એવા બનાવો પુષ્કળ બન્યા હતા. તેઓ પોતાના સ્વદેશબાધવોની ભસ્મ થએલી છાવણી અને આશ્રયસ્થાન નજરોનજર નિહાળતા હતા. બગલાની દિવાલો પર તોપો તથા ગોળીઓના ચિહ્નો સ્પષ્ટ જોતા હતા બીબીઘરમા જે સ્થળે ખૂનરેજી થઇ હતી ત્યા તો હરકોઇ વિચારશીલ મનુષ્યનો મિજાજ જલદ કરી દે તેવા સાધનો આમતેમ વેરાએલા હતા. બીબીઘરના ઓરડા બૈરાછોકરાના લોહીથી તરબોળ હતા. ઠેકઠેકાણે મડમોના વાળના ગુચળા પડ્યા હતા. બાળકોને રમવાના રમકડા, પગરખા, ટોપી વગેરે લોહીથી ખરડાઇ ત્યા વેરણુસેરણુ અવસ્થામા પડ્યા હતા. એક બાજુએ પડેલુ દરરોજની ઉપાસનાનુ એક નાનું પુસ્તક હતભાગ્ય કેદીઓએ અંતકાળ વખતે કરેલી પ્રભુપ્રાર્થનાનો પુરાવો આપતું હતું. હેવલોકના સોલ્જરો અંગ્રેજોના આશ્રયસ્થાન આગળ આવ્યા, એટલે તેઓના હૃદયમા ભારે પશ્ચાત્તાપ શરૂ થયો, તેઓ જ્યારે બીબીઘર આગળ આવ્યા ત્યારે તીવ્ર યાતનાનલથી તેઓના હૃદયના દરેક થર દગ્ધ થવા લાગ્યા, નાડીઓમા લોહીનો પ્રવાહ ઝપાટાબંધ વહેવા લાગ્યો. તેઓ એક તો મદિરાપાનને લીધે ઉન્મત્ત બની ગયા હતા, તેવામા વળી આવા ઉત્તેજનાજનક સ્થાનોએ તેઓને અતિશય ઉશ્કેરી મૂક્યા. તેઓ

સારાસારનુ ભાન ભૂલી કાનપુરમા વસતા કાળા માણસોનુ સત્યાનાશ વાળવા તૈયાર થયા

ઉન્મત્ત યુરોપિઅન સોલ્જરોએ આ વખતે કાનપુરમા જે ખૂન-રેજી ચલાવી તેવી ખુનરેજી તેઓએ કોઇ પણ વખતે કોઇ પણ સ્થળે ચલાવી નથી ઇતિહાસમા આ ખુનરેજી સાથે સરખાવાય એવો બીજો બનાવ નજરે પડતો નથી આ વખતે છાવણીમા કે શહેરમા તેઓનો કોઇ શત્રુ રહ્યો નહોતો નાના સાહેબનુ સૈન્ય વિખરાઇ જઇ ગમે તે દિશામા નાસી ગયુ હતું તે સૈન્ય કઇ દિશામા ગયુ છે તે વિષે કોઇ કઇ જાણતુ નહોતું પરતુ નિર્દય સોલ્જરોએ આ વખતે હિદના બધા લોકોને પોતાના શત્રુ માની લીધા હતા અને હિદના બધા શહેરોને કાનપુરની માફક યુરોપીઅનોથી ખરડાએલા માન્યા હતા તેઓ કાનપુર અગર તેની આજુબાજુના કોઇ સ્થળે કોઇ પણ માણ-સને જોતા કે તરત તેને નાનાસાહેબનો નોકર માની લેતા. કોઇ પણ બાબતની ખાત્રી કરવાની તેઓને ફુરસત નહોતી તેઓ જેને જોતા તેને મારી નાખતા. સ્ત્રી, પુરુષ કે બાળકોમાનુ કોઇ તેમના વિકરાળ પંજામાથી છટકી શકયુ નહિ એ વખતે જુદા જુદા વર્તમાનપત્રોમા છપાયુ હતુ કે યુરોપિઅન સોલ્જરોએ કાનપુરના દસ હજાર રહેવા-સીઓને મારી નાખ્યા હતા[1] એક ઇતિહાસકાર આ આકડાને અતિશયોક્તિમય માને છે[2] સ્ત્રી, પુરુષ અને બાળકો સહિત દસહ-જાર માણસોના ખૂનની વાત અતિશયોક્તિમય હોઇ શકે પણ એટલું તો ખરૂ કે હેવલોકના ગાડાતૂર સોલ્જરોએ જરા પણ અડચણ વિના

---

૧ Martin, Indian Empire Vol. II. p 384.

૨ Kaye, Sepoy War. Vol. II p. 311, note.

ભયંકર ખૂનરેજી કરી હતી એ વખતે અંગ્રેજોની છાવણીમા કાનપુરના બહુ થોડા માણસો ખોરાક લઇ આવતા હતા. ઘણા ખરા લોકો તો સોલ્જરોની બીકે આજુબાજુના ગામડામા જઈ છુપાયા હતા. કેટલાક ગંગા ઉતરી અયોધ્યા તરફ ચાલ્યા ગયા હતા એક જણના અપરાધથી તે જાતના બધા માણસોને સજા કરવી એ ન્યાયસંગત નથી માનવપ્રકૃતિને બદલે પશુપ્રકૃતિ દર્શાવવાથી કંઇ મનુષ્યત્વ રહી શકતું નથી એટલુ તો ખરૂં કે સોલ્જરો બહુ ઉશ્કેરાઇ જાય એ સ્વાભાવિક છે જેઓના બચાવ માટે તેઓ દડમજલ કરતા કાનપુર આવ્યા હતા તેઓના ખૂન થએલા સાભળી તેઓ ઉશ્કેરાઇ જાય એ સ્વાભાવિક છે પણ આની શિક્ષા જેને હાથે ખૂન થયા હતા તેની જાતને બધા માણસોને કરવી એ અયોગ્ય હતુ. અલબત સોલ્જરોનો તો આમા બહુ ગુનો ન ગણાય કારણ કે તેઓના ચરિત્ર ઉન્નત હોતાં નથી ન્યાય શુ એ તેઓમાના બહુ થોડા સમજે છે આથી તેઓ આવા ભયંકર કાર્યો કરતા લજાતા નથી પરંતુ જે સેનાપતિએ તેઓને દોરવાનો અધિકાર ગ્રહણ કર્યો હતો, તે સેનાપતિને માટે તો આવો વ્યવહાર અવશ્ય શરમ ભરેલો ગણાય તેણે અગાઉથી વ્યવસ્થા જાળવવા માટે કઠોર હુકમ જાહેર કર્યો હોત તો તેનું સૈન્ય આવું ઉન્મત્તપણુ દર્શાવી શકત નહિ છેવટે હેવલોકે પોતાના સૈનિકોને વ્યવસ્થિત રાખવાનો પ્રયત્ન કર્યો હતો સોલ્જરો ચોતરફ લૂટફાટ કરતા હતા. કાનપુરમા કોઇનુ જીવન અને સંપત્તિ સુરક્ષિત નહોતી જે કંઇ વસ્તુ નજરે પડતી તે લૂટાઇ જતી. તેઓ દરરોજ દારૂના સીસાને સીસા ઉડાવતા તેથી તેઓની આ પ્રવૃત્તિ અતિશય બળવાન બનતી. સેનાપતિ હેવલોકે સોલ્જરો દારૂ ન પી શકે તે ખાતર કાનપુરમાનો

બધો દારૂ રસદવિભાગ માટે ખરીદી લેવાનો હુકમ કર્યો અને સૈનિકોના ગુનાની તપાસ કરવા માટે લશ્કરી અમલદાર નીમ્યો એ અમલદારને હુકમ આપવામા આવ્યો કે બ્રિટિશ સૈન્યમાનો જે કોઇ સૈનિક લૂટફાટ કરે તેને લશ્કરી પોશાક સાથે ફાસીને લાકડે લટકાવવો જુદી જુદી ટુકડીના સેનાનાયકો પણ પોતપોતાની ટુકડીના સૈનિકોને વશ રાખવાનો પ્રયત્ન કરવા લાગ્યા

સેનાપતિ હેવલોકે ત્યાર બાદ છાવણીના વાયવ્ય ખુણામા આવેલ દિલ્હી જવાનો રસ્તો સાચવવા માટે લશ્કર મોકલ્યુ. તેણે ધાર્યું હતું કે બડખોર લોકો એ રસ્તે એકત્ર થશે. પણ એ વખતે તો કોઇ લડવા આવ્યુ નહિ પણ આથી એક સારૂ પરિણામ આવ્યુ. ત્યા દારૂની દુકાન ન હોવાથી સોલ્જરોને દારૂ પીવાના સાસા પડવા લાગ્યા તેથી તેઓ સીધાદોર બની ગયા કાનપુરમા જે વ્યવસ્થા જાળવવા માટે પુષ્કળ પ્રયત્ન કરવો પડતો હતો તે અહીં વિના પ્રયત્ને જળવાઇ રહી સેનાપતિ હેવલોક સૈન્ય વ્યવસ્થિત કરતો હતો ત્યારે શેહરસાહેબ કાનપુરના મેજિસ્ટ્રેટની પદવી ગ્રહણ કરી લોકોને શાત પાડવા લાગ્યા ૧૮ મી જુલાઇએ મેજિસ્ટ્રેટ સાહબે કાનપુરમા અગ્રેજોની સત્તા અને કાયદાનુ પુનઃસ્થાપન થયુ છે એવુ જાહેરનામુ પ્રગટ કર્યું કોટવાળીમા વળી ધમાલ ચાલવા લાગી. મેજિસ્ટ્રેટ સાહેબના હુકમ મુજબ કારભાર ચાલવા લાગ્યો

બીજે દિવસે બિથુર તરફ એક ટુકડી રવાના કરવામા આવી હેવલોકને બાતમી મળી હોવાથી તેણે એ બાજુએ વધારે લશ્કર મોકલવાની જરૂર જોઇ નહિ નાનાસાહેબ નાસી ગયો હતો, તેના નોકરો છુપાઇ ગયા હતા. કેવળ સુબેદાર રામચદ્ર પંતનો પુત્ર નાના

નારાયણરાવ બિથુરમાં રહ્યો હતો ધોન્ડુપંતે તેને કેદ કરી રાખ્યો હતો છેવટે નાનાસાહેબના નાસી ગયા બાદ આ નાના નારાયણરાવે બ્રિટિશ સેનાપતિને બહુ મદદ કરી હતી[1] હેવલોકને નાનાસાહેબ તથા તેના સલાહકારોની નાસભાગની બાતમી આ માણસ પાસેથી મળી હતી બિથુરનો મહેલ અને નાનાસાહેબનું ઐશ્વર્ય હવે બ્રિટિશ સૈન્યના કબજામાં આવ્યું સૈનિકોએ મૂલ્યવાન ચીજો લૂટી લીધી. મહેલની પાસેના કુવામાથી નાનાસાહેબના સોના રૂપાના વાસણો મળી આવ્યા શિખોને પેશ્વા બાજીરાવની ત્રણ લાખ રૂપીઆની કિમતની રત્નજડિત મૂઠવાળી તરવાર મળી[2] આ રીતે નાનાસાહેબનો

---

૧ નાનકચંદે નાના નારાયણરાવને બ્રિટિશ સરકારના વિરોધી તરીકે સાબીત કરવાના બહુ પ્રયત્નો કર્યા છે તેણે લખ્યું છે કે નાના નારાયણરાવ નાના ધોન્ડુપંતને ગંગાનદીને સામે કાંઠે લઇ ગયો હતો. છેવટે પોતે બિથુર આવી રહ્યો હતો. × × લોકો કહેતા કે જો નારાયણરાવ બ્રિટિશ સરકારનો ખરો હિતેચ્છુ હોત તો તે અનાયાસે નાના ધોન્ડુપંતને પકડાવી શકત" આ પ્રમાણે નારાયણરાવની વિરુદ્ધ બીજી પણ ઘણી વાતો લખી છે. પણ નાનકચંદની એ વાતો પર વિશ્વાસ રાખી શકાય તેમ નથી નાનકચંદે તો લખ્યું હતું કે મેં ૧૭ મી જુલાઇએ કાનપુરની કોટવાળી નજીક સેનાપતિ હેવલોક અને નીલને જોયા હતા. પરંતુ નીલ તો ત્યારબાદ ત્રણ દિવસે કાનપુર આવ્યો હતો–Kaye, Sepoy War. Vol. II p 393 note.

૨ Martin, Indian Empire, Vol II. p 384. એવું કહેવાય છે કે નાનાસાહેબ આપઘાત કરવા માટે એક હીરો લઇ નાસી ગયો હતો પાછળથી એ હીરો તેણે દશહજાર રૂપીએ વેચ્યો હતો. Story of Cawnpur. p. 49–50.

વિશાળ મહેલ નષ્ટ થયો પેશ્વા નાનાસાહેબના પ્રાધાન્યની સમાપ્તિ સાથે તેની બધી આશા અવસાન પામી અગ્રેજો કાનપુરના અધિપતિ થયા. તેઓની ઉછૃખલ સેનાને હાથે કાનપુરના વતનીઓને અપાર દુઃખ ભોગવવુ પડયુ. એ વખતે એક બીજો કઠોર સેનાપતિ આ કરતા પણ વધારે કઠોરતા દર્શાવવા અલાહાબાદથી કાનપુર આવી પહોચ્યો.

સેનાપતિ નીલ હેવલોકના ગયા બાદ અલાહાબાદના રક્ષણનો બંદોબસ્ત કરી કાનપુર જવા માટે સૈન્ય એકત્ર કરવા લાગ્યો તેને બનારસથી સૈન્ય ન મળ્યુ. કારણ કે ત્યાના અધિકારીઓ પાસે બહુ થોડુ લશકર હતું નીલે અલાહાબાદનુ રક્ષણ કરવા માટે જે કરવું ઉચિત જણાતુ હતું, તે બધુ લખી તે લખાણવાળો કાગળ પોતાની પછી આવનાર અધિકારીને સુપરત કરવા માટે કપ્તાન હે નામના માણસને આપ્યો ૧૫ મી જુલાઇએ વડા સેનાપતિએ તાર દ્વારા તેના પર સદેશો મોકલ્યો કે "હેવલોકનુ શરીર તદુરસ્ત નથી × × જો તે કાર્ય કરવાને અશક્ત બની જાય તો તમે એમનુ કાર્ય ઉપાડી લેશો. તમારી નિમણૂક તેમની જગાએ કરવામા આવી છે. માટે તમે તમારી નીચેના અમલદારને અલાહાબાદના બચાવની સત્તા સોપી જેમ બને તેમ જલદી હેવલોકને જઇ મળો" વડા સેનાપતિનો આવો હુકમ મળતા નીલ એજ દિવસે સાજરે કાનપુર રવાના થયો તે ૨૦ મી જુલાઇએ સવારમા કાનપુર પહોચ્યો

સેનાપતિ હેવલોક નીલ કરતા વરિષ્ટ દરજ્જાનો અધિકારી હતો. એ વખતે લખનોર સિપાહીઓથી ઘેરાયું હતું, આગ્રાની પણ એવીજ દશા હતી, દિલ્હી તો સિપાહીઓનુ મુખ્ય મથક બની ગયુ હતું. આથી હેવલોક સમય ન ગુમાવતા લખનોર જવા તૈયાર થયો. તે

ગંગાની પેલીમેર જવાની તૈયારી કરવા લાગ્યો નીલે કાનપુરનો કારભાર હાથમા લીધો.

કાનપુરની ખૂનરેજીના અપરાધીઓને ખોળી કાઢી સજા કરવાનુ કામ નીલ પર આવી પડ્યુ તે અલાહાબાદના રહેવાશીઓને કેવળ ફાંસીને લાકડે લટકાવી અટક્યો હતો પણ કાનપુરમા તો ફાસીની સાથે એક નવી જાતની કઠોર સજા અમલમા મુકાઇ. બીબીઘર પાસેના જે કુવામા શબો ફેંકી દેવામા આવ્યા હતા તે કુવો પૂરી નાખવામા આવ્યો. તેનાપર કબર જેવુ ચણતર કરી લેવામા આવ્યુ પરંતુ નીલે બીબીઘર સાફ કરાવ્યુ નહિ. બીબીઘરમાનુ લોહી સાફ કરવાનુ કામ ગુનેહગારોપર નાખવામા આવ્યુ. નીલે લોહીથી ખરડાએલુ ભોંયતળીઉં અમુક વિભાગોમા વહેચી નાખ્યુ. ફાસીએ ચઢાવ્યા પહેલા એ વિભાગોમાનો એક એક વિભાગ ગુનેહગારોને સાફ કરવાનો હુકમ કરવામા આવ્યો આ બાબતમા જાતિવર્ણનો વિચાર કરવામા આવ્યો નહિ સૌ પહેલા છઠ્ઠી પાયદળ પલટણના એક જાડા સુબેદારના હાથમા સાવરણી આપવામા આવી એ સુબેદાર ઉચ્ચ શ્રેણીનો બ્રાહ્મણ હતો, તેથી તેણે આ કામ કરવાની ના પાડી. પણ પીઠપર પડતા સોટીઓના મારને લીધે છેવટે તેને એ કામ પાર પાડવુ પડ્યુ. ત્યારબાદ તેને ફાસી આપવામા આવી, અને તેનું શબ જાહેર રસ્તાની બાજુએ દાટવામા આવ્યુ થોડા દિવસ પછી બીજા કેટલાક માણસોને ગુનેહગાર તરીકે પકડવામા આવ્યા. તેઓમા એક દિવાની અદાલતનો મુસલમાન અમલદાર હતો આ માણસે પણ બીબીઘરનો એક ભાગ સાફ કરવાની ના પાડી. પરંતુ પીઠપર પડતા મારને લીધે તેને પોતાના ભાગમાં આવેલુ અસ્વચ્છ ભોંયતળીઉં જીભથી ચાટી સાફ કરવું પડ્યુ

કઠોર અંગ્રેજ વીર પુરૂષ આ પ્રમાણે કઠોરતા દર્શાવવા લાગ્યો તેણે આ સબંધમા પોતાનો અભિપ્રાય નીચે પ્રમાણે પ્રગટ કર્યો છે કે “ બસોથી વધારે બૈરાછોકરા આ સ્થળે લાવવામા આવ્યા હતા ઘણાખરા નૌકાપર માર્યા ગયા હતા કેટલાક આશ્રય-સ્થાનપર મરણ પામ્યા હતા જેઓ તાવ, તથા ઝાડાના રોગથી બચ્યા હતા, તેઓમાના બધા આ સ્થળે માર્યા ગયા હતા. × × × તેઓને પ્રથમ હલકો ખોરાક આપવામા આવ્યો હતો, તેઓની સાથે નિર્દયવર્ત્તન ચલાવવામા આવ્યુ હતું છેવટે તેઓને મેલા કપડા પહેરવા માટે આપવામા આવ્યા હતા. તેઓને નોકર ચાકરોની સગવડ આપવામા આવી નહોતી. છેલ્લે દિવસે સાયકાળ વખતે તેઓને ભોજન આપવામા આવ્યું હતું. ભોજન કરી લીધા બાદ તરત જ દુરાચારી કસાઇઓએ તેઓનો જીવ લીધો હતો. જેઓ રોગ ભોગવી મરણ પામ્યા હતા તેના શબ પાસેના કુવામા નાખવામા આવ્યા હતા આ વખતે જેઓની કતલ થઇ તેઓના શબ પણ એજ કુવામા ફેંકવામા આવ્યા મે અહીં આવી એ ઘર જોયુ તેમા ઠેકઠેકાણે સ્ત્રીઓ તથા બાળકોનો છિન્નભિન્ન પોશાક તથા જોડીઓ વેરણસેરણ થઇ પડેલ છે. માથાપરના વાળની લટો ચોમેર વિખરાતી પડી છે. જે ઘરમા તેઓના ખૂન કરવામા આવ્યા હતા, તે ઘરનુ ભોયતળીઉં લોહીથી તરબોળ બની ગયુ છે.[૧] આ

---

૧ સેનાપતિ હેવલોક સાથેના મેજર નોર્થે પણ એ સ્થાનનુ આવુ વર્ણન કર્યું છે તેઓ વેર વાળવા માટે ઉન્મત્ત બની ગયા હતા, તે આ વર્ણન પરથી સ્પષ્ટ જણાય છે Kay Sepoy War Vol. II p 398, note

દૃશ્ય જોઇ કોઇપણ માણસ રડયા સિવાય રહે નહિ. જેઓએ આ કાર્ય કર્યું છે તેના તરફ દયા દર્શાવી શકાય તેમ નથી. × × જે શિક્ષા હિંદુઓના હૃદયને અતિશય વેદના અનુભવાવે તે શિક્ષા કરવાનો મે ઠરાવ કર્યો છે × × આ સજા હિંદુઓને માટે આપત્તિજનક હોવા છતા વર્તમાન સમયને માટે બહુ ઉપયોગી છે[૧]

નીલ જ્યારે કાનપુર આવ્યો ત્યારે શિખ અને ગોરા સૈનિકો લૂટફાટ ચલાવવામા મશગુલ હતા તેના કઠોર હુકમથી સૈનિકો છેવટે આ કામ કરતા અટકયા. તેણે આ સંબધમા પોતાના એક મિત્રને જણાવ્યુ છે કે "હુ જયારથી અહીં આવ્યો છુ, ત્યારથી મારે શાતિ અને વ્યવસ્થા જાળવવા માટે ખૂબ પરિશ્રમ કરવો પડે છે હું અહીં આવ્યો ત્યારે ચોતરફ લૂટફાટ થતી હતી મે એનું નિવારણ કરવા માટે શાતિરક્ષકો નીમ્યા છે × × લશ્કરી અમલદારોના નોકરો અતિશય નફટાઇથી વર્ત્તતા હતા. તેઓ આ તોફાનમા ભળ્યા હતા તેઓમાના બધા હલકી જાતના લોકો છે તેઓ પોતાના માલીકને છોડી તેમની મિલ્કતપર હાથ મારતા હતા. જયારે કોઇપણ બદખોર પકડાય છે, ત્યારે તેને અમે સજા કર્યા સિવાય રહેતા નથી તે પોતાના બચાવમા સંતોષકારક પ્રમાણ આપી શકે નહિ કે તરત તેને ફાસીએ લટકાવી દેવામા આવે છે. જે ઘરમા ગોરાછોકરાને મારી નાખવામા આવ્યા છે, તે ઘરના ભોયતળીઆપર હજુ બે ઇંચ જાડો લોહીનો થર જામી રહ્યો છે. હું આ સ્થળ ગુનેહગારો પાસે સાફ કરાવુ છુ મેં એ ભોયતળીઆને કેટલાક ભાગોમા વહેચી નાખ્યુ છે. એકેક ભાગ મુખ્ય મુખ્ય ગુનેહગારોને સાફ કરવા માટે આપવામા

૧ Kay Sepoy War Vol II p. 398-399.

આવે છે. લોહીનો સ્પર્શ કરવો એ ઉચ્ચ શ્રેણીના હિંદીઓ માટે અતિશય ખરાબ કામ ગણાય છે. તેઓના મત મુજબ આવુ કાર્ય કરવાથી આત્મા અનતકાળ સુધી કષ્ટ ભોગવે છે. તેઓ ગમે તે ધારતા હોય પણ આવી સજા વડે એ લોકોને શકાશીલ બનાવવા એ તો મારો ખાસ ઉદ્દેશ છે."

સેનાપતિ નીલે દેશી નોકરોના વિશ્વાસઘાત સંબંધમા જે લખ્યુ છે, તેની સાબીતિઓ કોઇ પણ સ્થળેથી મળી હોય એવું જણાતું નથી આ નોકરોએ ઘેરા વખતે પોતાના માલીકોની બહુ સેવા બજાવી હતી. તેઓએ પોતાના દેહનુ બલિદાન આપ્યા છતા પોતાના માલીકનો સાથ છોડયો નહોતો વિશ્વાસુ આયાઓ પણ બાળકોને પાળવા માટે પોતાના માલીકની પત્ની પાસે સદા હાજર રહી હતી ઘણુ ખરા ઇતિહાસકારોનુ એમ કહેવુ છે કે એ આયાઓને પણ પેલા શબો સાથે પેલા ખાલી કુવામા ફેકી દેવામા આવી હતી[૧] આ પરથી સાબીત થાય છે કે નીલે કંઇપણ વિચાર કર્યા સિવાય નોકરોને બેવફામાની લીધા હતા. જેઓ થોડા પગારના બદલામા માલીકને માટે જીવ આપે તેઓના જેવુ વફાદાર બીજુ કોણ હોય! દેશી નોકરોએ આ વખતે આવી વફાદારી બતાવી હતી અંગ્રેજ સેનાપતિએ આ વખતે પોતાના મગજનું સમતોલપણુ ખોયુ હતુ અને તેને લીધે જ તે હિંદુ અને મુસલમાનોના અતકરણને દુભાવવાના સેકડો પ્રયત્નો કરતો હતો. સ્વહસ્તે પરધર્મીઓનુ લોહી સાફ કરવુ અગર જીભવડે ચાટવુ એ અતિશય ઘૃણા ઉપજાવે એવું કાર્ય છે સુધરેલા દેશના સુધરેલા સેનાપતિએ આવુ હલકુ કાર્ય

૧. Martin, Indian Empire, Vol. II p 385.

કરાવી હિંદુ મુસલમાનોના ધર્માનુગત સંસ્કારો પર સખત હુમલો કર્યો હતો એમાં કંઇ સંદેહ નથી તેણે જેઓને બંડખોર ધાર્યા હતા તેને ફાંસી આપવાથી શાંતિ માની લીધી નહોતી પણ તેણે તેઓની પાસે અતિશય નિંદનીય કાર્ય કરાવી પોતાના હૃદયની વૈરવૃત્તિ ભીષણ સ્વરૂપમાં પ્રગટ કરી હતી આ વખતે લોકો ધર્મનાશ તથા જાતિનાશના સંદેહથી બળી રહ્યા હતા તે સંદેહ સેનાપતિ નીલના આવા હુકમથી પ્રબળ થાય એમાં કંઈ નવાઇ નથી. કંઇપણ વિચાર કર્યા વગર તે હિંદની બધી પ્રજાને ઉખેડી નાખવાની પ્રતિજ્ઞા લઈ બેઠો હતો. તેણે આ કાર્ય સમયોપયોગી માન્યું હતું. તેથી તેના હૃદયમાં જરાપણ પશ્ચાત્તાપ થયો હોય એમ જણાતું નથી. તેનો સંકલ્પ તેણે ભયંકર કઠોરતાપૂર્વક અમલમાં મૂક્યો હતો.

નીલના આગમન પૂર્વે કાનપુરનું સૈન્ય પોતાની છાવણી સુરક્ષિત કરવાનો પ્રયત્ન કરી રહ્યું હતું. ઘાટથી થોડે દૂર લગભગ ૨૦૦ વાર લાંબા અને ૧૦૦ વાર પહોળા ઉચ્ચ પ્રદેશપર સૈન્યની છાવણી નાખવામાં આવી હતી. એ ઉચ્ચ પ્રદેશની આજુબાજુ ઊંચી મજબુત દિવાલ ચણાતી હતી. અસંખ્ય સ્ત્રી-પુરુષો તથા છોકરા આ કાર્ય કરવા મંડી પડ્યા હતા. હેવલોકે જે ઘોડેસ્વારોના હથિયારો ઉતારી લીધા હતા તેઓ પણ આ કાર્યમાં મદદ કરતા હતા. નીલને હેવલોકે પસંદ કરેલું આ સ્થાન આત્મરક્ષણ માટે સર્વોત્તમ જણાયું. દિવાલ બંધાતાં બહુ સમય લાગ્યો નહિ. મજુરો દરરોજ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી કામ કરતા હતા. દરરોજ તેઓને અમુક મહેનતાણું આપવામાં આવતું હતું તેઓએ એક માસ કરતા ઓછા સમયમાં સાત ફુટ

ઉચી, અઢાર ફૂટ પહોળી અને અર્ધો માઇલ લાબી દિવાલ તૈયાર કરી નાખી આ નવી દિવાલપર તોપો ગોઠવવામા આવી સેનાપતિ હેવલોકની પાસે વધારે સૈન્ય નહોતુ. તેણે કાનપુરના રક્ષણ માટે પોતાના સૈન્યમાથી એક પણ સિપાહી મૂકી જવાની ના પાડી. છેવટે કોઇ અચાનક આવી પડે એવી વિપત્તિમાથી બચાવાય માટે બહુ અનિચ્છાપૂર્વક પોતાના સૈન્યમાથી ત્રણસો સૈનિકો કાનપુર રાખી બાકીનું સૈન્ય લઇ તે લખનોગ તરફ રવાના થયો

આ પ્રમાણે અંગ્રેજોની વેરવૃત્તિએ લોહીથી ખરડાએલા કાનપુરમા શાતિ ફેલાવી અંગ્રેજો લાબા વખત સુધી કાનપુરના નામથી ચમકશે. પરતુ પૃથ્વીના ઇતિહાસમા કઇ કાનપુર એકલુ આવી ખૂનરેજી માટે પ્રખ્યાત નથી. જેના સ્વદેશ બાધવો કાનપુરમા માર્યા ગયા છે, તેઓ એમ માને કે પૃથ્વીપર આવું ભયકર કાર્ય કદી થયું નથી પરતુ તેઓની એ માન્યતાને ઇતિહાસ ખોટી પાડે છે. આવા બનાવો તો ઇતિહાસમા અસખ્ય બન્યા છે[1] જ્યા જ્યા બળવો જાગ્યો છે ત્યા ત્યા આવા બનાવો બન્યા છે. ઇ. સ ૧૬૪૧ મા આયર્લાડના પ્રોટેસ્ટટો ત્યા રોમન કેથોલિક લોકોને હાથે આ રીતે જ માર્યા ગયા હતા ફ્રાસમા સેન્ટ બાર્થલમ્યુ નામના તહેવારને દિવસે હ્યુગુઇનેટ નામના પ્રસિદ્ધ સપ્રદાયના માણસો સામા પક્ષના લોકોને હાથે આજ રીતે કતલ થયા હતા. સિસિલિની રાજધાનીમા સાયકાલીન ઉપાસના વખતે અસખ્ય ફ્રેચ સ્ત્રી પુરુષો તથા બાળકો ઉશ્કેરાએલા લોકોની તરવારના મારથી મરણ પામ્યા હતા[2] મધ્યયુગના યુરોપી ઇતિહાસમા

---

૧ Russell Diary in India, Vol. II p 163–164

૨ સત્તરમી સદીમા ફ્રાસના ઘણા લોકો કેથોલિક ધર્મ તજી

આવી અસખ્ય ઘટનાઓ બની છે વર્તમાન સમયની સુધરેલી જાતિઓના ઇતિહાસમા પણ આવા બનાવોનો ક્યા તોટો છે ?[1] જેઓના પર એકહાથે રાજ્ય કર્યું, જેઓના પર અપાર દોર ચલાવ્યો તે લોકો તરવાર લઇ સામા થાય એ અસમ્મત બગબ તો લાગે જેઓ

સુધરેલું ધર્મશાસન સ્વીકારી હુગુઇનટના નામથી પ્રસિદ્ધ થયા હતા. ઈ. સ. ૧૫૭૨ ના ઓગસ્ટ માસમા પ્રોટેસ્ટન્ટ ધર્મ પાળનાર લોકોના રાજા હેન્રિના વિવાહ વખતે તેઓમાના ઘણાખરા ફ્રાસની રાજધાની પારિસમા એકત્ર થયા હતા. ફ્રાસના રાજાએ પોતાની મા તથા ભાઇના ઉશ્કેરવાથી ૨૩ મી ઓગસ્ટે તેઓને મારી નાખવાની મજુરી આપી. ૨૪ અને ૨૫ મી ઓગસ્ટે સખ્યાબધ હુગુઇનટને મારી નાખવામા આવ્યા. આ પ્રમાણે છ અઠવાડિઆ દરમ્યાન લગભગ ૫૦૦૦ લોકોના ખૂન કરવામા આવ્યા.

ફ્રાસમાના આન્જે નામના ગામડાના ચાર્લ્સે ઇ. સ. ૧૨૬૬ મા સિસિલિનો કારભાર હાથમા લીધો. તેના કારભારથી સિસિલિના વતનીઓ બહુ ગુસ્સે થયા. સ્પેનના રહેવાશી પ્રિદોને રાજા બનાવવા માટે સિસિલિના રહેવાશીઓએ ચાર્લ્સ વિરૂદ્ધ કાવતરૂ રચ્યુ. એક દિવસ એક ફ્રેચ સૈનિકે સિસિલિની એકાદ કુલવધૂનુ અપમાન કર્યું. આથી સિસિલિના વતનીઓએ બડ ઉઠાવ્યુ ઇ સ ૧૨૮૨ ના માર્ચની ૩૦ મી તારીખે સિસિલિની રાજધાની પાલર્મોમા જ્યારે સાયકાલીન ઉપાસના કરવાનો ઘટ વાગ્યો ત્યારે ઉન્મત્ત સિસિલિના વતનીઓએ તરવારના મારથી ૮૦૦૦ ફ્રેચ સ્ત્રી, પુરુષો અને બાળકોનો નાશ કર્યો.

૧ Russell Diary in India, Vol II. p 164.

'કાળા આદમી નું ઉપનામ મેળવી સદા ઉપહાસપાત્ર થતા તેઓ પોતાના માનીકોનુ લોહી રેડવા તૈયાર થશે એવુ અગ્રેજોએ સ્વપ્નમા પણ ધાર્યું નહોતું. પરતુ છેવટે આવા લોકોના ટોળેટોળા હાથમા તરવાર લઇ કુદી પડયા. આ અણુચિતવ્યા બનાવને માટે અંગ્રેજો કાનપુરને અસાધારણ બનાવની રગભૂમિ તરીકે ઓળખાવે તો તેમા કઇ ખોટુ નથી પરતુ એક વખતે આ કાળા આદમીઓની મદદથી જ અંગ્રેજોએ હિદનુ રાજ્ય મેળવ્યુ હતુ ઇતિહાસ દર્શાવે છે કે તેઓએ અવજ્ઞાને પાત્ર કાળા આદમીઓની મદદ ન લીધી હોત તો આ વિશાળ ભરતખડ તેમના કબજામા કદી આવત નહિ જેઓએ આ પ્રમાણે ચક્રવર્તિ બનાવવામા મદદ કરી હતી તેઓના ધર્મશાસ્ત્રનો, રીતરિવાજો અને કાયમી માલેકીને માન આપવામા આવ્યુ હોત તો અમને લાગે છે કે કાનપુરમા પણ અગ્રેજોનુ રૂવાડુ ફરકત નહિ

અને નાનાસાહેબ' અગ્રેજો કદાચ હમેશને માટે નાનાસાહેબને પુરુષના આકારમા જગલી હિંસક પશુ તરીકે ઓળખાવશે પરતુ આ હિસક પશુ એક વખત તેઓ પ્રતિ કેવુ સુજનતાભર્યું વર્ત્તન ચલાવતુ હતું તે તેઓ યાદ લાવશે ખરા? આજિમઉલ્લા વગેરે વિરોધી ન થયા હોત તો કાનપુરના અગ્રેજો બીનહરકતે અલાહાબાદ જઇ શકત બડખોર સિપાહીઓ યુરોપિઅનોને કંઇ ઇજા કર્યા વિના દિલ્હી તરફ જતા હતા ત્યારે આજિમઉલ્લાની સલાહથી જ પાછા કાનપુર આવ્યા હતા આજિમઉલ્લાએ જ સતીચોરાના ઘાટપર ભયકર ખૂનરેજી કરી હતી[1] આ બાબતમા નાનાસાહેબની સમ્મત્તિ નહોતી પોતે આપેલુ વચન તૂટયુ એ વાત જાણી તેને બહુ દીલ-

1 Trevelian, Cawnpur. p 220

ગીરી થઇ હતી પરંતુ આજિમઉલ્લા વગેરે તેના વચનોની દરકાર રાખતા નહોતા અથવા તેના દુખથી દુખી થતા નહોતા[1] કાનપુરમા બનેલી બધી ઘટનાનો જવાબદાર આજિમઉલ્લા જ છે આઝમઉલ્લાની સલાહથી જ ગગાનો પ્રવાહ લાલ થયો હતો અને બીબીઘરમાના નિર્દોષ બૈરા છોકરા માર્યા ગયા હતા.[2] નાનાસાહેબ પોતાના મદદગારોને વશ હતો એક તરફથી સિપાહીઓ તેને પોતાની ઇચ્છા મુજબ ન વર્તે તો મારી નાખવાની બીક બતાવતા હતા અને બીજી તરફથી મત્રીઓ કઇ પણ પૂછયા વગર તેના નામે ભયંકર કાર્યો કર્યે જતા હતા. નાનાસાહેબ બંને બાજુના દબાણને લીધે સર્વાશે સત્તાહીન બની ગયો હતો. તે કોઇના પર દયા દર્શાવવા જતો કે તરત તેના સલાહકારો વિરુદ્ધ પડતા. કોઇ વખતે કોઇ યુરોપિઅન કેદી તરીકે તેના તબુમા

---

૧ જ્યારે ખૂનરેજી ચાલી ત્યારે નાનાસાહેબ પોતાના તબુમા હતો તેણે આ કાર્યમા સમ્મતિ આપી નહોતી. ઉલટુ તેણે તો કહ્યુ હતુ કે "મે અગ્રેજોને સુરક્ષિત સ્થળે મોકલી દેવાની પ્રતિજ્ઞા કરી છે માટે હુ તેઓના ખૂન કરવાની સમ્મતિ આપી શકુ તેમ નથી" પરંતુ બાલસાહેબ, આજિમઉલ્લાખા અને બીજી ઘોડેસ્વાર પલટણના મુસલમાનોએ તેના મત વિરુદ્ધ કાર્ય કર્યું હતુ. તેઓએ એવુ કહ્યુ હતું કે, "અમે કોઇ પણ પ્રકારનું વચન આપ્યુ નથી માટે અમે તો અમારી મરજી મુજબ વર્તીશુ." Shephard, Cawnpur Massacre, p 105

૨ Thomson, Story of Cawnpur, p 213. Comp Russell, Diary in India Vol II P. 167.

આવી ચઢતો તો તરત તેના સલાહકારો આવી એ બિચારાને મારી નાખવાનો બંદોબસ્ત કરી મૂકતા.[1] આને લીધે જ કાનપુરમા યુરોપિઅનોના લોહીનો પ્રવાહ વહ્યો હતો એવુ કહેવાય છે કે કોઇ કોઇ

૧ ૨૯ મી જુનની સવારે કેટલાક બાળકો કાનપુર પાસે વહેતી ગંગાના સામા કિનારા પર રમતા હતા. એકાએક તેઓની નજર કિનારા પર આવેલી એક ગુફામા છુપાઇ રહેલા યુરોપિઅન અમલદાર પર પડી બાળકો તેને પાસેના ગામડાના ખેડુતો પાસે લઇ ગયા ખેડુતો તેને ગામના મુખી પાસે લઇ ગયા પેલો અંગ્રેજ હિંદની કોઇ પણ ભાષા જાણતો નહોતો, એટલે તેણે લખનોર તરફ આગળી કરી પોતાને જવાનું સ્થળ દર્શાવ્યુ ગામડિઆઓએ તેને ખાવા માટે ખાડ આપી. અતિશય ભૂખ્યો હોવાથી તેણે તે બંને હાથે મુખમા નાખી દયાળુ ખેડુતોને દયા આવવાથી તેઓ તેને બચાવવાના પ્રયત્નો કરવા લાગ્યા. પરંતુ એ દરમ્યાન પાસેના ગામના જમીનદારના કેટલાક હથિયારબંધ માણસોએ આવી પેલા સાહેબને કેદ કર્યો તેઓ તેને લઇ કાનપુર આવ્યા. તેઓમાના કેટલાક માણસો નાનાસાહેબને બોલાવવા ગયા. પણ નાનાસાહેબને બદલે બાબાભટ્ટે આવી એ યુરોપીઅનને મારી નાખવાનો હુકમ આપ્યો. પણ પેલા હથિયારબંધ માણસોએ કહ્યુ કે "અમે એમ નિઃશસ્ત્ર માણસ પર હથિયાર ચલાવતા નથી. આ માણસને તરવાર આપો તે અમારા પર હલ્લો કરશે તો અમે તેના પર હલ્લો કરશુ આવી સ્થિતિમા અમે ખૂન કરવા તૈયાર નથી" એ દરમ્યાન બીજી ઘોડેસ્વાર પલટણના કેટલાક સિપાહીઓ ત્યા આવી પહોચ્યા. તેઓએ બાબાભટ્ટનો હુકમ પાળ્યો Trevelyan, Cawnpur. p 276–277.

વખતે નાનાસાહેબ જાતે ખૂનરેજી થતી હોય ત્યા હાજર રહેતો એટલુ જ નહિ પણ એ ખૂનરેજી શરૂ કરવાનો સ્વમુખે હુકમ આપતો.[1] પરંતુ ઇતિહાસકારોએ જે સ્થળે તે હાજર હતો એમ દર્શાવ્યું છે, તે જ સ્થળના બનાવો નજરોનજર જોનારાઓએ તેની હાજરી વિષે ચોકખી ના પાડી છે. તેણે કદાચ તેમ કર્યું હોય તો પણ તે વખતની તેની સ્થિતિ પર ધ્યાન આપવાની જરૂર છે મનુષ્ય જ્યારે અવસ્થા-ચક્રના આવર્ત્તનને લીધે સામા પક્ષ આગળ બધી રીતે અસહાય તથા અરક્ષણીય થઇ પડે અને વિપક્ષના હલ્લાથી જ્યારે તેનું સત્યાનાશ વળવાની શરૂઆત થાય, ત્યારે તે ઉશ્કેરણીથી અધીર બની સામા પક્ષની સાથે સંબધ રાખતી બધી ચીજોનો નાશ કરવા તત્પર થાય છે હતભાગી નાનાસાહેબની પણ છેવટે આવી સ્થિતિ થઇ હતી. ઇતિહાસમા પણ હતાશ હૃદયની આવી ગભીર ઉશ્કેરણીનુ નિદર્શન વિરલ નથી નાનાસાહેબ પોતાના મુસલમાન મત્રીની સલાહથી ઉશ્કે-રાઈ અનિવાર્ય ઘટનાને વશ થઇ પોતાનુ નષ્ટ ગૌરવ સજીવન કરવાની આશાથી અગ્રેજો સામે લડયો હતો. અંગ્રેજોને આ ભયકર અપરાધ

---

૧ એવુ કહેવાય છે કે નાનાસાહેબના બિઠુરના રાજમહેલમા મિસિસ કાર્ટર નામની એક ગર્ભવતી યુરોપિઅન મડમ હતી, એ મડમે ત્યા એક સતાનને જન્મ આપ્યો પેશ્વા બાજીરાવની વિધવા પત્નીઓએ તેની સાથે માયાળુ વર્ત્તણુક ચલાવી હતી નાનાસાહેબ જ્યારે બિઠુરથી નાઠો ત્યારે તેણે આ સ્ત્રી અને તેના બાળકને મારી નાખવાનો હુકમ આપ્યો હતો. મહેલના રક્ષકોએ એ હુકમ બરાબર બજાવ્યો હતો. Kaye, Sepoy War, Vol. II. p. 391, note

જણાય છે પરંતુ અપરાધ ભયંકર હોવા છતાં અપરાધીને સજા પણ કંઇ નાનીસુની થઇ નથી હતભાગી નાનાએ કઠોરમાં કઠોર સજા ભોગવી છે તેની મૂલ્યવાન સંપત્તિ બીજાના હાથમાં ગઇ છે, તેનો વિશાળ મહેલ નષ્ટભ્રષ્ટ થયો છે, તેની સત્તા કમળના પાંદડા પરના ઝાકળના બિંદુ સમાન ચંચળ બની ઝરી પડી છે, અને તે સગાસંબંધીઓથી વિખુટો પડી કોણ જાણે કયા ગીચ જંગલમાં મરણ પામ્યો છે તેની કોઇને ખબર પડી નથી તેના પ્રત્યે હવે શાંતિજળ વરસો, તે હવે કઠોર હૃદયી ઇતિહાસકારોના કઠોર આક્રમણથી મુક્ત થાઓ. તેની શોચનીય અવસ્થા—તેના જીવનનું શોચનીય પરિણામ લક્ષમાં લાવી તેના વિરોધીઓ હવે જરા ઉદારતા દર્શાવે એવી અમારી પ્રાર્થના છે.

પરિશિષ્ટ

(ધોન્દુપંત નાનાસાહેબને નામે અંગ્રેજો તરફ સાધારણ પ્રજાને ઉશ્કેરવા ખાતર જે જે જાહેરનામાઓ પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા, તે બધા નાના નારાયણરાવે અંગ્રેજ સેનાપતિ નીલને સોંપ્યા હતા. કે સાહેબે પોતાના ઇતિહાસમાં એ જાહેરનામા તથા હુકમો પ્રગટ કર્યા છે. તેનો સાર માત્ર અહીં આપવામાં આવ્યો છે.)

જુલાઇની ૬ ઠ્ઠી તારીખનું જાહેરનામું—

"કલકત્તાથી કાનપુરમાં હમણા એક મુસાફર આવી પહોંચ્યો છે તેણે સાંભળ્યું છે કે ટોટા પ્રચારમાં મૂકયા પહેલા હિંદુસ્થાનીઓનો ધર્મ ડુબાડવા માટે એક સમિતિ મળી હતી. સમિતિમાં એવો ઠરાવ

થયો છે કે સાત આઠ હજાર યુરોપિયન દ્વારા પચાસ હજાર હિંદુ-સ્થાનીનો નાશ કરી શકાશે અને બાકીના ખ્રિસ્તી ધર્મ સ્વીકારશે. આ ઠરાવ મહારાણી વિક્ટોરિયા સમક્ષ રજૂ કરવાને મોકલવામા આવ્યો છે મહારાણીએ પણ તેને અનુમોદન આપ્યુ છે ત્યારબાદ ફરીથી એ સમિતિ એકત્ર થઇ હતી. અગ્રેજ વેપારીઓએ આ બા-બતમા બનતી મદદ આપવાનુ કબુલ કર્યું છે. એ સભામા નક્કી થયુ છે કે હિંદુસ્થાની અને યુરોપિયન સૈન્યની સંખ્યા સરખી કરવી જોઇએ. તેથી લડાઇ વખતે કોઈ પણ જાતની ચિંતા રાખવી પડે નહિ ઇંગ્લાંડના લોકો આ ઠરાવ સાભળી ૩૫ હજારનુ લશ્કર મોકલવા તૈયાર થાય છે. તે લશ્કર ઇંગ્લાંડથી નીકળી ચૂક્યું છે. એવા સમાચાર કલકત્તા આવી પહોચ્યા છે દેશી સિપાહીઓમા ખ્રિસ્તી ધર્મ ફેલાવ-વા માટે કલકત્તાના સાહેબોએ ટોટા વહેચવાનો હુકમ આપ્યો છે. સૈનિકો ખ્રિસ્તી ધર્મમા દીક્ષિત થશે એટલે રૈયતને વટલાવતા વાર લાગશે નહિ. એ ટોટાને ગાય તથા ડુક્કરની ચરબી લગાડવામા આવી છે. જે કારખાનામા એ ટોટા તૈયાર કરવામા આવ્યા છે, તે કાર-ખાનાના બંગાળીઓ આ વાત જાણે છે તેઓમાના એકે આ વાત જાહેર કરી દીધી તેથી તેને ફાસીની સજા થઈ છે અને બીજા બધાને કેદ કરવામા આવ્યા છે. હવે સાહેબો જાતે એ બાબતની તૈયારી કરે છે. યુરોપથી સમાચાર આવ્યા છે કે ટર્કીના એલચીઓએ સુલતા-નને લખી જણાવ્યુ છે કે પાત્રીસ હજારનું લશ્કર હિંદુસ્થાનીઓને ખ્રિસ્તી ધર્મમા વટલાવવા ખાતર હિંદમા મોકલવામા આવે છે. રૂમના સુલતાને—ઇશ્વર તેનું રાજ્ય અચળ રાખો,—મિસરના શાહને એવુ ફરમાન મોકલ્યુ છે કે " આપ મહારાણી વિક્ટોરિયાના મિત્ર છો

પરંતુ અત્યારે મિત્રતા રાખવાનો સમય નથી. મારા એલચીએ લંડનથી લખી જણાવ્યુ છે કે પાત્રીસ હજાર ગોરાઓનુ સૈન્ય હિંદના લોકોને વટલાવવા ખાતર હિંદ તરફ જાય છે. માટે આ સબંધમા આપણે જે કરવું જોઇએ તે કરવામા ગફલત કરવાથી ઇશ્વર આગળ આપણે આપણું મો શી રીતે બતાવી શકીશુ આપણને પણ કદાચ એક વખતે એવી દશા વેઠવી પડશે કારણ કે અંગ્રેજો હિંદીઓને વટલાવી આપણા રાજ્યમા પણ એવો પ્રયત્ન શરૂ કરશે "

" મિસરના ખેદિવે આ ફરમાન મળતા અંગ્રેજનુ લશ્કર આવી પહોચે એ પહેલા અલેકઝાડ્રિઆમા લશ્કર એકત્ર કરી રાખ્યુ હતું. અંગ્રેજ લશ્કર નજરે પડતા જ તેણે તોપોનો સખત મારો ચલાવ્યો. તેથી એ લશ્કર સદતર નાશ પામ્યુ. ને સૈન્યમાથી કોઇ બચી શક્યુ નથી.

" કલકત્તાના અંગ્રેજો ટોટા વહેંચવાનો હુકમ જાહેર કરી સહાયકારી લશ્કરની રાહ જોતા બેઠા છે. પરતુ સર્વશક્તિમાન પ્રભુની કૃપાથી તેઓનું મદદગાર લશ્કર નાશ પામ્યુ છે એ સૈન્યનો નાશ થએલો સાભળી ગવર્નર જનરલ બહુ દુખી થયો છે અને હતાશ હૃદયે કપાળ કુટવા લાગ્યો છે

" રાત્રિ શરૂ થતા જે અતિશય ધનવાન, શક્તિમાન અને સર્વસત્તાધારી માલીક હતો, તેનું શરીર સવાગ પડના શિર વગરનું થઇ ગયુ કોઇએ તેના માથાપર મુકુટ જોયો નહિ. કેવળ સૂર્યનો એકજ ફેરો પૂર્ણ થયો તે દરમ્યાન નાદિરશા કે તેની હયાતિના ચિહ્નો હયાત રહ્યા નહિ.

પેશાના રંજિતોદ્યાનમાથી પ્રગટ કર્યું "

" કાનપુરના કોટવાળ હુલાસસિંહ તરફ "

આ વડે તમને હુકમ આપવામા આવે છે કે તમારે તમારા વિભાગના રહેવાશીઓને જણાવવુ કે જે કોઇએ અંગ્રેજોની ખુરશીઓ, ટેબલ, ટીન અથવા ધાતુના વાસણો, અસ્ત્ર, બગીગાડી, ડાકટરનો સામાન, ઘોડા અથવા રેલ્વેના અમલદારોના હથિયારો, તાર, કોટ, જામા વગેરે ઘરમા રાખ્યા હોય તો તે તુરતાતુરત બહાર કાઢી આપવા જો કોઇ એ સામાન છુપાવશે અને પાછળથી તપાસ કરતા તેના ઘરમાથી એ ચીજો પ્રાપ્ત થશે તો તેને સખત સજા થશે જો કોઇના ઘરમા કોઇ અંગ્રેજ અગર તેનુ બાળક હોય તો તેણે પૂછ્યા વગર અમને સોપી જવુ. જો કોઇ આ વાત છુપાવશે તો તેને તોપે ઉડાવી દેવામા આવશે

૨૪ મી જુન ઇ સ ૧૮૫૭

" રઘુનાથસિંહ, ભવાનીસિંહ વગેરે તરફ "

(સીતાપુરના સૈનિકદલના (૪૧ મી પાયદળ પલ્ટણ) ઓફિસરો અને અને સિકદ્રાની પહેલી ઘોડેસ્વાર પલ્ટણના નાયબ રસાલદાર વાજિદ અલિખા)

સવિનય લખવાનુ કે તમે લોકોએ પુનાઅલી સાથે જે અરજી મોકલી છે, તે અમને મળી છે. તેની વિગત અમારા જાણવામા આવી છે. તમારા સાહસ અને પરાક્રમથી અમે બહુ સતુષ્ટ થયા છીએ આપ લોકો અતિશય વખાણને પાત્ર છો. તમે લોકો તથા સાધારણ પ્રજા એવા કાર્યો સદા કરતા રહો એવુ ઇચ્છીએ છીએ અહીં આજે (૨૭ મી જુન) ગોરાલોકોએ અમારી સાથે લડાઇ કરી છે ઇશ્વરની કૃપાથી અને સર્વ સંહારક સંહારિણી શક્તિથી

તેઓ બધા નરકમા પડ્યા છે આ બનાવની ખુશાલીમા તોપોના અવાજો કરવામા આવ્યા છે તમે પણ આ બનાવના આનંદમા તોપોના અવાજ કરી ખુશાલી દર્શાવશો. તમે અવિશ્વાસી લોકો સાથે લડાઈ કરવાની અમારી પાસે મંજૂરી માગી છે, તેથી અમે બહુ ખુશી થયા છીએ, થોડા દિવસમા આ વિભાગમા શાંતિ ફેલાશે, ત્યારે જે વિજયી સૈન્ય અત્યારે એકત્ર થયું છે અને એકત્ર થતું જાય છે તે ગંગાનદી ઉતરી પેલે પાર જશે તથા હું જ્યા સુધી તેમને આવી ન મળુ, ત્યા સુધી તે સૈન્ય એ બધા લોકોને કેદ કરી રાખશે. જેમ બને તેમ જલદી આ બનાવ બનવાનો છે. તે વખતે તમે બરાબર પરાક્રમ દાખવજો યાદ રાખશો કે લોકોને બને ધર્મોપર પ્રીતિ છે તેઓને કદી હેરાન કરશો નહિ તેઓના બચાવ માટે પ્રયત્ન કરશો અને યુદ્ધ કરવાના સાધનો એકત્ર કરી રાખશો.

૪ થી જીલ્કાદ, ૨૭ મી જુન ૧૮૫૭"

"કોટવાળ હુલાસસિંહ તરફ"

"ઈશ્વરની કૃપાથી અને મહારાજના નસીબના જોરે પુના અને પત્નામા બધા અંગ્રેજોને નરકમા મોકલવામા આવ્યા છે. દિલ્હીમા પાચ હજાર અંગ્રેજો સમ્રાટના સિપાહીઓની તરવારોને ભોગ થઈ પડ્યા છે. મહારાજ અત્યારે સર્વત્ર જીત્યા છે માટે આપને હુકમ આપવામા આવે છે કે તમારે આ વિજયની ખુશાલીમા આખા શહેરમા તથા આજુબાજુના ગામડામા ઢોલ પિટાવી જાહેર કરવું કે બધા આ બાબતનો ઉત્સવ પાળે હવે બધા સંદેહનું કારણ નષ્ટ થયું છે.

૮ મી જીલ્કાદ, ૧ જુલાઈ ૧૮૫૭"

“ અયોધ્યામાં આવેલ ધુન્દિયખેરાના તાલુકદાર બાબુ રામબક્ષ તરફ ”

સવિનય નિવેદન—આપની ૬ ઠ્ઠી જીલ્કાદની (૨૯ મી જુન) એક અરજી મળી છે તે પત્રમા અગ્રેજોના ખૂન તથા એ અમલદારો સાથે આપના ભાઇ સુધાનનમિશ્રના મરણના સમાચાર છે, તથા આપ આપની પ્રગાઢ કાર્યતત્પરતાના પુરસ્કાર માટે મારી કૃપા માગો છો આપને આ વડે જણાવવામા આવે છે કે હુ આપના આ નુકસાન માટે બહુ દુખી થયો છુ પરતુ ઇશ્વરની ઇચ્છા આગળ મસ્તક નમાવ્યા સિવાય છૂટકો નથી વળી આ બનાવ (આપના ભાઇનુ મરણ) મારા માટે બનેલો હોવાથી આપનુ હમેશને માટે હુ રક્ષણ કરીશ. આપ એ બાબતમા કશો ભય રાખતા નહિ મારા રાજ્યમા આપ મારા બધુ તરીકે માન મેળવશો

૧૦ મી જીલ્કાદ, ૩ જી જુલાઇ, ૧૮૫૨ ”

કોટવાળ હુલાસસિંહ તરફ

અલાહાબાદથી યુરોપિઅન સૈન્ય આવે છે, એ ખબર સાભળી શહેરના કેટલાક માણસો ઘરબાર છોડી ગામડાઓમા જઇ રહેવા માગે છે આપને હુકમ આપવામા આવે છે કે તમારે શહેરમા જાહેર કરવુ કે અગ્રેજોને મારી હઠાવવા માટે પાયદળ, ઘોડેસ્વાર અને ગોલદાજ સૈન્ય રવાના થઇ ચૂક્યુ છે. તે સૈન્ય ફતેહપુર કે અલાહાબાદ—ગમે તે સ્થળે અંગ્રેજોના સૈન્યને જોતા જ તેને યોગ્ય શિક્ષા કરશે. બધા લોકોને નિશક ચિત્તે શહેરમા રહી ધધોરોજગાર કરવાની ભલામણ કરવામા આવે છે

૧૨ મી જીલ્કાદ, ૫ મી જુલાઇ, ૧૮૫૭ ”

સૈન્યના ઓફિસરો તરફ.

હુ આપનો ઉત્સાહ, સાહસ અને રાજભક્તિથી અતિશય સંતુષ્ટ થયો છુ. આપનો પરિશ્રમ અતિશય વખાણવા લાયક છે પગાર અને ઇનામ માટે જે નિયમો નક્કી કરવામા આવ્યા છે, તે નિયમો આપને માટે પણ નક્કી કરવામા આવશે. આપ નિશ્ચિત થાઓ તમને આપેલુ વચન પાળવામા આવશે. આજે બધુ સૈન્ય લખનોર રવાના કરવાનું છે. કાફરોની હત્યા અને તેઓને નરકમા મોકલવા માટે આપને દરેક પ્રકારની મદદ આપવામા આવશે જય મેળવવા માટે આપના ઉદ્યોગ અને સાહસપર બધો આધાર રાખવામા આવે છે. આ ફરમાન મળ્યા બાદ તમે તમારો સીલસિક્કો કરેલા પત્રદ્વારા મને આ ફરમાન મળ્યા બાબતના સમાચાર મોકલશો. તે પત્રમા તમે અવિશ્વાસી લોકોની કતલ કરવા મારી સાથે સામેલ રહેવા માગો છો કે નહિ તે પણ જણાવશો. હથિયારો માટે તમારે કશી બીક રાખવાની જરૂર નથી દારૂગોળો અને હથિયારો પુરતા પ્રમાણમા મળી રહેશે લખનોરના કોટવાળ સરફઉદ્દૌલા અને અલીબેગને આ બધા હથિયારો પુરા પાડવાનો હુકમ આપવામા આવ્યો છે. તેઓ હુકમ મુજબ બધુ કાર્ય કરશે જો તેઓ પોતાનુ કર્તવ્ય ન બજાવે તો મને ખબર આપશો, એટલે તેઓને ભયંકર શિક્ષા કરવામા આવશે તમે બધા અપાર શૌર્ય દાખવશો તમારો જય થાઓ. તમારે કે મારે સંદેહવશ થવાની કંઇ જરૂર નથી. અહી જય મેળવ્યા બાદ એકદમ અલ્લાહાબાદ જીતવા જવાનું છે.

૧૪ મી જીલ્કાદ, ૭ મી જુલાઈ ૧૮૫૭"

કાનુનગો કલ્કાપ્રસાદ તરફ

"સવિનય નિવેદન—આપની અરજી મળી, તેમા આપે જણાવ્યુ છે કે "યુરોપિઅનોની સાત નૌકાઓ જ્યારે કાનપુરથી રવાના થઇ ત્યારે માગ માણુસોએ અમારા સૈનિકો સાથે મળી આજિજ ગામ સુધીના રસ્તા સુધી ગોળીઓ ફેંકી એ યુરોપિઅનોના ખૂન કર્યા છે. એ સ્થળે હુ જાતે તોપ લઇ સેન્યની મદદે આવ્યો હતો, અને છ નૌકા ડુબાડી દીધી હતી. કેવળ એક વાયુના વેગને લીધે સટકી ગઇ હતી." આપે મહાન કાર્ય કર્યું છે. આપના વ્યવહારથી હું ખુશી થયો છુ. ગારા રાજ્યમા આવી એકાગ્રતા અને ખ ત જગોજગ પ્રસરો આ અભિનદન પત્ર આપના તરફ કૃપા દર્શાવવા માટે મોકલવામા આવે છે. આપે એક યુરોપિઅન કેદી સાથે જે પત્ર મોકલ્યો હતો તે પણ મળ્યો છે. એ યુરોપિઅનને નરકમા મોકલવામા આવ્યો છે એથી હુ બહુ ખુશી થયો છુ.

૧૬ મી જીલ્કાદ, ૯ મી જુલાઇ ૧૮૫૭.

શિર્સૂલના થાણદાર તરફ

મહારાજ પેશ્વા બહાદુરનુ વિજયી સૈન્ય યુરોપિઅનોને અટકાવવા માટે અલાહાબાદ તરફ ગયુ હતું. હવે સમાચાર મળ્યા છે કે યુરોપિઅનોએ પેશ્વા બહાદુરના સૈનિકોને છેતર્યા છે, તેઓપર અચાનક હલ્લો કર્યો છે, તેથી પેશ્વા બહારના સૈનિકો આમતેમ વિખરાઇ ગયા છે. કેટલાક યુરોપિઅન સૈનિકો આપના વિભાગમા આવી રહ્યા છે. માટે આપને હુકમ કરવામા આવે છે કે તમારે તમારા વિભાગના અને ફતેહપુરના જમીનદારોને જણાવવુ કે બધા સાહસિક પુરૂષોએ પોતાના ધર્મનુ રક્ષણ કરવુ તથા યુરોપિઅનોને તરવાર વડે નરકમા

મોકલવાનુ કાર્ય ખતપૂર્વક કરવુ આપ જૂના અને સત્તાવાળા જમીનદારોને સમજાવી મેળવી લેશો તેઓને એકત્ર કરી યુરોપિઅનોને મારી નાખવાનુ સમજાવશો. એ ઉપરાંત જણાવશો કે મહારાજ દરેકને તેમની માગણી મુજબ સંતોષશે તથા યોગ્ય ઇનામ આપશે

૨૦ મી જીલ્કાદ, ૧૩ મી જુલાઇ ૧૮૫૭."

લખનોરમાંના ઘોડસ્વારો, ગોલંદાજ અને પાયદળ સૈન્યના બહાદુરો અને ઓફિસરો તરફ.

લગભગ એક હજાર ગોરાઓનુ લશ્કર અલાહાબાદથી કાનપુર તરફ આવે છે એ સૈન્યને અટકાવવા માટે કેટલાક સિપાહીઓ મોકલવામા આવ્યા છે. બ્રિટિશ સૈન્ય ઝપાટાબંધ આગળ વધે છે બને પક્ષની અપાર ખુવારી થઇ છે યુરોપિઅનો અત્યારે કાનપુરથી, ૭ કોશ દૂર છે. લડાઇ બહુ જ બહાદુરીથી લડવામા આવે છે. એવું સાભળવામા આવે છે કે યુરોપિઅનોનુ સૈન્ય જળ માર્ગે પણ કુચ કરી રહ્યુ છે. તેથી કાનપુર શહેરની બહાર સૈન્ય ગોઠવવામા આવ્યુ છે અહી મારૂ સૈન્ય તૈયાર છે, દૂર લડાઇ સળગી છે માટે આપ લોકોને જણાવવામા આવે છે કે જે બ્રિટિશ સૈન્ય નદીને પેલેપાર બાવીશધારા વિભાગની ઉત્તરી બાજુએ પડયુ છે. કદાચ તે ત્યાથી ગંગાનદી ઉતરવાનો પ્રયત્ન કરશે માટે તમારે બાવીશધારા આગળ તેઓને અટકાવવા કેટલુક સૈન્ય મોકલી આપવું જોઇએ. મારૂં સૈન્ય આ બાજુએથી તેમનાપર હલ્લો કરશે. આમ બને બાજુના હલ્લાથી અવિશ્વાસીઓનો સંપૂર્ણ નાશ થશે

" જો યુરોપિઅનો નાશ નહિ પામે તો તેઓ અવશ્ય દિલ્હી તરફ દોડશે કાનપુર અને દિલ્હી વચ્ચે એવુ કોઇ નથી કે જે તેઓની

સામે ટક્કર ઝીલે માટે તેઓનો પૂરેપૂરો નાશ કરવા માટે આપણે એકત્ર થવાની જરૂર છે

એવી ખબર ફેલાઇ છે કે બ્રિટિશ સૈન્ય ગગા નદીપાર ઉતરવાને સ્તેહમદ થશે. અત્યારે પણ કેટલાક અગ્રેજો બેલિગાર્ડમા રહી લડાઈ કરે છે. અહી કોઇ પણ અગ્રેજ જીવતો રહ્યો નથી યુરોપિઅનોને ચોતરફથી ઘેરી લઇ નષ્ટ કરવા માટે નદીને પેલેપાર શિવરાજપુરમા જેમ બને તેમ જલદી સૈન્ય મોકલી દેશો

૨૩ મી જીલ્કાદ, ૧૬ મી જુલાઇ, ૧૮૫૭ ”

(નાનાસાહેબને નામે પ્રચારિત આદેશપત્રોમાનુ આ ફરમાન સૌથી છેલ્લુ છે ૧૬ મી જુલાઇએ હેવલોકને કાનપુરના યુદ્ધમા જીત મળી. નાનાસાહેબ નાસી ગયો.)

પૂર્વાર્દ્ધ સંપૂર્ણ

સિપાહીઓના બળવાનો ઇતિહાસ

ભાગ ૨ જો ખંડ ૨ જો આગના ભડકા

અધ્યાય ૧ લો

પંજાબ

વિષય નિર્દેશ–પંજાબની સ્થિતિ–અફઘાનિસ્તાન સાથે સબંધ–મીયાં-મીરની ઘટના–દેશી સિપાહીઓના હથિયાર ઉતર્યા–ગોવિંદગઢ–ફિલોર–પેશાવર–નવી પલટણોનુ સગઠન–જાલંધર

બંગાળા અને વાયવ્ય પ્રાંતોમા જ્યારે સિપાહીઓ આવેશમા આવી જઇ યુરોપિઅનોનુ લોહી રેડતા હતા ત્યારે લૉર્ડ કેનિંગને પંજાબ વિષે ચિંતા થતી હતી કેવળ આઠ વર્ષ થયા મહારાજ રણજીતસિંહનું રાજ્ય કંપનિના કબજામા આવ્યુ હતું પરંતુ હજુ પંજાબની શિખજાતિનું શૌર્ય નાશ પામ્યુ નહોતું જેઓએ શિખ ખાલસા સૈન્યમા નોકરી કરી હતી એવા અનેક સૈનિકો પંજાબના ગામડાંમા વસતા હતા. એ સિવાય પંજાબમા સિપાહીઓની પલટણો પણ પુષ્કળ

હતી[૧] આ વખતે જો આ સિપાહીઓ સાથે શિખો ભળ્યા હોત તો પંજાબની સ્થિતિ નજુક બની જાત યુરોપના એક મહાન દાર્શનિકે (લૉર્ડ બેકને) લખ્યુ છે કે "કિલ્લે બંધીવાળા નગરો, અસ્ત્રશસ્ત્ર પૂર્ણ અસ્ત્રાગારો, ઝડપી ચાલના ઘોડાઓ, રથો, હાથીઓ, તોપો વગેરે સિંહનુ ચામડુ ઓઢેલા ઘેટા જેવુ છે. લોકો દઢનાસપણ અને યુદ્ધ-કુશળ ન હોય તો એ બધુ નકામુ છે." શિખો દઢનાસપણ અને યુદ્ધકુશળ જાતિ હતી લૉર્ડ હાર્ડિંજ અને લૉર્ડ ગોફે હિંદસામ્રાજ્યના સર્વોત્કૃષ્ટ સૈનિકો સાથે શિખો સામે લડાઇ કરતા ભારે નુકસાન વેઠયુ હતુ ચિલિયનવાલાના મેદાનમા તો તેને ઘેટાની પેઠે નાસી જવુ પડયુ હતુ. આ શિખોની બહાદુરીની કદી પણ ઉપેક્ષા કરી શકાય તેવુ નહોતુ સરકાર પણ તેઓની નિડરતા ભૂલી ગઇ નહોતી જો કે તેઓનો દેશ કંપનિના તાબામા આવ્યો હતો, તેઓના કિલ્લાઓ પર બ્રિટિશ વાવટો ફરકતો હતો, તેઓના હથિયારો નષ્ટ થયા હતા, છતા તેમનુ સાહસ તો જેવુ ને તેવુ કાયમ રહ્યું હતું જૂનું ગૌરવ હજુ તેમના સ્મૃતિપટ પર આલેખાઇ રહ્યું હતું પરાધીનતામા જકડાએલા છતાં તેઓ સ્વતંત્રતાનું મૂલ્ય બરાબર સમજતા હતા નૌશેરા અને ચિલિયનવાલાના રણક્ષેત્રો તેઓને પોતાના વીરત્વનું ભાન કરાવી રહ્યા હતા.

---

૧. બીજા શિખ વિગ્રહબાદ પંજાબી લશ્કરમા ૨૬ હજાર સૈનિકો હતા. તેઓમાના દશ હજાર શિખો, ૭ હજાર પંજાબી મુસલમાન, ૪ હજાર પહાડી રજપુતો, ૪ હજાર હિંદુસ્થાની અને ૧ હજાર ગુરખા હતા

આ વખતે શિખ લોકોમા બડ ઉઠાવવા જેટલુ શુરાતન હતું. ત્યાના સરદારોને બ્રિટિશ રાજ્યથી ઘણા નુકસાન થયા હતા. તેઓનો માનમરતબો, તથા સંપત્તિનો ઘણો ભાગ નષ્ટ થયો હતો તેઓ જો કે બ્રિટિશ શાસન નીચે શાતિથી દહાડા ગુજારતા હતા છતા તેઓના હૃદયમા સ્વદેશપ્રીતિના મોજાં ઉછળી રહ્યા હતા કેવળ પંજાબમા જ આવી સ્થિતિ નહોતી. પંજાબને છેડે એક બીજી લડાયક જાતિ વસતી હતી અગ્રેજો એ જાતિને કોઇ વખતે લાચ આપીને તો કોઇ વખતે ભય બતાવીને વશ રાખતા હતા ઉછૃંખલ અફગાનો સાથે શિખ લોકો મળી જાય તો તોમા પોકરાવે તેમ હતું પરતુ કાબુલનો દોસ્ત મહમ્મદ બ્રિટિશ સરકાર સાથે મિત્રતાના સબધથી જોડાએલો હતો. તે અગ્રેજો સાથે વેર બાધી તેઓ તરફથી મળતા પૈસા છોડી દેવા તૈયાર નહોતો. વળી પંજાબમા કેવળ એક જ જાતિનો વાસ નહોતો. હિંદુ, મુસલમાન અને શિખ આ ત્રણ જાતિ પંજાબની વતની હતી. શિખોની સાથે દિલ્હીના મોગલ શહેનશાહને કંઈ સબધ નહોતો. તેઓની ઉન્નતિ મોગલ સમ્રાટોના અનુગ્રહને આભારી નહોતી તેથી તેઓને મોગલો તરફ જગરે સહાનુભૂતિ નહોતી દિલ્હીનો મોગલ સમ્રાટ ઉન્નતિમા આવે કે અધોગતિના ખાડામા જઇ પડે તેમા તેઓને કશો હર્ષશોક નહોતો પંજાબની રાજધાની લાહોરમા ૯૦ હજાર માણસો વસતા હતા તેઓમાના ઘણાખરા મુસલમાન અને શિખ હતા. આ બંને જાતિમા મેળ નહોતો શિખોમાના ઘણાના હથિયારો લઇ લેવામા આવ્યા હતા તેઓ હથિયારોને બદલે હળ ચલાવતા શીખ્યા હતા. ઘણાખરા લોકોએ પોતપોતાના હથિયારો છુપાવી રાખ્યા હતા પંજાબ-કેસરીના મરણ પછી જે અધાધુંધી જામી હતી તેમાથી મુક્ત થઇ

પ્રજાનો ઘણો ભાગ શાંતિદાયક કૃષિકાર્યમા ધ્યાન આપી ગયા હતો ખેડુતોનુ શાંત જીવન ત્યાગી મુસલમાનોની ઉશ્કેરણીને વશ થઇ જંગ મચાવવાની તેઓની સહેજ પણ ઇચ્છા નહોતી. પંજાબ વીર રણજીતસિંહની ભૂમિ હોવા છતા કુસંપનું લીલાસ્થળ હતું તેથી આ વખતે ત્યા અંગ્રેજોને ઘણી અનુકૂળતા પ્રાપ્ત થઇ.

આ વખતે એક યુરોપિઅન લશ્કરની અને એક દેશી લશ્કરની પલ્ટણ લાહોરના કિલ્લાનુ રક્ષણ કરતી હતી. લાહોરથી છ માઇલ દૂર આવેલ મિયામીર નામના સ્થળે લશ્કરી છાવણી હતી એ છાવણીમા ત્રણ પાયદળ પલ્ટણો, એક ઘોડેસ્વાર પલ્ટણ, એક યુરોપિઅન પલ્ટણ અને કેટલાક યુરોપિઅન ગોલંદાજો રહેતા હતા યુરોપિઅન સૈનિકોની સંખ્યા બહુ નહોતી સરેરાશ ૪ સિપાહીઓ સામે ૧ સોલ્જર ઉભો રહી શકે એટલી યુરોપિઅન સૈનિકોની સંખ્યા હતી પંજાબનો ચીફ કમિશનર સર જોન લોરેન્સ આ વખતે રાવળપિંડીમા રહેતો હતો, તેથી ન્યાયખાતાનો કમિશનર રૉબર્ટ મોન્ટગોમરી ચીફ કમિશનરનુ કામ બજાવતો હતો

૧૧ મી મે એ મિરતના સમાચાર લાહોર આવી પહોચ્યા તેને બીજે દિવસે તારદ્વારા આથી પણ વધારે ભયંકર સમાચાર આવ્યા રૉબર્ટ મોન્ટગોમરિ ૧૧ મી તારીખે મળેલા સમાચાર પરથી કર્ત્તવ્ય નક્કી કરે તે પહેલા દિલ્હીના ભયંકર સમાચાર સાભળી સ્તબ્ધ બની ગયો મિરતના યુરોપિઅનોમાના ઘણાખરા માર્યા ગયા હતા અથવા ઘાયલ થયા હતા મોગલોની રાજધાની સિપાહીઓના હાથમા આવી હતી ત્યાના યુરોપિઅનો નાસભાગ કરતા હતા. બંડખોરોએ વૃદ્ધ મોગલ પાદશાહને સમ્રાટ બનાવ્યો હતો. આ બધી વાતો રૉબર્ટ મોન્ટગોમ-

ગિના સાભળવામા આવી પરતુ અત્યારે અનુશોચના અથવા વિસ્મય દર્શાવવા જેટલો સમય નહોતો પજાબમા સિપાહીઓની સખ્યાનો પાર નહોતો શિખ અને મુસલમાનો તો લડાયક જાતિ તરીકે પકાતા હતા તેઓની બાજુએ ઉછૃખલ પકાણો પોતાની બહાદુરી દર્શાવવાનો લાગ જોઇ રહ્યા હતા રોબર્ટ મોન્ટગોમરિ એક ક્ષણનો વિચાર ન કરતા એ બધી લડાયક જાતિઓમા પોતાનુ ગૌરવ અચળ રાખવા તૈયાર થયો લાહોરથી એક માઇલ દૂર અનારકલિ નામના સ્થળે સિવિલ સ્ટેશન હતુ રોબર્ટ મોન્ટગોમરિ એ સ્થળે બીજા રાજપુરુષો સાથે મસલત કરવા લાગ્યો તેણે ઠરાવ કર્યો કે સિપાહીઓને ગોળીઓ, દારૂ કે બદુકની ટોટી રાખવા દેવા નહિ લાહોરના કિલ્લામા વધારાનુ યુરોપિઅન લશ્કર રાખવુ આ ઠરાવને બધાએ અનુમોદન આપ્યુ રોબર્ટ મોન્ટગોમરિ એક સૈનિક પુરુષ સાથે મિયામીરની છાવણીમા બ્રિગેડિયર કાર્બટ પાસે ગયો એમ કહેવાય છે કે એ વખતે એક ભયકર તરકટની વાત તેના જાણવામા આવી હતી.

લાહોરનો કિલ્લો નગરના કોટમા આવેલો હતો યુરોપિઅન લશ્કરની એક ટુકડી, તોપચીઓની એક ટુકડી અને મિયામીરની છાવણીમા પડેલી ૨૬ મી પલ્ટણના કેટલાક સિપાહીઓ આ કિલ્લામા રહેતા હતા શહેરમા શાતિ જાળવવી અને તેજુરી સાચવવી એ આ લશ્કરનો મુખ્ય ઉદ્દેશ હતો ૨૬ મી પલ્ટણના સિપાહીઓ મે માસના પહેલા પખવાડિઆમા કિલ્લાપર પહેરો ભરતા હતા. તેઓનો વારો ૧૫ મી તારીખે પૂરો થયો એટલે ૪૯ મી પલ્ટણના સિપાહીઓએ આવી તેઓની જગા લીધી. એવું કહેવાય છે કે તરકટખોરોએ એવો સિદ્ધાત કર્યો હતો કે જ્યારે ૪૯ મી પલ્ટણના સિપાહીઓ ૨૬ મી

પલટણના સિપાહીઓની જગા સાભળવા આવે ત્યારે બંને મળી લગભગ ૧૧૦૦ માણુસો કિલ્લામા એકત્ર થશે તેઓએ તરત જ ઓફિસરો પર હલ્લો કરી કિલ્લાનો દરવાજો કબજે કરી લેવો કિલ્લામાના યુરોપિઅનોની સંખ્યા થોડી હોવાથી (તેઓની સખ્યા ૧૫૦ થી વધારે નહોતી) તેઓને અનાયાસે હરાવી શકાશે. ત્યારબાદ અસ્ત્રાગાર અને ધનાગાર કબજે કરી પાસેની હોસ્પિતાલના ખાના મકાનોને સળગાવી મૂકવા મિયામીરના સિપાહીઓ આ આગના ભડકા જોઇ હથિયારો લઈ બડ ઉઠાવશે જેલના બે હજાર કેદીઓને છોડી મૂકવામા આવશે આ પ્રમાણે બધાએ એકત્ર થઇ યુરોપિઅનોનુ કાસળ કાઢી નાખવુ મે માસની શરૂઆતમા આવુ કાવતરુ રચવામા સિપાહીઓ મશગુલ બની ગયા હતા એમ કહેવાય છે લાહોર સિવાય ફિરોજપુર ફિલોર, જાલધર અને અમૃતસરમા પણ આ કાવતરૂ વિસ્તાર પામ્યુ હતું[1] પરતુ મિયામીરની છાવણીમાના બધા સિપાહીઓ આ કાવતરામા ભળ્યા હતા તે સબધમા ગોરા પુરુષોએ કઇ મત દર્શાવ્યો નથી. એકાદ બે અસતોષી સિપાહીઓ આવો વિચાર કરે અને તેમાથી સર્વવ્યાપી તરકટનો આવિર્ભાવ થાય એ કઇ અસભવિત નથી[2] એવુ કહેવાય છે કે કમાન લોરેન્સ નામના પોલિસ તથા ઠગ વિભાગના અમલદારે પોતાના મુખ્ય મુન્શીને લાહોરના સિપાહીઓના મનના વિચારો જાણી લાવવાનુ ફરમાવ્યુ હતુ. આ મુન્સી અયોધ્યાનો આબરૂદાર બ્રાહ્મણ હતો વિશ્વાસુ અને કાર્યકુશળ હોવાથી તે ગોરાપુરુષોને પ્રિય થઇ પડ્યો હતો એ મુન્શીએ

---

૧ Martin, Indian Empire Vol. II. p 197.

૨. Ibid p 197.

તપાસ કરી એટલે તેને જણાયુ કે સિપાહીઓમા ઉંડી ઉશ્કેરણી ફેલાઇ રહી છે. તેણે આ તપાસનું પરિણામ પોતાના માલીકને જણાવ્યુ તેણે ટુંકાણમા રિચાર્ડ લોરેન્સને જણાવ્યું કે "સાહેબ મીયામીરના સિપાહીઓ સરકારના વિરોધી થઇ ગયા છે. બધા રાજદ્રોહથી પૂર્ણ બની ગયા છે. તેઓ બડ ઉઠાવવાની રાહ જુએ છે"[૧] આ વિશ્વાસુ મુન્સીએ આ રીતે પોતાની તપાસનું પરિણામ જાહેર કર્યું. મિયામિરના સિપાહીઓ શા માટે એકત્ર થયા છે, સરકારનો ધ્વસ કેવી રીતે કરવા માગે છે, તે એ ભાઇ સાહેબના વચનોપરથી સમજાતુ નથી એમ જણાય છે કે આ માણસે બે ચાર સિપાહીઓના વિચારોપરથી બધા સિપાહીઓને તેવા ધારી લીધા હશે.

આ સબધમા વડા કમિશનરની સલાહ લેવી જરૂરની હતી. પરતુ લાહોર અને રાવલપિંડી વચ્ચે તાર બધ થઇ જવાથી સર જોન લોરેન્સને આ બાબતમા કઇ જણાવી શકાયુ નહિ આથી આવુ જવાબદારીવાળું કામ પાર પાડવાનો ભાર રોબર્ટ મોન્ટગોમરિ પર આવી પડયો. મોન્ટગોમરિ પણ ખાસ સાવચેતી રાખી આ ભારે કર્તવ્ય બજાવવા તૈયાર થયો

રોબર્ટ મોન્ટગોમરિ એક સૈનિક અમલદાર સાથે મિયામીરની લશ્કરી છાવણીના અધ્યક્ષ બ્રિગેડિયર કાર્બેટ આગળ આવી પહોચ્યો. બ્રિગેડિયરે જ્યારે મિરત અને દિલ્હીના બનાવો વિષે સાભળ્યુ તથા મોન્ટગોમરિ જેવો એક મુખ્ય રાજપુરૂષ પોતાને આવી પડતી વિપત્તિનું નિવારણ કરવા માટે કઇ ઉપાય ખોળી કાઢવાનું કહેવા લાગ્યો ત્યારે તે નિશ્ચેષ્ટ રહી શક્યો નહિ. અત્યારે બહુજ સાવચેતી પૂર્વક

૧. Kaye Sepoy War Vol II p. 428.

કામ કરવાનુ હતું બ્રિગેડિયરે પણ સિપાહીઓના હથિયારો ન લઇ લેતા કેવળ ગોળીઓ, દારૂગોળો, વગેરે અપતુ બધ કરવાનુ વધારે ઉત્તમ માન્યુ એ વખતે સૂર્ય અસ્ત પામ્યો હતો માટે તે દિવસે તો કઇ કાર્ય અમલમા મૂકવામા આવ્યુ નહિ બ્રિગેડિયર આ બાબતપર ફરીથી વિચાર કરવા લાગ્યો. સદેહના હિડોળાપર તેનુ ચિત્ત હિચવા લાગ્યુ સિપાહીઓને દારૂગોળો અપાતો અટકાવવાથી બધી બીક જતી રહેશે એ તેને ખરૂ ન લાગ્યુ છેવટે તેણે ઠરાવ કર્યો કે હથિયારો લઇ લીધા સિવાય કઇ વળવાનુ નથી બ્રિગેડિયરનો ઠરાવ મોન્ટગોમરિએ કબુલ રાખ્યો આથી લાહોરના રાજપુરુષો સિપાહીઓને દારૂગોળો અપાતો ન અટકાવતા તેઓના હથિયાર તથા લશ્કરી પોશાક ઉતારી લેવા તૈયાર થયા

આ કાર્ય બહુ વિપત્તિજનક હતું જે સિપાહીઓને નિ શસ્ત્ર કરવાના હતા એ કઇ ડરપોક બાયલા નહોતા તેઓમાની ૧૦ મી પલટણ તો વીરેન્દ્ર સમાજમા અગ્રણી ગણાતી હતી. કન્દહાર અને ગિજનીની લડાઇમા તેનુ પરાક્રમ નિરખી સેનાપતિ નૉટ તેની બહુ પ્રશસા કરી હતી એ પલ્ટણે મુડકિ, ફિરોજપુર અને સોબ્રાઅનના રણક્ષેત્ર પર કપનિના પક્ષમા રહી પોતાના સ્વદેશ બાધવો સામે લડાઇ કરી હતી અને શ્રીરગપટ્ટણની લડાઇમા પોતાના દેશી બાધવના રાજ્યનું સત્યાનાશ વાળવામા બહુ આગેવાની ભર્યો ભાગ લીધો હતો. તેઓની વફાદારી અતિ પ્રશસનીય હોવાથી સરકારે તે પલ્ટણના સિપાહીઓને એક ચળકતો તારો તથા મ્હેસૂરના મુસલમાન રાજાનુ રાજકીય ચિહ્ન વાઘની નિશાનીવાળુ પગલુ છાતીપર લટકાવવાની મજૂરી આપી હતી. આવા નિપુણ વિશ્વાસુ સિપાહીઓના હથિયારો

ઉતારી લેવાનું કાર્ય અલબત બહુ સાહસિક કાર્ય ગણાય. નિઃશસ્ત્ર કર-વાનો ઠરાવ જાહેર થાય તે પછી તેમ કરતા અટકવાથી તો ઉલટી વધારે ખરાબી થવાની સભાવના હતી પરતુ મોન્ટગોમરિ કે બ્રિગેડિયર કાર્બેટ થોભે તેવા પુરુષો નહોતા, તેઓ થોડા યુરોપિઅન સૈનિકોની મદદથી બધી સિપાહી પલ્ટણને રજા આપવાને તૈયાર થયા. બીજે દીવસે (૧૩ મી મે) સવારમા કવાયતના મેદાનપર બધા સિપાહીઓને એકત્ર થવાનો હુકમ આપવામા આવ્યો નિ.શસ્ત્ર કરવાનો સંકેત જાહેર થઇ જાય નહિ તે વિષે મોન્ટગોમરિ અને કાર્બેટે બહુ સાવ-ચેતી રાખી હતી તેઓના મુખપર સંદેહજનક ચિહ્ન જણાતું નહોતુ, ચિતાનુ નામ જણાતુ નહોતુ. તેઓને ચિતાતુર દેખી લાહોરના યુરોપિઅનો ચિતાતુર બને અને તેથી સાધારણ પ્રજા ઉશ્કેરાઈ બડ ઉઠાવે એવા સદેહથી તેઓ સર્વ પ્રકારની ચિતાથી પી જઇ પ્રસન્નતાનો દેખાવ દર્શાવવા લાગ્યા. એ દિવસે (૧૨ મી મે) રાત્રે છાવણીમા સાહેબ અને મડમોનો નાચ થવાનો હતો યુરોપિઅન સૈનિકો પ્રફુલ્લ વદને ત્યા આવ્યા, મડમો પણ નાના પ્રકારના પોશાક પહેરી તે સ્થળે હાજર થઇ. નાચવાનું સ્થળ રોશનીથી શણગારવામા આવ્યું. એ રોશનીમા સૌદર્ય શાલિની નૃત્ય નિપુણ મહિલાઓ આનદપૂર્વક હરવા ફરવા લાગી. કોઇના મુખપર ચિતાની રેખા જણાઇ નહિ. આવા ભયકર સમયે પણ બધા યુરોપિયનોએ બહુજ આનદપૂર્વક નાચનો ઉત્સવ પૂરો કર્યો છાવણીના સિપાઈઓને યુરોપિઅનોને આમ આનદ કરતા જોઇ કોઇપણ તરેહની શકા થઈ નહિ. તેઓએ યુરો-પિઅનોને આનંદમા મસ્ત બની ગએલા જોવા છતા બંડ ઉઠાવી ધનાગાર કે અસ્ત્રાગાર કબજે કરવાનો પ્રયત્ન કર્યો નહિ. જો સિપા-

ગના સિપાહીઓએ બંડ ઉઠાવવાનો નિશ્ચય કર્યો હોત તો તેઓ કદીપણ આવી તક ગુમાવત નહિ.

૧૨ મી મેની રાત્રિ નિરૂદ્રગે પસાર થઈ યુરોપિઅન મહિલાઓ અને પુરૂષોના નાચમા વિઘ્ન થયુ નહિ સિપાહીઓની શાતિમા પણ ખલેલ પહોચી નહિ તેઓ પોતપોતાના કામમા ગુથાએલા રહ્યા, યુરોપિઅનો પ્રફુલ્લ હૃદયે રોશનીથી ઉજ્વળ બનેલા મકાનમા નૃત્યશીલ કામિનીઓના સૌંદર્ય સાગરમા તરવા લાગ્યા ધીમે ધીમે ઉષાનો આછો અંધકાર જતો રહ્યો, કવાયતના મેદાનપર બાલસૂર્યના કિરણો ઝબકવા લાગ્યા બ્રિગેડિઅરના હુકમથી યુરોપિઅન અને દેશી સૈનિકો મેદાનપર હાજર થયા મોન્ટગોમરિ વગેરે રાજપુરુષો પણ અનારકલિથી ત્યા આવી હાજર થયા દરેક સૈનિક પોતાના અધિનાયકના હુકમ મુજબ વર્ત્તવા લાગ્યો. સિપાહીઓ એક હારમા ગોઠવાઇ ગયા તેની જમણી બાજુએ ગોલદાજો પોતાની તોપો સહિત તૈયાર ઉભા. ૮૧ મી પલ્ટણના લગભગ ૨૫૦ ગોરા સૈનિકો તોપો પાસે તૈયાર ઉભા. આ મેદાન પર યુરોપિઅનોની સખ્યા બહુ થોડી હતી દરેક પલ્ટણ સમક્ષ બરાકપુરની ૩૪ મી પલ્ટણના સિપાહીઓમા હથિયારો પડાવી લેવાનો હુકમ વાચવામા આવ્યો. ત્યાર બાદ જે ઉદ્દેશ માટે સિપાહીઓને અત્રે બોલાવવામા આવ્યા હતા તે પાર પાડવાની શરૂઆત થઈ દેશી પલ્ટણને આગળના ભાગમાથી પાછળ હઠી જવાનો હુકમ આપવામા આવ્યો ૮૧ મી પલ્ટણના યુરોપિઅનોને અગાઉનુ સ્થળ છોડી ઘોડેસ્વાર સૈનિકો સામે આવી ઉભા રહેવાનો હુકમ મળ્યો કેવળ ગોલદાજો પોતાની તોપો સહિત સિપાહીઓની પાછળ રહ્યા. તેઓ એ સ્થળે રહી પોતપોતાની તોપો

ભરવા લાગ્યા પોતાની પીઠ પાછળ હોવાથી આ બનાવ સિપાહીઓના જાણવામા આવ્યો નહિ ત્યાર બાદ ૨૬ મી પલટણનો લેફ્ટેનેન્ટ મોકાટ્રા નામના એક સૈનિક બ્રિગેડિયરનો હુકમ સિપાહીઓની સમક્ષ આવી હિંદુસ્થાની ભાષામા જણાવવા લાગ્યો કે " હાલના કેટલાક સ્થળોના સિપાહીઓમા વિદ્રોહના ચિહ્નો જણાય છે, એથી ઘણા ઉત્તમ સિપાહીઓનું સત્યાનાશ વળવાની તૈયારી થઇ રહી છે. મિયામીરની પલટણોએ સરકારનુ કાર્ય નિયમસર બજાવ્યુ છે. આ સૈનિકોથી પલટણ પણ વિદ્રોહી ન બને એ ખાતર એ પલટણમાના દરેક સિપાહીના હથિયારો ઉતારી લેવાનો નિશ્ચય થયો છે. માટે બધા સિપાહીઓને હુકમ આપવામા આવે છે કે તેઓએ પોતાના બધા હથિયારો ઉતારી એક સ્થળે ઢગલો કરવો "

લેફ્ટેનેન્ટ મોકાટ્રા જ્યારે ગભીર સ્વરે આ ભાષણ કરી રહ્યો હતો, ત્યારે ૮૧ મી પલટણના ગોરા સોલ્જરો બે ભાગમા વિભક્ત થઇ તોપોની બે બાજુએ જઇ ઉભા હતા જ્યારે સિપાહીઓને હથિયારોનો ઢગલો કરવાનો હુકમ થયો ત્યારે તેઓની સન્મુખ તોપો અને યુરોપિઅન સૈનિકો તૈયાર ઉભેલા જણાયા તોપચીઓ હાથમા સળગતા કાકડા લઇ તૈયાર ઉભા હતા ૮૧ મી પલટણના યુરોપિઅનોને પણ બદુકો ભરવાનો હુકમ આપવામા આવ્યો સિપાહીઓએ જોયુ કે હુકમ પાળ્યા સિવાય છૂટકો નથી. ૧૬ મી પલટણના સિપાહીઓ પ્રથમ તો ખચકાયા પણ છેવટે તેઓએ પણ કશી આનાકાની કરી નહિ. બધા સિપાહીઓએ ધીરે ધીરે બધા હથિયારો એક જગાએ મૂકી દીધા ઘોડેસ્વારોએ તરવાર સાથે પોતાના પટ્ટા છોડી આપ્યા. આ પ્રમાણે બિનગડબડે લગભગ છસો યુરોપિઅન સૈનિકો-

ની મદદથી ૨૫૦૦ સિપાહીઓના હથિયારો ઉતારી લેવામા આવ્યા જેઓએ એક સમયે સરકારની સેવામા પોતાનુ લોહી રેડયુ હતુ તેઓ અત્યારે હથિયાર વિનાના થઈ ગયા ૮૧ મી પલટણના સોલ્જરોએ સિપાહીઓના હથિયારો કબજે કર્યા, હથિયારો લઈ જવા માટે ગાડીઓ તૈયાર હતી એ ગાડીઓમા હથિયારો ભરવામા આવ્યા ગાડીઓ છાવણી તરફ ચાલવા લાગી નિ શસ્ત્ર સિપાહીઓ શાતિપૂર્વક પોનાના રહેઠાણ પર જવા લાગ્યા.

મિયામીરના વિશાળ મેદાનપર નિરૂદ્વેગે બધુ કાર્ય પાર પડયુ પણ હજુ ૨૬ મી પલ્ટણના સિપાહીઓ લાહોરના કિલ્લામા રહેતા હતા ૧૫ મી તારીખ સુધી તેમને ત્યા પહેરો ભરવાનો હતો પરતુ ૧૪ મી મેએ સવારમા કેટલાક સોલ્જરો કિલ્લામા જઇ પહોચ્યા તેઓના અધ્યક્ષ કર્નલ સ્મિથે કિલ્લામા આવી સિપાહીઓને નિ શસ્ત્ર કરવાનો બદોબસ્ત કર્યો તેણે તેઓને હથિયાર છોડી દેવાનો હુકમ આપ્યો સિપાહીઓ પોતાની સમક્ષ હથિયારબધ સોલ્જરો જોઈ ડરી ગયા એકાએક આવો હુકમ થયેલો સાભળી તેઓને બહુ ખોટુ લાગ્યુ પણ હથિયાર છોડયા સિવાય છૂટકો નહોતો તેઓ ધીમે ધીમે હથિયારો છોડવા લાગ્યા બધા હથિયારો સોપી તેઓ મિયામીરની બરાકો તરફ ચાલ્યા ગયા આ બાજુએ યુરોપિઅન સ્ત્રીપુરુષોના રક્ષણ માટે પણ પુરતો બંદોબસ્ત કરવામા આવ્યો હિદુસ્થાની પોલિસને બદલે પજાબી પોલિસ પહેરો ભરવા લાગી જુદા જુદા મથકોનો ખજાનો ખસેડી સુરક્ષિત સ્થાનોમા રાખવામા આવ્યો. સિપાહીઓના નામના જે પત્રો ટપાલમા આવતા હતા તે બધા મોન્ટગોમરીના હુકમથી વહેચવા બધ થયા જુદે જુદે સ્થળે ખબર પહોચાડવામા આવી યુરોપિઅનો પોતાનો બચાવ કરવાની

યુક્તિઓ રચવા લાગ્યા સેનાપતિ વેલેસ્લિએ ઈ સ ૧૮૦૩ મા દક્ષિણ હિંદમા કંપનિની સત્તા જમાવતી વેળા પોતાના તાબાના અમલદારોને ઉપદેશ આપ્યો હતો કે "કોઇ પણ બાબતમા સંદેહ કે ફિકરગીરીનુ ચિહ્ન બતાવશો નહિ બધા અમલદારોએ સર્વદા કર્તવ્ય પરાયણ રહેવુ અને ગમે તે ઉપાયે આવશ્યક સમાચાર મેળવવા" રોબર્ટ મોન્ટગોમરિએ પણ એ ઉપદેશ મુજબ વર્તી જુદા જુદા સ્થળોના અમલદારોને ધીરજથી કામ કરવાનો હુકમ આપ્યો તેણે બહારથી અશાન્તિના કંઇ ચિન્હો બતાવ્યા નહિ સાધારણ પ્રજાસમક્ષ ચિંતા કે નિસ્તેજપણાના લક્ષણો વ્યક્ત કર્યા નહિ તે સૈનિક વિભાગના અધિકારીઓ સાથે મસલત કરી પંજાબમા શાંતિ સ્થાપવા તત્પર થયો

મોન્ટગોમરિએ લાહોર સિવાય બીજા સ્થળોના રક્ષણનો પણ પુરતો બંદોબસ્ત કર્યો મિરતમા સોલ્જરોની સંખ્યા પુષ્કળ હતી પણ ત્યાના અધિકારીઓએ તેઓમાની એકાદ ટુકડીને પણ બીજે સ્થળે મોકલી નહોતી ત્યારે મીયામીરની છાવણીમા માંડ થોડા સોલ્જરો હતા તેઓની મદદથી સિપાહીઓને નિઃશસ્ત્ર કરવામા આવ્યા, તેમાથી થોડા સોલ્જરોને લાહોરના કિલ્લામા મોકલવામા આવ્યા અને એ સોલ્જરોમાથી થોડા સૈનિકોને પંજાબના બીજા સ્થળો માટે રૂાજલ ચાડવામા આવ્યા

લાહોરથી લગભગ ૩૦ માઇલ દૂર આવેલા અમૃતસરમા ગોવિંદગઢ નામનો કિલ્લો છે અમૃતસર શિખ લોકોનુ પવિત્ર મથક છે આ સ્થળે પવિત્ર સ્વર્ણમંદિરમા શિખ ગુરૂઓ શાંતિપૂર્વક ધર્મશાસ્ત્રની ચર્ચા કરે છે ગુરૂ ગોવિંદની વીરત્વમય પવિત્ર કથા અહીંથી

નિરતર ઘોષિત થઇ શિખોના હૃદયને અપૂર્વ નિડર બનાવે છે આખા પજાબમા કેવળ અમૃતસર સિવાય બીજા કોઇ પણ સ્થળમા શિખ ધર્મનુ પ્રાધાન્ય નથી ગુરૂ તેગબહાદુરે સ્વધર્મ માટે ઔરગજેબને પોતાનુ માથુ આપ્યુ હતુ, ગુરૂ ગોવિદસિહે તેનુ વેર વાળવા માટે ભર જુવાનીમા બધા ભોગવિલાસો તજી સ્વદેશ તથા સ્વધર્મ માટે મરવા તૈયાર થાય તેવી વીર પ્રજા ઉત્પન્ન કરી હતી અને પજાબ કેસરી રણજિતે અફગાનિસ્થાનના ગુચવાવી નાખે તેવા વાટોમા કોઇએ ન મેળવેલી એવી ફતેહ મેળવી ખાલસા સૈન્યની કીર્તિનો કળશ ચઢાવ્યો હતો. એ બધુ અમૃતસરમા પગ મૂકતા જ યાદ આવે છે સરોવરની વચ્ચે આવેલુ સુવર્ણ મન્દિર ધર્મની સાથે જાતિનુ ગૌરવ ઝળહલાવી રહ્યુ છે શિખોને અમૃતસર જેવી શ્રદ્ધા છે, તેવી શ્રદ્ધા બીજા કોઈ પણ શહેર પર નથી. આ સ્થળનો કિલ્લો ગુરૂ ગોવિદના નામપરથી ગોવિદગઢના નામથી ઓળખાય છે પ્રસિદ્ધ કોહીનૂર બ્રિટિશોના હાથમા આવ્યો તે પહેલા આ કિલ્લામા સચવાનો હતો આ કિલ્લા સાથે ગોવિદસિહનુ નામ જોડાયુ હોવાથી શિખોમા આ કિલ્લો બહુ પવિત્ર ગણાતો હતો. માટે પજાબના બીજા સ્થળો કરતા અહીં શિખો અગ્રેજો વિરૂદ્ધ હથિયારો પકડે એ વધારે સભવિત હતુ. મોન્ટગોમરિએ આ ખાતર સૌ પહેલા ગોવિદગઢના બચાવની પેરવી કરી

દિલ્હીથી તાર મળ્યો કે તરત તેણે અમૃતસરના ડેપ્યુટિ કમિશનર કૂપર સાહેબને લખ્યુ કે “ આ બાબતમા અત્યારથી જ સાવચેતી રાખવાની જરૂર છે સિપાહીઓ ઉશ્કેરાય તેવુ કંઇ કરવાની જરૂર નથી ગોવિદગઢના રક્ષણનો ભાર જે સિપાહીઓ પર મૂકવામા

આવ્યો છે તેના તરફ તીક્ષ્ણ દૃષ્ટિ રાખશો તો બસ થશે જાલંધરમાં શું બને છે તે પર બરાબર ધ્યાન આપશો.' અગાઉ કહેવાયું છે તેમ ઓગણીસમી સદીની શરૂઆતમાં સેનાપતિએ જે નીતિ ધારણ કરી હતી તેજ નીતિ મુજબ અત્યારે મોન્ટગોમરિ કામ કરવા તૈયાર થયો હતો તેના ઉપદેશ મુજબ અમૃતસરના ડેપ્યુટિ કમિશ્નરે કંઈપણ ચંચળતા કે ત્રાસના ચિહ્નો ન દર્શાવતા ધૈર્યપૂર્વક કામ બજાવવામા મન પરોવ્યુ

ગોવિંદગઢમા સિપાહીઓની સંખ્યા વધારે હતી એ સિવાય કેટલાક યુરોપિઅન ગોલંદાજો પણ ત્યા રહેતા હતા એકાએક બૂમાટો ઉઠ્યો કે લાહોરના નિઃશસ્ત્ર સિપાહીઓ ગોવિંદગઢનો કબજો લેવા આવે છે આ બૂમાટાને લીધે કૂપર સાહેબ કેટલાક વિશ્વાસુ શિખ અને ઘોડેસ્વાર સૈનિકો સાથે કિલ્લાના દરવાજાની પેલી મેર રહેવા લાગ્યા. તેના મદદગાર કમિશનર મેકનોટન સાહેબે આજુબાજુના ગામડિઆઓને એકત્ર કરી લાહોરના રસ્તાપર જોડવી દીધા આ વખતે પંજાબમા પુષ્કળ ધાન્ય પાક્યુ હતું, તેથી ખેડુતો શાતિપૂર્વક દિવસો ગુજારવા ઇચ્છતા હતા કોઈ પણ પ્રકારની ઉથલપાથલ થાય એવુ ઇચ્છતા નહોતા. તેમા પણ જાટ લોકો કે જેઓ આ ખેડુતોમા મુખ્ય હતા તેઓ બંડખોરો પ્રત્યે સહાનુભૂતિ રાખતા નહોતા ઉચ્છૃંખલ લોકોના ટોળા પોતાના હરિયાળા ખેતરો ખૂંદી નાખે એ તેઓને ગમતું નહોતું આથી મેકનોટન સાહેબે જ્યારે તેઓને શાતિ જાળવવા માટે બોલાવ્યા ત્યારે તેઓ ટોળાબંધ થઇ તેની પાસે આવી ઉભા. તેઓના હાથમા તરવાર કે બંદુક નહોતી, તેઓના શરીર પર

લશ્કરી પોષાક નહોતો, તેઓ પોતાની વપરાશમા આવતા અપૂર્વ હાથયારો લઈ સરકારી કમિશનર સાથે લાહોરના રસ્તાપર એકત્ર થયા મેકનોટન સાહેબ તેઓની મદદ વડે લાહોરનો રસ્તો રોકી ઉભા અધરાતે લાહોરના સિપાહીઓ આવે છે એવી બૂમ પડી. મેકનોટન સાહેબે સખ્યાબધ ગાડાઓ ઉપરાઉપર ખડકી રસ્તો રોકી દીધો હતો આ અપૂર્વ દિવાલની પાછળ તેના અપૂર્વ સૈનિકો હાથમા ખેતીના હથિયારો લઇ ઉભા રહ્યા થોડીવાર આવી સ્થિતિમા તૈયાર ઉભા રહ્યા છતા અમૃતસરના બ્રિટિશ રાજપુરુષોના નસીબે લાહોરના સિપાહીઓ ન આવ્યા. તેને બદલે મદદગાર મિત્રો સરકારી કમિશનર સમીપ આવ્યા લાહોરથી ૮૧ મી પલ્ટણના નાલ્જરોનો થોડો ભાગ ગોવિદગઢ તરફ રવાના કરવામા આવ્યો હતો તેઓ હવે ઝપાટાબધ મેકનોટન સાહેબ આગળ આવવા લગ્યા તેઓના આગમનથી અમૃતસરના રાજપુરુષોના હૃદય શાત થયા તેઓ સૂર્યોદય પહેલા ગોવિંદગઢ પહોચી ગયા. શિખોના પવિત્ર સ્થાનનો કિલ્લો આ પ્રમાણે કપનિની તાબામા ટકી રહ્યો.

લાહોર અને અમૃતસર સિવાય પજાબના બીજા કેટલાક સ્થળો સખ્યાબધ સિપાહીઓથી ભરપૂર હતા. તેમાના ફિરોજપુર અને ફિલોરમા દારૂગોળાનો સરજામ પુષ્કળ હતો. આ બને સ્થળે યુરોપિઅન સૈનિકો કરતા સિપાહીઓની સખ્યા વધારે હતી બને સ્થળના અધિકારીઓને સિપાહીઓ પર સદેહ આવ્યો હતો તેઓ વિપ્લવ મચવાની બીકથી ત્રાસ પામી ગયા હતા

આ વખતે ફિરોજપુરમા ૬૧ મી યુરોપિઅન પલ્ટણ, ૧૦ મી દેશી ઘોડેસ્વાર પલ્ટણ અને ૫૭ મી પાયદળ પલ્ટણ રહેતી હતી

એ સિવાય કેટલીક તોપો અને તોપોના ગોલંદાજો તરીકે પાયદળ સૈનિકો હતા. ફિરોજપુરના ઉપરિ અધિકારીઓમાના કોઇ કોઇની આ વખતે બદલી થઇ હતી, તો કોઇ પોતાના ઓદ્ધાનો ચાર્જ નવા માણસને સોંપી પેન્શન પર જવાની તૈયારી કરતા હતા. બ્રિગેડિયર ઇનેસ છાવણીનો અધ્યક્ષ હતો. તે ૧૧ મી મે એ મુલતાનથી આવી અહીંની છાવણીનો અધ્યક્ષ બન્યો હતો નાદુરસ્ત તબિયતને લીધે ડેપ્યુટિ કમિશનર મેજર માર્સડન સ્વદેશ જવાની તૈયારી કરતા હતા. તેની જગાએ કોર્ટલેંડ નામનો એક લશ્કરી અમલદાર નીમાયો હતો રાજકીય અમલદારો આ પ્રમાણે ફેરબદલી કરતા હતા એ વખતે ત્યાના સિપાહીઓમા અસંતોષ ફેલાયો.

૧૨ મી મેની રાત્રે એક કાસદ મિરત અને દિલ્હીના સમાચાર લઇ લાહોરથી ફિરોજપુર આવી પહોચ્યો. બ્રિગેડિયર ઇનેસે આ પરથી જાણી લીધુ કે ૧૨ મી મે એ લાહોરના સિપાહીઓને નિઃશસ્ત્ર કરવામા આવ્યા હશે ૧૩ મી મે એ સવારમા ફિરોજપુરના બધા સિપાહીઓને બ્રિગેડિયરે કવાયતના મેદાનપર એકત્ર કર્યા. કવાયત વખતે સિપાહીઓના હૃદયનો ભાવ જાણવા માટે આમ કરવામા આવ્યું હતુ પણ બ્રિગેડિયરને કવાયતના મેદાન પર ઉભેલા સિપાહીઓના મુખોપર નજર કરતા સદેહ ઉત્પન્ન થયો તે દિવસે બપોરે એક કાસદ મીરતનો તાર લાવ્યો બીજો કાસદ આવી પહોચવાથી બ્રિગેડિયર નિશ્ચેષ્ટ રહી શક્યો નહિ તેણે સૈનિક વિભાગના અધિકારીઓ સાથે આ બાબતમા મસલત કરી. સિપાહીઓ પર તેને જરાપણ વિશ્વાસ રહ્યો નહોતો. તેથી તેણે જેમ બને તેમ જલદી આ બધા સિપાહીઓને નિઃશસ્ત્ર કરવાનો વિચાર જણાવ્યો. પણ આ

વિચાર ઓફિસરોને યોગ્ય લાગ્યો નહિ તેઓએ આ વિચાર સામે પ્રબળ વાંધો રજૂ કર્યો બ્રિગેડિયર નવોસવો માણસ હતો માટે તે ઓફિસરોના મન વિરૂદ્ધ કંઇ પણ કામ કરવા તૈયાર નહોતો. છેવટે એવું નક્કી કરવામાં આવ્યું કે સાંજરે સિપાહીઓની બંને પલ્ટણને જુદી જુદી રાખવી બીજે દિવસે સવારમાં એ બંને પલ્ટણોના જુદી જુદી જગાએ હથિયારો ઉતરાવી લેવા.

ફિરોજપુરના અસ્ત્રાગારમાં દારૂગોળો પુષ્કળ હતો. સૌ પહેલા અસ્ત્રાગારના રક્ષણ માટે બંદોબસ્ત કરવામાં આવ્યો ૪૭ મી પલ્ટણના કેટલાક સિપાહીઓ અસ્ત્રાગારનું રક્ષણ કરતા હતા. હવે ૬૧ મી યુરોપિઅન પલ્ટણના ૧૦૦ સોલ્જરો અસ્ત્રાગાર પાસે ગોઠવાઇ ગયા. વિપત્તિની વેળા યુરોપિઅન સ્ત્રીપુરુષોને આ સ્થળે અગર છાવણીમાં જઇ આશ્રય લેવાનો સંદેશો છૂપી રીતે મોકલવામાં આવ્યો હતો આ પ્રમાણે બંદોબસ્ત કર્યા બાદ સૈનિકવિભાગના અધિકારીઓ બીજે દિવસે સિપાહીઓને જુદે જુદે સ્થળે નિ:શસ્ત્ર કરવાની પેરવી કરવા લાગ્યા પરંતુ તેઓની ઇચ્છા ફળી નહિ પાંચ વાગ્યાને શુમારે એ બંને પલ્ટણોના સિપાહીઓ જુદે જુદે સ્થળે કવાયતના મેદાનપર એકત્ર થયા ૫૭ મી પલ્ટણ તેના અધિનાયકના હુકમથી અમુક સ્થાને જઇ ઉભી ૪૫ મી પલ્ટણ બજારમાં થઇ કવાયતના મેદાન ભણી આવવા નીકળી બજારમાંથી પસાર થતા જ તે પલ્ટણના સિપાહીઓમાં ઉશ્કેરણીના ચિહ્નો જણાવા લાગ્યા તેઓને અગાઉથી અધિકારીઓના આચરણમાં શંકા પડી હતી. બજારમાંના લોકોના મુખે નાના પ્રકારની વાતો સાંભળી તેઓ બહુજ ઉશ્કેરાઇ ગયા આ વખતજ એવો બનો કે એક સાધારણ કુકથી મોટો ભડકો થાય તેમ

હતું ત્યાર બાદ જ્યારે તેઓએ બજારમાથી જતી વેળા થોડે દૂર યુરોપિઅન સૈન્ય અને તોપચીઓને અસ્ત્રાગાર આગળ ગોઠવાઇ ગએલા જોયા ત્યારે તેઓ સ્થિર રહી શકયા નહિ. તેઓમાના અનેક વિશ્વાસ-ઘાત થયો છે એવા પોકારો કરવા લાગ્યા અને પોતપોતાની ભરેલી બંદુકો સાથે અસ્ત્રાગાર તરફ દોડવા લાગ્યા. પરંતુ બધા સિપાહીઓ તેમની પાછળ દોડયા નહિ તેઓની પલ્ટણના બીજા સિપાહીઓ નિશ્ચિત સ્થળે ચાલ્યા ગયા.

અસ્ત્રાગારનો અંદરનો ભાગ બરાબર સુરક્ષિત નહોતો તેની આજુબાજુની ખાઇ સુકાઇ ગઇ હતી એટલે સિપાહીઓ એ ખાઇ સહેલાઇથી પસાર કરી શકયા તેઓ દિવાલ ઓળગી અંદરના ભાગમા કુદી પડયા. પરંતુ જે ઘરમા હથિયારો રાખવામા આવ્યા હતા તે છ ફૂટ ઉંચી દિવાલથી ઘેરાએલુ હતુ ૬૧ મી યુરોપિઅન પલ્ટણના સોલ્જરો તેના દરવાજાનુ રક્ષણ કરતા હતા. સિપાહીઓએ એ સોલ્જરો પર હલ્લો કર્યો. આ હલ્લામા સોલ્જરોનો અધ્યક્ષ ઘવાયો પણ સિપાહીઓને મારી હઠાવવામા આવ્યા પ૭ મી પલ્ટણના સિપા-હીઓ કે જે અસ્ત્રાગારનું રક્ષણ કરતા હતા તેના હથિયારો લઇ લેવામા આવ્યા. આ પ્રમાણે અસ્ત્રાગાર બંડખોરોના હાથમાથી બચ્યું. તરતજ ૬૧ મી યુરોપિઅન પલ્ટણના બીજા કેટલાક સોલ્જરોને અસ્ત્રાગારના બચાવ માટે મોકલવામા આવ્યા

અસ્ત્રાગાર તો સુરક્ષિત થયુ પણ છાવણીમા વ્યવસ્થા જાળવવાનું કામ અસાધ્ય જણાયુ. થોડા યુરોપિઅન લશ્કર વડે એકી સાથે બે બાજુનું રક્ષણ થઇ શકે તેમ નહોતું. આથી બજારમા અને છાવ-ણીમા બહુ ગડબડ મચી રહી. લોકો લૂટફાટ મચાવવા લાગ્યા. છાવ-

ણીમાના યુરોપિઅન ઓફિસરોના બંગલા, ભોજનગૃહ, ઉપાસના-મંદિર વગેરે લૂટાયા ને ભસ્મીભૂત થયા રાત્રે બંડખોર લોકોના કોલાહલ અને ગગનભેદી આગના ભડકા સિવાય બીજુ કંઇ દૃષ્ટિગોચર થયુ નહિ આ વખતે અંગ્રેજ ઓફિસરોના કુટુંબો યુરોપિઅન છાવણીમા સુરક્ષિત રહ્યા હતા બંડખોર લોકોએ એ તરફ નજર નાખી નહોતી

અત્યાર સુધી ૫૭ મી પલ્ટણના સિપાહીઓ પોતાને સ્થળે ઉભા હતા. તેઓમાના કોઇ ૪૫ મી પલ્ટણના બંડખોર સિપાહીઓ સાથે ભળ્યા નહોતા. જ્યારે સવાર પડી ત્યારે જણાયુ કે તેઓમાના બહુ થોડા ગેરહાજર રહ્યા છે. બ્રિગેડિયર ઇનેસે એ લોકોને જણાવ્યુ કે જો તમે યુરોપિઅન છાવણી આગળ ધૈર્યપૂર્વક હથિયારો છોડી દેશો તો હુ તમને રાજભક્ત માનવાને તૈયાર છુ બ્રિગેડિયરના આ વચનો પર વિશ્વાસ રાખી એ પલ્ટણનો એક ભાગ હથિયાર છોડવા માટે નિર્દિષ્ટ સ્થળે રવાના થયો બીજો ભાગ પણ તે સ્થળે જવા તૈયાર થયો. પરંતુ એ સમયે ૬૧ મી પલ્ટણના સોલ્જરો ૪૫ મી પલ્ટણના કેટલાક સિપાહીઓ વિરૂદ્ધ આગળ વધ્યા એટલે ૫૭ મી પલ્ટણના સિપાહીઓએ ધાર્યું કે એની દશા અમારી પણ થવાની આવા વિચારથી તેઓ આમતેમ દોડાદોડ કરવા લાગ્યા તેઓના ઓફિસરો તેમને શાંત રાખવાનો પ્રયત્ન કરવા લાગ્યા. તેઓને આ પ્રયત્નમાં વિજય મળ્યો ધીમે ધીમે આખી પલ્ટણ શાંત થઇ અને નિર્દિષ્ટ સ્થળે જઈ હથિયારો છોડવા લાગી. પણ ૪૫ મી પલ્ટણના સિપાહીઓ વશ થયા નહિ તેઓ અગાઉની માફક અધિરાઇથી આમતેમ ફરવા લાગ્યા બ્રિગેડિઅરે તેઓનુ અસ્ત્રાગાર નષ્ટ કરવાનો ઠરાવ કર્યો. તત્કાલ એ ઠરાવ અમલમા મૂકવામા આવ્યો. એક ભયંકર કડાકા સાથે

ફિરોજપુર કંપી ઉઠ્યુ. એક ક્ષણમા ૪૫ મી પલ્ટણના સિપાહીઓનું હથિયારો રાખવાનુ મકાન તેમાના દારૂગોળા સહિત નાશ પામ્યુ.

૫૭ મી પલ્ટણના હથિઆરો લઇ લેવામા આવ્યા અસ્ત્રાગાર નાશ પામ્યુ, અને ૧૦ મી ઘોડેસ્વાર પલ્ટણ વફાદાર રહી ત્યારે ૪૫ મી પલ્ટણના સિપાહીઓની બધી આશા નિર્મૂળ થઇ ગઇ. તેઓ હવે પોતપોતાના પોશાક તથા હથિયારો લઇ દિલ્હી ભણી દોડયા. પરતુ ૬૧ મી પલ્ટણના સોલ્જરો અને ઘોડેસ્વાર પલ્ટણ તેમની પાછળ પડી. આ બધુ લશ્કર ફિરોજપુરથી ૧૭ માઇલ દૂર સુધી ગયુ આ પ્રમાણે ૪૫ મી પલ્ટણના સિપાહીઓને નસાડી મૂકવામા આવ્યા, તેઓમાના કેટલાક પકડાયા, કેટલાક આજુબાજુના ગામડામા છુપાઇ રહ્યા અને કેટલાક દિલ્હી જઇ બડખોરો સાથે મળી ગયા

ફિરોજપુરમા શાતિ ફેલાઇ, અસ્ત્રાગાર બચ્યુ, છતા આ ઘટના લાહોરની ઘટના સાથે સરખાવતા અંગ્રેજોને માટે ગૌરવશાળી અથવા લાભજનક ગણી શકાય નહિ. ફિરોજપુરનુ અસ્ત્રાગાર સુરક્ષિત રહ્યું હતુ છતા ત્યાની બજાર લુટાઇ હતી, યુરોપિઅનોના બગલા ભસ્મીભૂત થઇ ગયા હતા, અને ૪૫ મી પલ્ટણના સિપાહીઓના દારૂગોળો રાખવાના મકાનનો નાશ થયો હતો આટલુ છતા ફિરોજપુરનું પ્રસિદ્ધ અસ્ત્રાગાર સુરક્ષિત રહેવાથી સરકારને બહુ લાભ થયો જો એ અસ્ત્રાગાર સરકારના હાથમાથી બડખોરોના હાથમા ગયુ હોત. તેમાનો ઢગલાબધ દારૂગોળો બડખોરોના હાથમા રહ્યો હોત તો દિલ્હીમા ફરીથી અધિકાર સ્થાપવાનુ કાર્ય બ્રિટિશ સરકારને માટે દુ:સાધ્ય થઇ જાત.

ફિરોજપુરની માફક ફિલોરમા પણ એક પ્રસિદ્ધ લશ્કરી છાવણી

હતી માટે ફિરોજપુરની માફક ફિલ્લોરનુ રક્ષણ કરવાનુ કામ પણ અગ ત્યનું ગણાતુ હતું ફિલ્લોરનો કિલ્લો જાલધર અને લુધિયાનાના મધ્ય ભાગમા તથા દિલ્હી જવાના રાજમાર્ગની બાજુએ આવેલો હતો કિલ્લાના અસ્ત્રાગારમા દારૂગોળો પુષ્કળ હતો કિલ્લાથી થોડે દૂર આવેલી છાવણીમા ત્રીજી પાયદળ પલટણ રહેતી હતી. ૨૪ માઇલ દૂર આવેલા જાલધરના મથકમા ૮ મી યુરોપિઅન પલટણ, એક ઘોડેસ્વાર પલટણ અને ૩૬ તથા ૬૧ મી પલટણના કેટલાક સિપાહીઓ રહેતા હતા છેલ્લી બે પલટણોના સિપાહીઓ પર અધિકારીઓને શક ઉત્પન્ન થયો હતો. પરંતુ તે શક ઉત્પન્ન થવાની પુરતી સાબીતિઓ મળી શકી નહોતી.

૧૧ મી મે એ દિલ્હી અને મિરતના બનાવના સમાચાર તાર મારફત જાલધરથી લાહોર ગયા આ સમાચાર અસ્પષ્ટ હતા તેમા અતિશયોક્તિ હશે એવુ ધારી અધિકારીઓએ કઇ તૈયારી કરી નહિ ત્યારબાદ બીજે દિવસે બધી શકા ભાગી અતિશયોક્તિની સંભાવના રહી નહિ છાવણીનો અધ્યક્ષ મુખ્ય અધિકારીઓ સાથે મસલત કરવા લાગ્યો

ફિલ્લોરના કિલ્લામા અગ્રેજી લશ્કર રાખવાનો ઠરાવ થયો રાત્રે સિપાહીઓ ન જાણે તેમ છુપી રીતે સોલ્જરોની એક ટુકડી ફિલ્લોર રવાના થઇ એ સિવાય બીજી બાબતોમા પણ બહુ સાવચેતી રાખવામા આવી યુરોપિઅનોને સુરક્ષિત સ્થળે ખસેડવામા આવ્યા તોપો તૈયાર રાખવામા આવી છાવણીનો દરેક ઓફિસર આવી પડનારી વિપત્તિ સામે લડવા તૈયાર થઇ રહ્યો તેઓ પ્રતિક્ષણે ભયકર પ્રકોપ ફાટી નીકળવાના ચિહ્નો નિહાળવા લાગ્યા થોડો કોલાહલ થાય,

કોઇ કોઇપણ કારણસર ઉતાવળે કદમે દોડાદોડ કરે તો તેઓ માની લેતા કે બહારવટીઓ આવી પહોંચ્યા છે, હમણા અમારા બૈગ છોકરા પર હલ્લો થશે તેઓ રાત દહાડો આવી શકામા ને શકામા કાળ ગાળવા લાગ્યા તોપોની પાસે પથ્થરોના ઢગ તૈયાર રાખવામા આવ્યો હતો. જો ઘોડેસ્વાર સૈન્ય તોપો કબજે કરવા આવે તો આ પથ્થરોનો ઉપયોગ કરવાનુ ધાર્યું હતું પણ જાલધરમા કઇ ન બન્યુ. ઓફિસરો ધીમે ધીમે શાંતિપૂર્વક કર્તવ્ય બજાવવા લાગ્યા.

ફિલોરના અંગ્રેજ સેનાનાયકે પણ પોતાના બચાવની તૈયારીઓ કરવા માંડી એક તારખાતાના અધિકારીની મદદથી કિલ્લામા તાર ઓફિસ ઉઘાડવામા આવી કિલ્લામા બેઠા બેઠા સીધા જાલધરના લશ્કરી અમલદારો સાથે વાતચીત થવા લાગી. થોડીવારમા જાલધર-થી સોલ્જરોની ટુકડી રવાના થયાના સમાચાર મળ્યા. આથી ફિલોરનો લશ્કરી વડો બહુ સતુષ્ટ થયો કિલ્લામા જેટલા અગ્રેજો હતા તેઓને સજ્જ થવાનો હુકમ આપવામા આવ્યો. અગ્રેજોના મુઠીભર સૈનિકો સજ્જ થઇ કિલ્લાનો બચાવ કરવા તૈયાર થઇ રહ્યા સાજ પડી એટલે કિલ્લાના બારણા બધ કરવામા આવ્યા, યુરોપિઅન સૈનિકો વારાફરતી દરવાજાપર પહેરો ભરવા લાગ્યા કોઇ કોઇ દિવાલ પર ચઢી દૂર આવેલી છાવણીના સિપાહીઓ પર બારીક નજર રાખવા લાગ્યા. પરતુ દૈવયોગે છાવણીમા તો સપૂર્ણ શાંતિ છવાઇ રહી હતી કિલ્લામા પણ શાંતિ જળવાઈ રહી હતી. રાત્રિ પસાર થઇ. સવારમા મદદગાર લશ્કર આવી પહોચ્યુ. ફિલો-રના યુરોપિઅનો તેઓના આગમનથી બહુ રાજી થયા કિલ્લાનો દરવાજો ઉઘાડવામા આવ્યો. જાલધરના દોઢસો સોલ્જરોએ કિલ્લાનું

રક્ષણ કરવાની જવાબદારી સ્વીકારી લીધી. ફિલ્લોરનો કિલ્લો અંગ્રેજોના તાબામા રહ્યો જાલધરના અધિકારીઓએ છાવણીના દેશી સિપાહીઓને નિ શસ્ત્ર કરવાનુ ઉચિત ધાર્યું નહિ કારણકે જાલધરની આજુબાજુ પુષ્કળ છાવણીઓ હતી જો જાલધરના સિપાહીઓને નિઃશસ્ત્ર કરવામા આવે તો હોશિયારપુર, કાગારા, નૂરપુર અને ફિલોરના સિપાહીઓ પોતાના નિ શસ્ત્ર બાંધવોની મદદમા સરકાર સામે હથિયારો ઉપાડવા તૈયાર થાય એવો સભવ હતો આ વખતે એક તરુણ શિખ રાજાએ જાલધરના અગ્રેજ રાજપુરુષોને બહુ મદદ કરી હતી કપુરથલાના મહારાજા રણધીરસિહની મદદ વિના જાલધરના અગ્રેજોને બહુ વેઠવુ પડત ઈ સ ૧૮૪૬ મા જાલધર દોઆબ તાબામા લેતી વેળા કપનિએ કપુરથલાના રાજ્યનો થોડો ભાગ દબાવ્યો હતો. રણધીરસિંહ ઇ સ ૧૮૫૩ મા કપુરથલાની ગાદી પર બેઠો હતો આ વખતે તેની ઉમર માત્ર ૨૬ વર્ષની હતી આટલી નાની ઉમરમા પણ તેનામા અસાધારણ કર્તવ્યનિપુણતા, ધીરજ અને સહનશીલતા હતી કપનિએ પોતાના રાજ્યનો થોડો ભાગ દબાવ્યો છતા તે આ વખતે તેની વિરુદ્ધ પડ્યો નહિ. જાલધરના અગ્રેજ અધિકારીઓએ જ્યારે મહારાજા રણધીરસિહની મદદ માગવા પોતાનો દૂત કપુરથલા મોકલ્યો, ત્યારે રણધીરસિહ જાત્રા કરવા માટે હરદ્વાર ગયા હતા. તીર્થ કરી પાછા ફરતી વેળા તેઓ ૧૧ મી મે એ ફિલોર આવી પહોચ્યા એ વખતે તેના કારભારીએ પણ ત્યા આવી અગ્રેજ અધિકારીઓએ માગેલી મદદ બાબત મહારાજ સાથે વાતચીત કરી. મહારાજ રણધીરસિહ તરત જ જાલધર ગયા તેના બધા માણસો અગ્રેજોની સેવામા હાજર થયા.

તે સિવાય તેણે પોતાના પાચસો સૈનિકો સાથે બે તોપો જાલધરના ડેપ્યુટિ કમિશનરને સોપી દીધી. એ બને તોપો સિપાહીઓનો હલ્લો અટકાવવા માટે યોગ્ય સ્થળે ગોઠવવામા આવી. સૈનિકો જેલ અને બીજા કેટલાક સ્થળોનો બચાવ કરતા ગોઠવાઇ ગયા આ સિવાય બીજા ઘણા રાજાઓએ પોતાનું સૈન્ય અગ્રેજોની સેવામા સોપી દીધું હતું.

પજાબના છેડા પર એક સ્થાન આવેલુ હતું એ સ્થળે સેકડો સિપાહીઓ રહેતા હતા છાવણીના મજબુત કિલ્લામા પુષ્કળ હથિયારો હતા. આ સ્થળ સૈનિકોમા અતિ પ્રખ્યાત હતું આ સ્થળ અગાઉ અફગાનોના કબજામા હતું. નૌશેરા પામેના ખેરાઇ નામના સ્થળે પજાબ કેસરીએ પોતાના અસાધારણ રણકૌશલ્યથી અને સરદાર ફુલાસિહના અપાર પરાક્રમથી અફગાનોને હરાવી આ સ્થળે શિખોનો વાવટો ઉડતો કર્યો હતો જ્યારે શિખ રાજ્ય અગ્રેજોના કબજામા આવ્યુ ત્યારે આ સ્થળ પણ કપનિના લશ્કરનું મુખ્ય મથક થઇ પડયુ. અફગાનો આ સ્થળના બચાવ માટે રણુજિતસિહનો વ્યૂહ ભેદવા આગળ વધ્યા હતા, પણ ફુલાસિંહની અસાધારણ શક્તિથી માર ખાઇ આ સ્થળે સદાને માટે શાતિમા સૂતા હતા. ફુલાસિંહ પોતે આ સ્થાન કબજે કરવામા અસાધારણ વીરત્વ બતાવી સ્વર્ગે સહાર્યો હતો, અફગાનિસ્તાનના લોકો આ સ્થળની લડાઇ કદી ભૂલી શકે તેમ નથી. રણુજિત ગયો, તેનું રાજ્ય ગયું પણ અફગાનોની સ્મૃતિ ગઇ નથી અફગાનિસ્તાનમા સેંકડો રાજ્યપરિવર્તનો થયાં પણ બ્રિટિશહિંદની સીમા પર આવેલુ પેશાવર પરલોકગત અફગાન-વીરોની અસાધારણ આત્મત્યાગ અને વીરત્વના નિદર્શન સ્વરૂપ બની હજુ સુધી અફગાન પ્રજાના હૃદયમાં આલેખાઇ રહ્યું છે.

પેશાવર સિંધુનદીથી ચાળીસ માઇલ અને ખાઇબર ઘાટથી દશ માઇલ દૂર આવેલુ છે. આ શહેરનો હિંદ સામ્રાજ્યમા સમાવેશ થતો હોવા છતા તેમા અફગાનિસ્તાનની છાયા સ્પષ્ટ જણાઇ આવે છે અફગાનિસ્તાનના શહેરોની માફક આ શહેરના રાજમાર્ગો ઝાડોની હારથી સુંદર દેખાય છે અફગાનિસ્તાનમા નીપજતા ફળો પેશાવરમા પુષ્કળ વેચાય છે અફગાનિસ્તાનની સ્ત્રીઓની પેઠે અહીની સ્ત્રીઓમા પણ પડદાનો રિવાજ છે તે ઉપરાત અહીના રહેવાશીઓ સાથે અફગાનિસ્તાનના રહેવાશીઓનુ એટલુ મંનુ આકૃતિગત સાદૃશ્ય છે કે ધ્યાનપૂર્વક અભ્યાસ કરનારને આ શહેર અફગાનિસ્તાનનો એક વિભાગ હોય એવુ જણાય છે પેશાવરની છાવણી હિંદની બીજી છાવણીઓના જેવી જ હતી એના કવાયતના મેદાન પર છ હજાર સિપાહીઓ કવાયત કરી શકતા છાવણીમા દિવાલબંધીવાળા મકાનો અને સીધાસટ રસ્તા હતા યુરોપિઅન ઓફિસરોને માટે લાલ રગના મકાનો હતા અને સિપાહીઓને માટે માટીની દિવાલવાળા ઘાસના છાપરાથી ઢકાએલા સ્વચ્છ મકાનો હતા. આ શહેરમા આગ્રાની પેઠે સખ્યાબંધ ધર્માંધ મુસલમાનો રહેતા હતા પેશાવરનુ બજાર ઉચ્છૃંખલ લોકોથી ભરપૂર હતું પેશાવરની બહાર ૨૫૦૦ ગોરા સોલ્જરો અને ૧૦,૦૦૦ સિપાહીઓ શાતિ જાળવતા હતા.

પેશાવર બીજા વિભાગોની માફક સુરક્ષિત છતા વધારે ભયજનક હતું. અહીંના બધા સિપાહીઓ બડ ઉઠાવે તો તેને થોડા સોલ્જરો વશ રાખી શકે તેમ નહોતું એ સિવાય સરહદ પર જે તોફાની જાતો વસતી હતી તે બધી સિપાહીઓ બડ ઉઠાવે તો તેને મદદ આપવા તૈયાર હતી. ભયકર વિપ્લવસાગરના બે મોટા તરગો

જો અહીં અંગ્રેજો સામા ઉઝગન તો ૨૫૦૦ સોલ્જરોનો ભાર નહોતો કે તેઓ એ તોફાનની ગતિ અટકાવી શકે

તોફાની જાનો સિવાય બ્રિટિશ સરકારને એક બીજો સંદેહ ઉત્પન્ન થયો હતો ખાઇબર ઘાટની પેલેપાર કાબુલ અને કંદહારમા અફગાનો વસતા હતા. અફગાન અમીર દોસ્તમહમદ જો કે અંગ્રેજોના પૈસાના બદલામા મિત્રતા જાળવી રહ્યો હતો છતા તેના હૃદયમા પેશાવર ખટકતુ હતું. પેશાવર માટે નૌશેરા પાસેના મેદાનમા અફગાન વીરોએ આપેલા બલિદાનો તે વીસરી ગયો નહોતો જો કે અત્યારે શિખોનુ રાજ્ય નહોતું, અંગ્રેજોએ કબ્જે પેશાવર માટે અફગાનોના જીવ લીધા નહોતા, છતા પોતાનું શહેર પાછુ મેળવવા માટે પ્રયત્ન કરવાની ચેષ્ટા તેણે છોડી દીધી નહોતી. જે પશ્ચાત્તાપનો અગ્નિ તેના હૃદયમા બળતો હતો એ અગ્નિ તેને પેશાવર જીતવાને માટે ઉશ્કેરત. પેશાવર કબજે કરવાનો આવો પ્રયત્ન વિપત્તિપૂર્ણ અને અપરિણામદર્શિતા મૂલક ગણી શકાત પરતુ જ્યારે હિંદના મોટા મોટા શહેરોમા ભયંકર પ્રકોપ ફાટી નીકળ્યો હતો, જેઓ કંપનિનો જમણો હાથ હતા તેઓ કંપનિનો નાશ કરવા તત્પર થયા હતા તેવે વખતે લાબી નજરને બદલે તાત્કાલિક લાભ તરફ લાગણી ખેચાઇ જાય એ તદ્દન સ્વાભાવિક છે. જો આ વખતે પેશાવરની છાવણીના બધા સિપાહીઓ બંડ ઉઠાવત, અફગાન અમીર પોતાની ઇચ્છા તૃપ્ત કરવા તેઓને મદદ કરત, અને જગલી જાતિઓના ટોળેટોળા બ્રિટિશ મુલક પર ઉતરી પડત, તો મુઠીભર સોલ્જરો તેઓને અટકાવી શકત નહિ. કદાચ પેશાવર આગળ જ એ બધા સોલ્જરોની કબર થાત. અમીર જો જેહાદ પોકારત તો સમગ્ર આર-

ગાનિસ્તાન રણુવેશ ગ્રહણુ કરત અફગાનો કઇ અગ્રેજ જાતિસમક્ષ પ્રીતિના બધનથી જોડાએલા નહોતા જેઓએ એક સમયે તેઓને હરાવ્યા હતા, તેઓના શોભામય દ્રાક્ષના વનોનો નાશ કર્યો હતો, તેઓની મહિમામય રાજધાનીની મહત્તાનો નાશ કર્યો હતો તેઓ આ વખતે તેઓની કૃપા માગવાના અધિકારી થઇ શકત નહિ. જો આવુ બન્યુ હોત તો ભવિષ્યનો ઇતિહાસ કેવો લખાત તે કહેવુ મુશ્કેલ થઇ પડત એક સામાન્ય અસાવધાનતાને લીધે આવુ ભયકર પરિણામ આવી શકત જુદી જુદી જ ગણી જાતિઓ એકત્ર થઈ હોત, અફગાનોએ પોતાની અર્ધચદ્રના ચિહ્નવાળી પતાકા ઉડાડી હોત તો ખચિત પેશાવર અગ્રેજોના હાથમાથી જાત. આ ભયકર બનાવ જણાવવાને એક પણુ અગ્રેજ જીવતો રહેત નહિ. પેશાવરની સાથે પજાબ પણુ કંપનિના કબજામાથી જાત આમ હોવાથી પેશાવર પર બધા માણસોની નજર ચોટી રહી હતી ઉત્તર હિદના લોકો પેશાવરની હકીકત જાણવાનો આગ્રહ દર્શાવતા હતા કોઇની સાથે મુલાકાત થતા જ તેઓ પેશાવરના સમાચાર પૂછતા હતા. પેશાવરના સમાચાર જાણુવા ખાતર હિદીઓ કેવો આગ્રહ રાખતા હતા તે નીચેની એક વાત પરથી બરાબર સમજાશે

જુન માસના વચલા ભાગમા અમૃતસરમા એવા સમાચાર આવ્યા કે સેનાપતિ વિલ્સન સિધુનદીને કિનારે બે વાર જીત્યો છે, અને ત્યાથી તે અબાલાના લશ્કરને જઇ મળ્યો છે આ એકત્ર સૈન્યની બહાદુરીથી સિપાહીઓ નાઠા છે સવારમા આ સમાચાર અમૃતસર આવી પહોચ્યા. બરાબર તે જ વખતે રાજાસાહેબ દયાળ નામના એક કુલીન શિખ સરદારે શિષ્ટાચાર ખાતર અમૃતસરના

એક મુખ્ય અધિકારીની મુલાકાત લીધી. લડાઈમા જીત મળ્યાના સમાચારથી અધિકારી સાહેબ ખુશમિજાજમા હતા. તેમણે આ વાત રાજામાહેબને જણાવી. પરંતુ પેલા સરદારે તે તરફ ધ્યાન આપ્યુ નહિ. અમૃતસરના અંગ્રેજો જે સમાચાર સાભળી આનદ દર્શાવતા હતા તે તરફ લક્ષ ન આપતા પેલા સરદારે તે અધિકારીને આગ્રહપૂર્વક પૂછ્યુ કે " સાહેબ, પેશાવરના શા સમાચાર છે ? " પેલા અધિકારીએ કહ્યુ, " ત્યાના સમાચાર બહુ સારા છે, ત્યા શાન્તિ છે " સરદારે ગભીર મુખે કહ્યુ, " આપે હમણા જે સમાચાર આપ્યા તે સૌથી ઉત્તમ છે." શિખ સરદારના આ વચનો સાભળી પેલા અધિકારીને નવાઇ લાગી તેણે તેને પૂછ્યુ " આપ દરરોજ મને પેશાવર વિષે કેમ પૂછો છો ?" શિખ સરદારે આ પ્રશ્નનો જવાબ એકદમ આપ્યો નહિ તેણે ગભીરપણે પોતાની શાલનો છેડો પકડયો, અને તેનો એક ભાગ આગળીઓ વડે ફેરવવા લાગ્યો ત્યારબાદ અગાઉની માફક ગભીરપણે કહેવા લાગ્યો, " જો પેશાવર આપના અધિકારમા રહેશે તો ઠીક છે, નહિ તો આખું પંજાબ વિદ્રોહના વાવાઝોડામા આ શાલના છેડાની પેઠે ઘૂમશે ?" શિખ સરદારના આ વચનો સાચા હતા જો સિપાહીઓ વ્યવસ્થાપૂર્વક લડાઇ કરત, અંગ્રેજો જો તેઓનો હલ્લો ખાળી શકત નહિ તો કદાચ આખુ પંજાબ ભયંકર વાવાઝોડામા સપડાત. પેશાવર ફિરંગીઓની વિરુદ્ધ ઉઠયુ હોત તો સુસાફજિ, આફ્રીદિ અફગાન વગેરે એકત્ર થઇ અપાર નિડરતા દાખવી અંગ્રેજો સામા જંગ મચાવત. અંગ્રેજો એ સૈન્યની ગતિ અટકાવી શકત નહિ. પંજાબ રેલાઇ જાત, અને મોગલોની રાજધાનીવાળી દુર્ભેદ્ય દિલ્લી પણ કાંપી ઉઠત.

આ વખતે પેશાવરમા સોલ્જરોની ૭૦ મી અને ૮૧ મી પલ્ટણુ, તોપરક્ષક સૈનિકોની બે ટુકડીઓ અને બીજી ત્રણ છૂટક ટુકડીઓ મળી ૨૦૦૦થી વધારે સોલ્જરો નહોતા એથી ઉલટુ ૨૧મી, ૨૪મી, ૨૭મી, ૫૧મી, અને ૫૪મી પલ્ટણના સિપાહીઓની સખ્યા પુષ્કળ હતી એ સિવાય ઘોડેસ્વાર સૈનિકો પણ હતા. બધા મળીને લગભગ ૭૬૦૦ દેશી સિપાહીઓ હતા. કર્નલ નિકલ્સન અને મેજર એડવર્ડસ આ વિભાગના અધિકારીઓ હતા. બ્રિગેડિયર સિડની કૉટન છાવણીનો અધ્યક્ષ વતો.

૧૨મી મેએ દિલ્હીના સમાચાર પેશાવર આવી પહોચ્યા એકાએક આ વિપ્લવના સમાચાર સાભળી નિકલ્સન અને એડવર્ડસ ચિતાતુર બન્યા સેનાપતિ રીડ અને બ્રિગેડિઅર કૉટન પણ આ સમાચાર સાભળી ગમગીન બની ગયા. પેશાવરથી થોડ દૂર ચેમ્બરલેન નામનો એક હોશિયાર સૈનિક પડાવ નાખી પડયો હતો બ્રિગેડિયરે આવા સંકટના વખતમા પેશાવરનો બચાવ કરવા માટે તેની સાથે મસલત કરવાની જરૂર જોઇ તેને બોલાવ્યો ચેમ્બરલેન તરત જ પેશાવર આવી પહોચ્યો.

૧૩ મી મેએ ચેમ્બરલેનના આવ્યા બાદ એક કે બે કલાકે સેનાપતિ રીડના બગલામા અધિકારી મડળ એકત્ર થયુ. શાસન વિભાગના અને લશ્કરી વિભાગના દરેક મુખ્ય અધિકારીઓ આ વખતે અહીં આવી પહોચ્યા હતા આ સભામા એવુ ઠરાવવામા આવ્યુ કે આ ગડબડના સમયમા પજાબના શાસનવિભાગના તથા લશ્કરી વિભાગના અમલદારોએ એક જ સ્થળે રહેવાની જરૂર છે. સેનાપતિ રીડને સમગ્ર સૈનિક ટુકડીઓનો અધ્યક્ષ બનાવવો. તેને રાવલપિંડી અથવા બીજુ જે સ્થળ

યોગ્ય જણાય ત્યા વડા કમિશ્નર પાસે રહેવુ વડા કમિશનરે અને વડા સેનાપતિએ એક સ્થળે રહી એકમત થઇ બધુ કાર્ય કરવુ. આ વખતે લશ્કરી વિભાગના મુખ્ય અધિકારીઓની સત્તા સર્વોપરિ રાખવાનુ કાર્ય તદ્દન અવશ્યનુ થઇ પડયુ હતું. રણકુશળ વીરપુરુષો જેના વડે દોરાતા હોય તેની સત્તામા હાથ નાખવો એ ઉચિત નહોતુ સેનાપતિની મહત્તા અને રાજ્યશાસન વિભાગના વડા અમલદારને બધી બાબતમા એકતા જાળવતા જોઇ લોકમા બ્રિટિશ સત્તા વિષે સારી છાપ પડે એવો સંભવ હતો. રાજ્યના શાસન-વિભાગના વડાને સેનાપતિ સાથે મનભેદ પડે તો લોકોને લશ્કર પર જરા પણ આસ્થા રહે તેમ નહોતુ તેઓ કદાચ સેનાપતિને સત્તા વગરનો જોઇ ભયકર કાર્ય કરવા તૈયાર થાય અને બ્રિટિશ સામ્રાજ્યના પાયાને ડગમગતો માની તે સામ્રાજ્યની સત્તાના ચુરેચુરા કરી નાખવાનો ધધો લઇ બેસે એ સભવિત હતું તેમા પણ આવા કટોકટીના વખતમા તો સેનાપતિ અને મુખ્ય શાસનકર્ત્તા વચ્ચેનો મતભેદ સિપાહીઓનુ જોર વધારી સાધારણ પ્રજાને ઉશ્કેરી મૂકવાને પુરતો ગણાય તેમ હતું આ બધાનો વિચાર કરી મત્રણાસભાના સભાસદો સેનાપતિનુ મહત્વ જાળવવાનુ આવશ્યક ધારવા લાગ્યા અને એકમતે કારભાર ચલાવવા માટે તેને વડા કમિશનર પાસે રાખવાનો વિચાર દર્શાવવા લાગ્યા, સેનાપતિ રીડ લશ્કરનો સર્વોપરિ અધિકારી હતો તે વૃદ્ધ અને અનુભવી હતો જો કે એડવર્ડસ કે ચેમ્બરલેન જેવો કાર્યકુશળ કે ખડતલ આદમી નહોતો છતા ઉમર અને લાબા અનુભવને લીધે તે ઉંચી પદવીએ પહોચ્યો હતો વૃદ્ધ સેનાપતિ હર્બાટ

ૺ સ્વ. ત્ર્યં. પ્ર. ૨૨

એડવર્ડસ્ વગેરેની શક્તિ અને યોગ્યતા જોઇ ને તેઓની સલાહ મુજબ કાર્ય કરવા તૈયાર થયો

મ ત્રણાસભાના બીજા ઠરાવ મુજબ કામચલાઉ લશ્કર ઉભુ કરવામા આવ્યુ ખાસ વિશ્વાસુ અને કાર્યકુશળ સૈનિક પુરૂષોને આ લશ્કરમા ગોઠવવામા આવ્યા આ લશ્કરનુ કાર્ય એ હતું કે જ્યા જ્યા સિપાહીઓ યુરોપિઅનો પર હુમલો કરે ત્યા ત્યા તેનો બચાવ કરવા માટે જવુ એ સિવાય અટકના કિલ્લામાના જે સિપાહીઓ પર સદેહ ઉપજ્યો હતો તે સિપાહીઓને ત્યાથી ખસેડવાનો ઠરાવ કરવામા આવ્યો. એ સિવાય એક એવો ઠરાવ થયો કે ભાવી અનિષ્ટને અટકાવવા માટે એક વિશ્વાસુ પઠાણ સરદારની સરદારી નીચે કેટલાક પઠાણોને અટકના કિલ્લા આગળ સિધુ નદીના ઘાટ પર પહેરો ભરવા રાખવા. વળી સિપાહીઓને એવે સ્થળે રાખવા કે તેઓ ઉશ્કેરણી વખતે એક બીજાની મદદ મેળવી શકે નહિ અને યુરોપિઅનો તેઓને સહેલાઇથી વશ કરી શકે એ સિવાય એવુ ઠરાવવામા આવ્યુ કે બ્રિગેડિયર ચેમ્બરલેને કઇ પણ વિલબ ન કરતા વડા કમિશનરની સલાહ લેવા રાવળપિડી જવુ આ બધા ઠરાવ સર જૉન લોરેન્સે પાસ કર્યા ત્યાર બાદ વડા સેનાપતિ એન્સનના મત મુજબ બ્રિગેડિયર ચેમ્બરલેનને કામચલાઉ લશ્કરનો અધ્યક્ષ બનાવવામા આવ્યો

૧૬ મી મેએ સેનાપતિ રીડ અને બ્રિગેડિયર ચેમ્બરલેન રાવળપિડી આવી પહોચ્યા, એ દિવસે હર્બાટ એડવર્ડસ પણ વડા કમિશનરના હુકમથી રાવળપિડી તરફ ચાલ્યો. સર જૉન લોરેન્સ દીર્ઘ દૃષ્ટિવાળો તેમજ ઝીણી બુદ્ધિવાળો માણસ હતો સ્થૂલ બુદ્ધિવાળો માણસ વિપત્તિ વખતે પોતાની જ ચિતા રાખે છે, પરતુ જે દીર્ઘ દૃષ્ટિવાળો, ધીર પ્રકૃતિવાળો

અને ભવિષ્યદષ્ટા હોય છે તે વિપત્તિવેળા કેવળ પોતાની જ ચિંતામાં ઘેરાવાઇ રહેતો નથી તેની નજર આગળ તો સમગ્ર વિષય તરવરી રહે છે. તે ભવિષ્યનો વિચાર કરી બધી બાબત પર ધ્યાન આપે છે. તે વર્ત્તમાનકાળની પેઠે ભવિષ્યકાળ પર પણ પુરતુ લક્ષ આપે છે સેનાપતિ હ્યુયેટે ધાર્યું હતું કે જ્યારે હું મિરતમા છુ, તો પછી કેવળ મિરતનો બચાવ કરવો એજ મારૂ કર્તવ્ય છે. આવા વિચારથી તેણે દિલ્હી નગર ધ્યાન આપ્યુ નહોતું. તેના અત કરણમા કેવળ મિરતની ચિંતા જાગ્રત હતી પરંતુ સર જોન લોરેન્સ તો પજાબમા બેઠો બેઠો આખા હિંદનો વિચાર કરવા લાગ્યો. ઉદાત્તતાસુલભ શાંત ભાવ વડે, દીર્ઘદષ્ટિસુલભ વિશાળ જ્ઞાન વડે, ધીરતાસુલભ પરિણામના ચિંતન વડે તે બધો મામલો સમજી ગયો હતો તેણે પોતાની કાર્યપદ્ધતિ અમુક સ્થાનમા બાધી રાખી નહિ, ને કેવળ અમુક સ્થાનનો બચાવ કરી બેસી રહ્યો નહિ. તે કેવળ એમ કહીને કર્તવ્ય બજાવવા લાગ્યો નહિ કે હું પંજાબનો અધિપતિ હોવાથી કેવળ પજાબનો બચાવ કરવો એજ મારો ધર્મ છે. પજાબ સિવાયના બીજા કોઇ પણ પ્રદેશ માટે હું જવાબદાર નથી. આ વખતે આખુ હિંદ ટકાવી રાખવું એ તેનું કર્તવ્ય ગણાયુ હતું. આથી તે કેવળ પજાબ માટે ચિંતા કરતો નહોતો. સામ્રાજ્યના બચાવ માટે પજાબ છોડવું પડે તો તે તેમ કરવાને પણ તૈયાર હતો. સર જૉન લોરેન્સ આવુ ભારે કાર્ય પાર પાડવાનો દઢ સકલ્પ કરી કાર્યક્ષેત્ર પર ઉતર્યો. તેણે કર્તવ્ય બજાવવામા એટલી બધી એકાગ્રતા દર્શાવી કે તે છેવટે હિંદનો સર્વોપરિ અધિકારી થયો

સર જૉન લોરેન્સે પ્રથમ શિખ અને અફગાનોનું નવું લશ્કર

ઉભુ કર્યું તેના આ કાર્યથી ઘણા માણસો બહુ નવાઈ પામ્યા પરંતુ તે પોતાના ઠરાવમા મક્કમ રહ્યો તેને દૃઢ ખાત્રી થઇ હતી કે પંજાબના શિખો કદી પણ હિંદુસ્થાની સિપાહીઓ સાથે એક ઉદ્દેશ પાર પાડવા જોડાશે નહિ એક વખતે અફગાનો શિખોના હરીફ તરીકે લડાઇના મેદાનપર લડી ચૂકયા હતા સિપાઈઓ અત્યારે મોગલોની પ્રસિદ્ધ રાજધાનીમા એકત્ર થઇ પોતાની સત્તા સ્થાપવા તૈયાર થયા હતા. શિખ સમ્પ્રદાયના ધર્મગુરુ તેગબહાદુર એ રાજધાનીમા માર્યા ગયા હોવાથી દિલ્હી શિખોને માટે વિદ્વેષ બુદ્ધિનુ ઉદ્દીપક બન્યુ હતું. તેઓ દિલ્હીને ગમે તે પ્રકારે જીતવા માગતા હતા. મોગલોએ જેઓની સત્તનો નાશ કરવા અપાર પ્રયત્નો કર્યા હતા, દયા માયાને નવ ગજના નમસ્કાર કરી દુર્દાન્ત દાનવોની માફક જેઓનુ લોહી રેડયુ હતુ, તેઓની રાજધાની કબજે કરવી અને તેઓની સમક્ષ પોતાની મહત્તા દર્શાવવી એ ખાલસા સૈનિકોને બહુ ગમતું હતું. આ અભિપ્રાય સિદ્ધ કરવા માટે તેઓ દિલ્હીમાના સિપાહીઓની સત્તા તોડવાની આનાકાની કરે તેમ નહોતું આ તરફ દિલ્હીના મોગલો સાથે અફગાનિસ્તાનના અફગાનોને બનતુ નહોતું મોગલોએ એક વખતે અફગાનિસ્તાનના ડુંગરાળ પ્રદેશપર સત્તા જમાવી હતી. અફગાનો પણ એક સમય મોગલોનુ લોહી રેડવા તૈયાર થયા હતા આથી એકવાર ફરીથી મોગલોની રાજધાની પર હલ્લો કરવામા અને તેઓની સત્તા તોડી પાડવા માટે સિપાહીઓ સાથે લડાઇ કરવામા અફગાનો ઉદાસીનતા બતાવે તેમ નહોતું સર જૉન લોરેન્સ પોતાની તીક્ષ્ણ બુદ્ધિના બલ વડે આ બાબત સ્પષ્ટ રીતે સમજી શકયો હતો એ ખાતર તે પોતાનુ બળ વધારવા માટે અફગાનો ને શિખોની મદદ લેવા તૈયાર

થયો. ગવર્નર જનરલે પણ આ ઠરાવને અનુમોદન આપ્યુ. તેણે પ્રથમ થોડા લોકોને સૈનિક દલમા પ્રવેશ કરવાની રજા આપી. છેવટે એ ટુકડી વધારવામા આવી. સર જોન લોરેન્સ પોતાના નવા ઉભા કરેલાં સૈન્યોની મદદ વડે કર્તવ્ય બજાવવા તૈયાર થયો.

નવા સૈન્યો ઉભા કરવાની સાથે બીજી પણ તૈયારીઓ થવા લાગી. પોલિસોની સખ્યા વધારવામા આવી તેઓ અગાઉ કરતા વધારે સાવચેતીથી કર્તવ્ય બજાવવા લાગ્યા પજાબના જુદા જુદા સ્થળો પર પહેરગીરો રાખવામા આવ્યા જે માણસ ફકીર કે સાધુના વેશમા સિપાહીઓને ઉશ્કેરે તેને પકડવા માટે યોગ્ય ઉપાયો લેવામા આવ્યા તેજુરીના બચાવ માટે પાકો બદોબસ્ત કરવામા આવ્યો. વિપત્તિ વખતે કપનિના પૈસા બડખોરોનું બળ વધારવામા સાધનભૂત ન નીવડે એ ખાતર અગાઉ કરતા વધારે સાવચેતી રાખવામા આવી. તે ઉપરાત સાધારણ પ્રજાના જીવન અધિકારીઓની ઇચ્છાને અધીન કરવા માટે અતિશય સખત કાયદા રચવામા આવ્યા દિવાની વિભાગના દરેક અમલદારને જે કોઇ માણસ બડખોર જણાય તેને ફાસીએ લટકાવવાની સત્તા આપવામા આવી. આ પ્રમાણે અલાહાબાદની આપઠ પજાબમા પણ ભયકર યમદડ ફેરવવાની વ્યવસ્થા થઇ. સિપાહીઓએ જેઓના બૈરા છોકરાનુ લોહી રેડ્યું હતુ, જેઓને પજવવામા બાકી રાખ્યુ નહોતું તેઓના સ્વદેશ બાધવોના હાથમા સાધારણ પ્રજાની જીવનદોરી સોપવામા આવી આ વખતે તે લોકોની બુદ્ધિ શાત નહોતી, તેઓના હૃદયમા વેર વાળવાની આગ સળગતી હતી. આવા લોકો ન્યાયાસનની મર્યાદા જાળવવાને અશક્ત નીવડે એ સ્વાભાવિક છે આવી શકા હોવા છતા સાધારણ પ્રજાના ટોળેટોળા

તેઓની સમક્ષ જીવન મરણના સધિ સ્થળે આવી ઉભા રહેતા આ સમયે ન્યાયાધીશોએ કેવુ નિ પક્ષપાતપણું દર્શાવ્યુ હતુ, કેવી ઉદારતા દર્શાવી સાધારણ પ્રજાના આશીર્વાદ વહોરી લીધા હતા, તે બાબત ઇતિહાસની આરસીમા પ્રતિફલિત થઇ નથી એ ભારે દિલગી-રીની વાત છે.

એવું કહેવાય છે કે બડખોર મુસલમાનો દૂરના સ્થળો પરથી પ જાબના સિપાહીઓને ધર્મનું રક્ષણ કરવા માટે એકત્ર થવાના પત્રો લખતા હતા આ બધા પત્રો અધિકારીઓના હાથમા આવ્યા એ પત્રોમા જણાવવામા આવ્યુ હતું કે ફિરગીઓ જુદી જુદી યુક્તિઓ વડે આપણો ધર્મ નષ્ટ કરવા માગે છે. તે ખાતર તેઓએ ચર્બી-વાળા ટોટા વાપરવાનો હુકમ આપ્યો છે ધર્મનિષ્ઠ મુસલમાનો સ્વ-ધર્મના રક્ષણ માટે દૃઢ પ્રતિજ્ઞા લઈ બેઠા છે આવા પત્રો અધિ-કારીઓના હાથમા આવ્યાથી તેઓ સમજી ગયા કે વિપ્લવ ચેપી રોગની પેઠે ફેલાતો જાય છે. આ વખતે સાધારણ પ્રજા ધર્મભ્રષ્ટ થવાની બીકે બહુજ ઉશ્કેરાઇ ગઈ હતી એમા તો કશો શક નથી સરકારના દોષથી હો કે પ્રજાના અજ્ઞાનને લીધે હો પણ આ સ દેહ કેમે કર્યો નષ્ટ થતો નહોતો તેમા વળી સરકારના અન્યાયને ભોગ થઇ પડેલા લોકો ગમે તેવી ખોટી તદબીરો કરી લોકોને ભમાવતા હતા મુસાફરી કરતા મુસાફરોના વેશમા, ધર્મનિષ્ઠ ફકીરના વેશમા કે ઉદાસી જોગીના વેશમા તેઓના છુપા જાસુસો જુદા જુદા સ્થ-ળોના સિપાહીઓમા ભળી તેઓમા ઉશ્કેરણી ફેલાવતા હોય એમા કઇ નવાઈ જેવું નથી એમ પણ હોઇ શકે કે એ લોકોએ આવા પત્રો જુદા જુદા સ્થળે રવાના કર્યા હોય, જેઓએ આવા પત્રો

લખ્યા હતા તેઓએ ઝાઝી અક્કલ વાપરી નહોતી તેઓમા દીર્ઘ-દૃષ્ટિની ખામી હતી. અનુભવની ખામીને લીધે તથા બીજાની ઉશ્કેરણીને લીધે તેઓમા જે શકા ભરાઇ બેઠી હતી તે ગભીર શકાને લીધે જ તેઓ હિદના નકશાપરથી લાલ રગ ભૂસી નાખવા તત્પર થયા હતા. તેઓમા ઉદ્યમની ખામી નહોતી પરતુ તેઓ સમગ્ર ભારતવાસીઓને એકસપ કરી શક્યા નહોતા. તેઓએ લખેલા પત્રોથી, તેઓએ ઉડાડેલી વાતોથી, તેઓએ જાહેર કરેલી દતકથાઓથી સમગ્ર સિપાહીઓએ સરકાર સામુ બડ ઉઠાવ્યુ નહોતુ રાજપુરુષોએ ધીરજ રાખી હોત તો અનેક વફાદાર સિપાહીઓ પોતાના માલીકના પક્ષમા ઉભા રહેત પરંતુ ગભીર સદેહને વશ થઇ તેઓએ પોતાના મગજ-પગનો કાબુ ગુમાવ્યો હતો તેઓ પણ સાધારણ લોકોની પેઠે સદેહવશ થયા હતા. તેઓ ટપાલમા આવતા પત્રો પરથી અથવા કોઇ નવતર માણસને સિપાહીઓ સાથે વાત કરતો જોઈ ધારી લેતા કે હિદના બધા સિપાહીઓ બળવો ઉઠાવવા તૈયાર થયા છે, અને અમારી સત્તા તોડી પાડવાની દૃઢ પ્રતિજ્ઞા કરી બેઠા છે.

હવે નિકલ્સને યુરોપિઅનોના બચાવ માટે પહાડી જાતોની મદદ માગી. પહાડી જાતો ૧૮૪૦ ની સાલનો બનાવ વિસરી ગઇ નહોતી અફ્ગાનોના હલ્લાથી અગ્રેજોએ કેવો માર ખાધો હતો તે બનાવ હજુ તેઓની સ્મૃતિમા તાજો હતો. આથી આ વખતે એ જાતિના સરદારોએ વિચાર કર્યો કે કદાચ આ વખતે પણ અંગ્રેજોની એવી જ બુરી દુર્દશા થશે. તેઓએ નિકલ્સનને સ્પષ્ટ શબ્દોમા જણાવી દીધુ કે " આપ સામા પક્ષ કરતા વધારે જોરાવર છો એ બાબતની ખાત્રી નહિ આપો ત્યા સુધી અમે મદદ આપવા

ઇચ્છતા નથી. " પરંતુ નિકલ્સન આ જવાબથી કાયર થઇ જાય તેવો નહોતો. તે પોતાની બુદ્ધિ પર વિશ્વાસ રાખી આ ભયંકર વિપ્લવની ગતિ અટકાવવા તત્પર થયો

કર્નલ એડવર્ડસ મે ની ૨૧ મી તારીખે પાછો પેશાવર આવ્યો એ સમયે આકાશ વાદળાથી ઘેરાએલુ હતું, સૂર્યનો પ્રકાશ ગાઢ વાદળા ભેદી બહુ જુજ પ્રમાણમા પૃથ્વી પર ફેલાતો હતો એડવર્ડસ આ તડકા છાયાની લીલા જોતો જોતો પેશાવર આવી પહોચ્યો કોટન અને નિકલ્સને આવા જલદાચ્છન્ન આકાશ તળે પોતાના કાર્ય-કુશળ મદદગારને આવકાર આપ્યો પ્રકૃતિની માફક તેઓના અંતઃકરણમા પણ દિલગીરીની છાયા છવાઇ રહી હતી. તેઓ અરસપરસ ભેટયા ખરા પણ તેથી તેઓનો સંદેહ દૂર થયો નહિ. તેઓ પ્રતિક્ષણે આવી પડનારી વિપત્તિના ભણકારા સાભળવા લાગ્યા. હિંદુસ્થાની સિપાહીઓ એકજથ્થે ન થઈ શકે માટે બ્રિગેડીયર કોટને તેઓને છુટા છુટા રાખ્યા હતા તેઓની પાસે યુરોપિઅન સૈનિકો તોપો ભરી તૈયાર રહ્યા હતા. સિપાહીઓ અધિકારીઓની આવી વર્તણુક જોઇ વધારે શંકાશીલ બનતા હતા. મિરત અને દિલ્હીના સમાચારે તેઓના દિલ ઉંચા બનાવ્યા હતા. પહાડી જાનો ઉત્સુકતા સહિત સિપાહીઓની ગતિ નિહાળી રહી હતી. કાબુલના બનાવ પર આધાર રાખી તેઓ આ વખતે અંગ્રેજો હારશે એમ માની બેઠી હતી તેઓ તટસ્થ રહી બંને બાજુનો કાર્યકલાપ જોઇ રહી હતી જો તેઓ સિપા-હીઓને અંગ્રેજો કરતા વધારે બળવાન જોઇ શકત તો તેઓ અંગ્રેજો પર તૂટી પડત અને પ્રકોપની ભયંકર છાયાને ભસ્મમય બનાવી દેત આથી તે લોકો આ વખતે નિશ્ચેષ્ટ બેઠા છતા સર્વ રીતે ઉદાસીન

રહ્યા નહોતા. તેઓ તો કેવળ કોના પક્ષમા ભળવુ તે નક્કી કરવામા જ ગુ થાએલા હતા.

૨૧ મી મે ની રાત્રે એડવર્ડ્સ અને નિકલ્સન એક બગલામાં સૂતા પરતુ સૂતા છતા તેઓને જપ ન વળ્યો. દૂરનો જનકોલાહલ શાત પડ્યા હતો, માણસો થાક ઉતારનારી નિદ્રાદેવીના ખોળામા જપી ગયા હતા, ત્યારે એડવર્ડ્સ અને નિકલ્સનના હૃદયમા નિરાશાનાં મોજા ઉછળતા હતા. તેઓને ખાત્રી થઇ હતી કે રાત પૂરી થાય તે પહેલા સિપાહીઓ બંડ ઉઠાવશે અમારે ભયકર વિપ્લવની ગતિ અટકાવવા માટે ભયકર કાર્ય કરવુ પડશે. તેઓ પથારીમા તરફડિઆ મારતા મારતા કેવળ આ ચિતા કરતા હતા તેઓ જ્યારે મધરાતના શાત સમયે આવી ચિતામા તલપાપડ થતા હતા ત્યારે પેશાવરથી ૨૪ માઇલ દૂર આવેલ નૌશેરાથી એક કાસદે આવી જણાવ્યુ કે ત્યાંની ૫૫ મી પલ્ટણે સરકાર વિરૂદ્ધ બડ ઉઠાવ્યુ છે. આ ખબર મળતા જ એડવર્ડ્સ અને નિકલ્સન બ્રિગેડિયર કોટનને બગલે આવી પહોચ્યા બ્રિગેડિયરે જાગી જોયુ તો જણાયુ કે પોતાના બે સાથી પથારી પાસે બેઠા છે એડવર્ડ્સ અને નિકલ્સને જણાવ્યુ કે નૌશેરાની ૫૫ મી પલ્ટણે બડ ઉઠાવ્યુ છે, ત્યાની ૧૦ મી ઘોડેસ્વાર પલ્ટણ પણ કદાચ તેઓને જઇ મળશે માટે અત્યારે પેશાવરના સૈનિકોને નિઃશસ્ત્ર કરી પહાડી પ્રદેશના વતનીઓની ભરતી કરવી જોઈએ. આ કાર્ય અનાયાસે થાય તેવુ નહોતું પરતુ નિકલ્સન અને એડવર્ડ્સ તો આ કાર્ય કરવાની દૃઢ પ્રતિજ્ઞા લઇ આવ્યા હતા. તેઓ જરાપણ ડગ્યા નહિ પેશાવરની પાચ પલ્ટણોમાથી[1] ૪ ને નિ શસ્ત્ર કરવાનો ઠરાવ થયો બ્રિગેડિયરે

---

૧. પાચમી ઘોડેસ્વાર પલ્ટણ અને ૨૧, ૨૪, ૨૭ અને ૫૧ મી પાયદળ પલ્ટણ.

આ ઠરાવને અનુમોદન આપ્યુ બીજે દિવસે સવારમા ચારે પલટણોને નિ શસ્ત્ર કરવાનું નક્કી થયુ. બાકી રહેલી પલટણ (૨૧ મી) બહુ જુની હોવાથી તેને છાવણીમા રાખવાનો ઠરાવ થયો.

હવે વખત ગુમાવવા જેટલો સમય નહોતો જે પલટણોને નિ.શસ્ત્ર કરવાની હતી તેના ઓફિસરોને બોલાવવામા આવ્યા. બ્રિગેડિયરના હુકમથી ઓફિસરો સૂર્યોદય પહેલા હાજર થયા. કોટને, એડવર્ડસ અને નિકલ્સન સમક્ષ તેઓને જણાવ્યુ કે મે સિપાહીઓને નિ શસ્ત્ર કરવાનો ઠરાવ કર્યો છે. ઓફિસરો કોટનના આ વચનો સાભળી શાત રહી શકયા નહિ. તેઓને પોતપોતાની ટુકડીમા પૂરેપૂરો વિશ્વાસ હતો જે ટુકડીના પરાક્રમને લીધે તેઓ વીરેન્દ્ર સમાજમા વખણાઇ ચૂક્યા હતા તે ટુકડી હથિયારચ્યુત થવાની છે એ વાત સાભળી તેઓ અધીરા થઇ ગયા તેઓ બહુજ ગમગીન થઇ બ્રિગેડિયર સમક્ષ પોતાનો વાધો રજૂ કરવા લાગ્યા. એક જણે તો એટલે સુધી કહ્યુ કે મારી ટુકડીના સિપાહીઓ આવુ અપમાન કદી સહન કરી શકશે નહિ તેઓ નક્કી ક્વાયતના મેદાનપર ઉશ્કેરાઇ જઇ તોપો કબજે કરવા દોડશે અને તેઓને જે હથિયારો ઉતારવાનો હુકમ આપવામા આવશે તેજ હથિયારો વડે તેઓ યુરોપિઅનોનુ લોહી રેડશે. દેશાવરના સિપાહીઓ પોતાના ઑફિસરોને આટલા બધા પ્રિય હતા ઓફિસરોને પોતાના સિપાહીઓ પર એટલો બધો વિશ્વાસ હતો કે ખુદ બ્રિગેડિયર સમક્ષ આવા વચનો ઉચ્ચારતા તેઓ અચકાયા નહોતા, અને આવા કટોકટીના સમયમા તેઓને પોતાના વિશ્વાસુ સિપાહીઓ પર અવિશ્વાસ આવ્યો નહોતો. પરતુ એડવર્ડસ અને નિકલ્સનની માફક બ્રિગેડિયર કોટન પણ સિપાહીઓને નિઃશસ્ત્ર કર-

વાની પ્રતિજ્ઞા લઇ બેઠો હતો તેણે ઓફિસરોની આવી વાતો પર બિલકુલ લક્ષ ન આપ્યું ઓફિસરો જ્યારે પોતાનો વાંધો રજૂ કરતા હતા ત્યારે એડવર્ડસે કંટાળી જઇ કહ્યું કે "આ બાબતનો નિવેડો કરવાનું કામ કેવળ બ્રિગેડિયરનુ જ છે." આ વચનોપર લક્ષ આપી કોટને ગંભીરપણે કહ્યું કે, "હુ મારા સત્તાનુસાર જણાવુ છે કે સિપાહીઓ અગાઉના ઠરાવ મુજબ નિ:શસ્ત્ર થશેજ" બ્રિગેડિયરના આ છેલ્લા વચનો સાંભળી ઓફીસરો ચુપ રહી ગયા. હવે તેઓના મુખમાથી એક પણ વચન બહાર પડયુ નહિ. તેઓએ નીરવપણે પોતાના અધ્યક્ષનો હુકમ માથે ચડાવ્યો. તેઓ એ હુકમ મુજબ તૈયાર થવા માટે ઘર તરફ રવાના થયા

અગાઉ જણાવ્યુ છે કે બંડ ઉઠાવતી વેળા સિપાહીઓ એકત્ર ન થઇ શકે માટે કોટને બધા સિપાહીઓના બે વિભાગ પાડી એ બંને વિભાગને જુદે જુદે સ્થળે રાખ્યા હતા. હવે એવું નક્કી કરવામાં આવ્યુ કે બ્રિગેડિયરે એડવર્ડસ સાથે એક બાજુએ જવું અને નિકલ્સને એક બીજા યુરોપીઅન સેનાપતિ સાથે બીજી બાજુએ જવું. બંને બાજુએ સોલ્જરોને ગોઠવવા આ પ્રમાણે બંદોબસ્ત થયો આ વખતે સેનાપતિ અને તેના મદદગારો એડવર્ડસ તથા નિકલ્સનની ચિંતાનો પાર નહોતો. તેઓ હજારો ભયંકર કલ્પનાઓ કરતા કરતા કર્તવ્ય બજાવવા તૈયાર થયા! સિપાહીઓના ઓફિસરોએ પોતપોતાની ટુકડીને યોગ્ય સ્થળે ગોઠવી દીધી. સિપાહીઓ કંઇ પણ ગરબડ ન કરતા પોતાના ઓફિસરોના હુકમ મુજબ ગોઠવાઇ ગયા. થોડે દૂર યુરોપિઅન સૈનિકો તેઓનાપર હુમલો કરવા તૈયાર થઇ ઉભા. જો સિપાહીઓ સેનાપતિનો હુકમ પાળવામા આનાકાની કરે કે તરત

સોલ્જરો તેમના પર તૂટી પડવા તૈયાર હતા. પરંતુ તેઓએ કઇ પણ ગડબડ કરી નહિ તેઓ પોતાના ઓફિસરોના હુકમ મુજબ હથિયારો ઉતારી એક જગાએ ઢગલો કરવા લાગ્યા. આ પ્રમાણે હથિયારોનો મોટો ઢગ થયો છતા તેઓએ કશી ઉશ્કેરણી બતાવી નહિ. પોતાના અનુરક્ત સિપાહીઓનુ આવુ દારૂણ અપમાન ઓફિસરોથી સહન થયુ નહિ પોતાના વિશ્વાસુ સિપાહીઓ નીચા મો કરી પોતાના લશ્કરી ચિહ્નો છોડવા લાગ્યા, બહાદુરી સૂચક હથિયારોનો ઢગ કરવા લાગ્યા ત્યારે તેઓની ધીરજ ખૂટી ગઇ. પોતાના બહાદુર સાથીઓને હથિયાર વિનાના જોઇ તેઓને બહુજ શરમ આવી. ગભીર અનુતાપથી, દુસહ દુખથી તેઓમાના કોઈ કોઇએ પોતાના હથિયારો સિપાહીઓના હથિયારોના ઢગ પર ફેંકી દીધા આ પ્રમાણે સિપાહીઓ તરફ સહાનુભૂતિ દર્શાવવામા આવી અને જે અધિકારીઓના હુકમથી પોતાના વિશ્વાસુ માણસોનુ અપમાન થયુ હતુ તે અધિકારીઓ તરફ મૂગો તિરસ્કાર દર્શાવવામા આવ્યો.[૧]

બ્રિગેડિયર કોટન સિપાહીઓને શાત રહેલા જોઇ બહુ ખુશી થયો. નિશસ્ત્ર સિપાહીઓ છાવણી તરફ ચાલ્યા ગયા બિનગડબડે આવુ મહાન કાર્ય પાર પડયુ એડવર્ડસ આ સબધમા લખે છે કે “ જ્યારે અમે સિપાહીઓને નિશસ્ત્ર કરવા જતા હતા ત્યારે અમારી સાથે થોડા સ્થાનિક માણસો આવ્યા હતા, તેઓના મો પરથી જણાતું હતું કે તેઓ કયો પક્ષ જીતે છે એ જાણવા માટે આવતા હતા.

---

૧. કર્નલ એડવર્ડસે આ બાબતમા લખ્યુ છે કે “ જ્યારે સિપાહીઓના હથિયારો ગાડીઓ પર ચઢાવવામા આવતા હતા ત્યારે અંગ્રેજ ઓફિસરોની તરવારો ચો બાજુએથી એ ગાડીઓમા ફેંકાઇ હતી.”

નિ શસ્ત્ર કરવાનુ કામ પર્ણુ થયે અમે પાછા ફર્યા ત્યારે ગીષ્મઋતુની માખીઓની પેઠે લોકોના ટોળે ટોળા અમારી આજુબાજુ ફરી વળ્યા. તેઓ બધા સૈન્યમા જોડાવા ઇચ્છતા હતા અમને એ બધા લોકોને લશ્કરમા જોડતા બહુ મહેનત પડી " પેશાવરના પહાડી લોકો આખો ફાઠી ફાડીને આ બનાવ જોતા હતા જો આ વખતે અગ્રેજોનુ બળ નીચુ નમ્યુ હોત તો તેઓ જુસ્સાભેર તૂટી પડત અને કદાચ અગ્રેજોના લોહીથી પેશાવરની તળેટી રગાઇ જાત

પેશાવરના નિ શસ્ત્ર સિપાહીઓ છાવણીમા ગયા ખરા, પરતુ તેઓના હૃદયમા શાતિ માટે લગારે સ્થાન નહોતું. તેઓ પોતપોતાની પદવી છોડી બેઠા હતા દારૂણુ અપમાન વેઠી રહ્યા હતા. દરેક બાબતમા તેઓની અધોગતિ થઇ હતી તેમના ઓફિસરોએ જ્યારે સહાનુભૂતિ દર્શાવવા ખાતર પોતાના હથિયારો ફેકી દીધા ત્યારે દારૂણ વેદનાથી તેઓ અધીરા બની ગયા હતા તેઓના હૃદયમા શાતિ નહોતી, અંતઃકરણમા સતોષ નહોતો, દરરોજના કાર્યમા ઉત્સાહ કે એકાગ્રતા નહોતી. તેઓ પોતાના ભવિષ્ય તરફ નજર કરી હતાશ થઇ ગયા હતા. નિ શસ્ત્ર થયા બાદ જ્યારે તેઓ છાવણીમા ગયા ત્યારે તેઓને એક બીજો સદેહ પેદા થયો. તેઓએ ધાર્યું કે કદાચ સોલ્જરો અમારો નાશ કરવા આવશે તો કદાચ તોપોના ગોળા અમારા શરીરોનો નાશ કરશે તો ? આવા સદેહને વશ થઇ કેટલાક સિપાહીઓ છાવણી છોડી નાઠા કોઈ ડુગરાળ પ્રદેશમા જઇ ભરાયા તો કોઇ દૂરના જગલમા જઇ છુપાઇ રહ્યા પેશાવરના અધિકારીઓ આથી ચિતાતુર બની ગયા. સિપાહીઓ હથિયાર વિનાના હતા છતા આજુબાજુની પહાડી પ્રજા પાસે હથિયારોનો તોટો નહોતો એ હથિયારો બ્રિટિશ હથિયારો

જેવા ઉત્કૃષ્ટ નહોતા છતા ભયંકર કાર્ય સાધવા જેટલી શક્તિ ધરાવતા હતા નિ શસ્ત્ર સિપાહીઓ પહાડી જાતો સાથે ભળી તેઓના હથિયારથી સજ્જ થાય તો ભયકર પરિણામ ઉપજાવી શકે તેવુ હતું. આવા સંદેહથી પેશાવરના સેનાપતિએ નાસી ગયેલા સિપાહીઓને પકડવાનો પ્રયત્ન શરૂ કર્યો. ઘણા સિપાહીઓ પકડાયા. કેટલાકને ગામડીઓએ પકડી લશ્કરી સત્તાવાળાઓને હવાલે કર્યા સેનાપતિની રજા સિવાય છાવણી છોડવાના ગુના સબબ એ સિપાહીઓ પર લશ્કરી અદાલતમા કામ ચાલવા લાગ્યુ છેવટે ૫૧ મી પલટણના સુબેદારને ફાસીની સજા થઇ તથા એજ પલટણના એક હવાલદારને અને એક સિપાહીને થોડા દિવસની કેદની સજા થઇ. આ છેલ્લી સજા બહુ હલકી હોવાથી કોટન અને એડવર્ડસ બહુ ગુસ્સે થયા કેદની સજા તેઓને પુરતી જણાઇ નહિ, આ પરથી જણાય છે કે તેઓ તો સિપાહીઓનો નાશ કરવાનો સકલ્પ કરી બેઠા હતા આ વખતે સમગ્ર પેશાવરના સિપાહીઓનો નાશ થઇ જાય તો તેઓ બહુ ખુશ થાય તેમ હતુ આ વખતે તેઓએ સ્નેહ, દયા, માયાને નવગજના નમસ્કાર કર્યા હતા. કઠોર કર્તવ્ય બજાવવાની પ્રતિજ્ઞા લઈ ચૂકયા હોવાથી તેઓનો સ્વભાવ અતિ કઠોર બની ગયો હતો. થોડા સમયમા પેશાવરના વિશાળ મેદાનો પર કઠોરતાનો વિકાસ થએલો જણાયો પેલા સુબેદારને વધભૂમિ પર લાવવામા આવ્યો. થોડે દૂર સિપાહીઓ હારબંધ ઉભા. એડવર્ડસ ઘોડેસ્વાર અને પાયદળ સૈન્ય લઇ છાવણીના રસ્તાપર સજ્જ થઇ ઉભો જોતજોતામા એકત્ર થએલા સિપાહીઓ સમક્ષ એક ઉચી પદવીનો સૈનિક પુરુષ ફાસીના લાકડે લટકવા લાગ્યો તેનો અમર આત્મા કોઇ અજાણ્યા પ્રદેશમા પહોચી ગયો.

આ બનાવ બન્યા બાદ ૫૫ મી પલ્ટણના સિપાહીઓને નિ શસ્ત્ર કરવાનો ઠરાવ થયો. આ પલ્ટણ પ્રથમ નૌશેરામા રહેતી હતી. તેને ત્યાથી મર્દાન નામના સ્થળે જવાનો હુકમ થયો. એટલે આ પલ્ટણના ઘણાખરા સિપાહીઓ મરદાન ગયા. થોડા સિપાહીઓ નૌશેરા રહેવા લાગ્યા. એવુ કહેવાય છે કે ૫૫ મી પલ્ટણના આ બાકી રહેલા સિપાહીઓ યુરોપિઅનો સામે લડાઇ કરવા તૈયાર થઇ પોતાના મરદાનમાના સિપાહીઓ સાથે ભળાયા. આથી એ પલ્ટણને નિ શસ્ત્ર કરવા માટે ૨૩ મી મે ની રાત્રે પેશાવરથી એક યુરોપિઅન અધિનાયકના હાથ નીચે કેટલાક યુરોપિઅન પાયદળ અને કેટલાક દેશી ઘોડેસ્વારોને મરદાન તરફ રવાના કરવામા આવ્યા. કર્નલ હેન્રિ સ્પટિસવુડ નામનો એક દયાળુ અધિકારી આ પલ્ટણનો વડો હતો. જો કે તેણે થોડા દિવસો થયાં આ પલ્ટણની જવાબદારી લીધી હતી. તો પણ તેને આ પલ્ટણના સિપાહીઓ પર બહુ માયા ઉત્પન્ન થઇ હતી તે દરેક સિપાહીનો વિશ્વાસુ મિત્ર હતો. પોતાની વ્હાલી પલ્ટણને નિ શસ્ત્ર કરવાનું કામ પોતાના પર આવી પડતા તેને બહુ દુ ખ થયુ. તેના મો પર આનંદનું ચિહ્ન રહ્યુ નહિ. જેના હિત માટે તે અત્યાર સુધી કાર્ય કરી રહ્યો હતો તેના હથિયારો ઉતારી લેવા, તેને ભીખ માગતા કરવા અને વીરેન્દ્ર સમાજમા શરમિંદા કરવાનું કામ તેને બહુ કપરૂં લાગ્યું. તેણે બહુજ આગ્રહપૂર્વક પોતાની પલ્ટણના હથિયારો ન ઉતારી લેવા માટે અધિકારીઓને વિનતિ કરી તેણે પોતાની પલ્ટણ વિષે લખ્યું કે, "મારી પલ્ટણમા કોઇ અવિશ્વાસુ નથી. હું તેઓને માટે આત્મબલિદાન આપવા તૈયાર છુ." પરંતુ તેનો અપાર આગ્રહ કંઇ કામ આવ્યો

નહિ પેશાવરથી પલ્ટણને નિ:શસ્ત્ર કરવા માટે લશ્કર આવી પહોચ્યુ એ લશ્કરના આગમનથી શકાશીલ બની ૫૫ મી પલ્ટણના દેશી ઓફિસરો ૨૪ મી મે ની રાત્રે કર્નલ પાસે ગયા અને વધારાના સૈન્યનુ આગમન કયા ઉદ્દેશને લીધે થયુ છે તે બાબત પૃચ્છપરછ કરવા લાગ્યા. કર્નલ બધુ જાણતો હતો તેથી તેનાથી પોતાના પ્રિય ઓફિસરોને શાત પાડવા માટે કઇ કહી શકાયુ નહિ તેઓ અસતુષ્ટ ચિત્તે પાછા ગયા. હવે કર્નલ સ્પટિસવુડની બધી આશા નિર્મૂળ થઇ ગઇ જેઓ મને અત્યાર સુધી વિશ્વાસુ ધારતા હતા તેઓ હવેથી અવિશ્વાસુ ધારશે એ વિચારે તેના હૃદયને હચમચાવી નાખ્યુ તે હવે ભવિષ્યની શોચનીય ઘટના જોવા માટે રહેવા ઇચ્છતો નહોતો, પોતાની વહાલી પલ્ટણ આગળ અવિશ્વાસુનુ બિરદ મેળવવા માગતો નહોતો કર્નલ સ્પટિસવુડ દારૂણ દુ:ખથી દિગ્મૂઢ બની ગયો. તેણે પોતાના ઓરડામા પિસ્તોલની ગોળી વડે પોતાનું માથુ વીંધી નાખ્યુ કીર્તિ મરણ કરતા વધારે વહાલી ગણી એ સભાવિત પુરુષે આપઘાત કર્યો

કર્નલ સ્પટિસવુડના આપઘાતથી ૫૫ મી પલ્ટણના સિપાહીઓ શાત રહી શકયા નહિ અત્યારે તેઓનો વહાલો અધિનાયક હમેશને માટે નાશ પામ્યો હતો, તેઓની છેલી આશાપર હમેશને માટે પડદો પડયો હતો તેઓને નિ:શસ્ત્ર કરવા માટે સૈન્ય આવતું હતું. તેઓએ કિલ્લાની દિવાલ પરથી એ સૈન્યને આવતું જોયુ. તેઓની બધી ધીરજ નાશ પામી તેઓ ગાડા બની ગયા, પોતાનો લશ્કરી પોશાક, અસ્ત્રશસ્ત્રો, દારૂગોળો, પૈસો ટકો વગેરે બધુ લઇ તેઓ સોયાટ તરફ દોડયા. તે પલ્ટણના ફક્ત ૧૨૦ સિપાહીઓ નાઠા નહિ નિકલ્સન ઘોડેસ્વાર

પોલિસ સૈન્ય સાથે તેઓની પાછળ દોડયો. પરંતુ નાસેડુઓ નાની નાની ટોળીઓમા વહેચાએલા હતા, આજુબાજુનો પ્રદેશ ડુગરાથી ભરપૂર હતો અને સિપાહીઓ ફાવે તે રસ્તે નાઠા હોવાથી આખો દિવસ ગયો છતા તેઓ પકડાયા નહિ પરતુ નિકલ્સને આશા ન છોડતા દોડધામ ચાલુ રાખી છેવટે સાજ પડતા નિકલ્સન એક ગામડા આગળ આવી પહોચ્યો એ ગામમા નાસેડુ સિપાહીઓએ આશ્રય લીધો હતો તરત જ ઘણા ખરા સિપાહીઓને પકડવામા આવ્યા કેટલાક નાસવા જતાં ઘવાયા અને માર્યા ગયા. ઘણા સિપાહીઓના હથિયારો તથા પોશાકો પીછો પકડનારાના હાથમા આવ્યા. ગરીબ બિચારા સિપાહીઓ દુર્ગમ ડુગરાળ પ્રદેશમા ઘવાઈ આર્ત્તનાદ કરવા લાગ્યા છેવટે તેઓમાના કેટલાક સોયાટના પ્રદેશમા આવી પહોચ્યા ત્યા તેઓએ પોતાને ધર્મને ખાતર સર્વસ્વ ત્યાગ કરનારા તરીકે જાહેર કર્યા અને પોતાના પવિત્ર ધર્મના રક્ષણ માટે ત્યાના દેશી રાજાની મદદ માગી તેઓની દુર્દશાનો પાર રહ્યો નહોતો તેઓની પલટણના લગભગ ૧૨૦ જણા રસ્તામા માર્યા ગયા હતા લગભગ ૧૫૦ જણા કેદ પકડાયા હતા, ૩૦૦ થી ૪૦૦ જણા ઘવાયા હતા. આવી શોચનીય સ્થિતિમા પણ તેઓની નિડરતા ઓછી થઇ નહોતી. જ્યારે નિકલ્સન તેઓની પાછળ પડયો ત્યારે તેઓ ખરા વીરોની માફક લડયા હતા [1] પરંતુ છેવટે તેઓમા ભગાણ પડયુ. તેઓ પોતાના સાથીઓથી વિચ્છિન્ન થઇ સોયાટ આવી પહોચ્યા સોયાટમા આખુન્દ નામનો વૃદ્ધ રાજા રાજ્ય કરતો હતો, તે ધર્મનિષ્ઠ અને સ્વધર્મના

---

૧ Kaye II. p. 486

કાર્યમા ઉત્સાહ આપનારો ગજા હતો જેઓ પોતાના ધર્મ માટે બધુ તજી પોતાના રાજ્યમા આવી પહોચ્યા છે તેને મદદ આપવાને એ વૃદ્ધ રાજાએ હાથ લબાવ્યો હોત તો ઘટનાસ્રોત જુદી દિશાએ વહેત એ ગજાનુ એ પ્રદેશમા એટલુ બધુ માન હતું કે તેના કહેવાથી ધર્માંધ મુસલમાનોના હૃદયમા જ્વાળામુખી ફાટત અને એ જ્વાળામુખીમા પેશાવર ભસ્મીભૂત થઇ જાત અને એ સળગતી આગના ભડકા બ્રિટિશ સામ્રાજ્યના પાયાને ભસ્મ કરી નાખત પરતુ દૈવયોગે આખુન્દે સિપાહીઓની માગણી સ્વીકારી નહિ તેણે તેઓને પોતાના ગજ્યમા રહેવાની રજા ન આપી તેણે કેવળ એટલી જ સગવડ કરી આપી કે પોતાના રાજ્યમા થઈ સિંધુ નદીને સામે કિનારે જવા માટે સિપાહીઓને એક ભોમિઓ આપ્યો આ પ્રમાણે સિપાહીઓ સોયાટમા નિષ્ફળ નિવડી કાશ્મીર તગ્ફ જવા લાગ્યા કાશ્મીરમા જવા માટે હાજરા લોકોના પ્રદેશમાથી જવુ પડે તેમ હતું એ વિભાગનો ડેપ્યુટિ કમિશનર મેજર બિચર તેઓને પકડવા પ્રયત્નો કરી રહ્યો હતો. છેવટે બિચર સાહેબની જાળમા એ બધા સપડાયા બિચર સાહેબના હુકમથી સ્થાનિક જમીનદારો પોતપોતાના માણસો સાથે ઘાટો રોકી રહ્યા હતા હતભાગ્ય સિપાહીઓ પોતાનો રસ્તો રોકાએલો જોઇ કોહિસ્તાન તરફ નાઠા. પરતુ મેજર બિચરે એ તગ્ફ પણ પાકો બ ગ-બસ્ત કરી રાખ્યો હતો. તેઓ જે રસ્તે જતા ત્યા હથિયારબ્ધ માણસો નજરે પડતા. તેઓની ચોતગ્ફ ઉચા પર્વતો હતા, ખીણો હથિયારબંધ માણસોથી છવાએલી હતી પહાડી લોકો તેઓના પર પત્થરોનો વરસાદ વરસાવતા હતા કેટલાક પહાડી લોકો હથિયાર લઇ તેઓને બીજે રસ્તે જવાની ફરજ પાડતા હતા ખોરાક નહોતો,

વરસાદ વરસતો હતો, રસ્તા પર બરફ જામ્યો હતો આથી તેઓ હેરાન હેરાન થઇ ગયા છતા તેઓએ પોતાની દઢતા છોડી નહિ, હલ્લો કરનાર લોકોને શરણુ થવાનુ બાયલુ કર્મ કર્યુ નહિ તેઓનો એક જમાદાર તેઓને ઉત્સાહ ચડાવવા બોલવા લાગ્યો કે " કુતરા બિલાડાની પેઠે આવા અગોચર સ્થાનમા માર્યા જવા કરતા તો સામે મોએ લડતા મરવુ એ શ્રેયસ્કર છે. " પણ તેના સાથીઓ આ વચનો પર ધ્યાન આપતા નહોતા તે બિચારાને એટલો બધો ગુસ્સો ચડ્યો કે એ ગુસ્સામા ને ગુસ્સામા આપઘાત કરી મરણ પામ્યો. જમાદારના મરણ બાદ બાકી રહેલા સિપાહીઓ આગળ વધવા લાગ્યા. કોઈ પણ સ્થળેથી છટકાય તેવું નહોતું. છેવટે તેઓ ભૂખતરસથી થાકી હથિયારો છોડી શરણુ થયા. તેઓમાના કેટલાક ફાસીને લાકડે લટક્યા અને કેટલાક તોપના મોએ બધાઇ છિન્નવિચ્છિન્ન થઇ ગયા

૫૫ મી પલ્ટણના ૧૨૦ સિપાહીઓ અગ્રેજોને હાથે કેદ થયા હતા તેઓએ અગ્રેજો સામે બડ ઉઠાવ્યુ હતુ છતા કઇ નુકસાન કર્યું નહોતુ. તેઓના હથિયારો અગ્રેજોના લોહીથી કલકિત થયા નહોતા. તેથી એવા લોકોને તોપને મોએ બાધી ઉડાવી દેવાથી અવશ્ય અન્યાયનુ ખૂન થયુ ગણાત સુભાગ્યે અધિકારીઓએ પણ આ વખતે એ લોકોને મારી નાખવાનો સકલ્પ કર્યો નહિ તેઓએ પોતાના સાથીઓને દયાભાવે વર્ત્તવાની સલાહ આપી હતી. નિકલ્સને આ સબધમા એડવર્ડ્સને લખ્યુ હતું કે " આ પલ્ટણના ઓફિસરો એકી અવાજે કબુલ કરે છે કે શિખો છેલ્લી ઘડી સુધી અમારા પક્ષમા હતા. માટે અમારા મત મુજબ તેઓની સાથે દયાભાવે વર્ત્તવાની જરૂર છે. શિખો અને જેઓ થોડા દિવસ થયા સૈન્યમા જોડાયા છે

તેઓને બચાવવાની જરૂર છે બાકીના અપરાધીઓને તોપને ગોળે ઉડાડી દેવામા અમને કશો વાધો નથી પરતુ નાની ઉમરના બાળકો તથા જેઓ પ્રજાની ઉશ્કેરણીનો ભોગ થઇ પડયા છે તેઓનુ જીવન નષ્ટ ન થાય એવી અમારી માગણી છે," સર જોન લોરેન્સે પણ પેશાવરના કમિશનર પર આવી મતલબનો પત્ર લખ્યો હતો તેમા લખ્યુ હતું કે "૫૫ મી પલટણના સિપાહીઓએ આપણી વિરૂદ્ધ બડ ઉઠાવ્યુ હતું. માટે તેઓ દયાને પાત્ર હોઇ શકે નહિ પરતુ ખાસ વિચાર કર્યા બાદ મે નક્કી કર્યું છે કે તે બધાને પ્રાણદડની સજા કરવી જોઇએ નહિ. એકી સાથે એકસોવીશ માણસોને દેહાતદડની સજા કરવી એ સખ્યા તરફ નજર કરતા બહુ જણાય છે. આવી શિક્ષા કરવાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે લોકોમા ત્રાસ ફેલાવવો પરતુ એ સખ્યાના ⅙ થી ¼ સુધીના માણસોને દેહાતદડની શિક્ષા કરવાથી એ ઉદ્દેશ પાર પડી શકે તેમ છે જેઓનો કઇ દોષ હોય, જેઓએ પોતાના ઓફિસરો તરફ ઉદ્ધતાઇ દર્શાવી હોય તેઓને દેહાતદડની શિક્ષા કરવી જોઇએ. જો આવા ગુનેહગારોની સખ્યા ધાર્યા પ્રમાણે ન નીકળે તો સૌથી જુના સિપાહીઓથી ધારેલી સખ્યા પૂર્ણ કરવી જોઇએ બદુક કે તોપ વગેરે જે ઉપાય સર્વ કરતા યોગ્ય હોય તે વડે પ્રાણદડની સજા અમલમા મૂકશો બાકીના સિપાહીઓને જુદી જુદી ટોળીમા વહેચી નાખી તેમા દરેક ટોળીને ૧૦, ૭, ૫, કે ૩ વર્ષની સખ્ત કેદની સજા કરવાથી આપણો ઉદ્દેશ પાર પડી શકશે. મારા મત મુજબ આવુ દૃષ્ટાત બહુ અસર કરશે સિપાહીઓ જોઇ શકશે કે આપણે વેર વાળવા ખાતર નહિ પણ શાતિ જાળવવા માટે જ આ શિક્ષા કરીએ છીએ આથી સાધારણ પ્રજા પણ સજા પા-

મેલા માણુસો તરફ સહાનુભૂતિ દર્શાવશે નહિ જો આ ઠરાવ મુજબ કાર્ય થશે નહિ તો બધા દઢતાપૂર્વક આપણી સાથે લડાઇ કરશે. કારણ કે તેઓને ખાત્રી થશે કે અમે પણ સજા પામેલા સિપાહીઓની આફક મરણ શરણ થવાના છીએ "[1]

સર જૉન લોરેન્સનો આ મત સૈનિક વિભાગના અધિકારીઓને પસદ આવ્યો. જે સિપાહીઓએ દિલ્લો નહોતો છોડયો તેઓને પગાર આપ્યા સિવાય રજા આપવામા આવી જે શિખો સરકારના પક્ષમા હતા, તેઓને બીજી પલ્ટણમા ગોઠવવામા આવ્યા

ત્યારબાદ કઠોર સજા અમલમા મૂકવાનુ કાર્ય શરૂ થયુ. ૫૧ મી પલ્ટણના જે ૧૨ સિપાહીઓએ પોતાની પલ્ટણ તજી દીધી હતી તેઓને ૩ જી જુને શ્રસી આપવામા આવી હતી, હવે ૧૦ મી જુને ૮૭ મી યુરોપિઅન પલ્ટણના કવાયતના મેદાન પર એ કરતા પણ વધારે ભયકર સજા અમલમા મૂકાઇ મરદાન નામના સ્થળના ૧૨૦ સિપાહીઓએ પોતાની મરજીપૂર્વક પોતાનુ મથક છોડયુ હતું વડા કમિશનરના અભિપ્રાય મુજબ તેઓમાના કે ને દેહાતદડની સજા થઇ હતી ૧૦ મી જુને એ સજા અમલમા મૂકવાની તૈયારી થઇ. આ કઠોર સજા માટે ૧૨૦ માથી ૪૦ જણને પસદ કરવામા આવ્યા હતા ૧૦ મી જુને આ હતભાગ્ય સિપાહીઓને કવાયતના મેદાનમા હાજર કરવામા આવ્યા તેઓનું વીરત્વ ગૌરવ લુપ્ત થયુ હતું, પદમર્યાદા નષ્ટ થઇ હતી, લશ્કરી આભૂષણો છિનવી લેવામા આવ્યા હતા, તેઓ અત્યારે પોતાની પલ્ટણથી વિખુટા પડી, આત્મીય સ્વજનને અપાર દુ ખમાં ડુબાડી, અગાઉની મહત્તા ગુમાવી, વિષાદમય

---

૧ Kaye Vol II p. 488–489

દષ્ટિએ પોતાના જીવનના છેલ્લા નિશ્વાસો નાખવા લાગ્યા આ ભયંકર કાર્ય જોવા માટે પેશાવરનુ મધુ લસ્કર આ વિશાળ મેદાન પર ગોળાકારમા ત્રણ બાજુએ ઉભુ હતું એક બાજુએ તોપો હારબંધ ગોઠવવામા આવી હતી. આજુબાજુ સેકડો લોકો આ હત્યાકાંડ જોવા માટે આવી મળ્યા હતા. તેઓ બધા ભારે કુતૂહલતા દર્શાવતા હતા ઘણા લોકો સંશયગ્રસ્ત હતા, કેટલાક આ કાર્યથી બ્રિટિશોની સત્તાનો પાયો ડગમગશે એમ માનતા હતા આ અપાર દર્શકવૃંદ સમક્ષ યુરોપિઅન સૈનિકો હાથમા ભરેલી બંદુક લઇ ઉભા રહ્યા ઓફિસરો પોતપોતાના હથિયારો સજ્જ કરી સમયની રાહ જોવા લાગ્યા. તેઓના હૃદયમા ગંભીર સંદેહ ઉત્પન્ન થયો હતો તેઓની ટુકડીઓના સૈનિકો સંદેહાકુલ હૃદયે ભયંકર વિપત્તિનું નિવારણ કરવા માટે તૈયાર થઇ રહ્યા હતા

થોડા સન્માનસૂચક તોપધ્વનિ થયા બાદ બ્રિગેડિયર મેદાન પર આવી પહોચ્યો। તેણે ગોળાકારમા ઉભેલા સૈનિકોની હરોળના ભાગ તરફ ઘોડો ફેરવી સજાનો હુકમ વાચવાની રજા આપી તેના હુકમ મુજબ આદેશલિપિ વાચવામા આવી હવે ભયંકર કાર્ય શરૂ થયું પસંદ કરેલા ચાળીસ સિપાહીઓને તોપોવડે ઉડાડી દેવામા આવ્યા. તેઓને બચાવવા માટે કોઇના મુખમાથી એક શબ્દ પણ બહાર નીકળ્યો નહિ, એક હાથ પણ ઉચો થયો નહિ. બધા ભીતિવિહ્વલ ચિત્તે આ ભયાનક દૃષ્ટિ નિહાળી રહ્યા નિઃશસ્ત્ર અને સશસ્ત્ર સિપાહીઓ અહીં હાજર હતા છતા તેઓમાના કોઇએ સહેજ પણ ઉશ્કેરણી બતાવી નહિ. બધા પોતાના અમલદારોનો હુકમ અમલમા મૂકવા તત્પર થઇ રહ્યા, પહાડી પ્રદેશના લોકો આ દૃશ્ય જોઇ અંગ્રેજોની અપાર સત્તાને વશ થઇ

ગયા તેઓના ટોળેટોળા અગ્રેજ સૈન્યમા જોડાવા લાગ્યા. સરકારે જનસમક્ષ આ સજા અમલમા મૂકી પોતાની સર્વોપરિ સત્તા ટકાવી રાખી હતી જેઓએ આ દશ્ય જોયુ તેઓને અંગ્રેજી સત્તાપર અચળ વિશ્વાસ બેસી ગયો પરંતુ સરકાર આવો ત્રાસ ફેલાવ્યા સિવાય પોતાની મહત્તા જાળવી શકત તોપોના ગોળા વડે જેઓના શરીર ઉડી ગયા તેઓએ ધર્મનો નાશ થવાની બીકે ઉશ્કેરણી બતાવી હતી છતા કઇ નુકશાન કર્યું નહોતુ. તેઓએ ઓફિસરોને, યુરોપિઅનોને, બૈરાછોકરાને કે કોઇ સરકારી મકાનને ઇજા કરી નહોતી તેઓ ફક્ત ગભીર સંદેહને વશ થઇ ઉશ્કેરાઇ ગયા હતા તેઓએ પોતાની બુદ્ધિ પરનો કાબુ ખોયો હતો એથી તેઓમા સત્યાસત્યનો નિર્ણય કરવા જેટલી શક્તિ રહી નહોતી. તેઓએ લશ્કરી નિયમ તોડયો હતો એ ખાતર તેઓને કેદની સજા બસ હતી એકી સાથે ૪૦ જણાને તોપને ગોળે ઉડાડી દેવા કરતા સર્વ માણસો સમક્ષ તેઓનો લશ્કરી પોશાક ઉતારી બેડીઓ પહેરાવી હોત તો ન્યાયશીલતા સચવાત તેની સાથે લોકોને બ્રિટિશસત્તા વિષે અસાધારણ માન ઉત્પન્ન થાત જોનારાઓ એકી સાથે આટલા બધા સિપાહીઓને બેડીઓ પહેરી જેલમા જતા જોઇ બ્રિટિશ મહત્તાના ગુણગાન કરત

સોયાટ નદીની કિનારે આબજાઇ નામના સ્થળ પર આવેલા કિલ્લામા ૬૪મી પલ્ટણ રહેતી હતી નિકલ્સને ૫૫મી પલ્ટણની પૂઠ પકડી ત્યારબાદ બીજે દિવસે ખબર મળ્યા કે આજીનખા નામનો એક પ્રખ્યાત સાહસિક અફગાન પર્વત પરથી ઉતરી ૬૪ મી પલ્ટણના સિપાહીઓ સાથે કાવતરૂ કરે છે. આ સમાચાર મળતા જ તે એ કિલ્લામાની પલ્ટણને નિ શસ્ત્ર કરવા તૈયાર થયો. અયોધ્યા ખાલસા કરવાથી

મુસલમાનોના મનમા બહુ અસતોષ ફેલાયો હતો. અયોધ્યા મુસલમાનોના કિલ્લા જેવુ હતું એ કિલ્લો અત્યારે ફિરગીઓને તાબે થયો જોઇ હિદના મુસલમાનોએ ધારી લીધુ કે હવે હૈદરાબાદની પણ એ જ સ્થિતિ થશે. અયોધ્યાની માફક હૈદરાબાદ પણ મુસલમાન ધર્મની મહત્તા જાળવનારૂં મથક હતું કારણકે અહીં પણ ધર્મનિષ્ઠ મુસલમાન રાજા રાજ્ય કરતો હતો આ સ્થળે મુસલમાન ધર્મની સત્તા અપ્રતિહત રહેતી અને ધાર્મિક ક્રિયાકલાપ બીન હરકતે થઇ શકતો. ફિરંગીઓએ જયારે અયોધ્યા કબજે કર્યું છે ત્યારે હૈદરાબાદની પણ એવી જ સ્થિતિ થવાની આવા વિચારથી હિદના કૌતુહલી મુસલમાનો અધીરા થઇ ગયા હતા. એવુ કહેવાય છે કે આ બાબતમા અફગાનિસ્તાનની સહાનુભૂતિ મેળવવાનો પ્રયત્ન કરવામા આવ્યો હતો[1] આવી સહાનુભૂતિ પ્રાપ્ત કરવામા તેઓ સફળ નીવડયા હો કે નિષ્ફળ નીવડયા હો પણ એટલુ તો નક્કી કે અયોધ્યા ખાલસા થયાના સમાચાર અફગાનિસ્તાનના ધર્માંધ મુસલમાનોથી અજાણ્યા નહોતા

---

૧ ઇ સ ૧૮૫૬ના ઑગસ્ટ માસમા સોયાટના આણુન્દનો એક પત્ર રાવળપિડિના ફતેહખા પર આવ્યો હતો એ પત્રમા લખ્યુ હતુ કે "લખનોરના મુસલમાનોએ અમીર દોસ્તમહમ્મદને જણાવ્યુ છે કે અગ્રેજોએ અયોધ્યા કબજે કર્યું છે ત્યારબાદ કદાચ હૈદરાબાદ પણ ખાલસા થશે ધર્મનિષ્ઠ મુસલમાનો તરફથી ખાસ ચળવળ નહિ થાય તો કદાચ હિદમા એક પણ મુસલમાની રાજ્ય રહેશે નહિ આ સબધમા અમીર દોસ્તમહમદ કઇ જાતની મદદ આપી શકશે તે લખનોરના મુસલમાનો જાણવા માગે છે—Kaye, Sepoy War. Vol II p. 496, note

હિંદના એક મોટા મુસલમાન નવાબના અપમાનથી ઉશ્કેરાઇ મુસલમાનો અંગ્રેજોને વિપત્તિગ્રસ્ત કરવાનો પ્રયત્ન કરે એમા નવાઇ જેવું કઇ નથી

પૂરેપૂરો સંભવ હોવા છતા આ વખતે પહાડી પ્રદેશના લોકો બ્રિટિશો સામે એકત્ર થયા નહિ. કાર્યકુશળ કોટનના પ્રયત્નથી આજુનખાનો ઉદ્દેશ પણ નિષ્ફળ ગયો. આજુનખા પોતાને સ્થળે ચાલ્યો ગયો આબજાહના કિલ્લામાની પલ્ટણના હથિયારો ઉતારી લેવામા આવ્યા.

પંજાબના બીજા સ્થળોએ પણ સિપાહીઓ ઉશ્કેરાયા હતા પરંતુ લાહોર અને પેશાવરના જેવા બનાવો બીજે કોઇ પણ સ્થળે બન્યા નહોતા જાલધરના સિપાહીઓમાથી થોડા ફિલોર મોકલવામા આવ્યા હતા તે વાત અગાઉ જણાવવામા આવી છે. આ વખતે બ્રિગેડિયર જૉન સ્ટોન જાલધરના લશ્કરનો અધ્યક્ષ હતો તે સિપાહીઓને નિઃશસ્ત્ર કરવા તૈયાર થયો નહોતો જુન માસની શરૂઆતમા જાલધરના સિપાહીઓ પર અધિકારીઓને શક પડયો. આ વખતે તેઓમા ભારે ઉશ્કેરણી ફેલાઇ રહી હતી ધર્મનો નાશ થવાની બીકે તેઓના અંતઃકરણમા ભારે ખળભળાટ જામ્યો હતો. મીરત અને દિલ્હીના સમાચારો સાભળી તેઓનુ ધૈર્ય ચળી ગયુ હતું. મેજર લેક જાલધર વિભાગનો કમિશનર હતો. મિરત અને દિલ્હીના બનાવો વખતે તે જાલંધર હાજર નહોતો. જ્યારે તે પોતાને મથકે આવ્યો ત્યારે તેણે સિપાહીઓને અસંતુષ્ટ બનેલા જોયા હવે તે આ બાબતમા સૈનિક અધિકારીઓ સાથે મસલત કરવા લાગ્યો. કમિશનર લેક નિઃશસ્ત્ર કરવાની તરફેણમા હતો. પરંતુ બ્રિગેડિયર વાત વધી પડવાના

ભયથી એકાએક હથિયારો ઉતારી લેવાની ના પાડતો હતો ઓફિસરોએ પણ સિપાહીઓને નિ શસ્ત્ર કરવા વિરૂદ્ધ મત આપ્યો, સિપાહીઓના હૃદયમા જે સ શય ભરાઈ બેઠો હતો તેનો નાશ કરવા માટે બીજી કોઇ યુક્તિ યોજવામા આવી નહિ. આથી થોડી મુદ્દતમા જાલધરમા વિપ્લવ શરૂ થયો ૭ મી જુને સોલ્જરોના અધ્યક્ષના મકાનમા આગ લાગી એ સાથે બે પાયદળ અને એક ઘોડેસ્વાર પલ્ટણ અતિશય ઉશ્કેરાઇ પોતાની સત્તા જમાવવા બહાર પડી ૭ મી જુનની રાત્રે જોતજોતમા આખી છાવણીમા કોઇ અપૂર્વ શક્તિ પ્રસરવા લાગી ચારે તરફ ધોડધામ થવા લાગી ઓફિસરો પોતપોતાના અસ્ત્રશસ્ત્રો લઇ કવાયતના મેદાન તરફ જવા લાગ્યા યુરોપિઅન ગોરા-છોકરા બેબાકળા બની કોઇ સુરક્ષિત સ્થળે જઇ રહેવા લાગ્યા અતિશય ગડબડને લીધે રાત્રિની શાતિ લૂટી આટલુ છતા સિપાહીઓ ભાગતોડ કરવા તૈયાર થયા નહોતા. તેઓએ એવો વિચાર કર્યો જણાતો હતો કે આપણે જેમ બને તેમ જલદી દિલ્હી જવુ અને ત્યા સ્વદેશબધુઓ સાથે જોડાઇ સ્વધર્મની રક્ષા કરવી. આવા વિચારને લીધે ઓફિસરોનુ લોહી રેડવા તરફ, યુરોપિયનોના બૈરા છોકરાને રહેસી નાખવા તરફ કે આખા પજાબના ગોરા લોકોને હેરાન કરવા તરફ તેઓનું બિલકુલ લક્ષ નહોતુ તેઓની એવી માન્યતા હતી કે ફિરગીઓ હરકોઇ યુક્તિવડે અમને વટલાવવા માગે છે માટે આવા યુક્તિબાજ માણસ આગળ રહેવા જેટલુ સાહસ તેઓ દર્શાવી શક્યા નહિ. આથી તેઓ બીજા કશા તરફ ધ્યાન ન આપતા ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવા રવાના થયા. છતા આ વખત જ એવો હતો કે અણુધારી રીતે કોઇને કઇ પણ ઇજા થઇ જાય એ સ્વાભાવિક છે એક

યુરોપિઅન સૈનિકને ગોળી લાગી હતી અને તેને લીધે તેનુ મરણુ નીપજ્યુ હતું, પણુ આ ગોળી સિપાહીઓએ ફેકી નહોતી એક ઘોડેસ્વારે જતા જતા આ અડપલું કર્યું હતું. એ સિવાય કેટલાક ઓફિસરો પણુ આ ગડબડ સમાવવા જતા ઘવાયા હતા. કોઇ કોઇ સ્થળે મકાનો ભસ્મીભૂત થયા હતા અથવા લૂંટાયા હતા. આ બધુ વિપ્લવનું અનિવાર્ય ફળ અને તે વખતના સમયની અનિવારણીય ગતિની લીલા હતી. ભયકર બંડ ઉઠતી વેળા આવુ આવુ સર્વત્ર બને છે. આથી કઇ સિપાહીઓની બળવાન વૈરવૃત્તિ સિદ્ધ થતી નથી. સિપાહીઓએ તો પોતાના ઓફિસરોનો બચાવ કરવા ખાસ પ્રયત્ન કર્યો હતો તેઓ જ્યા જ્યા ઓફિસરોનું જીવન ભયમા જોતા ત્યા ત્યા તેઓને બચાવવા દોડયા જતા હતા. આ બાબતમા તેઓની વફાદારી ચળી નહોતી.

ફિલોરમા ૩ જી પલ્ટણુ પડી હતી હોશિયારપુરમા ૩૩ મી પલ્ટણુ છાવણી નાખી પડી હતી. આ બંને પલ્ટણોને સાથે લઇ દિલ્હી જવાનો મનસુબો જાલંધરના સિપાહીઓએ કર્યો હોય એવું જણાય છે સકેત થતાજ એક ઘોડેસ્વાર ફિલોરના સિપાહીઓને આ ખબર આપવા દોડયો હતો બડખોર સિપાહીઓએ રાતના ૧૨ વાગે જાલધર છોડયુ. બ્રિગેડિયર જોનસ્ટોન તેજ વખતે તેમની પાછળ પડયો નહિ. સરસામાન માટે અટકી પડયો. છેવટે જ્યારે જેઠ માસનો પ્રચડ સૂર્ય પોતાની સત્તા દર્શાવવા લાગ્યો ત્યારે બ્રિગેડિયરે એક ટુકડીને સિપાહીઓ પાછળ મોકલી રાતના ૧ વાગે જાલંધરના સિપાહીઓ દિલ્હી ભણી નાઠા હતા. બીજે દિવસે સવારના ૭ વાગે સોલજરોએ તેઓની પૂઠ પકડી પરંતુ એ વખત દરમ્યાન સિપાહીઓ તો

બહુ દૂર નીકળી ગયા હતા, એટલે પીછો પકડનારા ગયા તેવા પાછા આવ્યા. તેઓ સિપાહીઓને ભેટી શકયા નહિ. આ બાબત ટુકાણુમા વર્ણવવા જેવી છે એ વખતે એવી વાત ઉઠી હતી કે ફિલોરમા જેમ બને તેમ જલદી બડ ઉઠવાનુ છે આ વાત સાભળી એક અગ્રેજ સેનાનાયક બે તોપો અને થોડા સોલ્જરો લઇ ફિલોર તરફ રવાના થયો તેની સાથે પજાબની બીજી ઘોડેસ્વાર પ'ટણ રવાના થઇ આ સૈન્ય ફિલોર જઈ પહોચ્યુ તે વખતે બાતમી મળી કે ઓફિસરો કિલ્લામા ભરાઇ રહ્યા છે અને બડખોરો ૪ માઇલ દૂર આવેલી સતલજ નદી ઉતરે છે. પેલો સેનાનાયક શુ કરવુ તેના વિચારમા પડયો તેના તાબાના સૈનિકો પણ બેબાકળા બની ગયા ફિલોરથી સતલજ જવાનો રસ્તો તેઓ જાણુના નહોતા આ બાજુએ ફિલોરના ઓફિસરો કિલ્લામા છુપાઇ રહ્યા હતા તેઓ કોઇ ભોમિઓ મોકલી શકયા નહિ આથી આ લશ્કર આખી રાત આમ તેમ રખડયુ બ્રિગેડિયર જૉનસ્ટોને જો જરા પણ સમય ન વીતાડતા પીછો પકડયો હોત તો કાર્યનો ઘણો ભાગ સફળ થાત પરતુ વિલબ થવાથી કામ વણસ્યુ ફિલોરના સિપાહીઓ મદદે જઇ પહોચે તે દરમ્યાન કિલ્લો નજી ગયા હતા. ઓફિસરો બીકના માર્યા કિલ્લામા જઈ છુપાઇ ગયા હતા. તેઓ એટલા બધા બીધા હતા કે મદદગાર લશ્કર આવ્યુ છતા તેને કશી મદદ આપી શકયા નહિ. આ તરફ જાલધરના સિપાહીઓ સતલજ ઉતરવાની તૈયારી કરવા લાગ્યા

જાલધરનો બ્રિગેડિયર જ્યારે આવી કાર્યકુશળતા દર્શાવી સૈનિક સત્તાવાળાઓના વખાણ મેળવવા ઇચ્છતો હતો ત્યારે બે સિવિલ અધિકારીઓ આવી પડેલા વિપત્તિ સામે કમર કસી ઉભા રહ્યા હતા. જ્યોર્જ

રિકેટ્સ આ વખતે લુધિયાનાનો ડેપ્યુટિ કમિશનર હતો અને થૉર્ન-ટન સહાયકારી કમિશનર હતો થૉર્નટન સિપાહીઓને પગાર ચુકવવા માટે ફિલોર ગયો ત્યા તેણે સાભળ્યુ કે સિપાહીઓ તો નાસી ગયા છે તે તરત જ મારતે ઘોડે સતલજ તરફ દોડયો અને સિપાહીઓ આવી પહોચે એ દરમ્યાન સતલજ પરનો પુલ તોડી નખાવ્યો પૂલ તૂટી જવાથી સિપાહીઓ થોડા માઇલ દૂર જઈ સતલજ ઉતરવાનો પ્રયત્ન કરવા લાગ્યા થોર્નટન તરત જ લુધિયાના આવી પહોચ્યો આ વખતે ડેપ્યુટિ કમિશનર જાલધરના સમાચાર મળેલા હોવાથી લુધિયાનાના બચાવ માટે તૈયારી કરી રહ્યો હતો પંજાબથી જે વિશાળ રાજમાર્ગ દિલ્હી જતો હતો એ રાજમાર્ગ પર લુધિયાના આવેલુ હતુ. ડેપ્યુટિ કમિશનરને સદેહ પડયો હતો કે સિપાહીઓ દિલ્હી જતી વેળા લુધિયાનાનો નાશ કરતા જશે સમય બહુ થોડો હતો. એ અલ્પ સમય પણ હવે અતિ અલ્પ રહ્યો હતો. કારણ કે ડેપ્યુટિ કમિશનરને જ્યારે જાલધરના સિપાહીઓના બડના સમાચાર મળ્યા ત્યારે લુધિયાનાના સિપાહીઓને પણ એ બાતમી મળી હતી. લુધિયાનામાના સિપાહીઓ ફિલોરની પલ્ટણમાના હતા તેઓ પણ જાલધરના સિપાહીઓની પેઠે અતિશય ઉશ્કેરાઇ ગયા હતા. અને બડ ઉઠાવવાની ગહ જોઇ બેઠા હતા કિલ્લો અને તેજુરી કબજે કરવી એ તેઓનો મુખ્ય ઉદ્દેશ હતો. લુધિયાનામા સોલ્જરો ન હોવાથી તેઓનો આ ઉદ્દેશ પાર પડે તેમ હતું ફિલોર અને જાલધરના સિપાહીઓ પણ દોડધામ કરતા ધસ્યા આવતા હતા. ડેપ્યુટિ કમિશનર આવી સકડામણમા આવી પડી બચવાની યુક્તિ ખોળવા લાગ્યો જાલધર અને લુધિયાનાની વચ્ચે સતલજ નદી હતી.

જાનધરના સિપાહીઓ સતલજ ઉત્તરી ન શકે એવો કંઈ ઉપાય ખોળી કાઢવાની તૈયારી થઇ બરાબર આ વખતે ૪ થી શિખપલ્ટણુ કે જે દિલ્હી જતી હતી તે વિશ્રાતિ લેવા ખાતર લુધિયાના આવી પહોચી લેફ્ટેનેન્ટ વિલિયમ્સ નામનો એક સેનાનાયક આ પલ્ટણના કેટલાક સિપાહીઓ સાથે સિપાહીઓને અટકાવવા તૈયાર થયો આ તરફ નાભાના રાજાએ અંગ્રેજોની મદદમા બે તોપો અને કેટલાક ઘોડે-સ્વાર તથા પાયદળ સૈનિકો મોકલી આપ્યા આ સૈન્ય લઇ લુધિયા-નાનો ડેપ્યુટિ કમિશનર જાલધરના સિપાહીઓને અટકાવવા રવાના થયો

સિપાઇઓ કયે સ્થળે આવી પહોચ્યા છે તે જાણવા માટે ડેપ્યુટિ કમિશનર નૌકામા બેસી સામે કિનારે આવ્યો અને એ કિનારે થોડે દૂર ચાલ્યા બાદ બાતમી મળી કે સહકારી કમિશનર યોર્નટન સાહેબે પુલ તોડી નાખ્યો હોવાથી સિપાહીઓ સતલજ નદીમા ૪ માઇલ ઉપલાણે ગયા છે અને ત્યા નદી સાકડી હોવાથી ઉતરવાની તૈયારી કરે છે આ બાતમી મળતાજ ડેપ્યુટિ કમિશનર આ કિનારે આવ્યા, અને સૈન્ય લઇ લેફ્ટેનેન્ટ વિલિમ્સની સાથે સિપાહીઓને અટકાવવા તૈયાર થયા આ વખતે બ્રિગેડિયર જોનસ્ટોને સોલ્જરોને સિપાહીઓ પાછળ મોકલ્યા હોત તો તેઓ બને બાજુના હલ્લાથી કાયર બની જાત અને કદાચ સતલજ નદીમાજ ઘણા સિપાહીઓની કબર થઇ જાત પણ જોનસ્ટોનના સોલ્જરોનુ તો નામનિશાન જણાતું નહોતું રાતના દસેક વાગ્યાને સુમારે રિકેટ્સ અને વિલિયમ્સે સિપાહીઓને જોયા રસ્તો એવો ખરાબ હતો કે લશ્કરને આગળ વધતા બહુ મુશ્કેલી પડતી હતી વળી લગભગ ૧૬૦૦ સિપાહીઓ તો સતલજ ઉતરી ચૂક્યા હતા. તેઓની સાથે અંગ્રેજોના સૈન્યને ભયકર લડાઇ થઇ.

અગ્રેજોની તરફથી શિખ સૈનિકો અપાર શૌર્ય દર્શાવવા લાગ્યા. અંગ્રેજોએ એક વખતે હિદીઓની મદદથીજ હિદપર સત્તા જમાવી હતી. આ વખતે પણ તેઓ હિદવાસીઓની મદદ લઇ પોતાની સત્તા અચળ રાખવાનો પ્રયત્ન કરતા હતા. લગભગ બે કલાક સુધી ભયંકર લડાઇ થઇ. અંગ્રેજોની તોપોમાથી ગોળાઓનો વરસાદ વરસવા લાગ્યો સિપાહીઓની પાસે તોપો નહોતી છતા તેઓ બદુકની મદદથી સામા પક્ષનો બ્યૂહ ભેદવાનો પ્રયત્ન કરવા લાગ્યા મધરાતે જ્યારે ચદ્રમા ગગનમાથી ચાદની રેડવા લાગ્યો ત્યારે ડેપ્યુટિ કમિશનર સિપાહીઓના પરાક્રમથી હતાશ બની ગયો. નાભાનુ સૈન્ય નાસી ગયુ, શિખો થાકી ગયા, દારૂગોળો ખૂટી ગયો આ રેકેટ્સ તરફ સિપાહીઓ તો ઉત્સાહપૂર્વક આગળ ધસવા લાગ્યા ડેપ્યુટિ કમિશનર અને વિલિયમ્સ કશો ઉપાય રહ્યો ન હોવાથી પાછા હઠી ગયા તેઓ પોતાના લશ્કર સાથે છાવણીમા આવ્યા

અંગ્રેજી લશ્કરને હરાવ્યાથી સિપાહીઓમા નવુ તેજ આવ્યું. તેઓ હવે ઝપાટાબધ લુધિયાના તરફ દોડવા લાગ્યા ૯ મી જુને બપોરે તેઓ શહેરમા પેઠા કિલ્લામાનુ સૈન્ય તેઓને આવકાર આપવા લાગ્યુ શહેરની ચોતરફ વસતી લૂટફાટ કરતી જાતિના લોકો પૈસા મળવાની આશાથી બડખોરોને આવી મળ્યા. એક ક્ષણમા લુધિયાના અવ્યવસ્થાનુ ક્ષેત્ર બની ગયુ. કાબુલથી દેશનિકાલ થએલા લોકો બ્રિટિશ કપનિના પૈસા વડે ગુજરાન ચલાવતા હતા તેઓ બધા લુધિયાનામા રહેતા હતા. તેઓને નોકરચાકરોનો પાર નહોતો. કાશ્મીરી શાલ વેચનારા લોકોનું મથક પણ લુધિયાનામા હતું એ સિવાય સખ્યાબધ લૂટારાઓ લુધિયાનાના વતની હતા. અત્યારે એ બધા

લોકો અંગ્રેજો સામે લડવા તત્પર થયા કાબુલી લોકોના ટોળેટોળા ચોતરફ દોડવા લાગ્યા કાશ્મીરી શાલના વેપારીઓએ સરકારી ગુદામ અમેરિકન પાદરીઓના મકાનો વગેરે બધુ લૂટી લીધુ દેવળ ભસ્મીભૂત કરી નાખવામા આવ્યુ, છાપખાનુ તોડી ફોડી નાખવામા આવ્યુ અને દૂરથી આવતા સિપાહીઓને સરકારી અમલદારોના બગલાઓ બતાવી દીધા એ સિવાય સંખ્યાબધ મુસલમાન ગુજરો એક ધર્મોન્મત્ત મૌલવીના વચનો સાભળી બહુ ઉશ્કેરાઈ ગયા આ મૌલવીને અંગ્રેજો વિરૂદ્ધ જેહાદ જાહેર કરવાની બહુ ઇચ્છા હતી. અત્યારે તે સ્વધર્મના રક્ષણ માટે અગ્રેજો વિરૂદ્ધ સખત ભાષણો કરવા લાગ્યો. એટલે મુસલમાનો પણ સિપાહીઓની સાથે લૂટફાટમા જોડાયા જેલ તોડવામા આવી અગ્રેજોની સત્તાની નિશાનીઓ રદ કરવામા આવી. વેપારીઓ સિપાહીઓથી ડરી જઇ તેઓ માટે લોટ અને રૂપીઆ એકઠા કરવા લાગ્યા બીજી તરફથી લૂટારા ગુજરોની બીકથી તેઓની દુકાનો બધ થઇ પૈસાદાર લોકો પોતપોતાનો પૈસો છુપાવવા લાગ્યા આ રીતે લુધિયાનામા ગડમથલ મચી રહી લુધિયાનામા અગ્રેજી સત્તા જડમૂળથી ઉખડી ગઇ. શાતિપ્રિય વતનીઓ પોતપોતાને યોગ્ય લાગે તે રસ્તો લઈ પોતાનો બચાવ કરવા લાગ્યા.

સિપાહીઓની સાથે બદમાસ લોકોએ મળી યુરોપિઅનોના ઘર લૂટચા સરકારી માલ પર હાથ માર્યો. યુરોપિઅનો પોતાના બચાવ માટે બ્રિગેડિયર જૉનસ્ટોનની રાહ જોતા બેઠા પરતુ જૉનસ્ટોને યોગ્ય સમયે લશ્કર મોકલ્યુ નહિ જે રાત્રે જાલધર અને લુધિયાનાના માર્ગ પર ડેપ્યુટિ કમિશનરે સિપાહીઓ સાથે ટક્કર ઝીલી હતી તેજ રાત્રે સોલ્જરો લુધિયાના જવા માટે ઉતાવળા થઇ રહ્યા હતા, પણ બ્રિગે

ડિયર જૉનસ્ટોને તેઓને કઇ હુકમ આપ્યો નહિ રેકેટ્સ તેમને મદદ માટે વાગવાર વિનતિ કરવા લાગ્યો. પરંતુ આખો દિવસ પસાર થયો છતા કોઇ મદદે આવ્યુ નહિ સિપાહીઓ રાત પડતા સુધી લુધિયાનામા રહ્યા, ત્યાર બાદ દિલ્હી તરફ રવાના થયા. છેવટે જ્યારે સોલ્જરો આવી પહોચ્યા, ત્યારે સિપાહીઓ તો ચાલ્યા ગયા હતા તેઓની પૂઠ પકડવાનુ કામ હવે નિષ્ફળ હતું

બ્રિગેડિયર જોનસ્ટોનની શિથિલતાને લીધે અગ્રેજોના પક્ષને નુકસાન થયુ હતું, પણ સિપાહીઓ એકદમ દિલ્હી ચાલ્યા જવાથી અંગ્રેજોની જાતને ઇજા થઇ નહોતી સિપાહીઓ કોઇપણ વ્યવસ્થા જાળવતા નહોતા. તેઓ જ્યારે લુધિયાના આવી પહોચ્યા ત્યારે ત્યા સોલ્જરોનુ નામ નિશાન નહોતું કિલ્લામાના સિપાહીઓ પણ તેઓને અનુકૂળ હતા. શહેરના અને શહેર બહારના લોકો પણ તેમના પક્ષમા હતા. તેજુરી તેઓના કબજામા આવી હતી, કિલ્લો તેઓના વિજયની પ્રસાદી રૂપ બન્યો હતો તેઓએ જો કિલ્લાની દિવાલો પર તોપો ગોઠવી દીધી હોત, તેજુરીમાનો પૈસો લડાઇના હથિયારો ખરીદવામા વાપર્યો હોત, અને શહેરના બદમાસ લોકોની મદદથી પોતાની સત્તા જાળવી રાખવાને પ્રયત્ન કર્યો હોત તો જરૂર તેઓને નિષ્ફળતા મળત નહિ તેઓ લુધિયાનામા પોતાનો પગદડો જમાવી શકત પજાબથી દિલ્હી જવાના વિશાળ રાજમાર્ગ પરનુ એક મોટુ શહેર બડખો રોના કબજમા રહેત તો અગ્રેજોને બહુ નુકસાન થાત એટલુ જ નહિ પણ દિલ્હી કબજે કરવાનુ કામ પણ અતિશય મુશ્કેલ થઇ પડત. દિલ્હી કબજે થયા વિના આ બળવો શાંત પડે તેમ નહોતું પરંતુ હિંદના સુભાગ્યને લીધે સિપાહીઓમા ઊંડી પહોચ નહોતી યોગ્ય

નાયકને અભાવે તેઓ સુકાન વિનાના વહાણુની પેઠે ઘસડાયા જતા હતા તેઓ તો ચોતરફનો વિચાર ન કરતા દિલ્હી ભણી દોડ્યા ગયા હતા આમ થવાથી દિલ્હીમાના સિપાહીઓની સંખ્યા વધી ખરી પણ તેઓનુ બળ વધ્યુ નહિ તેઓ એક કેન્દ્રમા એકત્ર થઇ પોતે પોતાનુ બળ ઘટાડવા લાગ્યા. જેમ અગ્રેજો કોઇ કોઈ સ્થળે કાર્ય-શિથિલતા દર્શાવી ક્ષતિગ્રસ્ત થયા હતા, તેમ સિપાહીઓ પણ સર્વ સ્થળે પોતાની ભૂલને લીધે ઉદ્દેશ પાર પાડી શક્યા નહોતા

જાલંધરના બડખોર સિપાહીઓ લુધિયાનાથી દિલ્હી ગયા ગોલ્જરોનું સૈન્ય તેમને પકડવા માટે લુધિયાના આવી પહોચ્યુ પણ સિપાહીઓ તો તેઓ આવી પહોચે તે પહેલા રવાના થઈ ગયા હોવાથી હવે તેઓ બધુ વેર લોકોપર વાળવા તત્પર થયા સોલ્જરો આવી પહોચતા જ લુધિયાનામા વ્યવસ્થા ફેલાઇ ગઇ અગ્રેજોએ પોતાની સત્તા જમાવી તેથી લોકો તો ભયના માર્યા દિગ્મૂઢ બની ગયા. હવે અગ્રેજોનો સોટો ચોતરફ ફરવા લાગ્યો ૨૦ કાશ્મીરી શાલના વેપા-રીઓ બીજા રહેવાશીઓ સાથે ફાસીને લાકડે લટકવા લાગ્યા જેઓએ ઉશ્કેરણી ફેલાવવામા ભાગ લીધો હતો તેઓની પણ એજ દશા થઇ એ હતભાગ્ય માણસો પકડાયા કે તરત ન્યાયાધીશે ચુકાદો આપી દીધો. ચુકાદાના ખબર તાર મારફતે અધિકારીઓને મોકલવામા આવ્યા અધિકારીઓએ એ સજાને અનુમોદન આપ્યુ એટલે જે દિવસે સજા થઇ તેજ દિવસે બપોરે એ અભાગીઆ લોકોની બધી આશાનું અવસાન થયુ

ત્યાર બાદ અધિકારીઓ લુધિયાનાના સૈનિકોને નિ શસ્ત્ર કરવા તૈયાર થયા સોલ્જરોની મદદથી ડેપ્યુટિ કમિશનરે આ કાર્ય અમલમા

મૂક્યું. આજુબાજુના સ્થળોમા જેઓ હથિયાર સહિત છુપાઇ રહ્યા હતા તેઓની શોધ ખોળ થવા લાગી જેઓ છુપી રીતે હથિયારો મેળવી બ્રિટિશ સરકાર વિરુદ્ધ લડવાનો મનસુબો કરી રહ્યા હતા તેઓ આ પ્રમાણે પકડાયા અમલદારોએ એક જાહેરનામુ પ્રગટ કરી હથિયારબંધીનો કાયદો અમલમા મૂક્યો જેઓની પાસે હથિયાર હશે તેઓને સખત સજા કરવામા આવશે એવો હુકમ જાહેર કરવામા આવ્યો.

હથિયાર-બંધીનો કાયદો અમલમા મૂક્યા બાદ દિલ્હી તરફ જતા લશ્કરને માટે સરસામાન રવાના થવા લાગ્યો પંજાબથી દિલ્હી જતા રાજમાર્ગ દ્વારા સંખ્યાબંધ ગાડીઓ તથા ચોપગા જાનવરો ભારથી લદાઇ દિલ્હી તરફ રવાના થવા લાગ્યા આ બાબતમા કશી અડચણ નડી નહિ. સતલજ અને યમુના વચ્ચેના પ્રદેશના લોકો આ વખતે વટલાવાની બીકે બહુ ઉશ્કેરાઇ ગયા હતા, તેઓ બંડખોરો સિપાહીઓ તરફ પૂરેપૂરી સહાનુભૂતિ દર્શાવતા હતા, પરંતુ તે પ્રદેશમા આવેલા રાજાઓ સરકારને મદદ આપવા તૈયાર હતા, ઝિંદ, નાભા, પત્યાળા વગેરે શિખ રાજ્યોના રાજાઓ એ ઉશ્કેરાએલા લોકોને વશ રાખવાનો ખૂબ પ્રયત્ન કરતા હતા. તેઓની મદદથી દિલ્હીના અંગ્રેજી લશ્કરને બધો સરસામાન મળ્યે જતો હતો દિલ્હીમાની અંગ્રેજી છાવણીના સૈનિકો આવશ્યક ચીજો મળવાથી બમણો ઉત્સાહ દર્શાવી સિપાહીઓ સાથે લડવા તત્પર થતા હતા.

મિરત અને દિલ્હીના સમાચાર સાભળી સરહદ પરના અધિકારીઓએ શાતિ જાળવવા માટે આજુબાજુની લડાયક જાતોમાથી એક હંગામી લશ્કર ઉભું કર્યું હતું એ વાત અગાઉ આવી ગઇ છે.

કમાન ડેલી નામના એક સેનાનાયકની સરદારી નીચે એ સૈન્ય મરદાન નામના સ્થળે છાવણી નાખી પડ્યુ હતું. ૧૩ મી મેએ એ સૈન્ય અધિકારીઓના હુકમથી નૌશેરા તરફ રવાના થયુ મધરાત પહેલા તે નિર્દિષ્ટ સ્થળે જઇ પહોચ્યુ સેનાપતિ કોટને ત્યાથી અટક જવાનો હુકમ આવ્યો. તેથી કમાન ડેલી સવારમા નૌશેરાથી રવાના થઇ બપોર પહેલા અટક જઇ પહોચ્યો. આ પ્રમાણે આ યુદ્ધકુશળ અને દઢતા મય સૈનિકોએ પ્રચંડ તાપ અને થાકથી થાકયા છતા અટકનો કિલ્લો સુરક્ષિત કર્યો ત્યારબાદ તે સૈન્ય ૧૬ મી મેની મધરાતે અટક છોડી આગળ વધ્યુ સુદર મજાની અજવાળી રાતમા મુસાફરી કરતુ કરતુ એ સૈન્ય ૧૮ મી મે એ રાવળપિંડી જઇ પહોચ્યુ. આ સ્થળેથી કમાન ડેલીને આજ્ઞા મળી કે તમારે તમારા સૈન્ય સાથે દિલ્હી જવાનુ છે હુકમ મળતાજ ડેલી દિલ્હી તરફ રવાના થયો તે લુધિયાના પહોચ્યો અને ત્યાથી રવાના થઇ ૪થી જુને સવારમા અંબાલા અને ૬ ઠ્ઠી જુને કર્નાળ જઇ પહોચ્યો. દિલ્હીથી જે જે અધિકારીઓ નાસી આવ્યા હતા, તેમાના કેટલાક સાથે અહીં મુનાકાત થઇ આ અધિકારીઓને એવી ખાત્રી થઇ હતી કે આજુબાજુના ગામડાઓ લૂટારાથી ભરપુર થઇ ગયા છે. તેઓ ફિરગીઓનુ સર્વસ્વ લૂટી લેવામાજ મજા માને છે, આવા સદેહને વશ થઇ એ અધિકારીઓ આજુબાજુના ગામડાનો નાશ કરવા તૈયાર થયા હતા એકાદ બે જણાને લીધે આખા ગામડાનો નાશ કરવો એ તેઓને ન્યાયપુરઃસર લાગ્યુ હતુ ડેલીએ આ કાર્યમા ભાગ લીધો તેના હુકમથી તેના સૈનિકોએ ગામડાઓ પર હલ્લો કર્યો ગામડિઆઓ ભયના માર્યા ચોતરફ નાસવા લાગ્યા. ઘણાખરા અચાનક હલ્લો થવાથી માર્યા ગયા અને કેટલાક

કેદ પકડાયા તેઓના ઝુંપડાઓ સળગાવી નાખવામા આવ્યા નાસેકુ રાજપુરુષોએ આ રીતે પોતાનું વેર વાળ્યુ, અને આ સેનાનાયક પણ તેઓના આગ્રહને વશ થઇ નિરપરાધી ગામડિઆઓને જાનથી મારી નાખી પોતાની નિષ્ઠુરતા દર્શાવવા લાગ્યો

આ કાર્યમા રોકાવાથી ડેલી યોગ્ય સમયે દિલ્હી પહોચી શક્યો નહિ ગભીર ઉશ્કેરણીને વશ થવાથી આ વખતે ઘણાખરા અધિકારીઓને હિદીઓ પર ભયકર ક્રોધ ચઢયો હતો તેઓમા એટલુ બધુ ખુનસ ભરાયું હતુ કે તેઓ સમગ્ર હિદીઓને નાશ કરે તોજ તેને શાતિ વળે એમ હતુ શિકારી જેમ હરણાઓનો નાશ કરી સતોષ પામે તેમ આ લોકો પણ હિદીઓના ખૂન કરી બહુ તૃપ્ત થતા હતા. તેઓ હિદીઓને ચોપગા પશુ માની બેઠા હતા, આ ચોપગા પશુઓનો સહાર કરવામા તેઓ જરા પણ પાપ માનતા નહોતા પરતુ આથી ભયકર સ્થિતિમા પણ કપ્તાન ડેલિ દયાશૂન્ય બની તદન નીષ્ઠુર બની ગયો નહોતો જેઓ તદન નિરપરાધી હતા તેઓ તેની આગળ દયા યાચના તો તે તેઓને બચાવી લેતો હતો કપ્તાન ડેલીએ ગામડાઓમાની સ્ત્રીઓ તથા છોકરાને જીવતા રાખ્યા હતા કપ્તાનની મદદથી તેઓ પોતાની નજીવી સપત્તિ લઇ દૂર ચાલ્યા ગયા હતા.

ડેલીનુ પજાબી સૈન્ય ૯ મી જુને દિલ્હી જઇ પહોચ્યું એ સૈન્યે આવા પ્રચડ તડકામા પેશાવરથી દિલ્હી સુધીનો લગભગ ૮૦ માઇલનો રસ્તો ૨૨ દિવસમા કાપ્યો હતો. પરતુ એથી તે સૈન્યને જરાપણ થાક ચડયો હોય એવુ જણાતું નહોતું. ને સૈન્ય દિલ્હી પહોચ્યું કે તરત સિપાહીઓ સાથે હાથ અજમાવવા લાગ્યુ. તે સૈન્ય દિલ્હી પહોચ્યુ તેજ દિવસે કેટલા ઘોડેસ્વાર અને પાયદળ

સિપાહીઓએ એ સૈન્ય સામે મોરચો માડયો ડેલિના સૈનિકોએ તેઓને પાછા હાંકી કાઢયા આ લડાઈમા ડેલિના સૈન્યને એક જુવાન યુરોપિઅન ઓફિસર માર્યો ગયો. જે સિપાહીએ તેના પર ગોળીબાર કર્યો હતો તે સિપાહી ડેલિના સૈન્યના સુબેદાર મેરબનસિહ નામના એક ગુરખા સૈનિકની તરવારનો ભોગ થઇ પડયો હતો.

અધ્યાય ૨ જો

દિલ્હી

વિષયનિર્દેશ—દિલ્હી અને તેની આજુબાજુનુ સ્થળ—અગ્રેજોના સૈન્યની ગોઠવણી-સેનાપતિ બર્નાર્ડ-દિલ્હી જીતવાનો ઠરાવ- સિપાહીઓ સાથે વારવાર લડાઈ-સેનાપતિ રીડ-તેણે ઓહ્દો છોડયો સેનાપતિ વિલ્સન-અગ્રેજી છાવણીની વ્યવસ્થા- દેશી લોકોની વફાદારી-તેઓની સાથે અગ્રેજ સૈન્યનો વ્યવહાર- દિલ્હીનો રાજમહેલ-વૃદ્ધ બહાદુરશાહ.

દિલ્હી જીતવા આવેલુ અગ્રેજ લશ્કર કઇ જગાએ ગોઠવાયું હતું તે આ ગ્રથના પહેલા ભાગમા જણાવવામા આવ્યુ છે, આ જગાની જમણી બાજુએ એક નાનો ડુગર પ્રકૃતિના ગાભીર્યનુ નિદર્શન કરાવી રહ્યો હતો દિલ્હી જીતવા માટે જે સૈન્યો એકત્ર થયા હતા તે સૈન્યોનું રહેઠાણ સિપાહીઓ સાથેની પ્રાથમિક લડાઇ પછી ધીમે ધીમે સપાટ મેદાનપર ફેલાતું જતું હતું સૈન્યની છાવણીની આજુબાજુનો પ્રદેશ પ્રાકૃતિક શોભાથી ભરપૂર હતો તેની સામે સુદર મકાનો વાળી

નગરી ભભકી રહી હતી. તેના વિશાળ સ્તંભો, સુદૃશ્ય મસ્જિદો, સુસજ્જિત હવેલીઓ અને શોભીતી બજારો નિપુણ કારીગરોની કારીગરી દર્શાવી રહ્યા હતા તેની એક બાજુએ જમના નદી વહી જતી હતી અને બીજી બાજુએ લાલ પત્થરથી બાંધેલી દિવાલ બંડખોરોનુ રક્ષણ કરી રહી હતી આજુબાજુના ડુંગરાળ પ્રદેશની તળેટીમા દિવાલવાળા બાગો, ઝાડોની ઘટાથી ભરપૂર ગામડાઓ અને હરિઆળા ખેતરો જાણે કોઇ ચિત્રાકારની સ્વપ્નસૃષ્ટિ હોય એવા જણાતા હતા. અંગ્રેજોની છાવણીમાથી દિલ્હી તરફ નજર નાખતા કલ્પનાશીલ મગજવાળાના હૃદયમા કંઇ કંઇ વિચારો આવતા હતા. દિલ્હીનુ પ્રાચીન ગૌરવ, આધુનિક અધઃપતન, અને વર્તમાન પરિસ્થિતિ એક પછી એક વિચારશીળ માણસના હૃદયમા ભારે તોફાન મચાવી મૂકતા હતા જે શહેર એક વખતે અંગ્રેજોના કબજામા હતું, અંગ્રેજોનો કૃપાપાત્ર એક વૃદ્ધ મોગલ જે નગરમા સાક્ષીગોપાલની પેઠે બેઠો બેઠો પોતાના વંશના વિલુપ્ત ગૌરવના સ્વપ્ન જોતો હતો, જે નગર અંગ્રેજોને લંડન કે લિવરપુલ, માંચેસ્ટર કે બર્મિંગહામના જેવુ સુરક્ષિત અને સર્વ રીતે સ્વહસ્તગત જણાતું હતું, તે શહેર એકાએક હાથમાથી ચાલ્યુ ગયુ, તેના સાક્ષીગોપાલ રૂપી રાજા એકાએક રાજાધિરાજ બની સાધારણ પ્રજાને પોતાનો અપૂર્વ પ્રભાવ દર્શાવવા લાગ્યો આ અણધારી ઘટનાવલીથી વિચારશીલ માણસનું હૃદય ઉછળતું. પરંતુ અત્યારે કલ્પનાના ઘોડા દોડાવ્યે કંઇ વળે તેવુ નહોતુ, ભૂતકાળ સાથે વર્તમાન કાળની તુલના કરી નિયતિની અનંત શક્તિથી મુગ્ધ બની જવા જેટલો અવકાશ નહોતો અંગ્રેજો આ વખતે કોઇપણ દિશા તરફ નજર નાખવા ઇચ્છતા નહોતા. વર્તમાન સમય ભૂતકાળને માટે લાંબા નિસાસા

નાખી દિલગીર થવા જેવો નહોતો તેઓ તો ભૂતકાળમા દિલ્હીના પાદશાહને વશ કરવા માટે જે યુક્તિઓ લડાવી હતી તે યુક્તિઓ અત્યારે પણ લડાવવા માટે તત્પર થયા હતા

જૂની છાવણીમા થઇને એક રસ્તો કર્નાળના વિશાળ રાજમાર્ગ સાથે જોડાતો હતો એ રસ્તો શહેરની પાસે આવેલા પરાઓમા થઇ કાબુલ દરવાજા ભણી જતો હતો કર્નાળના બીજા બે રસ્તા છાવણીમા થઇને દિલ્હીના જુદા જુદા દરવાજા તરફ ગયા હતા આ બધા રસ્તા ચોતરફથી આવી અગ્રેજ લશ્કરના મથક આગળ એકત્ર થતા હોવાથી અગ્રેજોને બહુ સગવડ થતી હતી એ સિવાય છાવણીની પાસેજ નહેરો હોવાથી પુષ્કળ ફાયદો થયો હતો છાવણીના પાછલા ભાગમા નુજાફગઢ ઝિલ નામની એક નહેર હતી તે જમના નદી સાથે જોડાએલી હોવાથી પાણી મેળવવાની અગવડ નડતી નહોતી આ નહેર જમનાની નહેર સાથે જોડાયલી હતી જમનાની નહેર દિલ્હી બહાર આવેલા પરાઓમા થઇ શેહેરમા જતી હતી અને વિશાળ રાજમાર્ગ તરફ થઇ પાદશાહના મહેલની દિવાલ પાસે જમના નદીને મળતી હતી દિલ્હી તાબે કરવા માટે જે સૈન્યો એકત્ર થયા હતા તેઓનો ખરો આધાર પજાબ હતુ. પંજાબથીજ દિલ્હીનો ઉદ્ધાર કરવા માટે સૈન્ય આવતુ હતુ પજાબનો વડો કમિશનર દિલ્હીની લડાઇનો બંદોબસ્ત કરવા તૈયાર થયો હતો પજાબ અને દિલ્હીનો રસ્તો સુરક્ષિત રાખવો એ અગ્રેજોનો ખાસ ઉદ્દેશ હતો સુભાગ્યે છાવણી સાથે કર્નાળનો રસ્તો જોડાયો હોવાથી પજાબ સાથે વ્યવહાર રાખવામા કશી અડચણ નડતી નહોતી વળી નુજાફગઢની નહેર પાસે હોવાથી પુરતા પ્રમાણમા પાણી મળતુ હતુ. ઉનાળામા આ નહેરનુ પાણી તદ્દન

સુકાઇ જતુ હતુ, પણ કંપનિના સુભાગ્યે ઇ સ ૧૮૫૬ મા અતિવૃષ્ટિ થવાથી આ વખતે ઉનાળો પસાર થયા છતા એ નહેરમા પુષ્કળ પાણી રહ્યુ હતુ. આમ હોવાથી જમના નદી છાવણીથી બે માઇલ દૂર આવેલી છતા લશ્કરને પાણીની હાડમારી ભોગવવી પડતી નહોતી. ભયંકર તાપથી પીડાઇ સિપાહીઓને ગળે શોષ પડતો ત્યારે આ નહેરનું પાણી તેઓની તરસ છિપાવતુ હતુ આ નહેરના પાણીમા નાહી તેઓ ઉનાળાની ગરમીથી શાંત થતા હતા. આ પ્રમાણે શારીરિક તંદુરસ્તી જળવાવા ઉપરાંત એ નહેરદ્વારા છાવણીનુ રક્ષણ થતું હોવાથી એ નહેર અંગ્રેજોને બહુ ઉપયોગી નીવડી હતી

એ નહેર સિવાય જુની છાવણીમા એક નાનો પહાડ હતો એ પહાડ લગભગ ૨ માઇલના વિસ્તારમા હતો અને શહેરની સપાટ જમીન કરતા લગભગ ૫૦ થી ૬૦ ફૂટ ઉંચો હતો પહાડની એક બાજુએ એક વિશાળ મકાન હતું એ મકાન વર્ત્તમાન સમયમા બંધાયલુ હતુ અને હિંદુરાવના મકાન તરીકે જાણીતું હતુ. ગ્વાલિયરના દોલતરાવ સિંધિયાની વહુ બાઇજી બાઇ એક વખતે સરકારી પેન્શન પર નિભાવ કરતી હતી. તેનો ભાઇ શ્રીજીરાવ પણ સરકારી પેન્શન ખાતો હતો આ માણસ દિલ્હીમા રહેતો હતો. એનું મકાન અત્યારે હિંદુરાવના મકાન તરીકે પ્રસિદ્ધ થયુ હતુ. શ્રીજીરાવ યુરોપિયન પોશાક પહેરતો અને વક્તા તરીકે વખણાતો એવું કહેવાય છે કે ઇ સ. ૧૮૩૮ મા લોર્ડ ઓકલાંડ પંજાબ કેસરી સાથે રાજકીય બાબત સબંધી વાતચીત કરવા માટે ફિરોજપુર ગયો ત્યારે શ્રીજીરાવ પાસેના લોકોને હઠાડી ગવર્નર જનરલ અને રણજિતસિંહ પાસે જઇ પહોચ્યો. તેને જોઇ એક શિખે પૂછ્યુ કે “ આપ શુ સરકારી પેન્સ-

નર છો ? " શ્રીજીરાવે ગંભીરપણે જવાબ આપ્યો કે " હા. આપ પણ જલદી થાઓ." આવો વાક્ચતુર અને વિલાયતી પોશાક પહેરનારો મરાઠો એક સમયે દિલ્હીમા રહેતો હતો તે અંગ્રેજોનુ પેન્શન લઇ આ વામભવનમા અગ્રેજી રહેણી કહેણીનુ અનુકરણ કરવામા આનંદ માનતો હતો આ મકાન અત્યારે અંગ્રેજોના બચાવને માટે બહુ ઉપયોગી નીવડયુ આ વખતે એ મકાન ખાલી હતુ. અંગ્રેજી છાવણી દિલ્હી શહેરની પાસે હોવાથી અગ્રેજ સેનાપતિએ એ મકાનમા પોતાનું સૈન્ય ગોઠવ્યુ હતુ

હિંદુરાવના મકાન પાસે ગોલઘર-ફ્લેગસ્ટાફટાવર-આવેલુ હતુ મે માસમા આ ઘર નાસેલુ યુરોપિયનોનુ આશ્રયસ્થાન થઇ પડયુ હતુ. આ ઘર પહાડ ઉપર હોવાથી ત્યાથી શહેરના સૈનિકોની હિલચાલ તપાસી શકાતી હતી એ સિવાય એમા પણ ઘણુ સૈન્ય રહી શકે તેવુ હતુ એ સિવાય પહાડને છેડે, અંગ્રેજી છાવણીથી લગભગ બસો વારપર એક જુની વેધશાળા હતી એ એક જ્યોતિષમા પ્રવીણ રાજાએ બધાવેલી હતી જે મકાન એક વખતે ગ્રહોની ગતિ નિહાળવામા કામ આવતું હતુ તે અત્યારે અગ્રેજોને બહુ ઉપયોગી નીવડયુ બુદ્દલિકા સરાઇના યુદ્ધ પછી અંગ્રેજ સેનાપતિ સર હેન્રિ બર્નાર્ડે આ ચાર સ્થળે બડખોરોની હિલચાલ તપાસવા માટે સૈન્ય ગોઠવ્યુ દરેક સ્થળે તોપો ગોઠવવામા આવી

દિલ્હી શહેરની ચોતરફ અનેક ગામડા હતા એ બધા ગામડા તરફ છાવણી પાસેની નહેર અને ત્યાથી ફાટતા રસ્તા ગયા હતા. ગામડાઓમા કોઇ સ્થળે દિવાલ વાળા બાગો, કોઈ સ્થળે લીલા ઝાડો, કોઈ સ્થળે ખેડેલા ખેતરો અને કોઇ સ્થળે તદુરસ્તી બગાડે એવા

એવા તલાવ!! હતા. હિંદુરાવના ઘરથી થોડે દૂર કર્નાલ જતા રસ્તા-પર એક સબ્જીમંદિર નામનુ રઢિયાળુ ગામડુ હતુ અહી કેટલાક પાકા મકાનો અને બાગો હતા ગામડાની આજુબાજુ મનોરમ કુંજો અને દિવાલથી ઘેરાએલી વૃક્ષવાટિકાઓ હતી આ બધુ નહેરની એક બાજુએ આવેલું હતું આ સ્થળે દિલ્હીના સિપાઇઓ અનાયાસે છુપાઈ બચાવ કરી શકત પરંતુ આ સ્થળ અંગ્રેજોની છાવણી પાસે આવેલુ હોવાથી તેમ કરવાની સગવડ મળે તેમ નહોતુ. મંદિરથી થોડે દૂર પેલા વિશાળરાજ માર્ગની બાજુએ કૃષ્ણગંજ, ત્રિવેલીયનગંજ પહાડીપુર અને તેલીવાડી નામના ગામડા કાબુલ દરવાજા તરફ પ્રસરેલા હતા પહાડથી દિલ્હી સુધીના વિશાળ કેડાપર જે થોડી ઘણી હવેલીઓ હતી તેમા મેટ્કાફ સાહેબની હવેલી અને લેડલોકેસલ (આ બંગલામા દિલ્હીનો કમિશનર ફ્રેઝર સાહેબ રહેતો હતો) મુખ્ય હતા

દિલ્હી શહેરની ચોતરફ ઉંચો કોટ આવેલો છે આ કોટ લગભગ સાત માઇલના વિસ્તારમા છે કોટની ઉંચાઇ લગભગ ૨૪ ફૂટ છે કોટની ચોતરફ લગભગ ૨૫ ફૂટ પહોળી અને ૨૦ ફૂટ ઉંચી ખાઇ હતી આ વખતે ખાઇ તો સુકાઇ ગઇ હતી. આ કોટમા જુદે જુદે સ્થળે ૧૦ દરવાજા હતા દિલ્હીનો રાજમહેલ એક મજબુત કિલ્લો ગણાતો હતો એ નગરને છેડે જમના નદીના કિનારાપર આવેલો હોવાથી બહુ સુંદર જણાતો હતો આ વખતે મિરત અને દિલ્હીની પાંચ પાયદળ પલટણો, એક ઘોડેસ્વાર પલટણ અને એક તોપરક્ષક ટુકડી દિલ્હીમા હતી. એ સિવાય ફિરોજપુર, ઝાંસિ, હિસાર અને મથુરાથી ઘણા સિપાહીઓ દિલ્હી જઇ પહોચ્યા હતા. તોપો, દારૂગોળો વગેરે શહેરમા પુરતા પ્રમાણમા હતુ. આથી સિપાહીઓને

હથિયારોનો તોટો પડે તેમ નહોતુ શહેરનો જે ભાગ પહાડ તરફ આવેલો હતો તે ભાગ અગ્રેજ સૈનિકોની નજરમા હતો તેથી એ ભાગપર સિપાહીઓ જે કઇ હિલચાલ કરતા તે અગ્રેજો જોઇ શકતા હતા શહેરના બીજા ભાગમા શુ બને છે તે તેમના જાણવામા આવતું નહિ આખા શહેરનો એક સમમાસ ભાગ પહાડ તરફ હતો શહેરની વિશાળતાના પ્રમાણમા અગ્રેજોનુ લશ્કર એટલુ બધુ થોડુ હતુ કે તેનાથી બધી દિશા તરફ નજર રાખી શકાતી નહોતી શહેરમાના સિપાહીઓ પોતાની મરજી મુજબ શહેરના બીજા દરવાજામાથી આવજા કર્યા કરતા હતા જેઓએ નેબાસ્ટપોલની લડાઇમા બહાદુરી બતાવી હતી, તેઓને આ વિશાળ મહાનગરી અને તેમાના સિપાહીઓની સખ્યા બહુ ચિતા કરાવની હતી

સેનાપતિ બનાર્ડ સાથે ત્રણ હજાર સોલ્જરો અને બાત્રીશ તોપો હતી. એ સિવાય એક ગુરખા ટુકડી અને પંજાબથી આવેલુ સૈન્ય તેની મદદમા હતું સામા પક્ષ સાથે સરખાવતા અગ્રેજોનુ સૈન્ય કુછ વિસાતમા નહોતું આટલા નાના લશ્કરવડે દિલ્હી જેવા મહાન શહેરનો ઉદ્ધાર કરવો એ અસભવિત હતું સેનાપતિએ સુરક્ષિત સ્થળે અતિ કુશળતા પૂર્વક છાવણી નાખી હતી, પણ દિલ્હી જીતવા માટે એ બધુ પુરતુ નહોતું. જેમ અગ્રેજ લશ્કર સુરક્ષિત સ્થળે હતુ તેમ સિપાહીઓ પણ સુરક્ષિત શહેરમા બેઠા બેઠા અગ્રેજો સમક્ષ પોતાની બહાદુરી બતાવવાનો લાગ જોતા હતા

સીઝરે જગલી લોકોનો મુલક ગોલ તાબે કર્યા બાદ રોમ જઇ કહ્યું હતું કે " ગયો, જોયુ અને જીત્યો. " આ વખતે જે અધિકારીઓ હિદપર અધિકાર ચલાવતા હતા તેઓની ધારણા પણ કઇક

આવીજ હતી તેઓ ધારતા હતા કે સેનાપતિ બર્નાર્ડ જશે, જોશે ને જીતશે સેનાપતિના પનોતા પગલા થતા જ મોગલોની જુની રાજધાની પર બ્રિટિશ વાવટો ફરકશે. વધારે તો શું કહીએ ખુદ હિંદના ગવર્નર જનરલ લોર્ડ કેનિંગની પણ આવી માન્યતા હતી. તે ધારતો હતો કે આપણું સૈન્ય દિલ્હી જશે, કે તરત બંડખોરોને નસાડી મૂકશે, ત્યાર બાદ તેજ સૈન્ય લખનોર વગેરે સ્થળે ફરી વળશે અને આપણી સત્તા બદ્દમલ કરશે. આવો વિશ્વાસ આ વખતે ઘણા રાજપુરુષોના હૃદયમા દૃઢ થઇ બેઠો હતો જુન માસનું પહેલુ પખવાડિઉ પસાર થયુ ન થયુ ત્યા તો હિંદના અગ્રેજો એ વિશ્વાસને લીધે એમ ધારવા લાગ્યા કે દિલ્હી કબજે થયુ છે, બંડખોરો છિન્ન ભિન્ન થઇ નાઠા છે, વૃદ્ધ મોગલ પાદશાહ શરણે આવ્યો છે અને અમારૂ ભાગ્ય પાછુ પ્રફુલ્લ બન્યુ છે અમારા સુભાગ્યનો સૂર્ય ઉદય પામ્યો છે અને તેના કિરણોથી પ્રજાની મોહનિદ્રા ઉડી ગઇ છે

પરંતુ સેનાપતિ બર્નાર્ડ પર જે જવાબદારી મૂકવામા આવી હતી, તે કંઇ બચ્ચાની રમત જેવી નહોતી બીજાઓ જે કાર્ય અનાયાસ થઇ શકશે એવુ માનતા હતા, તે કાર્ય બર્નાર્ડને અતિશય દુસાધ્ય લાગ્યુ જ્યારે તે પોતાના તબુમાથી દિલ્હી તરફ નજર ફેંકતો ત્યારે તેનું આયતન, સુદૃઢ દિવાલ, સુરક્ષિત શસ્ત્રાગાર અને તે બધા ઉપરાત તેમા રહેલા માણસોની સંખ્યા તેને ગભરાવી નાખતી તે પોતાના સૈનિકોની થોડી સખ્યા અને સામા પક્ષની અપાર સંખ્યાનો વિચાર કરી ક્રિયમાણ બની જતો. આ વખતે ઘણા ખરા લોકો એમ કહેતા હતા કે બુદલિકા સરાઇની લડાઈ પછી જો સેનાપતિ બર્નાર્ડે બંડખોરો પાછળ ધસી તેમને હઠાવી દીધા હોત તો તે-

ઓમાના ઘણા મરણ પામત અને ફરીથી એકત્ર થઇ શકત નહિ આથી મોગલોની પ્રસિદ્ધ રાજધાની અતિ સહેલાઇથી અંગ્રેજોના કબજામા આવત આ બનાવથી આવુ પરિણામ આવત કે નહિ તે ઇતિહાસ સિદ્ધ કરી શકે તેમ નથી. સેનાપતિએ જ્યારે એ રસ્તો ન લીધો ત્યારે પછી તેનુ પરિણામ કેવુ આવત તે નિશ્ચય પૂર્વક કોણ કહી શકે તેમ છે? સેનાપતિએ પોતાની જવાબદારી સમજીને બધી કાર્યપ્રણાલિ નક્કી કરી હતી તેને કઇ દિલ્હી આગળ પડયા રહેવાની મરજી નહોતી સામા પક્ષની મજબુત સ્થિતિ પણ તેનો ઉત્સાહ ઓછો કરી શકી નહોતી તે દિલ્હી જીતવા આવ્યો હોવાથી એ ઉદ્દેશ પાર પાડવા સદા મંડયો રહ્યો હતો તે જાણતો હતો કે આ કાર્ય કરવામા જેમ જેમ વિલંબ થતો જાય છે તેમ તેમ મારા સ્વદેશ બધુઓમા મારૂ વજન હલકુ થતું જાય છે પરંતુ તે સાથે તે એ પણ જાણતો હતો કે થોડુ સૈન્ય લઇ સાહસ કરવા જતા જો પ્રયત્ન નિષ્ફળ નીવડે તો હુ અયોગ્ય ગણાઇ ધિક્કાર પામીશ તે આ પ્રમાણે ધિક્કાર પામવાને પણ એક વખત તૈયાર થયો હતો બર્નાર્ડ જ્યારે ચિંતામા પડયો હતો, ત્યારે તેના સૈનિકોમાના કોઇ કોઇ યુવકો તેની આગળ દિલ્હી જીતવાની સાહસિક યોજના રજૂ કરતા હતા.

અંગ્રેજી લશ્કરમા જે ઇજનેરો હતા, તેઓમાના એકે દિલ્હી જીતવાની યોજના સેનાપતિ બર્નાર્ડ આગળ રજૂ કરી, સેનાપતિએ તેને યોજના બીજા બે ત્રણ મદદનીશો સાથે મસલત કર્યા બાદ સ્પષ્ટ રીતે સમજાવવાનો હુકમ કર્યો તેઓએ મસલત કર્યા બાદ એવુ નક્કી કર્યું કે ૧૨ મી જુને ૩ા વાગે પહાડ પાસે આવેલા બે દરવાજા (કાબુલ અને લાહોર દરવાજા) સુરંગથી ઉડાડી મૂકવા. આ ક્રિયા સાથે જ

લશ્કરની એ ટુકડી શહેરમા દાખલ કરવી. લશ્કરે શહેરમા પ્રવેશ કરી સૌ પહેલા જમણી બાજુના કોટ પર જે તોપો ગોઠવી છે તે કબજે કરવી બીજી કેટલીક ટુકડીએ શહેરના રાજમાર્ગ પર થઈ મહેલ તરફ જવુ. આ ટુકડીના સૈનિકોએ મહેલની ચોતરફ ગોઠવાઇ જવું. આ પ્રમાણે ચાર જુવાનીઆઓએ મસલત કરી આ યોજના ઘડી કાઢી. તેઓની યોજના પર ચારે જણની સહી કરવામા આવી. સેનાપતિએ એ યોજના મજૂર કરી અને જેમ બને તેમ જલદી એ યોજના અમલમા મૂકવાનો હુકમ આપ્યો ૧૧ મી જુનની રાત્રે બે પહોર વીત્યા બાદ બધી તૈયારી થઇ ચૂકી જે સૈનિકોને આ કાર્ય પાર પાડવા માટે પસંદ કરવામા આવ્યા હતા તેઓને બધુ સમજાવી દેવામાં આવ્યું તેઓ જે બે દરવાજામા થઈ શહેરમા પેસવાના હતા તે દરવાજા તરફ રાત્રિના અધકારમા છુપી રીતે રવાના થઇ ગયા. આ પ્રમાણે બધો બંદોબસ્ત થયો. પરતુ દૈવયોગે આ યોજના અમલમા મૂકી શકાઇ નહિ. આ કાર્યમા બ્રિગેડિયર ગ્રેહ્મની સરદારી નીચે ત્રણસો ગોરા લોકોને ગોઠવવામા આવ્યા હતા, પરતુ તેઓ બરાબર વખતે આવી પહોચ્યા નહિ આથી બીજા સૈનિકોનો ઉત્સાહ ઓછો થઇ ગયો જે દિવસે એ યોજના અમલમા મૂકવાની હતી તે દિવસે બ્રિગેડિયર ગ્રેહ્મસ જે સોલ્જરોનો અધ્યક્ષ હતો તેને સેનાપતિનો હસ્ત-લિખિત હુકમ મળ્યો નહોતો. રાતના ૧૧ વાગે બ્રિગેડિયરે એક જણ મારફત આ હુકમની વાત સાભળી તે એ હુકમ ખરો છે કે નહિ તેની તપાસ કરવા દોડતે ઘોડે સેનાપતિના તંબુ તરફ દોડયો. ગોલઘર પાસે આવ્યા બાદ તેણે સાભળ્યુ કે સોલ્જરોને બદલે એ કામ માટે દેશી સિપાહીઓને ગોઠવવામા આવ્યા છે. ત્યારબાદ તે સેનાપતિના

તબુ પર ગયો સેનાપતિએ તેને આ બાબત પર અભિપ્રાય આપવાનુ જણાવ્યુ બ્રિગેડિયરે કહ્યુ કે એકાએક છાપો મારતા શહેર કબજામા આવે ખરૂ પણ આટલા નાના સૈન્ય વડે શહેર ટકાવી રાખવાનુ કામ બહુ મુશ્કેલ છે, બ્રિગેડિયરનો અભિપ્રાય સાભળી સેનાપતિને ભાન આવ્યુ તેણે પોતાનો હુકમ અનિચ્છાપૂર્વક પાછો ખેચી લીધો જે સૈન્ય આગળ વધ્યુ હતુ તેને પાછા ફરવાનો હુકમ મળ્યા આ પ્રમાણે પહેલી યોજના અમલમા મુકાતી અટકી જે ઇજનેરોએ આ યોજના ઘડી હતી તેઓ બહુ ગુસ્સે થયા પરતુ તેઓની યોજના વિચક્ષણ સૈનિક અધિકારીઓએ ન સ્વીકારી, સૈનિક અધિકારીઓએ જણાવ્યુ હતુ કે બ્રિગેડિયરે સેનાપતિની લેખિત પરવાનગી વગર પોતાનું મથક ન છોડયુ તે સારૂ કર્યું છે એટલુ જ નહિ પણ તેણે સેનાપતિને આવુ સાહસિક કાર્ય કરતો અટકાવી બહુ જ દીર્ઘ દષ્ટિ બતાવી છે.

જે લશ્કરી અમલદારોએ સૌ પહેલા આ યોજના રજૂ કરી હતી, તેઓ આટલેથી અટકયા નહિ બે દિવસ પછી તેઓએ એક બીજી યોજના રજૂ કરી, એન્સનના મરણ પછી સેનાપતિ રીડ વડો સેનાપતિનો ઓદ્દો સ્વીકારી રાવળપિંડીથી દિલ્હી આવ્યો હતો ૧૫ મી જુને સેનાપતિ રીડે આ યોજના સબધી વિચાર ચલાવવા માટે લશ્કરી કાઉન્સિલ બોલાવી સેનાપતિ રીડના તબુમા આ સમિતિ મળી આ સમિતિમા હાજર રહેલા મુખ્ય અમલદારો કહેવા લાગ્યા કે જયાસુધી ઓછામા ઓછા એક હજાર સૈનિકો આપણી મદદમા ન આવી પહોચે ત્યા સુધી શહેર પર હલ્લો કરવોએ એક પ્રકારનુ દુસાહસ ગણાય દિલ્હીનો કોટ બહુ મજબૂત હતો, તેમા વળી તેની અદર સિપાહીઓ તથા હથિયારો અસખ્ય હતા દરેક દરવાજાપર અગ્રેજોને મારી

હરાવવા માટે તોપો ગોઠવી દેવામા આવી હતી આથી ઉલટુ અંગ્રેજોનું સૈન્ય થોડુ હતુ, હથિયારો પણ જુજ હતા આ વિશાળ શહેર સાથે સગ્રામ કરવા માટે જે કઇ જોઇએ તે અંગ્રેજો પાસે પુરતા પ્રમાણમા નહોતું. આ બાબતમા સફળતા મળે તો પણ બધી બાજુથી લાભ મળવાનો સભવ નહોતો તેમ સફળતા ન મળે તો સર્વ રીતે નષ્ટ થવાય એવી પૂરેપૂરી સભાવના હતી હલ્લો કરવા જતા કદાચ હારી જવાય તો પાછા છાવણીપર આવવા જેટલી સગવડ અંગ્રેજોને મળે તેમ નહોતું. સિપાહીઓના અપાર ઝુડમા નષ્ટ થવા સિવાય બીજો રસ્તો તેમને માટે ખુલ્લો નહોતો આ સૈનિક પુરુષોની બીજી યોજના આ પ્રમાણે હતી કે સુરગવડે લાહોર અને કાબુલ દરવાજા એકી સાથે ઉડાડી દેવા. કાશ્મીર દરવાજા આગળ જે સિપાહીઓ ગોઠવાયા હોય તે પર બદુકનો મારો ચલાવવો બ્યુગલનો અવાજ થતાજ આપણે આગળ વધવુ અને સુરગવડે ઉડી ગયેલા ભાગદ્વારા શહેરમા પ્રવેશ કરવો સિપાહીઓ પર સખત હુમલો કરવો આપણી કોઇ ટુકડી નિષ્ફળ નીવડે તો તેના પ્રતિકાર માટે પુરતો બદોબસ્ત રાખવો અને દરેક ટુકડીને કઇ રીતે કામ કરવાનું છે તે બરાબર સમજાવવું લશ્કરી અમલદારો આ પદ્ધતિ મુજબ હલ્લો કરવા જતા જે જે મુશીબતો ઉત્પન્ન થાય તે સબધમા વિચાર કરવા લાગ્યા મદદગાર લશ્કર આવી પહોચે ત્યા સુધી થોભવુ એવો તેમનો મત થયો આ મત સિવિલ અમલદારોને ન રુચ્યો. કમિશનર ગ્રિયેડ સાહેબ વાયવ્ય પ્રાતના લેફટેનેન્ટ ગવર્નરના પ્રતિનિધિ તરીકે આ સમિતિમા હાજર રહ્યો હતો તેણે સૈનિક અમલદારોના મતને અનુમોદન

આપ્યુ નહિ જરા પણ સમય ન વિતાડતા હવે જેમ બને તેમ જલદી દિલ્હી પર હલ્લો કરવો એ તેને યોગ્ય લાગ્યુ કમિશનરે પોતાની દલીલના બચાવમા કહ્યુ કે "આ બાબતમા જેમ જેમ વિલંબ થતો જાય છે તેમ તેમ સિપાહીઓ ઉત્સાહમા આવતા જાય છે, જમીનદારો કંપનિની સત્તા ઓછી થઇ છે એમ માની સ્વતત્ર થવાનો વિચાર કરે છે, તથા લોકો બદમાસ લોકોને મદદ આપે છે" આવી દલીલો આપી કમિશનર જેમ બને તેમ જલદી દિલ્હી પર હલ્લો કરવાનો વિચાર દર્શાવવા લાગ્યો. તે દિવસે તો કઇ પણ નિશ્ચય થઇ નહિ. અમલદારો સમિતિનુ કામ બધ રાખી પોતપોતાને તબુએ જતા રહ્યા

બીજે દિવસે વળી સમિતિ શરૂ થઇ. બ્રિગેડિયર વિલ્સન અને સેનાપતિ રીડે આ વખતે પેલી યોજના સામે સખત વાધો રજૂ કર્યો સામા પક્ષને એમ જણાવ્યુ કે જો એકદમ શહેરમા હલ્લો કરીએ તો છાવણીમાના બધા સૈનિકોને આ કાર્યમા જોડાવુ પડે તેથી છાવણી તદ્દન અરક્ષિત સ્થિતિમા રહે આપણે જો અસાધારણ પરાક્રમ બતાવી શહેરમા પેસીએ તો પણ શહેરમાના અસખ્ય સિપાહીઓ આગળ આપણુ કઇ ચાલશે નહિ આવી સ્થિતિમા એકાએક હલ્લો ન કરતા મદદગાર સૈન્યની રાહ જોવી એ જ શ્રેયસ્કર છે. બડખોર સિપાહીઓ શહેરમાથી બહાર આવી પાસેના ગામડાઓ પર હલ્લો ન કરી શકે તે તરફ ધ્યાન રાખવુ એ જ અત્યારે આપણું કર્તવ્ય છે આ બને મહારથીઓના આવા અભિપ્રાયથી પેલી યોજના રદ થઇ. જે સનિકોએ આ યોજના રજૂ કરી હતી તેઓ પણ આટલેથી ગાજ્યા જાય તેમ નહોતા તેઓ વારવાર એવી યોજનાઓ રજૂ કરવા લાગ્યા.

થોડા દિવસો બાદ વળી તેઓ કહેવા લાગ્યા કે દિલ્હી તુરતમા તાબે નહિ થાય તો બડખોરો પોતાનું બળ જમાવવા તૈયાર થશે તેઓ પોતાના બચાવ માટે યોગ્ય ઉપાયો લેશે તો તેઓને હગાવવાનુ કામ મુશ્કેલ થઇ પડશે પરતુ તેઓની આ વાતો પર સત્તાવાળાઓએ કઇ લક્ષ આપ્યુ નહિ જયા સુધી મદદગાર લશ્કર ન આવી પહોચે ત્યા સુધી શહેર પર હલ્લો કરવાનુ બધ રહ્યુ

જે રાજપુરુષો આ વખતે પોતાની મહત્તાનુ પુનસ્થાપન કરવા માટે વ્યગ્ર થઇ રહ્યા હતા, તેઓમાના કોઇ કોઇ એવું કહેતા હતા કે "બુદલિકા સરાઇના યુદ્ધ પછી દિલ્હી પર એકદમ હલ્લો કરવામા આવ્યો હોત તો બંડખોરો નાસી જાત અને શહેરમા કપનિની સત્તા ફરી સ્થપાત[1] જેઓએ શહેર પર હલ્લો કરવાની યોજનાઓ ઘડી હતી, તેઓમાનો એક હડસન નામનો સૈનિક હતો ગુપ્તચર વિભાગનો તે વડો હતો તેણે જણાવ્યુ હતું કે શહેરમા ૭૦૦૦ સિપાહીઓ હતા આપણી પાસે ૨૦૦૦ નું લશ્કર હતું જો બહુ જ સાવચેતી રાખી કામ કરવામા આવ્યુ હોત તો આટલા લશ્કર વડે જરૂર સિપાહીઓને નસાડી શકાત શહેરના લોકો બનતા સુધી આપણી સામે થાત નહિ. એકાએક હલ્લો થતા સિપાહીઓ ગભરાઇ નાસી જાત પરતુ જેઓએ આ પ્રમાણે જણાવ્યુ હતું તેમના મત મુજબ કાર્ય કરવા જતા પરિણામ એમણે ધારેલુ જ આવત એવુ કઇ નક્કી કહી શકાય તેમ નહોતું વળી જો અફળ થવાય તો પૂરેપૂરી મુશ્કેલીમા ઉતરવુ પડે એવો સભવ હતો આવી સ્થિતિમા દીર્ઘદૃષ્ટિવાળા સૈનિક અમલદારો આવી જોખમદારી લેવાની ના પાડે એ સ્વાભાવિક છે

---

૧ સર જોન લોરેન્સનો પણ એવો જ મત હતો Holmes, Indian Mutiny, P. 359. note

અંગ્રેજો મદદગાર લશ્કરની ગહ જોવા લાગ્યા ભયંકર તાપને લીધે તેઓની છાવણીમા રોગ ફાટી નીકળ્યો, ઇસ્પિતાલ રોગીઓથી ભરપૂર બની ગઇ લશ્કરમા કોલેરા શરૂ થયો આ તરફ દિલ્હીમા ચોતરફથી સિપાહીઓ આવી એકત્ર થવા લાગ્યા રોહતકની ૬૦ મી પલટણના સિપાહીઓ બડ ઉઠાવી ૧૩ મી જુને દિલ્હી આવી પહોચ્યા ત્રણ ચાર દિવસ બાદ નસિરાબાદના સિપાહીઓ પણ દિલ્હી આવી વસ્યા જલાલાબાદની પ્રસિદ્ધ લડાઇમા જે તોપચીઓએ પોતાના પ્રબળ પરાક્રમ વડે ભયંકર અફગાનોને મારી હરાવ્યા હતા, તે તોપચીઓ પોતપોતાની તોપો સાથે અંગ્રેજોને મારી હઠાવવા માટે દિલ્હીના સિપાહીઓને આવી મળ્યા

૧૯ મી જુને નસિરાબાદના એ સિપાહીઓએ પોતાની તોપો વડે સધ્યાકાળ પહેલા લગભગ એક કલાકે અંગ્રેજોની છાવણીની બાજુના ભાગ પર હલ્લો કર્યો તેઓની તોપોએ એવો સખત મારો ચલાવ્યો કે અંગ્રેજો બહુ ગભરાઇ ગયા સૂર્યાસ્ત થયો ચોતરફ ગાઢ અધકાર છવાઇ ગયો અંગ્રેજો અધારામા પોતાના ને પારકાનો ભેદ ન જાણતા પોતાના જ લોકો પર મારો ચલાવવા લાગ્યા થોડા વખત પછી તોપો શાંત થઇ સિપાહીઓ શહેરમા ચાલ્યા ગયા આ લડાઇમા અંગ્રેજોના ૨૦ માણસો મરાયા અને ૭૭ ઘાયલ થયા બ્રિગેડિયર ગ્રાન્ટે આ લડાઇમા ભાગ લીધો હતો. તેનુ જીવન ભારે સંકટમા આવી પડ્યુ હતુ જો કેટલાક દેશી સિપાહીઓ તેની મદદમા ન જઈ પહોચ્યા હોત તો તેનુ આવી બનત

૧૯ મી જુનના આ બનાવથી અંગ્રેજો બહુ જ ચિંતાતુર બની ગયા આ વખતે પંજાબ પર તેઓનો બધો આધાર હતો. પંજાબનો

ચીફ કમિશનર તેઓનો પરિચાલક હતો તેઓ તેને જ પોતાના ઉપરિ તરીકે માનતા હતા હિંદના ગવર્નર જનરલ સાથે તેઓને કંઇ સબંધ ન હતો પંજાબથી દિલ્હી સુધીનો રસ્તો સુરક્ષિત હતો તેઓ આ રસ્તા પરથી સહાયકારી સૈન્ય આવવાની રાહ જોવા લાગ્યા. તેઓ દિલ્હી ઘેરવા આવ્યા છતા પોતે જ ઘેરાઇ રહ્યા હતા. દિલ્હીમાના સિપાહીઓની આવજા પર અંકુશ રાખવા જેટલી શક્તિ તેઓમા નહોતી. તેઓની સંખ્યા થોડી હતી, હથિયારો જુજ હતા તેઓ સર્વદા સિપાહીઓના હલ્લાના સંદેહથી ચિતાતુર બની રહેતા. સિપાહીઓ એકાએક હલ્લો ન કરી શકે એવી યોજના અમલમા મૂકવા જેટલી શક્તિ તેઓમા નહોતી. તેઓ બિચારા સાપે છછુંદર ગળી હોય તેમ દિલ્હી પર હલ્લો કરી શકતા નહોતા તેમ પાછા પણ જઇ શકતા નહોતા છેવટે ૨૨ મી જુને ૮૫૦ સૈનિકો અને ૫ તોપો તેમની મદદમા હાજર થઇ. આથી તેઓનુ બળ વધ્યુ ખરૂ પણ સામો પક્ષ તો એ કરતા પણ વધારે બળવાન બની ગયો હતો. કારણ કે જાલંધર અને ફિલોરથી ૬ ટ્ટી ઘોડેસ્વાર પલ્ટણ અને ૩, ૩૬ તથા ૬૧ મી પાયદળ પલ્ટણ અંગ્રેજોની ગુલામી છોડી દિલ્હીમાના બંડખોરોને આવી મળી હતી

૨૦ તથા ૨૧ મી જુન તો શાતિમા પસાર થઇ. સિપાહીઓએ એ તારીખોએ અંગ્રેજોને હેરાન કર્યા નહિ ૨૧ મી જુને રવિવાર હતો આ દિવસે અંગ્રેજોએ એકત્ર થઈ શાત મન વડે પ્રભુપ્રાર્થના કરી. ૨૩ મી જુને પ્લાસીની લડાઇનો શત વાર્ષિક દિવસ હતો. બરાબર સો વર્ષ પહેલા લૉર્ડ કલાઇવે પ્લાસીના વિશાળ આંબાવાડિઆમા મીરંમદન અને મોહનલાલને મારી સિરાજુદૌલાનું પાયતખ્ત કબજે

કર્યું હતુ આજે બરાબર સો વર્ષ પછી અગ્રેજોની સ્થિતિ દુર્દશા-ગ્રસ્ત બની ગઇ હતી દિલ્હીના લશ્કરી સત્તાવાળાઓએ ધાર્યું હતું કે આજે આપણે ભય કર વિપત્તિમાથી પસાર થઇશુ અગ્રેજો આવા વિચારથી ૨૨ મી જુને પોતાના સામ્રાજ્યને બચાવવાની પ્રભુપ્રાર્થના કરી ૨૩ મી જુને આવી પડનારી વિપત્તિ સામે લડવા તૈયાર થઇ રહ્યા. આ વખતે સિપાહીઓને ઉશ્કેરનારા લોકોનો તોટો નહોતો. સન્યાસી અને ફકીર, મૌલવી ને મોલ્લા, આ સમયે પોતાના અભ્યસ્ત અભિચાર મત્રો વડે સિપાહીઓને અતિશય ઉશ્કેરી મૂકવા લાગ્યા દિલ્હીમાના સિપાહીઓમા પણ આવી જાતના લોકો ફુટી નીકળ્યા હતા તેઓ દૃઢતાપૂર્વક કહેતા હતા કે કપનિની આવરદા કેવળ ૧૦૦ વર્ષની છે સો વર્ષ પછી કંપનિની સત્તા રહેવાની નથી. ૨૩ મી જુને આ સખ્યા પૂર્ણ થાય છે. માટે તે દિવસે ફિરગીઓનુ સત્યાનાશ વળવાનું છે દિલ્હીના દરેક સિપાહીને આ ભવિષ્યવાણીથી જાણીતો કરવામા આવ્યો હતો દરેક સિપાહી આ ભવિષ્યવાણીથી પ્રફુલ્લ બની એ દિવસની રાહ જોતો બેઠો હતો હિંદુ અને મુસલમાનો એક સપ થયા હોવાથી સન્યાસી તથા મૌલવીઓની વાકચાતુરી વ્યર્થ નીવડી નહિ તેઓની ઉદ્દીપનામય વક્તૃતાથી અને ભાગના લોટા ઉડાવવાથી સિપાહીઓ ૨૩ મી જુને ઉદ્દેશ સિદ્ધ કરવા માટે જીવનપાન કરવા તૈયાર થયા હતા અગ્રેજોની છાવણી દરરોજ મદદ વિના ક્ષીણ થવા લાગી ત્યારે સિપાહીઓ તો દહાડે દહાડે વૃદ્ધિ પામી બળવાન બનવા લાગ્યા

૨૨ મી જૂનની રાત તો પસાર થઇ. ૨૩ મી જુનનો બાલ-સૂર્ય પોતાના પ્રખર કીરણો ફેલાવવા લાગ્યો. અંગ્રેજોએ જે સદેહ

રાખ્યો હતો તે આજે ખરો પડયો આજે હિંદુઓની રથયાત્રા હતી. વળી તેજ દિવસે બીજનો ચંદ્રમા દેખાયો હોવાથી મુસલમાનોનું પણ પર્વ હતું. આથી હિંદુ અને મુસલમાનો આ દિવસનો શુભ દિવસ માની જય પ્રાપ્ત કરવા માટે તત્પર થયા હતા તેઓ ૨૩ મી જુને સવારમાં લાહોર દરવાજેથી બહાર નીકળ્યા. અંગ્રેજ પક્ષના જે સૈનિકો પોતાને આવવા જવાનો રસ્તો સુરક્ષિત રાખવા અને શત્રુઓનો રસ્તો અટકાવવા માટે નીમાયા હતા, તેઓ અગાઉથી સાવચેત થયા હતા. નુંયુરૂગઢની નહેર પર એક પુલ હતો સિપાહીઓએ એ પૂલ પરથી તોપો લાવી અંગ્રેજોના વ્યૂહની પીઠપર હલ્લો કરવાની યોજના કરી હતી પરંતુ અંગ્રેજોના સૈનિકોએ અગાઉથી એ પૂલ તોડી પાડયો હતો તેથી સિપાહીઓ એ માર્ગે આગળ વધી શક્યા નહિ તેઓએ સબ્જીમંડી આગળ એકત્ર થઇ કેવળ અંગ્રેજ છાવણીના જમણા ભાગપર હલ્લો કર્યો. તેઓનામાં અપાર ઉત્સાહ હતો, સાહસ અને શક્તિનો પાર નહોતો. તેઓ પ્રબળ પરાક્રમ દાખવી હિંદુ રાવના ઘર પર હલ્લો કરી અંગ્રેજોને હેરાન કરવા લાગ્યા. બપોર વખતે તેઓની તોપોમાંથી ગોળાઓનો વરસાદ વરસવા લાગ્યા. પંજાબથી જે ૮૫૦ સૈનિકો અંગ્રેજોને મદદ કરવા આવ્યા હતા, તેઓ તરતજ લડાઇ કરવા તૈયાર થયા. બંને પક્ષ વચ્ચે દારૂણ લડાઈ જામી ૬૦ મી યુરોપિઅન પલ્ટણ અને ગુર્ખાઓ બહુ બહાદુરીથી લડવા લાગ્યા, તો પણ સેનાપતિ રીડને સ્પષ્ટ સમજાઇ ગયું કે જો તેઓની મદદમાં બીજું લશ્કર મોકલવામાં નહિ આવે તો સિપાહીઓનો હલ્લો ખાળી શકાશે નહિ. તેણે બીજું લશ્કર મદદમાં મોકલ્યું. સાયંકાળ વખતે સિપાહીઓ શહેરમાં પાછા ફરવાની તૈયારી

કરવા લાગ્યા. સાયંકાળે સબ્જીમંડી અંગ્રેજોના કબજામાં આવ્યું બંડખોર સિપાહીઓ પોતાની તોપો લઇ શહેરમાં ચાલ્યા ગયા[૧] આ લડાઇ લગભગ ૧૧ કલાક સુધી ચાલી હતી એવું કહેવાય છે સિપાહીઓનો પ્રચંડ મારો અને સૂર્યનો અતિપ્રચંડ તાપ મળી અંગ્રેજોને બમણા હેરાન કરતો હતો સેનાપતિ રીડ આ લડાઇ વિષે લખ્યું કે "બંડખોરોએ લગભગ ૧૨ વાગતા મારા રક્ષિત સ્થાનપર હલ્લો કર્યો હતો તેઓએ એવી બહાદુરીથી લડાઇ કરી હતી કે બીજા કોઇ પણ સૈનિક તેથી વધારે બહાદુરી બતાવી શકે નહિ તેઓએ વારંવાર ૬૦ મી સોલ્જરપલ્ટણ, પંજાબી લશ્કર અને મારી ટુકડીપર મારો ચલાવ્યો હતો એ વખતે મને લાગ્યું હતું કે આ લડાઇમાં જરૂર મારે મારી આબરૂ ગુમાવવી પડશે શહેરમાંની તોપો તથા સિપાહીઓ સાથેના તોપોએ મારી છાવણીની દશા અસ્તવ્યસ્ત કરી મૂકી હતી[૨]" સિપાહીઓ હતાશ થઇ પાછા ગયા છતા તેઓએ કેવી બહાદુરી બતાવી હતી તે સેનાપતિ રીડના ઉપલા વચનો પરથી સિદ્ધ થાય છે આ લડાઇમાં સેનાપતિ રીડની છાવણીથી થોડે દૂર આવેલું એક મંદિર અંગ્રેજોના હાથમાં આવ્યું કર્નાલ જતા વિશાળ રસ્તાની એક બાજુએ આ મંદિર અને બીજી બાજુએ એક ધર્મશાળા હતી. સેનાપતિએ આ બંને સ્થળે ૧૮૦ સોલ્જરો રાખી એના બચાવનો બંદોબસ્ત કર્યો.

---

૧ Cave Browne, Punjab and Delhi Vol I. P. 351.

૨ Reid's Letters and Notes. Comp, Kaye, Sepoy War Vol. II. P. 555

પ્લાસીનો શત વાર્ષિક ઉત્સવ વીતી ગયો સિપાહીઓએ જે ધાર્યું હતું તે ન બન્યુ ભવિષ્યવેત્તાઓની ભવિષ્યવાણી ખોટી પડી. ભાગ અને સિદ્ધિદાયક શુભ દિવસે કંઈ ધોળકુ ધોળ્યુ નહિ ૨૩ મી જુન પછી વળી અગ્રેજોની છાવણીમા શાંતિ ફેલાઇ ગઇ. આ તરફ સિપાહીઓનો પક્ષ તો દહાડે દહાડે પુષ્ટ થતો જતો હતો. જાલંધર વગેરે પ્રદેશના સિપાહીઓ આવ્યા બાદ હવે બરેલીના સિપાહીઓએ દિલ્હીમા પ્રવેશ કરી ત્યાની વિશાળ સૈનિક તરગિણીને ભરપૂર કરી દીધી

આ વખતે કઇ જૉન લોરેન્સ આળસુ થઇને બેઠો નહોતો તે સેનાપતિનો પક્ષ પ્રબળ બનાવવા માટે પજાબથી શિખ અને યુરોપિઅન લશ્કર તથા તોપો મોકલવા લાગ્યો. અત્યાર પહેલા એક પલટણ મદદમા મોકલવામા આવી હતી. ત્યારબાદ બીજી કેટલીક પલટણો પજાબથી રવાના થઇ હતી ૨૪ મી જુને ચેમ્બર્લેન આજુટ ટ જનરલનો કારભાર ગ્રહણ કરવા માટે દિલ્હી આવી પહોચ્યો સેનાનાયક હડસને આ બાબતમા લખ્યુ છે કે ,' નિવિલ ચેમ્બરલેન આવી પહોચ્યા છે. તે એકલા હજાર જેવા છે. "[૧] ચેમ્બરલેનના આવવાથી અગ્રેજોના લશ્કરમા આવી આશાનો સંચાર થયો હતો ધીમે ધીમે બીજા સેનાનાયકો પણ બર્નાર્ડની મદદમા આવી પહોચવા લાગ્યા. રૂડકીની ઇજનેરી કોલેજનો અધ્યક્ષ કર્નલ બેવર્ડસ્મિથ યત્રાદિ સાથે આવી પહોચ્યો તેણે પ્રથમ ઇજનેરનું કામ માથે લીધુ. ૨૩ મી જુનની લડાઇમા જીત ન મળવાથી સિપાહીઓ કઇ આળસુ બની

---

૧ Hudson, Twelve year's Soldier's Life in India P. 216

બેઠા નહોતા. કર્નલ સ્મિથ આવી પહોચ્યો એટલે ફરીથી દિલ્હી પર હુમલો કરવાની યોજના રજૂ થઇ આ વિષે બધી તૈયારી કરવામા આવી. જે લશ્કરને આ યોજનામા ભાગ લેવાનો હતો તેને તૈયાર રાખવામા આવ્યુ. આ હુમલાની વાત અગાઉથી બહાર ન પડે તે સબધમા ખાસ સાવચેતી રાખવામા આવી. બધુ નકી થયા બાદ સેનાપતિ બર્નાર્ડના જાણુવામા આવ્યુ કે બરેલીથી આવેલા લગભગ ચારહજાર સિપાહીઓએ સેનાપતિ બખત્ ખાની સરદારી નીચે મારી છાવણી પર હુમલો કરવાનો સકલ્પ કર્યો છે આમ હોવાથી બધી યોજના પાર પડી સૈનિકો રાત્રિના અધકારમા બડખોરોથી છુપી રીતે શહેરના કોટ તરફ આગળ વધ્યા, છતા હુમલો કરવાનો સંકલ્પ તજી દેવો પડયો. આ દરમ્યાન સિપાહીઓએ અગ્રેજો પાસે જે પૈસા આવતા હતા તે કર્નાળ જવાના રાજમાર્ગપર આવેલા અલીપુર નામના સ્થળ આગળ અટકાવવાનો પ્રયત્ન કર્યો. પરતુ તેમા તેઓને સફળતા મળી નહિ. બખતખા થોડીવાર પછી પોતાની તોપો લઇ શહેરમા ચાલ્યો ગયો ત્યાર બાદ અગ્રેજોનું ધ્યાન પોતાના આવ જા કરવાના રસ્તાને સુરક્ષિત કરવા તરફ દોરાયુ બડખોરો અગ્રેજોના આવજા કરવાના રસ્તા પર સહેલાઇથી હલ્લો ન કરી શકે એ ખાતર જમના નદીની નહેરની પશ્ચિમ બાજુએ આવેલો લાકડાનો પુલ અને નુજાફગઢની નહેરપર આવેલા બે પુલ ભાગી નાખવામા આવ્યા. પરતુ તેઓ એ નહેરપર આવેલો એક બીજો પુલ અને જમનાપર આવેલો વિશાળ પુલ તોડી શક્યા નહિ. આ વિશાળ પુલ પરથી સિપાહીઓના ટોળેટાળા દિલ્હીમા આવજા કરતા હતા એટલે સિપાહીઓએ પુલનો બચાવ કરવા માટે બહુ સારો બદોબસ્ત રાખ્યો હતો.

પંજાબથી મદદગાર લશ્કર આવી પહોંચ્યુ હતુ છતા સેનાપતિ બર્નાર્ડને એ મદદગાર લશ્કરની સખ્યા પુરતી જણાઇ નહોતી. તે પોતાની હાલત બરાબર સમજી શક્યો હતો. સરકારને પણ એ સ્થિતિ બરાબર સમજાવવા ખૂબ પ્રયત્ન કરતો હતો શહેર પર હલ્લો કરવાની ઘણી યોજનાઓ ઘડાયા છતા સૈન્ય અને હથિયારોની અલ્પતાને લીધે તે એ યોજનાઓ અમલમા મૂકવા શક્તિમાન થયો નહોતો. આ ખાતર તે પોતાની છાવણીમા બહુ વગોવાતો હતો જે જુવાન સૈનિકો કેવળ વર્ત્તમાન પર દૃષ્ટિ રાખી ભવિષ્ય પર નજર કરવાની ના પાડતા હતા તેઓ પોતાની યોજનાઓ અમલમા મૂકવામા સેનાપતિને વારંવાર આનાકાની કરતો જોઇ કંટાળી ગયા હતા. તેઓ પોતાના સેનાપતિને કર્ત્તવ્ય બજાવવામા ઉદાસીન જોઇ તદ્દન હતાશ થઇ ગયા હતા. તેઓને સેનાપતિ પર વિશ્વાસ રહ્યો નહોતો પરંતુ સેનાપતિ બર્નાર્ડ કંઇ તેના જેવો ઉતાવળિઓ નહોતો તે એક ભારે કામ કરવા તત્પર થયો હોવાથી તેને બહુ જ સાવચેતી રાખી આગળ વધવાની જરૂર પડતી હતી કોઇ પણ બાબતમા સહેજ ભૂલ થઇ તો વિપત્તિ અનિવાર્ય થઇ પડવાની છે, એ તરફ ઉતાવળિઆ જુવાનોની નજર નહોતી આમ હોવાથી તેઓ મનમા પોતાના સેનાપતિ પર બહુ જ ખીજી રહ્યા હતા પરંતુ તેઓ કંટાળ્યા છતા સેનાપતિની સુંદર મુખમુદ્રા તેઓને તેના તરફ ભક્તિભાવ ઉત્પન્ન કરતી. સેનાપતિ બર્નાર્ડ દયાળુ અને સમદર્શી હતો આવી ચિંતાતુર પરિસ્થિતિમા પણ બધા સૈનિકોના દુઃખો દૂર કરવાનો તેનો પ્રયત્ન બહુ પ્રસંશનીય હતો. આમ હોવાથી હલકામા હલકા દરજ્જાથી માંડીને ઉંચામા ઉંચા દરજ્જા સુધીના સૈનિકો તેને પોતાનો મિત્ર માનતા હતા. એક વખતે કપ્તાન હડસન

આદો હતો એક દિવસ મધરાતે તેની ઉંઘ ઉડી ગઇ. તે વખતે તેને જણાયું કે સેનાપતિ બર્નાર્ડ પોતાના હોદ્દાનુ ગુમાન છોડી દઇ પોતાની પથારી પાસે ઉભો ઉભો સારવાર કરી રહ્યો છે[૧] પરતુ આવો માયાળુ પુરુષ આ સસારમા ઝાઝા દહાડા ગાળી શકયો નહિ નિયતિની શક્તિને લીધે તેને આ મર્ત્યલોકના અલઘનીય નિયમને વશ થવુ પડયુ ૫ મી જુલાઇએ સવારમા તે સાજોતાજો હતો, પરતુ તે જ દિવસે ૧૦ વાગ્યાને સુમારે એકાએક કોલેરાનું દર્દ લાગુ પડવાથી તે પથારીવશ થયો, અને થોડા વખતમા મરણ પામ્યો.

સેનાપતિ મરણ પામ્યો દિલ્હી ન જીતાયુ. સિપાહીઓના વારવાર હુમલા થવાથી સૈનિકોની સખ્યા ઘટી જવા લાગી આવા સમયે સેનાપતિ સડ વડો સેનાપતિ બન્યો વળી નગર પર હલ્લો કરવાની યોજના થઈ, વળી તે યોજના રદ થઇ, ૪૭ મી જુલાઇએ રીડ તદુરસ્તી સારી ન હોવાને લીધે હોદ્દો છોડી અબાલા ગયો. તેની જગાએ વિલ્સનની નિમણુક થઇ

અગ્રેજોનું લશ્કર દિલ્હી જીતવાને માટે અસમર્થ હતું, મેનાપતિ સૈનિકો વગર વેવલા વીણતો હતો, ત્યારે ઈગ્લાડના અધિકારીઓના માનસપટ પર અનેક અવનવા દેખાવો પ્રતિફલિત થતા હતા. બોર્ડ ઓવ કન્ટ્રોલના પ્રમુખે ધાર્યું હતું કે દિલ્હી જીતવુ એ કઇ મુસ્કેલ વાત નથી કદાચ સૈનિકોના બળથી ન જીતાય તો પણ આપણે દિલ્હી ઘેર્યું હોવાથી ભયંકર દુકાળને લીધે શહેર શરણ થવાનું[૨] બોર્ડના પ્રમુખ મહાશયે તો આ વાત પાર્લામેન્ટને પણ જણાવી દીધી

૧. Hudson, Tewlve years in India P. 207

૨ Martin, Indian Empire Vol II. P 211.

હતી પોતાના સ્વદેશબધુઓ હિદમા કેવી સ્થિતિમા આવી પડ્યા છે, કેવા દુખો ભોગવે છે, તેનો બરાબર ખ્યાલ ઇંગ્લાડના અધિકારીઓને હોય એવુ જણાતું નહોતું. ગમે તેટલો ભયકર બળવો ફાટી નીકળ્યો હોય તો પણ બધી મુશ્કેલી જેમ બને તેમ જલદી ટળી જશે, સિપાહીઓ હારી માર્યા જશે, અને હિદમા કપનિની સત્તા અગાઉથી પણ ઉત્તમ રીતે સ્થપાશે એવા વિચારો ઇગ્લાડના અધિકારીઓના મગજમા જગાઇ બેઠા હતા પરતુ તેઓની આશા ફળી નહિ. એક માસ ચાલ્યો ગયો એક માસ થયા સેનાપતિ દિલ્હીની બહાર માખીઓ માર્યા કરતો હતો. એ એક માસમા તો ઘણા સૈનિકો માર્યા ગયા, ઘણા ઘાયલ થયા અને ઘણા રોગથી પિડાઇ ઇસ્પિતાલમા આવી રહ્યા. પરતુ દિલ્હી જીતાયુ નહિ. જેઓ કહેતા હતા કે દિલ્હી એકદમ જીતાશે તેઓની મશ્કરી થવા લાગી. ચારે તરફ જાહેર થઇ ગયું કે દિલ્હી સિપાહીઓના હાથમા રહ્યુ છે મોગલ પાદશાહ અગ્રેજોની સમક્ષ પોતાની સત્તા પ્રવર્ત્તાવી રહ્યો છે. આવા સમાચાર ફેલાતા લાબી નજર વિનાના માણસો તથા સિપાહીઓ પ્રફુલ્લ બની અંગ્રેજો સાથે લડાઇ કરવાની તૈયારી કરવા લાગ્યા

ઝાસિ, રજપુતાના, પંજાબ, વાયવ્યપ્રાત વગેરે ઠેકાણાના સિપાહીઓ દિલ્હી આવી પહોચ્યા ત્યારે સેનાપતિ વિલ્સન અંગ્રેજોની છાવણીનો અધ્યક્ષ હતો. સેનાપતિ રીડે અધ્યક્ષની પદવી છોડી તે પહેલા ત્રણ દિવસે સિપાહીઓએ હિદુરાવના મકાન પર હુમલો કર્યો હતો આ લડાઇમા અગ્રેજોના ૨૦ માણસો માર્યા ગયા હતા અને ૨૦૦ ઘવાયા હતા. [1]આજુટટ જનરલ ચેમ્બરલેનને એટલો બધો સખત

---

1 Martin, Indian Empire. Vol II. P. 431.

માર પડયો હતો કે તેને ૬ અઠવાડિઆ સુધી પથારીવશ રહેવુ પડયું હતું. આથી સેનાપતિ વિલ્સને સેનાપતિપદ ગ્રહણ કર્યું ત્યારે અગ્રેજોની છાવણીમા નિરાશા સિવાય બીજુ કઇ જણાતું નહોતુ બે સેનાપતિ માર્યા ગયા હતા ત્રીજો માંદો થઇ ચાલ્યો ગયો હતો, આજુટ ટ જનરલ અને ક્વાર્ટર માસ્તર જનરલ ઘવાયા હતા છાવણીમાના સૈનિકો ધીમે ધીમે ઓછા થતા જતા હતા વખતો વખત હલ્લો કરવાની યોજના થતી હતી, પણ તેની સામે થનારાઓનો તોટો નહોતો સિપાહીઓ વારવાર હુમલા કરતા હતા તેઓએ એક માસમા લગભગ ૨૦ થી વધારે વખત હુમલા કર્યા હતા. અગ્રેજોને સદા તત્પર થઇ રહેવુ પડતું રહ્યું રાતદિવસ આહાર નિદ્રા તજી સિપાહીઓના હુમલાની રાહ જોતા બેસવુ પડતું હતુ. દિવસે તેઓ લડાઇ માટે તૈયાર થઇ રહેતા, રાત્રે બ્યુગલનો અવાજ સાભળી સફાળા જાગી ઉઠતા. દિવસો જવા લાગ્યા, પણ તેઓના ભાગ્યમા એકે દિવસ શાતિથી બેસવાનો લખ્યો નહોતો. સિપાહીઓના ઉત્સાહમા તો કશો ફેર જણાતો નહોતો તેઓ તો રાત કે દિવસ જાણ્યા સિવાય ગમે ત્યારે અગ્રેજોની છાવણી પર હલ્લો કરતા લડાઇ વખતે ખૂબ બહાદુરી બતાવતા અંગ્રેજો કરતા તેઓ કોઇ પણ રીતે ઉતરતું વીરત્વ બતાવતા નહોતા. વારવાર લડાઇ થવા છતા કઇ પરિણામ આવતું ન હોવાથી સેનાપતિ દિવસે દિવસે ચિતાતુર બનતો જતો હતો તેનું થોડુ સૈન્ય દિવસે દિવસે અવ્યવસ્થિત બનતું જતુ હતું લશ્કર કટાળી ગયુ હતું, થાકી ગયુ હતુ વારવાર પરાક્રમ બતાવ્યા છતા સામા પક્ષને હરાવી ન શકવાથી તેનામા એક પ્રકારની ખિન્નતા ફેલાઇ રહી હતી વર્ષાઋતુ શરૂ થઇ, તેઓના પોશાક પલળવા લાગ્યા, તબુઓ

ભીના થઇ ગયા, શરીર જડ બની ગયા. જુલાઇ માસના મધ્ય ભાગમાં સેનાપતિ વિલ્સને જાણ્યુ કે આવી સ્થિતિમા બડખોરોની સામે રહેવુ અસાધ્ય છે. બડખોરોની સખ્યા એટલા મોટા પ્રમાણમા વધતી હતી કે તે પોતાની છાવણી બચાવવા માટે ચિતાતુર થઈ ગયો.

શહેરપર છાપો મારવાની યોજનાઓ રદ કરવામા આવી હતી. ચેમ્બગ્લેન જેવા સૈનિક પુરૂષોએ એ યોજનાઓને ટેકો આપ્યો નહોતો જ્યા સુધી મદદગાર સૈન્ય સારી સખ્યામા ન આવી પહોચે ત્યા સુધી કઇ હિલચાલ ન કરવાની ફરજ પડી હતી દીર્ઘદૃષ્ટિવાળા અંગ્રેજો સિપાહીઓની સખ્યા અને સાધનો પર લક્ષ આપી શહેરપર અચાનક છાપો મારવાની સલાહ આપતા શહેરપર છાપો મારવાની યોજના રદ થઇ એટલે લશ્કરને બીજે સ્થળે ગોઠવવા સંબંધી એક યોજના રજૂ કરવામા આવી સેનાપતિ બર્નાર્ડના મરણ પહેલા આ યોજના રજૂ થઇ હતી. દિલ્હીના કમિશનરે જોઈ લીધુ હતુ કે જુદે જુદે સ્થળેથી જે અસખ્ય સિપાહીઓ દિલ્હી આવી પહોચે છે, તેઓની સત્તા અટકાવી શકે એટલુ બધુ બળ અગ્રેજોના લશ્કરમા નથી. લશ્કર બડખોર સિપાહીઓ હુમલો કરે છે તો તેને હઠાવી શકે છે ખરૂ પણ તેથી કઇ પરિણામ આવતું નથી, સિપાહીઓ છિન્ન ભિન્ન થઇ જતા નથી, દિલ્હી પણ તેઓના હાથમાથી મુક્ત થતું નથી. માટે આ પ્રમાણે અહીં પડયા રહેવા કરતા જો બીજે સ્થળે શાતિ સ્થાપવાનો પ્રયત્ન કરવામા આવે તો કઇ ફાયદો થાય આવો વિચાર કરી કમિશનર સાહેબ લશ્કરને બીજે કોઈ સ્થળે ખસેડવા સંબધી યોજના ઘડવા લાગ્યા વિલ્સન સાહેબે સેનાપતિ પદ ગ્રહણ કર્યું ત્યારે આ યોજના વિષે વિચાર ચાલતો હતો. સેનાપતિએ પોતે આ યોજના

રજૂ કરી નહોતી. તેઓ જ્યારે આ વિષય પર ચર્ચા ચલાવતા હતા ત્યારે એક બીજો સૈનિક એ યોજના વિરૂદ્ધ દલીલો કરવા તેમની સમક્ષ હાજર થયો વડા ઇંજનેર કપ્તાન બેર્ડ સ્મિથે કહ્યુ કે આપણે હજુ સુધી સર્વાંશે પંજાબપર આધાર રાખી રહ્યા છીએ, દિલ્હીથી પંજાબ અને કર્નાલનો રસ્તો સુરક્ષિત છે. બંડખોરોએ એ રસ્તા પર કઈ ગડબડ મચાવી નથી. હવે જો અહીંથી છાવણી ઉઠાવી બીજે સ્થળે લઇ જવામા આવશે તો એ રસ્તો રૂંધાઇ જશે એટલુ જ નહિ પણ આપણને પંજાબથી મળતી સગવડો બધ પડશે. લોકો ધારશે કે અંગ્રેજો સિપાહીઓની બહાદુરીથી ડરી જઇ હટી ગયા છે. દિલ્હી મોગલપાદશાહના કબજામા રહ્યુ છે. અગ્રેજો તેનુ પરાક્રમ ઓછુ કરી શક્યા નથી અત્યારે પંજાબનો રસ્તો મુક્ત છે, એ રસ્તેથી હજુ મદદ આવવાનો સંભવ છે. હજુ આપણું લશ્કર તદ્દન નિસ્તેજ થઇ ગયુ નથી તેને ખોરાકીની પણ અડચણ નડી નથી, આવી સ્થિતિમા દિલ્હી છોડવુ એ ઉચિત નથી જો કદાચ મૃત્યુનું વિકટ દૃશ્ય છાવણીમા સર્વત્ર ફેલાય, તો પણ આપણું માન, સત્તા અને આબરૂ જાળવવા માટે આ સ્થળ ટકાવી રાખવુ એ આપણું કર્તવ્ય છે સેનાપતિ વિલ્સનને પણ ઇંજનેર સાહેબની વાત ખરી લાગી કમિશનર સાહેબની યોજના ઉડી ગઇ.

સેનાપતિ વિલ્સને કારભાર ગ્રહણ કર્યો ત્યાર બાદ એક અઠવાડિઆમા સિપાહીઓએ અંગ્રેજોની છાવણીના ડાબા તથા જમણા ભાગપર છાપો માર્યો છેવટે તેઓને હઠાવી મૂકવામા આવ્યા ૨૩ મી જુલાઇએ વળી તેઓ કાશ્મીર દરવાજેથી બહાર નીકળી છાવણી કબજે કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા પરંતુ છેવટે તેમને દિલ્હી તરફ

નાસવુ પડયુ. અગ્રેજોના લશ્કરે સિપાહીઓની પૂંઠ પકડી આવી રીતે પૂઠ પકડવાથી તેઓને વારવાર ખમવું પડતુ. આ વખતે પણ તેઓના અનેક ઉત્તમ સૈનિકો ઘવાયા, કેટલાક માર્યા ગયા સિપાહીઓને બહુ નુકસાન થયુ નહિ. તેઓ તો પોતાની બધી તોપો શહેરમા ધસડી ગયા આ પ્રમાણે જુલાઇ માસ પૂરો થયો સિપાહીઓના વારવાર હલ્લા થવા છતા તેઓએ પોતાનું મથક ન છોડયુ. ૩૦ મી જુલાઇએ વિલ્સને વાયવ્ય પ્રાતના લેફટેનેન્ટ ગવર્નરને આ પ્રમાણે લખ્યુ કે, “સિપાહીઓના હુમલા અટકાવવાની મે પ્રતિજ્ઞા લીધી છે, ગમે તે થાય પણ હુ છેવટ સુધી ટકી રહીશ. શત્રુઓની સંખ્યા ઘણી છે. તેઓ આપણો વ્યૂહ ભેદી શકે તેમ છે. પરતુ મારા સૈનિકો કદી પણ મથક છોડે તેવા નથી. તેઓ મરણ પામશે પણ ડગલું પાછુ નહિ ભરે. સુભાગ્યે શત્રુઓનો સેનાપતિ કોઇ નથી, તેઓમા વ્યવસ્થા નથી, અમે એવુ પણ સાભળ્યુ છે કે તેઓમા કુસપ જાગ્યો છે. નિકલ્સનની સરદારી નીચે મદદગાર લશ્કર આવે છે. અમે તે લશ્કર આવ્યા સુધી ટકી શકીએ તો ઘણું છે.” આ સ્થળે જણાવવું જોઇએ કે કેલ્વિન સાહેબ દિલ્હી આગળથી લશ્કર ખેંચી લેવાની યોજના પસંદ કરતા નહોતા. સેનાપતિ વિલ્સને પણ દિલ્હીમા ટકી રહેવાની દૃઢ પ્રતિજ્ઞા કરી આ પત્ર લખ્યો હતો

આવા સમયમા પણ અગ્રેજોની છાવણીમા સદા પ્રફુલ્લતા છવાઇ રહેતી. સૈનિકો ઘોડેસ્વાર થઇ ફરવા જતા, ક્રિકેટ રમતા, એકત્ર થઇ નાના પ્રકારની વાતચીત કરતા સાયંકાળ વખતે સુંદર વાદ્યોના અવાજ સાભળી ખુશ થતા. ઘાયલ સૈનિકોને ડોળીમા ઘાલી

વાદ્યસ્થાન આગળ લઇ જવામા આવતા, તેઓ પણ ખુલ્લી હવામા સુદર વાદ્યધ્વનિ સાભળી પોતાનું દુખ વીસરીજતા ગુરખા અને પહાડી સૈનિકોએ સિપાહીઓના હુમલા અટકાવવામા આગેવાની ભર્યો ભાગ લીધો હોવાથી સોલ્જરો તેઓ પર હેત રાખતા તેઓની સાથે બેસી ભાષા ન સમજવા છતા વાતચીત કરતા, ચિરૂટ ફુકતા અને નાના પ્રકારની ઠઠ્ઠા મશ્કરી કરતા. જેઓ ઘાયલ થયા હતા, તેઓની સહનશક્તિ અસાધારણ હતી. તેઓ ધીરજથી બધી વેદના સહન કરતા એક જણની બરડાની કરોડમા ગોળી પેસી ગઇ હતી એથી તેના હાથ અને બે પગનો ઉપલો ભાગચૈતન્ય હીન બની ગયો. એ માણસ બચે તેમ નહોતું. તોપણ એ પોતાના મિત્રો પાસે બેની જાણે કઇ બન્યુ ન હોય તેમ ચિરૂટ ફુકતો હતો તેનો મિત્ર તેને ગોળીના ઘા વિષે પૂછપરછ કરવા લાગ્યો તે હસતા હસતા કહેવા લાગ્યો, "કઇ નથી થયુ પીઠપર જરા ધક્કો લાગ્યો છે. હુ થોડા રોજમા એ દુષ્ટ લોકો સાથે લડાઇ કરવા તૈયાર થઇ જઇશ." બીજે દિવસે આ માણસનુ મરણ થયુ[૧] આ પ્રમાણે ખુશ મિજાજમા એક માસ પસાર થયો. મૃત્યુના ખોળામા રમતા હોવા છતા તેઓની પ્રસન્નતા ટકી રહી હતી અપાર શત્રુઓ સામે પડયા છતા તેઓને ચિંતા થતી નહોતી.

અગ્રેજોનું સૈન્ય થોડુ હતુ છતા સાહસ અને વીરત્વમા અતિ પ્રબળ હતું હિદના ઘણા વીર પુરૂષોએ આ વખતે અગ્રેજોને મદદ કરી હતી પજાબ કેસરીના ફ્રેંચ સેનાપતિ પાસે તોપો ફોડવાની વિદ્યા મેળવી હોશિયાર થયેલા તથા સોબ્રાઓન તથા ચિલિયનવાલાના

---

૧ Hudson, Twelve years in India, 213.

રણક્ષેત્ર પર એ હોશિયારીની પરીક્ષા પસાર કરનારા લોકો આ વખતે અંગ્રેજોની મદદમા આવી પહોચ્યા હતા લોર્ડ લોરેન્સે એ બધા રણ-નિપુણ ખાલસા સૈનિકોને દિલ્હી મોકલ્યા હતા. જેઓએ એક સમયે પોતાની જન્મભૂમિને બચાવવા અગ્રેજો સામે જગ માડયો હતો, તેઓ અત્યારે એ બધુ વીસરી મત્રમુગ્ધ બનેલાની પેઠે તેઓને મદદ કરવા તન, મન અને ધન અરપી રહ્યા હતા

સોલ્જરો તીવ્ર મદ્યના ઉપાસક હોય છે, તેમ શિખો પણ કઇ ઓછા મદિરાભક્ત હોતા નથી. જ્યારે પુષ્કળ પરિશ્રમ કર્યા બાદ થાકી લોથ બની જતા ત્યારે તેઓ સુરાદેવીની સહાયતાથી એ બધો થાક ઉતારી મૂકતા. વર્ષાઋતુ બેઠી હોવાથી વસ્ત્રાદિ પલળી જતા એટલે શરીરમા ગરમી લાવવા માટે સુરાદેવીની બહુ જરૂર પડતી. તેઓ આ જરૂરિયાત સમજવા માટે નાલાયક નહોતા અધિનાયકોએ અકુશ ન રાખ્યો હોવાથી સુરાદેવી નદીના પ્રવાહની પેઠે રેલાવા લાગ્યા આખી છાવણીમા દેવીનું સામ્રાજ્ય ફેલાઇ ગયુ દેવીના પ્રસાદથી મસ્ત બની સૈનિકો ઉચ્છૃખલતા દર્શાવવા લાગ્યા

જ્યારે લડાઈ બધ પડતી, સૈનિકોને નવરાશ મળી ત્યારે તેઓ બીજા શહેરોની સ્થિતિ જાણવા આતુર થઈ રહેતા સોલ્જરોને આ બાબતમા બહુ જિજ્ઞાસા થતી. કારણકે કાનપુર ઘેરાયુ હતું. લખનૌરમા ભારે દગો મચ્યો હતો, મધ્યહિદ, રજપુતાના અને વાયવ્ય પ્રાતના મોટા શહેરો ભયકર પ્રકોપના મથકો બની ગયા હતા. એ સ્થળોએ શું બને છે, બડખોરોએ ત્યા કેવી સત્તા જમાવી છે, અને અગ્રેજો આ સર્વ સ્થળે કેવી રીતે ટકી રહ્યા છે તે જાણવા માટે સોલ્જરો બહુ આતુરતા બતાવતા હતા પરતુ તે વખતે સમાચાર જાણવાના

સાધનો નહોતા. રેલ્વે ફેલાઇ નહોતી તારના દોરડા તોડી નાખવામા આવ્યા હતા. કલકત્તા સાથે કશો સબંધ રહ્યો નહોતો. ગવર્નરજનરલ કે વડો સેનાપતિ કલકત્તામાં શુ કરે છે તે દિલ્હીના સૈનિકો જાણી શકતા નહિ જાણવાનો આગ્રહ પણ દર્શાવતા નહિ. અત્યારે તો તેમનો મુખ્ય આધાર પંજાબ હતું પંજાબના મુખ્ય કમિશનરને તેઓ વડો સેનાપતિ અને ગવર્નરજનરલ માનતા, પંજાબ તરફ જોઇ પ્રફુલ્લ થતા તથા પંજાબના શિખો અને સરહદના પહાડી પ્રદેશોના વતનીઓને લીધે પોતાને બળવાન માનતા નવવિજિત પંજાબ આ પ્રમાણે તેઓની આશાનુ ઉદ્દીપક બન્યુ હતું છતા તેઓને બીજા સ્થળોની ચિંતા થતી હતી. કાનપુર અને લખનોર આ વખતે તેઓની ચિંતાના કેન્દ્ર બની બેઠા હતા. વ્હીલર અને હેન્રિ લોરેન્સની વિપત્તિ તેઓને બહુ ડગમગાવતી હતી એક વખતે તેઓએ સંભળ્યુ કે સેનાપતિ વ્હીલર કાનપુરને બચાવી શકયો છે, બંડખોરો હારી નાસી ગયા છે. સેનાપતિ પોતે વિજયી થઇ દિલ્હીનો ઉદ્ધાર કરવા આવે છે. બીજે દિવસે સાભળ્યુ તે લખનોર બંડખોરોના હાથમાથી મુક્ત થયુ છે. હેવલોકની બાહાદુરીથી સિપાહીઓ હાર્યા છે આ વખતે કલકત્તાથી સીધે રસ્તે સમાચાર આવતા નહોતા સિપાહીઓએ એ રસ્તો તો બંધ કરી દીધો હતો કલકત્તાથી મુંબાઇ, મુલતાન થઇ સમાચાર દિલ્હી આવી પહોચતા આ પ્રમાણે ફરતા ફરતા બહુ લાબી મુદ્દતે સમાચાર મળતા તે ખરા પડતા નહિ એક વખત સમાચાર મળ્યા કે ફ્રેંચ લશ્કર ચીન જાય છે, હવે તે આપણને મદદ કરવા દિલ્હી આવે છે એક વખત વળી એવા નસાચાર મળ્યા કે આ બળવાના સમાચાર લંડન પહોચ્યા એટલે લંડનવાસીઓ એટલા બધા ઉશ્કેરાઇ ગયા કે તેઓએ બોર્ડ

ઓાવ ડિરેકટરના કાર્યાલયને સળગાવી મૂકયુ છે, અને બધા ડિરેકટરોને પકડી જાહેર રસ્તાપરના દીવાના થાભલા સાથે બાધી ફાસીએ લટકાવ્યા છે.

આ પ્રમાણે નાના પ્રકારના અસત્ય સમાચાર આવવા લાગ્યા. સમય વીતવા લાગ્યો. સમયના પરિવર્ત્તન સાથે અંગ્રેજોનુ અદૃષ્ટ પરિવર્ત્તિન થયુ નહિ કાનપુરની ભયકર ખૂનરેજીમા અંગ્રેજોનું સત્યાનાશ વળ્યુ. સેનાપતિ વ્હીલરે દેહત્યાગ કર્યો, લખનૌરમા હેન્રિ લોરેન્સ સખ્ત ઘાયલ થયો, અને મરણ પામ્યો આ બધા શોચનીય સમાચારો સાભળી દિલ્હીની છાવણીમા ભારે રડારોળ વ્યાપી રહી ઓફિસરો પોતાના બૈરા છોકરાના માર્યા જવાથી અને પોતાના વહાલા સરદાર હેન્રિ લોરેન્સના દેહત્યાગથી અતિશય દુખી થયા પજાબમા જેમ જોન લોરેન્સ તેમ અયોધ્યામા હેન્રિ લોરેન્સ શક્તિ, સાહસ, અનુભવ અને ઉત્સાહની જ્યોતિરૂપ હતા. આ વખતે અંગ્રેજોની નજર આ બે ભાઇઓ પર ટકી રહી હતી તેઓ આશાતુર હૃદયે એ બંને ભાઇઓ પર વિશ્વાસ રાખી આવી વિપત્તિમા પણ સાહસ રાખી બેઠા હતા. આ રીતે આ બંને ભાઇઓ વિપત્તિમા આવી પડેલા હિદ સામ્રાજ્યના ટેકા રૂપ હતા. અત્યારે એ સ્તભોમાનો એક સ્તભ તૂટી પડયો. આ સમાચારથી બધા અગ્રેજો બહુ દુખી થયા. આખા હિદમા આ સમાચારે ભારે દિલગીરી ફેલાવી એક સુલેખક અંગ્રેજ સ્વદેશના આ કર્મવીરના સબંધમા લખે છે કે " મને ખાત્રી છે કે વર્ત્તમાન સમયને વિષે કોઇ પણ ખ્રિસ્તી રાજ્યમા આવો સર્વગુણ સંપન્ન અમલદાર દૃષ્ટિગોચર થતો નથી ? "

જેઓના આક્રમણથી આવા ઉત્તમ પુરૂષોની જીવનલીલા સંપૂર્ણ થઇ તેઓ તરફ અંગ્રેજોને ગુસ્સો ચઢે એ સ્વાભાવિક છે, પણ એ

ગુસ્સો અમુકજ એકજ પક્ષ પર બધાઇ ન રહેતા હિંદના તમામ માણસોને ભયંકર રાક્ષસો માની તેના પર ઉતરે એ અસ્વાભાવિક ન ગણાય આ વખતે ગોરા લોકો તો કાળા લોકોનો નાશ કરવાની પ્રતિજ્ઞા લઇ બેઠા હોય એવું જણાતું હતું. દિલ્હીના અંગ્રેજોની છાવણીમાં પણ આ વૈરવૃત્તિ અપ્રગટ રહી નહોતી 'પાંડે' નું નામ અંગ્રેજોને ભયંકર બનાવી મૂકતું પાંડેનું નામ સાંભળી તેઓની આંખોમાંથી અંગારા ઝરતા પાંડે પરનો વિદ્વેષ એટલો બધો પ્રબળ બની ગયો હતો કે તેઓએ દિલ્હીનું નામ 'પાંડે ભૂમિ' એવું પાડયું હતું પરંતુ પાંડેના સ્વદેશબંધુઓમાંના બધા કંઇ તેઓના દુશ્મનો નહોતા. આ ઇતિહાસ પર ચર્ચા કરતા એવું જણાઇ આવે છે કે અંગ્રેજો એમ ધારતા હતા કે અમે હિંદીઓ સામે યુદ્ધ કરીએ છીએ પરંતુ ખરી રીતે તો હિંદીઓજ તેમના મુખ્ય મદદગાર હતા તેઓ જેઓને પોતાના પરમ શત્રુ માની તિરસ્કારતા હતા, તેઓની મદદ વિનાનો તેઓ એક દિવસને માટે પણ પોતાની મહત્તા જાળવી શકત નહિ આ વખતે હિંદીઓ કેવળ અંગ્રેજોની પડખે ઉભા રહી પોતાના સ્વદેશબાંધવો વિરૂદ્ધ લડયા હતા એટલુંજ નહિ પણ એવા સેંકડો હિંદીઓ હતા કે જેઓ લશ્કરમાં જોડાયા સિવાય અંગ્રેજોને માટે મરી ફીટતા હતા તેઓ લડાઇના મેદાન પર પ્રતિસ્પર્દ્ધિ સાથે લડાઇ કરી વિજય મેળવવા ઇચ્છતા નહોતા. તેઓ તો જે કાર્ય કરવા નીમાયા હતા તે કાર્ય વિશ્વાસુપણે બનાવતા હતા અંગ્રેજો અને અમારા સ્વદેશબાંધવો વચ્ચે લડાઇ ઉત્પન્ન થઈ છે, અંગ્રેજો અમારા સ્વદેશબાંધવો પર જુલમ કરે છે. એવો વિચાર પણ તેઓના અંતઃકરણમાં પ્રગટયો નહોતો. શાંતિના સમયની પેઠે આ વખતે પણ તેઓ અંગ્રેજોની સેવા બજાવી રહ્યા

હતા વિદેશી યુરોપિઅનો નિત્યના કાર્ય માટે હિંદીઓ પર આધાર ગખે છે તે કોઇથી અજાણ્યુ નથી તેઓને સ્વદેશમા સાધારણ હાલ-તમા ગણાતા હોવાથી સાધારણ કામકાજ કરવાની ટેવ પડેલી હોય છે, તો પણ આ દેશમા તો તેઓને બધી રીતે હિંદીઓ તરફ દૃષ્ટિ કરી બેસી રહેવુ પડે છે જો હિંદીઓ ક્ષણને માટે પણ તેઓનુ કાર્ય કરવાની ના પાડે તો તેઓ સસારક્ષેત્રને વિષે એક ડગલુ પણ આગળ વધી શકે નહિ. આ વખતે જરૂરી કામકાજ માટે હિંદીઓ બહુ મદદ કરતા હતા. ગોરા પાયદળ સૈનકો, ઘોડેસ્વારો અને તોપચી-ઓએ લડાઇમા બહાદુરી બતાવી હતી ખરી, પણ હિંદીઓ ન હોત તો તેઓ નિર્જીવ બની પડયા રહેત તેઓને ખોરાકને પાણી કોણ લાવી આપત ? જેઓએ દિલ્હીની લડાઇનો ઇતિહાસ લખ્યો છે તેઓ-માના એક સહૃદય ઇતિહાસકારે લખ્યુ છે કે અગ્રેજોની છાવણીમાના દરેક ગોરા દીઠ દસ દસ હિંદીઓ હતા. તોપચીઓમા ગોગઓની સખ્યા કરતા ૪ ગણી હિંદીઓની સખ્યા હતી. ઘોડેસ્વાર ટુકડીમા દરેક ઘોડા માટે બે હિંદીઓ કામ કરતા હતા. તેઓ વિના કોઇ પણ કાર્ય પાર પડી શકે તેમ નહોતું.[૧] આ પ્રમાણે હિંદીઓ ગોરાઓની સારવાર કરતા, તેઓના ઘોડાઓને ઘાસ-પાણી આપતા, યોગ્ય સ્થળે લઇ જતા, ઘાયલોને ઇસ્પિતાલમા લઇ જઇ સારવાર કરતા. આ બધા કાર્યમા તેઓ કદી ગફલત કરતા નહિ. કોઇ પણ પ્રકારની અડચણને લીધે તેઓનું. આ કાર્ય વિલબમા પડતું નહિ. તેઓ બડખોરોની સખ્યા, તરફ, હથિયારો તરફ કે બળ તરફ ન જોતા પોતાના થોડા સૈનિકોપ્રતિ વફાદારી દર્શાવતા. દિલ્હીની લડાઇનું વર્ણન કરતા એક સૈનિકે લખ્યુ છે કે "એક વખતે લડાઇના મેદાનપરથી

---

૧ Kaye Sepoy War. Vol. II. P. 604 Note.

પાછા ફરતી વેળા મારી તોપો વ્યૂહની બાજુએ લાવવામા આવી હતી. મે ગોળાઓનો વરસાદ વરસાવી સામા પક્ષને આગળ વધતો અટકાવ્યો હતો અને હવે હું જેઓ ઘવાયા હતા, તેઓને ડોળીમા ઘાલી છાવણીમા મોકલવાનો બંદોબસ્ત કરતો હતો મારા એક હિંદી તોપ ચલાવનારના પગમા ગોળી લાગી હતી, તેથી તેના પગનું હાડકુ ભાગી ગયુ હતું જે ઘોડાઓ તોપને જોડેલા હતા, તેઓમાના એક પર આ માણુસ બેઠો હતો મે તેની પાસે આની આવી તોપ થોભાવવાનું કહ્યુ અને તેને ઘોડા પરથી ઉતારવાની ઇચ્છા પ્રદર્શિત કરી તેણે કહ્યુ, " કુછ પરવા નહિ સાહેબ." મે જો પરાણે તેને ઘોડા પરથી ઉતારી ડોળીમા ન નાખ્યો હોત તો તે ઘોડા પરજ રહેત. અમારા બધા હિંદીઓએ આવી વફાદારી બતાવી આપી હતી[1] " થોડા પગારના બદલામા હિંદીઓએ યુરોપિઅનોની આવી સેવા બજાવી હતી તેઓના સ્વદેશબંધુઓ અંગ્રેજોને મારી નાખવા માગતા હતા છતા તેઓ યથાસમયે પગાર મેળવવા માટે જે કામ માથે લીધુ હતું તે પાર પાડવામા ઉદાસીનતા બતાવતા નહોતા તેઓ આ બળવાને જાતીય સમુત્થાન માનતા નહોતા, બંડખોરો પ્રતિ દયા બતાવતા નહિ, કેવળ પોતાના માલીકની સેવા બજાવવી એજ તેઓનુ કર્તવ્ય ગણાતુ હતું

પરંતુ યુરોપિઅનો આ વિશ્વાસુ નોકરો સાથે કેવી વર્તણૂક ચલાવતા ? થોડા પગાર માટે જેઓ આ ભયંકર વખતે પોતાનુ કર્તવ્ય બજાવતા હતા તેઓ કેવી સ્થિતિમા દિવસો ગુજારતા હતા ? આ પ્રશ્નનો ઇતિહાસે આપેલો જવાબ હૃદયભેદક છે. હિંદીઓ પોતાના યુરોપિઅન માલીકો સમક્ષ આદરમાનને પાત્ર ગણાતા નહોતા.

---

૧ Kaye, Sepoy War. Vol II P. 604. Note.

યુરોપિઅનો તેઓના તરફ માનની દૃષ્ટિએ જોતા નહોતા તેઓ પોતાના જીવન તરફ નજર ન કરતા યુરોપિઅનોની સેવા બજાવતા, તેના બદલામા યુરોપિઅનોએ તેમના તરફ કેવળ મીઠી નજરે જોયુ હોત તો પણ ઠીક હતું. પરતુ ગૌરાગ પ્રભુઓ એ કૃષ્ણાગ ગુલામો પ્રત્યે સારો વ્યવહાર ચલાવવા તત્પર નહોતા તેઓ તો બધા હિંદીઓને નરપશુ માની બેઠા હતા ગમે તે રીતે એ નરપશુઓનો નાશ કરવો એને જ પોતાનુ કર્તવ્ય માની બેઠા હતા. કોઇ હિંદવાસી સૌજન્ય બતાવી, તેઓની સેવા બજાવતો તોપણ એ લોકો તો તેના તરફ જંગલી પશુના જેવો વ્યવહાર રાખતા આમ હોવાથી દિલ્હીની છાવણીમા હિંદી નોકરો વફાદારીના બદલામા ગુસ્સો, શ્રદ્ધાના બદલામા અવિશ્વાસ, દયાભાવના બદલામા કઠોરતા, અને યત્ન તથા મમતાના બદલામા ડગલે ડગલે તિરસ્કાર મેળવતા હતા આ બાબતના દૃષ્ટાતોનો તોટો નથી. રસોડાના બાળકો પર છાવણીના જુદા જુદા વિભાગોમા ખોરાક લઇ જવાની જવાબદારી નાખવામા આવી હતી સામા પક્ષના ગોળીઓના વરસાદ વચ્ચે પણ તેઓને એ કામ બજાવવુ પડતું. યુરોપિઅનો તેઓની આ મુશ્કેલી પર લક્ષ આપતા નહિ. જેઓ તેઓને ખોરાક લાવી આપતા તેઓના જીવન તરફ તેઓને જરા પણ મમતા નહોતી તેઓ તેમની સમક્ષ મુશ્કેલી ભોગવતા હતા છતા તેમનુ લક્ષ તે તરફ જતું નહોતું. કેવળ આ એકજ દૃષ્ટાત નથી પણ આવા તો અનેક દૃષ્ટાતો છે જેઓ આવા સમયમા તેઓની સેવા બજાવતા, તેઓને યુરોપિઅનો ગાળો આપતા, અને વખતે માર મારવામા પણ સકોચ વૃત્તિ દાખવતા નહિ. એક દયાળુ અગ્રેજે દિલ્હીના ઘેરાનો ઇતિહાસ લખતા જણાવ્યુ છે કે "હંમેશા લડાઇ

તથા ખૂનરેજી કરવાથી આપણા લોકો એવા નિર્દય બની ગયા હતા કે તેઓ હિંદીઓના જીવનને સાધારણ જંતુના જીવન કરતા પણ હલકા ગણતા હતા ઓફિસરો સદુપદેશ અથવા દૃષ્ટાંતદ્વારા તેઓનું ચરિત્ર સુધારવાનો પ્રયત્ન કરતા નહિ તેઓનો કાર્યકલાપ નરહિતૈષી માણસોને સ્તંભિત કરી મૂકતો. આ વખતે હિંદીઓ તરફ જે પ્રચંડ ક્રોધ દર્શાવવામા આવતો, તે યુરોપના લોકો સમજી શકે તેમ નથી જે હિંદી નોકરોએ અતિ આશ્ચર્યજનક વફાદારી બતાવી હતી તેઓ તરફ ઓફિસરોએ અતિ કઠોરતા દર્શાવવામા કચાશ રાખી નહોતી આપણા લોકોએ એ લોકોને માર માર્યો છે, અને તે સિવાય બીજી રીતે પણ તેઓ તરફ હલકી વર્તણુક ચલાવવામા હદ કરી દીધી છે સોલ્જરોએ લડાઇ વખતે તોપરક્ષકોના ટોળામા ભિસ્તીઓને પાણી આપવા માટે બેસાડી રાખ્યા હતા. ગોળાઓના વરસાદથી એ હત-ભાગ્ય લોકોમાના અનેક માર્યા ગયા હતા આ લોકો પર બીજા સાધારણ લોકો કરતા વધારે દયા દર્શાવવાની જરૂર હતી ડોળી ઉપાડનારા લોકો વગેરે ઘણા આપણુ કાર્ય બજાવતા ઘવાયા હતા તેઓ બધા દિવસના પ્રચંડ તડકામા અને રાતની સખત ટાઢમા ઉઘાડા સ્થાનને વિષે પડયા રહેતા જેઓ એકાદ બે દાક્તરોની સારવાર નીચે હતા તેઓને માટે એ દાક્તરોએ મહા મહેનતે થોડા કોથળા અને એકાદ ઝુંપડી મેળવી હતી. તેઓને એ સાંકડા સ્થળે લદાઇ રહેવુ પડતું દિલ્હીના રહેવાશીઓનો ઘણો ખરો ભાગ આપણો હિતેચ્છુ હતો તો પણ બધા રહેવાશીઓની કતલ કરવાની વાત જાહેર કરવામા આવી હતી. આપણા બાળકો પણ લોહીના તરસ્યા થઇ ગયા હતા. તેઓ પણ એમ બબડતા હતા કે છાવણીમાના બધા

કાળા લોકોને ગોળીએ મારવા જોઇએ."[1] જો કે આ ગ્રથકારે પોતાના ગ્રથમા પોતાનુ નામ જાહેર કર્યું નથી, છતા તેણે ખાત્રી-લાયક સાબીતિઓ એકત્ર કરી પોતાનુ પુસ્તક લખ્યુ છે.[2] જેઓના વ્યવહાર પર પોતાનુ જીવન અવલબી રહ્યુ હતુ, તેઓ પર યુરોપિઅન લોકો આવો જુલમ ગુજારતા હતા શાતિને વખતે તો કદાચ ઉદ્ધત યુરોપિઅનો પોતાની સત્તા દેખાડવા ખાતર આવી ઉદ્ધતાઇ દર્શાવવા તૈયાર થાય તે માની શકાય તેવુ છે. પરતુ શાતિનો સમય ચાલ્યો ગયો હતો. આખા હિદમા ભયાનક પ્રકોપ ફાટી નીકળ્યો હતો બધા યુરોપિઅનોનું જીવન ભયમા આવી પડયુ હતું આ દેશના લોકોની દયા અને વિશ્વાસ પરજ તેઓની જિદગીનો આધાર હતો. સમય ફેરવાયો હતો છતા યુરોપિઅનોનો સ્વભાવ ફર્યો નહોતો એક પ્રસિદ્ધ ઇતિહાસકારે આ બાબતમા લખ્યુ છે કે "(શાતિનો) સમય ફેરવાઇ ગયો હતો. પરતુ આપણે એ સમય સાથે ફેરવાયા નહોતા. આપણી પોલાદ જેવી પ્રકૃતિ હજુ એવી ને એવી રહી હતી. ગ્રીષ્મઋતુના પ્રચડ તાપને લીધે પણ તે પર જરા અસર થઇ નહોતી. આપણે એવા ઉછૃખલ, અસહનશીલ, અને ભયશૂન્ય હતા કે જેઓને આપણે તિરસ્કારતા હતા તેઓ જ આપણી રક્ષા કરે છે તે તરફ આપણું લક્ષ જ નહોતુ. જે વિપત્તિ બીજા લોકોની પ્રકૃતિને નિસ્તેજ કરી નાખે તે વિપત્તિમા પણ આપણી જાતિ સર્વદા કઠોર, દઢતા-સપન્ન અને અનમનીય રહી હતી મનુષ્યોના વિચારવિતર્ક અને

---

૧ Siege of Delhi Kaye, Sepoy War. Vol. II. P. 605, Note

૨ Kaye, Sepoy War, Vol II. P. 605 Note.

દલીલો છતા એટલુ કબૂલ કરવુ જ પડશે કે, એ કઠોરતા અને અસહનશીલતા આ વખતે આપણને નષ્ટ કરી શકત, તેજ ગુણોએ આપણને ક્ષેત્રકુશળ રાખ્યા છે જે દઢતા, અનિયમિતતા અને પોતાના પર આધાર રાખવાની ટેવ જોઇ આપણા શત્રુઓમાના માહાન પુરુષોએ કહ્યુ છે કે અગ્રેજો કદી હારવાનું સમજતા નથી તેજ દઢતા અને આત્મ નિર્ભરની શક્તિએ હિદીઓને ખાત્રી કરી આપી છે કે જો આ દેશમા ફક્ત એક પણ ગોરો રહેશે તો પણ તે પોતાની જાતિને માટે આખુ હિદ ફરી મેળવી શકશે પરાધીન જાતિ પ્રતિ આવો વ્યવહાર ચલાવ્યા બાબત જેઓ તટસ્થપણે વિચાર કરશે તેઓને તે સમર્થન કરવા યોગ્ય નહિ જણાય છતા આ સિદ્ધાત કાયમ રહેશે કે આવી શક્તિના નિદર્શને આપણી દુર્બળતામા પણ આપણને શક્તિસપન્ન બનાવ્યા છે."[1]

ઉપલા ઇતિહાસકારના વચનો ખોટા નથી સર્વ પ્રકારની દઢતા દરેક વખતે મનુષ્યને અજીત બનાવી રાખે છે પરતુ અગ્રેજોએ એક તાબેદાર પ્રજા તરફ નિર્દય વ્યવહાર ચલાવ્યો ન હોત તો પણ તેઓ આવી દઢતા દર્શાવી શકત. જ્યારે ચોતરફથી દુખ આવી પડે ત્યારે કેવળ દઢતા જ મનુષ્યનું રક્ષણ કરી શકે છે. પરતુ દઢતા અને નિર્દયતા વચ્ચે ફેર છે. પરાક્રમી શત્રુના આક્રમણ વખતે અગર બીજી કોઇ ભયાનક વિપત્તિ વખતે ધીરજ અને સહનશીલતા સહિત પરાક્રમ દર્શાવવુ અને કોઇ પણ રીતે એ વિપત્તિમાથી મુક્ત થવુ એ દઢતાનું લક્ષણ છે. શક્તિમાન શત્રુ વારવાર હલ્લો કરતો હોય દરેક હુમલા વખતે અપાર શૌર્ય દર્શાવતો હોય, પોતાના પક્ષના સેંકડો

---

૧ Kaye, Sepoy, War Vol II. P 603-605

માણુસો રણક્ષેત્ર પર મરતા હોય ઘવાતા હોય અને ઇસ્પિતાલનો આશરો લેતા હોય, એવા વખતે જે કોઇ રીતે શત્રુની સમક્ષ માથુ ન નમાવે, જયની આશા ન છોડે, પ્રબળ પરાક્રમ દર્શાવે તે ખરો દઢતા સપન્ન પુરુષ ગણાય. પરતુ જે આવે વખતે સ્વજાતિ અથવા સ્વદેશી સિવાયના બધાને દ્વેષની નજરે જુએ, સામા પક્ષના સ્વદેશબધુઓ તેના પર ઉપકાર કરે તો પણ દયાળુ વર્ત્તણુક ન મેળવી શકે, અને ડગલે ડગલે દારૂણ અપમાન વેઠે તેનુ જીવન એ લોકોની સારવાર પર ટકી રહેલુ છતા તે તો એ માણુસોના જીવનને તણખલા સમાન લેખે તો તેની આ પ્રકૃતિમા દઢતાના લક્ષણો જણાતા નથી તેનામા દઢતાને બદલે પ્રકૃતિગત ક્ષીણતા અને નમ્રતાને બદલે ઉદ્ધતાઇ જણાઇ આવે છે. કહેવાની જરૂર નથી કે યુરોપિઅનોએ આ વખતે કેવળ ઉદ્ધતાઇ અને અશાતપણું દર્શાવ્યું હતુ અને દઢતાને બદલે નિર્દયતા બતાવી ખરા વીરત્વનુ અપમાન કર્યું હતું

પરિણામ એ આવ્યુ કે આ વખતે ઘણા યુરોપિઅનોની વૈરવૃત્તિ એવી પ્રબળ બની ગઇ કે તેઓ સમગ્ર ભારતવર્ષને જનશૂન્ય કરવા તત્પર થઇ રહ્યા એક યુરોપિઅન ઓફિસરે મિરતથી લખ્યુ હતું કે યુરોપિઅન સૈનિકોએ કાનપુર જતી વેળા જે જે દેશી લોકોને જોયા, તે બધાને મારી નાખ્યા. આથી મને બહુ સતોષ થયો છે.[1] એક બીજા ઓફિસરે લખ્યુ છે કે "અમારૂ સૈન્ય જ્યારે દિલ્હીમા પ્રવેશ કરશે ત્યારે દિલ્હીના બધા રહેવાશીઓ મરણ શરણ થશે, એમા મને કશો શક નથી અધિનાયકોમાના કોઇ આ ખૂનરેજી બધ પાડી

---

૧ Martin, Indian Empire Vol II. P 436

શકશે નહિ "[૧] જે સોલ્જરો દિલ્હી કબજે કરવા આવ્યા હતા તેઓને ડગલે ડગલે કષ્ટ વેઠવું પડયુ હતું વરસાદના પાણીથી તેઓના તબુ પલળી જતા સામા પક્ષની તોપોથી કેટલાક ઘવાતા અને કેટલાક માર્યા જતા ભયકર કોલેરાથી ઘણા માર્યા ગયા હતા. એક તો તેઓ બધા હિદીઓને શત્રુ માની બેઠા હતા, તેમા વળી આટલુ બધુ કષ્ટ પડવાથી તેઓની વિવેકશક્તિ નાશ પામી હતી તેઓએ આખા હિદને જનશૂન્ય કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આમ હોવાથી તેઓ દયા માયા વર્જિત બની ગયા હતા પોતાના પર ઉપકાર કરનારને પણ પીડવામા આનદ માનતા હતા. ગરીબ બિચારા હિદીઓ નિમકહલાલ કુતરાની પેઠે તેઓને ખોરાક પૂરો પાડતા, ચાલતી લડાઇએ પાણી પૂરૂ પાડતા અને અથાક શ્રમ લઇ તેઓની શ્રાતિ ઉતરે એવો પ્રયત્ન કરતા પણ તેના બદલામા કેવળ તુચ્છકાર સિવાય બીજુ કઇ મળતુ નહિ. સર જોન લોરેન્સે જાહેર રીતે કહ્યુ હતું કે "હિદીઓની મદદ ન મળવાથી યુરોપિઅનોના મરણ થાય છે[૨] સારવાર કરનારા નોકરો નિર્દય યુરોપિઅનોની સગીનના અગર ગોળીઓના આઘાતથી, અથવા બડખોર લોકોના હલ્લાથી મરી ખૂટયા હતા આથી છાવણીમા એવા લોકોનો તોટો પડયો હતો સેનાપતિ વિલ્સને યુરોપિઅનોની બળવાન વૈરવૃત્તિ શાત પાડવા ખાતર હુકમ ફરમાવ્યો હતો કે, "છાવણીના સખ્યા બધ નોકરો ગોરા સૈનિકોની સગીનનો અગર બદુકોની ગોળીઓના ભોગ થઈ પડયા છે આ વાત બ્રિગેડિયર વિલ્સનથી અજાણી નથી તે જણાવે છે કે

---

૧ Martin, Indian Empire Vol II P 436

૨ Martin, Indian Empire, Vol. II P. 436

આવી કઠોર વર્ત્તણુકથી આખુ સૈન્ય અવ્યવસ્થિત બની જશે વળી તેમ કરવાથી છાવણીમાના નોકરોમા ભય ફેલાશે તેઓમાના ઘણા પોતાના સહયોગીઓનું શોચનીય પરિણામ જોઇ છાવણી છોડી જશે. કોઈ કોઇ નોકરોએ તો છાવણી છોડી જવાનો વિચાર પણ કર્યો છે. "[૧] એક પરાધીન જાતિના અમુક માણસોને પોતાની સામે બડ ઉડાવતા જોઇ યુરોપિઅન સાહેબો કેટલા બધા ચિડાઇ ગયા હતા તે આ પરથી સ્પષ્ટ જણાય છે પરતુ આટલુ છતા હિદી લોકો પોતાનો દયાળુ સ્વભાવ વિસર્યા નહોતા એક તરફ લોહીની નીકો વહેતી હતી અને બીજી તરફ દયાળુ હિદુઓની સારવારથી ઘાયલ સોલ્જરો શાતિ મેળવતા હતા. નિર્દય પ્રકૃતિના મનુષ્ય હણનારા લોકોની બાજુએ શાતશીલ અને માનવહિતૈષી જનોનો આવિર્ભાવ થતો હતો પોતાના આત્મીય જનોના વિયોગથી હો કે પોતાની દુર્દશાને લીધે હો પણ જ્યારે તેઓ હિદીઓને મૂળમાથી નષ્ટ કરવાની પ્રતિજ્ઞા લઈ બેઠા હતા, ત્યારે તેજ ભારતવાસીઓ પોતાનુ જીવન સકટમા નાખી તેઓના અસહાય સ્ત્રી પુત્રોનું રક્ષણ કરવા તૈયાર થયા હતા. આ કાર્ય કરતા તેઓ બડખોરોથી બીતા નહોતા, સિપાહીઓના ઇનામના લોભથી લોભાયા નહોતા. આવા ઉદાર દિલના કાર્યો આ ઇતિહાસમા ઠામ ઠામ દૃષ્ટિગોચર થતા હતા. જે યુરોપિઅન બૈરા છોકરા જુદે જુદે સ્થળેથી દિલ્હીની છાવણીમા આવી રહ્યા હતા તેઓ આ વાત મુક્ત કઠે સ્વીકારતા હતા. અહી એ દષ્ટાતોમાનું એક દષ્ટાત રજૂ કરવામા આવે છે–ગુરગામના સિપાહીઓએ બડ ઉઠાવ્યુ તેથી એક મડમ પોતાના બાળક પુત્ર સાથે અતિશય મુશ્કેલીમા આવી પડી એ વખતે

---

૧ Martin, Indin Empire, Vol II P. 436.

તેનો પતિ ત્યા હાજર નહોતો પરંતુ પાસેના ગામડિઆઓના પ્રયત્નથી તે પોતાના પુત્ર સાથે સહીસલામત રહી શકી ગામના લોકોએ આ અસહાય મડમને ત્રણ માસ સુધી છુપાવી રાખી હતી. આ ત્રણ માસ પર્યંત તેઓએ તેને અન્નવસ્ત્ર પૂરા પાડયા હતા બંડખોર સિપાહીઓએ એ લોકોને બીક બતાવવામા બાકી રાખ્યુ નહોતું છતા તે લોકોએ એ બાઇને સોપી નહોતી સિપાહીઓએ ૧૦૦ રૂપીઆનું ઇનામ આપવાનુ કહ્યું છતા ગરીબ ગામડીઆઓ ડગ્યા નહોતા. છેવટે એક વૃદ્ધ માણસે તેને દિલ્હીની છાવણીમા પહોચાડી આ બાઇએ કૃતજ્ઞતાપૂર્વક પોતાને આશ્રય આપનાર લોકોના બહુ વખાણ કર્યા છે તેનો પુત્ર જે બુઢ્ઢાના ખભા પર ચઢ્યો હતો તે બુઢ્ઢા તરફ તેણે બહુ માયા વ્યકત કરી હતી.[1]

એક બીજા બનાવથી અંગ્રેજોની છાવણીમા નવાઇ ફેલાઇ હતી. પંદરમી સદીમા ફ્રાંસની વીર કુમારિકા જોન ઓવ આર્ક ઓર્લિઅન્સ આગળ અંગ્રેજી સૈન્યને હરાવી જે નવાઇ ફેલાવી હતી તેવી નવાઇ દિલ્હી પાસેની અંગ્રેજોની છાવણીના સિપાહીઓમા એક મુસલમાનની છોકરીનું પરાક્રમ જોઇ ફેલાઇ હતી. એક બાઇએ હથિયારબંધ થઇ ઘોડાપર ચઢી અંગ્રેજોપર હુમલો કર્યો હતો. લડાઇમા તેણે અસાધારણ પરાક્રમ બતાવ્યું હતું. એ બાઇ છેવટે કેદ પકડાઇ અને સેનાપતિ વિલ્સનના હુકમથી મુક્ત થઇ તેના આગમનથી મુસલમાન સૈન્યમા વધારે ઉત્સાહ ફેલાશે એવા વિચારથી કમાન હડસને તેને ફરી કેદ કરવાની સલાહ આપી. તે મુજબ એ બાઇને ફરીથી કેદ કરી અંબાલા મોકલી આપવામા આવી[2]

---

૧ Maitin, Indian Empiie, Vol. II. II 346

૨ Hudson, Twelve years in Indian, P. 250

અંગ્રેજોની છાવણીમા આ પ્રમાણે જોન ઓવ્ આર્કનુ પ્રગટ થવુ એ કઇ આ ઇતિહાસમા ઓછી નવાઇની વાત નથી.[૧]

હવે દિલ્હી શહેરમા શુ બનતું તે જોઇએ વૃદ્ધ મોગલ પાદશાહ હિંદનો સર્વોપરિ સત્તાધીશ બન્યો હતો તેના નામથી હુકમો બહાર પડતા હતા, ફિરંગીઓનો નાશ કરવાની નાના પ્રકારની યોજનાઓ ઘડાતી હતી, અને ઉમરાવો તથા સેનાપતિઓની કાર્યપ્રણાલી નક્કી થતી હતી પરન્તુ ખરી રીતે પાદશાહના હાથમા તે કશી સત્તા નહોતી વૃદ્ધ ઉમરને લીધે તે શક્તિહીન બની ગયો હતો, સિપાહીઓની સત્તા આગળ તે સત્તાહીન બની ગયો હતો શહેરના મુસલમાનો વિરૂદ્ધ ચુંકારો કરવા જેટલી પણ તેનામા શક્તિ નહોતી. કૌતુકપ્રિય જોશી લોકો તેને જણાવતા હતા કે અમુક દિવસે બધા ફિરંગીઓ નષ્ટ થવાના છે. તે બિચારો આ વચનો પર આધાર રાખી મુગ્ધ બની બેઠો હતો. તેના જે મહેલમા સાધારણ માણસોથી પ્રવેશ થઇ શકતો નહોતો તે મહેલમા અત્યારે સિપાહીઓની મેદની જામવા લાગી મહેલના એક ભાગમા સિપાહીઓના ઘોડા બંધાવા લાગ્યા, બીજા ભાગમા હથિયારોનો ઢગલો કરવામા આવ્યો. ત્રીજા ભાગમા સિપાહીઓનુ વિનોદસ્થાન બનાવવામા આવ્યુ. આ સિપાહીઓની ગતિ અટકાવવાનુ કામ શહેનશાહને માટે અસાધ્ય બની ગયુ અંગ્રેજોની છાવણીમા જ્યારે એકતાની સત્તા છવાઇ રહી હતી ત્યારે દિલ્હીમાના સિપાહીઓ પરસ્પર વિચ્છિન્ન ભાવે રહી જુદી જુદી રીતે યોજનાઓ ઘડતા અને અમલમા મૂકતા હતા. તેઓનો

---

૧ Greathed, Letters during the Siege of Delhi, P. 130

ખરો સેનાપતિ કોઇ નહોતો કોઇ તેઓની સરદારી લેવાની શક્તિ ધરાવતું નહોતું દિલ્હીના શહેનશાહના નામથી બધુ કાર્ય ચાલતું હતું ખરૂ પણ આજે જે હુકમનુ જાહેરનામુ પ્રગટ થયુ હોય તેજ હુકમ આવતી કાલે સિપાહીદ્વારા તોડવામા આવતો હતો. આજે જે કર્તવ્ય મનાતું હતું તે આવતી કાલે અકર્તવ્ય ગણાતું હતું શહેરના હિંદુમુસલમાનો વચ્ચે સદ્ભાવ નહોતો મુસલમાનો ગૌહત્યા કરવા તૈયાર થવાથી હિંદુઓ ઉશ્કેરાઇ ગયા હતા. આ પ્રમાણે ગડબડ મચી રહી હોવાથી શાંતિનું નામનિશાન જણાતું નહોતું. શાહુકારોના પૈસાટકાની સલામતી નહોતી સિપાહીઓની લૂટફાટ કરવાની પ્રવૃત્તિ એટલી બધી બળવાન હતી કે દુકાનદારો હમેશા પોતાની દુકાનો બંધ રાખતા હતા તેઓ શહેનશાહ પાસે ફરિયાદો કરતા પણ શહેનશાહમા એ ફરિયાદોનો ફેસલો આપવા જેટલી તાકાત નહોતી. આ પ્રમાણે શહેનશાહને બદલે સિપાહીઓ દિલ્હીના કર્તાહર્તા થઇ પડયા હતા આગ્રાની જેલમાથી છૂટેલા કેદીઓના ટોળેટોળા દિલ્હી આવી પહોચ્યા હતા તેઓના આગમનથી શહેરમા વધારે અવ્યવસ્થા ફેલાઇ રહી ઘાયલ સિપાહીઓની સારવાર માટે વ્યવસ્થા કરવામા આવી નહોતી તેઓના ઘા હમેશા ઉઘાડા રહેતા, ને મલમપટ્ટા બાધવામા આવતા નહોતા આથી ઘામા ધારા પડતા અને દુર્ભાગી ઘાયલ સિપાહીઓ તેની પીડાથી આર્ત્તનાદ કરતા. બરેલીના ગોલદાજોમાનો બખતખા નામનો એક સુબેદાર દિલ્હીનો સેનાપતિ હતો. આ વખતે તેની ઉમર ૬૦ વર્ષની હતી તેની લંબાઈ લગભગ ૬ ફૂટ હતી. જાડાઇ પણ કઇ થોડી નહોતી તે ચાળીસ વર્ષથી કંપાનની નોકરી બજાવતો હતો બહુ જાડો હોવાથી ઘોડેસ્વારીમા હોશિયાર નહોતો છતા સાધારણ રીતે લશ્કરી કાર્યમા કુશળ હતો[૧] આ માણસ

૧ Cooper Crisis in the Punjab P. 201

સેનાપતિ છતા બધા સિપાહીઓ પર અંકુશ રાખી શકતો નહિ નીચ-મથી જે સિપાહીઓ આવી પહોચ્યા હતા, તેઓએ બખતખાને સેનાપતિ તરીકે કબૂલ રાખ્યો નહોતો. વળી ધાઉસખા નામનો એક બીજો સેનાપતિ બખતખાનો વિરોધી હતો સેનાપતિ સરદારસિહના સિપાહીઓ બખતખાની ગફલતથી બે દિવસ સુધી વરસાદમા ભીંજાયા હોવાથી તે પણ બખતખા પર ગુસ્સે થઇ રહ્યા હતા. આ પ્રમાણે મહેલની દિવાલોમાનું સૈન્ય પરસ્પર દ્વેષબુદ્ધિથી ખવાતું જતું હતુ. કપ્તાન હડસન ગુપ્તચર વિભાગનો અધ્યક્ષ હતો તે અમે અગાઉ જણા-વેલુ છે. આ વિભાગના રજબઅલી નામના એક મીર મુન્શીની કુશ-ળતાથી હકીમ આસાનઉલ્લાખા નામનો પાદશાહનો એક મુખ્ય અમલદાર સિપાહી આગળ વિશ્વાસઘાતી ઠર્યો અને તેથી તેને બહુ વેઠવુ પડ્યુ[1]

---

૧ કપ્તાન હડસન જુદે જુદે સ્થળેથી સમાચાર મેળવવા મથતો હતો. સર હેન્રિ લોરેન્સનો મીર મુન્શી રજબઅલી આ બાબતમા તેનો મુખ્ય મદદગાર હતો એ ચતુર મુન્શી શહેરના બધા સમાચાર લાવી આપતો હતો. એક દિવસે તેણે હડસનની સલાહથી હકીમ આસાનઉલ્લાખાના નામે એક પત્ર લખ્યો. પત્ર એવી રીતે લખ વામા આવ્યો હતો કે તે સિપાહીઓના હાથમા જતા હકીમ મહા વિશ્વાસઘાતી ઠરે અને સખત સજા ભોગવે અને સિપાહીઓના હાથમા ન જાય તો હકીમને લાગે કે અગ્રેજોના પક્ષમા જઇશુ તો બહુ ફાયદો થશે. દૈવીયોગે આ પત્ર હકીમના હાથમા ન જતા સિપાહી ઓના હાથમા ગયો. તેઓ આ પત્ર વાચી એટલા બધા ઉશ્કેરાઇ ગયા કે હકીમ સાહેબના ઘરબાર ભસ્મીભૂત કરી નાખ્યા હકીમ

શહેરમા ખોરાક અને પાણીનો તોટો નહોતો, પણ અગ્રેજોની છાવણીની પેઠે અહી પણ રોગ ફાટી નીકળ્યો હતો. રોગીઓને નિયમસર દવા મળતી નહોતી એ સિવાય દરરોજના દગાથી રૈયત એટલી બધી ત્રાસી ગઇ હતી કે આ કરતા તો અંગ્રેજોનુ રાજ્ય વધારે સારૂ એમ તેના મનમા થતું હતું. સિપાહીઓમા સપ નહોતો, તેઓનો કોઇ સેનાપતિ નહોતો સિપાહીઓ જે રાજમહેલમા પડાવ નાખી રહ્યા હતા, તે રાજમહેલ એક મજબૂત કિલ્લાની ગરજ સારતો હતો. દુર્ભેદ્ય કોટ તેમની રક્ષા કરતો હતો. વિશાળ ખાઇ તેઓને અજીત બનાવી રહી હતી. તેઓના મથકની બહાર જેમ બચાવના સાધનો અભેદ્ય હતા તેમ અદરના ભાગમા પણ હથિયારોનો તોટો નહોતો દારૂગોળો પુષ્કળ હતો. તોપો યોગ્ય સ્થળે ગોઠવેલી હતી બદુક, સગીન, તરવાર વગેરે યોગ્ય સ્થળે ગોઠવી દીધુ હતુ એ સિવાય પુષ્કળ ખોરાક તથા સખ્યાબધ ઘોડા વગેરે સિપાહીઓનુ બળ વધારવા માટે સઘરી રાખવામા આવ્યા હતા. આટલી બધી સગવડ છતા યોગ્ય સેનાપતિને અભાવે સિપાહીઓ નિર્બળ થતા જતા હતા. કોઇ કોઇ ઇતિહાસકારોએ સેબાસ્ટપૉલના હલ્લા સાથે દિલ્હી પર અગ્રેજોએ કરેલા હલ્લાને સરખાવ્યો છે પરતુ સૂક્ષ્મ વિચાર કરતા સ્પષ્ટ જણાય છે કે એવી સરખામણી કદી થઇ શકે તેમ નથી. સેબાસ્ટપૉલની માફક દિલ્હી એક પરાક્રમી સામ્રાજ્યના બળવાન હથિયારોથી સજ્જ થયુ નહોતુ. શ્રીરગપટ્ટણ અથવા ભરતપુરની સાથે પણ આ

બિચારો નાસી પાદશાહને શરણે ગયો. Martin, Indian Empire Vol. II. P 434–435 Note. Comp Cooper, Crisis in the Punjab, P. 20[illegible]–*207*

કથાની તુલના થઈ શકે તેમ નથી. દિલ્હીમા ટિપુ સુલતાનના જેવા કોઇ પ્રસિદ્ધ રણકુશળ રાજાઓ પોતાના કેળવાએલા સૈનિકોથી વીંટળાઇ પરાક્રમ દર્શાવતા દર્શાવતા પોતાના રાજ્યના બચાવ માટે પોતાના કિલ્લાના દરવાજામા વીરશય્યા સ્વીકારી નથી દિલ્હીમા ભટ જેવા વીરોના જેવુ સાહસ, વીરત્વ કે રણકૌશલ્ય અગ્રેજોને હફાવી શક્યુ નથી. ટિપુના સાહસે અને જાટ લોકોના પરાક્રમે શ્રીરગપટ્ટણ અને ભરતપુરની લડાઈઓને ઇતિહાસમા પ્રસિદ્ધ કરી મૂકી છે સૂક્ષ્મદર્શી ઇતિહાસકાર દિલ્હીની લડાઇ સાથે એ લડાઇઓને સરખાવવા તૈયાર થશે નહિ એશી વર્ષનો ડોસો દિલ્હીનો નામનો પાદશાહ હતો. એ પાદશાહ પાસે કેટલી સત્તા હતી તે અગાઉ દર્શાવવામા આવ્યુ છે. અગ્રેજ ઇતિહાસકારોએ પણ વૃદ્ધ મોગલોની મર્મસ્પર્શી યતનાનુ વર્ણન કરવામા બાકી રાખ્યુ નથી.[1] મોગલ સામ્રાજ્યનો સ્થાપક બાબર સેકડો મુશ્કેલીઓ વચ્ચે કવિતા બનાવતો હતો. તેની કવિત્વશક્તિ વશપરંપરા ઉતરી હતી ઘણી વેળા તેઓના અપાર દુઃખનુ નિવારણ એ કવિતાથી થતું હતુ વૃદ્ધ અને અધ શાહઆલમ દારણ પીડા ભોગવતો હતો ત્યારે કવિતા સાભળતો તથા બનાવતો, એથી તેને શાતિ મળતી. વૃદ્ધ બહાદુરશાહ પણ પોતાની આન્તરી દુર્દશાથી અધીરો બની કવિતાદ્વારા ગભીર મનોયાતના પ્રગટ કરતો. બડખોર સિપાહીઓએ તેને ઘેરી લીધો હતો, બધી સત્તા પડાવી લીધી હતી, વિશાળ રાજમહેલ છાવણીના રૂપમા ફેરવી નાખ્યો હતો, પરિવારમા

---

[1] Cooper, Crisis in the Punjab, P. 212–213. Cave Brown, Punjab and Dealhi Vol. P. 37–36 Martin Indian Empire. Vol. II P 439.

અશાન્તિ ફેલાવી હતી. તે આવી સ્થિતિમા આવી પડી કવિતા લખતો હતો કે, " મને સિપાહીઓના ટોળાઓએ ઘેર્યો છે, હાય, અત્યારે મને શાતિ નથી, મારી સ્થિરતા નાશ પામી છે કેવળ મારૂ જીવન રહ્યુ છે, તેનો પણ તેઓ જેમ બને તેમ જલદી સહાર કરશે " બંડખોર સિપાહીઓના આગમનથી વૃદ્ધ પાદશાહને કેટલી પીડા થતી હતી તે આ કવિતા પરથી સ્પષ્ટ જણાય છે તે કોઇ વખતે દરબાર ગૃહમા અમીર ઉમરાવો સમક્ષ પોતાની ધોળી દાઢી મૂછોના વાળ વીંખતો અને માથા પરથી પાઘડી ઉતારી તેના ચીરા કરતો કરતો પોતાને આવી સ્થિતિમા લાવનાર પર શાપ વરસાવતો[1] આવી સ્થિતિમા પણ મોગલોનો મહેલ નિરાશ્રિત અગ્રેજોનુ આશ્રયસ્થળ હતું તેના પરિવારમાના ઘણા માણસોને આ ખાતર બહુ વેઠવું પડયુ હતું મીર્જા મોગલ નામના એક શાહજાદાએ અગ્રેજોનો પક્ષ લીધાથી તેને લશ્કરી અદાલતમા હાજર થવુ પડયુ હતું.[2] મીર્જા હાજી નામના એક બીજા શાહજાદાએ ખ્રિસ્તીઓને છુપાવી રાખ્યા હતા, તેથી તેને સિપાહીઓના ગુસ્સાને ભોગ થવુ પડયુ હતું ખુદ બેગમ જીનતમહાલ યુરોપિઅનોનો જીવ બચાવવા ખાતર બડખોર લોકોમા નિદાપાત્ર થઇ પડી હતી[3]

વૃદ્ધ બહાદુરશાહ આવી કગાલ હાલતમા દિવસો ગુજારતો હતો. તેના કુટુબીજનો પોતાની જિદગી ભયમા નાખી અંગ્રેજોને બચાવવાનો

---

૧ Martin, India, Empire, Vol. II P. 439

૨ કોઇ કોઇ ઇતિહાસકારોએ જણાવ્યુ કે મીર્જા મોગલ સિપાહીઓનો ઉત્સાહદાતા હતો. Holmes, Indian meeting, 364.

૩ Martin Indian Empire, II. P. 439.

પ્રયત્ન કરતા હતા તેની પ્રિયતમા પ્રણયિની, તેના પ્રાણાધિક પુત્રો અને પૌત્રો પોતાના શિર સાટે અંગ્રેજોનો બચાવ કરવા તત્પર થયા હતા છેવટે વૃદ્ધ બહાદુરશાહ આવી દરરોજની અશાન્તિથી વિરક્ત થઇ અંગ્રેજોને શરણે જવા તૈયાર થયો એક દિવસ અંગ્રેજોની છાવણીમા જાહેર થયુ કે શાહ બહાદુરશાહે—સમગ્ર હિંદના શહેનશાહે જાતે સંધિ કરવા માટે દૂત મોકલ્યો છે, તેણે સંધિ કરવાના ઉદ્દેશથી એવી માગણી કરી હતી કે દિલ્હીના રાજમહેલમા અંગ્રેજોનું લશ્કર પેસી શકે એ ખાતર જમના નદીના પૂલ પાસેનો સાલિમગઢનો દરવાજો ઉઘાડવામા આવશે. અંગ્રેજોએ આના બદલામા અમારી પદવી અને અગાઉ અપાતું વર્ષાસન ચાલુ રાખવુ.[૧] બેગમ જીનતમહાલ અને દિલ્હીના અનેક શાહજાદાઓ તથા ઉમરાવોએ આવી સંધિ કરવાનો પ્રયત્ન કર્યો હતો આ માગણી સર જોન લોરેન્સની જાણમા આવી હતી કલકત્તાના ગવર્નર જનરલને પણ જણાવવામા આવી હતી પરંતુ એ માગણી સ્વીકારવામા ના આવી દુર્ભાગ્યે વૃદ્ધ બહાદુરશાહનો પીછો ન જ છોડયો

૧ Cave Browne, Punjab and Delhi, Vol II. P 39.

અધ્યાય ૩ જો

પેશાવર

વિષય નિર્દેશ-પેશાવર છોડવાનો ઠરાવ-ઝેલમ અને શિઆલકોટ-સેનાનાયક નિકલ્સન દિલ્હી તરફ રવાના થયો ગુજારૂગઢની લડાઈ

નાના પ્રકારની વિઘ્નવિપત્તિ ભોગવવા છતા અગ્રેજોનુ લશ્કર દિલ્હીની બહાર પડી રહ્યુ પજાબથી મદદ આવી પહોચશે એવી તેને આશા હતી. પજાબના વડા કમિશનર પર તેને શ્રદ્ધા હતી તેથી તે દિલ્હી જીતવાની આશા તજી કોઇ બીજે સ્થળે ગયુ નહિ સર જોન લોરેન્સ પણ પોતાનુ કર્તવ્ય બજાવવામા પાછો પડે તેવો નહોતો દિલ્હી પર તેની નજર ચોટી રહી હતી ગમે તે રીતે દિલ્હી કબજે કરવુ જ જોઇએ એવો તેનો દઢ નિશ્ચય હતો એ નિશ્ચય પાર પાડવા માટે પંજાબમાથી મળી શકે તેટલુ સહાયકારી લશ્કર મોકલવામા તેણે જરા પણ ગફલત કરી નહોતી વડો કમિશનર જ્યારે દિલ્હીની ચિતામા ડુબી ગયો હતો ત્યારે એક બીજો અમલદાર પેશાવર માટે ચિતાતુર બની રહ્યો હતો. મે માસ પૂરો થયો ન થયો ત્યા તો મેજર એડવર્ડસે વડા કમિશનરને લખી જણાવ્યુ કે "હિદુસ્થાનની કાર્યપ્રણાલિ હવે જરા નિયમિત થઇ છે, પજાબ પણ દહાડે દહાડે શાત થતું જાય છે, હવે ફક્ત પેશાવર ચિતા કરવા જેવુ રહ્યું છે જો પેશાવરમા આપણી સત્તા ટકી રહેશે તો હિદમા સર્વત્ર આપણે

ટકી શકીશુ, જો આ સ્થાન આપણા હાથમાથી જશે તો આખું પ જાબ ખળભળી ઉઠશે ”

પરતુ સર જોન લોરેન્સની નજર હતી બીજી દિશામા તે તો બધી ચિતા તજી દિલ્હી વિષે જ વિચાર કર્યા કરતો હતો દિલ્હી ક પનિના હાથમાથી ગયુ હતુ, આજુબાજુના સ્થળોએથી બ ડખોરો આવી દિલ્હીની ઉન્નત દિવાલવડે સુરક્ષિત બનતા હતા ત્યાના વિશાળ ગજમહેલ બડખોરોનું વિશ્રામભવન બન્યુ હતું બ ડખોરોએ ત્યાના વૃદ્ધ પાદશાહને સમગ્ર હિ દના શહેનશાહ તરીકે જાહેર કર્યો હતો. દિલ્હી સિપાહીઓના હાથમા આવવાથી લોકો અગ્રેજોને નબળા માની બેઠા હતા બ ડખોરોના પ્રાધાન્યથી હિ દના જુદા જુદા પ્રદેશના જુદા જુદા વર્ગના લોકો ઉત્સાહમા આવી દ ગોફિસાદ કરવા તરફ દોરાતા હતા. આ પરથી સર જોન લોરેન્સે ધાર્યું હતું કે હિ દમા ક પનિની પ્રાધાન્યતુ સ્થાપન કેવળ દિલ્હીની જીત પર આધાર રાખે છે. ફ્રાસનુ કેલે શહેર જેમ ઇગ્લાડની ખૂની મેરીના હૃદયમા કોતરાઇ રહ્યુ હતું, તે રીતે દિલ્હી પણ સર જોન લોરેન્સના હૃદયને વશ કરી રહ્યુ હતું. મહારાણી મેરી મરતી વેળા કેલેના સ બ ધમા જે શબ્દો બોલી હતી, તે જ પ્રમાણે સર જોન લોરેન્સ પણ બોલત કે “ જો મારૂ મરણ થશે તો તમે મારા હૃદયમા દિલ્હીની છાપ છપાએલી જોઇ શકશો ” જ્યારે સર જોન લોરેન્સના જાણવામા આવ્યુ કે દિલ્હી જીતવુ કઇ સહેલ નથી ત્યારે તે પ જાબમાથી જેટલુ મળી શકે તેટલુ બધુ સૈન્ય દિલ્હી તરફ મોકલવાની ઇચ્છા દર્શાવવા લાગ્યો. તેણે ૯ મી જુને એડવર્ડસને લખ્યુ કે “ જો મદદ વિના દિલ્હી આગળ પડેલું સૈન્ય વિપત્તિમા આવી પડે તો પેશાવરના ગોરા સૈનિકોને તેની મદદે

મોકલવાનો મે વિચાર કર્યો છે આ વખતે પેશાવરના બચાવનો ભાર અમીર દોસ્તમહમ્મદ પર મૂકવામા આવશે તેની સાથે એવો બદોબસ્ત કરીશુ કે તમારે તમારા સૈન્ય વડે પેશાવરનુ રક્ષણ કરવુ જો તમે અમારા પ્રત્યે વફાદારી જાળવી રાખશો તો તમને પેશાવર કાયમને માટે આપી દેવામા આવશે " આટલુ લખ્યા બાદ સર જોન લોરેન્સે નીચેના વાક્યો લખી પત્ર પૂરો કર્યો "પેશાવરનુ રક્ષણ કરવુ એ મારા હૃદયની ઊંડી ઇચ્છા છે પરતુ એક વાત નક્કી છે કે જો દિલ્હીમા આપણે નિષ્ફળ નીવડીએ તો જે સિપાહીઓ અત્યારે આપણા પક્ષમા છે, તેમાનો ઘણોખરો ભાગ આપણને તજી જશે "

વડા કમિશનરની આ ઇચ્છા જાણી એડવર્ડ્સ તો ચમકી ગયો. સેનાપતિ કૉટન અને નિકલ્સન પણ તેની પેઠેજ દિગ્મૂઢ બની ગયા પેશાવરને તેઓ સમગ્ર પજાબની ચાવી માની બેઠા હતા આ ચાવી બીજાના હાથમા ગઇ તો આખુ પજાબ ખળભળી ઉઠશે એવી તેમની દૃઢ ધારણા હતી આમ હોવાથી તેઓ વડા કમિશનરને આ ઇચ્છા અમલમા મૂકતો અટકાવવાની દૃઢ પ્રતિજ્ઞા લઇ બેઠા. દિલ્હી જીતવું જોઇએ એ વાત એડવર્ડ્સને ગળે ઉતરતી હતી ખરી પણ તેના મત મુજબ પેશાવર સર્વસ્વમા ગણાતું હતું તેણે સર જોન લોરેન્સને જણાવ્યુ કે પેશાવર લગર જેવુ છે. જો આ લગર ઉપાડી લઇશુ તો આખુ વહાણ તોફાની સમુદ્રમા અથડાઇ નષ્ટ થશે એ ઉપરાત તેણે દોસ્ત મહમદની વફાદારી બાબત ભારે સંદેહ દર્શાવ્યો આ બાબતમા તે વડા કમિશનર સાથે એકમત થઇ શકયો નહિ તેણે ચોકખા શબ્દોમા જણાવી દીધુ કે અમીર દોસ્તમહમ્મદ જો આપણો હિતેચ્છુ મિત્ર હોય તો તે મર્યશોકવામી અફગાન હોવો જોઇએ નહિ. હિદમા આપણા

અન્નપાણી ખૂટયા છે એવો વિચાર કરી અમીર આપણો શત્રુ ન બને તો હુ તેને દેવલોકવાસી દેવદૂત માનુ તમારી ઇચ્છા અમલમા મૂકાશે તો યુરોપિઅનો પાછા પેશાવર જોઈ શકાશે નહિ કદાચ કાબુલની ઘટનાનું નાટક ફરી ભજવાશે ”

એડવર્ડસનો પત્ર વડા કમિશનરને મળ્યો તે પોતાના મદદનીશની દલીલો ધ્યાનપૂર્વક તપાસવા લાગ્યો પરતુ તે એ દલીલોનુ મહત્વ સમજ્યા છતા તેની સાથે એકમત થઇ શકયો નહિ હજુ પણ દિલ્હી તેનુ ધ્યાન પ્રબળપણે આકર્ષી રહ્યુ હતું, પેશાવરની મહત્તા વિષે પુરતુ માન છતા હજુ તેને સમાચાર મળ્યા કે દિલ્હીમા બરેલીના બડખોર સિપાહીઓ આવી પહોચ્યા છે આ સમાચાર સાભળતા જ તેણે એડવર્ડસને તાર કર્યો કે જો આવી સ્થિતિ ટકી રહેશે તો મારે મારી ઇચ્છા અમલમા મૂકવી પડશે આ વખતે પણ કોટન અને એડવર્ડસ શાત રહ્યા નહિ વળી તેઓ આ ઇચ્છા વિરુદ્ધ દલીલો દર્શાવવા લાગ્યા. પેશાવર છોડવાથી કેવા ભયકર પરિણામ આવશે એ બાબત તેઓએ બહુજ ખુલ્લા શબ્દોમા વડા કમિશનરને જણાવી એડવર્ડસ પોતાની લાગણી છૂપાવી શકયો નહિ તેણે સ્પષ્ટાક્ષરે લખ્યુ કે “ જો સેનાપતિ રીડ ૮૦૦૦ ના સૈન્યવડે દિલ્હી જીતી શકતો ન હોય તો પછી નવ કે દશ હજારના સૈન્યવડે પણ કંઇ કરી શકશે નહિ જો આપ પજાબ આપણા તાબામા રાખશો તો સમુદ્રના કિનારા પાસેના સ્થળેથી હિદ ફરીથી તાબે કરવાની સગવડ કરી શકાશે. મધ્ય હિદમા ગમે તે થાય તો પણ જો સમુદ્ર કિનારો અને આ પંજાબનો પ્રદેશ આપણા તાબામા હશે તો આપણે કોઇ પણ રીતે હારવું પડશે નહિ. આ બાબતમા આપણી વચ્ચે મતભેદ પડયો છે અને એ મતભેદે દંગા-

ફેસાદનું રૂપ ધારણ કર્યું છે હવે આપણે એવી રાજનીતિ અનુસરવી જોઇએ કે જેથી કાર્ય થાય આપે સેનાપતિ રીડની મદદે જે લશ્કર મોકલ્યુ છે, તે વડે જો દિલ્હી ન જીતાય તો દિલ્હી જીતવાનો પ્રયત્ન છોડી દેવો એજ અવસર છે "[1]

વડા કમિશનરે આ બાબત ગવર્નર જનરલને જણાવી પોતાના મદદનીશ સાથે મતભેદ પડયો છતા સર જોન લોરેન્સે ધૈર્ય છોડયુ નહોતું તેણે બધી બાબતનો સપૂર્ણ વિચાર કર્યા બાદ ગવર્નર જનરલને લખી જણાવ્યુ, તે તેના હુકમની રાહ જોઇ બેઠો એ વખતે કલકત્તાથી કાગળ પત્ર આવતા બહુ વિલબ થતો સિપાહીઓએ બળવો ઉઠાવ્યો હોવાથી સીધે રસ્તેથી કશા સમાચાર આવતા જતા નહિ. સર જોન લોરેન્સે ગવર્નર જનરલનો હુકમ આવતા વિલબ થયો હોવાથી બીજી વાર લખી જણાવ્યુ. પરતુ આ પત્ર ગવર્નર જનરલને મળે તે દરમિયાન તેણે એડવર્ડસની તરફેણમા ચુકાદો આપી દીધો હતો આથી વડા કમિશનરની ઇચ્છા મુજબ કાર્ય ન થયુ અમીર દોસ્તમહમ્મદને પેશાવરના રક્ષણનુ કામ ન સોપાયુ. પેશાવરમા અગ્રેજોનો વાવટો ઉડતો રહ્યો

દિલ્હી જીતવા ખાતર પેશાવર છોડી દેવાનો ઠરાવ આ પ્રમાણે તજી દેવાયો સર જોન લોરેન્સે આ બાબતમા જેટલો વિચાર કર્યો હતો તેટલો વિચાર બીજા કોઇએ કર્યો જણાતો નથી. જુન અને જુલાઇ માસમા દિલ્હીના અગ્રેજ સેનાનાયકોએ અપાર દુર્દશામા આવી પડી જે મર્મભેદી પત્ર લખ્યો હતો તે પત્રના દરેક વચનો સર જોન લોરેન્સના હૃદયમા સોંસરા ઉતરી ગયા હતા તે સમજી ગયો હતો કે આ બળહીન અને

---

૧ Kaye, Sepoy War. Vol. II P. 614-616.

વિપક્ષ સૈનિકોનુ બળ વધારવુ એ કેવલ મારા પરજ આધાર રાખે છે. આ બાબતમા હું બેદરકાર રહીશ તો મારે એક બારેમા ભારે કર્ત્તવ્ય ન બજાવવાના પાપમા ઉતરવુ પડશે પેશાવર છોડી દેવાથી નુકશાન થાય તેમ હતું એ તે બરાબર જાણતો હતો પણ પેશાવર છોડી દેવાથી તથા દિલ્હી ન જીતવાથી જે નુકશાનો થાય તેમ હતા તે બનેની તુલના કરતા તેને પહેલું નુકશાન ઓછુ વિપત્તિજનક જણાયુ હતુ દિલ્હી બડખોરોનુ મથક હતુ મોગલ પાદશાહના નામથી અગ્રેજોની વિરૂદ્ધ યુદ્ધ થતું હતુ હિંદુ અને મુસલમાન બંને કોમ ફિરગીઓનો નાશ કરવા તત્પર થઇ હતી હિંદના જુદા જુદા પ્રદેશો દિલ્હી અગ્રેજોના હાથમાથી ગયેલું જોઇ તેમને નબળા માની બેઠા હતા માટે આ વખતે દિલ્હીની જીત એ અધિકારીઓને મન મહાન વસ્તુ થઇ પડી હતી અંગ્રેજોનુ લશ્કર દિલ્હીને ઘેરવા જતા પોતે જ ઘેરાઇ રહ્યુ હતુ માસ પછી માસ જવા લાગ્યા પણ ઘેરવા ગયેલા લશ્કરપરનો ઘેરો તો નજ છૂટયો. એટલે બધાની નજર એ લશ્કર તરફ ખેચાઇ બધા ધારવા લાગ્યા કે અગ્રેજોની મહત્તા નાશ પામી છે સિપાહીઓના પરાક્રમથી અંગ્રેજોનું પરાક્રમ નષ્ટ થયું છે. મોગલોની પતાકા વળી ભારતવર્ષમા ફરકવાની છે હિંદીઓના હૃદયમા જ્યારે આવા આવા વિચારો ઉદ્‌ભવવા લાગ્યા ત્યારે સર જોન લોરેન્સ શાત રહી શકયો નહિ. તે પોતાને અતિપ્રિય પેશાવરનો ભોગ આપી દિલ્હી જીતવા તૈયાર થયો. સમય અને અવસ્થા તરફ ધ્યાન આપતા તેનું આ કાર્ય નિંદનીય ગણી શકાય તેમ નથી તેણે પેશાવર છોડી દેવાનો વિચાર કર્યો હતો છતા એ પ્રદેશમા વસતા અંગ્રેજોને હેરાન કરવાનો વિચાર કર્યો નહોતો. પેશાવર છોડયા પહેલા એ પ્રદેશમા વસતા પ્રત્યેક અગ્રેજોને સિંધુનદીને આ પાર લઇ જવાનો બંદોબસ્ત કર્યો હતો.

પંજાબ ઉપરથી તો શાંત જણાતું હતું, પણ તેમાં કોઈ કોઈ સ્થળે અશાન્તિના ચિહ્નો દૃષ્ટિગોચર થતા હતા. મધ્ય હિંદુસ્તાનનો પવન પંજાબમાં પણ ફુંકાવા લાગ્યો હતો. એ પવનને લીધે ઝેલમ અને શિઆલકોટમાં આગ સળગી રહી હતી

ઝેલમને કિનારે આવેલી છાવણીમાં ૧૪ મી પલ્ટણ પડી હતી. સર જોન લોરેન્સ જ્યારે દિલ્હીની ચિંતામાં પડયો હતો ત્યારે આ પલ્ટણ અતિશય ઉશ્કેરાઈ ગઈ સર જોન લોરેન્સે એ પલ્ટણના હથિયારો છોડાવી લેવા કેટલુંક ગોરૂં લશ્કર અને તોપો મોકલી આપી. કર્નલ એલિસ આ પલ્ટણનો અધ્યક્ષ હતો. વડા કમિશનરે હથિયારો છોડાવવાની જે પદ્ધતિ દર્શાવી હતી તે પદ્ધતિ મુજબ કર્નલ એલિસ વર્ત્યો નહિ. આવા કાર્યોમાં સિવિલ અધિકારી કરતા લશ્કરી અધિકારીનો વધારે અનુભવ હોય છે એમ ધારી તેણે પોતાની મરજી મુજબ વર્તન ચલાવ્યું. આવી બાબતમાં લશ્કરી અમલદારોને પોતાનો કક્કો ખરો કરવાની મરજી થાય એ સ્વાભાવિક છે. ઝેલમના સિપાહીઓએ પોતાની છાવણીની બીજી બાજુએ યુરોપિઅન સૈનિકોને હારબંધ ઉભેલા જોયા ત્યારે તેઓ આવી પડનારી વિપત્તિથી વાકેફ થઈ ગયા. તેઓની વફાદારી ઘડીના છઠ્ઠા ભાગમાં અંતર્ધાન થઈ ગઈ તેઓ પોતાના ઓફિસરોના હુકમ ન માનતા પોતપોતાની બંદુકો ભરવા લાગ્યા. ઓફિસરોએ જોઈ લીધું કે સિપાહીઓ પર હવે અમારી સત્તા ચાલવાની નથી. એક ક્ષણ પહેલાં જેઓ અમારા હુકમ વિના એક ડગલું પણ ચાલી શકતા નહિ, તેઓ અત્યારે સ્વતંત્રપણે પોતાનું પરાક્રમ દર્શાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. આવા વિચારથી ઓફિસરોમાં વિષાદ અને ભયનો સંચાર થયો. ઓફિસરો હવે પોતાના અધીન સિપાહીઓ પાસે ઉભા ન

રહેતા સોલ્જરોની પલ્ટણુ તરફ રવાના થઇ ગયા. ત્યારબાદ સિપાહીઓ છાવણીમા આવેલ એક વિશાળ ઇંટોના મકાનમા એકત્ર થયા. કોઇ કોઇ પોતાના માટીના મકાનોમા છુપાઇ સોલ્જરોનુ કાર્ય જોવા લાગ્યા. આ તરફ સોલ્જરોએ તો પોતાની ગતિ છોડી મૂકી તેઓ છાવણીમ આવી પહોચ્યા. અગ્રેજોના પક્ષમા રહેલા મુલતાની ઘોડેસ્વારો આ વખતે પ્રબળ પરાક્રમ દર્શાવવા લાગ્યા પરતુ સિપાહીઓના ગોળીબાર આગળ તેઓનુ કઇ ન ચાલ્યુ, સોલ્જરો તોપો ગોઠવી ગોળાઓ ફેકવાની તૈયારી કરવા લાગ્યા. પરતુ સિપાહીઓ અને તેમની વચ્ચે બહુ થોડુ અતર હોવાથી સિપાહીઓની ગોળીઓ વધારે કામ કરવા લાગી. સિપાહીઓના ગોળીબારથી સોલ્જરો બહુજ અકળાવા લાગ્યા આમ સિપાહીઓ જ્યારે પ્રબળ પરાક્રમ દર્શાવી રહ્યા હતા ત્યારે યુરોપિઅન પાયદળ સેનાએ તેઓના પર હુમલો કર્યો આ હુમલાથી સિપાહીઓનું ઇટોનુ મથક કબજે થયુ, સિપાહીઓ પોતાનુ આશ્રયસ્થાન તજી નાઠા. તોપોના ગોળાના વરસાદ વચ્ચે તેઓ છાવણીની ડાબી બાજુએ આવેલા ગામડામા પેઠા

એ વખતે મધ્યાહ્ન કાળનો પ્રચડ સૂર્ય ચોતરફ આગ વરસાવી રહ્યો હતો. સોલ્જરો અસહ્ય તાપને લીધે કાયર કાયર થઇ ગયા તેઓના એક ઓફિસર રણક્ષેત્ર પર ભયકર રીતે ઘવાયો હોવાથી તેને દૂર લઇ જવામા આવ્યો હતો બીજો એક ઓફિસર સિપાહીઓના હથિયારોને ભોગ થઇ પડયો હતો. એ સિવાય અનેક સૈનિકો અને ઘોડાઓ મરણ શરણ થઇ મેદાન પર પડયા હતા સોલ્જરો મધરાતથી માડીને બપોર સુધી કામમા જોડાઇ રહ્યા હોવાથી ખૂબ થાકી ગયા હતા. આથી તેઓને વિશ્રાતિ લેવાની રજા મળી સૈનિકો ભયકર લડાઇ છોડી વિશ્રાતિ લેવા લાગ્યા. બપોરના ચાર વાગ્યે તેઓને સિપાહીઓ ભરાઇ રહ્યા હતા તે

ગામડાપર હલ્લો કરવાનો હુકમ મળ્યો. એ વખતે પણ પ્રચંડ તાપ પોતાનું કામ કર્યે જતો હતો. આથી સખત ગરમીમા સોલ્જરો પેલા ગામડા તરફ વધવા લાગ્યા સિપાહીઓ ઝાડોની ટોચે રહી વારવાર ગોળીબાર કરવા લાગ્યા સોલ્જરો સાથે તોપો હતી પરંતુ સિપાહીઓ જોઇતા અંતરપર ન હોવાથી તેઓની તોપોએ કંઇ કાર્ય કરી બતાવ્યુ નહિ એથી ઉલટુ સિપાહીઓના ગોળીમારથી શોલ્જરોને બહુ નુકશાન થવા લાગ્યું. આથી સોલ્જરોને પાછુ હઠી જવુ પડયુ. તેઓની એક તોપ સિપાહીઓના હાથમા આવી. સિપાહીઓએ તોપ વડે પાછળ હઠતા સોલ્જરો પર ગોળા ફેંકવા લાગ્યા આ લડાઇમા તેઓએ પરાક્રમની પરાકાષ્ઠા બતાવી હતી તેઓ પોતાની હરોલ તોડયા સિવાય દૃઢતાપૂર્વક લડાઇ કરતા હતા તેઓના પરાક્રમ આગળ અંગ્રેજોને પાછા હઠવુ પડયું

અંગ્રેજોનુ લશ્કર પાછુ હઠી ગયુ. તે દિવસે તો યુદ્ધ શાંત રહ્યું. બીજે દિવસે મળસ્કામા વળી લડાઇની તૈયારી થઇ. બંને પક્ષ સજ્જ થઇ વિશાળ મેદાનપર એકત્ર થવા લાગ્યા પરંતુ સૂર્યોદય થતા જ સિપાહીઓને મેદાન છોડવુ પડયુ. લડાઇમા તેઓમાના અનેક મરણ પામ્યા, કોઇ ઝેલમના જવાળમા ડુબી મુવા, કોઇ કાશ્મીર નાસી ગયા અને કોઇ પોલિસના હાથથી પકડાયા સરકારે એમાના દરેકને માટે ત્રીશ ત્રીશ રૂપીઆનુ ઇનામ જાહેર કર્યું હતુ. જેઓ કાશ્મીરમા નાઠા હતા તેઓને ત્યાના સત્તાવાળાઓએ અંગ્રેજોના હાથમા સોપ્યા તેઓના શરીર તોપના ગોળાવડે વાયુમા મળી ગયા આ પ્રમાણે ઝેલમના બનાવની સમાપ્તિ થઇ. સિપાહીઓની ટુકડી તૂટી ગઇ અને તેઓમાના અનેક મૃત્યુ પામ્યા છતા વડા કમિશ્નરને સંતોષ થયો નહિ. અંગ્રેજ સેના-

નાયકે જે પદ્ધતિ મુજબ કામ બજાવ્યુ હતું તેથી વડો કમિશનર બહુ જ ગુસ્સે થયો ઝેલમના બનાવમા અગ્રેજોના લશ્કરનુ વીરત્વગૌરવ અચળ રહ્યુ નહોતું, તેની લશ્કરી વ્યવસ્થા, જોઇએ તેવી રહી નહોતી. ટુકામા કહીએ તો બ્રિટિશ કપનીનુ ઘોડેસ્વાર પાયદળ અને ગોલદાજ સૈન્ય એક પલ્ટણના કેટલાક સિપાહીઓના પરાક્રમથી પરાજિત થયુ હતું

શિઆલકોટ ઝેલમથી ૭૦ માઇલ દૂર આવેલુ છે પજાબના બીજા મથકોની પેઠે શિઆલકોટ પણ એક મુખ્ય લશ્કરી મથક ગણાતું હતુ શાતિના સમયમા અહીં સખ્યાબધ યુરોપિઅન લશ્કર રહેતું હતું વિશાળ બરાકો, મોટી હવેલીઓ, મનોહર બાગબગીચા વગેરેથી શિઆળકોટ દીપી રહ્યુ હતું. યુરોપિઅનોના અનેક દેવળો અહીં તેઓનું પ્રાધાન્ય જાહેર કરી રહ્યા હતા, યુરોપિઅનો સુલેહ શાતિના સમયમા આ સ્થળે આવેલા પોતાના સુસજ્જિત મકાનોમા આનંદથી રહેતા હતા, મનોહર બાગોમા હરીફરી મોજ કરતા હતા; ઉપાસના મદિરમા એકત્ર થઇ પ્રાર્થના કરતા હતા આ પ્રમાણે શિઆળકોટ તેઓને માટે શાતિ અને મોજમજાનું મથક થઇ પડયુ હતું. મે માસની શરુઆતમા ત્યાના દેશી સિપાહીઓમા એક એવી વાત ઉડી કે ઈંગ્લાડની રાજધાની લડન શહેરથી એવા સમાચાર આવ્યા છે કે હિદના બધા સિપાહીઓને વટલાવી નાખવા આ ગપ-ગોળાથી સિપાહીઓ ઉશ્કેરાયા તો ખરા, પણ તેઓએ પોતાના અમલદારો કે ગોરા લોકો વિરુદ્ધ કઇ કર્યું નહિ શિઆળકોટમા જે સોલ્જરો હતા તે દિલ્હી તરફ જવા તૈયાર થઇ નિકલ્સનના લશ્કરમા જોડાયા. એ સિવાય પર અને પ૩ મી પલ્ટણ તથા ૯ મી ઘોડેસ્વાર

પલ્ટણનો થોડો ભાગ પણ નિકલ્સનના લશ્કર સાથે જોડાયો. એટલે શિઆળકોટમા કેવળ ૯ મી ઘોડેસ્વાર પલ્ટણના કેટલાક સિપાહીઓ અને ૪૬ મી પાયદળ પલ્ટણ રહી. બ્રિગેડિયર બ્રિન્ડ એ વખતે છાવણીનો અધ્યક્ષ હતો. શિખો સાથેની લડાઇમા તેણે બહુ બહાદુરી બતાવી હતી તેનું સ્થૂળ અને ઉન્નત કલેવર નિડરતાનો આબેહુબ નમુનો હતો. તે શિઆળકોટ જેવા એક મુખ્ય લશ્કરી મથકને સોલ્જરો વિનાનુ બનાવવા માગતો નહોતો, તેથી તેણે ફક્ત ૨૫૦ સોલ્જરો રાખવા દેવાની મંજૂરી માગી હતી પરંતુ તેની એ માગણી કબુલ રાખવામા આવી નહિ. અધિકારીઓએ તેને ભયમાથી બચાવવા ખાતર દેશી સિપાહીઓના હથિઆરો લઇ લેવાની રજા આપી હતી પરંતુ બ્રિગેડિઅરે એ બાબત કશા પગલા લીધા નહિ. તેને ખાત્રી હતી કે દેશી સિપાહીઓ કદી પણ ઓચિંતુ બંડ ઉઠાવશે નહિ. હથિઆરો લઇ લેવા જતા તેઓ વધારે ઉશ્કેરાશે એવા ઇરાદાથી બ્રિગેડિયરે તો હથિયારબંધ સિપાહીઓ વચ્ચે પોતાનો ધામો ચાલુ રાખ્યો

જુલાઇ માસના પહેલા અઠવાડિઆમા શિઆળકોટના યુરોપિઅનોમાના કોઇ કોઇને ઝેલમના બનાવની ખબર પડી. આ સમાચાર જ્યારે યુરોપિઅનોના જાણવામા આવ્યા ત્યારે દેશી સિપાહીઓમાંનું કોઇ એ વિષે કંઇ પણ જાણતું નહોતું. ઝેલમ અને શિઆળકોટ વચ્ચે સંદેશાનો વ્યવહાર બંધ થયો હતો. કારણ કે સરકારે અગાઉથી ચેતી ઇરાવતી અને ઝેલમ પરના પૂલો તોડી નખાવ્યા હતા. પરંતુ તેમ છતા સિપાહીઓને સમાચાર મળતા બહુ વિલંબ થયો નહિ. આ વખતે હિંદના બધા શહેરો સિપાહીઓ સમક્ષ એક હોય એવું

જણાતું હતુ. શહેરો કે મથકો ગમે તેટલા દૂર હોય, વચ્ચે ગમે તેટલાં નડતર હોય છતા સિપાહીઓ તો એ બધા સ્થળોના સમાચાર જાણી શકતા. ઝેલમનો બનાવ બન્યા બાદ થોડી મુદતમા એ સમાચાર શિઆળકોટના સિપાહીઓના જાણવામા આવ્યા ૯ મી ઘોડેસ્વાર પલટણમાના જે સિપાહીઓ દિલ્હી જતા લશ્કર સાથે જોડાયા હતા, તેઓમાના એકાદ બે અમૃતસરથી રજા લઇ શિઆળકોટ આવ્યા હતા. તેઓએ ઝેલમની ૧૪ મી પલટણના સિપાહીઓની વાત પોતાના શિઆળકોટમાના મિત્રોમા ફેલાવી.

•

આ વાત સાભળી સિપાહીઓ બહુ ઉશ્કેરાઇ ગયા. દિલ્હી જતું લશ્કર અમૃતસર આવી પહોચ્યુ છે કદાચ તે લશ્કર શિઆળકોટ આવી પહોચશે. એ લશ્કર આવી પહોચશે કે તરત અમારા હથિયારો લઇ લેવામા આવશે. આવા સદેહથી તેઓ અતિશય ઉશ્કેરાઇ ગયા. બીજી તરફથી તેઓને એવા સમાચાર મળ્યા કે દિલ્હીના પાદશાહનો પત્ર લઇ એક કાસદ આવી પહોચ્યો છે, તે કાસદ સાથે પાદશાહે એક પત્ર મોકલ્યો છે તેમા બધા સિપાહીઓને દિલ્હી આવવાનું નોતરૂં આપ્યુ છે આવી હકીકત સાભળી તેઓ શાત રહી શક્યા નહિ. ૮ મી જુલાઇની રાત્રે તેઓએ પોતાની કાર્યપદ્ધતિ નક્કી કરી અને ફિરગીઓ કોઇપણ રીતે કોઇપણ દિશામાં નાસી જાય નહિ તેવા ઉપાયો કામે લગાડવા તત્પરતા દર્શાવી. તેઓની વફાદારી હવામા ઉડી ગઇ. હવે તેઓ ફિરગીઓનું લોહી રેડવાની દૃઢ પ્રતિજ્ઞા લઇ બેઠા. શિઆળકોટના હતભાગ્ય યુરોપિઅનોનું અદૃષ્ટચક્ર નીચી ગતિ કરવા લાગ્યુ.

બીજે દિવસે સવારની તોપ પડે તે પહેલા સિપાહીઓ તૈયાર થઇ પોતાનો સંકલ્પ પાર પાડવા દોડયા. તેઓના 'દીન દીન' પોકારથી મેદિની કંપી રહી યુરોપિઅનો આ વિકટ સ્વર સાભળી બેબાકળા બની પથારીમાથી કુદી પડયા આ અશ્રુતપૂર્વ કોલાહલનુ કારણ જાણતા બહુ વાર ન લાગી ઓફિસરો એકદમ તૈયાર થઇ ગયા, ઘોડે સ્વાર થઇ તેઓ કવાયતના મેદાન ભણી દોડયા. તે વખતે ૯ મી ઘોડેસ્વાર પલ્ટણના સિપાહીઓ લશ્કરી પોશાક પહેરી, ઘોડેસ્વાર થતા હતા ૪૬ મી પલ્ટણના પાયદળ સિપાહીઓ હથિયારો પકડી ભયકર કાર્ય સાધવા તૈયાર થયા હતા યુરોપિઅનો પર અણધારી વિપત્તિ આવી પડી તેઓમા કશી જાનનો બદોબસ્ત નહોતો મરદો કરતા બૈરાછોકરાની સખ્યા વધારે હતી એક પણ સોલ્જર તેઓની મદદમા નહોતો, આથી તેઓ ઉશ્કેરાએલા સિપાહીઓને અટકાવવાને તદ્દન અસમર્થ નીવડયા શિઆળકોટમા શિખ સરદાર તેજસિહનુ એક મકાન હતુ એ મકાન જુના કિલ્લાના નામથી ઓળખાતું હતું એ કિલ્લામ આશરો લીધા સિવાય યુરોપિઅનોના બચાવનુ એક પણ સાધન અત્યારે મોજુદ નહોતું યુરોપિઅનો એ કિલ્લા તરફ દોડયા, કોઇ કોઇ સહીસલામત ત્યા પહોચ્યા, કોઇ કોઇ રસ્તામા જ દુશ્મનોની તરવારના ભોગ થઇ પડયા આ વખતે બંડખોરોમાના ઘણાખરાએ પ્રબળ વૈરવૃત્તિ તૃપ્ત કરવા ભયકર કામો કર્યાં હતા. તો પણ કેટલાક સિપાહીઓએ દયાની લાગણીને વશ થઇ યુરોપિઅનોના જીવ બચાવ્યા હતા ખરા. એક યુરોપિઅન ઓફિસરે બ્રિગેડિયર પાસે આવી તેને જેમ બને તેમ જલદી કિલ્લા તરફ રવાના થવાનુ કહ્યુ, પણ બ્રિગેડિયરે પ્રથમ તો જરા આનાકાની કરી પણ છેવટે પેલા ઓફિસરના બહુ જ આગ્રહને લીધે

તે ઘોડેસ્વાર થઇ જુના કિલ્લા તરફ રવાના થયો. પરંતુ તેનો એટલેથી છૂટકો ન થયો બંડખોર ઘોડેસ્વારોનું એક ટોળુ તેની પાછળ પડ્યું એ ટોળામાના એક સિપાહીની પિસ્તોલની ગોળીથી એ વૃદ્ધ વીર પુરુષ પીઠ પાછળ ભયંકર રીતે ઘવાયો. તેના સાથીઓ તેને એવી સ્થિતિમા કિલ્લામા લઇ ગયા. ૪૬ મી પલ્ટણનો એક યુરોપિઅન ઓફિસર પોતાની બૈરી તથા બાળબચ્ચા સાથે ગાડીમા બેસી કિલ્લા તરફ જતો હતો. કિલ્લાની દિવાલ પાસે આવી પહોચતા કેટલાક સિપાહીઓએ તેની ગાડી ઘેરી લીધી. સિપાહીઓને હુમલો કરવાની તૈયારી કરતા જોઇ પેલો ઓફિસર ગાડીમાથી કુદી પડ્યો તરત જ પેલા સિપાહીઓની ગોળીઓએ તેને વીંધી નાખ્યો પરંતુ તે સિપાહીઓએ તેના બૈરી-છોકરાને કંઇ ઇજા કરી નહિ તેઓ બીનહરકતે કિલ્લામા આવી પહોચ્યા ઇસ્પિતાલનો ઉપરિ પણ એજ રીતે માર્યો ગયો તે જે ગાડીમા બેસી કિલ્લા તરફ જતો હતો, તે જ ગાડીમા તેની સ્ત્રી અને એક બીજી યુરોપિઅન મડમ પોતાના છોકરા સાથે બેઠી હતી બંને મડમોએ બંડખોરોની દયા માગી. બંડખોરોએ એ બને મડમો પર દયા દર્શાવવામા બખિલાઇ વાપરી નહિ તેઓએ કહ્યુ કે સાહેબ લોકો જ અમારા શત્રુ છે, અમે બીજા કોઇ પર હથિયારો ચલાવવા માગતા નથી. બંને મડમો અક્ષત શરીરે કિલ્લામા જઇ પહોચી.

એક ડાકટર પોતાની દીકરી સાથે છાવણીમાથી રવાના થતો હતો, એ વખતે એક સિપાહીએ તેના માથામા ગોળી મારી ડાકટર સાહેબ પોતાની દીકરીના ખભા પર માથુ નાખી અનંત નિદ્રામા પોઢ્યા તેની દીકરી અક્ષત શરીરે ઘોડેસ્વાર સિપાહીઓના મથક પર આવી પહોચી. એ સ્થળે એક કર્નલ અને તેની સ્ત્રી રહેતા હતાં—

કેટલાક વિશ્વાસુ સ્વારો તેઓનું રક્ષણ કરતા હતા. આ વિશ્વાસુ સ્વારો તેઓને બીનહરકતે કિલ્લામા લઇ ગયા ૯ મી ઘોડેસ્વાર પલ્ટણના કપ્તાન દાક્તર પોતાની સ્ત્રી, સતાનો અને બે આયાઓ સાથે એક નાના ઘરમા છુપાયા હતા એ પલ્ટણનો ઘોડાનો દાક્તર તેઓની સાથે હતો. એક વિશ્વાસુ ચોકીદાર તેઓનું રક્ષણ કરતો હતો તેઓ લગભગ ૧૩ કલાક સુધી એ સાકડા મકાનમા કેદીની સ્થિતિમા રહ્યા. ત્યારબાદ પેલો વિશ્વાસુ ચોકીદાર તેઓને કિલ્લામા લઇ ગયો ૪૬ મી પાયદળ પલ્ટણનો એક કપ્તાન સિપાહીઓએ બડ ઉઠાવ્યુ તે પહેલાની રાત્રે પોતાના કાર્યક્ષેત્ર પર હતો. સવારમા તે પાછો ફરતો હતો, ત્યારે તેને જણાયુ કે કેટલાક સ્વારો પાયદળોની બરાકો તરફ જાય છે, પોતાના સિપાહીઓ પણ અતિશય ઉશ્કેરાઇ ગયા છે તેઓ કવાયતના મેદાન પર પોતાની પાછળ ન આવતા ઘોડેસ્વારો તરફ દોડે છે આ રમત જોતા જ કપ્તાને પોતાનો ઘોડો પોતાના બગલા ભણી ઝપાટાબંધ દોડાવ્યો. બગલે આવી પોતાની સ્ત્રીને જગાડી અને તેને એક ગાડી પર બેસાડી મહારાજ મિશ્ર નામના એક સિપાહીને એ ગાડી કિલ્લામા લઈ જવાનો હુકમ આપ્યો. ત્યારબાદ તેણે પોતાની પત્નીએ વારવાર મના કર્યા છતા પોતાનો ઘોડો છાવણી તરફ દોડાવ્યો. છાવણીમા પહોચતા જ એક સિપાહીએ તેને બળપૂર્વક એક કોટડીમા છુપાવી દીધો થોડીવારમા એ પલ્ટણનો કર્નલ અને એક કપ્તાન ત્યા આવી પહોચ્યા બધી પલ્ટણ તેઓને વીંટળાઇ વળી. સિપાહીઓ કહેવા લાગ્યા કે ફિરગીઓનું રાજ્ય પૂર્ણ થયુ છે, હવે અમે અમારા કર્નલ અને કપ્તાનને અનુક્રમે ૨૦૦૦ અને ૧૦૦૦ નો માસિક પગાર આપવા તૈયાર છીએ. તમે અમને દિલ્હી લઇ જાઓ તો ઠીક થાય.

અમે તમારી સગવડ જાળવવા તરફ પુરતું લક્ષ આપીશું. તમને ઉનાળામા શીતળ ટેકરી પર હવા ખાવાનો બંદોબસ્ત કરી આપીશુ. કહેવાની જરૂર નથી કે કર્નલ અને કપ્તાને આ માગણી ન સ્વીકારી. છતા તેઓ તે બંનેને બચાવવા તત્પર થયા હતા. એક પાદરી પોતાની સ્ત્રી અને બાલબચ્ચા સાથે કિલ્લા તરફ જતો હતો. રસ્તામા એક ઘોડેસ્વારે તેના તરફ ગોળીબાર કર્યો કચેરી અને જેલખાનાના ચપરાશીઓએ તેઓમાના ત્રણ જણને મારી નાખ્યા. શિઆળકોટના વિપ્લવમા યુરોપિઅન સ્ત્રીઓમા કેવળ આ એકજ—પાદરીની સ્ત્રી—મારી ગઇ હતી. મેજિસ્ટ્રેટની કચેરીનો એક પઠાણ ચપરાશી તેઓના ખૂનીઓનો આગેવાન હતો આ ખૂનીને પકડવા ખાતર ૧૦૦૦ રૂપીઆનું ઇનામ જાહેર કરવામા આવ્યુ હતું. પણ ખૂની પકડાયો નહોતો. એવું કહેવાય છે કે મારી ગયેલી બાઇએ એક કન્યાશાળા સ્થાપી હોવાથી ધર્માંધ મુસલમાનો તેના પર બહુજ ગુસ્સે થયા હતા. કન્યાશાળા સ્થાપવી એ કાર્ય તેઓને મહાન અપરાધજનક જણાતું હતું તેઓના મત મુજબ મૃત્યુ એ જ એ અપરાધને લાયક સજા ગણાતી હતી.

૪૬ મી પલ્ટણના ઓફિસરો પોતાની પલ્ટણ સાથે રહેતા હતા તેઓને માટે કિલ્લા તરફ જવાનો રસ્તો બંધ હતો એટલે તેઓએ પોતાના ઘોડા ગુજરાનવાલા તરફ દોડાવ્યા બપોરના પ્રચંડ તાપમા તેઓને ૪૦ માઇલનો રસ્તો કાપવો પડયો. તેઓ તાપથી અકળાઇ રહ્યા હતા, રસ્તાના શ્રમથી થાકી ગયા હતા; ઓચિંતુ બંડ જાગવાથી ઘેલા બની ગયા હતા, છતા તેઓને રસ્તામા ભૂખતરસ વેઠવી પડી નહોતી રસ્તાની આજુબાજુએ આવેલા ગામડાના લોકોએ તેઓને

ખાવાનું આપ્યું હતું, વિશ્રામને માટે સગવડ કરી આપી હતી એટલુ જ નહિ પણુ કોઇ કોઇએ તો પૈસા આપી તેઓની અગવડો દૂર કરવાનો પ્રયત્ન કર્યો હતો. તેઓની સાથે એક ઓફિસરની મડમ બગીમા મુસાફરી કરતી હતી. તેનુ શરીર સારૂ નહોતુ. ગાડીના હડદોલાથી તે બુધપુર નામના ગામડા આગળ અતિશય થાકી ગઇ. કેટલાક ગામડિઆ લોકો તેને ખાટલા પર સુવાડી ખાટલો ઉપાડી આગળ વધવા લાગ્યા ઘોડેસ્વાર ટુકડીનો એક ૧૭ વર્ષનો ઓફિસર પોતાના બે ઉપરિ અમલદારો સાથે પોતાના સિપાહીઓને શાન્ત કરવા માટે તેઓના મકાન તરફ ઘોડો દોડાવી ગયો એ વખતે સૈનિકો બડખોર બન્યા હતા, બેવફા બન્યા હતા છતા તેઓમાના અનેક પોતાના ઓફિસરને બચાવવા તત્પર થયા ઓફિસરો તેઓની પાસે આવી પહોચ્યા ત્યારે તેઓએ તેઓને કોઇ સુરક્ષિત સ્થળે જતા રહેવાનું જણાવ્યુ કારણુ કે આ વખતે તેઓ તેઓને બચાવી શકે તેમ નહોતું. પોતાના સૈનિકોની ચેતવણીથી બે ઓફિસરો તો નાઠા, પણુ પેલા જુવાનિઆની પાછળ છ સ્વારો દોડયા. સ્વારોમાના એકે તેના પર ગોળીબાર કર્યો ગોળી લક્ષ્યભ્રષ્ટ થઇ તેની તરવારને અથડાઇ નીચે પડી આ રીતે છ જણુા પાછળ પડયા છતા એ તરૂણુ પોતાનો બચાવ કરવા અસમર્થ નીવડયો નહિ તેણે બપોરના ૪॥ વાગે શિઆળકોટ છોડયુ અને ૩૦ માઇલ કાપી બીજે દિવસે સવારના ૧૧ વાગતા તે વજીરાબાદ આવી પહોચ્યો આ પ્રમાણે યુરોપિઅનોમાના ઘણુા મૃત્યુના મુખમાથી બચ્યા તેજ રીતે કેટલાક માર્યા ગયા. અમે અગાઉ જણાવ્યુ છે તેમ સિપાહીઓએ બડ ઉઠાવ્યુ છતા તેઓ લોહી પીનાર રાક્ષસો જેવા બની ગયા નહોતા. તેઓમાના અનેકે દયાવશ થઇ

ઐરાછોકરાને સુરક્ષિત સ્થળે જવા દીધા હતા કેટલાકે પોતાના ઓફિસરોને અગાઉથી ચેતવ્યા હતા, ઘટનાસ્રોતમા તણાયા હોવાથી તેઓ ભાન ભૂલ્યા હતા, છતા તેઓએ પોતાનો સ્વભાવ બદલી નાખ્યો નહોતો, તેઓએ કઠોરતા દર્શાવવા બડ કડાવ્યુ હતું છતા તેઓએ કોઇ કોઇ સ્થળે કોમળ લાગણીને માન આપી ગોરા લોકોને સાજાતાજા જવા દીધા હતા

યુરોપિઅનો જુના કિલ્લામા આશ્રય લઇ પોતાનો બચાવ કરવાનો બદોબસ્ત કરતા હતા, ત્યારે સિપાહીઓ પોતાની સર્વધ્વસમયી પ્રકૃતિ દર્શાવી રહ્યા હતા એ સબધમા વારવાર દરેક સ્થળે જે બનતું તેજ શિઆળકોટમા પણ બનવા લાગ્યુ. બડખોરોએ જેલ તોડી, કેદીઓને છોડી મૂક્યા, તેજુરી લૂટી, બધા દસ્તાવેજો સહિત ઓફિસો નષ્ટ કરી અને ખ્રિસ્તીઓના મકાનો ઘેર્યા. યુરોપિઅનોના નોકરોએ પણ આ કાર્યમા પોતાથી બનતો ફાળો આપ્યો. જેઓ એક સમય પોતાના માલીકના પગ ચાટતા હતા તેઓ પણ અત્યારે પોતાના માલીકનું અહિત કરતા પાછુ વાળી જોવા તૈયાર થયા નહિ બ્રિગેડિયરના પરમ વિશ્વાસુ નોકરે પણ પોતાનો માલીક ઉઘતો હતો ત્યારે તેની પાસે પડેલી પિસ્તોલની કૅપ કાઢી લેવામા સકોચ દર્શાવ્યો નહોતો. બ્રિગેડિયરના એક ખાનસામાએ તો યુરોપિઅનો સામે લડાઇ કરતા પાછુ વાળી જોયુ નહોતું તેઓ પોતાના માલીકનો સ્વભાવ જાણી ગયા હતા. સિપાહીઓ બડ ઉઠાવે ત્યારે અમારો માલીક કેવો હિંસાતુર થઇ જશે અને તેની વૈરવૃત્તિને ભોગ સૌ પહેલા અમેજ થઇ પડીશુ એ વાત તેઓનાથી અજાણી નહોતી. આથી આ વખતે તેઓ પોતાના હિસાપરાયણ માલીક પર વિશ્વાસ રાખી શક્યા નહિ.

કેવળ અવિશ્વાસને લીધેજ તેઓની શાંતિ નષ્ટ થઈ હતી તેઓ બંડખોર સિપાહીઓના પક્ષમા જઇ પોતાના હિંસાપરાયણ માલીકનું અનિષ્ટ કરવા તૈયાર થયા હતા[1] આ પ્રમાણે શિઆળકોટના બંડખોર સિપાહીઓ, કેદખાનામાથી છૂટેલા કેદીઓ, આજુબાજુના ઉદ્ધત ગુજરો અને યુરોપિઅનોના નોકરોએ એકત્ર થઇ સવારથી સાંજ સુધી સંહારકાર્ય મચાવ્યુ. જે જે વસ્તુ ખસેડી શકાય તેવી હતી તે બધી વસ્તુ તેઓ હજમ કરી ગયા એટલુંજ નહિ પણ જે તોપ દરરોજ

---

૧ સિપાહીઓના બળવાનો ઇતિહાસ લખનાર કે સાહેબે એક વાતનો ઉલ્લેખ કર્યો છે યુરોપિઅનોના નોકરો પોતાના માલીકોને કેવા હિંસક માનતા હતા, તે એ વડે બરાબર જણાશે વાત આ પ્રમાણે છે:–કલકત્તાના એક ગૃહસ્થે ભોજન વખતે પોતાના ખિજમતદારને બદલે એક બીજા નોકરને જોઇ તેની ઓળખાણ માગી પેલા નોકરે જણાવ્યુ કે "હમ બદલિ હય સાહેબ" અર્થાત્ હું જુના નોકરને બદલે આવ્યો છુ. કોઇ નોકર માંદો પડે તો તેને બદલે નવો માણસ કામ પર હાજર થતો. આમ વારવાર બનતું હોવાથી પેલા ગૃહસ્થે ધાર્યું કે જુનો નોકર માદો પડયો હશે એમ ધારી તેણે પેલા નવા નોકરને કઇ પૂછ્યુ નહિ થોડા દિવસ પછી જુનો નોકર હાજર થયો. તેનું શરીર તો અગાઉના જેવુંજ સાજુતાજુ હતું. સાહેબે તેને ગેરહાજર રહેવાનું કારણ પૂછ્યુ નોકરે કહ્યુ કે હું નવા નોકરને મૂકી ગયો તે પહેલા મને એવી બાતમી મળી હતી કે સાહેબ લોકો પોતાના દેશી નોકરોને ગોળીએ મારવાના છે. એ ખાતર હું મારો જાન બચાવવા બીજા માણસને મૂકી નાસી ગયો હતો. Kaye, Sepoy War, Vol. II. P. 631, Note.

સૂર્યોદય અને સૂર્યાસ્તનો સમય જણાવતી હતી તે પણ સિપાહીઓએ કબજે કરી. એ સિવાય યુરોપિઅનોની બીજી ચીજો નષ્ટ થઇ, ઉલટી સુલટી થઇ ગઈ કે વેરણછેરણ થઇ ગઇ કેવળ યુરોપિઅનોનું દેવળ આ બધા નાશમાથી અક્ષત રહ્યું.

રાત પહેલા શહેરના ઉચ્છૃંખલ લોકો દિલ્હી જવા માટે ચદ્રભાગા નદી તરફ દોડયા. જુના કિલ્લામા જે યુરોપિઅનો હતા, તેઓ હવે પોતાને સુરક્ષિત માનવા લાગ્યા ઉચ્છૃંખલ પ્રકૃતિના લોકો શહેરમાથી ચાલ્યા ગયા હતા. આથી હવે તેઓને ધાસ્તી જેવુ કઇ નહોતું. તેઓએ આખી રાત શાતિમા પસાર કરી બડખોર સિપાહીઓ દારૂખાનું સળગાવી નાખી શિઆળકોટ તજી ગયા જ્યા જ્યા બડ ઉઠયુ હતું ત્યા ત્યા સિપાહીઓએ અંગ્રેજોના હથિયારોનો નાશ કર્યા બાદ મથક છોડયું હતું અહીં પણ એજ પદ્ધતિનુ અવલંબન થયું હતુ અહીંના ઘણાખરા યુરોપિઅનો માર્યા ગયા હતા, દારૂખાનું સળગી ગયું હતું; બગલા નાશ પામ્યા હતા, ચીજો ચોરાઇ હતી કે ભાગીતૂટી ગઇ હતી; ટુકામા આખુ શહેર ઓચિતા વિપ્લવને લીધે અગાઉનુ સૌદર્ય ગુમાવી બેઠું હતું. ઉન્મત્ત સિપાહીઓ અને ઉચ્છૃંખલ લોકો આવા ઉથલપાથલ મચાવનારા કાર્યો કરી પોતાની ક્ષણિક સ્વાધીનતાથી પ્રફુલ્લ બની કલ્પનાના બળવડે માનસપટ પર કેટલાય મનોહર ચિત્રો આલેખતા હતા. આવા કલ્પનામત્ત બડખોરોના જવાથી યુરોપિઅનોના ચિત્તને શાતિ વળી ખરી, પરંતુ તેઓમાના એક જણના અદૃષ્ટમા શાંતિ લખાઇ નહોતી. બ્રિગેડિયર બ્રિન્ડ સખત ઘવાયો હતો. તે ઘવાયો હતો છતા કિલ્લો બચાવવા માટે યોગ્ય હુકમો આપતો હતો. પરંતુ દૈવયોગે તેનું જીવન ટુકું થતું જતું હતું. તે જીવ્યો હોત તો શિઆળ-

કોટના યુરોપિઅનોને બહુ ફાયદો થાત એક સ્વારની ગોળીએ એ બધો સુયોગ રદ કર્યો. બીજે દિવસે સવારમા બ્રિગેડિયર મરણ પામ્યો.

શિઆળકોટના સિપાહીઓ જય મેળવી પ્રફુલ્લ ચિત્તે દિલ્હી તરફ રવાના થયા ખરા પણ તેઓની પ્રફુલ્લાવસ્થા કાયમ રહી નહિ તેઓને તરતજ એક પરાક્રમી સેના સામે ઝૂઝવુ પડયુ નિકલસન યુરોપિઅન અને દેશી સૈનિકો સાથે દિલ્હી જતો હતો. તે કાબુલ અને પંજાબની લડાઇમા પ્રસિદ્ધ થયો હતો. શિખોમા તેની આબરૂ ખૂબ ફેલાયલી હતી. પંજાબ કંપનિના તાબામા આવ્યા બાદ નિકલસને એ રાજ્યમા શાંતિ સ્થાપવા માટે જે કાર્યકુશળતા દર્શાવી હતી તેથી લોર્ડ ડેલ્હાઉઝીએ અતિશય સંતોષ બતાવ્યો હતો શિખો તેનું સાહસ, કર્મપટુતા અને દઢતા જોઇ તેના પર આફ્રીન હતા નિકલસન જેમ શિખોનો માનીતો હતો, તેજ પ્રમાણે શિખોપર પણ તેને બહુ વિશ્વાસ હતો પરંતુ બંગાળાના સિપાહીઓ પર તેને જરા પણ વિશ્વાસ નહોનો તેઓના હથિયારો લઇ લેવાથી તેને બહુ શાંતિ વળતી તેના તાબાના લશ્કરમા ૩૩ અને ૩૫ મી પલટણ અને ૯ મી ઘોડેસ્વાર પલટણના કેટલાક સ્વારો હતા. નિકલસને તે બધાના હથિયારો લઇ લેવાનો દઢ સંકલ્પ કર્યો. પરંતુ તેણે એ વાત જાહેર કરી નહિ નિકલસન આ બાબતમા બહુ સાવધ રહેતો. એવુ કહેવાય છે કે જ્યારે સિપાહીઓ બ્રિટિશ સરકાર સામે બંડ ઉઠાવવા તૈયાર થતા હતા ત્યારે નિકલસન પેશાવર હતો. સહેજ સંશય પડતાજ તેણે આ બાબતમા સૂક્ષ્મ તપાસ કરવાની દઢતા દર્શાવી. તેણે અટક જઇ ટપાલ રોકી અને સિપાહીઓના ઘણાખરા કાગળોનુ ટપાલ ખાતાના અમલદારોની મદદથી ભાષાંતર કરાવ્યું. ત્યારબાદ મૂળ પત્રો યોગ્ય સ્થળે મોકલી તે બધા પત્રોનુ ભાષાંતર

પોતાની પાસે રાખ્યુ. આ પત્રોમાથી સિપાહીઓના કાવતરાની ઘણી બાતમી મળી આ બાતમી મુજબ હવે શુ કરવુ તે પ્રશ્ન ઉભો થયો. પેશાવરના કમિશનરે જુદા જુદા ઓફિસરોને આ બાબતમા મસલત કરવા બોલાવ્યા. સમિતિમા સૌ પહેલો એ પ્રશ્ન ચર્ચાયો કે દેશી સિપાહીઓ પર વિશ્વાસ રાખવો કે નહિ? ઓફિસરો પોતપોતાના હાથ નીચેના સિપાહીઓના ગુણગાન કરવા મડયા નિકલસને આ સબંધમા કશો મત ન આપતા પેલા પત્રોનું ભાષાતર સભામા રજૂ કર્યું. અને કહ્યુ કે "મને લાગે છે કે આ બધા પત્રો આપને આનદદાયક નીવડશે" એ બધા પત્રોમા સરકાર પ્રત્યે બડ ઉઠાવવાનો ઇરાદો જણાવવામા આવ્યો હતો[૧] જો કે બળવાના ઇતિહાસમા ટપાલ અટકાવવી, સિપાહીઓના પત્રોનું ભાષાન્તર કરાવી લેવુ ઇત્યાદિ કાર્યો નિકલસને કરેલા હતા તેની ખાત્રી લાયક બાતમી મળતી નથી એ બનાવ અમુક ભાગે સત્ય હોવા છતા તે વડે નિકલસનની કાર્યતત્પરતા અને દીર્ઘદૃષ્ટિ જણાઇ આવે છે આ વખતે પણ નિકલસને હથિયારો લઇ લેવાની વાત ગુપ્ત રાખી ૩૩ મી પલ્ટણ હોશિયારપુરમા પડી હતી. તે ૩૫ મી પલ્ટણના સિપાહીઓ સાથે ૨૫ મી જુનની સવારે ફિલોરના કિલ્લાની દિવાલો ભણી કુચ કરવા લાગી નિકલસને એજ વખતે પોતાનો સકલ્પ અમલમા મૂકવાની તૈયારી કરી રસ્તામા તોપો ગોઠવી દેવામા આવી બને બાજુએ ૫૨ મી યુરોપિઅન પલ્ટણ ભરેલી બદુકો લઈ ગોઠવાઇ ગઇ ફિલોરને છેડે સતલજ નદીપર એક પુલ હતો નિકલસને પોલિસોને હુકમ આપી મૂક્યો હતો કે તોપનો

---

૧ Wilberforce, An Unrecorded Chapter of the Indian Mutiny P. 34–35 Note.

પહેલો અવાજ થાય કે તરતજ પૂલ તોડી નાખવો સિપાહીઓ હથિ-યારો લઇ નાસી જઇ શકે નહિ માટે આવો હુકમ આપવામા આવ્યો હતો ત્યાર બાદ તેણે તોપચીઓ અને સોલ્જરોને સબોધી કહ્યું કે -“ સિપાહીઓ એ હથિયારો છોડવાની આનાકાની કરે, અને લડવાની તત્પરતા દર્શાવે તો તમારે તરતજ ગોળીબાર શરૂ કરવા. સતલજનો પુલ નાશ પામશે એટલે આપણે પણ નાના સરખા બીજા સોબાઓ-ના યુદ્ધ માટે તૈયાર થઇશુ ” સિપાહીઓ નિશ્ચિંતપણે કિલ્લા તરફ આવતા હતા. છેવટે જ્યારે તેઓ કિલ્લા પાસે આવી પહોચ્યા ત્યારે બન્ને બાજુએ તોપો ને સોલ્જરોને તૈયાર ઉભેલા જોયા. તેઓની બંડ ઉઠાવવાની ઇચ્છા આ બધી તૈયારી જોઈ કોણ જાણે કયા નાસી ગઇ. તેઓએ કશી આનાકાની ન કરતા સેનાનાયકના હુકમ મુજબ પોતપોતાના હથિયારોનો એક જગાએ ઢગલો કર્યો

આ પ્રમાણે સિપાહીઓની બે પલ્ટણોના હથિયારો ઉતારી નિકલ્સન ૫ મી જુલાઇએ અમૃતસર આવી પહોચ્યો. ત્યા આવ્યા બાદ બે દિવસે ઝેલમના સમાચાર તેની પાસે આવી પહોચ્યા. તેથી તેણે બીજા સિપાહીઓના હથિયારો ઉતારી લેવાની તૈયારી કરી. ૫૯ મી પલ્ટણના સિપાહીઓ આ ભયકર દડ ભોગવવા તૈયાર થયા. તેઓના હથિયારો ઉતાર્યા પહેલા કેટલાક બડખોરોને તોપને મોએ બાધી ઉડાડી દેવાની તૈયારી થઇ. કેટલીક તોપો યોગ્ય સ્થળે ગોઠવવામાં આવી ગુનેહગાર સિપાહીઓ શાત ચિત્તે તોપો તરફ પીઠ રાખી, અદબવાળી, નીચુ માથુ કરી ઉભા એક ક્ષણમા તેઓના શરીરના ચુરેચુરા થઇ ગયા. ગુનેહગાર સિપાહીઓનું સાહસ જોઇ યુરોપિયન

સૈનિકો અતિશય વિસ્મય પામ્યા.[1] ત્યારબાદ ૫૯ મી પલ્ટણને હથિયારો ઉતારવા માટે બોલાવવામા આવી. એક દિવસ પહેલા આ સિપાહીઓ પોતાની રાજભક્તિને માટે પ્રશસા પામ્યા હતા અત્યારે એકાએક હથિયારો છોડવાનો હુકમ થવાથી તેઓ બહુ નવાઇ પામ્યા. પરંતુ તેઓએ કશી ઉશ્કેરણી દર્શાવી નહિ. પોતાનો હમેશનો ધંધો તજવાથી તેઓને અતિશય ક્ષોભ થયો ખરો, પણ તેમ છતા તેઓએ યુરોપિયનો સામા હથિયાર ઉપાડ્યા નહિ પોતાના ઓફિસરોના હુકમ મુજબ તેઓએ હથિયારો ઉતાર્યા, વસ્ત્રાભૂષણ ઉતાર્યા, અને તે બધાનો એક જગાએ ઢગલો કર્યો, આ પલ્ટણના ઘણાખરા સિપાહીઓ હથિયારો ઉતારતી વખતે નિશ્ચિત સ્થળે હાજર થયા નહોતા. તેથી તેઓની પાસે હથિયારો હતા, પરંતુ હથિયારો પાસે છતા તેઓએ પોતાની સરળતા ન છોડી. પોતાના સાથીઓના અધ:પતનથી તેઓ: અતિશય દિલગીર થયા છતા કંઈ ઉશ્કેરણી ન બતાવતા એક પછી એક નિશ્ચિત સ્થળે આવી હથિયારો ઉતારી જવા લાગ્યા નિકલ્સન જેવા સિપાહીઓના દ્વેષી અમલદારે પણ કબૂલ કર્યું હતું કે તેઓ છેવટ સુધી શાંત રહ્યા હતા તેઓના વ્યવહારથી ઓફિસરોમાના કોઇના મનમા સંદેહની છાયા પડી નહોતી. નિકલ્સને કેવળ સાવચેતી ખાતર જ બહુ દિલગીરી સાથે આ પગલું ભર્યું હતું.

આ બનાવ બન્યા પછી રાવળપિંડીની ૫૮ મી પલ્ટણના હથિયારો ઉતારી લેવામા આવ્યા ૨૮ મી પલ્ટણની પણ એવી જ દશા કરવામા આવી. આ હથિયાર વિનાના સિપાહીઓને બહુ જાપતાપૂર્વક પેશાવર લઇ જવામા આવ્યા

---

૧. An unrecorded Chapter of the Indian Mutiny P. 42–43

દિલ્હી જતા લશ્કરનો નાયક જ્યારે એક પછી એક પલ્ટણોના હથિયારો ઉતારતો ઉતારતો આગળ વધતો હતો, ત્યારે તેને શિઆળકોટમા બનેલા બનાવોની બાતમી મળી અગાઉ જણાવેલુ છે તેમ ૯ મી ઘોડેસ્વાર પલ્ટણના કેટલાક ઘોડેસ્વારો આ સૈન્ય સાથે હતા તેથી આ બાતમી મળતા જ નિકલ્સન એ ઘોડેસ્વારોને નિ શસ્ત્ર કરવા તૈયાર થયો તેણે એ સિપાહીઓના ઘોડા, હથિયારો, પોશાક ઇત્યાદિ સર્વ કબજે કરી લીધુ તેઓએ કઇ અડચણ કરી નહિ. ત્યારબાદ નિકલ્સન શિઆળકોટના સિપાહીઓને દબાવી દેવા રવાના થયો તે અમૃતસરથી ગુરૂદાસપુર તરફ જવા લાગ્યો, કારણ કે તેને ખાત્રી હતી કે શિઆળકોટના સિપાહીઓ એ સ્થળે એકત્ર થશે અમૃતસરથી ગુરૂદાસપુર ૪૧ માઇલ દૂર આવેલુ હતું નિકલ્સનના સૈનિકો ૨૦ કલાકમા ૪૧ માઇલ ચાલી ગુરૂદાસપુર આવી પહોચ્યા પ્રચડ તાપ તરફ તેમણે જરા પણ લક્ષ આપ્યુ નહિ. દ્વેષી પ્રતિપક્ષીની બળવાન વૈરવૃત્તિની માફક ઉના ફુણફુણતા વાયુપ્રવાહથી તેઓ નિરતર દગ્ધ થતા હતા, પરતુ તેથી તેઓની ગતિ પર કઈ અસર થઇ નહિ, તેઓમાના કેટલાક અતિશય તાપને લીધે રસ્તામા મરણ પામ્યા, કેટલાક રોગને લીધે મૃત્યુવશ થયા, તો પણ તેઓ અટકયા સિવાય નિર્દિષ્ટ સ્થાને જવા લાગ્યા તેઓ ગુરૂદાસપુર આવી પ્રતિપક્ષીઓની ગતિ નિહાળવા લાગ્યા તેઓને બાતમી મળી કે બડખોરો ત્રિમુઘાટ આગળ ચદ્રભાગા નદી પાર ઉતરે છે વર્ષાઋતુને લીધે ચદ્રભાગામા પાણી પુષ્કળ હતું તેથી અંગ્રેજોને ભારે સગવડ મળી. નિકલ્સને ૧૨ મી જુલાઇના મધ્યાહ્નકાળ વખતે શિઆળકોટના આ સિપાહીઓ પર હુમલો કર્યો. સિપાહીઓ થોડી વાર તો લડયા, પણ

છેવટે હથિયારો તથા લૂટફાટનો સરસામાન તજી દઇ નાઠા. તેઓમાના ૧૨૦ જણા મરાયા. ઘણાખરા ચદ્રભાગામા કુદી પડયા. અગ્રેજી સૈન્યના સિપાહીઓ લાબી મુસાફરીને લીધે થાકી ગયા હતા, વળી તે સૈન્ય સાથે ઘોડેસ્વાર સૈન્ય નહોતું, તેથી તેઓ ન્હાસેડુઓની પૂંઠ પકડી શકયા નહિ લગભગ ૩૦૦ સિપાહીઓ અંગ્રેજોના હલ્લાને અટ-કાવી, હથિયારો સાથે, નદીના મધ્ય ભાગમા આવેલા એક બેટમા જઇ પહોચ્યા. તેઓનું સાહસ અને દઢતા હજુ અચળ રહ્યા હતા. ગમે તે રીતે અગ્રેજોના હાથમાથી બચવું એવો તેમણે નિશ્ચય કર્યો હતો. તેઓ શિઆલકોટથી જે તોપ લાવ્યા હતા તે તોપ એ બેટમા યોગ્ય સ્થળે ગોઠવવામા આવી પરતુ દુર્ભાગ્યે તેઓમાના કોઇને તોપ ફોડવાનું કામ આવડતું નહોતું છેવટે બ્રિગેડિયર બ્રિન્ડના ખાનસમાએ એ કાર્ય સ્વીકાર્યું એ ગોલદાજોમા રહ્યો હોવાથી તોપો ફોડવાનું કામ શીખેલો હતો સિપાહીઓએ આ રીતે ચદ્રભાગા નદીના મધ્ય સ્થળે આવેલા બેટમા પોતાના બચાવની ગોઠવણ કરી. નિકલ્સને ૧૬ મી જુલાઇએ કેટલીક હોડીઓ એકઠી કરી એ બેટ તરફ પ્રયાણ કર્યું. સિપાહીઓ અગ્રેજોનો હલ્લો અટકાવી શકયા નહિ. તેઓમાના કેટલાક ખરા વીરની માફક લડતા લડતા તોપ પાસે જ મરણશરણ થયા કેટલાક જીવ બચાવવા નદીમા કુદી પડયા, પણ તેઓ અગ્રેજોના પંજામાથી છૂટયા નહિ તેઓમાના કોઇ કોઇ નદીમા ડુબી ગયા, અને કોઈ અગ્રેજોની ગોળીથી વિંધાઇ ગયા. જેઓ નાઠા તેઓ તરત જ પકડાયા તેઓ જે ગામડામા જઇ ભરાયા તે ગામડા બળી ભસ્મ થઇ ગયા. તેઓએ લૂટેલો સામાન અંગ્રેજોના કબજામા આવ્યો.

જે સામાન ન મળ્યો તે ખાતર ગામડિઆઓને જામીન આપવા પડયા. ત્યારબાદ ખૂનરેજીનું કામ શરૂ થયું. લગભગ ૬૦૦ સિપાહીઓ કાશ્મીરમા પકડાયા હતા સત્તાવાળાઓએ તેઓને અહીં આણ્યા. એક દિવસમા તેઓમાના ૭૮ સિપાહીઓને ગોળીવડે વીંધી નાખવામા આવ્યા. બંડખોર સિપાહીઓના દેશી ઓફિસરોને દેહાતદંડની સજા ભોગવવા માટે શિઆલકોટમા રાખવામા આવ્યા યુરોપિઅનોના જે નોકરો બંડખોરોને જઇ મળ્યા હતા તેઓને પણ સખ્ત સજા થઇ. તેઓમાના દરેકને ૪૦ ફટકાની સજા થઇ એક દિવસમા ૧૨૫ જણને આ સજા કરવામા આવી. એ સિવાય દરરોજ એકથી ૭ જણને ફાસીને લાકડે ઝુલાવવામા આવ્યા. શિઆલકોટના બળવાની સમાપ્તિ કરતા અમલદારોએ આ રીતે પોતાની વૈરવૃત્તિને ચરિતાર્થ કરી.

સેનાપતિ નિકલ્સન ત્યારબાદ અમૃતસર પાછો ફર્યો અને ત્યાથી તે લાહોર ગયો પંજાબનો વડો કમિશનર પણ રાવળપિંડીથી લાહોર આવી પહોચ્યો હતો સેનાપતિ ૨૧ મી જુલાઇએ લાહોર આવ્યો. તેને બીજે દિવસે વડા કમિશનરે પોતાના સેક્રેટરીદ્વારા દિલ્હી જતા લશ્કરના સબંધમા તેના પર એક પત્ર લખ્યો. અગાઉ જણાવવામાં આવ્યુ છે તેમ સર જૉન લૉરેન્સ દિલ્હી કબજે કરવા માટે જોઇતું લશ્કર એકત્ર કરવામા તનતોડ મહેનત કરતો હતો લશ્કરમા જોડાએલ બલુચી, શિખ, અને યુરોપિઅન સૈનિકોના સૈન્યોને તેણે દિલ્હી તરફ કુચ કરવાનો હુકમ આપ્યો હતો એ સિવાય ઘોડા, તરવારો, બંદુકો, તોપો વગેરે સરસામાન પણ એકત્ર કરવામા આવતો હતો વડા કમિશનરે આ બધો સરસામાન એકત્ર કરી નિકલ્સન જેવા તરૂણ વીરને સહાયકારી લશ્કરનો સરદાર નીમ્યો. યુરોપિઅન સૈનિકોની પડખે

વિશ્વાસુ શિખ સૈનિકો ખડા થયા દૃઢ કાયાવાળા બલુચીઓ તેઓના પક્ષમા આવી ઉભા સેનાપતિ નિકલ્સન આ બધુ સૈન્ય લઇ દિલ્હી તરફ રવાના થયો ૨૫ મી જુલાઇએ તેના સૈનિકો બિઆસ નદી ઉતરી સતલજ કિનારે આવી પહોચ્યા ત્યાથી તેઓ ઝપાટાબંધ યમુના નદીના દર્શન કરવા ધસવા લાગ્યા ૩ જી ઓગસ્ટે રસ્તામા સેનાપતિ વિલ્સનનો એક પત્ર મળ્યો પત્રમા લખ્યુ હતું કે "નુજરૂગઢની નહેર પરનો પુલ અમે ભાગી નાખ્યો હતો, પણ બંડખોરોએ એ પુલ ફરીથી બાધ્યો છે. અત્યારે તેઓ તે સ્થળે મોરચો માડી પડયા છે, તેઓ અલિપુર નામના સ્થાન તરફ અને આ તરફી બાજુના ભાગ તરફ આગળ વધવાનો ઇરાદો રાખે છે માટે ખાસ જેમ બને તેમ જલદી આવી તેઓને અમારી બાજુએ વધતા અટકાવશો." ૬ ઠ્ઠી ઓગસ્ટે નિકલ્સન અ બાલા આવી પહોચ્યો. તેને બીજે દિવસે તેનુ સૈન્ય કર્નાલ આવી પહોચ્યું.

૭ મી ઓગસ્ટે નિકલ્સન મોગલોની પ્રસિદ્ધ રાજધાની પાસે આવી પહોચ્યો મહા નગરી દિલ્હી તેની પ્રતિમાને વિકસાવવા લાગી. તે એ મહા નગરીની નિશાળના, ગઢન કૌશલ અને ઉન્નત દિવાલની દૃઢતા જોઇ પોતાનું કર્તવ્ય નક્કી કરવા લાગ્યો તેની કાર્યપ્રણાલી વિષે વિવેચન કરતા પહેલા ૫ જાબની એક છેવટની ઘટનાનો ઉલ્લેખ કરી જવો જોઇએ. નિકલ્સન અનેક સિપાહીઓના હથિયારો છોડાવી. કઠોરતા અને વીરતા દર્શાવી દિલ્હી તરફ ધસ્યો જતો હતો સિપાહીઓ તેની આગળ ગરીબ ગાય જેવા બની આત્મ વિસર્જન કરતા હતા. સિપાહીઓએ કોઇ કોઇ સ્થળે અપાર શૌર્ય દર્શાવ્યુ હતું, પરંતુ એ વીર પુરુષોનું છેવટ શુ થયું તે પ્રત્યક્ષ નિહાળવાનો અવસર નિકલ્સનને મળ્યો નહોતો. બંડખોરોનો ફેંસલો કરવાનુ કામ એક બીજા માણ-

સને સોપવામા આવ્યું હતું. એ લશ્કરી વિભાગનો અમલદાર નહોતો તેથી લડાઇના મેદાનપર તેણે કશી ચતુરાઇ દર્શાવી નહોતી. છતા તે તો વીરપુરુષની માફક પ્રસિદ્ધિ મેળવવા બહુ આતુર હતો. આવી આતુરતાને લીધે તેણે જે જે કાર્યો કર્યા તેથી તેની સાહસિકતા જણાઓ કે ન જણાઓ પણ એટલુ તો ખરૂ કે એથી તેનો રાક્ષસી સ્વભાવ તો બરોબર પ્રદર્શિત થયો છે.

ઇ સ. ૧૮૫૭ ના સપ્ટેમ્બરની ૧૮ મી તારીખ પંજાબના સિપાહીઓના બળવાના સબધમા લડનમા એવા સમાચાર ફેલાયા કે " ૩૦ મી જુલાઇએ લાહોરની ૨૬ મી હિંદી પાયદળ પલ્ટણે સરકાર સામે બડ ઉઠાવી પોતાના સરદારને મારી નાખ્યો છે. છેવટે એ આખી પલ્ટણ જડમૂળમાથી નાશ પામી છે " એ સમયે અમલદારો બડખોરોને જે શિક્ષા કરતા તે દૂરના સ્થળોએ " જડમૂળમાથી વિનષ્ટ જેવા વિશેષણોથી પલ્લવિત થતી આ બળવાના ખરા સમાચાર ગવર્નર જનરલ સમક્ષ યોગ્ય વખતે આવી પહોચતા નહિ જે સિપાહીઓ આમનેમ નાસભાગ કરતા તેઓને સજા કરવાનુ કામ ઘણેભાગે સિવિલ અમલદારોજ કરતા હતા ગામડા સળગાવી નાખવા જેવા ભયંકર કાર્યો કરવામા પણ જેઓ સર્વસત્તાધીશ ગણાતા. ૨૬ મી પલ્ટણના સિપાહીઓ એક સિવિલ અમલદારના હુકમથી માર્યા ગયા. આ ખૂનરેજી કરનારનુ નામ હતું ફ્રેડરિક કુપર તે અમૃતસરનો ડેપ્યુટિ કમિશનર હતો

૩૦ મી જુલાઇએ મિયામીરની ૨૬ મી પલ્ટણ અતિશય ઉશ્કેરાઇ ગઇ એ વખતે પ્રચંડ વાવાઝોડાથી ચારે દિશા અંધકારમય બની ગઈ હતી આવા ઓચિંતા તોફાનથી સિપાહીઓમા ભારે બીક પેઠી.

ઓફિસરોએ નિશ્ચય કર્યો હતો કે આ ભયને લીધે જ સિપાહીઓ ઉશ્કેરાયા હતા. આ પલ્ટણને ૧૩ મી મેએ નિઃશસ્ત્ર કરવામા આવી હતી શિખ અને યુરોપિઅન સૈનિકો આ નિઃશસ્ત્ર સિપાહીઓ પર લક્ષ રાખી રહ્યા હતા. આ પલ્ટણમાના અનેક નિર્દોષ સ્વભાવના હતા. વાવાઝોડાનું તોફાન થતા બીધેલા સિપાહીઓ ધાધલ મચાવી ગ્યા હતા ત્યારે શિખો વગરવિચાર્યે તેઓ પર ગોળીબાર કરવા લાગ્યા. આથી આખી પલ્ટણ નાસી જવા તૈયાર થઇ આ ગડબડમા એ પલ્ટણનો સરદાર માર્યો ગયો કુપર સાહેબે જણાવ્યુ હતું કે એ પલ્ટણના પ્રકાશસિંહ નામના એક સિપાહીની તરવારના ઘાથી સેનાપતિનું મરણ નીપજ્યુ હતુ[1] પરતુ આ બાબતમા મતભેદ છે. મતલબ કે ખરો ખુની જણાયો નથી. સર રોબર્ટ મોન્ટગોમરિએ પ્રથમ આખી પલ્ટણ પર ખૂનનો ગુનો ચઢાવ્યો હતો પણ છેવટે લખ્યુ હતું કે તપાસ કરતા જણાયુ છે કે કોઇ ખાસ માણસના અસ્રાઘાતથી ૨૬ મી પલ્ટણના સરદારનુ મરણ નીપજ્યું છે ? સરદારના મરણથી સિપાહીઓ ભયના માર્યા નાસવા લાગ્યા. એ વખતે દંડ વિધાતા ફ્રેડરીક કુપર સાહેબ આવી પહોચ્યા તેમણે આપેલો દંડ કેવો ભયકર હતો, કેવો રાક્ષસી હતો, તે નીચેની વિગતપરથી બરાબર સમજાશે

સિપાહીઓ જ્યારે ઇરાવતી તરફ દોડ્યા, ત્યારે કુપર સાહેબ ૮૦–૯૦ ઘોડેસ્વારો લઈ તેમની પાછળ પડ્યા. સિપાહીઓ ઇરાવતી નદીને કિનારે આવી નદી ઉતરવા માટે પાસેથી નૌકા માગવા લાગ્યા. પણ ગામડિયાઓએ તેમને મદદ ન કરી. ઉલટા તેઓ તો સિપાહી-

---

1. Cooper, Crisis in the Punjab. P 153.

ઓને રોકી રાખવાનો પ્રયત્ન કરવા લાગ્યા એ દરમિયાન ઉજનાલા નામના સ્થળનો તેસીલદાર પોલીસ સૈન્ય સાથે ત્યા આવી પહોચ્યો. ગામડીયાઓએ તેને મદદ કરી તેઓના એકત્ર આક્રમણથી લગભગ ૧૫૦ સિપાહીઓ માર્યા ગયા થોડીવારમા ડેપ્યુટી–કમિશનર સાહેબ આવી પહોચ્યા તેમણે આ બનાવનુ વર્ણન આ પ્રમાણે કર્યું છે·—

" ગામડિયાઓના હલ્લાથી સિપાહીઓમાના ઘણાખરા નદીમા ડુબી મુવા. કેટલાક લાકડાના ટુકડાને વળગી નદીના મધ્ય ભાગમા આવેલા એક બેટ તરફ જવા લાગ્યા. ખોરાક વિના તેઓ ઘાયલ બની ગયા હતા, મુસાફરીના થાકથી તેઓ થાકી ગયા હતા, તે ઉપરાત આ ઓચિંતા હલ્લાથી તેઓ જીવનની આશા તજી બેઠા હતા જંગલી પક્ષીઓ જેમ નદીમા તરફડિઆ મારતા મારતા જીવ બચાવવા માટે તરે તેમ આ સિપાહીઓ પણ જીવ બચાવવા ખાતર તરવાનો પ્રયત્ન કરવા લાગ્યા. તેઓને પકડવા માટે તરત જ બે હોડીઓ નદીમાં ઉતારવામા આવી એ વખતે સૂર્ય પોતાના પ્રચડ કિરણો વરસાવી રહ્યો હતો. સિપાહીઓ ૨૦ મિનિટમા પેલા બેટમા જઇ પહોચ્યા. અતિશય નિરાશ થઇ ૪૦–૪૫ સિપાહીઓએ નદીમા ઝપલાવ્યુ હતું. તેઓને પકડવા માટે જે સ્વારો દોડાવવામા આવ્યા હતા, તેઓ સિપાહીઓના માથા પર ગોળીબાર કરવા તૈયાર થયા. પરતુ તેઓને ગોળીમાર કરતા અટકાવવામા આવ્યા. આથી સિપાહીઓએ ધાર્યું કે ડેપ્યુટિ કમિશનર આપણા પર દયા કરશે. આવા વિચારથી તેઓ શરણે આવ્યા. તેઓના હાથમા હાથકડીઓ નાખવામા આવી, છતા તેઓએ કશી આનાકાની ન કરી. તેઓએ ધાર્યું હતુ કે લશ્કરી

1. Martin, Indian Empire, Vol. II. P. 427

અદાલતમા અમારૂં કામ ચાલશે. કામ ચાલ્યા પહેલા અમને ખાવા-પીવાનું મળશે આથી ૩૬ બળવાન સિપાહીઓને એક માણસે પકડયા છતા તેઓએ ચુ કે ચા ન કર્યું. મધરાત સુધીમા ૨૮૨ સિપાહીઓને ઉજમાલાના પોલિસ સ્ટેશને આણવામા આવ્યા એ સિવાય તણુવાહક, ડોળી ઉપાડનાર વગેરે અનેક નોકરચાકરોને ગામડિયાઓના પહેરા નીચે રાખવામા આવ્યા. બીજે દિવસે થોડો થોડો વરસાદ વરસતો હોવાથી હત્યા કરવાનું કામ બંધ રહ્યુ. ૧ લી ઓગસ્ટે કામ શરૂ થયુ. એ દિવસે મુસલમાનોની બકરી ઇદ હતી એ દિવસે સિપાહીઓને મરણશરણ કરવાની તૈયારી થઇ. મે સિપાહીઓને બાધવા માટે પુષ્કળ દોરડા એકત્ર કરવાનો હુકમ આપ્યો હતો. શિખો મારા હુકમ મુજબ પુંકળ દોરડા લઇ નક્કી કરેલ સ્થળે આવી ઉભા. એ સ્થળે ઝાડોની સખ્યા બહુ નહોતી. તેથી બધા સિપાહીઓને ફાસીએ લટકાવવાની સગવડ થાય તેમ નહોતું. છેવટે દશ દશ સિપાહીઓના ટોળાને અનુક્રમે મજબુત દોરડા વડે બાધી ગોળીએ વીંધી નાખવાનો ઠરાવ થયો સિપાહીઓએ જ્યારે આ વાત જાણી ત્યારે તેઓ અતિશય નવાઇ પામ્યા અને ગુસ્સાથી અધીરા થઇ ગયા કેવળ એક જ એ ગ્લો સેકસન મેજિસ્ટ્રેટ (કુપર સાહેબ પોતે) ઘટના સ્થળે હાજર રહી હત્યા કરવાની વ્યવસ્થા કરવા લાગ્યો. દર વખતે દશ દશ સિપાહીઓને દોરડા વડે બાધી બલિદાન ભૂમિ પર લાવવામા આવ્યા. શિખો તો ગોળીબાર કરવા માટે તૈયાર જ હતા. મેજિસ્ટ્રેટ પોલિસ સ્ટેશન પર બેઠો હતો તેના હાથ નીચેના અમલદારો તેની ચારે તરફ વીંટળાઇ આ ભયંકર કાર્ય નિહાળતા હતા. ગુનેહગાર સિપાહીઓ તેમની પાસેથી પસાર થયા, મેજિસ્ટ્રેટ અને શિખો એ મરવાની અણી પર

આવેલા લોકોનો તિરસ્કાર કરવા લાગ્યા. તેઓ બલિદાન ભૂમિ પર આવી દશ દશની ટોળીમા એક સાથે આત્મવિસર્જન કરવા લાગ્યા. આ પ્રમાણે ૧૫૦ સિપાહીઓના અમર આત્મા કોઇ અજાણ્યે સ્થળે ઉડી ગયા, ત્યારે એક જલ્લાદ મૂર્છાવશ થઇ પડયો થોડીવાર આ ભયકર કાર્ય બધ રાખવામા આવ્યુ ત્યારબાદ પાછુ એ વિનાશકારક કાર્ય શરૂ કરવામા આવ્યુ. ૨૩૭ સિપાહીઓ માર્યા ગયા બાદ એક અમલદારે મેજિસ્ટ્રેટને જણાવ્યુ કે બાકીના સિપાહીઓ કોટડીમાથી બહાર નીકળવા માગતા નથી. તેઓને એ કોટડીમા થોડી વાર માટે પૂરી રાખવામા આવ્યા હતા. આ સમાચાર મળતા હુ એ સ્થળે ગયો. કોટડીનુ બારણુ ઉઘાડવામા આવ્યુ એટલે જણાયુ કે હોલ્વેલ સાહેબે વર્ણવેલી કાળી કોટડીના બનાવનુ પુનરાવર્ત્તન થયુ છે. ભયથી, થાકથી, ગરમીથી, અને શ્વાસ રૂંધાઇ જવાથી એ કોટડીમાના ૪૫ સિપાહીઓ મરણ પામ્યા છે સ્થાનિક ફરાસદ્વારા મુડદા બહાર કાઢવામા આવ્યા પોલિસ સ્ટેશનથી ૧૦૦ ગજ દૂર એક ઉડો કુવો હતો મારી નાખેલા સિપાહીઓના મુડદાને એ કુવામા ફેકી દેવામા આવ્યા. પેલા ૪૫ સિપાહીઓના મુડદાને પણ એજ કુવામા ફેકી દેવામા આવ્યા. કાનપુરમા એવો એક કુવો છે, ઉજનાલામા એવો જ એક કુવો થયો "[1]

આ પ્રમાણે ઉજનાલાનો નરમેધ યજ્ઞ સમાપ્ત થયો યજ્ઞ કરનાર કુપર સાહેબને આ કાર્યના બદલામા ઉપરિ અમલદારો તરફથી માન-અકરામ મળ્યા વડા કમિશનર સર જોન લોરેન્સે તેને ધન્યવાદ આપ્યો, વડા ન્યાયાધીશ સર રોબર્ટ મોન્ટગોમરિએ પત્રદ્વારા તેના

---

૧. Cooper, Crisis in the Punjab P 160-167.

કાર્યને વખાણ્યું ગવર્નર જનરલે પણ તેની બહુ પ્રશંસા કરી હિંદના દેશી રાજાઓ તરફથી પણ કુપર સાહેબને બહુ માન મળ્યુ, કપુરથલાના રાજા રણધીરસિંહે તેનું માન જાળવ્યુ, નરમેધકર્ત્તા અવિકાર ચિત્તે માણસોનું લોહી રેડી આ પ્રમાણે ઉત્તમ જનોની પ્રશસા, અને આદરમાન મેળવવા લાગ્યો.

સર રોબર્ટ મોન્ટગોમરિએ આ બાબતમા કુપર સાહેબની ખાસ પ્રશસા કરી લખ્યુ હતુ કે જ્યા સુધી કુપર સાહેબ જીવતા રહેશે ત્યા સુધી આ કાર્યનું જયચિહ્ન તેની ટોપી પર ઝળકયા કરશે માણસોનું લોહી રેડનારા શિખોને ઇનામ તરીકે પુષ્કળ પૈસા આપવામાં આવશે. અહીં (લાહોરમા) સિપાહીઓની ત્રણ ટુકડીએ બંડ ઉઠાવ્યું હોવાથી ભારે ચિંતા થાય છે તેઓની પણ આવી જ દશા થશે.[૧] એક નિષ્પક્ષપાત ઇતિહાસ કર્ત્તાએ આ પ્રસગના સબધમા લખ્યું છે, કે "ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવામા ઉત્સાહી માણસ આની ખૂનરેજીને જયચિહ્ન સ્વરૂપ માને એ સાભળી ભારે નવાઇ ઉત્પન્ન થાય છે. લાહોરની બીજી ત્રણ ટુકડીઓએ તેઓ સાહેબને મુશ્કેલીમા મૂક્યા હોવાથી એ મુશ્કેલીમાથી મુક્ત થવા માટે તેઓ સાહેબ એવુ જયચિહ્ન મેળવવાની સગવડ કરી આપતા હશે. કુપર સાહેબ કલકત્તાની કાળીકોટડી અને કાનપુરના કુવા સાથે ઉજનાલાની કોટડી અને કુવાની તુલના કરે છે. જો મનુષ્યોની અસહ્ય વેદનાની ઉપેક્ષા કરવાના વિષય પર લખવામા આવે તો સિરાજુદ્દૌલા, નાનાસાહેબ અને આ અગ્રેજ મેજિસ્ટ્રેટે કરેલી ખૂનરેજીની તુલના થઇ શકે. જ્યા સુધી કારાગૃહના રક્ષકો સુરક્ષિત હતા ત્યા સુધી નાનાસાહેબના હતભાગ્ય બંદીવાનો

---

૧. Cooher, Crisis in the Punjab. P. 168

અક્ષતશરીરે રહ્યા હતા. જ્યારે તેઓનું રક્ષણ કરવુ કારાગૃહના રક્ષકોને અગવડ ભર્યું થઇ પડયુ ત્યારે તેઓએ એકદમ અતિશય નિર્દય રૂપે બંદીવાનોને મારી નાખ્યા. આવા કાર્યનો એકજ બચાવ થઇ શકે કે જેઓનુ જીવન ભયમા આવી પડયુ હતું, તેઓએ જ આવુ કાર્ય કર્યું હતું.

પરંતુ સિરાજુદૌલા ઉપર એવો આરોપ મૂકવામા આવે છે કે તેણે કાળીકોટડીમા જીવતા રહેલા માણુસો માટે કશી કાળજી દર્શાવી નહોતી. કુપરના વર્ણુન પરથી જણાય છે કે ઉજનાલાની કાળીકોટડીમા પણ જીવતા માણસો હતા તેઓનું શુ થયુ તે જણાવવામા આવ્યું નથી એક ધવાયેલ સિપાહીને મહારાણીના સાક્ષી તરીકે રાખ્યો હતો એ સિવાયના બીજા બધા બદીવાનોને મારી નાખવામા આવ્યા હતા. એવું કહેવાય છે કે સિપાહીઓએ ગુનો કર્યો તે બાદ ૪૮ કલાકમા કાયદા અનુસાર લગભગ ૫૦૦ માણુસોને મારી નાખવામા આવ્યા. વાચક પૂછી શકે કે આ બધા અસહાય–અમલદારોના વર્ણુન મુજબ નિઃશસ્ત્ર, ભયાવિહ્‌વળ, ભૂખ્યા અને થાકયાપાક્યા માણસોની ખૂનરેજી ક્યા અપરાધથી–ક્યા કાયદા મુજબ થઇ હતી? કુપર સાહેબે જવાબ આપ્યો છે કે "તેઓનો અપરાધ બળવો ઉઠાવવાનો હતો. આ બધા માણુસોએ જો ભયકર અપકીર્તિ રૂપ ખૂનનું પાપ ન કર્યું હોત તો તેઓના સંબંધમા કાયદાનો નિયમ જુદોજ હોત પણુ ખૂન કર્યું હોવાથી તેઓના અપરાધની સજા મૃત્યુ સિવાય બીજી હોઇ શકે જ નહિ." જે સિપાહીને મહારાણીના સાક્ષી તરીકે રાખ્યો હતો, તેને લાહોર મોકલવાની માગણી મોન્ટગોમરિએ કરી હતી. તે મુજબ એ માણુસને લાહોર મોકલવામા આવ્યો હતો. ત્યારબાદ બીજા ૪૧ સિપાહીઓ

પકડાયા. તેને પણ લાહોર મોકલવામા આવ્યા. ત્યા તે બધાને તોપના મોઢે બાધી ઉડાડી દેવામા આવ્યા. આ પ્રમાણે કુપર સાહેબે દલતા પૂર્વક જે કહ્યુ હતું તેજ બન્યુ. ૨૬ મી પલટણના સિપાહીઓનું નિકંદન નીકળી ગયુ"[૧]

દીર્ઘદૃષ્ટિવાળા અગ્રેજ ઇતિહાસકારોએ પોતાના સ્વદેશ બાધવોના કાર્યનુ ઉપર પ્રમાણે વર્ણન કરેલુ છે કાળીકોટડીનો બનાવ હોલ્વેલ સાહેબની કલ્પનામાથી ઉદ્ભવેલો છે કે નહિ તે બાબતમા મતભેદ છે. ઘણા ઇતિહાસકારો એ બનાવને હોલ્વેલ સાહેબની કલ્પનામાથી ઉદ્ભવેલો માને છે કદાચ એ બનાવ સત્ય હોય તો પણ સિરાજુદ્દૌલાએ બાકી રહેલા કેદીઓના જીવનને નુકસાન કર્યુ ન હોતું ઘણા ખરા અંગ્રેજ ઇતિહાસકારો સિરાજુદ્દૌલાને જૂલમી તરીકે ઓળખાવી ગયા છે. પણ એ જૂલમી નવાબ આગળ પણ તેઓના સ્વદેશબાધવો અક્ષત રહ્યા હતા. પરતુ ઉજનાલાની ઘટનામા તો અગ્રેજ ન્યાયાધીશે બાકી રહેલા સિપાહીઓને મૃત્યુદડ આપ્યો હતો નિરૂપાય બનેલા, અસહાય શત્રુઓ તરફ સિરાજુદ્દૌલાએ ધૈર્ય દાખવ્યુ હતું, પણ અગ્રેજ ન્યાયાધીશ તેવુ ધૈર્ય દર્શાવી શક્યો નહોતો દેશકાલ અને પાત્રાનુસારે મનુષ્યોના નિર્દયભાવ સંબધમા વિચાર કરીએ તો ઉજનાલાની આ ભયંકર ખૂનરેજી હોલ્વેલે વર્ણવેલા કાળી કોટડીના બનાવ કરતા પણ વધારે રાક્ષસીપણું દર્શાવી આપે છે.

૨૬મી પલટણના નિઃશસ્ત્ર સિપાહીઓના આવા શોચનીય પરિણામની વાતો સાભળી લોકો બહુ જ બીધા અને ઉશ્કેરાયા ઘોડેસ્વાર સિપાહીઓ જે ઘોડાઓ વાપરતા હતા, તે ઘોડાઓ તેમના પોતાના

૧. Martin, Indian Empire. Vol. II. P. 428–429

હતા પરંતુ સરકારે એ બધા કબજે કર્યાં હોવાથી સિપાહીઓ બહુ ઉશ્કેરાયા. મોન્ટગોમરિ સાહેબે એ વિપત્તિજનક લોકોના હાથમાંથી મુક્ત થવા માટે પૂર્વોક્ત પ્રણાલી મુજબ વર્ત્તવાનો નિશ્ચય કર્યો. તેણે લાહોરના ૩૦૦૦ સિપાહીઓનું નિકંદન કાઢી નાખવાની ઇચ્છા પ્રદર્શિત કરી.[૧] આ વખતે સિપાહીઓ પર અમલદાર વર્ગને કેટલો બધો ગુસ્સો ચઢયો હતો તે આ ઘટના પરથી સ્પષ્ટ સમજાય છે. એટલું ખરૂં કે લાહોરના સિપાહીઓ ઉશ્કેરાતા જતા હતા, તેઓમાંના અનેક અંગ્રેજો વિરૂદ્ધ હથિયારો ચલાવવા તત્પર થયા હતા છતાં બધા એ વિચારના ન હોતા. તેઓમાંના કોઈ કોઇ તો અંગ્રેજોના બચાવ માટે પુષ્કળ પ્રયત્ન કરી રહ્યા હતા તેઓની વફાદારી હજુ સુધી અચળ રહી હતી પરંતુ અમલદારો કોઈ કોઇ સ્થળે એ વફાદારીનું ભાન જાળવી શકતા નહોતા તેઓ તો બધા સિપાહીઓને ચોપગા જનાવર માની બેઠા હતા. ગમે તે ઉપાયે એ ચોપગા પશુઓને આ પૃથ્વી પરથી વિદાય કરી દેવામાં જ તેઓ કૃતકૃત્યતા માની બેઠા હતા. આ ઉદ્દેશ પાર પાડવામાં તેઓ પોતાની અપરિસીમ કાર્યતત્પરતા અથવા અનંત રાક્ષસીપણું દેખાડી રહ્યા હતા

પરંતુ અમલદારોની આવી દૃઢતા નજરોનજર નિહાળ્યા છતાં પંજાબના લોકો અંગ્રેજોની સત્તાના સ્થાયિત્વના સંબંધમાં સંદેહ શૂન્ય થયા નહોતા આ બાબતમાં તેઓની આસ્થા ધીમે ધીમે ડગમગતી જતી હતી તેઓને અંગ્રેજી સત્તાપર અવિશ્વાસ પેદા થયો હતો.[૨] પેશાવરમાં બનેલા એક બનાવપરથી આ બાબતની સાબીતિ મળી

૧ Martin, Indian Empire Vol II. P. 429

૨ Holmes, Indian Mutiny P. 373.

આવે છે. જુલાઇ માસના મધ્ય ભાગમા એડવર્ડસે પેશાવરના આબરૂદાર માણુસો પાસેથી અગાઉથી પૈસા લેવાનો ઠરાવ કર્યો તેઓ સાધારણ પ્રજાની માફક કંપનિનું આધિપત્ય નષ્ટ થયુ છે એમ માનતા નહોતા, છતા તેઓને પોતાની દોલત માટે બહુ ચિંતા થતી હતી આથી તેઓએ એડવર્ડસની માગણીનો બરાબર જવાબ વાળ્યો નહોતો. છેવટે તેઓએ એડવર્ડસની પાસે પોતાના આગેવાનોને મોકલવાનું વચન આપ્યુ આગેવાનોએ પણ આ બાબતમા કંઇ ઉત્સાહ બતાવ્યો નહિ ઉલટા તેઓ એક બીજાપર બધો ભાર નાખવા લાગ્યા. છેવટે એડવર્ડસની દૃઢતા અને કાર્યતત્પરતા આગળ તેઓનું કંઈ ચાલ્યુ નહિ.

સેનાપતિ નિકલ્સન ૭ મી ઓગસ્ટે દિલ્હી આવી પહોચ્યો તે સેનાપતિ વિલ્સન સાથે મસલત કરવા માટે અગાઉથી દિલ્હી આવ્યો હતો. તેણે દિલ્હી પહોચ્યા બાદ તરત સેનાપતિ વિલ્સનની મુલાકાત લીધી તેનો ઉન્નત દેહ, દીપ્તિમય આખો અને મુખમંડલનુ અનિવાર્યનીય તેજ આખા લશ્કરમા પ્રતિભા પાડી રહ્યું હતું બધા સૈનિકો પ્રથમ દર્શનેજ તેને વીર પુરુષ માનવા લાગ્યા. તેઓની એ ધારણા ખોટી નહોતી નિકલ્સન ખરા વીર પુરુષને લાયક ગુણોથી વિભૂષિત હતો. તેણે આવતા જ પોતાના ગુણોની ઓળખાણ કૃતિવડે આપી દીધી. તે આખી છાવણીમા ફરી વળ્યો, દરેક બાબત પર સૂક્ષ્મતા પૂર્વક લક્ષ આપવા લાગ્યો. તે જ્યારે બીજા સૈનિકો સાથે ભોજન કરવા બેસતો ત્યારે તેનો મૌનભાવ નિહાળી અનેક સૈનિકોને તેના તરફ તિરસ્કાર આવતો. તે જ્યારે વ્યૂહરચના નિહાળવા એક જગાએથી બીજી જગાએ જતો ત્યારે તેનો રૂક્ષભાવ નિહાળી અમલદારોના મનમા અસંતોષ પેદા થતો હતો દિલ્હીના ઘેરાનો ઇતિહાસ લખનાર

આ સબધમા નીચે પ્રમાણે જણાવે છે " એ વખતે એક મજબૂત બાધાનો અજાણ્યો પુરુષ અમારી લશ્કરી છાવણીમા ભટકતો હતો તે દરેક સ્થળનું સૂક્ષ્મ વિવરણ, બલાબલ અને ઇતિહાસનુ ઉંડુ જ્ઞાન મેળવવા ઇચ્છતો હતો. તેના પહેરવેશ પરથી તેની પદવી વિષે જરા પણ ભાન થતું નહોતુ આ વખતે અનેક સૈનિક અમલદારો પોતપોતાની ઇચ્છા મુજબ પોશાક પહેરતા હતા એક અમલદારના પહેરવેશ સાથે બીજા અમલદારના પહેરવેશનુ મળતાપણું જવલ્લેજ જણાતું હતું. થોડીવાર પછી અમારા જાણવામા આવ્યુ કે એ અજાણ્યો આદમી તો સેનાપતિ નિકલ્સન છે અગાઉ કોઇએ એ સાહેબની આકૃતિ જોઇ નહોતી. આ વાતની ખબર પડતાજ લોકોમા છાની વાતો થવા લાગી કે સેનાપતિ નિકલ્સન લશ્કરી બાબતમા અસાધારણ માણસ ગણાય છે તેનો આકાર જાણે રાક્ષસોના નમુનાપર બનાવ્યા હોય એવો જણાતો હતો તેની છાતી વિશાળ હતી, હાથ પગ અતિશય શક્તિ સપન્ન હતા, હાવભાવ ઉત્સાહ અને કર્તૃત્વવ્યજક અને રૂક્ષભાવ બતાવી આવતા હતા, દેહ સુદર હતો, મૂછો લાબી ને કાળી હતી; કઠસ્વર ઉન્નત અને ગભીર હતો, તેનામા જે શક્તિ, દૃઢતા અને ગુણો હતા તે તેની આકૃતિ પરથી બધા સમજી શકે તેમ હતું "[૧] આવો વીર હવે દિલ્હીનો ઉદ્ધાર કરવા આવી પહોચ્યો હતો સૈનિકો શરૂઆતમા આ વીરપુરુષના ઉદ્ધત સ્વભાવથી અસંતુષ્ટ થયા છતાં છેવટે તેના ગુણોથી જાણીતા થઇ, તેને પોતાનો ઉદ્દેશ પાર પાડનાર પ્રધાન સહાયક માનવા લાગ્યા.

---

૧ History of the Siege of Delhi. Kaye Sepoy War Vol. II P. 649, note.

વિના વિલંબે કાર્ય શરૂ કરવામા આવ્યુ નિકલ્સનના સૈનિકો ઝપાટાબધ દિલ્હી તરફ કુચ કરતા હતા, તેઓને લાવવા માટે નિકલ્સને છાવણી છોડી. તે ૧૪ મી ઓગસ્ટે પોતાના સૈન્ય સાથે છાવણીમા આવી પહોચ્યો. છાવણીમાના સૈનિકો તેના આગમનથી બહુજ ખુશી થયા. તોપો પણ પાછળ આવતી હતી. દિલ્હી અને પંજાબનો રસ્તો બધ ન હોવાથી અંગ્રેજોને બહુ સગવડ મળતી હતી સિપાહીઓ એ રસ્તો બધ કરવાનો પ્રયત્ન કરતા હતા ૧૪ મી ઓગસ્ટે તેઓ પ્રયત્ન કરવા માટે નગર બહાર નીકળ્યા હતા. સિધનો રાજા અંગ્રેજોનો પરમ મિત્ર હતો. તે રાજાના મુલકપર હુમલો કરવો એ સિપાહીઓનો પ્રધાન ઉદ્દેશ હતો. સેનાનાયક હડસન પોતાના ઘોડેસ્વારોને લઇ તેઓની પાછળ પડયો. તેની સાથે સિપાહીઓને થોડી ઘણી ઝપાઝપી થઇ. આ ઝપાઝપીમા સિપાહીઓ જીત મેળવી શક્યા નહિ. વરસાદ વરસવાથી એ સમયે સ્થળે સ્થળે ખાબોચિઆ ભરાઇ રહ્યા હતાં. આવજા કરવાનો રસ્તો દુર્ગમ બનેલો છતા હડસન આજુબાજુનાં સ્થાનો તપાસી ૨૨ મી ઓગસ્ટે છાવણીમા પાછો ફર્યો.

નિકલ્સનના સૈન્યની પાછળ ફિરોજપુરથી દિલ્હી આવવા નીકળેલું તોપખાનું ઝપાટાબંધ ધસ્યું આવતું હતું. એ તોપખાનાને ઘેરવા માટે દિલ્હીમા આવી રહેલી બરેલી અને નિમચની પલટણોએ ૧૮ તોપો લઇ તા. ૨૪મી જુલાઇએ મુસાફરી શરૂ કરી બીજે દિવસે સવારમાં સેનાપતિ નિકલ્સન ૧૦૦૦ યુરોપિઅન અને ૨૦૦૦ દેશી સૈનિકો લઇ એ પલટણોને અટકાવવા બહાદુરગઢ નામના ગામડા તરફ ગયો. કારણ કે તેને એવી બાતમી મળી હતી કે સિપાહીઓ એ ગામડા

તરફ આગળ વધે છે એ વખતે ધોધમાર વરસાદ પડતો હતો. રસ્તો કાદવ અને પાણીના ખાબોચિયાથી ભરપૂર બની ગયો હતો. પાયદળ સેના બહુ મુશ્કેલીથી આગળ વધવા લાગી. કાદવવાળા રસ્તામા લપસી ન પડાય એ ખાતર તેઓ બહુ સાવચેતીથી ચાલવા લાગ્યા તોપચીઓ કાદવવાળા રસ્તામા તોપો ચલાવવા માટે વખતો વખત પૈડા ઠેલવા લાગ્યા. આ પ્રમાણે બહુ મહેનતે ૬ કલાકે ફક્ત ૯ માઇલ રસ્તો કપાયો એ દરમિઆન નિકલ્સનના જાણવામા આવ્યુ કે બંડખોરો બહાદુરગઢ છોડી નુજુરૂગઢની ખાઇ તરફ ગયા છે. તેણે તરતજ નુજુરૂગઢ તરફ કુચ કરવાનો હુકમ આપ્યો. લગભગ ૪ વાગ્યાને શુમારે ખાઇની એક શાખા પાસે આવી પહોચતા જણાયુ કે શત્રુઓ પેલેપાર લડવા માટે તૈયાર થઇ ઉભા છે નહેરનો પૂલ તેમની જમણી બાજુએ છે. આગળના ભાગમા એક ધર્મશાળા અને તેની ડાબી અને જમણી બાજુએ બે નાના ગામડા આવેલા છે એ બંને ગામડા બંડખોરોના કબજામા રહ્યા છે તેઓએ બંને ગામડામા ત્રણ, ધર્મશાળામા ચાર અને નહેર ઉપર ૩ તોપો ગોઠવી છે. તેઓની ડાબી બાજુએ આવેલું નુજુરૂગઢનું ગામડુ પણ કબજે થયુ છે. લગભગ ૫ વાગે અંગ્રેજોનું બધુ સૈન્ય નહેર ઉતરી સામે પાર ગયુ. નિકલ્સનને સિપાહીઓની ગોઠવણુ તપાસી ધર્મશાળા પર હુમલો કરવાનો સંકલ્પ કર્યો કારણ કે સિપાહીઓના તાબામા આવેલા સ્થાનોમા ધર્મશાળા એ જ પ્રધાન વ્યૂહ તરીકે ગણાતી હતી આવો નિશ્ચય કરી નિકલ્સને ૬૧મી યુરોપિઅન પાયદળ પલટણને સંબોધી કહ્યું, "સર કોલિન કેમ્પબેલે ચિલિયનવાલાની લડાઇ વખતે તેમને

જે કહ્યુ હતું તે તમારાથી અજાણ્યું નથી અને આલ્માના[1] મેદાન પર એજ મતલબના જે વચનો ઉચ્ચારાયા હતા તે તમે સાભળેલા છે. અત્યારે હુ પણ તમને એવા જ એકાદ બે વચનો કહું છુ. તમે જ્યા સુધી પેલી બધી તોપોથી ૨૦ થી ૩૦ ગજ દૂર ન પહોચો ત્યા સુધી ગોળીઓનો વરસાદ વરસાવો, આપણે જેમ બને તેમ જલદી કાર્ય પાર પાડી શકીશુ."[2]

અંગ્રેજ લશ્કરની તોપોએ સૌ પહેલા લડાઈ શરૂ કરી. થોડો વખત ગોળા ફેંક્યા બાદ પાયદળ લશ્કર આગળ વધ્યુ તે લશ્કર સેનાપતિ નિકલ્સનની પાછળ રહી ગોળીઓનો વરસાદ વરસાવતું વરસાવતુ તોપોથી ૨૦ ગજ જેટલે અતરે પહોચ્યુ સેનાપતિએ હવે તેને સગીન ચલાવવાનો હુકમ આપ્યો થોડીવારમા તોપો કબજે કરવામા આવી, સિપાહીઓ ધર્મશાળા આગળથી દૂર હટી ગયા. તેઓએ બહુ જ બહાદુરીપૂર્વક લડાઇ કરી હતી તેઓમાના અનેક સિપાહીઓએ પાછુ પગલુ ન ભરતા મરણ સ્વીકાર્યું હતું પરતુ રસ્તો કાદવવાળો હોવાથી તેઓ તોપો ખસેડી લઇ જઇ શક્યા નહોતા. વળી એ જ કારણથી યુરોપિઅન સૈન્યને પણ તેમની પાછળ પડવામા વિલબ થયો. અગ્રેજ લશ્કરે જ્યારે સામી બાજુએથી ફરી ડાબી બાજુએ ધર્મશાળા અને નહેરના મધ્ય ભાગમા તોપો ગોઠવી, ત્યારે સિપાહીઓ બધી તોપો તજી પૂલ પર થઇ નાસી ગયા એ દરમિઆન

---

૧ આલ્મા–ક્રિમિયાની એક નાની નદી ક્રિમિયન વિગ્રહમા આ નદી કિનારે એક લડાઇ થઇ હતી ઈગ્લાડ અને ફ્રાસના સૈનિકોના પરાક્રમથી આ લડાઇમા રશિયનો હાર્યા હતા

૨ Holmes, Indian Mutiny P. 378

૧ લી પંજાબી પલટણના પાયદળ સૈનિકોએ નુજ્જુરગઢ કબજે કર્યું. પાસેના એક ગામડામા કેટલાક સિપાહીઓ રહેતા હતા, પંજાબીઓએ તેમના પર હલ્લો કર્યો. પણ તેઓએ પોતાનો બચાવ એવી બહાદુરથી કર્યો કે પંજાબી સૈન્યને હારી જવુ પડ્યુ એ હાર અટકાવવા ખાતર નિકલ્સનને તેઓની મદદમા બીજા સૈનિકો મોકલવા પડયા.

સેનાપતિ નિકલ્સન વિજય પામી આ ખાબોચિયાથી ભરપૂર સ્થાનમા છાવણી નાખી પડયો ઉતાવળે કુચ કરવાની હોવાથી ખોરાકી સાથે લીધેલી નહોતી એથી તેને તથા તેના સૈનિકોને બહુ સહેવુ પડ્યુ. આખી રાત એ ભયાનક સ્થાનમા ભૂખ્યા પડી રહેવુ પડ્યુ. બીજે દિવસે સવારમા ખાઇપરનો પૂલ તોડી પાડવામા આવ્યો વિજયી સૈન્ય દિલ્હી પાછુ ફર્યું

૪ થી સપ્ટેમ્બરે શહેરને ઘેરો ઘાલવાને ઉપયોગી થઈ પડે એવી તોપો વગેરે આવી પહોચ્યુ સર જોન લોરેન્સે દિલ્હી જીતવા માટે આટલી બધી સગવડ કરી આપ્યાથી સૈનિકોમા ભારે ઉત્સાહ ફેલાયો. લગભગ ત્રણ માસ થયા આ મહાન નગરી સિપાહીઓના કબજામા હતી એ શહેર જીતવા માટે અતિ કુશળ ગણાતા સેનાપતિઓ પ્રયત્નો કર્યા કરતા હતા, પણ તે દરેક નિષ્ફળ ગયા હતા અગ્રેજ લશ્કર શહેરમાના સિપાહીઓને મુકાબલે સખ્યામા ને હથિયારોમા ઉતરતું હતુ. આવી દશામા તેઓ અત્યાર સુધી મોગલોની પ્રસિદ્ધ રાજધાની સમક્ષ દીનપણે પોતાના પક્ષની ન સહી શકાય તેવી અધોગતિ નિહાળી રહ્યા હતા પણ હવે તેઓની દશા ફરી તેઓની મદદમા પંજાબથી એક પ્રસિદ્ધ સેનાપતિ યુદ્ધકુશલ સૈનિકો સાથે આવી પહોચ્યો હતો. તે ઉપરાત તોપોનો મોટો જથો પણ તેમની મદદમા આવી પહોચ્યો

હતો. તેથી હવે તેઓ મોગલોની રાજધાની જીતાશે એવી આશામાં મસ્ત બની ગયા. અંગ્રેજ સેનાપતિઓ પણ હવે પ્રફુલ્લ ચિત્તે એ મજબુત કિલ્લેબંધીવાળી મહા નગરીને જીતવા માટે પોતાની બધી શક્તિનો ઉપયોગ કરવા તૈયાર થયા. દિલ્હી સિપાહીઓના કબજામાં રહેવાથી અત્યાર સુધી લોકો એમ માનતા હતા કે હિંદમાં અંગ્રેજોની સત્તા નાશ પામી છે. છેવટે તેઓની એ ધારણા ખોટી છે એ સાબીત કરવા માટે અંગ્રેજ લશ્કરે કમર કસી.

અધ્યાય ૪ થો

બંગાળા અને બિહાર

પ્રકરણ ૧ લું.

કલકત્તા

વિષય નિર્દેશ-કલકત્તા-યુરોપિઅનોનો ભય અને ઉશ્કેરણી-ગવર્નર જનરલની ચિંતા-તેની શાંત વૃત્તિ-જુદે જુદે સ્થળે સૈનિક ટુકડીઓનું મોકલવું-વોલન્ટીયર સૈનિકની ટુકડીઓ-છાપખાના પર દાબ-બરાકપુરના સિપાહીઓના હથિયારો ઉતાર્યા-કલકત્તાના યુરોપિઅન અને ફિરંગીઓની ભયગ્રસ્ત દશા-અયોધ્યાના નવાબ પર જપ્તી-હથિયાર બંધીનો કાયદો ગવર્નર જનરલનો મહેલ અને દેહનું રક્ષણ કરવા માટે યુરોપીઅન સૈનિકો નિમાયા.

ભરતખંડના ઉત્તર ભાગમા જ્યારે આગ ધૂંધવાતી હતી, ત્યારે અંગ્રેજ સેનાપતિ હેવલોક અને નીલ કાનપુર અને લખનોર તરફ ધસતા જતા હતા. સર જૉન લોરેન્સ પંજાબથી દિલ્હીને બચાવવા માટે લશ્કર અને તોપો મોકલી રહ્યો હતો, ત્યારે આ વિશાળ ભરતખંડના લગભગ દરેક વિભાગમાના યુરોપિઅનોના દિલમા ભય પેસી ગયો હતો. જ્યારે જીવન અને સંપત્તિ ભયમા આવી પડે, ઉશ્કરાયલા લોકોના ભયંકર આક્રમણથી સર્વત્ર અંધાધુંધી વ્યાપી જાય, જુદા જુદા સ્થળોમા વસી રહેલા કુટુંબી જનોના ઓચિંતા મરણના સમાચાર સાંભળી હૃદય નિરાશાથી છવાઇ જાય, ત્યારે સ્વભાવિક રીતે દરેક મનુષ્યની નજર રાજા તરફ પડે છે. હિંદના યુરોપિઅનોની સ્થિતિ પણ આવી જ થઇ પડી હતી ચોતરફ વિપતિ આવી પડેલી હોવાથી મુઝાઇ રહેલા યુરોપિઅનો લોર્ડ કેનિંગનું પ્રત્યેક કાર્ય ઉત્સુકતા પૂર્વક નિહાળી રહ્યા હતા ગવર્નરલ-જનરલની અચળ શાંતિ જોઇ ઘણા ખરાના મનમા નાના પ્રકારના સંદેહ ઉઠતા હતા, સદેહ વશ થઈ ઘણા યુરોપિઅનો ગવર્નર જનરલને બેદરકાર માનતા હતા કલકત્તામાના યુરોપિઅન મુસાફરોના મનમા પણ એવો જ સંદેહ ઉત્પન્ન થયો હતો લૅાર્ડ કેનિંગ ધૈર્યપૂર્વક આ વધતા જતા બળવા તરફ નિહાળી રહ્યો હતો દરેક બાજુનો વિચાર કરી ધીમા પણ મક્કમ પગલા ભરી રહ્યો હતો કલકત્તાના યુરોપિઅનો એ ધીર પગલાને બેદરકારીનું સૌમ્ય સ્વરૂપ માની બેઠા હતા લૅાર્ડ કેનિંગને કલકત્તામા બેઠાં ઉત્તર હિંદના જે સમાચાર મળતા હતા, તેથી તેનું હૃદય ચિંતાતુર બની ગયુ હતુ છતા તેના અંતઃકરણમા રહેલી ચિંતા મુખ પર વ્યક્ત થતી નહોતી. તે બેબાકળો ન બનતા ધીરજથી બધુ જોઇ રહ્યો હતો.

જૂન માસમા વાયવ્ય પ્રાતમાના યુરોપિઅનો વિષે વિચાર કરતા તેનું હૃદય અધિક ચિંતાતુર બની ગયુ. એજ વખતે કલકત્તાના યુરોપિઅનો તેનો ઉદ્દેશ ન સમજતા અતિશય ઉશ્કેરણી દર્શાવવા લાગ્યા, તેથી તેની ચિંતા અતિશય વધી ગઇ આવી બને તરફની વિપત્તિમા પણ લૉર્ડ કેનિંગનું સ્વાભાવિક ધૈર્ય ચળ્યુ નહિ

આ વખતે હિંદના જુદા જુદા વિભાગમાથી ગવર્નર જનરલ સમક્ષ જે સમાચાર આપી પહોચતા તે પર ધ્યાન આપી લોર્ડ કેનિંગ આગળ વધતો હતો પરંતુ સ્થાનિક અમલદારો પ્રથમનો બળવાનું ખરૂ સ્વરૂપ સમજી શક્યા નહોતા. ૧૬ મી મેએ કોલ્વિન સાહેબે વાયવ્ય પ્રાતમાથી ગવર્નર જનરલને તાર કર્યો કે ભયકર વિપત્તિ દૂર થઇ છે, હવે બધી બાજુએથી સ્થિતિ સુધરતી જાય છે ત્યારબાદ ચાર દિવસ પછી તેણે દિલ્હીના કમિશનર ગ્રિથેડ સાહેબના વચનો ટાકી ગવર્નર જનરલ પર તાર કર્યો કે, હવે થોડા દિવસમા આ ભયકર બળવો પૂરો થશે. આ આશ્વાસન પૂર્ણ વાતો છેવટે ગગનકુસુમ જેવી નીવડી દિવસ માસ પછી માસ જવા લાગ્યા, પણ કોઇ પણ સ્થળે બડખોર સિપાહીઓ શાત થયા નહિ હિંદના લગભગ દરેક વિભાગમા બડખોરોનુ જોર વધવા લાગ્યુ. વાયવ્ય પ્રાત તો સળગતી આગમાં સપડાયો હતો ગવર્નર જનરલ દરેક સ્થળના સમાચાર જાણવા માટે જેના પર આધાર રાખતો હતો, તેઓની વાત હવે મિથ્યા જણાવા લાગી. ઘણા લોકો આ બળવો કેવળ સિપાહીઓની ઉશ્કેરણીને લીધે ફાટી નીકળ્યો છે એમ માનતા હતા પરંતુ બળવો તો સિપાહીઓમાથી સાધારણ પ્રજામા પણ ફેલાવા લાગ્યો હતો જુદા જુદા સ્થાનના બદમાસ લોકો ગામડામા અશાન્તિ ફેલાવી રહ્યા હતા, તેઓને આવી

દશામા જોઇ અમલદારો દિગ્મૂઢ બની ગયા અને પોતાની નાશ પામતી સત્તાને ટકાવી રાખવા તનતોડ મહેનત કરવા લાગ્યા

અંગ્રેજ ઇતિહાસકારોમાના કોઇ કોઇ લૉર્ડ કેનિગ પર એવો આરોપ મુકે છે કે તેનામા આ વિપત્તિનુ યથાર્થ સ્વરૂપ સમજવાની શક્તિ નહોતી, તેમ આ ભયાનક બળવો અટકાવવા જેટલુ સામર્થ્ય પણ નહોતું આવા સમયમા તો લોર્ડ હેસ્ટિંગ્સ જેવા ગવર્નર જનરલની જરૂર હતી. જ્યારે પોતાની સત્તા તૂટવાની અણી પર આવે, એક સમયના અવજ્ઞાપાત્ર લોકોની ઉશ્કેરણીથી સરકારના સ્વદેશ બાધવો પીડાય, કેદ પકડાય અને માર્યા જાય, ત્યારે ધૈર્ય ધારણ કરવુ એ મહા મુશ્કેલ છે લૉર્ડ કેનિગ પર આરોપ મૂકનાર ઇતિહાસકારો કદાચ તેના ધૈર્યથી અધીરા બની ગયા હશે. ગવર્નર જનરલ તેઓની માફક બધા હિંદીઓને આતતાયી ગણવા તત્પર ન થયો, એ તેઓને તેનો મહાન અપરાધ ભાસ્યો હશે હિદમાના યુરોપિઅનો જ્યારે જીવ પર આવી જઇ હિદીઓના લોહીથી આખુ હિદ ખરડવા માગતા હતા, ત્યારે લોર્ડ કેનિગ તેઓના જેવો દયાહીન બન્યો નહિ, અને તેઓની સાથે એકમત થઇ, સર્વત્ર હિંસ્રકવૃત્તિ પ્રગટ કરવાનો આગ્રહ દર્શાવી શકયો નહિ. આવી વૃત્તિને લીધે જ ઇતિહાસકારોએ તેને નિદ્યો છે. આવી ધીરજને લીધેજ તે લોકો તેને કર્તવ્ય બજાવવામા બેદરકાર, વિપત્તિનું સ્વરૂપ સમજવામા અસમર્થ અને ચાલુ સમયને માટે અયોગ્ય ગણી ગયા છે

પરતુ ગવર્નર જનરલ તેઓની માફક એક દેશદર્શી હતો નહિ. ભયમા આવી પડેલા સ્થાનોમાથી સમાચાર મેળવવામા પણ તેણે આળસ કરી નહોતી વાયવ્ય પ્રાતમાથી તેને જે સમાચારો મળતા તે

અધુરા અને અસત્ય હતા. તેની પાસે જે ખબરો આવતી તેપર સપૂર્ણ વિચાર કરવામા તે કદી આળસ કરતો નહિ અધુરા સમાચાર મળ્યા છતા તેની કાર્ય તત્પરતા છુપાઇ રહેતી નહિ. કલકત્તેથી જે લશ્કર મોકલવામા આવ્યુ હતુ તે લશ્કરવડે બનારસ અને અલાહાબાદના બળવા શાન્ત થયા હતા પરતુ કાનપુરનો બચાવ ન થયો, લખનોર પણ ભયકર વિપ્લવમાથી મુક્ત ન થયુ. આખો વાયવ્ય પ્રાત ભયકર આગના ભડકાથી ઝળહળી રહ્યો હતો તે તો જેમનો તેમ રહ્યો.

લોર્ડ કેનિગનો સ્વભાવ શાત અને દયાળુ હતો પોતાના સ્વદેશ–બાધવોને વિપત્તિમા આવી પડેલા જોઇ તે સદા ઉદ્વેગમા રહેતો હતો. જુદા જુદા સ્થળોના યુરોપિઅનો પોતાનું રક્ષણ કરવા માટે સોલ્જરોની ટુકડી માગતા હતા તે વખતે એ બધાને પૂરા પડે તેટલા સોલ્જરો નહોતા જે થોડી ઘણી સખ્યા હતી તેને છૂટી છવાઇ કરી નાખતા કોઇ પણ સ્થળનો બચાવ થઇ શકે તેમ નહોતુ લોર્ડ કેનિગે જુન માસમા આ સબધમા લખ્યુ છે કે ‘ રાજધાનીની બહારના, જુદે જુદે સ્થળે વસતા યુરોપિઅનોએ પોતાના બચાવ માટે સોલ્જરોની ટુકડી મોકલવાની આજીજી પૂર્વક માગણી કરી છે, તેઓની આ માગણી નામજૂર કરતા હૃદય ફાટી જાય છે. પરતુ આપણુ થોડુ સૈન્ય રાજ્યના જુદા જુદા વિભાગોમા વહેચી નાખતા ઇચ્છિત ફળ મળવાની સંભાવના દૂર થશે ” જુદા જુદા સ્થળના યુરોપિઅનોની માગણી નાકબુલ કરતા લોર્ડ કેનિગને કેટલુ દુખ થતું હતું, તે ઉપલા પત્ર પરથી જણાય છે. છતા તેને આ બાબતની બહુ ચિતા થતી હતી. છેવટે તેણે કાનપુરના સેનાપતિ વ્હીલરની સ્થિતિ બરાબર અનુભવમા ઉતારી. એ વૃદ્ધ સેનાપતિને બચાવવો જોઇએ એવો નિ-

શ્રય કર્યો તેણે દિલ્હીના સેનાપતિ બર્નાર્ડને વ્હીલરની મદદે સૈન્ય મોકલવાની રજા આપી. પરંતુ ગવર્નર જનરલની આ મન્જૂરી યોગ્ય સમયે મળી હતી કે નહિ તે બાબત હજુ સુધી નિશ્ચિત થઇ નથી. જો સેનાપતિ બર્નાર્ડને ગવર્નર જનરલનો પત્ર મળ્યો હોય તો તે નક્કી બહુ નવાઇ પામ્યો હશે. અલાહાબાદથી મદદગાર સૈન્ય કાનપુર જઈ, એ સ્થળનો બચાવ કરે અને ત્યાંબાદ લખનૌરનો બચાવ કરવામા સફળ નીવડે, એ જેટલું અસંભવિત હતુ, તેટલુંજ અસંભવિત દિલ્હીથી કાનપુરના બચાવ માટે સૈન્ય મોકલવુ એ હતુ પરંતુ આ વખતે વાયવ્ય પ્રાંતના બનાવો વિષે કલકત્તાના અધિકારીઓ તદ્દન અજાણ્યા હતા ટપાલનો રસ્તો બંધ થયો હતો. તારના દોરડા તૂટી ગયા હતા. પંજાબ અને વાયવ્ય પ્રાંતમા શુ બને છે, તેના સમાચાર ગવર્નર જનરલ પાસે યોગ્ય સમયે પહોંચતા નહોતા ઘણી વેળા તદ્દન જૂઠા સમાચારો કલકત્તાના બજારોમા ફેલાતા હતા આવા સમાચારોથી અમલદારવર્ગ ગભરાઇ જતો હતો એક વેળા એવા સમાચાર આવતા કે આપણી જીત થઇ છે, પણ થોડીવાર પછી એ સમાચાર જૂઠા છે એવુ જાણવામા આવતાંજ દિલગીરી ફેલાઇ રહેતી કલકત્તામા એકથી વધારે વાર સમાચાર આવ્યા હતા કે દિલ્હી જીતાયુ છે કેવળ કલકત્તામાંજ નહિ પણ અલાહાબાદ, આગ્રા, કાનપુર, લખનૌર વગેરે સ્થળોએ પણ એવાજ જૂઠા સમાચારો ફેલાયા હતા આ જૂઠા સમાચારપર આધાર રાખી કોઇ કોઇ સ્થળના સત્તાવાળાઓએ તો તોપોનો બાર કરી પોતાનો હર્ષ દર્શાવવામા પાછી પાની કરી નહોતી

બળવાના મથકોની સત્ય સ્થિતિથી અજાણ્યો છતા લોર્ડ કેનિંગે આ વખતે જે પત્રો લખ્યા હતા, તે પત્રો પરથી તેના હૃદયના

વિચારો જણાઇ આવે છે તેના પર જે પત્રો આવતા તેના જવાબો તે તરત જ આપતો ઘણી વેળા લશ્કરી અમલદારો અતિ કોપાવેશમા આવી જઇ પોતાનો કોપ ગરીબડા હિદીઓનુ લોહી રેડી શાત પાડવા ગવર્નર જનરલ પર પત્રો લખતા એક મુખ્ય લશ્કરી અમલદારે સિપાહીઓને ત્રાસ આપવા માટે તેઓને કઠોરમા કઠોર સજા કરવાની માગણી કરી લોર્ડ કેનિંગે તેને જવાબ આપ્યો કે "આપ સિપાહીઓમા ભય ઉત્પન્ન કરવાનુ આવશ્યક ગણો છો, પરતુ જે સિપાહીઓ હજુ સુધી પોતાની જાતિ અને ધર્મ નષ્ટ થવાના, પોતાના સાથીઓ સમક્ષ અપમાન પામવાના, અગર પોતાના બીજા ગુનેહગાર સાથીઓની માફક પોતાનો નાશ કરવા માટે યુરોપિઅન સૈન્ય આવવાના સદેહથી ઉશ્કેરાયા નથી, તેઓ દ્વારા તેઓને ઠેકાણે પાડવાનું કાર્ય અતિશય દુસાધ્ય બની જશે આપની ભ્રમપૂર્ણ માગણી આ રોગનો ખરો ઉપાય નથી. હુ આપને સાવચેતી આપુ છુ કે સરકારે આપને જે પદ્ધતિ મુજબ વર્ત્તવાનું કહ્યુ છે તે પદ્ધતિથી જરા પણ ઉલટા વરતશો નહિ એ પદ્ધતિ પર હમેશા શ્રદ્ધા રાખશો કઠોરતાપૂર્વક જૂલ્મ ગુજારવો એ કઇ ઉત્સાહનુ કાર્ય ગણી શકાય નહિ." લોર્ડ કેનિગના દીર્ઘ દૃષ્ટિવાળા અને અનુભવી મદદગારોએ પણ આ મતને ટેકો આપ્યા હતો. સર હેન્રિ લોરેન્સે જેમ વચનો વડે નિર્દોષ લોકોને અભય આપ્યુ હતું, શાત લોકોને રાજભક્તિ દર્શાવવાને ઉત્સાહ ચડાવ્યો હતો, અનિષ્ટકારી લોકોને સજા કરવામા અપાર શૌર્ય દાખવ્યું હતુ તે જ રીતે કાર્યદ્વારા પણ તે જ સિદ્ધ કરી બતાવ્યું હતું સર હેન્રિના લાયક સહોદરે (સર જોન લોરેન્સ) કહ્યું હતું કે "આપણી કઠોર શિક્ષાપદ્ધતિથી સાધારણ પ્રજામા ઉદ્વેગ અને શંકા

લાબા સમય સુધી અચળ રહેશે " સર જેમ્સ આઉટરામે પણ એક અમલદારને જૂલમનો બદલો જૂલમથી લેવાની માગણી કરતા તેની માગણીનો તિરસ્કાર કરતા જણાવ્યું હતું કે " મે દરેક વખતે લક્ષ પૂર્વક નિહાળ્યુ છે કે વ્યવસ્થાપક સમિતિમા જે સભાસદો માણસોનું લોહી રેડવાનો અતિશય આગ્રહ દર્શાવે છે તે જ સભાસદો કાર્ય કરતી વખતે નમાલા ને બાયલા માલમ પડે છે " મતલબ કે આ વખતે યુરોપિઅનોની વૈરવૃત્તિ એટલી બધી પ્રબળ બની ગઇ હતી કે આવા ઉંચા દરજ્જાના અમલદારોને એની ગતિ અટકાવવા માટે જાહેરમા આવા વચનો ઉચ્ચારવા પડયા હતા. ચાલુ બળવાની તૈયારી કઈ એક દિવસમા થઇ ગઇ નહોતી કેવળ એક જ દિવસમા બધા સિપાહીઓ અમ તોપી બની ગયા નહોતા કે નિરક્ષર પ્રજા એકી સાથે, એક જ દિવસમા કપનિની સત્તા તોડી પાડવા માટે ઉશ્કેરાયલા સિપાહીઓની પાછળ ચાલી નહોતી. બળવાના બીજ ઘણા વર્ષોથી વવાતા આવ્યા હતા, ધીરે ધીરે તેના ફણગા ફુટયા હતા અને છેવટે તે મોટી મોટી ડાળીવાળુ વૃક્ષ બન્યુ હતું એ વૃક્ષના વિષમય ફળ પ્રત્યક્ષ જણાયા ત્યારે અગ્રેજો હૃદયની તીવ્ર જ્વાલાથી અધીરા થઇ ગયા. તેઓનું ધૈર્ય અને સહનશીલતા જતા રહ્યા, તેઓ અમુક માણસોને હાથે પોતાના સ્વદેશબાધવોને મરાતા જોઇ બધાને શત્રુઓ માની બેઠા. અમુક માણસોના અપરાધના ગુનેહગાર આખા દેશના લોકોને માનવા લાગ્યા, એકના ગુનાનો દડ અનેકને આપવા તત્પર થયા ગોરા લોકો આ ઉદ્દેશ પાર પાડવાની પ્રતિજ્ઞા લઇ બેઠા હિદના બધા કાળા લોકોનો નાશ કરવા માટે તેઓનો ઉત્સાહ પરિપૂર્ણપણે વિકાસ પામવા લાગ્યો

લોર્ડ કેનિંગ આવો ભેદભાવ નિરખી બહુ જ દુખી થયો. આવા ભેદભાવથી પરિણામ બહુ બુરૂ આવશે એ વિચાર તેના દિલમા પ્રથમથી જ આવ્યો હતો. વાયવ્ય પ્રાંતમાથી તેને જે જે સમાચાર મળતા તે પરથી તે જાણી શક્યો હતો કે વિપત્તિમા સપડાએલા ગામડામા ન્યાયને બદલે ભયંકર વૈરવૃત્તિનું સામ્રાજ્ય જામતું જાય છે. આથી કદાચ આખો વાયવ્ય પ્રાંત લાંબા વખતને માટે વેરાન બની ગરિબાઇના પંજામા સપડાશે અને શોચનીય દશામા આવી પડશે. તેના જાણવામા આવ્યુ હતુ કે વાયવ્ય પ્રાંતના લશ્કરી અને દિવાની ખાતાના અમલદારોને જે સત્તા આપવામા આવી હતી, તે સત્તાનો તે લોકોએ વખતોવખત દુરૂપયોગ કર્યો હતો આ જાણતા છતા તેણે ઉછૃંખલ ગામડાઓમા શાંતિ સ્થાપવા માટે એવી અસાધારણ સત્તા આપવામા બિલકુલ આનાકાની કરી નહોતી. એકંદર રીતે વિચાર કરતા હિંદીઓના ટોળેટોળાને ફાસીએ લટકાવી દેવાની સત્તા એ અસાધારણ સત્તા ગણાવી જોઇએ. આ વખતે પ્રત્યેક અંગ્રેજ અમલદારને આવી અસાધારણ સત્તા મળી હતી. લોર્ડ કેનિંગ પોતાના સ્વદેશબંધુઓને વિપત્તિમા આવી પડેલા જોઇ આવી અસામાન્ય સત્તા આપતા અચકાયો નહોતો એ પરથી સાબીત થાય છે કે તેને મુશ્કેલીનો ખ્યાલ પૂરેપૂરો હતો. ગવર્નર-જનરલનો ઊંડો ઉદ્વેગ અને ભયંકર વિપત્તિનુ નિવારણ કરવાના પ્રયત્ન નજરોનજર નિહાળતા છતા તેને ઉદાસીન અને બેકાળજીવાળો કહી નિંદનારા ખરેખર માનવપ્રકૃતિની મોટાઈ જાણવામા નિષ્ફળ નીવડયા છે

પરંતુ કલકત્તામાંના અંગ્રેજોના હૃદયમાં તો ઉનું તેલ રેડાયું હતું. તેઓ તો વોલન્ટિયર સૈન્યમા જોડાવા માટે ગવર્નર જનરલ પર

અરજીઓ પર અરજીઓ કર્યા કરતા હતા પણ તેઓની અરજી એ સમયે સ્વીકારવામા ન આવી આથી તેઓ ગવર્નર જનરલ પર બહુ ગુસ્સે થયા. તેઓએ બીજી વાર પ્રયત્ન કરી જોયો જુન માસના બીજા અઠવાડિઆમા એ બાબત પર ફરીથી ચર્ચા ચાલી આ વખતે એક મુખ્ય અધિકારી અગ્રેજોની માગણી સ્વીકારવા માટે લોર્ડ કેનિંગને સમજાવવા લાગ્યો. લોર્ડ કેનિગ જ્યારે સશયને હિડોળે હિચતો હતો ત્યારે તેની મત્રી સભાના એક સભ્ય ગ્રાન્ટ સાહેબે તેને કલકત્તાના અગ્રેજોની માગણી સ્વીકારવાની સલાહ આપી આ સબધના બધા કાગળ પત્રો ગવર્નર જનરલ સમક્ષ રજૂ કરવામા આવ્યા આ વખતે લોર્ડ કેનિગે કશી આનાકાની કરી નહિ. પોતાના એક મુખ્ય મત્રીની સલાહથી તેણે કલકત્તાના યુરોપિઅનોને વોલન્ટિઅર સૈન્યમા જોડાવાને જોઇતા હુકમો બહાર પડયા રાજધાનીના સેનાપતિ કર્નલ કામેના પર જેમ બને તેમ જલદી આ બાબતનો બધો બદોબસ્ત કરવાની જવાબદારી નાખવામા આવી.

હવે યુરોપિઅનો સતોષાયા તેઓના ટોળેટોળા વોલન્ટિઅર સૈન્યમા જોડાવા માટે આવવા લાગ્યા સૂર્યના પ્રચડ તાપમા અસહ્ય દુખ વેઠી વકીલ, કારકુન, વેપારી, દુકાનદાર વગેરેના ટોળેટોળા યુદ્ધ-પ્રણાલી શીખવા લાગ્યા તેઓનું જેમ બને તેમ જલદી પાયદળ અને ઘોડેસ્વાર સૈન્ય બનાવવામા આવ્યુ સેનાપતિ કામેના શિષ્યો કાઇ મૂર્ખ નહોતા, તેઓ થોડા સમયમા યુદ્ધકલાકુશલ બની ગયા અને આવી પડેલી વિપત્તિ સામે થવા તૈયાર થયા

કલકત્તાના એક શકિતમાન સપ્રદાયની ઇચ્છા પૂર્ણ થઇ. તેઓના હૃદયમા જે અશાન્તિની આગ સળગી રહી હતી, તે હવે હોલાઇ

ગઇ. યુરોપિઅનોના અંતઃકરણુ શાંતિની સુધારાનો અનુભવ કરવા લાગ્યા સરકાર પરનો ગુસ્સો શાંત થયો. પરંતુ એક બીજા લોકોએ તેઓનુ સ્થાન લીધુ. મે ને જુન માસમા એ લોકો તરફથી સરકાર પર વચનબાણો છૂટવા લાગ્યા તેઓના વચનબાણુની ઉગ્રતાએ ઉનાળાના પ્રચંડ તાપની ઉગ્રતાને પણુ હરાવી દીધી યુરોપિઅન તંત્રીઓના આશરા તળે પ્રકટ થતા વર્તમાનપત્રોએ તો કમાલ કરી તેઓ પોતપોતાના વ્યક્તિગત સ્વાર્થમા લુબ્ધ બની સાર્વજનિક હિત વિસરી જવા લાગ્યા દેશી વર્તમાનપત્રોમાના મહાશયોનું અનુકરણુ કરવા લાગ્યા * ગવર્નર જનરલને હવે એ બધા વર્તમાનપત્રોને વધારે વિદ્વેષ ફેલાવતા અટકાવવાના ઉપાયો કરવા લાગ્યા

આ વખતે હિંદમા જે જે વર્તમાનપત્રો નીકળતા હતા, તે બધાં સાચા સમાચાર ફેલાવતા નહિ ગુસ્સાને લીધે હો કે સરકાર પરના દ્વેષને લીધો હો, પણુ વર્તમાનપત્રના તંત્રીઓએ વખતોવખત ન્યાયનો માર્ગ છોડી અન્યાયનો માર્ગ ગ્રહણુ કરતા એમા કશો શક નથી જે વર્તમાનપત્રો દેશી ભાષામા પ્રગટ થતા હતા તેના ગ્રાહકો બહુ ન હોતા તેના વાચનારાઓ પણુ ડાહ્યા અને અનુભવી નહોતા મુખ્યત્વે કરીને અધકચરા જ્ઞાનવાળા લોકોમા જ આ વર્તમાનપત્રો ખબરો ફેલાવતા હતા. આવા સંવાદપત્રોના મુઠીભર વાચકો જો ખોટા સમાચાર સાભળી ઉશ્કેરાઇ જાય તો તેમા સરકારને કંઇ વધુ નુકસાન થાય તેમ નહોતુ પણુ એ વર્તમાનપત્રોના વાચકો કરતા સાભળનારા ઘણા હતા. જે બળવાના આઘાતથી ચોદિશ કંપી રહી હતી, ગામડા-

---

* કે સાહેબે જણાવ્યુ છે કે બંગાળાના વર્તમાનપત્રો આવો દોષ કરતા નહોતા Kaye, Sepoy War. Vol. III P. 13

ઓમા વ્યવસ્થાનુ રાજ્ય નાશ પામ્યુ હતુ, દેશી અને યુરોપિઅનોના જીવન સંશયમા આવી પડ્યા હતા, તેની હકીકત સાભળવા માટે ગૃહસ્થથી માડીને રસ્તામા ભટકતા ભિખારી પર્યંતના બધા લોકો ઉંચાનીચા થઇ રહ્યા હતા આથી દરેક સ્થળે વર્ત્તમાનપત્રો વચાતા હતા અને તે સાભળવા માટે લોકોના ટોળે ટોળા એકત્ર થતા હતા આ વખતે જો કોઇ ઉશ્કેરણી ફેલાય તેવા સમાચાર સાભળવામા આવતા તો શ્રોતાજનો પોતાની કલ્પનાને પૂરેપૂરી વિકસાવી એ સમાચાર અતિશયોક્તિ પૂર્ણ કરી બીજા લોકોમા ફેલાવતા, અને એ રાઇનો પર્વત થયેલ વાત જોત જોતામા બધા લોકોમા ફેલાઇ જતી એ વાતને ખોટી પાડવાનુ કામ મુશ્કેલ બની જતુ અગ્રેજી વર્ત્તમાનપત્રોનું અનુકરણ થઇ દેશી વર્ત્તમાનપત્રો ઉત્પન્ન થયા હતા ગુણોના અનુકરણ કરતા દોષોનુ અનુકરણ બહુ સહેલાઇથી થઇ શકે છે. એથી દેશી વર્ત્તમાનપત્રોમા અગ્રેજી વર્ત્તમાનપત્રોના દોષો અધિક પ્રમાણમા જોવામા આવતા આ વખતે અગ્રેજ સપાદકો જે ઉશ્કેરણી ભરી ખબરો પ્રગટ કરતા હતા, તે ખબરોનું ભાષાન્તર દેશી વર્ત્તમાનપત્રોમા પ્રગટ થતા વાર લાગતી નહિ આવા ભાષાતરોથી સાધારણ પ્રજામા ઉશ્કેરણી ફેલાય એ સ્વાભાવિક હતું વળી એ સમયના અગ્રેજી વર્ત્તમાનપત્રોમા પણ તદ્દન સત્ય સમાચારો પ્રગટ થતા નહિ સપાદકો પણ પોતાના જુસ્સાને આધીન થઇ સખ્ત ભાષા વાપરતા હતા તેઓમાના ઘણાખરાઓએ હિંદી પ્રજાનો નાશ કરી નાખવાના ઇરાદાથી કલમ પકડી હોય એમ જણાતુ હતું હિંદીઓના લોહીનો પ્રવાહ વહેવડાવવાથી જાણે પરમ આનદ થતો હોય, એવા લખાણો તેમના પત્રોમા વારવાર આવતા. આથી શાન્તિ સ્થાપવાના કાર્યમા ભારે મુશ્કેલી થતી. વદેશી વર્ત્તમાન-

પત્રોમા એ લખાણોના ભાષાતરો પ્રગટ થતા તેથી સાધારણ પ્રજા અગ્રેજોના વિચારો જાણી બહુ શકાશીલ બની જતી લૉર્ડ કેનિંગ તથા તેનુ મત્રીમડળ આ પરિણામો અનુભવી શક્યુ હતુ તેને આ અનિષ્ટને અટકાવવા માટે કાયદો ઘડવાની જરૂર જણાઇ હતી. હવે લૉર્ડ કેનિગ એ કાયદો ઘડવા તત્પર થયો. તેણે ૧૩ મી જુને પોતાની મંત્રીસભા આગળ આવા કાયદાની જરૂરીઆત સાબીત કરી બતાવી. ૪૦ મિનિટમા ચર્ચા પુરી થઇ અને કાયદો ઘડાયો. આ કાયદાની રૂયે નક્કી કરવામા આવ્યુ કે એક વરસ સુધી કોઇ પણ માણુસ સરકારનું લાઇસેન્સ લીધા સિવાય કોઈ પણ પ્રકારનું છાપખાનુ ચલાવી શકશે નહિ. સરકારના અમલદારો જરૂર પડતા કલકત્તા ગેઝેટમા જાહેરાત આપી કોઇ પણ વર્ત્તમાનપત્ર, ચોપાનિઉં વગેરેનો ફેલાવો અટકાવી શકશે.

જો લોર્ડ કેનિગે આવો કાયદો કેવળ દેશી ભાષામા પ્રકટ થતા વર્તમાનપત્રોને જ લાગુ પાડયો હોત તો તેના વિરૂદ્ધ બહુ ઝુંબેશ ઉઠત નહિ પરતુ તે સમદષ્ટિવાળો અને ઉદાર હતો તેના વિચારમાં યુરોપિઅનો અને દેશીઓ સરખા હતા. છાપખાનાના કાયદામાં તેણે આ સંબંધમા કઇ ભેદ રાખ્યો નહોતો આ કાયદો કેવળ દેશી ભાષાના છાપખાનાને જ લાગુ પડયો હોત તો ભારે અન્યાય થાત. આ કાયદા વિરૂદ્ધ અગ્રેજો એમ કહી શકે કે અમે રાજભક્ત છીએ. અગ્રેજી છાપખાનાવાળાઓ તો આ દેશમા કપનીનુ રાજ્ય ટકાવી રાખવા પુષ્કળ પ્રયત્ન કરી રહ્યા હતા. જેઓએ કપનિ વિરૂદ્ધ બંડ જગાવ્યુ હતું તેમના તરફ અમારી જરાપણ સહાનુભૂતિ નહોતી માટે અગ્રેજોની આગેવાની નીચે પ્રકટ થતા વર્ત્તમાનપત્રોને આ કાયદો

લાગુ પાડવામા ગભીર ભૂલ થઇ હતી. પરંતુ એ સમયે અગ્રેજ સંપાદકો પોતાની લાગણી પર કાબુ રાખી શક્યા નહોતા તેઓની સમદષ્ટિ અને સત્યપ્રિયતા હિદીઓ તરફના દ્વેષને લીધે ગૂમ થઇ ગઇ હતી દેશી લોકો વિરૂદ્ધ સરકારને ઉશ્કેરવી એજ તેઓનો મુખ્ય ઉદ્દેશ થઇ પડયો હતો ભૂલથી હો, બુદ્ધિની ચપલતાને લીધે હો, વૈર વાળવાની વૃત્તિને લીધે હો, કે દીર્ઘ દષ્ટિના અભાવે હો, પણ એટલુ તો ખરૂં કે તેઓના વર્તમાનપત્રોમા અન્યાયથી ભરપૂર ઘણી વાતો છપાતી આવી વાતોથી સરકાર વધારે મુશ્કેલીમા મુકાતી જાય છે એ તરફ તેઓની નજર રહેતી નહિ અદેખાઇથી આધળા બની ગમે તે ઉપાયે હિસક વૃત્તિને તૃપ્ત કરવી એજ તેઓની ઇચ્છા હતી. તેથી તેઓ પોતાના છાપામા પ્રગટ થતી ઘટના સત્ય છે કે અસત્ય તે તરફ બરાબર લક્ષ આપતા નહોતા જે સમાચારોથી સરકાર હિદી લોકોપર ગુસ્સે થાય તે સમાચારો છાપવા તરફ તેમનૂ ધ્યાન તરતજ ખેચાતું હતુ આ બાબતમા તેઓ કલ્પનાનો આશ્રય લેતા પણ અચકાતા નહિ દષ્ટાન્ત તરીકે ૧૯ મી જુનને રોજ પ્રગટ થએલા 'હલકારો' નામના વર્તમાન પત્રનો ઉલ્લેખ થઇ શકે તેમ છે. એ વર્તમાનપત્રના એ તારીખના અકમા નીચેના સમાચાર પ્રગટ થયા હતા 'મુર્શિદાબાદના નવાબને કેદ કરવા માટે બહરમપુરમા યુરોપિઅન સૈન્ય મોકલવામા આવ્યુ છે સરકારે નવાબના જે કાગળપત્રો અટકાવ્યા હતા તે પરથી પ્રગટ થયુ છે કે નવાબ પોતાના મુખ્ય અમલદારો સાથે બળવામા જોડાયો છે" લોર્ડ કેનિગે છાપખાનાના કાયદાના સબધમા બોર્ડ ઓવ કન્ટ્રોલપર જે પત્ર લખ્યો હતો, તેમા 'હલકારો' નામના વર્તમાન પત્રના આ સમાચાર સબધમા નીચે પ્રમાણે મત

દર્શાવ્યો છે. આ સમાચાર સત્યથી તદ્દન વેગળા છે. નવાબ સંપૂર્ણ વિશ્વાસુ અને સરકારનેજ વફાદાર છે વર્ત્તમાનપત્રમાની આ હકીકત તેના વાચવામા આવતા તે અગાઉના જેટલો વિશ્વાસુ ને વફાદાર રહેશે કે નહિ તે શંકાભરી વાત છે મુર્શિદાબાદના ધર્માંધ મુસલમાનો પણ આ સમાચાર વાચી શાંત રહેશે કે નહિ એ બાબત પણ અનિશ્ચિત બની ગઇ છે તેઓ બહરમપુરના બંડખોર સિપાહીઓ સાથે મળી સરકાર વિરૂદ્ધ બંડ ઉઠાવવાની પેરવી કરે છે બહરમપુરમા એ વર્ત્તમાનપત્રનો ફેલાવો અટકાવવાનો ઉપાય સફળ થાય નહિ તો યુરોપિઅનો વિરૂદ્ધ મુસલમાનો બંડ ઉઠાવે એવી સંપૂર્ણ સંભાવના છે. બહરમપુરના રક્ષણ માટે સૈન્ય મોકલવામા આવ્યુ છે, ત્યા સૈન્ય મોકલવાનો બીજો કોઈ ઉદ્દેશ નથી. સૈન્ય ત્યા પહોચશે તે પહેલા બે દિવસ અગાઉ ટપાલમા આ વર્ત્તમાનપત્ર ત્યા પહોચશે "[1] લોર્ડ કેનિંગ કેટલી સાવચેતીથી આગળ વધતો હતો, કેટલી ધીરજથી આગળ ડગલા ભરતો હતો, તે આ પરથી જણાય છે તેની સરલતા સંબંધમા ઉદાર મનુષ્યો શંકાશીલ બનવાના નથી.

કુદરતી વિષય અગર મનુષ્યની કાર્યપરંપરા કાળને આધીન છે. કાળ તેમા ફેરફાર કરે છે જે વિષય સમાજનું ભલું કરવામા સાધનભૂત થયો હોય તે જ વિષય વખત જતા સમાજનું બુરૂં કરનારો થઇ પડે છે અંગ્રેજો છાપખાનાની સ્વતંત્રતાને પોતાની સ્વતંત્રતા જેટલી જ અમૂલ્ય માને છે, તેઓ ઘણા લાંબા કાળથી એ સ્વતંત્રતા ભોગવતા આવે છે, તેથી એ સ્વતંત્રતા તેમને બહુ વહાલી થઇ પડી છે એ

---

૧. Kaye, Sepoy War, Vol. III P. 21.

સ્વતંત્રતા થોડી મુદ્દત માટે પણ જતી રહે તો તેમને બહુ લાગી આવે છે પરંતુ વખતે કોઇ એવી ગંભીર ઘટના ઉપસ્થિત થાય કે તે ઘટનાની શાંતિ માટે છાપખાનાના મુખ બંધ કરવા પડે તો એ સનાતન સ્વતંત્રતા પર હસ્તક્ષેપ કરવાની જરૂર પડી હતી કે નહિ એટલું જ વિચારવાનું છે આ વખતે સંપાદકોની કલમ પર અંકુશ ન મૂકાયો હોત તો સરકાર જે મુશ્કેલી સામે લડતી હતી તે મુશ્કેલી વધારે મુશ્કેલ બનત કે નહિ? તેમ ન કર્યું હોત તો ખ્રિસ્તીઓની સંપત્તિ અને જિંદગી વિપત્તિમા આવી પડત કે નહિ? લોર્ડ કેનિંગને લાગ્યુ હતું કે વર્તમાનપત્રોની સ્વતંત્રતાને લીધે મુશ્કેલી વધતી જાય છે, ખ્રિસ્તીઓની સંપત્તિને જિંદગી વધારે ભયમા આવી પડે છે. વ્યવસ્થાપક સભાના બધા સભાસદોને પણ એમ જ જણાયુ હતું. કલકત્તાના મોટામા મોટા વકીલોએ પણ એવો જ સિદ્ધાંત બાંધ્યો હતો જીભ વશ ન રાખવાથી વખતો વખત કજીઆ કંકાસના પગરણ મંડાય છે. જ્યારે બળવાના આઘાતથી આખો દેશ કંપવા લાગે, લોકોના જીવન સંશયમા આવી પડે, દેશના એક છેડાથી બીજા છેડા સુધી ભય કરતા ફેલાઇ જાય, ત્યારે વિવેકબુદ્ધિ વાપરી વાણીનો સંયમ જાળવવો એ ઉચિત છે. આ વખતે સરકારે છાપખાનાનો કાયદો ઘડી એવો સંયમ જળવાવાનો પ્રયત્ન કર્યો હતો.[1]

ત્યારબાદ જુન માસનુ પહેલા અને બીજા અઠવાડિઆના બે ત્રણ દિવસો તો શાંતિથી પસાર થયા. એ દરમિઆન કલકત્તાના યુરોપિઅનોએ કશી ઉશ્કેરણી બતાવી નહિ. આ શાંતિ પરથી એવું જણાવા લાગ્યુ કે હિંદની રાજધાની તો તદ્દન શાંત છે. જેઓ

૧. Kaye, Sepoy War, Vol. III. P. 22-23.

ગવર્નર-જનરલ પર ગુસ્સે થયા હતા, તેઓ પણ હવે શાંત થયા હતા. સરકાર પર વચનબાણો છૂટતા બંધ થયા હતા પરંતુ મનુષ્યના વિચારો મુજબ બધું બનતું નથી મનુષ્યો પોતાના બધા વિચારો પાર પાડી શકતો નથી. પ્રભુના અલંઘનીય વિધાનો કદી ચળતા નથી. જોતજોતામાં કલકત્તાની શાંતિ અશાંતિના રૂપમાં ફેરવાઇ ગઇ, યુરોપિઅનો ભયથી અધીરા થઇ ગયા. જુન માસનું બીજું અઠવાડિઉં પસાર થતા ન થતામાં તો કલકત્તામાંના અંગ્રેજો સશસ્ત્ર સિપાહીઓને પોતાના પરમ શત્રુ માનવા લાગ્યા તેઓ એ સિપાહીઓના હથિઆરો લઇલેવા માટે બરાડા પાડવા લાગ્યા. તેઓની આ શંકા અને તેને લીધે ઉત્પન્ન થયેલો ગંભીર મનોવેદનાદર્શક તીવ્રસ્વર અરણ્ય રૂદન સમાન ન નીવડયો.

જ્યારે સરકારની મદદમાં દૂર દેશથી યુરોપિઅન સૈન્ય આવી પહોંચ્યું ત્યારે બરાકપુરના સિપાહીઓ કંપનિ પર અથાગ પ્રીતિ દર્શાવવા લાગ્યા, ૨૫ મી મેએ ૭૦ મી પલ્ટણના સિપાહીઓ દિલ્હીના સિપાહીઓ સામે લડવા જવાનો આગ્રહ દર્શાવવા લાગ્યા, સિપાહીઓની આવી વફાદારી નિરખી ઘણા યુરોપિઅનોને શાંતિ વળી. લોર્ડ કેનિંગ ગાડીમાં બેસી બરાકપુર આવ્યો અને તેણે એ પલ્ટનને ઉત્સાહ ચડાવ્યો. ૭૦ મી પલ્ટણની પેઠે ૪૩ મી પલ્ટણે પણ દિલ્હીના સિપાહીઓ સામે લડવા જવાનો આગ્રહ દર્શાવ્યો. જુન માસના પહેલા અઠવાડિઆમાં બરાકપુરના સિપાહીઓએ સરકાર પાસે એનફીલ્ડ રાઈફલ નામની નવી બંદુક આપવાની માગણી કરી ૭૦ મી પલ્ટણના એક ઓફિસરે આ બાબતમાં સ્પષ્ટાક્ષરે કહ્યું કે, “અમે આ બાબત પર ખાસ વિચાર ચલાવી જોયો છે. હવે અમે વાયવ્ય પ્રાંતોમાં જવા

તૈયાર થયા છીએ જે નવી બંદુક માટે અત્યાર સુધી પ્રજામા નાના પ્રકારની વાતો ચાલી છે, તે બંદુક આપવાની અમે માગણી કરીએ છીએ. એ બંદુક વાપરી અમે સરકારને અમારી વફાદારી બતાવી આપીશુ, અને જેઓની સાથે અમારો મેળાપ થશે, તેને સમજાવીશુ કે આ બંદુક વાપરવામા કશો વાધો નથી. જો વાધો હોત તો અમે વાપરત ખરા ? અમે શુ અમારી જાતિ અને ધર્મસબંધમા સાવચેત નથી ?"[1] આ વચનો પરથી સિપાહીઓની વફાદારી જણાય છે પણ તેઓ વફાદારીને બહાને નવી બંદુકો મેળવી એ જ બંદુકો અંગ્રેજો સામે નહિ વાપરે તેની ખાત્રી નહોતી. ઘણાખરા અંગ્રેજોને આ બાબતમા બહુ શકા હતી. વળી સરકાર જો આ માગણી પ્રમાણે બંદુકો ન આપે તો પણ સિપાહીઓ અતિશય ગુસ્સે થાય તેમ હતુ આથી સરકાર બંને બાજુથી સંકડામણમા આવી હતી. દૈવયોગે આ વખતે ત્રણ ટુકડીને પુરી પડે તેટલી જ બંદુકો મોજુદ હતી. તેથી સરકાર અનાયાસે આ બને બાજુના સકટમાથી મુક્ત થઇ.

પરતુ બીજુ એક અઠવાડીઉ પસાર થતા ન થતામા ઘટનાચક્ર ફર્યું સિપાહીઓ નવી બંદુકથી સજ્જ થઇ દિલ્હી તરફ જાય એ તો દૂર રહ્યું પણ હવે તો સરકાર તેઓની જુની બંદુક બ્રાઉન બેસ પણ લેવાનો વિચાર ચલાવવા લાગી. સેનાપતિ હિયર્સેએ ૮ મી જુનને રોજ નવી બંદુકો વાપરવાની રજા આપવાની ૪૩ અને ૭૦ મી પલ્ટણની અરજી કલકત્તા મોકલી આપી હતી ૧૩ મી જુને તેજ સેનાપતિએ ગવર્નર જનરલને ખબર આપ્યા કે બરાકપુરના સિપાહીઓ આજ રાત્રે સરકાર વિરૂદ્ધ બળવો જગાવવા બહાર પડવાના કાવતરા કરે છે

૧ Kaye, Sepoy War Vol III. P 27, note.

માટે જરા પણ વખત ગુમાવ્યા સિવાય તેઓના હથિયારો લઇ લેવાની જરૂર છે ગવર્નર જનરલે પોતાની ઇચ્છા ન છતા આ માગણી કબુલ કરી. લૉર્ડ કેનિગ આ બાબતમા બહુ સખ્તાઇ કરવા માગતો નહોતો. છતા તેનાથી સિપાહીઓના હથિયારો ઉતારી લેવાની ના કબુલ થઇ શકી નહિ તેણે તરત જ હુકમ જાહેર કર્યો તેજ રાત્રે બરાકપુરના સિપાહીઓને નિ શસ્ત્ર કરવા માટે એક સોલ્જર સૈન્ય રવાના થયું. બીજુ એક યુરોપિઅન સૈન્ય ચુંચુડાથી બરાકપુર તરફ આગળ વધવા લાગ્યુ

૧૩ મી જુનની રાત શાતિમા પસાર થઇ બરાકપુરના અગ્રેજો રાત્રે અતિશય મુઝાયા હતા, પરતુ સિપાહીઓએ કઇ છમકલુ કર્યું નહિ. બીજે દિવસે સવારમા યુરોપિઅન સૈન્ય આવી પહોચ્યુ. યુરોપિઅન સૈન્યને આખી રાત મુસાફરી કરવી પડી હતી, કેટલાક સૈનિકો પાસે જોડા કે મોજાંનું નામ નહોતું કેટલાક પાસે રાતના પોશાક સિવાય શરીરના રક્ષણ માટે બીજુ કઇ નહોતું, કેટલાકના પગ ક્ષત-વિક્ષત થઇ ગયા હતા. આવી સ્થિતિમા જ્યારે તે સૈન્ય બરાકપુર આવી પહોચ્યુ ત્યારે સિપાહીઓ શાત હોવાથી કાર્યક્રમ જેમ બને તેમ જલદી અમલમા મૂકાયો નહિ. દિવસ તો જેમ તેમ કરીને પસાર થયો સાય કાળ વખતે સિપાહીઓને કવાયતના મેદાન પર હાજર રહેવાનો હુકમ આપવામા આવ્યો. આ ઓચિંતો હુકમ સાભળી સિપાહીઓ કઇક શંકિત હૃદયે મેદાન પર ગયા. મેદાન પર તોપો ગોઠવાઇ ગઈ હતી. યુરોપિઅન સૈનિકો ભરેલી બદુકો તાકી પોતાના અધિનાયકના હુકમની રાહ જોઇ રહ્યા હતા. એકાએક આ દેખાવ જોઈ સિપાહીઓ ચમક્યા. સેનાપતિ હિયર્સેએ તેઓને હથિયારો છોડી દેવાનો

હુકમ બહુજ શાંતિપૂર્વક આપ્યો તેઓ જરાપણ વિલંબ ન કરતાં એ હુકમ બજાવવા લાગ્યા તેઓના અંગ્રેજ ઓફિસરો આ મર્મવિદારક દૃશ્ય જોઇ બહુ દીલગીર થયા સિપાહીઓની માફક તેઓના મુખ પર પણ ઊંડા ખેદની નિશાનીઓ જણાવા લાગી. ઘણાખરા ઓફિસરોએ તો સિપાહીઓને ફરીથી હથિયારો આપવાની માગણી કરી પરંતુ તેઓની માગણીનું કંઇ પરિણામ આવ્યું નહિ. આ તરફ નિઃશસ્ત્ર સિપાહીઓ યુરોપિઅન સૈનિકોનો હલ્લો થવાની બીકથી છુટા છવાયા. વિખરાઇ ગયા. સેનાપતિ હિયર્સેએ આ કાર્ય બીનગડબડે પાર પડયાનો તાર ગવર્નર જનરલ પર કરી દીધો કલકત્તાના કિલ્લાપર, અને ડમડમમાં બરાકપુરના સિપાહીઓ પહેરો ભરતા હતા. જ્યારે તેઓની પલટણ નિઃશસ્ત્ર થઇ ત્યારે તેમના હથિયારો ઉતારી લેવાની પણ જરૂર જણાઇ આ કાર્ય પાર પાડવામાં પણ કંઇ ગડબડ મચી નહિ આ રીતે બરાકપુરના સિપાહીઓના હથિયારો ઉતારી લેવામાં આવ્યા.

૧૪ મી જુનને રવિવારે બરાકપુરમાં કંઇ નવીન બનાવ બન્યો નહિ પરંતુ એજ દિવસે કલકત્તામાં ભારે ધમાલ મચી ગવર્નર જનરલનું ભાગીરથી નદીના કિનારા પર આવેલું લતાકુંજ વેષ્ટિત વિનોદસ્થાન જ્યારે શાંતિના સાગરમાં ગરકા ખાતું ત્યારે તેનું રાજધાનીમાનું મુખ્ય મથક લોકોના ટોળેટોળાથી વિંટળાઇ ગયું હતું ૧૪ મી જુન બળવાના ઇતિહાસની એક પ્રસિદ્ધ યાદગાર તારીખ છે એ દિવસે કલકત્તામાં રહેતા ખ્રિસ્તીઓ ખોટી શંકાથી પાગલ બની, ટોળાબદ્ધ થઈ પોતાની જાતને છુપાવવાના પ્રયત્નો કરી રહ્યા હતા કલકત્તામાં વાત ઉઠી હતી કે બરાકપુરના સિપાહીઓએ ગઇ રાત્રે અંગ્રેજો વિરુદ્ધ બંડ ઉઠાવ્યું છે. તેઓ હવે કલકત્તા પર ધસ્યા આવે છે. એ

સાથે એવો પણ ગપ્પો ઉડયો કે અયોધ્યાના પદભ્રષ્ટ નવાબના અનુચરો ખ્રિસ્તીઓને મારી નાખવા માટે બંડખોર સિપાહીઓ સાથે ભળવાની તૈયારી કરે છે. આવા ગપ્પાથી કલકત્તાના યુરોપિઅનો અને યુરેઝિઅનોમાં ભારે ત્રાસ ફેલાયો. બધા ભયના માર્યા કોઇ સુરક્ષિત સ્થળે જઇ રહેવાનો પ્રયત્ન કરવા લાગ્યા કેટલાક યુરોપિઅન વેપારીઓ આ ગપ્પા ખોટા છે એમ સાબીત કરવા લાગ્યા, પણ કોઇએ તેમનું કહ્યું માન્યું નહિ મંત્રીસભાના જે સભાસદો અને મુખ્ય અમલદારો અગાઉ પોતાને સુરક્ષિત માની બળવાની વાતોને મશ્કરીમાં ઉડાવતા હતા, અને સાહસિક સેનાપતિઓને અધીરા માની પોતાના સાહસના વખાણ કરતા હતા, તેઓ જ અત્યારે પોતાના ઘરબાર સુરક્ષિત કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા. કોઈ કોઇ એટલા બધા બીધા કે ઘરબાર તજી કોઇ ગુપ્ત સ્થાને જઇ રહેવાનો પ્રયત્ન કરવા લાગ્યા. નીચા દરજ્જાના અમલદારો ભયથી વિહ્વળ બની ચૌરંગી છોડી ગઢના મેદાન તરફ દોટવા લાગ્યા. તેઓ કિલ્લાના દરવાજા પાસે આવી કિલ્લાના અધ્યક્ષને અંદર પેસવા દેવાના કાલાવાલા કરવા લાગ્યા. સવાર પડતા જ આવો દેખાવ ચોતરફ જણાવા લાગ્યો. આખું શહેર કોઇ અચિંતનીય શક્તિથી ખળભળી ઉઠ્યું. શહેરના કોઇ કોઇ વિશાળ રસ્તા ઘોડાગાડીથી ભરપૂર બની ગયા યુરોપિઅનોના બાલબચ્ચા એ ગાડીઓમાં લદાવા લાગ્યા. ન્હાસેડુ લોકો પોતાના સરસામાનની માયા તજી દોડવા લાગ્યા કેટલાક લોકો પોતપોતાના બિછાના, વાસણકુસણ વગેરે બહુજ પ્રયોજનીય સરસામાન બાંધી ગાડીના છજા પર ફેંકવા લાગ્યા. કિલ્લાના મેદાનપર લોકોનો પ્રવાહ વહેવા લાગ્યો, ગંગાના કિનારાપર માણસોની મેદની મળી. ન્હાસેડુઓએ કિલ્લામાં અગર ગંગાનદી પરના

વહાણોમા ભરાઇ આત્મરક્ષણ કરવાનુ ધાર્યું હતું આથી એ બન્ને સ્થળો માણસોથી ખદબદવા લાગ્યા જેઓ કિલ્લા તરફ દોડયા હતા તેઓ તેમા સૌ પહેલા પેસવા માટે આતુર થઇ રહ્યા હતા. જેઓ વહાણમા જઇ રહેવા માગતા હતા તેઓ નદી કિનારે જઇ પોતાને સૌ પહેલા વહાણ પર લેવા માટે ખલાસીઓને વિનતિ કરી રહ્યા. યુરોપિઅનોની પેઠે ફિરંગીઓ પણ પોતાની જાત સભાળવાનો પ્રયત્ન કરતા હતા. મુખ્યત્વે કરીને ઇટાલિ અને સર્કુલરરોડ પર ફિરંગીઓના મકાનો આવેલા છે એ મકાનોમાના લગભગ બધા ખાલી થઇ ગયા હતા ઘણા ઘરોના બારણા ઉઘાડા હતા, કેટલાક ઘરોની બારીઓ ઉઘાડી પડી હતી ચોર લોકોને માટે આ સુદર તક હતી પરતુ ચોર લોકો પણ આ સુદર તકનો લાભ લેવા બહાર પડયા નહિ કારણકે તેઓ પણ સિપાહીઓની બીકે કોઈ અજાણ્યા સ્થળે જઇ ભરાયા હતા. એક દયાળુ ડાકટરે (ડાકટર મૌયેર) એ દિવસે સાજરે એ બધા સ્થાનોમા ભ્રમણ કરી, બની સ્થિતિ નજરોનજર નિહાળી સિપાહીઓના બળવાનો ઇતિહાસ લખનાર કે સાહેબને જણાવ્યું હતું કે મકાનોમા રહેતા કુતરા બિલાડા પણ કોણ જાણે કયા છુપાઇ ગયા હતા. આવી નિર્જનતા કદી પણ દૃષ્ટિગોચર થઇ નહોતી[1] આ પ્રમાણે ઉચ્ચ દરજ્જાના અમલદારો પિસ્તોલ તૈયાર રાખી, ઘરના બારણા બધ કરી બચાવ કરવાની તૈયારી કરી બેઠા હતા અને મત્રી સભાના સભાસદો ઘરબાર છોડી, બાલબચ્ચા સાથે વહાણ પર જઇ આત્મરક્ષા કરવા તૈયાર થયા હતા ત્યારે પછી સાધારણ લોકોનું તો કહેવું જ શુ. ગંગાના બધા ઘાટ લોકોથી ભરપૂર બની ગયા હતા. જેઓને વહાણપર આશ્રય

---

1 Sepoy War. Vol. III. P 32, Note.

નહોતો મળ્યો, તેઓ કિલ્લા તરફ દોડયા, જોતજોતામા કિલ્લો માણુસોથી ભરપૂર બની ગયો. એ વખતે ઘણા લોકોએ એવુ સાભળ્યુ કે દિલ્હીના સિપાહીએ પણ ઝપાટાબંધ કલકત્તા તરપ આવે છે. જેઓ કેવળ બરાકપુરના સિપાહીઓના હલ્લાથી જ આટલા બધા બીધા હતા. તેઓ આ ગપગોળો સાભળી દિગ્મૂઢ બની ગયા. ચૌરગી અને ખિદિરપુરની પાસેના સ્થળો જનશૂન્ય બની ગયા. કિલ્લો અને ગગાનદીમાના વહાણો ન્હાસેડુઓથી ભરપૂર બની ગયા જે ઘરો મુકાબલે મજબુત હતા તે ઘરોમા સેકડો માણુસો આવી ભરાયા હોટલો પર પહેરો મૂકવામાં આવ્યો વહાણોના ખલાસીઓ જાહેર રસ્તાપર હથિયારોથી સજ્જ થઇ ફરવા લાગ્યા. તેઓ લડાઇ થવાની આશાથી પ્રફુલ્લ બની આમ તેમ અથડતા હતા, લૂટફાટમા દારૂના શીશા મળવવાની આશાથી આનંદમા ડુબી ગયા હતા. દેશી લોકોના દરેક ટોળાને બારીકીથી તપાસતા હતા. કલકત્તાના ઇ. સ ૧૮૫૭ની ૧૪ મી જુનને રવિવારનો દેખાવને વિસ્મૃતિના સાગરમા ગરક થઇ જતા ઘણા વર્ષો લાગશે [૧] પરતુ આવો ત્રાસજનક સમય લાબો ચાલ્યો નહિ ૧૪ મી જુનની રાત શાતિથી પસાર થઈ. સાજ પડયા બાદ લોકો શાત પડવા લાગ્યા હતા. ન્હાસેડુઓ પાછા પોતપોતાને ઘેર આવવા લાગ્યા બીજે દિવસે સવારમા અગાઉની પેઠે પૂર્ણશાતિ વિરાજવા લાગી.

રવિવારે ફેલાએલો ભય ગયો, સોમવારે વળી વેપારની ધમાલ શરૂ થઇ પરતુ તે દિવસે વળી એક યાદગાર ઘટના બની. કેટલાક અઠવાડિઆ થયા અયોધ્યાના પદભ્રષ્ટ નવાબના અનુચરોના સબંધમાં

---

૧ Friend of India, June, 18, 1857.–Kaye War. Vol. III P. 35. Note.

જનશ્રુતી ફેલાઈ હતી કે તેઓ કલકત્તાના કિલ્લામાના મુસલમાન સિપાહીઓને સરકાર વિરૂદ્ધ ઉશ્કેરવાનો પ્રયત્ન કરે છે[૧] નવાબના હજુરિઆઓમાના ઘણાખરા બળવો કરવામા જોડાયા હોય એવો વહેમ લોકોમા સજડ થઇ ગયો હતો કલકત્તાના સેનાનાયક કાબેનાને તેના એક મુસલમાન મિત્રે જણાવ્યુ હતું કે કિલ્લાના દરવાજા પર પહેરો ભરતા સત્રીઓને નવાબના અનુચરો વારવાર મળે છે વળી અયોધ્યાના મુખ્ય તાલુકદાર રાજા માનસિહ કલકત્તામા આવી નવાબ સાથે કંઇ છુપી મસલત કરે છે[૨] આ સમાચાર ખરા હો કે ખોટા પણ એ પરથી એટલુ તો સાબીત થતુ હતું કે નવાબના બેવકુફ નોકરો નવાબની જાણ સિવાય તેને નામે કઇના કઇ ગપ્પા ફેલાવી શકે છે. ગવર્નર-જનરલ આ બાબતનો પ્રતિકાર કરવા તૈયાર થયો. નવાબ વાજિદઅલી, તેના મુખ્ય મત્રી અલીનકીખા અને બીજા ત્રણ અમલદારોને જેમ બને તેમ જલદી કેદ કરવાનો નિશ્ચય થયો

આ ભારે કામ પાર પાડવાની જવાબદારી પરદેશ ખાતાના સેક્રેટરી એડમન્સ્ટન સાહેબને સોપવામા આવ્યુ. એડમન્સ્ટન સાહેબ, ગવર્નર-જનરલના કેટલાક અમલદારો, થોડા સોલ્જરો અને પોલિસ

૧ જુન માસમા અધિકારીઓને જણાયુ કે આ જનશ્રુતિ ખોટી નથી એક માણસે કિલ્લાના એક સિપાહીને સરકાર વિરૂદ્ધ ઉશ્કેરવાનો પ્રયત્ન કર્યો તેના પર કામ ચાલતા તેને ફાસીની સજા થઇ. પરતુ જે દિવસે તેને ફાસી અપાવાની હતી, તેની આગલી રાતે તે નાસી ગયો. Kaye, Sepoy War, Vol. III. P. 36. note

૨ Kaye, Sepoy War, Vol. III P 36.

મંત્રીઓ સાથે પ્રભાતના પહોરમા નવાબના બગલા પર જઇ પહોચ્યા.-બંગલાને ઘેરી લેવામા આવ્યો. એડમન્સ્ટન સાહેબ કેટલાક સૈનિકો સાથે બગલામા ગયા નવાબના બગલાના વિશાળ કમ્પાઉન્ડમા તેના નોકરચાકરોને રહેવા માટે કેટલાક ઝુપડા હતા એ ઝુંપડાની ગોઠવણી પદ્ધતિસર નહોતી ઝુંપડા એવી રીતે બનાવેલા હતાં કે તેના સમૂહ-માથી પસાર થતા હરકોઇ માણસને અડચણ પડે. સરકારી સૈનિકોને પણ આ બધા ઝુપડા પસાર કરતા બહુ અગવડ નડી પણ કોઈએ તેઓને બંગલા તરફ જતા અટકાવ્યા નહિ. નવાબના નોકર ચાકરો પ્રભાતની ગુલાબી ઉધમાથી જાગ્રત થતા હતા. તેઓએ પથારીમાથી ઉઠતા જ સરકારના સિપાહીઓ જોયા. તેઓએ કશો બચાવ કરવાની તૈયારી રાખી નહોતી તેઓ તો અચાનક આવી પડેલી વિપત્તિથી દિગ્મૂઢ બની ગયા એડમન્સ્ટન સાહેબ સૌ પહેલા નવાબના મત્રી અલીનકીખાને ઘેર ગયા. થોડીવારમા અલીનકીખા અને બીજા કેટલાક મુખ્ય અધિકારીઓ કેદ થયા. તેઓને સૈનિકોના પહેરા નીચે કલ-કત્તાથી જે વહાણુ આવ્યુ હતું, તેમા મોકલી દીધા

એડમન્સ્ટન સાહેબ હવે નવાબના મહેલમા આવી પહોચ્યા નવાબ વાજિદઅલીએ સરકારના સેક્રેટરી સાથે મેળાપ કર્યાં પહેલા નાહીધોઇ નમાજ પઢી લીધી. ત્યારબાદ એડમન્સ્ટન અને તેના સાથી-ઓને નવાબ પાસે જવાની રજા મળી નવાબ પોતાના હજુરિઆથી વીંટળાઈ એક ખુરશી પર બેઠો હતો. સરકારના સેક્રેટરીને ત્યા આદરમાનપૂર્વક લઇ જવામા આવ્યો બધા બેઠા બાદ એડમન્સ્ટન સાહેબે નવાબને કહ્યું કે "ગવર્નર-જનરલને સમાચાર મળ્યા છે કે છુપા જાસુસો આપને નામે સરકાર સામે સિપાહીઓને ઉશ્કેરે છે.

આથી ગવર્નર-જનરલની એવી મરજી છે કે આપે મારી સાથે કલકત્તા આવવું."

સરકારના પરદેશ ખાતાના સેક્રેટરીને મોઢે આ વચનો સાભળી નવાબ વજિદઅલીએ દૃઢતાપૂર્વક પોતાનું નિર્દોષપણું સાબીત કર્યું. પરંતુ એડમન્સ્ટન સાહેબે આ સબંધમા વાદવિવાદમા ન ઉતરતા ફક્ત એટલુ જ કહ્યુ કે "આ બાબતમા હુ કંઇ કરી શકુ તેમ નથી. હું તો સરકારનો હુકમ બજાવવા આવ્યો છુ" નવાબ હવે કશો ઉપાય ન જોતા એડમન્સ્ટન સાહેબને ખભે હાથ મુકી બહાર આવ્યો. બહાર ગવર્નર-જનરલની ગાઠી તૈયાર ઉભી હતી તે પર બને જણા ચઢ્યા.

ગાડી મુચિખોલાથી કિલ્લા તરફ દોડવા લાગી. નવાબ જ્યારે પોતાનો મહેલ છોડી નીકળ્યો હતો ત્યારે તેના મુખ પર કોઇ પણ જાતની અધિરાઇ માલુમ પડી નહોતી. પરંતુ રસ્તામા તેને બહુ લાગી આવ્યુ તે પોતાની આવી પડતી દશા નિહાળી, આવુ અપમાન જોઇ બહુ દિલગીર થયો તેની બને આખોમાથી આસુનો પ્રવાહ ચાલ્યો. તે ગળગળા સુરે પોતાના વડવાઓની જાહોજલાલી અને પોતાની આવી હીનદશાનો ઉલ્લેખ કરી બોલવા લાગ્યો કે "જ્યારે મારી પાછળ વીશ લાખ માણસો હતા, ત્યારે હુ બ્રિટિશ સરકાર સામે ન થયો, જનરલ આઉટ્રામને પૂછો તો ખરા કે મે કેવી ચુપકીદીથી આખુ રાજ્ય સમર્પણ કરી દીધુ હતું?" નવાબ આટલુ બોલી થોડીવાર શાત રહ્યો, તે બેભાન બનતો જતો હતો. થોડીવાર બાદ તેના ગળપટ્ટાપર કુરાનના કેટલાક વચનો ગુથેલા હતા. તે પર હાથ ફેરવી રડતો રડતો બોલ્યો, "જ્યારે મે 'હલકારો' નામના વર્તમાનપત્રમાં

લખ્યુ કે મારા પર સરકાર વિરૂદ્ધ સિપાહીઓને ઉશ્કેરવાનો આરોપ મૂકવામા આવ્યો છે, ત્યારે મેં આ પવિત્ર ગ્રંથને નામે પ્રતિજ્ઞા કરી હતી કે હુ દરેક બાબતમા તટસ્થ રહીશ " એડમન્સ્ટન સાહેબે કહ્યુ કે " આપના પ્રત્યે પૂરેપૂરૂ માન દર્શાવવામા આવશે. " નવાબ કશુ ન બોલ્યો, બાકીનો રસ્તો બોલ્યા ચાલ્યા વગર પસાર કરવામા આવ્યો. નવાબને આઠેક વાગ્યાને સુમારે કિલ્લામા લાવવામા આવ્યો. તેના રક્ષણની જવાબદારી કર્નલ કાબેના પર મૂકવામા આવી

આ પ્રમાણે ૧૫ મી જુને નવાબ વાજિદઅલી શાહ ત્રણ હજુરિઆઓ સાથે ફોર્ટ વિલિયમના કિલ્લામા કેદ થયો. કિલ્લામાના સરકારી મહેલમા તેને ઉતારો આપવામા આવ્યો. નવાબ અને તેના મંત્રીઓના નાના પ્રકારના કાવતરાથી છુટા કરવાનો આ ઉત્તમ ઉપાય હતો પરંતુ નવાબ કોઇ પણ કાવતરા સાથે જોડાએલો હતો તે સાબીત થયુ નહોતુ, એક દીર્ઘદૃષ્ટિવાળા અંગ્રેજે (વિલાયતના ટાઇમ્સપત્રના પ્રખ્યાત ખબરપત્રી રસલ સાહેબે) જણાવ્યું છે કે નવાબના કોઇ પણ કાર્યથી લોકોના મનમા અણુમાત્ર સંદેહ ઉપજ્યો નથી કે તે બળવાખોરો સાથે જોડાયો છે. જ્યારે અયોધ્યા કંપનિના અધિકારમા આવ્યુ ત્યારે કેવલ નવાબ વાજિદઅલીને લીધે જ ત્યા કોઇ પણ જાતના બખેડા થયા નહોતા[૧] આ સબંધમા એક અગ્રેજ ઇતિહાસકારે જણાવ્યુ છે કે, " બળવાના આ સમય સુધી નવાબે સરકારનું પેન્શન ગ્રહણ કરવાની ચોકખી ના પાડી હતી. તે આપણો બંદી છતા પેન્શનર થવા માગતો નહોતો પદભ્રષ્ટ નવાબની આવી

---

૧ Martin, Indian Empire. Vol. II P 275. Russel, Diary in India Vol. I P. 226–227.

દીનદશા આ બળવાના સમયમા ખરેખર સરકારનો પક્ષ સબળ કરતી નહોતી જ્યારે કાનપુરનો બનાવ બન્યો અને પોતાના વ શની સમૃદ્ધ રાજધાની લખનોર (જે જાતિએ હક્ક વિના બીજાનો માલ લુ ટવી લીધો હતો, તે જાતિના થોડા સૈનિકો, તેના જ પગારદાર બળવાખોરોના હલ્લાથી જે સ્થાનનુ રક્ષણ કરતા હતા તે સ્થાન) ભયમા આવી પડ્યુ ત્યારે નવાબ વાજિદઅલીખા સમજી ગતો હતો કે મારૂ અવ્યવસ્થિત રાજ્ય અધિકાર તળે લેવાની આ યોગ્ય શિક્ષા થાય છે અયોધ્યા દેશી રાજાના હાથમા હોત તો તે અગાઉની લડાઇઓની માફક આ વખતે પણ અ ગ્રેજી સરકારની બાજુએ ઉભુ' રહેત પર તુ અત્યારે તો એજ રાજ્ય ભયનું સ્થાન થઇ પડ્યુ હતુ જો વાજિદઅલી વેર વાળવા માગતો હોત તો તે કેદમા પૂરેપરૂ વેર વાળી શકત. પરંતુ તેના મકાનમાનું કોઇ વેર વાળવાની ઇચ્છા ધરાવતું નહોતુ. નવાબે પોતાના ભોગવિલાસનુ પરિણામ નજરો નજર નિહાળ્યું હતું, તે ઉપરથી તેને ઉપદેશ મળ્યો હતો કે અ ગ્રેજો પણ મારી પેઠે પોતાના કરેલા કર્મોનુ ફળ ભોગવશે અને બીજાના પ્રત્યે ન્યાય દર્શાવવાની જરૂરિઆત સમજી શકશે "[1]

બરાકપુરના સિપાહીઓના હથિયારો લઇ લેવાથી અને અયોધ્યાના પદભ્રષ્ટ નવાબને નજરકેદ રાખવાથી કલકત્તા શાત થયુ. ત્યાના ખ્રિસ્તીઓ થોડા વખતને માટે નિશ્ચિ ત થયા. બાદ મદ્રાસના સેનાપતિ સર પેટ્રિક ગ્રાટ કલકત્તા આવી પહોચ્યો, અને કામચલાઉ વડો સેનાપતિ બન્યો, સેનાનાયક સર હેન્રિ હેવલોક બળવો સમાવવા અયોધ્યા તરફ ગયો, એટલે કલકત્તાના યુરોપિઅનો બહુ રાજી થયા.

---

૧ Martin, Indian Empire. Vol II. P. 275.

પરંતુ તેઓની એ શાંતિ, એ આનંદ લાંબો વખત પહોંચ્યો નહિ. તેઓ વળી ગવર્નર-જનરલનું ધૈર્ય જોઇ બહુ ગુસ્સે થયા. ગવર્નર જનરલ એ લોકોની પરવા કર્યા સિવાય કર્તવ્ય બજાવ્યે જતો હતો. યુરોપિઅન સૈન્ય એકત્ર કરી જેમ બને તેમ જલદી વાયવ્યપ્રાંતો તરફ મોકલતો હતો. તે સિવાય તેણે વિલાયતના અધિકારીઓ પાસેથી પણ સૈન્ય સિવાય બીજી કેટલીક બાબતોપર પણ તે તીક્ષ્ણ નજર રાખવા લાગ્યો. તે ખર્ચમાં કરકસર કરવા લાગ્યો, કેટલાક ખરચાળ કામો મુલતવી રાખી બધો પૈસો લડાઇની તૈયારી કરવામાં ખરચવા લાગ્યો. વળી પ્લાસીની લડાઇનો શતવાર્ષિક દિવસ પાસે આવતો હતો. એ દિવસે પ્રજા કંઇક કરશે એવી શંકા પડવાથી સરકાર અગાઉથી સાવચેત થઈ હતી. એ દિવસ આવ્યો ને ગયો. સરકારની સાવચેતીથી એ દિવસે કંઈ વિશેષ તોફાન ન થયું. આવી આવી અનેક બાબતોમાં લોર્ડ કેનિંગનું ચિત્ત પરોવાયું હતું પણ જે અંગ્રેજો રાજકીય વિષય પર તીક્ષ્ણ નજર રાખી રહ્યા હતા, સરકારને સદુપદેશ આપવો એ અમારો ધર્મ છે એમ માનતા હતા, તેઓમાંના ઘણા ખરા આ વખતે ધૈર્ય દર્શાવી શકયા નહિ. સીરામપુરના 'ફ્રેન્ડ ઓવ્ ઇંડિઆ' નામના વર્ત્તમાનપત્રમાં પ્લાસીના શતવાર્ષિક ઉત્સવ સબંધમાં એક લેખ પ્રગટ થયો. આ લેખ વાંચી સરકારને એમ જણાયું કે આવા લેખોથી લોકોના હૃદયમાં તેલ રેડાય અને કદાચ તેઓ સરકાર તરફ બેવફા બને. આમ ધારી તેણે તે પત્રના તંત્રી સાહેબને હવેથી સાવધાન રહેવાનું જણાવ્યું. પરંતુ તંત્રી સાહેબે એ સૂચના ન ગણકારી પાછો એવોજ લેખ પ્રગટ કર્યો, આ વખતે તે સાહેબ સાધારણ પ્રજાને શાંત રાખવા જતાં પોતેજ અશાંત બની ગયા હતા.

હવે સરકારે નવા કાયદા મુજબ આગળ પગલા લેવાનો ઠરાવ કર્યો. આ વખતે જો એ પત્રના માલેકોએ વચ્ચે પડી હંગામી તંત્રી સાહેબને ગડગડિઉં ન આપ્યું હોત તો એ વર્ત્તમાનપત્રનો પ્રચાર બંધ થઇ જાત.[1]

આવી ધીરજ રાખ્યા છતા લોર્ડ કેનિંગ પોતાના દેશબંધુઓના વખાણ મેળવી શક્યો નહિ. જેમ જેમ વખત જવા લાગ્યો તેમ તેમ વાયવ્ય પ્રાંતની સ્થિતિ બગડવા લાગી નાના પ્રકારના શોચનીય સમાચારો કલકત્તા આવી પહોચવા લાગ્યા જેઓને પોતાના દાસાનુદાસ માની સદંતર છોડયા છે, જેઓને ગુલામ તરીકે રાખવામા જ કૃતકૃત્યતા માની છે, તેઓને પોતાની સામે ઉઠેલા, પોતાના દેશબંધુઓના ગળા વાઢતા, પોતાની પ્રિયતમાઓ અને બાલબચ્ચાઓનુ લોહી રેડતા સાભળી કલકત્તાના યુરોપિઅનોનુ વેર વાળવાને અધીરા બની ગયા. વાયવ્ય પ્રાંતમાથી જે ન્હાસેડુ યુરોપિઅનો કલકત્તા આવી પહોચ્યા હતા તેઓએ તો પોતાના સ્વદેશબંધુઓને બહુ જ ઉશ્કેરી મૂક્યા. કલકત્તામાના યુરોપિઅનો તેઓને મુખે પોતાના સગાવહાલાના મરણ સમાચાર સાભળી બહુ દીલગીર થયા, થોડા સમયમા એ દીલગીરી વેર વેર પોકારવા લાગી ગવર્નર-જનરલનો દાખલો લઈ તેઓ ધૈર્ય

---

૧. આ વખતે ફ્રેન્ડ ઑવ્ ઇંડિઆના માલેક અને તંત્રી ગેરહાજર હતા તે પત્રનુ કામ એક બીજો માણસ કરતો હતો, જો સંપાદક અને માલેકમાનો કોઇ ૧૮૫૭ના જુન માસમા હાજર હોત તો કદાચ આવા ઉશ્કેરણી ફેલાય તેવા લેખો ફ્રેંડ ઑવ ઇંડિઆનું નામ ડુબાવત નહિ—Kaye. Sepoy War Vol. III. P 44. Note

ધારી શક્યા નહિ. ગવર્નર-જનરલની શાંતિ તેઓના ચિત્તને બાળવા લાગી. તેઓ આખા ભરતખંડને કુતરા-બિલાડાથી ભરપૂર માનવા લાગ્યા એ કુતરા-બિલાડાને જાનથી મારી નાખવાથી તેઓને શાંતિ થાય તેમ હતુ. પરંતુ ગવર્નર જનરલ તેઓની પેઠે વેરદેવીને ભજતો નહોતો, તેઓની પેઠે આખા ભરતખંડને લોહીથી તરબોળ કરવા માગતો નહોતો. લોર્ડ કેનિંગની આવી શાંતિથી કલકત્તામાંના યુરોપિઅનો એટલા બધા ગુસ્સે થયા કે તેને પાછો બોલાવી લેવા વિલાયતના સત્તાવાળાઓને વિનતિ કરવા લાગ્યા.[1]

પરંતુ સ્વદેશબંધુઓના બડબડાટથી પણ લોર્ડ કેનિંગની શાંતિ અટૂટ રહી જેમ જેમ યુરોપિઅનો વધારે અશાંત થતા ગયા, તેમ તેમ તે વધારે શાન્ત અને સાવચેત થતો ગયો દિવસે દિવસે અંગ્રેજોની અશાંતિ વધવા લાગી. હિંદના જુદા જુદા ભાગમાંના યુરોપિઅનો વેરદેવીના પૂરેપૂરા ભક્ત બની ગયા. હવે લોર્ડ કેનિંગ આ ઉત્તેજિત સ્વદેશબંધુઓના કઠોર હાથમાંથી નિર્દોષ દેશીઓનો બચાવ કરવાની દૃઢ પ્રતિજ્ઞા લઇ બેઠો. અંગ્રેજોની વેરવૃત્તિ એટલી બધી પ્રબળ બની ગઇ હતી કે જો તેઓને અટકાવવામાં આવ્યા ન હોત તો આખું ભરતખંડ માણસોના લોહીથી ખરડાત. કેવળ લોર્ડ કેનિંગ જ આ વખતે આવી બળવાન વૈરવૃત્તિને ચરિતાર્થ કરવામાં અંતરાય રૂપ હતો જુલઇ માસની આખરે બંગાળા અને વાયવ્ય પ્રાંતના અમલદારો પર એક હુકમ મોકલવામાં આવ્યો ગવર્નર જનરલે આ હુકમમાં જણાવ્યું હતું કે "જે પલટણના સિપાહીઓએ સરકાર વિરૂદ્ધ બળવો

---

૧ Kaye, Sepoy War, Vol. III P. 152

કર્યો ન હોય, અને જે સિપાહીઓએ બળવો ઉઠાવ્યો હોય છતા પોતાના ઓફિસરોના ખૂનમા ખુલ્લો ભાગ ન લીધો હોય તેઓ જો નિઃશસ્ત્ર હોય તો તેઓનો ન્યાય ચુકવવા માટે તેમને લશ્કરી અમલદારો પાસે મોકલવા જોઇએ જેઓએ સરકાર સામે લડાઇ કરી હોય, ઓફિસરો કે બીજા કોઇ યુરોપિઅનોના ખૂન કર્યા હોય અથવા કોઇ ભારે જૂલમ વર્ત્તાવ્યો હોય તો તેઓને અદાલતમા ખડા કરવા ન્યાયાધીશે કરેલી શિક્ષા સરકારના અનુમોદન વિના અમલમા મુકવી નહિ ” સરકારના આ હુકમમા અપરાધીઓને છોડવાની બાબતમા કઇ જણાવવામા આવ્યુ નથી પક્ષપાત વિના ન્યાય આપવાથી ગુનેહગારને યોગ્ય સજા થાય છે અને નિર્દોષ છુટી જાય છે, એવા ઉદ્દેશથી સરકારે આ હુકમ બહાર પાડયો હતો આ વખતે કલકત્તાના યુરોપિઅનોએ હિંદીઓ પ્રત્યેની દુશ્મનાવટને લીધે લશ્કરી કાયદો જાહેર કરવાની માગણી કરી હતી પરંતુ સરકારે તેઓની માગણી કબુલ કરી નહોતી છેવટે તેઓએ જણાવ્યુ કે પરદેશમાથી પુષ્કળ હથિયારો આવે છે માટે તે સંબંધમા કઇ કરવુ જોઇએ. સરકારે એ માગણી સ્વીકારી હથિયારબંધીનો કાયદો જાહેર કર્યો આ કાયદાની રૂએ અમલદારોને પોતપોતાના વિભાગના રહેવાશીઓમાના હથિયારોવાળા માણસોની યાદી રાખવાની સત્તા મળી આ યાદી મુજબ રહેવાશીઓને જરૂર મુજબ હથિયારો રાખવાનો પરવાનો આપવાનો નિયમ શરૂ થયો લોર્ડ કેનિંગે આ કાયદો હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી વગેરે હિંદમા રહેતી દરેક જાતિને લાગુ પાડયો હતો હિંદના યુરોપિઅનો આથી તે કાયદા તરફ મંજુરીની નજરે જોતા નહોતા. કાળા આદમીઓની સાથે એક જ વર્ગમા ગણતરી થતા તેઓનો ગુસ્સો સાતમે આસમાન

મહોચી જતો પરંતુ લોર્ડ કેનિંગ તેઓના જેવો અન્યાયી નહોતો. તે જાણતો હતો કે આ વખતે હિંદના જે રાજારજવાડા અને જમીનદારો પોતપોતાના અનુચરો સાથે પોતાની જિંદગી મુશ્કેલીમા નાખી સરકારને મદદ કરે છે, તેઓ અને ખ્રિસ્તીઓ વચ્ચે જરા પણ જુદાઇ દર્શાવવામા આવે તો તે અતિશય નિંદ્ય ગણાય આમ ધારી તેણે એ કાયદો બધાને લાગુ પાડયો હતો[1] પરંતુ એથી અંગ્રેજોનો ક્રોધ શાંત થયો નહિ જેઓ ઉશ્કેરણીને વશ થઇ સ્વહસ્તે હિંદીઓનું લોહી રેડવાની મઝા માણવા ઇચ્છતા હતા, તેઓ ગવર્નર જનરલનો હુકમ ચાચી શાંત રહી શકયા નહિ આ અશાન્તિ અને ઉશ્કેરણીનો પ્રવાહ કેવળ હિંદમા બંધાઇ ન રહેતા ઇંગ્લંડમા પણ જઇ પહોચ્યો હતો ઇંગ્લાંડના સમાચારપત્રોમા ગવર્નર જનરલની અનીતિ અતિશય નિંદનીય ગણાઇ અને લોર્ડ કેનિંગ મશ્કરીમા દયાળુ કેનિંગના નામથી ઓળખાવા લાગ્યો.

પરદેશથી હથિયારો આવતા હોવાથી તે ઘણા માણસો ખરીદતા. એથી ખ્રિસ્તીઓ કરતા હિંદુ અને મુસલમાનને બહુ બીક લાગતી હતી. તેઓ જોતા હતા કે સરકાર સિપાહીઓને નિઃશસ્ત્ર કરતી જાય છે, તેથી ઉલટુ યુરોપિઅનો તો હથિયારો વધારતા જ જાય છે. આ પરથી તેઓને સદેહ પેસી ગયો હતો કે ગોરા લોકો આત્મરક્ષા સિવાય બીજા કોઈ ઉદ્દેશથી આ બધુ કરે છે. તેઓ આપણા પર વેર વાળવા માટે આ હથિયારોનો ઉપયોગ કરવા માગે છે આવી ચિંતાને લીધે હિંદીઓ બહુ જ મુઝાતા હતા. આથી સરકારને બંને તરફ સમાન દૃષ્ટિ રાખવી પડી હતી સરકારે યુરોપિઅનોને સંતુષ્ટ કરવા

---

૧. Martin, Indian Empire Vol. II P 267.

ખાતર કેવળ દેશી લોકોને જ હથિયારો વાપરતા અટકાવ્યા હોત તો આખું ભરતખંડ ત્રાસથી કકળી ઉઠત. જે ઉશ્કેરણીના સમયમાં પણ ધીરજ રાખી ન્યાયવૃત્તિ દાખવી શકે તે ખરેખર મહાપુરુષ ગણવો જોઇએ આ વખતે લોર્ડ કેનિંગે મહાપુરુષને લાયક કામ કરી બતાવ્યું હતું.

યુરોપિઅનો ગમે તેટલા ધમપછાડા નાખે પણ એટલું તો ખરૂં કે લોર્ડ કેનિંગે આ બાબતમાં બહુ જ સરળતા બતાવી હતી. તેણે એટલી બધી ન્યાયશીલતા દર્શાવી હતી કે અત્યાર સુધી પોતાના દેશી દેહરક્ષકોના હથિયારો લઇ લેવાની રજા આપી નહોતી. તે એ લોકો વિના કોઇ પણ સ્થળે જતો નહિ. તેના દેહરક્ષક સિપાહીઓ સુંદર ઘોડા પર ઉંચામાં ઉંચા હથિયારોથી સજ્જ થઇ બેસતા હતા. તે મેનિકો સમક્ષ ઘણી વાર લોર્ડ કેનિંગને તેઓના હથિયારો લઇ લેવાનું જણાવવામાં આવ્યું હતું, પરંતુ તેણે તે કબુલ કર્યું નહોતું તેના મહેલના બચાવ માટે ગોરા સોલ્જરો તૈયાર હતા, પરંતુ તેણે દેશી સિપાહીઓને બદલે ગોરા સોલ્જરોની સેવા ગ્રહણ કરવાની ઇચ્છા દર્શાવી નહોતી જેઓના સ્વદેશબાંધવોએ ગોરા લોકોનાં લોહી રેડ્યાં હતાં, તેઓના હાથમાં લોર્ડ કેનિંગે પોતાના દેહનું રક્ષણ કરવાની જવાબદારી સોંપી હતી પોતાની જિંદગી સુરક્ષિત રાખવા આટલી બધી બેદરકારી દર્શાવવી એ લોર્ડ કેનિંગ માટે કદાચ યોગ્ય ન ગણાય, પરંતુ તેણે આ વખતે મોટાઇ દર્શાવી આપી હતી, તે બાબતમાં મતભેદ હોઇ શકે નહિ બળવાની શરૂઆતમાં જ જો ગવર્નર જનરલે પોતાના દેશી દેહરક્ષકોને રજા આપી હોત, સરકારી મહેલ સાચવવાને ગોરા સોલ્જરોની નિમણુક કરી હોત તો આ સમાચાર હિંદના એક

છેડાથી બીજા છેડા સુધી ફેલાઇ જાત અને હિંદી લોકો આ સમાચાર સાભળી બહુ જ શંકાશીલ બની જાત. બધા ધારત કે સરકારને આપણા પર વિશ્વાસ નથી લોર્ડ કેનિંગે હિંદીઓને સરકાર પ્રત્યે વિશ્વાસુ રાખવા માટે પોતાના જીવનની પરવા કરી નહોતી તેના સેક્રેટરીઓ આ બાબતમા તેને વારવાર વિનયપૂર્વક સાવધાન કરતા હતા પણ તેણે તેઓની માગણી પર ધ્યાન આપ્યુ નહોતું. તેના મંત્રીઓએ પણ સોલ્જરોને દેહરક્ષક તરીકે નીમવાની સલાહ આપી હતી, પરંતુ તેણે એ સલાહ ગણકારી નહોતી. છેવટે એક બીજા વિચારવાન માણસે આની એજ માગણી કરી બંગાળાના લેફ્ટેનેન્ટ ગવર્નર હાલિડે સાહેબે દાર્જિલિંગથી આવી ગવર્નર જનરલને એ માગણી કબુલ કરવાની વિનતિ કરી. જે જીવન પર સમગ્ર સામ્રાજ્યનો આધાર છે, તે જીવન બધી તરફથી સુરક્ષિત કરવું જ જોઇએ એ વાત હાલિડેએ લોર્ડ કેનિંગને ધીરજથી સમજાવી. છેવટે લોર્ડ કેનિંગે અનિચ્છાપૂર્વક તેમની માગણી સ્વીકારી. પરંતુ તેમ છતા લેફ્ટેનેન્ટ ગવર્નરને આ માગણી અમલમા મૂકાવતા બહુ શ્રમ પડયો. દેશી સૈનિકોને જેમ બને તેમ જલદી ખેંચી લેવામા આવ્યા નહિ ઓગસ્ટ માસની આખર તારીખે અગર સપ્ટેમ્બર માસની પહેલી તારીખે લેફ્ટેનેન્ટ ગવર્નરના હુકમથી દેશી સૈનિકોને બદલે સોલ્જરો ગવર્નર જનરલના મહેલ પર પહેરો ભરવા લાગ્યા.

કલકત્તાના અંગ્રેજો તો લોર્ડ કેનિંગના દરેક કાર્યની નિંદા કરવામા જ મશગુલ હતા. ત્યારે આવા સંકટના વખતમા તેની મદદે તેના સ્વદેશી વીરો દૂર દેશાવરથી આવી પહોચ્યા. ૧ લી ઓગસ્ટે સર જેમ્સ આઉટરામ ઇરાન સાથેની લડાઇમા જય મેળવી કલકત્તા આવી પહો-

ચ્યો ત્યારબાદ સાત દીવસે નૌકાખાતાનો અધ્યક્ષ કપ્તાન પીલ પોતાના સાથીઓ સાથે આવી પહોંચ્યો. ૧૩ મી ઓગસ્ટે સર કોલિન કેમ્પબેલે આવી વડા સેનાપતિનો ચાર્જ સંભાળી લીધો લોર્ડ કેનિંગ આ બધા વીરપુરૂષોના આગમનથી બહુ ખુશી થયો અને પોતાનું કાર્ય આગળ વધારવા લાગ્યો. લોર્ડ એલ્જિન ચીનની લડાઇમા જતો હતો. તે કપ્તાન પીલના વહાણમા કલકત્તા આવ્યો લોર્ડ કેનિંગ તેનો સહાધ્યાયી હતો. સહાધ્યાયી બંધુના મેળાપથી તેના હૃદયને બહુ આશ્વાસન મળ્યુ લોર્ડ એલ્જિન બે મનવારો લોર્ડ કેનિંગની મદદમા રાખી બાકીની એક પર સ્વાર થઇ ચીન ઉપડી ગયો એ સમયે તેણે લખ્યું છે કે, " ગવર્નરજનરલ સિવાય કલકત્તામાનુ કોઇ ભયશૂન્ય નથી. લોર્ડ કેનિંગ સવારના ૫–૬ વાગ્યાથી આખો દિવસ કામ કરે છે, છતા તેના શરીરને કે મનને થાક લાગતો નથી આવા ભયંકર સમયમા પણ તે અને તેની સ્ત્રી સર્વદા પ્રસન્ન રહે છે "

લોર્ડ કેનિંગને કેવળ વાયવ્ય પ્રાંતોની જ ચિંતા નહોતી બિહાર પણ બળવાની ચિણગારીઓથી સળગી ઉઠયુ હતું. વળી બંગાળામા પણ બળવાનો ફેલાવો વધવાની ચિંતા હતી તેણે એ પ્રદેશોના બચાવ માટે જે પગલા લીધા તે પણ તેના સ્વદેશ બાંધવોને પસંદ પડયા નહિ

પ્રકરણ ૨ જું

બિહાર

વિષય નિર્દેશ—બિહારના રહેવાશીઓ—દાનાપુરના સિપાહીઓ—પટણાનો બનાવ—દાનાપુરનો બનાવ—વળી કેદ—કુમારસિંહ—તેની મહત્તા ન ગમ્યા—તે સિપાહીઓની સાથે ભળ્યો તેના કારણો—બેન્ડસંબેલનુ ઘર—કપ્તાન ડન્બાર—વિન્સેન્ટ આયર—ફરી તાબે—જગદીશપુરનો નાશ—કુમારસિંહની શાગિશમ તરફ મુસાફરી—તેનુ જુદે જુદે સ્થળે ભટકવુ—અંગ્રેજો સાથે લડાઈ—તેનુ યુદ્ધકૌશલ્ય—તેની જગદીશપુર તરફ મુસાફરી—તેને લાગેલા ઘા—જગદીશપુરમા અંગ્રેજોની હાર—કુમારસિંહનુ મરણ—અમરસિંહ

ઈ. સ. ૧૮૫૩ના કાયદા મુજબ બંગાળા, બિહાર અને ઓરિસ્સાપર અમલ ચલાવવા માટે એક લેફ્ટેનેન્ટ ગવર્નર નીમાયો હતો. વિશાળતા, સમૃદ્ધિ અને ફળદ્રુપતામા આ ત્રણે દેશો બહુ પ્રસિદ્ધ છે. એક તરફ ગંગા અને બ્રહ્મપુત્રા અને બીજી બાજુએ સુવર્ણરેખાના જળપ્રવાહથી આ વિશાળ ભૂમિ ફળદ્રુપ થઇ રહી છે હિંદના ઇતિહાસમા એ ત્રણે દેશના લોકોએ બહુ મોટો ભાગ ભજવ્યો છે દિગ્વિજયી પાલ અને સેનવંશના રાજાઓએ આ પ્રદેશના સિંહાસનને દીપાવ્યુ હતુ. મૌર્યવંશના ચક્રવર્તી રાજાઓ આ પ્રદેશમા રહી ઠેઠ પંજાબના સીમાડા સુધી હકુમત ચલાવતા હતા. પરાક્રમી કેસરીવંશના રાજાઓએ અહીંથી જુદા જુદા પ્રદેશ પર સત્તા ચલાવી આ પ્રદેશનુ ગૌરવ

વધાર્યું હતું એક વખત આ ત્રણે પ્રદેશો એ જ્ઞાનબળમા તેમજ શસ્ત્રબળમા આખા હિંદમા નામ કાઢ્યુ હતુ બગાળી અને ઓરિસ્સાવાસી અત્યારે બાયલાના નામથી સંબોધાતા છતા એક વખતે સાહસ, વીરત્વ અને રણકુશળના માટે ઇતિહાસમા પકાતા હતા ઈ સ ૧૮૫૭મા બગાળાએ શસ્ત્રો છોડયા હતા, પણ બિહારે શસ્ત્રો છોડયા નહોતા ઘણા બિહારવાસીઓ સૈનિકશ્રેણીમા જોડાયા હતા તેથી એ લોકો ઉશ્કેરાતા ભય કર બનાવો બને એમા કઈ નવાઇ જેવુ નહોતું તેમા પણ પટણામા ઘણા મુસલમાનો રહેતા હતા, વહાબી લોકો એ સ્થળે રહી કાફરો તરફ પોતાનો દ્વેષ દર્શાવવાની તક જોયા કરતા હતા વળી પટણાની પાસ આવેલા દાનાપુરમા સિપાહીઓની પલ્ટણ પડી હતી તેઓએ લડાઇની તૈયારી કરી હોત અને પટણાના મુસલમાનો તેઓની મદદમા ઉભા રહ્યા હોત તો આખુ બિહાર સળગી ઉઠત એમા કઇ શક નહોતો બિહારના ઘણા ભાગમા ગળીની ખેતી થતી હતી યુરોપિઅનો ગળીનો વેપાર કરી ધનવાન થવા માટે ઠેકઠેકાણે ધામો નાખી પડયા હતા એ સિવાય બિહારમા સરકાર અફીણ ઉગાડતી હતી પટણાની વખારમા લાખો રૂપીઆનું અફીણ રહેતુ હતું ઘણા અંગ્રેજો અફીણ વિભાગમા કામ કરતા હતા બિહારમા બળવો ફાટી નીકળતા એ બધા યુરોપિઅનોનુ જીવન ભયમા આવી પડે તેમ હતું પટણાના કમિશનર ટેલર સાહેબે સરકારને જણાવ્યુ હતું કે "તિરહુતના અંગ્રેજો પોતાના બચાવ માટે સરકારની મદદ માગે છે કારણ કે તેને ખાત્રી થઇ ગઇ છે કે પ્રજા બળવો ઉઠાવવાની છે, બક્સર અને શાહબાદના બધા લોકો ટોળાબદ્ધ થઇ દાનાપુર જશે અને ત્યાની પલ્ટણ સાથે જોડાઇ બળવો ઉઠાવવાની પેરવી કરશે." પટણાના કમિશનરે બિહારની પ્રજાને

આટલી બધી અવિશ્વાસુ ધારી હતી બિહારના યુરોપિઅનોને પ્રજામા ઉશ્કેરણીના ચિહ્નો જણાતા હતા તેમને એવી આસ્થા બંધાઇ ગઇ હતી કે જો દાનાપુરના સિપાહીઓ સરકાર વિરૂદ્ધ બળવો ઉઠાવી પટણા આવે, અને ત્યાની તેજુરી અને અફીણની ગુદામ લૂટી ગળીની ખેતી કરનારા યુરોપિઅનોના મથક તિરહુત તરફ ધસારો કરે તો બંગાળામા પણ એ ચેપ ફેલાશે બંડખોર સિપાહીઓ મુર્શિદાબાદ જઇ ત્યાના નવાબ નાજિમની સત્તા જાહેર કરશે. દિલ્હીમા જે બન્યુ છે તે બંગાળામા બનશે. આવી સ્થિતિમા દાનાપુરના સિપાહીઓને નિઃશસ્ત્ર કરવા એજ શ્રેયસ્કર છે એ વખતે દાનાપુરમાં ૧૦ મી યુરોપિઅન. તથા ૭, ૮ અને ૪૦ મી દેશી પાયદળ પલ્ટણ રહેતી હતી દેશી ગોલંદાજોની એક ટુકડી પણ ત્યાની છાવણીમા પડાવ નાખી રહી હતી. મેજર જનરલ લોઇડ નામનો એક વૃદ્ધ સૈનિક તે બધી પલ્ટણોનો અધિનાયક હતો. કમિશનર ટેલર સાહેબે પૂર્વોક્ત વિશ્વાસને વશ થઇ સિપાહીઓને નિ શસ્ત્ર કરવાનું ઉચિત ધાર્યું હતું બિહારમાના યુરોપિઅનો પણ એજ મતના હતા. પરંતુ ગવર્નર જનરલ એ પ્રમાણે કરવાના અખાડા કર્યા કરતો હતો.

ઘણા લોકો એમ ધારતા હતા કે લોર્ડ કેનિંગની આ મોટી ભૂલ હતી દાનાપુરના સિપાહીઓને આવા સમયમા હથિયારબંધ રાખ્યા એ બરાબર નહોતું તિરહુતના ગળીવાળાઓ પોતાને વિપત્તિગ્રસ્ત માની સરકાર પર આધાર રાખી રહ્યા હતા દાનાપુરના સિપાહીઓ નિ શસ્ત્ર થાત તો તેઓને શાંતિ વળત પરંતુ ગવર્નર જનરલે આ વખતે અમુક વ્યક્તિઓ અથવા અમુક સંપ્રદાય તરફ નજર રાખી નહોતી. આખા ભરતખંડમા શાંતિ સ્થાપવી એજ તેનો મુખ્ય

ઉદ્દેશ હતો. જે કાર્યથી અમુક માણસોનો સદેહ દૂર થાય પણ બીજા અસંખ્ય માણસો સદેહવશ થાય તે કાર્ય લોર્ડ કેનિગ ન કરે એ સ્વાભાવિક છે દાનાપુરના સિપાહીઓને નિશસ્ત્ર કરવામા આવ્યા હોત તો ગળીવાળાઓ સુરક્ષિત થાત એ ખરી વાત છે, પણ તેથી આખુ બગાળા ત્રાસથી ધ્રુજી ઉઠત, બગાળામા યુરોપિઅન સૈનિકોની સખ્યા બહુ થોડી હતી જુદી જુદી છાવણીઓમા કેવળ સિપાહીઓનુ કપનિનું પ્રાધાન્ય જાળવતા લોર્ડ કેનિગ મદદગાર સોલ્જરોના આગમનની રાહ જોતો હતો જો આ વખતે દાનાપુરના સિપાહીઓને નિશસ્ત્ર કરવામા આવ્યા હોત તો બગાળાના સિપાહીઓ ધારત કે અમારી પણ આવીજ દશા થવાની છે સિપાહીઓ એમ ધારતા હતા કે નિશસ્ત્ર થવુ અને મરવુ એ બને એકજ છે. અમારા હાથમાથી હથિઆરો જશે એટલે ગોરા લોકો અમને કુતરાને મોતે મારશે, અગર કોણ જાણે કયા અજાણ્યા દેશમા સાત સમુદ્ર ને તેર નદીને પેલેપાર ધકેલી દેશે આવા વિચારોને લીધે તેઓના ચિત્ત નિશસ્ત્ર થવાની શકાથી ખળભળે એ સ્વાભાવિક છે. દાનાપુરના સિપાહીઓને નિશસ્ત્ર કરતા બગાળાના સિપાહીઓ આવા સદેહને લીધે બડ ઉઠાવે અને બગાળાના યુરોપિઅનોના લોહીવડે હાથ ખરડવા તૈયાર થાય તો શુ કરવુ? લોર્ડ કેનિગ આવા વિચારથી દાનાપુરના સિપાહીઓને પોતાનુ બળ વધાર્યા વિના નિશસ્ત્ર કરવા માગતો નહોતો અને જો લોર્ડ કેનિગે બિહારના યુરોપિઅનોનુ કહ્યુ કર્યુ હોત, તો ગંગા નદીના બંને કિનારા પર આવેલા બધા ગામડામા ભયકર બળવો ફાટી નીકળત.

લોર્ડ કેનિગને દાનાપુરના સેનાપતિ તરફથી જે સમાચાર મળ્યા

હતા, તે પરથી તેને દૃઢ ખાત્રી થઇ હતી કે ત્યા કશી ગડબડ મચશે નહિ સેનાનાયક લોર્ડે જુન માસની શરૂઆતમા તેને લખી જણાવ્યું હતું કે "જો કે અહિના સિપાહીઓની રાજભક્તિપર પુરતો વિશ્વાસ રાખી શકાય તેમ નથી છતા જ્યા સુધી કંઈ પ્રબળ લાલચ કે ઉશ્કેરણી નહિ ફેલાય ત્યા સુધી અહિના સિપાહીઓ શાંત રહેશે એવી મને ખાત્રી છે." આ સમાચાર મળ્યા બાદ થોડા દિવસમા દાનાપુરના સિપાહીઓએ બનારસના સિપાહીઓને નિ શસ્ત્ર કર્યાના સમાચાર સાભળ્યા પરંતુ એથી કંઈ નઠારૂં પરિણામ આવ્યુ નહિ. દાનાપુરના સિપાહીઓ અગાઉની પેઠે વફાદાર રહ્યા ત્યારબાદ એક પ્રબળ લાલચ તેઓની આગળ આવી ઉભી છાપરા અને આરાથી પટણાની તેજુરીમા ૨૦ લાખ રૂપીઆ આવી પહોચ્યા છતા આ લાલચથી પણ સિપાહીઓનું મન ન ચળ્યુ તેઓ જુલાઇ માસની ૧૫ મી તારીખ સુધી પોતની વફાદારીપર કલંક ચઢાવવા તત્પર ન થયા. આવી શાતિથી સેનાનાયક લોર્ડને ખાત્રી થઇ કે અહીંના સિપાહીઓ નિમકહરામ બનશે નહિ. કોઇ પ્રબળમા પ્રબળ ઉશ્કેરણીથી અચાનક ઉશ્કેરાઇ જાય તો ભલે પણ સાધારણ બનાવો તેઓને બળવાખોર બનાવી મૂકશે નહિ

દાનાપુરના સિપાહીઓ ઉશ્કેરણીને વશ થઇ સરકાર સામા ઉઠયા નહોતા છતા તેઓના હૃદયમા સંદેહે ઘર ઘાલ્યુ હતું. તેઓને બાતમી મળી હતી કે જળ માર્ગે સોલ્જરોનું સૈન્ય આવવાનું છે એ સૈન્ય દેશી સિપાઇઓનું સત્યાનાશ વાળશે આ સમાચાર કોણે ફેલાવ્યા હતા તે જણાવ્યુ નથી. જો કે આ સમાચાર તદ્દન ખોટા હતા છતા સિપાહીઓની શંકા દૂર થઇ નહિ. સેનાપતિએ આ ગપ્પો ખોટા પા-

ડવા માટે ખાસ પ્રયત્ન કર્યો હતો પરતુ સિપાહીઓને શાતિ વળતી નહોતી તેઓ જો કે કઇ ભયકર પગલુ લેવા તૈયાર નહોતા છતા તેમના હૃદયમા અશાન્તિની આગ સળગતી હતી તેઓ કપનિના સ્વદેશી સૈનિકોને મિત્ર માનવા તૈયાર નહોતા.

અગાઉ જણાવ્યુ છે તેમ આ વખતે પટણાના કમિશનર તરીકે ટેલર સાહેબ કામ કરતા હતા. તેઓની કાર્યપટુતા અને રાજનીતિજ્ઞતા બહુ વખાણાતી હતી પરતુ લોકો તરફ અનુકપાની લાગણી દર્શાવવાનુ કાર્ય તેઓને રૂચતુ નહોતુ. જે દેશમા તેઓ લાબા કાળથી વસતા હતા, તે દેશની પ્રજાનો સ્વાભાવ જાણ્યા હતા તેના તરફ અનુકપા દર્શાવવી એ તેમને ઉચિત લાગતુ નહોતુ. તેમનામા કોમળતાનો ગુણ નહોતો. મગજની શક્તિ જોગવર હતી છતા હૃદય ન હોવાથી તેમની પ્રખર બુદ્ધિ કેવળ શુષ્ક જણાતી તેઓ અધિકારી તરીકે દેશી લોકો પર પાખડી પંજો ફેરવવા માગતા. જ્યારે બિહારના યુરોપિઅનોમા ભય ફેલાયો હતો, મુસલમાન વસ્તીમા ઉશ્કેરણી ફેલાઇ હતી અને સિપાહીઓમા ત્રાસ ફેલાયો હતો, ત્યારે બિહારના દિવાનીને લશ્કરી અમલદારોમા જેઓ શિર્ષ સ્થાને હતા તેઓમા શુ કરવુ તે સબધમા એકતા રહેવી જોઇતી હતી. પરતુ તેઓમા એવી એકતા નહોતી જેઓ સૈનિક વ્રત ગ્રહણ કરે, શત્રુઓને મારવામા પોતાનું ગૌરવ માને, માણસોના લોહીમા તરબોળ થવામા આનદ માને, તેઓ ઉશ્કેરણીને વશ થઇ હિંદીઓના જીવન તુચ્છ માને એ સ્વાભાવિક છે. પણ જેઓ દિવાની કાર્યમા જોડાએલા હોય, સમવેદના અને શાતિ બતાવવી એ જેનું મુખ્ય કર્તવ્ય ગણાતું હોય તેઓએ માણસોનુ લોહી રેડવાના કાર્યથી દૂર રહી, પોતાના હૃદયની કોમળતા દર્શાવી આપવી જોઇએ.

બિહારમા તો આ સ્વાભાવિક ક્રમ ઉલટાઇ ગયો હતો. દાનાપુરનો સેનાપતિ જ્યારે ગોરા અને કાળા લોકો વચ્ચે સદ્ભાવ સ્થાપવા મથતો હતો ત્યારે પટણાનો દિવાની અમલદાર સારાસારનો વિચાર કર્યા સિવાય દેશી લોકોને ફાસીને લાકડે લટકાવવાની દૃઢ પ્રતિજ્ઞા કરી બેઠો હતો

કમિશનર ટેલર જે વિભાગનો ઉપરિ હતો તે વિભાગમા પટણા, બિહાર, સારણ, શાહબાદ, તિરહુત અને ચમ્પારણ આ છ જિલ્લાઓનો સમાવેશ થતો હતો આ છ જિલ્લાના મુખ્ય મથક અનુક્રમે પટણા, ગયા, છાપરા, આરા, મુજફરપુર અને મતિહારી હતા. એ બધા શહેરોમા જજ, મેજિસ્ટ્રેટ, અફીણ વિભાગનો એજટ વગેરે સરકારી અમલદારો રહેતા. તેઓના તાબામા કારાગાર, ધનાગાર, અફીણની ગુદામ વગેરે હતું. નજીબ નામના હથિયારબધ પોલિસ પ્રહરીઓ બધાં સ્થળો પર પહેરો ભરતા હતા. સિપાહીઓએ બળવો ઉઠાવ્યો ત્યારે આ નજીબો પર સરકારને પુરતો વિશ્વાસ નહોતો બળવાખોર સિપાહીઓ સાથે જોડાય તો આ નજીબો કબજે કરી ખ્રિસ્તીઓનું સત્યાનાશ વાળી શકે તેમ હતું જ્યારે દિલ્હીથી સમાચાર આવ્યા કે શહેર હસ્તગત થયુ છે, વૃદ્ધ મોગલ પાદશાહ પોતાના બાપદાદાના સિહાસન પર બેઠો છે, અગ્રેજ માર્યા ગયા છે, જે જીવતા છે તેઓ કોણ જાણે કયા છુપાઇ ગયા છે કે તેનો પત્તો મળતો નથી, ત્યારે પટણાના મુસલમાનો અંગ્રેજોનું રાજ્ય જવા બેઠું છે એમ માની ઉશ્કેરાવા લાગ્યા. કમિશનરે ધારી લીધુ હતું કે મારા વિભાગમા સર્વત્ર આવી ઉશ્કેરણી ફેલાઇ છે તેણે આ બાબત સરકારને જણાવી દાનાપુરથી ખબર આવ્યા કે અહીંના સિપાહીઓ બળવો ઉઠાવવા તૈયાર થયા છે. તેઓ જેમ બને તેમ જલદી પટણા તરફ આગળ વધશે.

આ સમાચારથી આખુ પટણા હલમલી ઉઠયુ યુરોપિઅનો બેબાકળા બની બચાવ કરવા તત્પર બન્યા કમિશનર સાહેબે દરેક યુરોપિઅનને પોતાના વિશાળ બગલામા આવી રહેવાનુ લખી મોકલ્યુ પોતાના બગલાની નજીક જે ગોરા લોકો વસતા હતા તેઓને તો તે જાતે જઇ કહી આવ્યા. સધ્યાકાળ થયા પહેલા યુરોપિઅનોએ કમિશનરને બગલે જઇ આશ્રય લીધો. કોઇ કોઇ અફીણની ગુદામ પર જઇ પોતાનો બચાવ કરવા લાગ્યા કમિશનરના બગલાનુ વિશાળ કમ્પાઉન્ડ ગાડીઘોડાથી ભરપુર થઇ ગયુ સ્ત્રીઓ પોતપોતાના સરસામાન સાથે આવી પહોચી આયાઓ બિચારી બેબાકળી બની પોતાની સંભાળ નીચેના બાળકોની સેવા કરવા લાગી યુરોપિઅનો બીકના માર્યા પાગલ બની ગયા, તેઓ દાનાપુરના સમાચાર જાણવા આતુર બની ગયા. પટણાથી લગભગ ૧૦૦ માઇલ દૂર મેજર હોલ્મેસ નામના સેનાનાયકના ઉપરિપણા નીચે ૧૨ મી ઘોડેસ્વાર પલ્ટણ પડી હતી એ પલ્ટણના કેટલાક ઘોડેસ્વારો પટણામા રહેતા હતા તેઓ ઘોડેસ્વાર થઈ યુરોપિઅનોનુ આશ્રય સ્થાનું ને નવા કિલ્લાના મુખ્ય દરવાજાનુ રક્ષણ કરવા લાગ્યા. ગલિઓલ રગના પોશાકવાળા નજીબો મકાનની બહાર સજ્જ થઇ ગયા. સધ્યાકાળ વીત્યો. પૂર્ણિમાનો ચદ્ર આકાશમા વિરાજવા લાગ્યા ચદ્રના અજવાળામા ઘણે દૂર સુધી નજર પહોચતી હતી. આ અજવાળામા કમ્પાઉન્ડના મધ્યભાગમા આવેલા બાગમા બાળક બાલિકાઓ રમત રમવા લાગ્યા તેઓ પોતાના માબાપની વ્યાકુળતાના કારણો સમજવા અશક્ત હતા તેઓ પોતાની પ્રસન્નતા વડે તેઓની મશ્કરી કરતા હોય તેમ ખડખડાટ હસતા હતા. પરતુ આવા નિર્દોષ બાળકોના આનંદથી

કોઇ આનંદ પામ્યું નહિ તેમના માબાપના ચિત્ત તો મૃત્યુના ભયથી કંપતા હતા પટણાથી ૪૦ માઇલ દૂરારાષ્ટ્ર નામના એક સૈનિકના ઉપરિપણા નીચે એક શિખ ટુકડી હતી ટેલર સાહેબે એ ટુકડીને જેમ બને તેમ જલદી પટણા આવવાનુ લખી જણાવ્યુ હતું યુરોપિઅનો આતુર ચિત્ત તે ટુકડીની રાહ જોવા લાગ્યા ધીમે ધીમે રાત પૂરી થઇ, સવાર પડી, દાનાપુરના સિપાહીઓ તો હજુ આવી પહોચ્યા નહોતા રાષ્ટ્રના તાબાની ટુકડી આવી પહોચી. યુરોપિઅનો તેના આગમનથી બહુ ખુશી થયા, અને કમિશનરનો બગલો છોડી પોત પોતાને ઘેર ગયા.

આ વખતે ટેલર સાહેબે જે કાર્ય તત્પરતા દર્શાવી હતી તે સબંધમા કોઇનો મતભેદ હોઇ શકે નહિ. જ્યારે તેના સ્વદેશ બાધવો ભયમા આવી પડયા હતા ત્યારે તેણે સાહસપૂર્વક તે બધાને અભયદાન આપ્યુ હતું તેના આ સાહસ અને કાર્ય તત્પરતાનો થોડો ભાગ પણ દયા અને સમવેદના દર્શાવવામા વપરાયો હોત તો સરકાર તેમના કાર્યથી સતોષ પામત. પરતુ તેઓ સાહેબ આ વખતે એટલા બધા ઉશ્કેરાઇ ગયા હતા કે જે પ્રજાપર અમલ ચલાવતા હતા તે પ્રજા તરફનુ કર્ત્તવ્ય વિસરી ગયા હતા પટણા જિલ્લાના મુસલમાન રહેવાશીઓમાના ઘણા ખરા આ વખતે ઉશ્કેરાઇ ગયા હતા એ વાત ખરી હતી. અયોધ્યા કંપનિના અધિકાર નીચે આવ્યા બાદ કેટલાક લખનોરવાસી પટણા આવી રહ્યા હતા કંપનિપર એ લોકોને ગુસ્સો હોય એ સ્વાભાવિક છે પોતાના હૃદયમા છુપાએલી વેરવૃત્તિને વશ થઇ તેઓ પટણાની પ્રજાને કપનિ વિરૂદ્ધ ઉશ્કેરે તો તે કઇ અસાધારણ બનાવ ગણાય નહિ પરતુ એ મુઠીભર લોકો ખાતર બધી પ્રજાને મારી નાખવા તૈયાર થવુ એ કદી ન્યાયવૃત્તિ ન કહેવાય.

આ પ્રસંગે એક બનાવનો ઉલ્લેખ કરવામાં આવે છે. જુન માસની આખરે તિરહુતના અધિકારીઓને સમાચાર મળ્યા કે અહીંની પોલિસનો વારિસઅલી નામનો એક જમાદાર પટણાના ઉશ્કેરાએલા મુસલમાનો સાથે પત્રવ્યવહાર ચલાવે છે સમાચાર મળતા અધિકારીઓએ એક જુવાન અંગ્રેજ સિવિલિઅન અને કેટલાક અંગ્રેજ ગળીવાળાઓને તપાસ કરવા મોકલ્યા. તેઓની તપાસમાં જણાવ્યું કે વારિસઅલી અલીકરીમ નામના એક ધનવાન મુસલમાનને અંગ્રેજો વિરૂદ્ધ પત્ર લખે છે. એમ કહેવાતું હતું કે એ અલીકરીમ અંગ્રેજ સરકારપર બહુ ગુસ્સે હતો. ગયા અને પટણાની વચ્ચે આવેલા કોઇ ગામમાં તે રહેતો હતો. તે જેવો પૈસાદાર હતો તેવોજ સત્તાવાળો અને આબરૂદાર ગણાતો હતો. વારિસઅલીને પકડવામાં આવ્યો તેની જિંદગી પૂર્ણ થવા આવી તેને ફાસી આગળ લઇ જવામાં આવ્યો ફાસી ચડતી વેળા તે મોટે અવાજે બોલી ઉઠયો કે " જો અહીં કોઈ દિલ્હીના પાદશાહનો સગો હોય તો તે મને મદદ કરે "

વિશ્વાસઘાતી વારિસઅલી મરણ પામ્યો તેના બધા કાગળપત્રો કમિશનરના હાથમાં આવ્યા. હવે કમિશનર અલીકરીમને કેદ કરવા તૈયાર થયો પટણાનો માજીસ્ટ્રેટ અને કપ્તાન કેટલાક રાષ્ટ્ર કેટલાક શિખ અને દશ સ્વાર લઇ એ કાર્ય બજાવવા ગયા, પણ તેઓ અલીકરીમને પકડી શકયા નહિ અલીકરીમ એ લોકો આવી પહોચે એ પહેલા હાથી પર ચઢી નાશી ગયો. મેજીસ્ટ્રેટની સાથેના સ્વારો તેની પાછળ પડયા મેજીસ્ટ્રેટ પોતે ઘોડાને બદલે ગાડી પર રવાના થયા, અલીકરીમનો હાથી ખેતરોને ખૂંદતો ખૂદતો દોડયો જતો હતો. પરંતુ મેજીસ્ટ્રેટની ગાડી એ રસ્તે ઝપાટાબંધ જઈ શકતી નહોતી કમિશનર ટેલરે લખ્યું

છે કે આ વખતે સ્થાનિક લોકોએ મેજીસ્ટ્રેટને કંઇ મદદ કરી ન હોતી. તેઓએ તો અલીકરીમ તરફ સહાનુભૂતિ દર્શાવી હતી[૧] આ વખતે અધિકારીઓ બિહારના બધા લોકોને પોતાના શત્રુ માની બેઠા હોવાથી કેવું પરિણામ આવ્યુ હતું તે કમિશનરના આ એકરાર પરથી સ્પષ્ટ જણાય છે. તેઓએ જો દયાભાવ રાખ્યો હોત તો તેઓને મદદ કરવામા પ્રજા પાછી હઠત નહિ. જો લોકોને અંગ્રેજોપર કટાળો આવ્યો હોય તો તેનું કારણ અંગ્રેજોની કઠોરતાજ હતી એમા કશો શક નથી. ગમે તે હો પણ પણ એટલું તો ખરૂં કે પટણાનો મેજિસ્ટ્રેટ અલીકરીમને પકડી શકયો નહિ. તે થાકી લોથ થઈ પાછો ઘેર આવ્યો. અલીકરીમની માલમિલકત જપ્ત કરવામા આવી અને તેના માથા માટે ૫૦૦૦ રૂપીઆનું ઇનામ જાહેર કરવામા આવ્યુ.

આ તરફ પટણામા નાના પ્રકારની ગરબડ મચી. અહીં ધર્મોન્મત્ત વહાબી લોકો રહેતા હતા, તેઓની ઉશ્કેરણીથી મુસલમાન પ્રજા બહુ ઉશ્કેરાઇ ગઇ હતી.

પટણાના મુસલમાનો બીજાની ઉશ્કેરણીથી ઉશ્કેરાઇ ફિરંગી લોકોને હાકી કાઢવાની તક જોતા હતા. કમિશનર ટેલર સાહેબે આવા કટાકટીના વખતે પોતાની અધીરતાને લીધે લોકોને વધારે ઉશ્કેરી મૂકયા. પટણાના લોકોને કુતરાના મોતે મારવા એ જ તેમનો મુખ્ય ઉદ્દેશ હતો કમિશનરની ઉતાવળને લીધે એ ઉદ્દેશ અનેકાશે પાર પડયો હતો કમિશનરે ભવિષ્ય તરફ દષ્ટિ રાખી નહોતી, આજુબાજુનો વિચાર કરી ધીરતાથી કાર્ય કરવાની તૈયારી બતાવી નહોતી. પોતાની

૧ Tayler Patna Crisis P. 58

ડાળી કે જમણી બાજુએ જે કોઇ જણાય તેને ફાસીને લાકડે લટ-કાવવા એ જરૂર કઠોરમા કઠોર કાર્ય ગણાય, ટેલર સાહેબ આ વખતે આવી કઠોરતા બતાવવા તૈયાર થયા હતા. તેનો સ્વભાવ જ કઠોર બની ગયો હતો પટણાનો કોઇ પણ મુસલમાન રહેવાશી પોતાને સહીસલામત ધારતો નહોતો તેઓ બીકમા ને બીકમા પ્રતિક્ષણ પસાર કરતા હતા ક્વાયતનું વિશાળ મેદાન ફાસીના માચડાથી ભરપૂર થઇ રહ્યુ હતુ. ત્યા ઉભા કરેલા માચડા લોકોને દિગ્મૂઢ બનાવી દેતા હતા લોકો એક પછી એક એ માચડાનું બલિદાન થતા હતા. લોકો પોતાનો જાન મુઠીમા લઈને ફરતા હતા. કોણ ક્યારે પકડાશે તેનું કઈ ઠેકાણુ નહોતું રાતના નવ વાગ્યા પછી બધા લોકોને પોતપોતાને ઘેર રહેવાનો હુકમ થયો હતો મધરાતે અનેક વિશ્વાસુ અને રાજભક્ત લોકો વેર વાળવાની વૃત્તિવાળા નોકરચાકરો અને વિશ્વાસઘાતી કુટુંબીજનોના કાવતરાને લેઇ થઇ પોતાના ઘરમા કેદ થતા હતા કમિશનરના યથે-ચ્છાચારને લીધે બધી જાતના કાયદાઓએ થોડા વખતને માટે રજા લીધી હતી કમિશનરે કેટલાક આબરૂદાર મુસલમાનોને છુપી રીતે પીડવાનુ પણ બાકી રાખ્યુ નહોતું, એ સબધની એક ઘટના નીચે વર્ણવવામા આવે છે

પટણામા શાહ મહમુદહુસેન, અહમદઉલ્લા અને વજુલહક નામના ત્રણ મૌલવી રહેતા હતા તેઓ પોતાના રિવાજ મુજબ ધર્મો-પદેશ આપતા હતા. મુસલમાનોમા તેઓનુ બહુ માન હતુ અસખ્ય મુસલમાનો તેઓની આજ્ઞા પાળવા તૈયાર હતા. મુસલમાનોમાનો કોઇ તેઓની સત્તાની ઇર્ષ્યા કરતો નહોતો, તેમ તેઓની સત્તા ઓછી કરવાનો પ્રયત્ન કરતો નહોતો. કમિશનરને શકા પડી કે આ મૌલવીઓ

સરકાર સામે કાવતરા કરે છે તેણે એ લોકોને જેમ બને તેમ જલદી કેદ કરવાનો વિચાર કર્યો. જાહેર પ્રજા સમક્ષ આ કાર્ય કરવા જતા ધર્મપરાયણ લોકો બહુ ગુસ્સે થાય, અને કદાચ આખુ શહેર ખળભળી ઉઠે એવી બીકથી કમિશનરે એ વિચાર પડતો મૂક્યો. તેણે આ સબંધમા એક વિચિત્ર યુક્તિ કરી તેના હુકમથી રાજકીય વિષયની ચર્ચા ચલાવવા માટે શહેરના આબરૂદાર લોકોને આમંત્રણ મોકલવામાં આવ્યુ. એ સાથે એ ત્રણે મૌલવીઓને પણ આમત્રણ મોકલાયા નોતરેલા લોકો બરાબર વખતે કમિશનરને ઘેર આવી પહોચ્યા બધા બેઠા બાદ કમિશનર સાહેબ પોતાના સોબતીઓ સાથે આવી પહોચ્યા. તેની સાથે કેટલાક સૈનિકો પણ હતા ત્યારબાદ નોતરેલા લોકો સાથે બળવા સંબંધમા વાતચીત શરૂ થઇ. થોડીવાર વાતચીત થવા બાદ તેઓએ કમિશનરની રજા લીધી તેઓની સાથે પેલા મૌલવીઓ પણ રજા માગવા લાગ્યા એટલે કમિશનર સાહેબે તેઓને રોકાવાનું જણાવ્યું. આથી મૌલવીઓ કઇ પણ વાધો ન દર્શાવતા રોકાયા તેઓના મનમા નાના પ્રકારની શંકાઓ થવા લાગી પરતુ તેઓ કમિશનર સાહેબની આગણી રદ કરી શકયા નહિ થોડી વાર પછી કમિશનરે તેઓને કહ્યું કે જ્યા સુધી બળવો શાત ન પડે ત્યા સુધી પ્રજાના હિત માટે તમને કેદ રાખવાની મારી ઇચ્છા છે. કમિશનરના વચનો સાભળી મૌલવીઓ જરા પણ ગભરાયા નહિ તેઓએ ગભીરતાપૂર્વક કમિશનરને જણાવ્યું કે, " આપ દયાળુ છો તેવા જ અનુભવી છે આપ જે હુકમ કરો છો તે આપને માટે હિતકર છે અમારા શત્રુઓ હવે અમારી વિરુદ્ધ ખોટી ફરિયાદો કરી શકશે નહિ." કમિશનર સાહેબે તેઓની માફક ધૈર્યપૂર્વક જણાવ્યુ કે " જે આપને ઠીક લાગે છે, તે મને પણ ગમે

છે ” ત્યાર બાદ હસતે મુખડે સલામ કરી એ નિરપરાધી મૌલવીઓ ચોનપોતાની પાલખીઓ પર ચઢ્યા કેટલાક હથિયારબંધ શિખ સૈનિકો તેઓની પાલખી સાથે ચાલ્યા તેઓને સર્કિટ હાઉસમા કેદ કરવામા આવ્યા. કદાચ ફાસીને લાકડે લટકવું પડશે એવી બીક તેઓના હૃદયને હચમચાવ્યા કરતી હતી અહમ્મદઉલ્લાના પિતા મૌલવી ઇલાહિબક્ષ જીવતા હતા તે અતિશય વૃદ્ધ અને આંધળા હોવાથી કમિશનરે તેને કેદ કર્યા નહોતા. ટેલર સાહેબે ધાર્યું હતું કે તે હવે સરકાર વિરૂદ્ધ કઇ કરી શકશે નહિ. મૌલવી અહમ્મદઉલ્લાને કેદ કરતી વેળા ટેલર સાહેબે તેમને જણાવ્યુ હતું કે “ યાદ રાખશો કે મેં આપના પિતાને છુટા રાખ્યા છે પરંતુ તેમનું જીવન આપના હાથમા છે અને આપનું જીવન તેના હાથમા છે. ” આ પરથી સ્પષ્ટ જણાય છે કે ટેલર સાહેબ પુત્રના દોષથી પિતાને અને પિતાના દોષથી પુત્રને હેરાન કરવા માગતા હતા.

આ બનાવ બન્યા બાદ એક વરસે કમિશનર સાહેબે ગર્વપૂર્વક લખ્યુ હતુ કે એ મૌલવીઓને કેદ કરતી વેળા મેં જે યુક્તિ કરી હતી તે સંપૂર્ણ સફળ નીવડી છે.[1] એક અંગ્રેજ અમલદારે ત્રણ કુલવાન મુસલમાનો સાથે આવી વર્તણુક ચલાવવામા મગરૂરી માની છે જો અંગ્રેજો વિરૂદ્ધ આવી વર્તણુક ચલાવવામા આવી હોત, તો અંગ્રેજ ગ્રંથકારો એવી વર્તણુક ચલાવનારને ઉતારી પાડવામા પાછુ વાળી જોત નહિ. સિપાહીઓના બળવાના ઇતિહાસ લખનાર કે સાહેબે આ સંબંધમા લખ્યુ છે કે, “ કુળવાન માણસોને મિત્રભાવે મળવા બોલાવી જે આવી વર્તણુક ચલાવે તેને વિશ્વાસઘાત સમાન ન માનતા ખરેખર

૧ Tayler, Patna Crisis, P. 51

'વિશ્વાસઘાત જ માનવો વધારે યુક્ત છે જો મૌલવીઓએ જરાપણ આનાકાની કરી હોત તો કદાચ તરવારના આઘાતથી તેઓના માથા કપાઇ ગયા હોત. સર વિલિયમ મેકનોટનના ખૂન માટે સરદાર મહમ્મદ અકબરખા વિષે મે જે ભાષા વાપરી છે, તેજ ભાષા મુસલમાન ઇતિહાસકાર ટેલર સાહેબ માટે વાપરી શકશે "[૧] કે સાહેબના આ વચનો એક બીજા ઇતિહાસકારને ગમ્યા નથી. એ ઇતિહાસકાર ટેલર સાહેબની તરફેણમા લખી ગયો છે કે "મહમ્મદ અકબર અને સર વિલિયમ મેકનોટન જુદી જુદી જાતના પ્રતિનિધિ હતા એ બને જાત એક બીજા સાથે લડાઇમા જોડાઇ હતી. મહમ્મદ અકબરે નોતરેલા અગ્રેજ પ્રતિનિધિની જિદગીની ખાત્રી આપ્યા છતા તેને ગોળીવડે ઠાર કર્યો હતો એથી ઉલટુ ટેલર સાહેબ દેશના અધિપતિના પ્રતિનિધિ હતા મૌલવીઓ એ અધિપતિની પ્રજા હતી તેઓને નોતરવામા આવ્યા નહોતા રાજનો હુકમ સાભળી તેઓ કમિશનરને બગલે આવ્યા હતા. અને રાજના હુકમથી જ તેઓને કેદ કરવામા આવ્યા હતા.[૨] ઇતિહાસ લેખકની આ દલીલ તટસ્થ લોકો માનવાના નથી. મૌલવીઓ બ્રિટિશ સરકારની પ્રજા હતી પણ પ્રજાની સાથે વિશ્વાસઘાત કરવો એ બ્રિટિશ સરકારના પ્રતિનિધિ માટે શોભા ભર્યું નહોતું. જો વિપત્તિ આવી પડે તેવી શકા હતી તો ટેલર સાહેબે જાહેર રીતે મૌલવીઓને કેદ કરવા હતા. પરતુ તેણે તો વિશ્વાસ આપી મૌલવીઓને પોતાને ઘેર બોલાવ્યા હતા. એ લોકો સાથે બીજા લોકોને પણ આમંત્રણ કરી એ વિશ્વાસ દૃઢ કર્યો હતો. આ બધા લોકો ધારતા હતા

૧. Kaye, Sepoy War. Vol III. P. 83-84.

૨. Malleson, Indian Mutiny. V.ol. I. P. 53.

કે કમિશનર સાહેબ રાજકીય બાબતમા સલાહ લેવા માટે આપણને બોલાવે છે આથી તેઓ બધા કમિશનરપર વિશ્વાસ રાખી આવ્યા હતા પણ છેવટે કમિશનર જેવા ઉચ્ચ દરજ્જાના અધિકારીએ પ્રજાનો વિશ્વાસઘાત કર્યો. જે વિશ્વાસઘાતથી બહાદુર અફગાન જાતિ કલંકિત થએલી છે તેજ વિશ્વાસઘાતે ટેલર સાહેબના આ કાર્યને કલંકિત બનાવ્યુ છે. અણધારી વિપત્તિના સમયમા લોકોની જિંદગી અને દોલતના રક્ષણ માટે આવુ કાર્ય કરવુ એ નીતિયુક્ત ગણાય ખરૂં? પણ કમિશનરે જેઓને કેદ કર્યા હતા તેઓવડે સાધારણ પ્રજાના જાનમાલની હાનિ થઇ હોય યા થવાની હોય એવું સાબીત થયું નથી. એવી કોઇ પણ સાબીતિ મળી નથી કે જે વડે ટેલર સાહેબનુ આ પગલું યોગ્ય ગણી શકાય.

કમિશનરની આ નીતિથી ગમે તેવુ સારૂ ફળ આવ્યુ હોય પણ એટલુ તો ખરૂં, પટણાના લોકોની શાંતિ એ પગલાથી તરતને માટે તો નષ્ટ થઇ. હવે પછી બનનારા બનાવો એ વાતની ખાત્રી આપે છે. મૌલવીઓને કેદ કર્યા બાદ પટણાના લોકોને નિઃશસ્ત્ર કરવાનો પ્રયત્ન કરવામા આવ્યો પણ એ પ્રયત્ન સંપૂર્ણ સફળ થયો નહિ. ઘણા લોકોના અસ્ત્રશસ્ત્રો લઇ લેવામા આવ્યા પણ કેટલાક માણસોએ પોતપોતાના હથિયારો છુપાવી રાખ્યા આવા કાર્યથી ધર્મોન્મત્ત મુસલમાનોના હૃદયને બહુજ આઘાત લાગ્યો. તેઓએ પોતાના પવિત્ર ધર્મોપદેશકોને કમિશનરના વિશ્વાસઘાતને પાત્ર થતા જોયા હતા કમિશનરના હુકમથી પોતાના હથિયારો લઇ લેવાતા નિહાળ્યા હતા હવે તેઓની ધીરજ ખુટી ગઈ. તેઓની શાંતિ ડગમગી. ૩ જી જુલાઇએ સન્ધ્યાકાળ વખતે તેઓ પોતાની લીલી ધજા ફરકાવતા ફરકાવતા

રસ્તામા ફરવા નીકળ્યા. ઢોલ પીટાવી બીજા ધર્મના લોકોને પોતાની સાથે જોડાવાનું જણાવવા લાગ્યા તરતજ હથિયારબંધ શિખસૈન્ય તેઓને વિખેરી નાખવા આગળ વધ્યુ. જેમ બને તેમ જલદી સોલ્જરોની ટુકડીને પટણા મોકલવાનુ કહેલુ દાનપુર મોકલવામા આવ્યુ. અફીણુ વિભાગનો ડૉકટર લાઇલ નામનો એક અમલદાર ઉશ્કેરાએલા મુસલમાનોને શાંત કરવા ખાતર ઘોડેસ્વાર થઇ આગળ આવ્યો, પણ તેનો પ્રયત્ન સફલ નીવડયો નહિ. મુસલમાનોના ટોળા આગળ આવી પહોચતાજ ગોળી છૂટી લાઇલ સાહેબ એ ગોળીના મારથી મરણ પામ્યો. એ દરમિઆન શિખ સૈન્ય આવી પહોચ્યુ લોકોનુ ટોળું વિખેરાઇ ગયુ લોકો આમ જેમતેમ ફાવ્યું તેમ છુપાઈ ગયા થોડી વારમા શહેરમા શાંતિ ફેલાઇ.

થોડા દિવસોમા એ ગડબડમા ભળેલા લોકોને પકડવામા આવ્યા. પકડાએલા લોકોમા પીરઅલી નામનો એક બુકસેલર હતો. એ માણસ મૂળ લખનોરનો વતની હતો પીરઅલી દેશી સાહિત્ય વાચી બુદ્ધિમાન બન્યો હતો ખરો પણ એથી તેની ઉદ્ધત પ્રકૃતિમા ફેરફાર થયો નહોતો. તે સાહસિક, દઢ અને અંગ્રેજોનો પાકો વેરી હતો. આ વખતે તે લખનોરના મુસલમાનો સાથે પત્રવ્યવહાર ચલાવતો હતો. પટણાના અધિકારીઓને ખાત્રી થઇ હતી કે આ માણસના ગોળીબારથી લાઇલ સાહેબનુ મરણ નીપજ્યુ હતું આથી પીરઅલીનો છુટકારો થયો નહિ. તેને દેહાંતદંડની સજા કરવામા આવી. તેને જ્યારે કમિશનર ટેલર અને બીજા અંગ્રેજો સમક્ષ હાજર કરવામા આવ્યો ત્યારે તેના હાથપગ લોખંડની બેડીઓથી જકડાએલા હતા, તેના પહેરવાનાં લુગડા પરસેવાથી પલળી ગયા હતા, તેના શરીરની એક બાજુએ માર

પડવાથી લોહી નીકળ્યુ હતું, એ લોહી તેના પલળેલા લુગડાપર ફેલાઇ ગયુ હતું પીરઅલીને આવી સ્થિતિમા કમિશનર આગળ આણવામા આવ્યો, એટલે ટેલર સાહેબે કહ્યું કે "તું એ ગડબડ સબંધમા કંઇ છુપા સમાચાર આપી શકે તો સરકાર સંતોષ પામી તને છોડી મૂકશે." કમિશનરના વચનો સાભળી એ બેડીથી જકડાએલા મુસલમાન વેપારીએ એવુ સાહસ, એવી દઢતા અને એવી નિર્ભયતા દર્શાવી કે સાહસિકમા સાહસિક અંગ્રેજ પણ આવી સ્થિતિમા એવું સાહસ દર્શાવી શકે નહિ. પીરઅલી ગભીર સ્વરે બોલવા લાગ્યો કે, "કેટલાક એવા કાર્યો છે કે જેને માટે જીવન બચાવવાની જરૂર પડે છે, તેમ કેટલાક એવા કાર્યો પણ છે કે જેને માટે જીવન અર્પણ કરવાની જરૂર જણાય છે" ત્યાર બાદ તેણે અગ્રેજોના જુલમો–ખાસ કરીને કમિશનર સાહેબના અત્યાચારોનુ વર્ણન કરી કહ્યુ કે "આપ મને ફાંસીએ લટકાવી શકો છો. મારા જેવા બીજા કેટલાક ફાસીને લાકડે લટકશે, અને મારી જગા હજારો જણા લેશે. આપનો ઉદ્દેશ કદી પાર પડશે નહિ"

ત્યારબાદ પીરઅલીએ બે હાથ જોડી, અતિશય વિનય પૂર્વક જણાવ્યુ કે, "મારે કેટલીક વાત પૂછવાની છે." કમિશનરે તેને જે પૂછવાનુ હોય તે પૂછવાની રજા આપી પીરઅલીએ પૂછ્યુ કે "મારૂ ઘરબાર?" કમિશનરે જવાબ આપ્યો, "બેદાન મેદાન કરવામા આવશે." "મારી દોલત" "જપ્ત થશે" "મારા સંતાનો?" આ પ્રશ્ન પૂછતા પીરઅલીનો ચહેરો મ્લાન થઇ ગયો પોતાના વ્હાલા બાલબચ્ચા યાદ આવતા આ પહેલી તેમજ છેલ્લીવાર તેના કંઠમા ઝુંઝારી છુટી કમિશનરે પુછ્યુ, "તારા બાળકો ક્યા છે?"–"અયો-

ધ્યામા " પીરઅલીએ ધ્રુજતા અવાજે જવાબ આપ્યો. કમિશનરે એ પ્રદેશની વર્તમાન સ્થિતિનો ઉલ્લેખ કરી એ સબધમા કઇ પણ વચન આપવાની અશક્તિ જણાવી. પીરઅલી બીજુ કંઇ ન પૂછતાં સલામ કરી ફાસીને લાકડે લટકાવા ચાલ્યો ગયો.[૧] તેને ફાસીએ લટકાવવામા આવ્યો. તેના ઘરબાર ખેદાન મેદાન કરી નાખવામા આવ્યા અને તેની દોલત બ્રિટિશ સરકારના કબજામા આવી.

પીરઅલી કઈ ધનવાન નહોતો બાપદાદાની સપત્તિથી તે પ્રસિદ્ધ થયો નહોતો. કમિશનરને સદેહ ઉપજ્યો હતો કે આ ગડબડમા કોઇ ધનવાન માણસનો હાથ છે. બડખોર લોકો તેના પૈસાથી પોતાને બળવાન માની બેઠા છે. પટણામા લુત્ફઅલી નામનો એક ધનવાન વેપારી હતો. ડૉક્ટર લાઇલના ખૂનમા ભાગ લેવા બાબત તેના એક જમાદારને ફાસી આપવામા આવી હતી. એવુ પણ કહેવાતું હતું કે તેણે બનારસના બડખોર સિપાહીઓમાના એકને રક્ષણ આપ્યુ હતું, પીરઅલી અને બીજા બડખોર મુસલમાનો તેની પાસેથી વારવાર પૈસા લેતા હતા. આમ હોવાથી લુત્ફઅલી કમિશનરના પજામાથી છુટી શક્યો નહિ. પટણાનો મેજિસ્ટ્રેટ તેને કેદ કરવા ગયો. એક અંગ્રેજ ઓફિસર કેટલાક શિખ સૈનિકો સાથે તેની સાથે ગયો. મેજિસ્ટ્રેટે લુત્ફઅલીને પોતાની સાથે કમિશનરને બગલે આવવાનું જણાવ્યું. તે કઇ પણ આનાકાની ન કરતા તરત જ સાથે આવવા તૈયાર થયો. તેણે ગાડી તૈયાર કરવાનો હુકમ આપ્યો. પરતુ તેનો ગાડીવાન હાજર નહોતો. તેથી તે જાતે ગાડીવાન બન્યો અને મેજિસ્ટ્રેટ વગેરે પોતાને કેદ કરવા આવનારને ગાડીમા બેસાડી કમિશનરને બગલે લઇ ગયો.

---

૧. Taylor, Patna Crisis. P. 67.

લુત્ફઅલીને આવી શાંતિથી શરણ થતો જોઇ મેજિસ્ટ્રેટ વગેરે અમલદારોના આશ્ચર્યનો પાર રહ્યો નહિ સેસન જજ ફર્ગુંહર્સન સાહેબ આગળ લુત્ફઅલીનું કામ ચાલ્યું છેવટે ગુનો સાબીત ન થવાથી તેને છોડી મૂકવામાં આવ્યો. કમિશનર ટેલર સાહેબે તેને સજા કરાવવાના પગલાં લેવામાં બાકી રાખ્યું નહોતું. તે એટલે સુધી કે તેને સજા કરાવવા ખાતર સેસન જજ પર પત્ર લખતા પણ તેઓ સાહેબને કંઇ વાંધો જણાયો નહોતો, પણ આથી ફર્ગુંહર્સન સાહેબને બહુ ગુસ્સો ચઢયો તેણે કમિશનરના લખેલા પત્ર સહિત આ મુકદ્દમાની બધી વિગત લેફ્ટેનેન્ટ ગવર્નરને લખી જણાવી હતી.

આટલું બન્યા પછી પટણાના મુસલમાનો જરા શાંત થયા જુલાઇ માસ સુધી દાનાપુરના સિપાહીઓમાં પણ કંઇ અશાન્તિ ન થઇ. પરંતુ આવી શાંતિમાં કોઇ કોઇ વખતે નાના પ્રકારના ગપ્પગોળા અશાન્તિ ફેલાવતા હતા સિપાહીઓ નાના પ્રકારની વાતો સાભળી ઉદ્વિગ્ન બની ગયા હતા દિલ્હી બંડખોરોને તાબે હતું. કાનપુરમા યુરોપિઅનો માર્યા ગયા હતા લખનોર બંડખોરોના કબજામા ગયુ હતું. આગ્રા અને વાયવ્ય પ્રાંતના લગભગ બધા સ્થળો બંડખોરોનું રણક્ષેત્ર બની ગયા હતા આ બધા સમાચારો અતિશયોક્તિથી ભરપૂર બની બિહાર આવવા લાગ્યા. બિહારના લોકો આ સમાચાર સાભળી બહુ મુઝાવા લાગ્યા. દાનાપુરના સિપાહીઓની ચિંતાનો પાર રહ્યો નહિ જેઓ અંગ્રેજોના આગમનથી પોતાની દશા ખરાબ થઇ છે એમ માનતા હતા, તેઓ હવે તક જોઇ કંપનિનો મુલક લઇ લેવાની જૂઠી કલ્પનાઓમા મસ્ત રહેવા લાગ્યા

પ્રજામા જ્યારે આવી જાનની ચિંતા ફેલાઇ રહી હતી, અને

સત્તાવાળા લોકો ઉશ્કેરાઇ ગયા હતા, ત્યારે બિહારના લોકો બહુ જ આતુરતાપૂર્વક દાનાપુરના સિપાહીઓ તરફ જોઈ રહ્યા હતા. પરંતુ સિપાહીઓ હજુ સુધી શાંત હતા. તેઓએ હજુ સુધી કંપનિ વિરૂદ્ધ હથિયારો પકડ્યા નહોતા પોતાના સેનાપતિના હુકમ વિરૂદ્ધ વર્તવાની તેમની મરજી નહોતી, હજુ તેઓ વ્યવસ્થિત હતા પણ છેવટે એક બનાવ એવો બન્યો કે જેથી તેઓનો વિચાર ફર્યો. તેઓ સત્તાવાળાઓની ભૂલથી ભાન ભૂલ્યા, અને કંપનિ વિરૂદ્ધ લડવા તત્પર થયા.

અગાઉ દાનાપુરના સિપાહીઓને નિઃશસ્ત્ર કરવાની વાત ચાલતી હતી પરંતુ સરકારે તેમ કરવાની ના પાડી હતી. હવે બંગાળાના યુરોપિઅનો આ બાબતમા આગ્રહ દર્શાવવા લાગ્યા છેવટે સરકારે યુરોપિઅન વેપારીઓના અતિ આગ્રહને વશ થઇ દાનાપુરના વૃદ્ધ સેનાપતિને યોગ્ય લાગે તેમ કરવાની છૂટ આપી. ૧૫ મી જુલાઇએ વડા સેનાપતિએ દાનાપુરના સેનાપતિ પર એક છુપો પત્ર લખ્યો એ પત્રમા જણાવ્યુ હતું કે "મહારાણીની ૫ મી યુરોપિઅન પલ્ટણ જળમાર્ગે ચુંચુડાથી બનારસ જાય છે એ પલ્ટણના બાકીના સોલ્જરો બીજે દિવસે મુસાફરી શરૂ કરવાના છે. જો તમને તમારા સિપાહીઓ પર સંદેહ આવ્યો હોય, અને તેમના હથિયારો લઇ લેવાની જરૂર જણાતી હોય તો એ સોલ્જરોને તમે થોડા વખત માટે દાનાપુર રોકી શકશો. પરંતુ કામ પત્યા બાદ તેઓને જેમ બને તેમ જલદી રવાના કરી દેશો" આ પત્ર વાચી દાનાપુરના સેનાપતિએ કશો નિર્ણય ન કર્યો. પત્ર મળ્યા બાદ કેટલાક દિવસ તેણે આ બાબતમાં ઉદાસીનતા દર્શાવી.

૨૪ મી જુલાઇએ સેનાપતિ આ સબંધમાં કંઈ પગલા લેવા

તૈયાર થયો. બંગાળાના યુરોપિઅનોએ સિપાહીઓને નિઃશસ્ત્ર કરવાની માગણી કરી હતી. પણ સેનાપતિ પોતે એ મતનો નહોતો. તેણે હજુ એ મત કાયમ રાખ્યો હતો પરંતુ યુરોપિઅનોનો વિરોધ વધી પડયો હોવાથી હવે સેનાપતિએ વચલો રસ્તો કાઢવાનો નિશ્ચય કર્યો. દુર્ભાગ્યે તેણે એ રસ્તો કાઢવાને જે ઉપાયનું અવલબન કર્યું તેથી પરિણામ બુરૂં આવ્યું સિપાહીઓ બંદુકની ટોટી વાપરી ન શકે તે માટે સેનાપતિએ બધી ટોટીઓ યુરોપિઅન સૈનિકોના તાબામા રાખવાની ઇચ્છા દર્શાવી. ૨૪ મી જુલાઇએ ૩૭ મી પલ્ટણના સોલ્જરો દાનાપુર આવી પહોચ્યા.[૧] સેનાપતિ આ તકનો લાભ લઇ પોતાની ઇચ્છા મુજબ કાર્ય કરવા તૈયાર થયો તેણે બીજે દિવસે સવારમા સોલ્જરોને ક્વાયતના મેદાન પર એકત્ર થવાનો હુકમ આપ્યો. ૨૫ મી જુલાઇએ સોલ્જરો મેદાન પર ગોઠવાઇ ગયા. સોલ્જરોની બાજુએ તોપચીઓ સેનાનાયકના હુકમ મુજબ હારબંધ ઉભા રહ્યા. અસ્ત્રાગારમાથી ટોટીઓ યુરોપિઅન છાવણીમા લઇ જવા માટે બે બળદ-ગાડીઓ મોકલવામા આવી. અસ્ત્રાગાર અને યુરોપિઅન છાવણી વચ્ચે સિપાહીઓના મકાનો હતા. ટોટીઓથી ભરપૂર ગાડીઓ જ્યારે એ ઘર પાસેથી છાવણી તરફ જવા લાગી ત્યારે સિપાહીઓ શાત રહી શક્યા નહિ. પોતાનુ આવુ અપમાન સહન ન થઇ શકવાથી તેઓ બહુ જ અધીરા થઈ ગયા. ૭ મી અને ૮ મી પલ્ટણના સિપાહીઓમાં બહુ જ અશાન્તિ ફેલાવા લાગી. ૪૦ મી પલ્ટણ હજુ સુધી શાત હતી. એ દરમિઆન એ બંને પલ્ટણોના ઓફિસરો આવી સિપાહી-

૧ આ પલ્ટણ લંકાથી કલકત્તા આવી હતી, ત્યાર બાદ દાના-પુર આવી પહોચી હતી.

ઓને સમજાવવા લાગ્યા. એ દિવસે તો કશી ધાંધલ ન મચી ઓફિસરો સવારનું ખાણું લેવા માટે પોતપોતાના ઘર તરફ ગયા. સેનાપતિએ એક બીજુ કાર્ય કરવા માટે પોતાના તાબાના અધિનાયકોને હુકમ આપ્યો, તેણે આ કાર્યને એટલુ બધુ સાધારણ માન્યુ હતું કે તે પાર પાડતી વેળા જાતે હાજર રહેવાની જરૂર જોઇ નહિ

પરંતુ આ સાધારણ કાર્ય કરતા ભયંકર પરિણામ આવ્યું. જો સેનપતિએ બધી ટોટીઓ અગ્નાગારમા લઇ જવાનુ ફરમાવ્યુ હોત તો કદાચ સિપાહીઓ શાત રહેત. સેનાપતિએ બે પલ્ટણોમા અશાન્તિ ફેલાએલી જોઇ જે ટોટીઓ સિપાહીઓને આપવામા આવી હતી તે પાછી લઇ લેવાનો હુકમ આપ્યો. આથી એ જ દિવસે ૧૨ વાગતા વળી કવાયતનું મેદાન સૈનિકોથી ભરપૂર બની ગયું દેશી ઓફિસરો શાંતિપૂર્વક પોતાના તાબાના સિપાહીઓને સમજાવવા લાગ્યા કે સરકાર સાવચેતીને ખાતર આ પ્રમાણે કરે છે. કઇ તમારા પર અવિશ્વાસ છે તે ખાતર આમ કરવામા આવતું નથી ઓફિસરો મધુર વચનો વડે ભાષણ કરતા હતા પણ એ મધુર વચનોથી સિપાહીઓના હૃદય શાત થયા નહિ, જ્યારે સિપાહીઓને ટોટીઓ સોપી દેવાનો હુકમ કરવામા આવ્યો ત્યારે ૭ મી અને ૮ મી પલ્ટણે કંઇ વિચાર કર્યા સિવાય બંડ ઉઠાવ્યું. તે પલ્ટણના સિપાહીઓએ જે યુરોપિઅનો માલમ પડયા તેમના પર ગોળીબાર કર્યા તેઓ અવ્યવસ્થિત થઇ ફાવે તેમ જવા લાગ્યા. ૪૦ મી પલ્ટણ હજુ શાત હતી. તે પલ્ટણના સિપાહીઓ એ વખતે કર્તવ્ય બજાવવા તૈયાર હતા. કેટલાક દેશી અને યુરોપિઅન ઓફિસરો અને કેટલાક સિપાહીઓ

હારબંધ ગોઠવાઇ આ ગડબડ શાંત કરવા તૈયાર થયા. ૪૦ મી પલ્ટણ તરફથી કંઇ ભય નહોતો. પરંતુ ઘટનાચક્ર ફર્યું કેટલાક યુરોપિઅન સોલ્જરો આ ઓચિંતી ધાધલથી ગભરાઇ ઇસ્પિતાલના છાપરા પર ચઢી એ શાંત પલ્ટણ પર ગોળીબાર કરવા લાગ્યા. આથી ૪૦ મી પલ્ટણે પણ ૭ મી ને ૮ મી પલ્ટણનું અનુકરણ કર્યું. આ પ્રમાણે ત્રણે પલ્ટણના સિપાહીઓ પોતાનો લશ્કરી પોશાક તજી, ફક્ત હથિયારો લઇ દાનપુર તજી ગયા. આ વખતે સેનાપતિ દાનાપુર પાસે વહેતી ગંગા નદીમાં ઉભેલા એક વહાણમાં જઇ રહ્યો હતો.

આ વખતે સેનાપતિએ હાજર રહેવાની જરૂર હતી પરંતુ તેણે આ બાબતપર પુરતું લક્ષ આપ્યું નહિ. તે વૃદ્ધ અને કાર્ય કરવાની શક્તિ વગરનો હતો વાથી તેના અંગો રહી ગયા હતા. તેને હાલ-ચાલ કરવામાં અડચણ નડતી નહિ ઘોડેસ્વાર થવા જેટલી શક્તિ તેનામાં નહોતી. એ ખાતર તેણે વહાણપર બેઠા બેઠા નદીના કિનારા પરના સિપાહીઓની હિલચાલ પર નજર રાખવાનું ઉચિત ધાર્યું હતું. તેણે પોતે આ બધું કબુલ કર્યું છે. આ વખતે કામ કરવાની શક્તિ-વાળા સેનાપતિની જરૂર હતી અડચણ અનિવાર્ય બની ગઇ હતી. સિપાહીઓ બેભાન બની ગયા હતા પરંતુ એ વખતે દાનાપુરમાં કોઇ કાર્ય કરી શકે એવો સેનાનાયક નહોતો કોઇ પણ સેનાનાયકને યુરો-રોપિઅન સૈનિકોને વ્યવસ્થિત કરી નાસતા સિપાહીઓને અટકાવવાના પગલા લેવાનું ન સૂઝયું.

છેવટે યુરોપિઅન સૈન્ય નાસતા સિપાહીઓને અટકાવવા માટે તૈયાર તો થયું પરંતુ વરસાદ આવવાથી કવાયતના વિશાળ મેદાનનો

ઘણો ખરો ભાગ પાણીથી ભરાઈ ગયો હતો એ તરફ પાણીના તળાવડા જણાતા હતા યુરેપિઅન સૈનિકો લશ્કરી પોશાકથી સજ્જ હતા. તેઓ આ ભારે પોશાક સાથે એ પાણીથી ભરપૂર પ્રદેશપર મુસાફરી કરી શકે તેમ નહોતું સિપાહીઓએ તો પોતાના પોશાક કાઢી નાખ્યા હતા તેઓ ફક્ત હથિયારો લઇ નાઠા હતા તેથી પાણીથી ભરપૂર ખાબોચિઆએ તેઓની ગતિ અટકાવી નહિ તેઓ પાછળ પડેલા યુરેપિઅન સૈનિકોને દૂર રાખી સુરક્ષિત સ્થળે જઇ પહોચ્યા. સોલ્જરોને તેઓનાપર હલ્લો કરવાનું ફાવ્યુ નહિ તેઓની કાર્યપદ્ધતિ વ્યવસ્થિત નહોતી સેનાપતિ હાજર નહોતો કોઇ અધિનાયકપર આ બાબતની સંપૂર્ણ જવાબદારી નહોતી. આથી આ વખતે શુ કરવું તે કોઇ નક્કી કરી શક્યુ નહિ. સિપાહીઓ તો જેમ બને તેમ જલદી પોતાને ઇચ્છિત સ્થળ તરફ ધસ્યા જતા હતા. તેઓમાના કોઇ કોઇ અજાણપણે હોડીઓમા બેશી ગગા પસાર કરવા લાગ્યા તેઓના પર સોલ્જરોએ ગોળીબાર કર્યા નદી ઉતરતા કેટલાક સિપાહીઓ આ ગોળીબારથી મરણ પામ્યા ઘણાખરા સિપાહીઓ શોણા નદીને તીરે આવી પહોચ્યા તેઓની પાછળ કોઇ પણ સોલ્જર પડયો નહોતો. તેમજ સામે પણ કોઇ સૈન્ય નહોતું તેઓ શોણા નદી પાસે આવી, નૌકા મેળવી પેલેપાર ઉતર્યા અને ભવિષ્યપર આધાર રાખી શાહબાદ જિલ્લાના મુખ્ય મથક આરા તરફ રવાના થયા.

દૈવયોગે એક વૃદ્ધ પણ બહાદુર રજપુત જમીનદારે આ સિપાહીઓને મદદ આપી આખા બિહારમા એ જમીનદારનો પ્રતાપ મધ્યાહ્નના સૂર્યની પેઠે તપતો હતો તે બ્રિટિશ સરકારનો પૂરેપૂરો ભક્ત હતો સરકાર પણ રાજભક્ત જમીનદાર તરીકે તેનું માન જાળવતી

હતી. પરંતુ છેવટે એ ભક્તિનું સુંદર દશ્ય પલટયું. તેને બદલે ભયંકર સંદેહ અને નિરાશાની ગાઢ નિશા એ વૃદ્ધ રજપુતના હૃદયને આવરી નાખવા લાગી. સરકારી અમલદારોને પણ એ વૃદ્ધ રજપુત પ્રત્યે એવો જ સંદેહ ઉત્પન્ન થયો. આ પ્રતાપશાળી અને તેજસ્વી જમીનદારનું નામ હતું બાબુ કુમારસિંહ.

જુદા જુદા અંગ્રેજ લેખકોએ બાબુ કુમારસિંહનું ચરિત્ર જુદી જુદી રીતે ચિતર્યું છે, કોઈ કોઇ તેને બ્રિટિશ સરકાર પ્રત્યે બેવફા માની તેની રાજભક્તિને દંભ તરીકે માને છે[1] ત્યારે કોઇ કોઇ તેની આબરૂ અને સત્તાનો ઉલ્લેખ કરી યુરોપિઅનોમા પણ તેના ચરિત્રનો ઉત્કર્ષ દર્શાવી ગયા છે[2] અંગ્રેજ લેખકોને હાથે બાબુ કુમારસિંહ ગમે તેવો ચિતરાય પણ આજ સુધી આખા બિહારમા તેનું નામ ઘેર ઘેર ગવાય છે. બિહારના લોકો હજુ સુધી તેની અસાધારણ શક્તિ વીસરી ગયા નથી, એજ તેની મહત્તાનો પુરાવો છે કુમારસિંહમા લાંબો વિચાર કરવાની શક્તિ નહિ હોય પણ તે રાજભક્ત નહોતો એમ કહેવુ એ હડહડતું જુઠું છે રાજાની વિરૂદ્ધ પડવાનો વિચાર તેને કદી આવ્યો નહોતો. તે જેવો શક્તિવાળો, પ્રતાપવાન અને તેજસ્વી હતો તેવો જ રાજભક્ત હતો. પ્રજાની માફક રાજકીય કાર્ય બજાવવા માટે તે તનતોડ મહેનત કરનારો હતો.

બાબુ કુમારસિંહ આરા જિલ્લાનો કુળવાન જમીનદાર હતો

---

૧. Malleson, Indian Mutiny. Vol, I P 76 77 અંગ્રેજ સેનાનાયક વિન્સેન્ટ આયર પણ એવોજ મત દર્શાવે છે. Gulbins, mutinies in oudh Apendix P. 541

૨ Mutiny, Indian Empire Vol II P. 400

આરાની પાસે આવેલા જગદીશપુરમા તેનો મહેલ આવેલો હતો. જે રજપુતો ઉજ્જનથી શાહબાદ આવી વસ્યા હતા તેઓના વશજોમા ડુમરાવના રાજવંશીઓ બહુ પ્રખ્યાત છે કુલીનતામા આ ભોજરાજાના વશજોનુ શાહબાદમા પ્રાધાન્ય હતું કુમારસિહ સાથે ડુમરાવના રાજવશનો સબધ હતો એ ખાતર તે પોતાના વશના આગેવાન ડુમરાવના રાજાની મહત્તા અને માન જાળવવા સર્વદા તૈયાર રહેતો. એમ કહેવાત હતુ કે પટણાના કમિશ્નર સાહેબે કઇ કામ સબબ સભા મેળવી. પટણા વિભાગના ઘણા કુળવાન જમીનદારો સભામા આવ્યા હતા સભામા સૌ પહેલી ખુરશી એક કુળવાન જમીનદારની નાખવામા આવી હતી કુમારસિહ પણ ડુમરાવના રાજા સાથે સભાગૃહમા આવી પહોચ્યો. તેણે જોયુ કે પહેલી ખુરશી કોઇ બીજા જમીનદારને માટે છે. તેજસ્વી કુમારસિહ આવું અપમાન સહન કરી શકયો નહિ તેણે અમલદારોની રજા સિવાય સભાગૃહમા ડુમરાવના રાજાની કુલીનતાનો ઉલ્લેખ કરી પહેલી ખુરશી તેને મળવી જોઇએ એમ કહ્યુ ત્યારબાદ તેણે અમલદારોને આ બાબત સમજાવી. પોતાની કુલીનતા માટે તેને આટલુ બધુ માન હતું, આખા બિહારમા તે આ વિષયમા કોઇને નમ્યો નહોતો.

બાબુ કુમારસિહની બાલ્યાવસ્થા વિષે જાણવામા આવ્યુ નથી. ફક્ત એટલુ જ જણાયુ છે કે નાનપણમા તેની પ્રીતિ ભણવા કરતા મરદાની રમત ગમતો પર વિશેષ હતી આથી તેની બાલ્યાવસ્થા કેવળ ગુરુના સમાગમમા જ પસાર થઇ નહોતી. સયમી ગુરુના મુખે શમદમના ગુણાનુવાદ સાભળી તે પોતાને શાત, દાન્ત, નિર્જીવ અને

નિર્દોષ કરવા માગતો નહોતો. પ્રતાપસિંહે જેમ સાહસિક સૈનિકો સાથે પર્વતે પર્વત ભટકી પોતાની દઢતા બતાવી આપી હતી, ગોવિંદસિંહે જેમ બાળવયમાં અસ્ત્રશસ્ત્ર સજી પોતાની બહાદુરી દર્શાવી આપી હતી, ફુલાસિંહે જેમ અસાધારણ વીરતા દર્શાવી અક્ષય કીર્તિના દરવાજામાં પ્રવેશ કર્યો હતો તેમ કુમારસિંહ પણ કિશોરાવસ્થામાં જ તેજસ્વિતા અને દઢતા દર્શાવવા તત્પર થયો હતો. હથિયાર વાપરતા શીખવું એ તેની પ્રિય રમત હતી તેના ગામની આજુ બાજુ ગાઢ જંગલ છવાએલું હતું આ જંગલ રામાયણમાંના તાડકા રાક્ષસીના વનના નામથી ઓળખાતું હતું જંગલમાં ઇમારતી લાકડા થતાં હતાં કે તે વેચવાથી મહુ ઉપજ થાય તેમ હતું. પણ કુમારસિંહ કદી પણ એ જંગલમાંનું એક વૃક્ષ પણ કાપવા દેતો નહિ. તે હંમેશાં એ ગાઢ અરણ્યમાં મૃગયાના આનન્દમાં મસ્ત રહેતો

પુરૂષસિંહ શેરશાહે જ્યાં પોતાની વીરતા ગજાવી હતી, હુમાયુના વિજેતા, દિલ્હીના ભવિષ્યના પાદશાહે જ્યાં વિજય પ્રાપ્ત કરી વીરેન્દ્રસમાજમાં નામ કાઢયું હતું તે રોહતાસના કિલ્લા નજીકના ડુંગરાળ પ્રદેશમાં કુમારસિંહ વારંવાર મૃગયા કરવા જતો હતો. આવા દુર્ગમ સ્થાનોમાં રખડપટી કરવાથી તે દહાડે દહાડે સાહસિક, તેજસ્વી અને દઢનિશ્ચયી બનતો ગયો છેવટે તે પોતાની જાતિના ઉત્તમ ગુણોથી વિભૂષિત થઇ બિહારમાં અસાધારણ વીર તરીકે મનાવા લાગ્યો.

કુમારસિંહના પ્રતાપ આગળ હમેશાં બિહારના વતનીઓ માથું નમાવતા. તેની વિરૂદ્ધનું કંઇપણ કાર્ય કરવાની શક્તિ બિહારમાં નહોતી. આરા શહેર એક જૂના મુસલમાન કુટુંબની સંપત્તિમાં ગણાતું હતું. એ સંપત્તિનો એક તૃતિયાંશ જેની માલીકીનો હતો તે બીજા ભાગી-

દારોના કાવતરાનો ભોગ થઇ પોતાનો ભાગ ગુમાવી બેઠો હતો. તેણે પુષ્કળ પ્રયત્નો કર્યા છતાં તે પોતાનો ભાગ બીજા ભાગીદારોના કબજામાથી છોડી શકયો નહિ. છેવટે એ ભાગીદારે કંઇ ઉપાય ન જોતાં પોતાનો ભાગ બાબુ કુમારસિંહને લખી આપ્યો કુમારસિંહ એ ભાગીદારનો ભાગ કબજે કરી અટકયો નહિ તેને એ જમીનદારીના બાકીના ભાગો પણ પોતાના કબજામા લઇ લીધા આમ કરવામા તેણે અન્યાયનો આશ્રય લીધો નહોતો બિહારમા જૈન લોકો સાથે હિંદુ લોકોને સામાજિક બાબતમા એકતા કે સદ્‌ભાવ નથી બિહારના હિંદુઓ જૈનો સાથે સબંધ રાખવાનું કાર્ય ખરાબ ગણે છે આરામા સખ્યાબંધ જૈનો વસે છે તેમાના કેટલાકતો પૈસેટકે ભરપુર છે કુમારસિંહના વખતમા એવા અનેક જૈનો આરામા વસતા હતા પરંતુ કુમારસિંહે કદીપણ તે લોકોને આરાની હદમા મંદિર બાંધવા દીધું નહોતું. તેના મરણ પછી આરામા પુષ્કળ જૈનમંદિરો બંધાયા છે,

એ એકાદ બે દષ્ટાંતો પરથી કુમારસિંહની મહત્તા જણાય છે. વસ્તુત કુમારસિંહ અતિશય સત્તાવાળો હતો. શાહબાદ જિલ્લામા તેની અસાધારણ સત્તા હતી. કોઇ પણ માણસ તેની સત્તા સામે આંગળી કરી શકતું નહિ કોઇ પણ માણસ તેની વિરૂદ્ધ પડી ગૌરવશાળી થવા માગતું નહિ. તેનો એવો પ્રતાપ હતો કે દુખી લોકો દુખ આવી પડતા તેના નામની દુહાઇ આપતા અને ખરેખર તેનું નામ દુઃખી માણસોને દુઃખમાથી છોડવવામા સાધનભૂત થતું. પ્રજામાં તેનું એટલું બધુ સન્માન જળવાતું કે તે જ્યારે બહાર ફરવા નીકળતો ત્યારે રસ્તાની બંને બાજુએ લોકોની હાર ગોઠવાઇ જતી અને તેના પ્રત્યે ભક્તિ દર્શાવવા તે લોકો તેને ઝુકી ઝુકીને સલામ ભરતા. કુમ-

નદારો તેને જોઇ પોતપોતાને સ્થાનેથી ઉભા થતા, બધા માથું નીચું નમાવી તેની તાબેદારી સ્વીકારતા તેના દેખતા કોઇ તમાકુ સુંઘી શકતું નહિ ઉંચે સાદે બોલી શકતુ નહિ, પોતાની સત્તા દર્શાવવા તયાર થતું નહિ તેના નામથી જેમ વિપત્તિમા આવી પડેલાની વિપત્તિ દૂર થતી તેમ તેની ભલામણ પરથી લોકો પોતાની ઇચ્છા ન હોય છતા તેણે બતાવેલુ કાર્ય કરતા. સિપાહીઓ જ્યારે પોતાના ધર્મનો નાશ થવ'ની બીકથી ઉશ્કેરાતા હતા, સમગ્ર વાયવ્ય પ્રદેશમા ગભીર ઉશ્કેરણી ફેલાઇ રહી હતી ત્યારે આરાના મેજિસ્ટ્રેટે કેદીઓને માટીના વાસણમા ખાવાનુ આપવાનુ ફરમાવ્યુ. માટીના વાસણમા એક વખત ભોજન કર્યા પછી તે બીજી વાર વાપરવાનુ હિદુઓને માટે નિષિદ્ધ હતુ મેજીસ્ટ્રેટ સાહેબે માટીના વાસણ જન્યા બાદ ધોઇ નાખી બીજીવાર વાપરવાનો હુકમ કર્યો. તેથી હિદુ કેદીઓ બહુ ગુસ્સે થયા. તેઓ પોતાના સનાતન ધર્મને હાનિ પહોચવાની બીકથી મેજિસ્ટ્રેટનો હુકમ તોડવા તૈયાર થયા. આવા સકટને વખતે મેજિસ્ટ્રેટે બાબુ કુમારસિંહની મદદ માગી. કુમારસિંહે મદદ આપવાની હા પાડી. તેણે કેદીઓને કહાવી મોકલ્યુ કે તમારામાનો કોઇ માટીનુ વાસણ વાપરવા માટે નાત બહાર થશે નહિ તેની હું ખાત્રી આપુ છુ. આ વચનો સાભળ્યા બાદ હિદુ કેદીઓએ માટીના વાસણ વાપરવાની આનાકાની કરી નહિ. બાબુ કુમારસિહના હુકમથી તેઓ માટીના વાસણોમા ભોજન કરવા તૈયાર થયા કેદીઓ કઇ તેની વીરત્વદર્શક દેહકાન્તિથી મુગ્ધ બની ગયા નહોતા, પણ કુમારસિંહે જે હુકમ મોકલ્યો હતો તે હુકમથીજ તેઓ મેજિસ્ટ્રેટનો હુકમ માનવા તૈયાર થયા હતા આ પરથી કુમારસિહના વચનો પર લોકોને કેટલી

બધી શ્રદ્ધા હતી તે સમજાય છે બ્રિટિશ મેજિસ્ટ્રેટ જે ન કરી શક્યો, તે એક ક્ષત્રિય જમીનદારે દૂર બેઠા બેઠા કરાવ્યુ

બાબુ કુમારસિંહ પ્રતાપી હતો, તેની સાથે દાતા અને શરણાગત વત્સલ હતો તેના મહેલની બાજુએ એક વિશાળ બાગ હતો તેમા પુંકળ ફુલો થતા હતા. એક બ્રાહ્મણ દરરોજ એ બાગમાના ફુલો ચુટી લેતો હતો આખો બાગ ફુલ વિનાનો થાય એ કુમારસિંહને ગમતુ નહોતુ તેથી તેણે પેલા બ્રાહ્મણને એ બાગમાનો એક વીઘો જમીનનો ટુકડો દાનમા આપી દીધો. એ એક વીઘા જમીનમા જે ફુલ થતા તે બધા બ્રાહ્મણ ચુટી લેતો હતો આ રીતે એ બ્રાહ્મણ એ વીઘા જમીનનો વંશપરપરાનો માલીક બન્યો કોઇ ગમે તેવુ ભયકર કાર્ય કરી કુમારસિંહને શરણે આવતું તો તે તેને તેના બધા ગુના માફ કરી રક્ષણ આપતો હતો. એવુ કહેવાતું કે રણદલનસિંહ નામનો એક ગુરખો ખૂન કરી કુમારસિંહને આશરે આવ્યો તેને ઘણી ખુશીથી આશરો આપ્યો. રણદલસિંહ તેના મહેલમા આવી રહ્યો આગળ જતા એ તેનો મુખ્ય સલાહકાર થઇ પડયો.

કુમારસિંહને પિતા તરફથી પુંકળ સપત્તિ મળી હતી. તેના પિતા શાહજાદસિંહે તેને પોતાની વિશાળ જમીનદારીનો બાર આની ભાગ આપ્યો હતો. બાકીનો ચાર આની ભાગ બીજા ત્રણ પુત્રો— દયાલસિંહ, રાજપતિસિંહ અને અમરસિંહને વહેચી આપ્યો હતો. વ્યવસ્થિત રીતે કામ ચાલતું હોત તો આ જમીનદારીમાથી પુષ્કળ આવક આવત, પરતુ કુમાસિંહની જમીનદારી અવ્યવસ્થાનો ભંડાર હતી. કુમારસિંહ પુષ્કળ જમીનદારીનો માલીક છતા તે પોતાના ખર્ચ માટે વેપારીઓ પાસેથી મોટા વ્યાજે પૈસા લેતો હતો. આથી તેના

પર પુષ્કળ દેવું થયું. તે એટલો બધો દેવામા ડુબી ગયો કે તેમાથી છુટવાનું કાર્ય મુશ્કેલ બની ગયુ વેપારીઓએ પૈસા પાછા લેવા માટે તેનાપર દાવો માડયો દેવુ વાળવા માટે તેની જમીનદારી હરરાજ કરવાનો ઠરાવ થયો. પરતુ કુમારસિહ દેવામા દટાયો છતા તેની સત્તા બહુ પ્રબળ હતી વળી તે વખતો વખત બ્રિટિશ અમલદારોને મદદ આપતો હોવાથી તેની વિશાળ જમીનદારી હરરાજ થાય એવી એ લોકોની ઇચ્છા નહોતી. આરાના સદર અમીનના હુકમથી હરરાજીનો દિવસ દૂર દૂર જતો ગયો[1] કુમારસિહની વિરૂદ્ધ ડિક્રી થયેલ છતાં તેની જમીનદારી તરત હરરાજ ન થઇ. એ વખતે સરકાર કુમારસિંહની જમીનદારીનુ રક્ષણ કરવાના પ્રયત્નો કરવા લાગી પરતુ રેવન્યુ બોર્ડને લીધે એ પ્રયત્નો નિષ્ફળ ગયા કુમારસિહે એક શાહુકાર પાસેથી વીશ લાખ રૂપીઆ લઇ જમીનદારી બચાવવાનો બંદોબસ્ત કર્યો અને શાહબાદના કલેકટરે તેની જમીનદારીની આવકમાથી ધીમે ધીમે એ દેવુ ઓછુ કરવાનો હુકમ કર્યો. પરતુ કુમારસિહ વીશ લાખ રૂપીઆ જેમ બને તેમ જલદી મેળવી શક્યો નહિ વેપારીએ જેમ

---

૧ જે સદર અમીને નીલામનો દિવસ ફેરવ્યો હતો, તેની બદલી થતા એક બીજો માણસ તેની જગાએ આવ્યો તેનું નામ મૌલવી વાહિદુદ્દીન હતું તેણે હુકમ કર્યો કે દિવસ ફેરવવાની જરૂર નથી જે દિવસ નક્કી કરવામા આવ્યો છે તેજ દિવસે જમીનદારી હરરાજ થશે. આ હુકમ સાભળી આરાવાસી ભડક્યા. કુમારસિહ જેવા શક્તિમાન જમીનદારની જમીનદારી નીલામ થશે એ સાભળી બધા નવાઇ પામ્યા. તેઓના દિલમા શકા પેઠી પરતુ છેટલે સદર અમીનના હુકમ મુજબ કાર્ય થયુ નહિ

બને તેમ જલદી એ પૈસા એકત્ર કરી આપવાનું વચન આપ્યુ તે દરમિઆન બીજા વેપારી પાસેથી થોડા ઘણા પૈસા લેવામા આવ્યા. લેણદારો સાથે પણ દેવુ પતાવવા માટે બદોબસ્ત થઇ ગયો આ-પરથી કુમારસિંહે ધાર્યું કે હવે હુ દેવામાથી છૂટીશ. પરતુ તેણે જે ધાર્યું હતું તે ન બન્યુ જ્યારે બધી બાબતનો બદોબસ્ત થઇ ગયો ત્યારે રેવન્યુ બોર્ડે પટણાના કમીશનર દ્વારા કુમારસિંહને લખી જ-ણાવ્યુ કે—"જો એક માસમા બધા પૈસા નહિ મળે તો બોર્ડ સર-કારને તમારી જમીનદારી સાથેનો બધો સબંધ છોડી દેવાની સલાહ આપશે ત્યાર બાદ સરકાર તમારી જમીનદારી સંબધનું કોઇ પણ કાર્ય કરશે નહિ" કુમારસિહ આથી બહુ દિલગીર થયો. પણ હજુ તે સરકારનો દુશ્મન બન્યો નહોતો પટણાના કમિશનર ટેલર સાહેબે બોર્ડના આ ફેસલા વિરૂદ્ધ પ્રબળ વિરોધ રજૂ કર્યો. તેણે લેફ્ટેનેન્ટ ગવર્નરને આ ફેસલા વિરૂદ્ધ લખી મોકલ્યુ પણ તેથી કઇં સારૂ ફળ ન આવ્યું કુમારસિહ પણ દેવામાથી નજ છૂટયો.[1]

રેવાન્યુ બોર્ડના ફેસલાથી કુમારસિહ બહુજ કટાળી ગયો પો-તાની વિશાળ સપત્તિ નીલામ થશે એ વિચારથી તે દિગ્મૂઢ બની ગયો. તેને કુટુંબનું સુખ નહોતું તેનો એકનો એક પુત્ર દલભિંજન સિહ મરણ પામ્યો હતો તેને વીરભજન નામનો એક પુત્ર હતો. પણ તે જન્મથીજ ચિત્ત ભ્રમિષ્ટ હતો તેથી કુમારસિહ પૌત્રના સુખથી વંચિત હતો. કેવળ તેના ભાઇઓ અને ભત્રીજાને જોઇ તેની આખ ઠરતી. પરતુ પુત્રનુ મરણ તેના દિલને હંમેશા કપાવતુ હતું આવી

૧. Malleson Indian Mutiny. Vol. I P 77, note.

દશામા લેણદારોએ તેની ઉતરતી જિદગી વધારે ખરાબ કરી નાખી તેનુ હૃદય આ બધા દમ વેઠી નિરાશ થઇ ગયુ પરતુ આવી સ્થિતિમા પણ તે બ્રિટિશ સરકાર વિરૂદ્ધ પડયો નહિ. આવી ભયકર નિરાશાએ પણ તેના હૃદયમાથી રાજભક્તિ નષ્ટ કરી નહિ રાજપુરુષો પણ તેની આ રાજભક્તિ તરફ માન દર્શાવતા હતા ઇ સ ૧૮૫૭ ના જુનની ૧૪ મીએ પટણાના કમિશનર ટલર સાહેબે સરકારને જણાવ્યુ કે, ' ઘણા લોકોએ મને જમીનદારો વિરૂદ્ધ તેમા પણ ખાસ કરીને કુમારસિહ વિરૂદ્ધ લખી જણાવ્યુ છે પરતુ કુમારસિહ સાથે મારી મિત્રતા એવી ગાઢ છે કે હુ તે માનવા તૈયાર નથી. " ત્યાર બાદ ૮ મી જુલાઇએ કમિશનર સાહેબે જણાવ્યુ કે " બાબુ કુમારસિહ ન કરી શકે એવુ આ દુનિયામા કઇ નથી પરતુ અત્યારે તેને કશો આધાર નથી તેણે મને અનેકવાર પોતાની રાજભક્તિ દર્શાવનારા પત્રો લખ્યા છે "[૧] શાહબાદના કલેક્ટરે પણ પટણાના કમિશનરના આ મતને ટેકો આપ્યો હતો કુમારસિહપર પૂરેપૂરો વિશ્વાસ દર્શાવતા મેજિસ્ટ્રેટ સાહેબે સરકારને લખી જણાવ્યુ હતું કે " બળવાની શરૂઆત થતાજ કુમારસિહ વિરૂદ્ધ ઘણી ફરિયાદો આવે છે પરતુ હુ એમાની એક પણ ફરિયાદ માનવા તૈયાર નથી કમિશનરે તેની રાજભક્તિ વિષે સતોષ દર્શાવ્યો છે. તે બાબતમા સદેહ કરવા જેવુ કઇ જણાતું નથી. "[૨]

પરતુ કમિશનર ટેલરની આ ધારણા લાબો વખત ટકી નહિ. જેને તેઓ પોતાનો પરમમિત્ર માનતા હતા. તેના સબધમા હવે

---

૧ Kaye, Sehoy War Vol. III. P. 98.

૨. Kaye, Sehoy War. Vol III. P. 98

તેને અવિશ્વાસ પેદા થવા લાગ્યો ટેલર સાહેબને આવો અવિશ્વાસ ઉત્પન્ન થવાનુ કારણુ શુ હતું તે સહેલાઇથી કહી શકાય તેમ નથી. એવુ કહેવાય છે કે, દાનાપુરના સિપાહીઓએ નવા ટોટા લેવાની ના પાડી એટલે ટેલર સાહેબે બાબુ કુમારસિંહ અને ડુમરાવના મહારાજને બોલાવી મગાવ્યા. તેઓ આવી પહોચ્યા એટલે કમિશનરે તેમને સિપાહીઓને સમજાવવાનું જણાવ્યું. કુમારસિંહને જણાયુ કે દાના-પુરમા જે સિપાહીઓ છે તે બધા શાહબાદના નથી. શાહબાદના લોકો મારા વચનપર વિશ્વાસ રાખે પણુ જે પર પ્રાતના છે તેઓ મારૂ વચન નહિ માને. કુમારસિંહે કમિશરને ખરૂ કહ્યુ હતું શાહ-બાદમા તેની પ્રબળ સત્તા હોય તેથી કઇ બીજા જિલ્લાના કે પ્રાતના લોકો પણુ તેના વચનો માનવા તૈયાર થાય એ નક્કી કહી શકાય નહિ આ પરથી કુમારસિંહે દાનાપુરના બધા સિપાહીઓને કમિશન-રના કહેવા મુજબ વર્ત્તવાને સમજાવવાનું યોગ્ય ધાર્યું નહિ. જે સ્થળે પોતાની માગણી સ્વીકારાવાનો સભવ ન હોય તે સ્થળે કુમારસિંહ જેવો પ્રતિષ્ઠિત જમીનદાર પોતાની પ્રતિષ્ઠા ઘટાડવા તત્પર થાય એ અસંભવિત હતું કુમારસિંહે આ બાબતમા સ્પષ્ટ વક્તાપણું દર્શાવી પોતાની સરલતા દર્શાવી આપી હતી. એ પરથી તેનો વિશ્વા-સઘાત સાબીત થતો નહોતો તેના હૃદયમા જો કપટ હોત તો તે કમિશનર સમક્ષ આવી સ્પષ્ટ વાત કહી શકત નહિ પરતુ કમિશનર સાહેબ કુમારસિંહની આ સ્પષ્ટવાદિતાથી સંતુષ્ટ થયા નહિ. તે તેને પોતાની માગણી નાકબુલ થવાથી શંકાની નજરે જોવા લાગ્યા. આવા સદેહને લીધે જ તેઓ કુમારસિંહની રાજભક્તિ પર દૂષણુ ચઢાવવા તૈયાર થયા હશે. થોડા સમય પહેલા જે પૂરેપૂરો રાજભક્ત ગણાતો

હતો તે હવે આવી સ્પષ્ટવાદિતાને લીધે બેવફા મણાવા લાગ્યો બરાબર આજ અરસામા એક બીજો બનાવ એવો બન્યો કે અમલદારોને કુમારસિંહપરનો સદેહ વધી ગયો. કુમારસિંહ દેવામા સપડાયો હતો. તેની જમીનદારી લગભગ નાશ પામી હતી તેના કૌટુબિક દુખે તેનુ હૃદય જર્જરિત કરી નાખ્યું હતુ. ચિતાના ભડકા તેની માનસિક શાતિ ખળભળાવતા હતા. સુવ્યવસ્થા અને સુશાસનના સમયમા કદાચ તેને હમેશા આવી મર્મપીડાથી સળગવું પડત. તે કદાચ દેવું વાળવાને અશક્ત બનત પરતુ રાજ્યમા અરાજકતા ફેલાતા તે પોતાની સત્તા સપત્તિ વગેરેને પુનરુદ્ધાર કરી શકે, લેણદારોને હાકી કાઢી શકે, દેવાની બેડીમાથી મુક્ત થઇ શકે, આ પ્રમાણે અશાન્તિ અને ઉચ્છૃખલતાના સમયમા તેના બધા મનોરથો પૂર્ણ થઇ શકે તેમ હતુ[1] આથી અમલદારોના મનમા એવા વિચાર આવે કે કુમારસિંહ બળવો ફેલાવવા માગે એ સ્વાભાવિક છે. કારણ કે બળવો ફેલાતા તેને બધી બાબતની સરળતા થાય તેમ હતું.

આવી જાતના વિચારોથી વહેમાઇ અમલદારવર્ગ કુમારસિંહપર તીક્ષ્ણ દૃષ્ટિ રાખવા લાગ્યા જ્યારે બળવો ફરીવળ્યો ત્યારે આ વૃદ્ધ રજપૂત વિરુદ્ધ બહુ ફરિયાદો થવા લાગી શાહબાદના જે લોકો કુમારસિંહની સત્તા તોડી પાડવા મથતા હતા તેઓ તેને બળવાખોરોના મિત્ર તરીકે ઓળખાવવા લાગ્યા. કમિશનર ટેલર સાહેબ જો અગાઉની માફક અચળ રહેત તો કદાચ આ વૃદ્ધ રજપૂતનુ જીવનવૃત્ત રૂપાતર પામત પરતુ નજીવા કારણો સબબ કમિશનરને સદેહ પેદા થયો હતો. આ સંદેહ કોઇ પણ રીતે દુર ન થયો. એ વયોવૃદ્ધ

1 Kaye, Sepoy War Vol III P. 100 Note.

રજપૂતનું નસીબ પ્રસન ન થયું ગયાના મેજિસ્ટ્રેટ મની સાહેબે કુમારસિંહ સાથે સારી વર્ત્તણુક ચલાવવાનું જણાવ્યું હતું. તેણે સ્પષ્ટ શબ્દોમા જણાવ્યું હતું કે "એકાદ બે જણને ફાસીને લાકડે લટકાવતા લોકોમા ત્રાસ ફેલાય ખરો, પણ તેનુ પરિણામ સારૂ આવતું નથી પરંતુ જ્યા જ્યાં પ્રજા આપણી વિરૂદ્ધ પડે ત્યા ત્યા હમેશા આવા ભયકર બનાવો બનતા જણાય તો ઉપકાર કરતા અપકાર વધુ થાય છે." ત્યારબાદ તેણે કુમારસિહ વિષે લખતા જણાવ્યુ કે "જો કુમારસિંહ જેવા શક્તિમાન જમીનદાર પર શંકા આણુવામા આવે અને તેને છછેડવામા આવે તો કદાચ તે સરકાર વિરુદ્ધ પડે અને બીજા પણ તેનો દાખલો લે એ સ્વાભાવિક છે" આરાના મેજિસ્ટ્રેટ વૅક સાહેબે પણ આવો જ અભિપ્રાય દર્શાવ્યો હતો[૧] પરંતુ કમિશનર ટેલર સાહેબે આ સલાહ માની નહિ, તેઓ એક વિશ્વાસુ જમીનદાર પર વિશ્વાસ બતાવવા તૈયાર થયા નહિ તેણે એક વખતે કુમારસિહને પોતાનો મિત્ર માન્યો હતો, તે હવે બેવફા મિત્ર મનાવા લાગ્યો. તેણે મિત્ર તરફ અવિશ્વાસ દર્શાવી તેને પટણામા બોલાવવા માટે એક કુળવાન મુસલમાનને જગદીશપુર મોકલ્યો.

આ દૂત કુમારસિહનો વિશ્વાસુ મિત્ર હતો. તેનું નામ સૈયદ આજિમુદ્દીન હુસેન હતુ તે ડેપ્યુટિ કલેક્ટરની પદવી શોભાવતો હતો. કુમારસિહ પોતાના વિશ્વાસુ મિત્રને મોઢે કમિશનરનો મનોભાવ જાણી બહુ ચિંતાતુર બન્યો. એવુ કહેવાય છે કે આ બનાવ બન્યા અગાઉ સરકારને એવી બાતમી મળી હતી કે દાનાપુરના સિપાહીઓ સાથે કુમારસિંહનો પત્રવ્યવહાર ચાલે છે. આ પરથી આરાના કલેક્ટરે કુમાર-

૧. Martin, Indian Empire Vol II. P. 400

સિંહની આગમાના મકાનની જડતી લીધી હતી પરંતુ આ તપાસમા એક પણ પત્ર મળ્યો નહોતો એ સિવાય સરકાર વિરુદ્ધ ગણાય તેવું કંઇ મળ્યુ નહોતુ. આ વખતે કુમારસિંહ જગદીશપુરમા હતો. પોતાની ગેરહાજરીમા કલેકટરે આવુ કૃત્ય કર્યાના સમાચાર સાભળી તે બહુ ગુસ્સે થયો હવે મુસલમાન ડેપ્યુટિ કલેકટરને મુખે કમિશનર સાહેબનો મનોભાવ જાણી તેના ગુસ્સામા ઘી રેડાયુ તે કમિશનર ટેલરના સંદેશા પરથી બધુ સમજી ગયો પોતાને શામાટે બોલાવવામા આવે છે તે પણ તેના હૃદયમા ઉતરી ગયુ. પટણાના મૌલવીઓનો કિસ્સો તેને યાદ આવ્યો. તેણે નક્કી કર્યું કે કમિશનર મારી સાથે દગાબાજી કરવા માગે છે. આથી આવેલા દૂત સાથે પટણા જવાનુ તેણે યોગ્ય ન ધાર્યું તેણે દૂતને જણાવ્યુ કે મારૂ શરીર સારૂં નથી શરીર સારૂ થશે એટલે બ્રાહ્મણો પાસે શુભમુહુર્ત્ત જોવરાવી પટણા આવીશ કુમારસિંહનો આ જવાબ સાભળી ડેપ્યુટિ સાહેબે રજા લીધી તે પાલખી પર ચઢવા જતા હતા ત્યારે કુમારસિંહ તેને વળાવવા દરવાજા સુધી આવ્યો દૂતે પાલખી પર ચઢી કુમારસિંહને કહ્યું," આપે યોગ્ય કર્યું નથી. પટણા આવવાની ના પાડો છો તેથી સરકારનો સન્દેહ દૃઢ થશે એથી આપના પર ભયંકર વિપત્તિ આવી પડશે " કુમારસિંહે ગંભીરપણે જવાબ આપ્યો " આપની સાથે મારે દિલોજાન મિત્રતા છે. તમે શું તમારા પવિત્ર ધર્મને નામે દૃઢતાપૂર્વક કહી શકો છો કે પટણા આવવાથી મને કંઇ અડચણ નહિ આવે ?" મુસલમાન દૂતે કુમારસિંહના પ્રશ્નનો જવાબ ન આપ્યો તે કંઇપણ ન બોલતા પટણા તરફ રવાના થયો કુમારસિંહ પણ દિલગીર ચહેરે પોતાના મકાનમા પેઠો.

કુમારસિંહના બીજા સેંકડો અપરાધ ભલે હોય પણ તે રાજદ્રોહી

તો નહોતો જ. અત્યાર સુધીમા જે જે કામો કર્યાં હતા તે તેની રાજભક્તિ દર્શાવી આપતા હતા એવુ કહેવાય છે કે સરકારને એવી બાતમી મળી હતી કે કુમારસિંહે જાહેર કર્યું હતું કે હુ પટણા જવાનો નથી. જો મને પટણા લઇ જવાનો પ્રયત્ન કરવામા આવશે તો હું એ કાર્ય થતું અટકાવીશ કુમારસિંહની જમીનદારીમા જે છુપી તપાસ કરવામા આવી હતી તે પરથી તેના રાજદ્રોહની કઇ સાબીતિ મળી નહોતી કુમારસિંહના માણસો સરકાર વિરૂદ્ધ હતા તેની પણ કઈ સાબીતિ મળી આવી નહોતી. એ તો જાહેર હતું કે કુમારસિંહ સરકારની વિરૂદ્ધ હોત તો તેના માણસો પણ તેનુ અનુકરણ કરત પરંતુ આ બાબતમા ખાસ કઇ જાણવામા આવ્યું નહોતું.[1] જ્યારે આરાના કાગગૃહમા હિંદુ કેદીઓએ માટીના વાસણો વાપરવાની ના પાડી ત્યારે કુમારસિંહે તેઓને શાંત પાડ્યા હતા ત્યારબાદ જ્યારે જુદા જુદા સ્થાનોના સિપાહીઓએ બળવો ઉઠાવ્યો, તેઓના આક્રમણથી તેજુરીઓ લૂટાઇ, ત્યારે આરાના અધિકારીઓ તેજુરી સાચવવા માટે બહુ ચિંતાતુર બની ગયા. વાયવ્ય પ્રાંતના સિપાહીઓએ સરકાર વિરૂદ્ધ હથિયાર પકડ્યા હતા, દાનાપુરના સિપાહીઓમા પણ ભારે ઉશ્કેરણી ફેલાઇ હતી આથી આરાની તેજુરીમાના લાખો રૂપીઆ પટણા મોકલી શકાય તેમ નહોતું આવા સમયમા આરાના અમલદારોની નજર કુમારસિંહ પર પડી હતી. બ્રિટિશ અમલદારો જ્યારે મુઝાતા ત્યારે કુમારસિંહની મદદ લેવા સદા તૈયાર રહેતા આ વખતે પણ કુમારસિંહે પોતાના ઘોડેસ્વારોની મદદ આપી. તેની મદદથી આરાની તેજુરીમાના પૈસા પટણા પ્રહોચી ગયા. આ બે બનાવ પરથી સ્પષ્ટ

---

[1] Martin Indian Empire Vol. 11 P. 400 401.

જણાય છે કે કુમારસિંહે કદી પણ સરકારની વિરૂદ્ધ કાવતરૂં કર્યું નહોતું જો તેની એમ કરવાની ઇચ્છા હોત તો આરા કરોકટીના વખતમા સરકારને મદદ કરત નહિ જો તેની ઇચ્છા હોત કે બળવાખોર સિપાહીઓ સાથે ભળી પોતાની જમીનદારીનો ઉદ્ધાર કરવો તો તે કારાગૃહના કેદીઓની અશાન્તિ શાંત પડત નહિ, તેમ પોતાનું બળ વધારવામા બહુ ઉપયોગી થાય એટલો પૈસો પટણા મોકલવામા મદદ કરત નહિ ઉલટુ એ ધનાગાર કબજે કરી, કારાગૃહના કેદીઓને પોતાના પક્ષમા લઇ શાહબાદ જિલ્લામા એવો પ્રકોપ ફેલાવત કે સરકારને બહુ મુશ્કેલીઅત પડત. આ પરથી એટલુ તો સાબીત થાય છે કે કુમારસિંહનો બળવામા જોડાવાનો વિચાર અગાઉથી ઉત્પન્ન થયો નહોતો આરાના મેજિસ્ટ્રેટે તેના આરામાના મહેલની જડતી લીધી ત્યારે પણ તેણે સરકાર સામે લડવાનો ઇરાદો રાખ્યો નહોતો. પટણાના કમિશનરે તેના પર સદેહ લાવી તેને પટણા આણવા માટે ડેપ્યુટી સાહેબને મોકલ્યા ત્યારે પણ સરકાર વિરૂદ્ધ પડવાનો તેનો ઇરાદો નહોતો ટેલર સાહેબે પટણાના મૌલવીઓને વિશ્વાસઘાત કરી પકડયા તેથી શાહબાદના લોકો અતિશય બીધા હતા જેઓ આબરૂદાર ગણાતા હતા તેઓ પ્રતિક્ષણે પકડાવાની બીક રાખતા હતા. કુમારસિંહને પણ આવી ભીતિ લાગી હોવાથી તેણે પટણા જવાની ના પાડી હતી, પરંતુ આ બાબતમા તેનું સરકાર પ્રત્યેના દ્વેષભાવનું ચિહ્ન લગારે જણાતુ નહોતું કમિશનર સાહેબની ખોટી શકાથી તે બહુ દીલગીર થયો હતો તેથી તેની માનસિક શાંતિ નષ્ટ થઇ હતી, પરંતુ એ દુખના આવેશમા શાહબાદ જિલ્લામા બળવાની પ્રચંડ આગ ફેલાવવાનો તેણે વિચાર કર્યો નહોતો.

સિપાહીઓ જ્યારે ભ્રાન્તિમાં પડી કંપનીનુ રાજ્ય નષ્ટ કરવા તૈયાર થયા, ત્યારે તેઓ હિંદના કોઇ શક્તિસંપન્ન માણસની મદદ મેળવવા માટે ખાસ પ્રયત્ન કરતા હતા. બિહારમાં કુમારસિંહની સત્તા અસાધારણ ગણાતી હતી. તેના હુકમ વિરૂદ્ધ કોઇ પણ વર્ત્તી શક્તું નહિ. કુમારશિંહની આવી શક્તિ જોઇ બળવાખોરોએ તેની પાસે દૂત મોકલ્યા હોય એ સ્વાભાવિક છે દૂતોએ કુમારસિંહને પોતાના પક્ષમાં લેવા માટે બહુ યુક્તિઓ રચી હોય તે પણ સંભવિત છે, પણ કુમારસિંહ તે યુક્તિઓમાં ફસાયો નહોતો એ પણ તેના જેટલું જ સત્ય છે. તે બળવાખોર સિપાહીઓની માગણીઓ પૂર્ણ કરવા તૈયાર નહોતો, આથી સિપાહીઓના દૂત ત્યાથી નિરાશ થઇ પાછા ફર્યા હતા. પરંતુ કુમારસિંહના હજુરિઆઓ કઇ તેના જેવા નહોતા. તેઓ દૂરદર્શી નહોતા. કુમારસિંહ બળવામા જોડાય એ ખાતર તેઓ ખાસ પ્રયત્ન કરતા હતા સિપાહીઓને તેઓ ઉત્સાહ ચડાવતા હતા પરંતુ કુમારસિંહ તેઓના મન સાથે મળી શકતો નહોતો તે તો અગાઉની પેઠે બ્રિટિશ સરકારને મદદ આપ્યા કરતો હતો. તેની ધીરજમા કશી ખામી આવી નહોતી

કુમારસિંહના સલાહકારોમા રણદલસિંહ અને હરેકૃષ્ણસિંહ મુખ્ય હતા આ બે સલાહકારોએ આ વખતે બળવો ઉઠાવવા માટે નાના પ્રકારના પ્રયત્નો કર્યા હતા કુમારસિંહની સત્તા તરફ નજર કરતા તેના આ સલાહકારો તેને બળવાખોરોનો મુરબ્બી બનાવવા માગે તેમા કંઇ વિચિત્ર નથી. રણદલનસિંહ અને હરેકૃષ્ણસિંહ જ્યારે કુમારસિંહને બહુ મુઝવતા ત્યારે તે પોતાના ભાઇ દયાલસિંહ અને અમરસિંહ તથા ભત્રીજા (દયાલસિંહનો પુત્ર) રિપુભંજન સિંહની સલાહ લેતો હતો.

તેઓ કુમારસિહને એ સલાહકારોની સલાહ માનવાની ચોકખી ના પાડતા હતા. તેઓ એમ ધારતા હતા કે પ્રબળ પ્રતાપી બ્રિટિશ સરકારની સામે ઉઠતા આપણુ સત્યાનાશ વળશે. પટણાના મૌલવીઓને કેદ કર્યા બાદ કુમારસિહને પટણા બોલાવવા માટે કમિશનરે દૂત ન મોકલ્યો હોત તો કદાચ ઘટના સ્રોત બીજી ગમ વહેત મૌલવીઓને કેદ કરવાથી શક્તિમાન લોકોના હૃદય બહુ ચંચળ બની ગયા હતા આવા સમયમા મુસલમાન દૂત કમિશનર સાહેબનો હુકમ લઈ જગદીશપુર આવી પહોચ્યો. દૂતના આગમનથી રણદલન અને હરેકૃષ્ણનો બૂરો વિચાર પાર પડ્યો. તેણે કુમારસિહને સમજાવ્યુ કે કમિશનરે સદેહવશ થઇ તમને પટણા બોલાવ્યા છે માટે તમારી દશા પણ મૌલવીઓ જેવીજ થવાની કદાચ દેહતડની સજા પણ થાય કમિશનર સાહેબના અનુચિત સદેહને લીધે કુમારસિહ ચિતાતુર બન્યો હતો, પોતાની વિશાળ જમીનદારીનુ નીલામ થવાની સંભાવના હોવાથી તેની માનસિક શાતિ નષ્ટ થઇ હતી, એવા વખતમા સલાહકારોની આ વાણી દેવવાણીની પેઠે તેના હૃદયમા પેઠી તે આ વચન પર વિશ્વાસ રાખી વ્યાકુલ થઇ ગયો તેનામા દીર્ઘદૃષ્ટિનો અભાવ હતો હવે શો રસ્તો લેવો તે તેને સૂઝ્યુ હજુ તેને બળવાખોરો સાથે જોડાવાની ઇચ્છા થઇ નહોતી રણદલન અને હરેકૃષ્ણ તેને જે કંઇ કહેતા તે પર તેને વિશ્વાસ આવતો હતો ખરો પણ તે પ્રમાણે કાર્ય કરવાની ઇચ્છા થતી નહિ. તેના ત્રીજા રીપુભજનસિહે આ વખતે તેણે કહ્યુ કે કપની બહાદુર દેશના પાદશાહ છે. આપણે તો સાધારણ જમીનદારજીએ આપણી પાસે બદુકો નથી, તોપો નથી લશ્કર નથી. તો પછી આપણે શી રીતે એ પ્રબળ સત્તાધારી પાદશાહની સામે ઝુઝી શકીશુ ? આવું

સાહસ કરવા જતા જરૂર આપણુ આવી બનશે આવી સ્થિતિમા પટણા જવુ એજ શ્રેયસ્કર છે ભત્રીજાના વચનો પર કુમારસિહને શ્રદ્ધા ન પડી તે ચિતાતુર બની ગયો. હતો, તેનુ હૃદય અશાત બની ગયુ હતું, પોતાના ભત્રીજાના વચનો એ ચિતાતુર હૃદયને શાત કરી શકયા નહિ ઉલટો તે વધારે મુઝાવા લાગ્યો. તે વિચારવા લાગ્યો કે મારે પુત્ર નથી, પૌત્ર ચિત્તભ્રમિષ્ટ છે આથી મારા ભાઇ ભત્રીજા મારી બધી સપત્તિના અધિકારી થશે રિપુભજન સપત્તિ મેળવવાની આશાથી આમ બોલે છે. હું કઈ પ્રયત્ન નહિ કરૂ તો કમિશનર જોર જુલમથી મને પટણા લઈ જશે, ત્યા મારે કેદમા રહેવુ પડશે, કદાચ ફાસીને લાકડે લટકવુ પડશે અથવા બદુકની ગોળીથી વિધાવુ પડશે મારૂ મરણ થશે કુમારસિહનુ હૃદય ગભરાવા લાગ્યુ તેને રણ-દલન અને હરેકૃષ્ણની વાતો સાચી લાગી એવુ કહેવાય છે કે બિહાર-ના એક સમૃદ્ધિસંપન્ન જમીનદારે તેને સરકાર વિરુદ્ધ ઉશ્કેરવાનો છુપો પ્રયત્ન કર્યો. પણ અમરસિહે તેને બળવો કરાવતા અટકવાનુ જણાવ્યુ. કુમારસિહને ભાઇ તથા ભત્રીજાની સલાહ ઉચિત ન જણાઇ. મનુષ્ય જ્યારે અકસ્માત ભયંકર ઘટના નિહાળી પોતાના જીવન સબંધમા સદિગ્ધ બને ત્યારે સાચી સલાહ પણ તેને ઉલટી સમજાય છે. ચોતરફ વિપત્તિથી વીંટાળાએલો હોવાથી તે પ્રતિક્ષણ સ્વપ્નની કરાલ છાયા જોયા કરે છે. આ વખતે કુમારસિહની પણ એવી જ દશા થઇ હતી બિહારના આગેવાન અમલદારના કાર્યે તેને એવી શકા ઉપજાવી હતી કે તે કોઇ પણ રીતે શાત રહી શકયો નહિ બીજા માણસાનો સદુપદેશ પણ તેને ગમતો ન હોતો. આ વખતે હરે-

કૃષ્ણ સિંહે પોતાનો પાસો ફેંક્યો. કુમારસિંહે તેને દાનાપુરના સિપાહીઓનો વિચાર જાણવા માટે ત્યા રવાના કર્યો. શાહબાદમા ફાટી નીકળનારા બળવાના બી વવાયા.

કુમારસિંહે તો કેવળ દાનાપુરના સિપાહીઓનો મનોભાવ જાણવા માટે હરેકૃષ્ણને ત્યા મોકલ્યો હતો બળવાખોર સિપાહીઓ સાથે ભળી કંપનિ વિરુદ્ધ નહિ લડો તો તમારૂ જીવન અને સંપત્તિ જળવાશે નહિ એવો વિચાર હરેકૃષ્ણ અને રણદલને કુમારસિંહને ઠસાવી દીધો હતો કુમારસિંહે પણ એ વાતની સત્યતા સ્વીકારી હતી પરંતુ હજુ તેણે આ બાબતમા દઢ નિશ્ચય કર્યો નહોતો, બળવાખોર સિપાહીઓની સરદારી લઇ કંપનિ વિરૂદ્ધ લડાઈ કરવાની તૈયારી કરી નહોતી તેનુ હૃદય સ્થિર નહોતુ, તેની કાર્યપદ્ધતિ વ્યવસ્થિત નહોતી. હવે શુ કરવુ તેનો તેણે કઇ નિશ્ચય કર્યો ન હોતો તેના મનની જ્યારે આવી સ્થિતિ હતી, ત્યારે કૂટબુદ્ધિ હરેકૃષ્ણ દાનાપુર તરફ રવાના થયો દાનાપુર આવ્યા બાદ તેણે કુમારસિંહના અભિપ્રાય મુજબ કાર્ય કર્યું નહિ તે સમજી ગયો હતો કે કુમારસિંહે હજુ કઇ નક્કી કર્યું નથી બળવાખોર સિપાહીઓનો પક્ષ લેવાનો હજુ તેણે પાકો નિશ્ચય કર્યો નથી આવે વખતે દાનાપુરના સિપાહીઓનો મનોભાવ જાણી જગદીશપુર જવાથી ધારેલી વાત સિદ્ધ થશે નહિ જો હું બળવાખોર સિપાહીઓને મારી સાથે લઇ જઇ શકુ તો કુમારસિંહને તેમની સાથે જોડાવાની ફરજ પડશે. ચતુર હરેકૃષ્ણ આવો વિચાર કરી કર્તવ્યક્ષેત્ર પર ઉતર્યો, કુમારસિંહે તેને દાનાપુરના સિપાહીઓનો મનોભાવ જાણવા માટે મોકલ્યો હતો, પરંતુ તે તો બધા સિપાહીઓને સાથે લઇ આરા જવા તૈયાર થયો

ઉછૃંખલ પ્રકૃતિના હરેકૃષ્ણને ઉદ્દેશ પાર પાડવામા કશી મુશ્કેલી ન નડી દાનાપુરના સિપાહીઓ અતિશય ઉશ્કેરાઇ ગયા હતા બરાબર એજ

વખતે હરેકૃષ્ણ આવી પહોચ્યો જ્યારે તેઓએ સાભળ્યુ કે બાબુ કુમાર-સિહ અમારી સરદારી લેવા તૈયાર છે ત્યારે તેઓના આનદની સીમા ન રહી. તેઓ હવે જરાપણ વિલબ ન કરતા ઉત્સાહભેર આરા તરફ દોડવા લાગ્યા સિપાહીયુદ્ધના કર્તા કર્નલ મેલિસને લખ્યુ છે કે કુમારસિહના નોકરોએ શોણનદ પાર ઉતરવા માટે નૌકાઓ એકત્ર કરી રાખી હતી. સિપાહીઓનો મોટો ભાગ ૨૬ મી જુલાઇની સધ્યા વખતે એ નૌકાઓ વડે નદીપાર ઉતર્યો એ વખતે કુમારસિહ પોતે ત્યા હાજર હતો. તેની સલાહ મુજબ નક્કી કરવામા આવ્યુ કે સિપાહીઓએ આરા જવું. ત્યાના યુરોપિઅનોને મારવાને તેજુરી લૂટવી[૧] ઇતિહાસ લેખકની આ ઉક્તિ ખરા બનાવ તરીકે ગણી શકાય નહિ કુમારસિહે પોતાના નોકરોને દાનાપુરના બડખોર સિપાહીઓ માટે હોડીઓ એકત્ર કરવા મોકલ્યા નહોતા તે ઘટનાસ્થળે હાજર પણ થયો નહોતો તેની સલાહ મુજબ કઇપણ કાર્યપદ્ધતિ નક્કી થઈ નહોતી તેના ઉત્સાહવાક્યોથી સિ-પાહીઓમા નવુ તેજ રેડાયુ ન હોતું તેના પ્રયત્નથી સિપાહીઓ કપનિના રાજ્યને નષ્ટ કરવાને તૈયાર થયા નહોતા વળી તેણે ધનાગાર લૂટવા તથા યુરોપિઅનોને મારી નાખવાની પણ સલાહ આપી નહોતી. તે તો આ વખતે જગદીશપુરમા બેઠો હતો. તેના કાવતરાખોર હજુરિઆની સલાહથીજ સિપાહીઓ આરા આવ્યા હતા કુમારસિહનો આ બાબતમા જરા પણ હાથ નહોતો તે હજુ સદેહને હિડોળે હિચતો હતો, પોતાની શોચનીય દશા યાદ લાવી પસ્તાતો હતો. કપનિની વિરુદ્ધ પડ-વાનો હજુ તેણે નિશ્ચય કર્યો ન હોતો હજુ તે શાહબાદ જિલ્લાની શાતિ નષ્ટ કરવા તૈયાર થયો નહોતો

૧ Malleson, Indian Mutiny, Vol I P, 79.

દાનાપુરના સિપાહીઓ હરેકૃષ્ણ સાથે આરા આવી પહોચ્યા. હરેકૃષ્ણે કુમારસિંહને સમાચાર મોકલ્યા કે દાનાપુરના સિપાહીઓ આરા આવી પહોચ્યા છે જો તમે જેમ બને તેમ જલદી અહીં નહિ આવો તો તેઓ જગદીશપુર આવશે, તમારી મિલ્કત લૂટશે અને તમારૂ ભયકર અપમાન કરશે. જો તમે આરા આવી પહોચશો તો તેઓ તમને સરદાર બનાવશે અને તમારા કહેવા મુજબ કાર્ય કરશે. આ સમાચાર મળતા કુમારસિંહ ચમકયો. દાનાપુરના સિપાહીઓ આરા આવશે એ તેણે ધાર્યું નહોતું, હરેકૃષ્ણને જે ઉદ્દેશે દાનાપુર મોકલવામા આવ્યો હતો તે ઉદ્દેશ પાર ન પડયો જાણી તે બહુ દિલગીર થયો, પરંતુ અત્યારે દિલગીર થવાનો સમય નહોતો નાના પ્રકારની મુઝવણથી મુઝાતો મુઝાતો કુમારસિંહ આરા આવી પહોચ્યો તેના આગમનથી સિપાહીઓ બહુ ખુશી થયા બીજે દિવસે સવારમા સિપાહીઓના આગેવાનો કુમારસિંહને મળવા માટે તેના ઉતારાપર ગયા કુમારસિંહ તેઓની સાથે, ઘોડેસ્વાર થઈ ઉતારાની પાસેના મેદાન પર જઇ પહોચ્યો એટલે સિપાહીઓએ તેને લશ્કરી ઢબે માન આપ્યુ કુમારસિંહને સરદાર નીમવામા આવ્યો. નાના પ્રકારની ચિતામા ફસી પડી છેવટે તેને બડખોર સિપાહીઓની સરદારી લઇ કપનિ વિરૂદ્ધ લડવામાં પોતાની જિંદગીની આખર અવસ્થા વિતાડવી પડી તેના નાના ભાઇઓ પણ ન છૂટકે પોતાના મોટા ભાઇના સાથી બન્યા. આરાના અંગ્રેજોએ જે ઘરમા આશ્રય લીધો હતો, તે ઘર ઘેરવાની તૈયારીઓ ધમધોકાર ચાલવા લાગી.

અંગ્રેજોનુ આ આશ્રય સ્થળ નાનુ એક માળનું મકાન હતું. તેની ચોતરફ ખુલ્લો વંડો હતો આગની નજિક જેઓ રેલ્વેનુ કામ

કરતા હતા. તેઓના ઉપરિ તરીકે એક ઈજનેર હતો. ઈજનેરનુ નામ હતું બેકર્સબેલ આરામા બેકર્સબેલના બે મકાનો હતા તેમાનુ આ એક માળવાળું મકાન નાનું હતુ એ પહેલા બિલિયર્ડ રમવા માટે બાધવામા આવ્યું હતું એ મકાન અત્યારે અગ્રેજોના બચાવના કિલ્લારૂપ થયુ હતુ બધા અગ્રેજો આ નાના કિલ્લામા એકત્ર થયા હતા. આરાની તેજુરી સાચવવા માટે ૫૦ શિખ સૈનિકો હતા તેઓ કિલ્લા પાસે ગોઠવાઇ અગ્રેજોને બચાવવા તત્પર થયા. ૨૭ મી જુલાઇએ સિપાહીઓએ તેજુરી લૂટી, અને કેદીઓને મુક્ત કર્યા. અદાલતનુ દફતર નાશ પામ્યુ પરતુ કોઇએ કલેકટરની ઓફીસને હાથ અડકાડયો નહિ. કલેકટરની ઓફિસના દસ્તાવેજો નાશ પામે તો લોકોની જમીનની માલીકી માટે ભારે ધાધલ મચે એવા વિચારથી કુમારસિહે એ દસ્તાવેજોનો નાશ કરવાની મના કરી હતી સિપાહીઓએ અગ્રેજોને ઘેરી લીધ હતા. કિલ્લામાના અગ્રેજોમા સૈનિક અમલદારો ન હોવાથી દિવાની અમલદારોએ સૈનિકોનુ કામ હાથમા લીધુ આરાના મેજિસ્ટ્રેટ વૅક સાહેબ શિખોના અધિનાયક બન્યા. બેકર્સબેલ સાહેબ લડાઇનો સરસામાન એકત્ર કરવા લાગ્યા તેઓ ઉત્સાહપૂર્વક પોતાનુ કામ કરવા લાગ્યા. સખ્યાબધ સિપાહીઓના હલ્લાથી તેઓની શક્તિ વિકાસ પામવા લાગી તેઓ મોટા મોટા કોથળા, રેતી અને માટીથી ભરી, કપાઉન્ડમા, અને અગાસી પર દિવાલની પેઠે ગોઠવવા લાગ્યા બેકર્સબેલ સાહેબે દાનાપુરના સિપાહીઓના આગમનની વાત સાભળી એ ઘરમા લોટ, બિસ્કુટ, મેદો વગેરે એકત્ર કરી રાખ્યુ હતું આથી શરૂઆતમા તો યુરોપિઅનોને ખોરાકીનુ દુઃખ ન નડયુ એ સિવાય તેમણે દીર્ઘદૃષ્ટિ વાપરી પોતાના મકાનથી ૧૦૦ હાથ પર આવેલા એક મકાનની

વડી કે જે પોતાના મકાન તરફ હતી તે તોડી નખાવી હતી આથી સિપાહીઓને એ વડીની ઓથે રહી ગોળીબાર કરવાની સગવડ મળી નહિ અગ્રેજોએ આ રીતે લાબી નજર વાપરી તૈયારી કરી રાખી હતી સિપાહીઓ તેઓના જેવો ઉત્સાહ દર્શાવી શક્યા નહોતા તેઓની કાર્યપદ્ધતિ નિશ્ચિત નહોતી જે વૃદ્ધપુરુષ ઘટનાચક્રમા સપડાઈ તેમનો સેનાપતિ બન્યો હતો તેણે પણ ઝાઝો ઉત્સાહ બતાવ્યો નહિ અગ્રેજો વિરૂદ્ધ લડવાની તેની ઇચ્છા નહોતી સરકારે અત્યાર સુધી તેનુ કઇ બગાડયુ નહોતું જેમ તે અમલદારોને મદદ કરતો હતો તેમ અમલદારો પણ તેને મદદ કરતા હતા આથી તે **देहं पातयामि वा अर्थं साधयामि** એવા જુસ્સાથી કાર્યક્ષેત્રપર ઉતર્યો નહોતો. પોતાની ઇચ્છા વિરૂદ્ધ જે કાર્ય કરવુ પડે તેમા માણસ તન્મય થઇ શકતો નથી. આ વખતે કુમારસિહની એવી અવસ્થા થઇ હતી કુમારસિહ લડાઈ કરવામા હોશિયાર છતા અગ્રેજોની વિરૂદ્ધ તન્મયતા દર્શાવી શકતો ન હોતો તેણે નસીબની પાસે મસ્તક ઝુકાવ્યુ હતું ખરૂ પણ નસીબ તેને જે રસ્તે લઇ જતું હતું તે રસ્તાપર જતા તેણે ઉદાસીનતા દર્શાવી હતી. આરાના અગ્રેજો સાથેની લડાઇમા તે સફળ થઇ શક્યો નહિ તેનું મુખ્ય કારણ આ ઉદાસીનતાજ હતી એ સિવાય તેની પાસે સારા હથિયારો નહોતા લડાઇ કરવાની ઇચ્છા ન હોવાથી તેણે બદુક, તોપ વગેરે હથિયારો એકત્ર કર્યાં નહોતા તેને જયારે અગ્રેજો સાથે લડવાની જરૂર પડી ત્યારે તેની પાસે જુજ હથિયારો હતા. ઉત્કૃષ્ટ હથિયારો ન હોવાથી તે પદ્ધતિપૂર્વક લડાઇ કરી શક્યો નહિ દાનાપુરથી સંખ્યાબંધ સિપાહીઓ આવી પહોચ્યા હતા. કુમારસિહના ઘણા નોકરો તેઓના સાથે ભળ્યા હતા. એથી ઉલટુ બેફર્સબેલના ઘરમા કેવળ

૧૧ યુરોપિઅનો હતા તેની મદદમા કેવળ ૫૦ શિખ સિપાહીઓ હતા સિપાહીઓમા કાર્ય તત્પરતા હોત તો આ નજીવી સખ્યા જરૂર મરા ખૂટત પરતુ તેઓ વીરની માફક લડયા નહિ કુમારસિહે પણ વીર ધર્માનુસાર એકાગ્રતા દર્શાવી નહિ અગ્રેજો પોતે ગોઠવેલા લોકોની વચ્ચે રહેલી જગામાથી ગોળીઓનો વરસાદ વરસાવતા હતા. સિપાહીઓ એ મકાનની પાસેના મોટા મકાનમાથી ગોળીબાર કરતા હતા પરતુ તેઓની ગોળીઓથી અગ્રેજોને બહુ નુકસાન થતું નહોતું એથી ઉલટુ અંગ્રેજોનો ગોળીબાર અસરકારક થતો હતો સિપાહીઓએ અગ્રેજોના મકાનને સળગાવી મૂકવાનો પ્રયત્ન કર્યો એ લોકોએ ઘાસ વગેરે જલદી સળગી ઉઠે તેવા પદાર્થોનો ઢગ અગ્રેજોના મકાન પાસે કર્યો પછી તે બધુ સળગાવ્યુ. પણ પવન અગ્રેજોને અનુકૂળ હોવાથી કશી ઇજા ન થઇ આ ઉપાય નિષ્ફળ જવાથી સિપાહીઓએ મરચાના કોથળા લાવી અગ્રેજોના મકાન આગળ ગોઠવ્યા. તેઓએ એવુ ધાર્યું હતુ કે મરચાના ધુમાડાથી અગ્રેજોને ઘર બહાર આવવું પડશે પણ પવન અનુકૂળ હોવાથી મરચાનો ધુમાડો બીજી દિશામા ગયો અગ્રેજોને કશો વાધો ન આવ્યો સિપાહીઓએ અગ્રેજોના ઘોડા મારી કિલ્લાની દિવાલ આગળ નાખ્યા. પરતુ પવન અનુકૂળ હોવાથી મરેલા ઘોડાના દેહમાથી નીકળતી દુર્ગંધી કિલ્લામા ન પેઠી સિપાહીઓ પાસે ઉત્તમ જાતની તોપો ન હોતી કુમારસિંહની બે તોપો માટીમા દાટેલી હતી. તે બહાર કાઢવામા આવી. પરતુ દારૂગોળો પુરતા પ્રમાણમા નહોતો અને એ નાશકારક યત્રો લાબા વખતથી જમીનમા દટાયા હોવા છતા અત્યારે કામ બજાવવા તત્પર બન્યા હતા પણ યોગ્ય સાધનો વિના કઇ કાર્ય કરી શકયા નહિ. અંગ્રેજો શાતિના સમયમા જે

ચીજો વડે મોજ શોખ કરતા હતા તે ચીજોનો હવે બડખોરો દારૂ-ગોળા તરીકે ઉપયોગ કરવા લાગ્યા તેઓ એક્સએલ સાહેબનુ મકાન કબજે કરી તેમા જે કઇ હતું તે તોપમા ભરવા લાગ્યા. ઇંજનેર સાહેબ પોતાની પત્નીના વાયોલિનના અને પોતાના ઘરમાની ખુરશી વગેરેના ટુકડા પોતાની આગળ પડતા જોઇ ચમકયા. જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ અગ્રેજોના હૃદયમા નિરાશા ફેલાતી ગઇ. કુદરતની મદદથી તેઓ અત્યાર સુધી જીત્યા હતા. સળગતી આગ, સળગતા મસ્ચાગો ધૂમાડો, મૂવેલા ઘોડાની દુર્ગંધી વગેરે કુદરત વિમુખ હોવાથી કઇ કરી શકયા નહોતા. પરતુ સમયના પગાક્રમમાથી તેમનો છુટકારો ન થયો. સમય જતો ગયો તેમ તેમ તેઓનુ કષ્ટ વધવા લાગ્યુ તેઓ એક નાના મકાનમા કેદ હતા. તેઓ બહારથી ખોરાક લાવી શકે તેમ ન હોતુ સિપાહીઓ તેમના પર ગોળીબાર કર્યા કરતા હતા તેઓને મુશ્કેલીમા મૂકવા માટે નાના પ્રકારના ઉપાય કામે લગાડવામા આવતા હતા તેઓ પ્રભુપાસે પોતાની મુક્તિની પ્રાર્થના કરતા હતા આવી સ્થિતિમા એક દિવસ મધરાતે તેઓએ બદુકનો અવાજ સાભળ્યો તેઓએ ધાર્યું કે આપણી મદદમા લશ્કર આવી પહોચ્યુ પરતુ મદદગાર લશ્કર તો ન આવ્યુ ધીમે ધીમે બદુકના અવાજો અનત આકાશમા વિલીન થઇ ગયા દૂરના આબાના ઝાડો પ્રકાશિત થયા હતા તે વળી અધકારથી છવાઇ ગયુ. આબાવાડિઆની માફક અગ્રેજોના હૃદય પણ એક ક્ષણમાત્ર પ્રસન્ન થઇ અમાવની માફક વિષાદ રૂપી કાળાશથી છવાઈ ગયા

આબાવાડિઆમા ગોળીબાર શાના થયા હતા, તે જણાવતા પહેલા કાનપુરના બનાવનો ઉલ્લેખ કરવો જોઇએ. બંડખોર સિપાહીઓ

દાનાપુરથી રવાના થયા એટલે ત્યાના સત્તાવાળાઓ બહુજ દિલગીર થયા અગાઉ જણાવ્યુ છે તેમ ન્હાસેડુ બડખોરોને અટકાવવા માટે કઇ ખાસ પગલા લેવામા આવ્યા નહોતા. સેનાપતિ વૃદ્ધ અને રોગી હતો તેના હાથ તળેના અમલદારોમા પણ વ્યવસ્થા ન હોતી સિપાહીઓ પટણાપર હલ્લો કરે એવા સદેહથી સેનાપતિએ ૫૦૦ સૈનિકો અને ૪ તોપો રાખી બાકીનું સૈન્ય પટણા મોકલી દીધુ તેના નાખાની છાવણીમા ઘોડેસ્વાર સૈન્ય નહોતું તેથી તેણે પાયદળ સૈન્ય વડે જરૂરી કામ પાર પાડવાનુ ધાર્યું હતુ. સિપાહીઓ જો આરા તરફ કુચ કરે તો તેમને શોણ નદી ઉતરવાની જરૂર પડે તેમ હતું. એ ખાતર અમલદારોને શોણ નદીમા ફરતી હોડીઓ ડુબાડી દેવાની જરૂર જણાઇ રેલ્વેના એક યુરોપિઅન અમલદાર પર આ કાર્ય કરવાની જવાબદારી નાખવામા આવી હતી. પરતુ એ અમલદાર સિપાહીઓને આવતા જોઇ પોતાનો જીવ બચાવવા પલાયન કરી ગયો ૨૬ મી જુલાઇએ એક નાના વહાણપર કેટલાક સોલ્જરોને સિપાહીઓને અટકાવવા માટે મોકલવામા આવ્યા પણ પાણી ઉડુ ન હોવાથી વહાણુ બહુ દૂર જઇ શક્યુ નહિ અને તેજ દિવસે સધ્યાકાળ વખતે પાછું આવ્યુ. હવે સિપાહીઓને આગળ ધસતા અટકાવવાના બીજા પ્રયત્નો શરૂ થયા પણ એ પ્રયત્નો પણ નિષ્ફળ નીવડ્યા ૨૭ મી જુને ૩૭ મી પલ્ટણના કેટલાક યુરોપિઅન સૈનિકોને એક વહાણમા મોકલવામા આવ્યા અધિકારીઓએ એવુ ધાર્યું હતું કે આ લોકો અમુક સ્થળે જમીનપર ઉતરશે. આ સ્થળ આરાથી ૯ માઇલ દૂર હતું તેઓ એટલો રસ્તો કાપી આરા જઇ પહોચશે અને ત્યાના અંગ્રેજોને મુક્ત કરી અહી લાવશે પણ તેઓની ધારણા પાર પડી નહિ. વહાણુ દૂર

ગયા બાદ ખરાબે ચઢી ગયુ સેનાપતિએ વહાણુના સૈનિકોને પાછા બોલાવવાનો વિચાર કર્યો પણ હેલર સાહેબે એ વિચારમા સમતિ ન આપી તેણે એક બીજા વહાણુમા બીજા કેટલાક સૈનિકો મોકલવાની માગણી કરી તેનો એવો મત હતો કે આ બીજું વહાણુ ખરાબે ચઢી ગએલા વહાણુને પાછુ તરતુ કરશે, અને પછી એ બને વહાણો આરાના યુરોપિઅનોનો બચાવ કરવા જશે એ દરમિઆન એક વહાણુ દાનાપુર આવી પહોચ્યુ એ વહાણુ અલાહાબાદમાથી નાસી છુટેલા યુરોપિઅનોને લઈ કલકત્તા જતુ હતુ એજ વહાણુમા આરાના બચાવ માટે સૈનિકો મોકલવાનું ઠર્યું. એ વહાણુમા ઉતારૂઓ ખીચોખીચ ભર્યા હતા. એ ઉતારૂઓને દાનાપુરના પ્રોટેસ્ટટ દેવળમા ઉતારો આપવાનો અને વહાણુ પાછુ ન આવે ત્યા સુધી એ બધા યુરોપિઅનોને એ દેવળમા રાખવાનો અમલદારોએ બદોબરત કર્યો આ પ્રમાણે ૨૯ મી જુલાઈએ બીજુ વહાણુ મોકલવાનો બદોબસ્ત કરવામા આવ્યો પરતુ ૧૦ મી પલટણના ૨૫૦ સોલ્જરોને સવારના પહોરમા નદીકિનારે સજ્જ થઇ ઉભેલા જોઇ વહાણુના કપ્તાને આટલા બધા લોકો સાથે એ વહાણોની જવાબદારી ગ્રહણુ કરવાની ના પાડી. કારણકે જે વહાણુ ખરાબે ચઢયુ હતું તે પણ ૩૭ મી પલટણુના સૈનિકોથી ભરપૂર હતું. એકી સાથે આટલા બધા ઉતારૂઓ સાથે એ વહાણુને ચલાવવા જેટલુ સામર્થ્ય આ વહાણુમા ન હોતું. વળી વહાણુના ઉતારૂઓ સવારની ગુલાબી ઉંઘ લેતા હોવાથી તે બધાને હરકત કરવી એ કપ્તાનને ઠીક લાગ્યુ નહિ કમિશનર ટેલર સાહેબ એ વખતે ત્યા હાજર હતા તેણે ઉતારૂઓને ઉતારી નાખવાનો હુકમ આપ્યો. બહુ આનાકાની બાદ સૈનિકોનો સમાસ થયો. પરતુ એ વહાણુ ઘણા ઉતારૂઓથી ભરપૂર બે

વહાણો ઘસડી જઇ શકે તેમ નહોતું આથી હાજર રહેલા સૈનિકોમાના અર્ધાને પાછા ફરવુ પડયુ પ્રથમ તો કર્નલ ફેન્વિકને આ સૈન્યની સરદારી આપવાનું ઠર્યુ હતું, પણ તેણે આટલા થોડા સૈનિકોની સરદારી લેવાની ના પાડી આથી કપ્તાન ડન્બાર નામના માણસને આ કામ સોપવામા આવ્યુ. દાનાપુરના વૃદ્ધ સેનાપતિને કપ્તાન ડન્બારની યોગ્યતા બાબત બહુ શકા હતી તેણે પાછળથી જણાવ્યુ હતુ કે કપ્તાન ડન્બારની યોગ્યતા વિષે કર્નલ ફેન્વિક કદાચ કઇ જાણતો નહિ હોય [1] એક અયોગ્ય સરદાર નિયતિના અચળ નિયમને વશ થવા માટે કોઇ ખરાબ મુહૂર્ત્તમા દાનાપુરથી રવાના થયો

વહાણ લગભગ ૭ાા વાગે કિનારે ઉભેલા યુરોપિઅનોના જયનાદ સાથે રવાના થયુ પટણાના કમિશનરનો મદદગાર માગલ્સ સાહેબ અને છાપરાના મેજીસ્ટ્રેટ મેકડોનાલ્ડ સાહેબ આરા જતા લશ્કર સાથે જોડાયા હતા તેઓ પોતાનું કાર્ય છોડી સૈનિકો બન્યા હતા વહાણે મુસાફરી શરૂ કરી. વહાણમા કોઇ જાતની વ્યવસ્થા નહોતી. નિયતિના અખંડનીય નિયમ પ્રમાણે જેઓ અજાણપણે મૃત્યુના મુખમા ધકેલાય તેઓનામા પહેલેથી તે છેલ્લે સુધી ગડબડ મચ્યા જ કરે. કપ્તાન ડન્બારના સૈનિકો વહાણમા ચઢયા બાદ નાના પ્રકારની અશાન્તિ ભોગવવા લાગ્યા તેઓ ભૂખ્યે પેટે વહાણપર ચઢયા હતા. વહાણપર ચઢયાબાદ તેઓને તેજ સ્થિતિમા રહેવુ પડયુ વહાણ પર ખોરાકીનો તોટો નહોતો. પણ નાના પ્રકારની ગડબડને લીધે સૈનિકોને ખાવાનું આપવામા આવ્યુ નહિ. લગભગ બે વાગે ખરાબે ચઢેલા વહાણને તરતું કરવામા આવ્યુ. વહાણ અમુક સ્થળે આવી પહોચ્યુ એટલે

૧, Martin, Indian Empire. Vol. II. P. 403.

બધા સૈનિકોને હોડીઓમા બેસવુ પડયું. કારણકે અહીંથી આરાની પાસે આવેલા સ્થળે જતા એક નહેરમાથી પસાર થવુ પડતું હતું. હોડીઓ નક્કી કરેલે સ્થળે આવી પહોચી અહીંથી આરા થોડા માઇલ દૂર હતુ સૈનિકો હજુ ભૂખ્યા હતા તેઓ ભૂખના દુ ખથી પીડાતા પીડાતા રાતના ૭ વાગે હોડીઓમાથી કિનારે ઉતર્યા કપ્તાન ડન્બાર ચદ્રના અજવાળામા ભોમિઆની મદદથી આગ તરફ ચાલવા લાગ્યો. થોડે દૂર જતા એક પૂલ આવ્યો. સૈનિકોએ ત્યા પડાવ નાખી ભૂખ શાત કરવા ખાતર થોડી બિસ્કુટો અને દારૂની માગણી કરી પરતુ કપ્તાન સાહેબે એ માગણી ના કબુલ કરી તેજ રાત્રે આરા પહોચવાનો નિશ્ચય કાયમ રાખ્યો. ભૂખ્યા સૈનિકો ૧૧ વાગ્યાને સુમારે પાછા મુસાફરી કરવા લાગ્યા એ વખતે ચદ્ર અસ્ત પામ્યો હતો. મધરાત પહેલા ચોતરફ ભીષણ અંધકાર ફેલાઇ ગયો હતો કપ્તાન ડનબાર બડખોર સિપાહીઓની હાજરી વિષે કઇ શકા ન લાવતા સૈનિકો સાથે એ અધકારમા આરા તરફ જવા લાગ્યો આ પ્રમાણે તેઓ આરા તરફ ધસ્યા જતા હતા એ દરમિઆન રસ્તાની બાજુએ આવેલા આબાવાડિઆમાથી અકસ્માત ગોળીબાર થવા લાગ્યા. એક ક્ષણમા ડન્બારના સૈનિકો પર ગોળીઓનો વરસાદ વરસવા લાગ્યો. પહેલીજ ગોળીથી કેપ્ટન ડન્બાર મરણ પામ્યો સૈનિકોને દોરવામા કપ્તાન ડન્બારે જો ભૂલ કરી હોય તો તે ભૂલનું તેને યોગ્ય ફળ મળ્યુ ગોળીથી વિધાયા બાદ તે જીવતો નજરે પડયો નહિ

રણક્ષેત્રપર સરદાર માર્યો ગયો. અંધકારમા ચોતરફથી ગોળીઓ છૂટવા લાગી ગોળીઓના મારાથી કેટલાક સૈનિકો કાયમને માટે નિદ્રાધીન થઇ પડયા. આવા ઓચિતા હલ્લાથી આખુ સૈન્ય બહુ

મુશ્કેલીમા આવી પડયુ તેઓ અધકારને લીધે સામાવળિઆઓને જોઇ શકતા નહોતા તેમા પણ આગાવાડિઆને લીધે તેઓની ગોળીઓ લક્ષ્યભ્રષ્ટ થઇ પડતી હતી યુરોપિઅનોનો શ્વેત વર્ણ અને શ્વેત પોશાક સિપાહીઓને બહુ મદદ કરતા હતા હવે તેઓ છુપાઇ જવાની પેરવી કરવા લાગ્યા થોડા વખતમા ભેરી નાદ થયો બધા સૈનિકો મેદાન તરફ નાસવા લાગ્યા. મેદાનપર એક પાણી વિનાની તલાવડી હતી. એ તલાવડીમા બધા સોલ્જરો છુપાઇ ગયા. પરતુ તેઓ ત્યાં સર્વાશે સુરક્ષિત નહોતા હથિયારોના ખડખડાટ પરથી સિપાહીઓએ એ સ્થાન ખોળી કાઢયુ હતું તેઓએ એ સ્થાનપર ગોળીમાર ચલાવ્યો. આ ગોળીબારથી આ સુરક્ષિત સ્થળે પણ કેટલાક ગોરા મરણ પામ્યા અગ્રેજો આવી શોચનીય સ્થિતિમા આખી રાત એ સ્થળે પડયા હ્યા સવાર પડી આગ ત્યાથી અર્ધો માઇલ દૂર હતું એથી ઉલટું તેઓ જે વહાણમા આવ્યા હતા, તે વહાણ આગળ પહોચવાને ૧૨ માઇલ ચાલવુ પડે તેમ હતું ખાઇ હોવાથી હોડીઓ સિવાય ત્યા પહોચાય તેમ નહોતું. કપ્તાન ડન્બારના થાકેલા સૈનિકો એવી દુર્દશામા આવી પડયા હતા કે તેઓ આરા તરફ ન જતા વહાણ તરફ જવા તૈયાર થયા પણ રસ્તામા તેઓની દુર્ગતિની સીમા રહી નહિ. સિપાહીઓ ચોતરફથી તેઓનાપર ગોળીઓ ફેકવા લાગ્યા ઘરનાં છાપરા, માટીની દિવાલ, ઝાડી, બાગ, ખાઇ વગેરે સર્વ સ્થાનો જાણે સજીવ બની ગોળીબાર કરતા હોય એવું જણાવા લાગ્યુ અગ્રેજોની સખ્યા ઘટવા લાગી તેઓ જેમ જેમ ખાઇ તરફ જતા ગયા તેમ તેમ તેઓને જણાયુ કે બડખોરો સર્વત્ર ફેલાઇ ગયા છે. તેઓ હલ્લો કરનારાને જોઈ શકતા નહોતા કારણ કે સિપાહીઓ ઝાડીની ઓથે

રહી ગોળીબાર કરતા હતા. તેઓ કેવળ જે સ્થળે સિપાહીઓની બંદુકમાથી ધૂમાડો નીકળતો હતો, તે સ્થાન તરફ ગોળીબાર કરતા હતા. પરતુ તેથી કઇ પરિણામ આવતું નહોતુ. દરેક બાબતમા તેઓને અગવડ નડતી હતી તેઓની પાસે ઘાયલ સૈનિકોને લઇ જવાની ડોળીઓ નહોતી તેઓની સારવાર કરવા માટે ડાક્ટર કે બીજા લોકો નહોતા તેઓના દુશ્મનો નજરે દેખાતા નહોતા ફક્ત એકજ ડાક્ટર તેઓની સાથે આવ્યો હતો, પણ તે ઘવાયા હોવાથી કઇ કાર્ય કરી શકતો નહોતો તેઓને કેવળ એકજ સગવડ હતી તે એ કે તેઓના સાથીઓ જેમ જેમ ઓછા થતા જતા હતા તેમ તેમ બંદુકોરોનો દારૂગોળો ઘટતો જતો હતો. જો આ સાધનનો તોટો ન પડયો હોત તો તેઓમાનો એક પણ નાસી શકત નહિ.

આ પ્રમાણે શોચનીય સ્થિતિમા અગ્રેજો ખાઇ પાસે આવી પહોચ્યા તેઓના સુભાગ્યે નૌકાઓ હાજર હતી ગામડિઆઓએ પણ દયા કરી તેઓને હોડીઓ એકત્ર કરી આપી હતી. પરતુ ન્હાસેડુ સૈનિકોમા વ્યવસ્થાનુ નામ નહોતું દરેક પોતપોતાને સુરક્ષિત કરવા માગતા હતા ઓફિસરોનુ કોઇ માનતુ નહોતુ આ વખતે પણ સિપાહીઓનો ગોળીબાર ચાલુ હતો બધી હોડીઓ બાળી નાખવાનો અગર ડુબાડી દેવાનો પણ તે લોકોએ પ્રયત્ન કર્યો તેઓએ બે હોડીઓ ડુબાડી દીધી એક હોડીને સળગાવી દીધી, ગરીબ બિચારા ન્હાસેડુઓ! પોતાના જીવન માટે આમતેમ તરફડિઆ મારવા લાગ્યા. તેઓએ પોતાના હથિયારો છોડી દીધા, પોશાક ફેકી દીધો અને ઉન્મત્તની પેઠે કુદી કુદીને હોડીઓપર ચઢી ગયા પરતુ એથી એ અભાગીઆઓનો છુટકો ન થયો. કોઇ કોઇ સિપાહીઓની ગોળીઓથી

મરણ પામ્યા, કોઈ કોઇ પાણીમા ડુબી મુઆ, કોઇ કોઇ હોડીમાં લાગેલી આગથી બળી મુઆ. સૌની પછી એક સૈનિકે જે હોડીનો આશરો લીધો હતો તે હોડી સળગવા લાગી એટલે તેમાના માણસો પાણીમા કુદી પડયા એ સૈનિક પણ તેઓની સાથે પાણીમા કુદ્યો. એ વખતે તેના ગળાપર ગોળી લાગી સૈનિક તરતજ ડુબી ગયો. થોડીવાર બાદ વળી તેણે પાણીમાથી માથુ ઉચું કર્યું, હથિયારો છોડી દીધા અને ઉચા સુરે પોતાના સાથીને સબોધી બોલ્યો " રજા લઉં છુ, હવે રજા લઉ છુ " એમ કહી તે ડુબી ગયો એ સૈનિક ત્યાગ બાદ તેના સાથીઓની નજરે નજ પડયો.

જેઓ માડમાડ સામે કિનારે જઇ પહોચ્યા તેઓ અતિશય હેરાન થઇ વહાણ આગળ જઇ પહોચ્યા. વહાણ આ લોકોને લઇ દાનાપુર રવાના થયુ જ્યારે તે દાનાપુર નજીક પહોચ્યું ત્યારે ત્યાના યુરોપિઅનો પોતાનુ ધાર્યું થયુ માની વહાણમાના સૈનિકોને ઉત્સાહભેર વધાવી લેવા તૈયાર થઇ ઉભા. વહાણ આવી પહોચ્યુ પણ તેમાથી આનંદના અવાજો ન સભળાયા, કોઇએ ઉત્સાહના ચિહનો ન જણાવ્યા આથી કિનારે ઉભેલા યુરોપિઅનોના મો પડી ગયા તેઓ અતિશય ઉદ્વેગ પૂર્વક વહાણ તરફ જોવા લાગ્યા વહાણ ધીરેધીરે ઇસ્પિતાલ તરફ જવા લાગ્યુ એક દિવસ પહેલા જેઓ સાજાતાજા હતા, સાહસ અને વીરત્વની છાયા જેઓના મુખપર ફેલાઈ રહી હતી તેઓ અત્યારે દુર્દશાને સીમાડે આવી પહોચ્યા હતા ચારસો જુવાનો દાનાપુરથી રવાના થયા હતા, તેમાના અર્ધા રસ્તામા મરણ પામ્યા હતા. તેઓના મુડદા શિઆળ, કુતરા ને ગીધોનુ ભોજન બન્યા હતા. બીજા અર્ધા ભાગમાના ફકત ૫૦ જણ અક્ષત શરીરે પાછા આવ્યા હતા.

દાનાપુરના યુરોપિઅનો અત્યાર સુધી વહાણુ પરના લોકોને મૂગા જોઇ ઉત્સુકતાપૂર્વક અ દરોઅદર તેનુ કારણુ પૂછતા હતા. પણુ જ્યારે વહાણુ કિનારે આવી પહોચ્યુ ત્યારે તેઓ સમજ્યા કે એ નિસ્તબ્ધતા ભયકર મૃત્યુ અને અચિતનીય વિપત્તિના વખતની નિસ્તબ્ધતા હતી હવે તેઓના મો પર પ્રફુલ્લતાને બદલે ગભીર વિષાદની છાયા છવાઇ ગઇ. સ્ત્રીઓ ઉંડા શોકથી અધીરી બની છાતી કૂટવા લાગી કોઇ કોઇ પોતાના વાળ પીંખી નાખવા લાગી, અને આ ભયકર કર્મ કરનારને નજા કરવાની ઇશ્વરને પ્રાર્થના કરવા લાગી પુરૂષો ઉગ્ર શોકથી ઉન્મત બની ગયા સેનાપતિ લોઇડ આ બાબતમા ગુનેહગાર ન હોતો. પરતુ દાનાપુરના યુરોપિઅનો તો એટલા બધા ઉશ્કેરાઇ ગયા કે તેઓ સેનાપતિને જોત તો તેના શરીરના ટુકડે ટુકડા કરી નાખત.

જેઓ આરાનો ઉદ્ધાર કરવા ગયા હતા. તેઓની આવી શોચનીય દશા થઇ હતી. પરતુ તેઓમાના કોઇ કોઇએ આવી દશામા પણુ બહાદુરી બતાવી હતી આ વખતે કેટલાક દિવાની અમલદારો પણુ વીરવેશ પહેરી લડવા બહાર પડયા હતા લડાઇના મેદાનપર તેઓએ વીર સૈનિકોની પાસે ઉભા રહી અપાર શૌર્ય દર્શાવ્યુ હતુ અગાઉના દિવાની અમલદારો લશ્કરી કામથી અજાણ્યા નહોતા. તેઓ શિકાર કરતા તેથી તેઓને ઘોડે બેસતા ને હથિયારો વાપરતા બહુ સારી રીતે આવડતું હતું. જગલી જનાવરો સાથે લડાઇ કરવાથી તેઓમા સાહસ, અને સમયસૂચકતા આવતી હતી આવા ગુણોમા તેઓ કેટલીક વખતે લશ્કરી માણસો કરતા પણુ ચઢિઆતા માલમ પડતા હતા. જ્યારે ચાર્લ્સ મેટકાફે ભરતપુરપર હલ્લો કરનાર સૈનિકોને ઉત્સાહ ચડાવ્યો હતો, માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફીન્સ્ટને અસાઇની લડાઇમા

સર આર્થર વેલેસ્લિની બાજુએ રહી અસાધારણ વીરત્વ બતાવ્યુ હતુ, ત્યારે દિવાની અમલદારોની બહાદુરી અજાણી ન હોતી ૧૮૫૭ મા પણ એ બહાદુરીનુ અવસાન થયુ ન હોતુ એ બહાદુરી હવે વિકાસ પામી હતી લેખિનીની માફક તલ્વાર અને બંદુક પણ દિવાની અમલદારોના અભ્યાસનો વિષય બન્યા હતા શાંતિના સમયમા જે મનુષ્ય લેખિની ચલાવવામા કાર્યપટુતા દર્શાવતો તેજ માણસ લડાઇના સમયમા તરવાર અને બંદુક વાપરવામા તેવીજ કાર્ય-કુશળતા બતાવી શકતો હતો આરા ગયેલા લશ્કરમા એવા કેટલાક અમલદારો હતા અમારે કહ્યુ છે તેમ પટણાના કમિશનરના સરકારી રોસ માગલ્સ સાહેબ અને છાપરાના મેજિસ્ટ્રેટ મેકડોનાલ્ડ સાહેબ આરાનો ઉદ્ધાર કરવા ગયા હતા માગલ્સ સાહેબે એક ઘાયલ સૈનિકને ઉપાડી છ માઇલનો રસ્તો કાપ્યો હતો તેઓ નૌકાપર ચડવા માટે પાણીમા કુદી પડયા છતા તેણે પેલા ઘાયલને છોડયો ન હતો. ૨૪ કલાકની ભૂખ સહ્યા હતા અને ૪૮ કલાક સુધી લશ્કરી પોશાકથી સજ્જ રહ્યા છતા તથા સિપાહીઓનુ કાર્ય તપાસવાનું જોખમદારી-વાળુ કાર્ય બજાવવા છતા તેમની શક્તિ શિથિલ થઇ નહોતી તેઓ પાણીમા પણ પેલા ઘાયલ સૈનિકને ઉપાડી હોડી પાસે આવ્યા હતા અને તેને હોડીપર ચડાવ્યા બાદ પોતે ચઢ્યા હતા મેકડોનાલ્ડ સાહેબે પણ ભારે સાહસ દર્શાવ્યુ હતું કેપ્ટન ડન્બાર ગોળીથી વિંધાઇ ગયો ત્યારે તે તેની બાજુએ ઉભા હતા ઘવાએલા સરદારના શરીરમાંથી નીકળેલા લોહીથી તેના શરીરનો ઘણો ભાગ ખરડાયો હતો તે ઘવાયા હતા છતા પાછા હઠયા ન હોતા. તેઓ જે હોડીપર બેઠા હતા તેના

હલેસા સિપાહીઓએ લઇ લીધા હતા અને સુકાન દોરીવડે બાધી દીધુ હતું આથી હોડી આમ તેમ ફરતી ફરતી કિનારા તરફ જવા લાગી. સિપાહીઓએ આ વખતે હોડી પર ગોળીબાર કર્યો નૌકાનુ છાપરૂં મજબુત હતું તેથી જેઓ અદર હતા તેઓને કશી ઇજા થતી ન હોતી. પણ સુકાન હાથમા રાખવાની જરૂર હતી. આ કામ કરવાનુ સાહસ કોઇ કરી શકતું ન હોતું. આ વખતે મેકડોનાલ્ડ સાહેબે હામ ભીડી. તેણે અસખ્ય ગોળીઓના મારા વચ્ચે સુકાન સરખુ કર્યું સુભાગ્યે તેના શરીરને જરા પણ ઇજા ન થઇ કેટલીક ગોળીઓ ટોપીને ઝરકાઇ ચાલી ગઇ સુકાન સરખુ થવાથી હોડી બરાબર ચાલી, અને નિશ્ચિત સ્થળે જઇ પહોચી[1] એક ફ્રેચ એ વખતે આરાની નજીક આવેલી રેલ્વેમા નોકર હતો ગોળીના મારથી તેનો પગ ભાગી ગયો હતો છતા તેણે દુર્દશામા આવી પડેલા અગ્રેજોને પુષ્કળ મદદ આપી હતી તેના માયાળુપણાથી મુગ્ધ બની ગામડિઆઓએ તેને એક નૌકા આણી આપી હતી.[2] પેલા ફ્રેચે એ નોકામા ૬૦ ઘાયલ સૈનિકોને બેસાડી વહાણમા ચઢાવ્યા હતા બીજા ઘાયલોને બચાવવા માટે તે એ નૌકામા ગયો નહોતો છેવટે એ દયાળુ અને સાહસિક માણસ નદીના પ્રવાહમા પડી તરતો તરતો વહાણ આગળ ગયો

---

૧ મેકડોનાલ્ડ સાહેબને આ કાર્ય ખાતર સાહસિક સૈનિકોને મળતો વિક્ટોરિઆ ક્રોસનો ચાંદ મળ્યો હતો તેઓ છેવટે કલકત્તાની હાઇકોર્ટના જજ બન્યા હતા

૨ આ વખતે કેટલાક દયાળુ પુરષોએ નાસતા અગ્રેજોને બહુ મદદ કરી હતી કોયલોઘરની પાસે આવેલા સ્થળના એક દયાળુ માણુ-સે ત્રણ અગ્રેજોને આશ્રય આપવાથી સરકારે તેને નવાજ્યો હતો.

અને વહાણુ પર ચઢી ઘાયલોના ઘા ધોઇ સાફ કર્યા બાદ તેમને દારૂ પાઇ સંતોષવા લાગ્યો.[૧]

આરાના અંગ્રેજો હવે બહુ મુઝાવા લાગ્યા રાત પૂરી થયા બાદ એક શિખે સિપાહીઓથી છુપી રીતે કિલ્લામા જઇ તેઓને તેમની દુર્ગતિના સમાચાર આપ્યા આ સમાચારથી અગ્રેજો બહુજ દિલગીર થયા પરતુ તેથી તેઓનુ સાહસ નષ્ટ થયુ ન હોતું તેઓનુ પાણી ખૂટી ગયુ હતું. ગોળીઓના વરસાદમા બહારથી પાણી લાવી શકાય તેમ નહોતું. છેવટે બહાદુર શિખોને એ મકાનના કમ્પાઉન્ડમાજ ૧૮ ફુટ ઉંડો કુવો ખોદ્યો. એકર્સ બેલની હોશિયારીથી ટોટા તૈયાર થવા લાગ્યા કિલ્લામા બિસ્કુટ, મેવો વગેરે પુષ્કળ હતું પણ માસભોજી અગ્રેજોને એથી તૃપ્તિ થતી ન હોતી કેવળ નિરામિષ ભોજન તેઓની શક્તિ વધારવામા મદદકર્ત્તા થતુ નહિ આથી તેઓ પોતાની તૃપ્તિ માટે માસ મેળવવા તૈયાર થયા તેઓનો ઉદ્યોગ સફળ થયો રાતને વખતે ઘણા બકરા મોજમા ચરતા ચરતા તેમના કિલ્લાપાસે આવી પહોચતા. એક દિવસે રાતને વખતે તેઓએ ચાર બકરા પકડયા. તેના માસથી તેઓ તૃપ્ત થયા આ તરફ સિપાહીઓ પણ કઇ નવરા બેઠા નહોતા. તેઓએ ખાઇ ખોદી અગ્રેજોના કિલ્લાને ઉડાવી દેવાનો પ્રયત્ન કર્યો, પણ અંગ્રેજોએ પણ સામી ખાઇ ખોદી તેઓનો ઉદ્દેશ પાર પાડવામા અડચણ નાખી આ પ્રમાણે સાત દિવસ ગયા. અત્યાર સુધી તેઓએ અપૂર્વ કુશળતા પૂર્વક બચાવ કર્યો હતો પણ હવે તેઓને બહુ અડચણ પડવા લાગી તે દરમિઆન ૨ જી ઓગષ્ટે તેઓએ જોયુ કે ઘણા માણસો બળદગાડી, હાથી, ઉંટ અને

[૧] Martin, Indian Empire Vol II P. 403

ઘોડાનો લૂટેલો મગ્આમાન લઈ નાસી જાય છે એ વખતે પણ સિપાહી-ઓનો ગોળીબાર ચાલુ હતો ધીમે ધીમે એ ગોળીબાર શિથિલ પડવા લાગ્યો જેમ જેમ વખત વધતો ગયો તેમ તેમ અંગ્રેજોને બીક લાગવા લાગી. એ દરમિઆન તેઓએ તોપોનો ગડગડાટ સાભળ્યો. તેમના હૃદયમા આશા ને નિરાશા, હર્ષ ને વિષાદના પરસ્પર વિરોધી ભાવો પેદા થયા. તેઓ ઉત્સુકતા પૂર્વક કાન માડી બેઠા પ્રતિક્ષણે એ બાજુના સમાચાર જાણવા તલપાપડ થવા લાગ્યા છેવટે ખાત્રી થઈ કે બચાવ કરનારૂ સૈન્ય આવી પહોચ્યુ છે તેઓ આ ખાત્રીથી આનદ પામી પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યા

તે પચીઓની ટુકડીનો વિન્સેન્ટ આયર નામનો સૈનિક પોતાનું સૈન્ય લઈ જળમાર્ગે અલાહાબાદ જતો હતો તેનુ વહાણ ૨૫ મી જુલાઈએ મધ્યાહ્નકાળ વખતે દાનાપુર આવ્યુ. બરાબર આજ વખતે સેનાપતિ લોઇડની પલટણોએ દાનાપુર છોડયુ. વિન્સેન્ટ આયર તરત સેનાપતિ પાસે જઈ પહોચ્યો તેણે સિપાહીઓની પાછળ પડવાની રજા માગી ને તેમ કરવાની રજા આપવામા આવી આયર બીજે દિવસે દાનાપુર છોડી બકસર ગયો. ત્યા તેણે સાભળ્યુ કે સીપાહીઓ શોણનદ ઉતરી આરા તરફ ગયા છે આયરે તરતજ ગાઝીપુર તરફ મુસાફરી કરી. તે સ્થળના બચાવ માટે બે તોપો રાખી તે પાછો બકસર આવ્યો અને આરા જવા તૈયાર થયો અહીથી તેણે એક ટુકડી લશ્કર પોતાની સાથે લઈ આયર એ લશ્કર અને તોપો લઇ ૩૦ મી જુલાઈએ આરા તરફ રવાના થયો.

આરા કુમારસિહને કબજે થયુ હતુ વૃદ્ધ રજપૂત-વીરના પ્રતાપથી આરાના રહેવાસીઓ કંપતા હતા છતા તેઓ દુર્દશામા આવી પડયા

નહોતા. કુમારસિંહે નિર્દોષ પ્રજાના જાનમાલને અડકવાની મના કરી હતી. એ વખતે કેટલાક બંગાળીઓને બંડખોરાએ કુમારસિંહ સમક્ષ રજૂ કર્યા. તેઓ અંગ્રેજના પક્ષમા હતા, અંગ્રેજોની નોકરી કરી દહાડા ગુજારતા હતા. આથી તેઓને દૃઢ ખાત્રી હતી કે કુમારસિંહ અમને ફાસીએ લટકાવશે બંગાળીઓ ગભરાતા ગભરાતા કુમારસિંહ સામે આવી ઉભા વૃદ્ધ વીરે આખોફાડી ગંભીરપણે તેઓના તરફ નજર ફેકી એ દૃષ્ટિમા નહોતો ગુસ્સો નહોતી ક્રૂરતા કે નહોતી કઠોરતા તેની આખ શાત છતા જ્યોતિર્મય હતી કુમારસિંહે શાતિપૂર્વક બંગાળીઓ તરફ જોઇ કહ્યું, " તમે કંઇપણ બીક રાખ્યા વગર તમારા દેશમા ચાલ્યા જાઓ, મારા હુકમથી તમારો કોઇ વાળ પણ વાકો કરી શકશે નહિ. " એમ કહી તેણે તેઓને હાથી પર પટણા મોકલી દેવાનો હુકમ કર્યો- એ વીરપુરુષે નિર્દોષ બંગાળીઓના લોહીથી હાથ ખરડયા નહિ વૃદ્ધ કુમારસિંહ આવો ઉદાર હતો

આયર બકસરથી અઠ્ઠાશી માઇલ દૂર આવેલા શાહપુર નામના સ્થળે આવ્યો ત્યારે તેને કપ્તાન ડન્બારના પરાજયના સમાચાર મળ્યા. વરસાદ વરસ્યો હોવાથી બકસર અને આરા વચ્ચેનો માર્ગ પાણીથી ભરપૂર બની ગયો હતો તો પણ આયરે મુસાફરી ચાલુ રાખી. તે ૨ જી ઓગસ્ટે ગુજરાજગંજ નામના ગામડા પાસે આવી પહોચ્યો તેની બંને બાજુએ આવેલા ખેતરો પાણીથી ઢંકાઇ ગયા હતા. થોડે દૂર ગાઢ ઝાડી આવેલી હતી ઝાડીમા અંગ્રેજ સેનાપતિને અટકાવવા ખાતર કુમારસિંહે લશ્કર ગોઠવ્યુ હતું. આયર ૨ જી ઓગસ્ટે સવારમા મુસાફરી કરવાની તૈયારી કરતો હતો, એવામા ઓચિંતું રણશીંગડુ ફુંકાયુ. આ શબ્દ સાભળી સેનાપતિ સમજી ગયો કે થોડે દૂર બંડખોરો-

નું સૈન્ય લડવા તૈયાર થઇ ઉભુ છે. થોડી વારમા કુમારસિહનુ સૈન્ય તેની નજરે પડયુ અંગ્રેજ સેનાપતિ લડવા તૈયાર થયો કુમારસિંહનુ સૈન્ય ઝાડની ઓથે રહી ગોળીબાર કરવા લાગ્યુ આયરે આગળના ભાગમા તોપો ગોઠવી શત્રુઓ પર ગોળા ચલાવવાનો હુકમ આપ્યો. કુમારસિહનુ સૈન્ય સાહસિક અને જોરાવર હતુ તેની સખ્યા પણ અંગ્રેજો કરતા વિશેષ હતી પણ બે બાબતેમા તે અગ્રેજોના કરતા ઉતરતું હતું એક તો તેની પાસે તોપો નહતી, ત્યારે અગ્રેજોનું સૈન્ય તો તોપોની મદદથી સતત ગોળા ફેંક્યા કરતું હતું બીજુ તેની પાસે ઉચી જાતની બદુકો નહતી, ત્યારે અગ્રેજોનું સૈન્ય તો "એન્ફીલ્ડ રાઇફલ" નામની ઉંચામા ઉચી બદુકથી સજ્જ હતુ હથિયારો ઉત્કૃષ્ટ ન હોવાથી કુમારસિહનુ સૈન્ય વધુ વખત ટકી શક્યું નહિ તોપોના મારા આગળ તેને પાછુ હઠવુ પડયુ અગ્રેજ સેનાપતિ આગળ વધવા લાગ્યો આ પ્રમાણે બે માઇલ ગયા બાદ એક નાની નદી આગળ તેને અટકવુ પડયુ, નદીને સામે પાર બીબીગજ ગામડુ હતું નદી પાર જવા માટે જે પુલ હતો તે કુમારસિહે તોડી પડાવ્યો હતો. એથી આયર એ સ્થળેથી નદી ઉતરી શક્યો નહિ. તે જમણી તરફ ફરી રેલ્વેના બંધ તરફ જવા લાગ્યો એ બધ પરથી આરા જવાનો એક રસ્તો પસાર થતો હતો, આયર એ રસ્તે આગળ વધવા લાગ્યો. પરતુ કુમારસિંહ તેનો ઉદ્દેશ સમજી ગયો હતો. તે નદીને પેલેપારથી એ બંધ તરફ જવા લાગ્યો અંગ્રેજ સેનાપતિ તેના તરફ ગોળાનો મારો ચલાવતો હતો પણ તે તરફ નજર ન કરતા કુમારસિહ તો આગળ વધતો ગયો. કોઇથી ન અટકાવી શકાય તેટલા વેગથી, અપૂર્વ ઉત્સાહ દાખવતો વીર કુમારસિહ શત્રુને આવતા અટ-

ફાવવા તૈયાર થયો હતો બીબીગંજ પાસેના મેદાનમા ભયકર લડાઇ શરૂ થઈ.

બધની પાસે એક નાનુ જગલ હતુ અગ્રેજ સેનાપતિ બધ પસાર કરી આ બાજુ આવે તે પહેલા એ જગલ કુમારસિહે કબજે કરી લીધુ એક ક્ષણમા વનના મધ્ય ભાગમાથી અંગ્રેજોના લશ્કર પર ગોળીઓનો વરસાદ વરસવા લાગ્યો ગોળીઓના મારાથી આયરનુ સૈન્ય હેરાન થઈ ગયુ હવે તે આગળ વધી શક્યુ નહિ કુમારસિહે તેના ઉપર પ્રબળ હલ્લો કર્યો હતો. અગ્રેજોનું લશ્કર આ હલ્લો એક-દમ અટકાવી શક્યુ નહિ વૃદ્ધ રજપૂત વીરની બહાદુરી અને સાહસ જોઈ અગ્રેજ સેનાપતિ ચમક્યો તેણે શત્રુઓ પર ગોળાઓ ફેકવાનો હુકમ આપ્યો, પણ એ ગોળાઓથી કઇ વળ્યુ નહિ. તોપોની પાસે જે પાયદળ સૈન્ય હતુ, તે કુમારસિહના હલ્લાથી તોપો છોડી પાછળ હઠી ગયુ. કુમારસિહનું સૈન્ય એ તક જોઇ પ્રબળ વેગે તોપો આગળ આવી પડયુ અગ્રેજ સેનાપતિએ સગીનો વડે હુમલો કરવાનો હુકમ આપ્યો અગ્રેજોની ઉત્કૃષ્ટ સગીનો આગળ સિપાહીઓથી ટકી શકાયુ નહિ તેઓમા ભગાણુ પડ્યુ. આ પ્રમાણે આયરનો માર્ગ નિષ્કટક થયો રસ્તામા એક બીજી નાની નદી હતી આયરની તોપો ગાડી પર આવતી હતી. તે તોપો પેલે પાર લઇ જવા માટે એક પુલની જરૂર હતી. આ માટે સાધનો તૈયાર હતા. રેલ્વેના કાર્ય માટે ઇંટોના ઢગલા પડ્યા હતા તે દ્વારા કામચલાઉ રસ્તો બાધી તે પરથી તોપો પેલે પાર લઈ જવામા આવી. હવે તેને કશી અડચણ ન નડી. તે ૩ જી ઓગસ્ટે સવારમા આરા આવી પહોચ્યો. આરાના અગ્રેજો પો-તાના ઉદ્ધારકર્ત્તાને અક્ષત શરીરે આવેલો જોઇ બહુ રાજી થયા.

કુમારસિંહ જગદીશપુર ચાલ્યો ગયો હતો તેના સૈન્યમાના કેટલાક સિપાહીઓ ઘાયલ થઇ કેદ પકડાયા હતા આયરે એ ઘાયલ સિપાહીઓ પર દયા ન દર્શાવતા તેને દેહાતદંડની શિક્ષા કરી સ્થાનિક લોકો પાસેથી હથિયારો લઇ લેવામા આવ્યા. આ બધુ કાર્ય કરતા લગભગ સાત દિવસ પસાર થયા ત્યારબાદ ૧૧ મી ઓગસ્ટે તે જગદીશપુર તરફ રવાના થયો. જગદીશપુર જતા રસ્તામા ગાઢ અરણ્ય આવતું હતું કુમારસિંહે જંગલમાના દુલુર નામના સ્થળ આગળ લશ્કર જોડી અંગ્રેજોને અટકાવવાની પેરવી કરી હતી પરંતુ તેનો એ પ્રયત્ન સફળ થયો નહિ કુમારસિંહે જગદીશપુરના મહેલમા પુષ્કળ અનાજ સંઘરી રાખ્યુ હતું આયરે એ બધું બહાર કાઢી સુરંગ ખોદી કુમારસિંહનો આખો મહેલ ઉરાડી દીધો. પવિત્ર દેવાલય પણ તેના કરાલ આક્રમણમાથી બચ્યુ નહિ કુમારસિંહે પુષ્કળ પૈસા ખરચી એક દેવાલય બંધાવ્યુ હતુ, તે પણ અંગ્રેજ સેનાપતિએ તોડી પાડયુ કુમારસિંહના બે ભાઇ અમરસિંહ અને દયાળસિંહના મકાનોની પણ એવીજ દશા થઇ. જગદીશપુરથી થોડે દૂર જીતરા નામના સ્થળે કુમારસિંહનુ એક મકાન આવેલુ હતું સેનાપતિ આયરે તે મકાનનો પણ નાશ કરાવ્યો.

દાનાપુરથી ૧૦ મી સોલ્જર પલ્ટણના સોલ્જરો આરાને બચાવવા ગયા, ત્યારે તેમણે કેવા કૃત્યો કર્યા હતા તે સબધમા એક યુરોપિઅન પત્ર લખનારે ઈંગ્લડના એક પ્રસિદ્ધ વર્તમાન પત્રમા લખ્યુ હતું કે તેઓએ ઘાયલ સિપાહીઓને પકડી રસ્તાપર આવેલા ઝાડની ડાળીએ ફાસીએ લટકાવ્યા હતા જેઓ લડાઇમા મરણ પામ્યા હતા તેના શબની પણ એવીજ દશા કરવામા આવી હતી કુમારસિ-

હના મહેલમા પચાસ સિપાહીઓ માર્યા ગયા હતા. તેના શબો પણ ઝાડની ડાળીઓએ લટકાવવામા આવ્યા હતા. કુમારસિંહનો મહેલ નષ્ટ કરવામા આવ્યો હતો જગદીશપુરની આસપાસના ગામો બાળી લોકોને મારી નાખવામા આવ્યા હતા[1] જગદીશપુરના દેવાલયોનો નાશ કર્યો હોવાથી વડા સેનાપતિ સર કોલિન કેમ્પબેલે આયરના વખાણ કર્યા નહોતા ગવર્નર જનરલ એક સૈનિક અમલદારના આવા કાર્યથી બહુ શંકાશીલ બન્યો હતો.[2] કે સાહેબે લખ્યુ છે કે જગદીશપુરનુ દેવાલય જુનુ નહોતું. લોકો જૂના મંદિરો તરફજ શ્રદ્ધા રાખે છે, તે દેવાલય કુમારસિંહે બધાવ્યુ હતું આવી રીતે બધાવેલા નવા દેવાલયોને હિંદુઓ બહુ માન આપતા નથી[3] પરંતુ આ વચનો હિંદુઓને કદી રૂચવાના નથી. જે સ્થળે દેવપૂજા થતી હોય તે સ્થળ જુનુ હો કે નવુ પણ હિંદુઓ સમક્ષ તો પવિત્ર જ ગણાય છે એ સ્થળ તીર્થસ્થાન ન ગણાય લોકોના ટોળેટોળા ત્યા ભેગા ન થાય, પરંતુ તેની પવિત્રતા સંબંધમા હિંદુઓમા મતભેદ હોતો નથી. સેનાનાયક આયરે પ્રબલ વેરવૃત્તિને વશ થઇ આ કાર્ય કર્યું હતું. તેના આ કાર્યની પ્રશંસા કોઇ પણ રીતે યોગ્ય ન ગણાય.

૧૦ મી સોલ્જર પલ્ટણે જગદીશપુરનો નાશ કરતી વેળા જે નિર્દયતા દર્શાવી હતી, તેવીજ નિર્દયતા જગદીશપુરથી, દાનાપુર પાછા ફરતી વેળા બતાવી હતી એ સોલ્જરોનો સ્વભાવ રાક્ષસ કરતા ઉતરતો નહોતો. તેઓએ સર્વત્ર રાક્ષસી પ્રકૃતિ દર્શાવી હતી જ્યારે

૧ Martin. Indian Empire, Vol. II P. 406

૨ Martin, Indian Empire, Vol. II P. 145, note

૩ Kaye Sepoy War Vol II P 145=146

તીવ્ર મદ્ય તેમના પેટમા રેડાતો ત્યારે તેઓને કઇ ભાન રહેતું નહિ. દાનાપુરના વૃદ્ધ સેનાપતિને કામ પરથી દૂર કરવામા આવ્યો એટલે તેઓ બહુજ ઉચ્છૃંખલ બની ગયા અને આખો દિવસ સુરાપાન કરી ભયકર કાર્યો કરવા તત્પર થયા ૮૦ મી પલ્ટણના ૧૦૦ સિપાહીઓ હજુ સરકારને વફાદાર રહ્યા હતા. તેઓના સાથીઓ નાસી ગયા છતા તેઓ સરકારને વફાદાર રહ્યા હતા દાનાપુરના વૃદ્ધ સેનાપતિના હાથમા જ્યા સુધી લગામ હતી ત્યા સુધી એ લોકોને કઇ નુકસાન પહોચ્યું નહિ તેઓ જેવી સરકાર પર પ્રીતિ રાખતા હતા, તેવી પ્રીતિ સરકાર તેમના પર રાખતી હતી પરતુ વૃદ્ધ સેનાપતિને દૂર કરવામા આવ્યો હતો. દાનાપુરના રાક્ષસી સ્વભાવવાળા સોલ્જરો જગદીશપુરથી પાછા આવ્યા હતા. ગામડાઓ બાળવાથી, માલ લૂટવાથી અને માણસોના ખૂન કરવાથી હજુ તેઓનું વેર વળ્યુ નહોતુ તેઓ ઉશ્કેરાએલા પશુની માફક પેલા ૪૦ મી પલ્ટણના સિપાહીઓના મકાનપર આવી પહોચ્યા. જૂના મકાનો બળી જવાથી એ સિપાહીઓ તબુઓમા અગર બીજાં કોઇ સ્થળોમા વસવાટ કરતા હતા ૧૦ મી પલ્ટણના સોલ્જરોએ એ સ્થળે આવી તેઓને તબુઓમાથી બહાર ખેચી કાઢ્યા, અને કઇ પણ વિચાર ન કરતા બદુકો અને સગીનો ચલાવવા માડી બદુકના શબ્દથી દાનાપુર વાસીઓને શકા પડી. ઓફિસરો ઘટનાસ્થળે આવી પહોચ્યા. તેઓએ જે જોયું તેથી તેઓના વિસ્મયની હદ રહી નહિ. એક નજરોનજર જોનારાએ લખ્યું છે કે "આ દશ્ય મારા સ્મૃતિપટ પરથી કદી ભુસાશે નહિ. ઘવાએલા સિપાહીઓમાના કોઈ કોઇ મરણપથારી પર સૂતા હતા એક જણના શરીરપર પાચ જગાએ સંગીનના ઘા પડ્યા હતા! એક

બીજા સિપાહીના કપાળના મધ્ય ભાગમા ગોળી પેઠી ગઇ હતી એક સિપાહીનું મો ગોળીના મારાથી ચીરાઇ ગયુ હતુ. બધા અતિશય દુઃખભર્યા અવાજે પોતાનું અસહ્ય દુઃખ પ્રગટ કરતા હતા"[1] એક ઐતિહાસકાર કહે છે કે સિપાહીઓ સગીનના મારાથી ઘવાયા હતા ખરા, પરંતુ તેઓમાના કોઇને મારી નાખવામા આવ્યા નહોતા.[2] પરંતુ એક બીજો ઇતિહાસકાર લખે છે કે આ ખૂનરેજી બધ પાડ્યા પહેલા ૫ જણા મરણ પામ્યા હતા ૧૨ જણ ઘવાયા હતા ઘવાએલામા એક સ્રી હતી સેનાપતિ સર જેમ્સ આઉટ્રામ એ વખતે (૧૭ મી ઓગસ્ટે) દાનાપુર ન આવી પહોચ્યો હોત તો અધિકારીઓ કદાચ આ અમાનુષિક ખૂનરેજીની વાત દબાવી દેત આઉટ્રામે આવીને હુકમ ફેરવ્યો તેમા તેણે આ બનાવપર અતિશય ગુસ્સો દર્શાવ્યો હતો તેના હુકમથી, ૫ મી યુરોપિઅન પલ્ટણના ૧૦૦ સૈનિકોને દાનાપુરના રક્ષણ માટે નીમવામા આવ્યા. ૧૦ મી પલ્ટણના સૈનિકો ઉચ્છૃંખલ બની દેશી લોકો પ્રત્યે અતિશય દ્વેષભાવ બતાવતા હતા તેથી સેનાપતિ આઉટ્રામને આ દ્વેષીલા સૈનિકોને તેમને સોપેલા કાર્યપર ચાલુ રાખવાનું ઉચિત ન લાગ્યું[3] દાનાપુરના અધિકારીઓ આ બનાવ છુપો રાખવાનો પ્રયત્ન કરે કે આઉટ્રામ શહેરના રક્ષણ માટે બીજા સૈનિકો રાખે તેની સાથે આપણે કઇ લેવા દેવા નથી આપણે તો કેવળ એટલુંજ જોવાનુ કે આ રાક્ષસોને કઈ શિક્ષા થઈ હતી કે

---

૧ Daily News October, 16, 1837. Quoted by Martin, Indian Empire. Vol. II. P. 414.

૨ Kaye, Sepoy War Vol. II. P 123.

૩ Martin, Indian Emyire Vol. II. P. 414-415

નહિ? ન્યાયપ્રિય વાચકો જાણીને દીલગીર થશે કે એ લોકોને ઉચિત સજા થઇ નહોતી એ નરરાક્ષસોના હુમલાથી અભાગીઆ સિપાહીઓના મૃત્યુ નીપજ્યા હો કે ન હો પણ એટલુ તો નિશ્ચિત છે કે આવું આક્રમણ અતિશય નિર્દયતાનુ કાર્ય ગણાય અંગ્રેજોના સ્વદેશ બધુઓએ લોહીતરસ્યા પશુની માફક આ સિપાહીઓ પર હુમલો કર્યો હતો. સત્તાવાળાઓએ એ નરપશુઓના કાર્યને મૌખિક શબ્દો વડે માત્ર નિંધુ હતું

જગદીશપુરનો નાશ થયો, સિપાહીઓ હાર્યા, પરંતુ કુમારસિંહ શરણે આવ્યો નહોતો તેનો વિશાળ રાજમહેલ નાશ પામ્યો હતો, તેનુ પવિત્ર દેવાલય તોડી નાખવામા આવ્યુ હતું, તેની સંપત્તિ લૂંટવામા આવી હતી. તે આવી રીતે દુર્દશાગ્રસ્ત બની શાસિરામ તરફ રવાના થયો તેના બૈરાછોકરાને આગળથી પિયેર મોકલી દેવામા આવ્યા હતા કુમારસિંહ તેઓની ચિંતાથી મુક્ત થઈ હજુરિઆઓ સાથે શાસિરામ પાસેના એક પહાડ પાસે આવી પહોચ્યો. તેની રખાત મુસલમાની બીબી ધર્મન સાથે હતી. રાત પૂરી થવા આવી હતી સિપાહીઓ પહાડપર વિશ્રામ લેવા લાગ્યા એક શેતરંજી પર હરિકૃષ્ણ અને રણદલનસિંહ બેઠા હતા. તેની બાજુએ સિપાહીઓના સરદારો બેઠા હતા પાસે એક ખુરશી પર બેસી કુમારસિંહ હુક્કો ગડગડાવતો હતો. સવાર પડી આકાશ લાલ રંગથી રંગાયુ સરદારોએ જોયુ કે કુમારસિંહ હુક્કો પીએ છે ખરો, પણ તેની બંને આખોમાથી ખળખળ કરતો અશ્રુપ્રવાહ નીકળે છે આસુઓ ગાલપર થઇ નીચે પડે છે

કુમારસિંહને રૂદન કરતો જોઇ સરદારો ચમક્યા તેઓએ કહ્યું, “શા માટે રડો છો? જ્યારે લડાઇમા ઉતર્યા છો ત્યારે પછી આવી

રીતે રૂદન કરવું એ સારૂં ન લાગે ” કુમારસિંહે જવાબ આપ્યો “લડાઇ સિવાય છૂટકો નથી. જ્યારે લડાઈ કરવા માંડી છે ત્યારે પછી લડાઈ તો કરવીજ પડશે પરન્તુ મને રડવુ આવે છે એ માટે કે તમે લડવાનુ જાણુતા નથી અને ખરી લડાઇ કરી શકતા નથી. હવે મને જણાય છે કે મારી બાપીકી મિલ્કત માગ વડેજ નાશ પામી છે મારે કેવળ એક પૌત્ર છે, પણ તેની બુદ્ધિ સ્થિર નથી. જો આજ મારો પુત્ર જીવતો હોત તો તે મારા હુકમ મુજબ મારૂં માથુ કાપી અગ્રેજો પસે લઈ જાત અને કહેત કે ‘ મારા પિતા નિમકહરામ હતા. હું તેનુ માથુ કાપી તમારી પાસે લાવ્યો છુ’ આમ થાત તો મારો જૂનો વશ આમ ભયમા આવી પડત નહિ મારી વિશાળ બાપીકી મિલ્કતની આવી દુર્દશા થાત નહિ. પણ હવે પશ્ચાત્તાપ કરવો નકામો છે હવે શુ કરવાનુ છે તેજ તપાસવું જરૂરનું છે ” કુમારસિંહ ખરો બડખોર નહોતો તે આ બનાવપરથી જણાય છે બખોર સિપાહીઓનો અતઃકરણપૂર્વક મદદગાર હોત તો તે આવો પશ્ચાત્તાપ કરત નહિ, અને પોતાનુ શોચનીય પરિણામ જોઇ દિલગીર થાત નહિ કુમારસિંહ ઘટનાચક્રમા પડી ભાન ભૂલ્યો હતો પટણાના અધિકારીઓએ તેની સાથે સારી વર્ત્તણુક ચલાવી હોત તો તે કદી આવુ કાર્ય ન કરત અને શાહબાદ જિલ્લો શાંત રહેત.

હવે કુમારસિંહ વિપત્તિમય કર્મક્ષેત્રપર કાર્યપટુતા દર્શાવવા તૈયાર થયો તેણે જ્યારે જગદીશપુરથી આરા આવી બડખોરોની આગેવાની લીધી ત્યારે લડાઇ કરવામા પુરતું લક્ષ આપ્યુ નહોતું. આરાના મુઠીભર યુરોપિઅનો અને થોડા શિખોની સત્તા તે તોડી શક્યો ન હોતો. તેની પાસે લોકબળનો તોટો નહોતો દાનાપુરના સિપાહીઓ

સિવાય અનેક ઉશ્કેરાએલા લોકો તેને આવી મળ્યા હતા. જો તે પુરતા પ્રમાણમા હથિયારો એકત્ર કરવાને શક્તિમાન થાત અને એકાગ્રચિત્તે લડાઇમા ઉતર્યો હોત, તો ઘટનાનું ચક્ર જરૂર બીજી ગમ ફર્યું હોત તેની યુક્તિ આગળ કમાન ડન્બારના સૈનિકોને નાસી જવું પડયું હતું, પણ તેની પાસે ઉત્તમ પ્રકારના હથિયારો ન હોવાથી સેનાનાયક વિન્સેન્ટ આયર ફાવી ગયો હતો. પરંતુ હવે તે વિફર્યો તેની બાપીકી મિલ્કત નાશ પામી હતી. તેના વહાલા દેવનું મંદિર નાશ પામ્યુ હતું. તેના વિશ્વાસુ નોકરોના મુડદા ઝાડોપર લટકતા હતા. હવે તે પોતાના મગજપર કાબુ રાખી શકયો નહિ. તેની ઉદાસીનતા નાસી ગઇ, તેનુ વૃદ્ધ શરીર અપૂર્વ તેજથી ચમકવા લાગ્યુ. તેણે અદૃષ્ટની પાસે માથું નમાવ્યુ અને કોઇ પણ બાબતનો વિચાર ન કરતા પ્રબળ પરાક્રમ દર્શાવી અગ્રેજો સમક્ષ પોતાનુ પ્રાધાન્ય સ્થાપવા તૈયાર થયો ઉષ્ણ પ્રદેશની આળસુ પ્રાકૃતિક શક્તિ ૮૦ વર્ષ સુધી તેના શરીરને તાબામા લેવા મથતી હતી, અને કંઇક પોતાના કાર્યમા સફળ થઇ હતી. પણ એકજ ઝટકે તેણે એ શક્તિને હરાવી નાખી. તે યુવાનની પેઠે ગર્જના કરી ઉઠયો. હિંદના જુદા જુદા સ્થાનમા તેનું માન કેટલું બધુ હતુ, લોકો તેની પડતીથી કેટલા બધા ઉશ્કેરાઇ ગયા હતા, તેના બડથી અગ્રેજોને કેટલો બધો ત્રાસ થયો હતો અને તેણે પોતે પરાક્રમ દર્શાવી અગ્રેજ સેનાનાયકોને કેટલા હેરાન કરી મૂકયા હતા તે હવે અમે જણાવીએ છીએ

કુમારસિંહે બંડ ઉઠાવ્યુ હતું છતા કોઇ પણ યુરોપિઅનનું લોહી રેડયુ ન હોતું તેથી હલકુ અગ્રેજોએ તો તેનુ કરાય તેટલું 'નુકશાન' કરી વેરવૃત્તિ તૃપ્ત કરી હતી તેઓએ તેના માથાની કિંમત

૧૦૦૦૦ રૂપીઆ આકી હતી છેવટે એ રકમ વધી ૨૫ હજારે પહોચી હતી પરતુ એથી તેઓની ઇચ્છા પૂર્ણ થઇ નહોતી લોકો એ વૃદ્ધ રજપૂતના વાળને પણ ઇજા કરવા માગતા નહોતા, ઉલટા આવી રીતે ઈનામ જાહેર કરનાર તરફ તીરસ્કાર દર્શાવતા હતા. કદાચ કુમારસિહની જમીનદારી આપવાનુ જાહેરનામુ કાઢવામા આવ્યુ હોત તો પણ તેની પ્રજામાનુ કોઇ તેનુ માથું કાપવા તૈયાર થાત નહિ. લોકો પોતાના શ્રદ્ધાસ્પદ જમીનદારને છુપી રીતે બહુ મદદ કરતા હતા. તેઓ તેને બાતમી આપતા હતા, નાસી જવાની સગવડો કરી આપતા હતા. આ કુલીન રજપુત જમીનદારની સત્તા અને મહત્તા અમલદારોથી અજાણી નહોતી, તેના નામથી એક વખત હિદની રાજધાનીમા વસતા યુરોપિઅનોમા ભયંકર ત્રાસ ફેલાયો હતો ઇંગ્લાડના ટાઇમ્સે આ સબધમા એક પ્રશ્ન પૂછયો હતો કે "બધા બડખોરોનો પાચમો ભાગ કુમારસિહના તાબા નીચે આવ્યો છે જો તે બીજુ સૈન્ય લઇ દક્ષિણ તરફ દોડે, રાનીગજ પર હલ્લો કરી રેલ્વે તાબામા લે અને કલકત્તા પર હુમલો લાવે તો શુ થાય?[1] ટાઇમ્સનો આ પ્રશ્ન અતિશયોક્તિમય હો કે ન હો પણ એટલુ તો ખરૂ હતુ કે જે સ્થળના સિપાહીઓ હજુ વફાદાર હતા તે સ્થળના સિપાહીઓ પણ કુમારસિહના નામે ઉશ્કેરાતા હતા. આસામના એક રાજાને સપ્ટેમ્બર માસમા એક રાત્રે ઓચિતો કેદ કરવામા આવ્યો તેના કુટુબની પણ એવીજ દશા થઇ. તેનુ ઝવેરાત અટકાવવામા આવ્યુ, ત્યાના ગુરખા સિપાહીઓ

---

[1] Times June 14, 1858 quoted by Martin, Indian Empire. Vol, II P. 490

સિવાયના બીજા બધા સિપાહીઓ કુમારસિંહના પક્ષમા ભળ્યા હતા અને ખુદ રાજકુટુંબ પણ એવાજ સદેહને ભોગ થઇ કેદ થયુ હતું વરાડ અને તેની આજુબાજુના પ્રદેશમા પણ કુમારસિંહનું અસાધારણ માન હતું. જબલપુરની પર મી પાયદળ પલ્ટણ કુમારસિંહ માટે અતિશય ચિંતાતુર બની ગઇ હતી. કેટલાક સોલ્જરો અને ગોલંદાજ સૈન્ય તથા એક મદ્રાસી ટુકડી નાગપુરથી સાગર અને નર્મદાનો પ્રદેશ સાચવવા રવાના થઇ ૧૫ મી સપ્ટેમ્બરે ગોડવન પ્રદેશના શકરશાહ નામના એક વૃદ્ધ રાજાને તેના પુત્ર અને ૧૩ અનુચરો સાથે કેદ કરી છાવણીમા રાખવામા આવ્યો તેના ઘરમા સરકાર સામે કાવતરા સૂચક પત્રો મળ્યા ન હોતા કેવળ એક પત્રમા એક પ્રાર્થના લખી હતી આ પ્રાર્થનામા દેવી પાસે એવુ માગવામા આવ્યુ હતું કે "હે માતા તમે ધર્મના બચાવ માટે અમે જે વિનતિયો કરીએ છીએ તે તરફ ધ્યાન આપો નિંદા કરનારાઓના મુખ બંધ રાખો અને અગ્રેજોનો નાશ કરી નાખો" આ પત્ર પરથી રાજા અને તેના પુત્રને તોપે ઉડાડી દેવાનુ નક્કી થયુ બડ-ખોરોએ એક દિવસ રાત્રે એ રાજા અને તેના પુત્રને છોડાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ અધિકારીઓ સાવચેત હોવાથી તેઓનુ કઇ ન ચાલ્યુ ૧૮ મી સપ્ટેમ્બરે વૃદ્ધ રાજાને તેના પુત્ર સાથે વધભૂમિ પર લઇ જવામા આવ્યો તેના બધા નિમાળા તદ્દન સફેદ થઇ ગયા હતા. ૬૦ પેઢી થયા ગોડવનમા તેના વંશનું આધિપત્ય હતું. પ્રસિદ્ધ દુર્ગાવતી એક સમય આ પ્રસિદ્ધ વંશને ઉજ્જવળ કરી રહી હતી. આ કુલીન વંશનો વયોવૃદ્ધ લોઢાની સાકળથી જકડાએલો ઉભો હતો, તેના પુત્રને પણ તેવીજ સ્થિતિમા તોપ પાસે આણ-

વામા આવ્યો હતો. આ દશ્ય જોઇ લોકોના દિલ ચિરાઇ ગયા. તમામ સગીરો આ દેખાવ રડતી આખે જોવા લાગ્યા સિપાહીઓ આ દેખાવ જોઇ મનમા સળગી જવા લાગ્યા અગ્રેજોની ભયકર તોપો સમક્ષ તેઓ કઇ પરાક્રમ બતાવી શકયા નહિ થોડી વારમા સકેત કરવામા આવ્યો એક ક્ષણમા તોપોમાથી ધૂમાડો અને અગ્નિની ઝાળ નીકળી તે સાથે બધુ કામ ખલાસ થઇ ગયુ શોક સતપ્ત અનુચરો પોતાના અન્નદાતાના શરીરને છેવટનુ માન આપવા તેના છુટા છવાયા દેહને ખોળવા લાગ્યા યુરોપિઅન અમલદારો પોતાનુ વેર તૃપ્ત કરવા ખાતર હસતા હસતા એ બનાવ જોવા લાગ્યા.[૧]

આ દશ્ય જોઇ પર મી પલ્ટણના સિપાહીઓ ઉશ્કેરાઇ ગયા તેઓએ તેજ રાત્રે છાવણી છોડી એ પલ્ટણનો ફક્ત એકજ ઓફિસર અને ૧૦ સિપાહીઓ અગાઉની માફક ધૈર્ય પૂર્વક પોતાને સ્થળે હાજર રહ્યા. સિપાહીઓ છાવણી છોડતી વખતે સેના નાયક મેકગ્રેગરને પકડી ગયા. અધિકારીઓએ તેના છુટકારા માટે બહુ પ્રયત્ન ન કર્યો એક વખત તેઓ એ નિમિત્તે બડખોરોને પૈસા આપવા તૈયાર થયા હતા પણ સિપાહીઓએ પૈસાના બદલામા મેકગ્રેગર સાહેબને છોડવાની ના પાડી ૨૭ મી સપ્ટેમબરે જબલપુરથી ૨૫ માઇલ દૂર આવેલા એક જગલમા તેઓને અગ્રેજ લશ્કર સાથે લડાઇ થઇ આ લડાઇમા મેકગ્રેગરના ચુથાએલા દેહને જગલમા ફેકી દઇ હટી ગયા. ત્યારબાદ તેઓ નાગોદ નામના સ્થળે ગયા અહીં તેઓ ૫૦ મી પલ્ટણના સિપાહીઓ સાથે જોડાયા. અહીંના

૧ Martin, Indian Empire Vol. II P. 491

યુરોપિઅનો નાસી ગયા સિપાહીઓએ તેજુરી કબજે કરી અને કુમારસિંહની તાબેદારી સ્વીકારી તેના હુકમ મુજબ વર્ત્તવા તૈયાર થયા એવુ કહેવાય છે કે એ વખતે કુમારસિંહ નાગોદથી રેવા થઇને ઉત્તર ભરતખંડમા જવા તૈયાર થયો હતો રેવાના જુવાન અધિપતિ સાથે તેને સબધ હતો પરંતુ એ સબંધને લીધે રેવાના રાજાએ કુમારસિંહનો પક્ષ ન લીધો આ વખતે તેની અવસ્થા અતિશય શોચનીય થઇ પડી હતી. બંડખોરો તેના ગામ લૂટતા હતા, બાળતા હતા અલાહાબાદના અધિકારીઓ તે વિશ્વાસઘાતીને શિઆળનુ ઉપનામ આપતા હતા [૧]આવા વખતમા રેવાના પોલિટીકલ એજંટે તેને બહુ મદદ કરી હતી. રેવાનુ સૈન્ય તેના હુકમથી સજ્જ થયુ હતુ, આથી કુમારસિંહ રેવા ન જતા લાહો તરફ ગયો તેણે દિલ્હી જવાનુ ધાર્યું હતુ પરંતુ રસ્તામા સાભળ્યુ કે દિલ્હી પડ્યુ છે એટલે તે અયોધ્યા તરફ ગયો. જ્યારે તેને આગના અંગ્રેજો સામે લડાઇ કરવી પડી હતી, ત્યારે તેની પાસે ઉત્તમ હથિયારો નહોતા જ્યારે તેને જગદીશપુર છોડવુ પડ્યુ ત્યારે ઉત્તમ હથિયારોની સાથે માણસોની પણ ખોટ પડી હતી પરંતુ છેવટે એ બને ખોટ ભાગી, કુમારસિંહે જ્યારે મધ્ય અને ઉત્તર ભરતખંડમા પગ મૂક્યો કે તરત જ અસખ્ય સિપાહીઓએ તેની સરદારી સ્વીકારી જુદે જુદે સ્થળેથી ઉત્તમ હથિયારો એકત્ર થવા લાગ્યા સિપાહીઓ એ શસ્ત્રો લઇ તેનો હુકમ માનવા તૈયાર થયા અને તેના નામથી પોતાને શક્તિસપન્ન માનવા લાગ્યા કુમારસિંહ એ સૈન્યની મદદથી આજિમગઢ પર હુમલો કરવા તૈયાર થયો તેનો એવો ઇરાદો હતો કે આજીમગઢ જીત્યાબાદ અલાહાબાદ બનારસ પર હુમલો કરવો અને ત્યાથી જગદીશપુર જવુ.

---

૧ Martin, Indian Empire Vol. II P. 491

એ વખતે આઝીમગઢના રક્ષણ માટે બસોઈ સોલ્જરો, કેટલાક મદ્રાસી ઘોડેસ્વારો અને બે તોપો હતી. કર્નલ મિલ્મેન એ સૈન્યનો અધ્યક્ષ હતો. કુમારસિંહ ૧૭ મી કે ૧૮ મી માર્ચે (૧૮૫૮) આઝિમગઢથી ૨૫ માઇલ દૂર આવેલા આત્રાઓલિયા નામના સ્થળે આવી પહોંચ્યો. એક સ્થળે એક નાનો કિલ્લો હતો. કિલ્લાના મકાનો મજબૂત હતા અને ૧૫ ફૂટ ઉંચી દિવાલથી તે ઘેરાએલો હતો. કુમારસિંહ જ્યારે ત્યાં આવી પહોંચ્યો ત્યારે સેનાનાયક મિલ્મેન આઝિમગઢ વિભાગના એક બીજા સ્થળની છાવણીમાં પડાવ નાખી રહ્યો હતો. આઝિમગઢના મેજિસ્ટ્રેટે એકદમ તેને કુમારસિંહના આગમનના સમાચાર મોકલ્યા. મિલ્મન ૨૧ મી માર્ચે આ સમાચાર સાંભળી છાવણી ઉપાડી આખી રાત મુસાફરી કરી બીજે દિવસે સવારમાં કુમારસિંહની સામે આવી ઉભો. કુમારસિંહના સૈનિકો કિલ્લામાં નહોતા. તેઓ બે ત્રણ આંબાવાડિઆ એક હારમાં હતા, તેમાં છાવણી નાખી પડયા હતા. સેનાનાયક મિલ્મેને ત્યાં આવી તેમના પર હલ્લો કર્યો. તેઓ એ હલ્લો ખાળી ન શકવાથી નાસી ગયા. ત્યાર બાદ મિલ્મેન ત્યાં છાવણી નાખી પડયો. તેણે પોતાના સૈનિકોને વિશ્રાંતિ લેવાની રજા આપી સૈનિકો અધિનાયકના હુકમ મુજબ હથિયારોનો ઢગલો કરી રાંધવાની તૈયારી કરવા લાગ્યા. ખોરાક તૈયાર થયો, એ વખતે ખબર આવ્યા કે કુમારસિંહ અસંખ્ય લશ્કર લઇ આવે છે, મિલ્મેનના સૈનિકો ખાવાનું છોડી લડાઇ કરવા તૈયાર થયા પરંતુ આ લડાઇમાં મિલ્મેનને જીત ન મળી. તેની પાસે બહુ થોડું લશ્કર હતું, તેથી કુમારસિંહની ગતિ અટકાવવાને તે અસમર્થ નીવડયો, કુમારસિંહ પ્રબળ વેગે આગળ વધવા લાગ્યો.

અંગ્રેજ લશ્કર પાછળ હઠતું હઠતું પોતાના મૂળ મથક તરફ—કે જ્યાંથી તે આત્રાઓલિયા તરફ રવાના થયું હતું ત્યાં ગયું કુમારસિંહે તેને એ જગાઓથી પણ હાંકી કાઢ્યું. તેઓમાંના અનેક ઘવાયા અને માર્યા ગયા સેનાનાયક મિલ્મેન આ પ્રમાણે પરાજિત થઇ બાકી રહેલા સૈનિકો સાથે આજિમગઢ આવી પહોંચ્યો. અહીં પણ તેને કુમારસિંહનો તાપ મુઝવવા લાગ્યો તેણે મદદ માટે બનારસ, અલાહબાદ અને લખનૌ તરફ સમાચાર મોકલ્યા.

૨૪ મી માર્ચે મિલ્મેનની હારના સમાચાર બનારસ પહોંચ્યા સમાચાર મળતા જ ત્યાંના અધિકારીઓએ ૪૬ સોલ્જરો મોકલી દીધા ગાઝીપુરથી ૩૭ મી પલ્ટણના ૧૫૦ સૈનિકો આવી પહોંચ્યા. કર્નલ ડેમસ તેનો અધ્યક્ષ હતો. આજિમગઢના સૈનિકોએ આત્મરક્ષણ માટે ચોતરફ બચાવના સાધનો ઉભા કર્યા હતા. સેનાનાયક ડેમસ કુમારસિંહના હુમલા પહેલા આજિમગઢ આવી પહોંચ્યો તેણે કેટલાક ગોરા સૈનિકો, મદ્રાસી સૈનિકો અને બે તોપો લઇ કુમારસિંહને હાંકી કાઢવાનો પ્રયત્ન કર્યો પરંતુ આ પ્રયત્નમાં તેનો એક ઓફિસર અને ૧૨ સૈનિકો માર્યા ગયા. તે કુમારસિંહને હાંકી કાઢવા જતા પોતે જ હાંકી કઢાયો

૨૭ મી માર્ચે સેનાનાયક મિલ્મેનના પરાજયના સમાચાર અલાહાબાદ પહોંચ્ય. એ વખતે લોર્ડ કેનિંગ એ સ્થળે હતો. આજમિગઢના સમાચાર સાંભળી તે બહુ ચિંતાતુર બની ગયો. કુમારસિંહની મહત્તા, સાહસ અને પરાક્રમથી તે અજાણ્યો નહોતો તે જાણતો હતો કે જગદીશપુરનો વૃદ્ધ રજપુત એવો યુદ્ધ કલાકુશલ છે કે તે અનાયાસે આજિમગઢ જીતી લેશે અને પ્રબળ વેગથી ત્યાંથી ૮૧

માઇલ દૂર આવેલા બનારસ પર સત્તા સ્થાપવા સમર્થ થશે. આમ થતા કલકત્તા, અલાહાબાદ અને લખનોર વચ્ચે આવજા કરવાનો રસ્તો રોકાશે આથી મુખ્ય મથકોના સમાચાર જાણવામા બહુ મુશ્કેલી નડશે. ગવર્નર જનરલનો આ સદેહ ખોટો નહોતો કુમારસિહ એક રણનિપુણ યોદ્ધો હતો. સખ્યાબધ સિપાહીઓ તેની આગેવાની નીચે એકત્ર થયા હતા આ વખતે ગવર્નર જનરલ અલાહાબાદમા રહેતો હતો. વડો સેનાપતિ લખનોરમા હતો જો કલકત્તા, અલાહાબાદ અને લખનોર વચ્ચેના સદેશા બધ પડે તો ભારે ગડબથલ મચે તેમ હતું લોર્ડ કેનિગ આ પરિસ્થિતિમાથી બચવા માટે વિચાર ચલાવવા લાગ્યો દૈવયોગે આ વખતે અલાહાબાદ ૧૩ મી સોલ્જર પલ્ટણનું મુખ્ય મથક હતુ લોર્ડ માર્કકાર એ પલ્ટણનો અધ્યક્ષ હતો. લોર્ડ કેનિગે તેને પોતાના સૈનિકો અને બનારસથી જે લશ્કર મળે તે લઇ આજિમગઢ તરફ ઉપડી જવાનો હુકમ કર્યો.

ગવર્નર જનરલનો હુકમ મળતા જ લોર્ડ માર્કકાર પોતાની પલ્ટણ સાથે અલાહાબાદથી બનારસ જઇ પહોચ્યો બનારસમાથી જે લશ્કર અને તોપો મળી તે લઇ તે ૨ જી એપ્રિલની રાત્રે આજિમગઢ તરફ રવાના થયો, તેની પલ્ટણમા બધા મળીને ૨૨ ઓફિસર અને ૪૪૪ સૈનિકો હતા તે ૫ મી એપ્રિલે સાયકાળ વખતે આજિમગઢથી ૮ માઇલ દૂર આવેલ સર્સાના નામના સ્થળે આવી પહોચ્યો. અહીં તેની પાસે આજિમગઢથી લખેલા પત્રો આવવા લાગ્યા દરેક પત્રમા આજિમગઢનો સેનાનાયક પોતાની અસહાય સ્થિતિ તરફ ધ્યાન આપી જેમ બને તેમ જલદી મદદ માટે પહોચી જવાની માગણી કરતો હતો પરતુ અગ્રેજ સેનાપતિ રાતને વખતે પોતાનું

નાનુ સરખુ સૈન્ય લઇ પ્રબળ પરાક્રમી કુમારસિંહ સામે જવાનું સાહસ કરી શકયો નહિ બીજે દિવસે મળસ્કામા તેનુ સૈન્ય રવાના થયુ સેનાનાયક લોર્ડ માર્કકાર જાતે લશ્કરના અગ્રભાગે રહી રસ્તો દર્શાવવા લાગ્યો. બે કલાક ચાલ્યા બાદ તેને જણાયુ કે રસ્તાની ડાબી બાજુએ કેટલાક મકાનો ને એક આબાવાડિયુ છે. જમણી તરફ ખેતરના નાળાની બાજુએ બધ છે. એ સ્થળે સિપાહીઓ છુપાઇ રહી હુમલો કરવાની તૈયારી કરે છે લોર્ડ માર્કકારે આ જોઇ ઘોડે સ્વારોને ઘોડા પરથી ઉતરી જવાનો હુકમ આપ્યો જ્યા સુધી લડાયક સાધનો લઇ હાથી, ઊંટ અને બળદગાડીઓ ન આવી પહોચે ત્યા સુધી ઘોડેસ્વારો ત્યા જ ગયા ત્યાર બાદ પાયદળ લશ્કરના કેટલાક સૈનિકો ડાબી બાજુના સિપાહીઓને નસાડી મૂકવા માટે આગળ વધ્યા જોત જોતામા આબાવાડિઆની બાજુએ આવેલા મકાનમાથી અસખ્ય ગોળીબાર થવા લાગ્યા. લોર્ડ માર્કે તરત જ તોપો તૈયાર કરી, પરતુ પ્રથમ તો તોપો સફળ નિવડી નહિ એ દરમિઆન હાથીઓ ઉછૃંખલ બની ગયા બળદગાડીઓ પણ અવ્યવસ્થિત થઇ ગઇ હાથી અને ગાડીઓના હાકનારા પણ અવ્યવસ્થિત બની ગયા. સિપાહીઓએ જે ગાડીઓમા સરસામાન હતો તેમાની અનેક સળગાવી દીધી. અગ્રેજ સેનાનાયકે એક કલાક સુધી કુશળતાપૂર્વક લડાઇ કરી પરતુ તે સિપાહીઓને પાછા હઠાવી શકયો નહિ. તોપોના ગોળાથી સિપાહીઓને પાછા હઠતા ન જોઇ સેનાપતિ ચિંતાતુર બન્યો. તે કુમારસિંહના પરાક્રમથી મુગ્ધ બની ગયો છતાં હિંમત હાર્યો નહિ. આબાવાડિઆની પાસેના ઘરોમાનું મુખ્ય દ્વાર કબજે કરવાનો તેણે નિશ્ચય કર્યો. તોપોના ગોળાથી એ મકાનનો

થોડો ભાગ તોડી પાડવામા આવ્યો હતો, પણ એટલા સાકડા ભાગમાથી અગ્રેજો પસાર થઇ શકે તેમ નહોતું તેઓએ એ સાકડો ભાગ પહોળો કરવાનો નિશ્ચય કર્યો પરતુ તે કાર્ય કરવા માટે તોપોના ગોળા સિવાય બીજા કોઇ હથિયારનો ઉપયોગ થઇ શકે તેમ નહોતુ. માટે જેઓ એ દિવાલ તોડવા ગયા હતા તેઓને પાછા વાળી લોર્ડ માર્કે ફરીથી તોપો ચલાવવાનો હુકમ આપ્યો તોડેલા મકાન પાસેથી પાછા વળતી વેળા સૈનિકોએ તે મકાનના લક્કડ સામાનમા આગ લગાડી આ ઉપરાત હવે ગોળાઓનો વરસાદ વરસવા લાગ્યો, પણ તોપોના ગોળાથી પ્રથમતો કઇ સારૂ પરિણામ આવ્યુ નહિ એવે વખતે સૈનિકોએ લગાડેલી આગે સેનાપતિનો માર્ગ મોકળો કરી આપ્યો. મકાનનો લક્કડ સામાન થોડીવારમા સળગી ઉઠયો. સિપાહીઓએ પુષ્કળ પ્રયત્ન કર્યો પણ આગ ન હોલાઇ તેઓ આગથી અકળાઇ બહાર આવ્યા. લોર્ડ માર્કે એ તક સાધી તેઓના પર હલ્લો કર્યો. આ હલ્લામા તેને જય મળ્યો

સેનાપતિનો રસ્તો સાફ થયો પણ તેની પાછળ અને બાજુએ સિપાહીઓ એકત્ર થવા લાગ્યા સેનાપતિના માર્ગની બાજુનો ખેતરનો ઉચો બધ રસ્તાને ભેદી આગળ વધતો હતો. સિપાહીઓએ એ બધ કબજે કર્યો. એક સેનાનાયક એ લોકોને પાછા હઠાવવા ગયો. તેણે કામ બજાવ્યું ખરૂં પણ એ કાર્ય બજાવવામા તેને પોતાનું જીવન અર્પણ કરવું પડયું

હવે લોર્ડ માર્કકારના સૈનિકોનો અગ્રભાગ આજિમગઢ તરફ રવાના થયો. પેલા બધ પછી એક પુલ આવતો હતો. કુમારસિહે

એ પુલની એવી સ્થિતિ કરી મૂકી હતી કે તેના પરથી આવજા કરી શકાય તેમ રહ્યુ નહોતું અગ્રેજી લશ્કરનો એક ઇજનેર એ પુલનુ સમારકામ કરવા લાગ્યો. સિપાહીઓના સખત ગોળીબાર વચ્ચે તેણે પોતાનુ કામ બરાબર બજાવ્યુ સેતુ પર થઇ અગ્રેજ લશ્કર આજિમગઢ જઇ પહોચ્યુ સેનાનાયક વિન્સેન્ટ આયરે આરાના બચાવ માટે જે મહેનત લીધી હતી તેટલી મહેનત લોર્ડ માર્કકારે આજિમગઢના બચાવ માટે લીધી હતી. આજિમગઢના અગ્રેજો તદ્દન શોચનીય સ્થિતિમા આવી પડયા હતા. તેઓ શહેર છોડી દિવાલ અને ખાઇથી વીટળાએલા કેદખાનામા જઇ ભરાયા હતા કુમારસિહ એ કારાગૃહને ઘેરી અવિચ્છિન્ન ગોળીબાર કરતો હતો ઘેરાએલા લોકો પાસે પુરતો ખોરાક નહોતો આજિમગઢના યુરોપિઅનો આવી ભયકર સ્થિતિમા આવી પડયા હતા તે વખતે લોર્ડ માર્કકાર આવી પહોચ્યો કુમારસિહે ૧૩ મી એપ્રિલે આજિમગઢ છોડયું

બનારસ અને અલાહાબાદના અધિકારીઓ પાસે માગેલી મદદ આજિમગઢને કેટલી મદદગાર થઇ પડી હતી તે ઉપર દર્શાવાયુ છે હવે લખનોરથી માગેલી મદદનુ શુ થયુ તે જણાવવામા આવે છે. આજિમગઢની વિપત્તિના સમાચાર ૧૮ મી માર્ચને રોજ લખનોર વડા સેનાપતિ સર કોલિન કેમ્પબેલને મળ્યા વડા સેનાપતિએ બીજેજ દિવસે સેનાનાયક સર એડવર્ડ લ્યુગાર્ડને કેટલાક સૈનિકો સાથે આજિમગઢ મોકલ્યો એક અંગ્રેજ સૈનિક આ વખતે સિપાહીઓ સાથેની લડાઇમા જોડાયો હતો તેણે જે હકીકત પ્રગટ કરી હતી તેમા જણાવ્યુ છે કે ગ્વાલિયરની પલટણો કાનપુરની પાસે કુમારસિહ, નાનાસાહેબ, તાત્યાટોપી અને બાલાસાહેબની સરદારી નીચે વડા સેનાપતિ સર

કોલિન કેમ્પબેલ સાથે લડાઈ કરવા તૈયાર હતી[૧] પરંતુ આ હકીકત કેટલે અંશે ખરી છે તે જાણી શકાતું નથી[૨] લ્યુગાર્ડે ૨૯ મીને રોજ લખનૌર છોડયુ ૫ મી એપ્રિલે તે સુલતાનપુર આવી પહોંચ્યો તેણે અહીંથી ગોમતી નદી ઉતરી સીધા આજિમગઢ જવાની ધારણા રાખી હતી. પરંતુ કુમારસિંહે અગાઉથી ચેતી ગોમતી નદી પરનો પુલ તોડી નખાવ્યો હતો વળી હોડીઓ પણ તૈયાર નહોતી. આથી લ્યુગાર્ડ નદી ઉતરી શક્યો નહિ તે નદીને જમણે કિનારે થઇ જોનપુર નામના સ્થળે આવી પહોંચ્યો ત્યાંથી તે થોડે દૂર ગયો તે દરમિઆન સમાચાર આવ્યા કે રસ્તામાં ગુલામહુસેન નામના સરદારની આગેવાની તળે કેટલાક હજાર સિપાહીઓ સજ્જ થઈ ઉભા છે. લ્યુગાર્ડ તેઓની સામે ચાલ્યો અંગ્રેજી લશ્કરના હલ્લાથી ગુલામહુસેનનું સૈન્ય થોડી વારમાં વિખરાઇ ગયું. આ લડાઇમાં પ્રસિદ્ધ સેનાપતિ હેવલોકનો સંબંધી લેફ્ટેનેન્ટ હેવલોક મરણ પામ્યો.

લ્યુગાર્ડ ૧૪ મી એપ્રિલે આજિમગઢથી ૭ માઇલ દૂર જઇ પહોંચ્યો એ સ્થળથી આજિમગઢ જતા રસ્તામાં તમસા નદી આવે છે નદી પર એક પુલ હતો કુમારસિંહે લ્યુગાર્ડના આગમન સમાચાર સાંભળી એ પુલ પાસે લશ્કર ગોઠવી દીધુ. સૈનિકોને ગોઠવવામાં તેણે ખૂબ ચતુરાઇ દર્શાવી હતી. તે સમજી ગયો હતો કે સિપાહીઓ જ્યારે

---

૧. William Farbes Mitchall, Reminiscences of the Great Mutiny P. 139

૨ ગ્વાલિયરની પલટણે ઝાંસીની રાણી લક્ષ્મીબાઇનો પક્ષ લીધો હતો. તાત્યાટોપી આ પલટણનો સરદાર હતો–Malleson. Indian Mutiny. Vol. II. P. 148.

લોર્ડ માર્કકારના નાના સૈન્યને રોકી શક્યા ન હોતા તો પછી લ્યુગાર્ડના મોટા સૈન્યને તો કયાથી જ અટકાવી શકે. આ વખતે તેણે એવો બંદોબસ્ત કર્યો કે જેઓ ખૂબ સાહસિક અને યુદ્ધ કુશળ હતા. તેઓ તમસા નદીને કિનારે પુલનો બચાવ કરે અને બાકીનુ સૈન્ય ગાજીપુર પાસેથી ગંગા ઉતરી જગદીશપુર જઇ લડાઇની તૈયારી કરે. સેનાનાયક લ્યુગાર્ડે પ્રબળ પરાક્રમ દાખવી સિપાહીઓ પર હલ્લો કર્યો સિપાહીઓ પણ એવી બહાદુરીથી બચાવ કરવા લાગ્યા કે એવું વીરત્વ આખી પૃથ્વીપરની કોઇ પણ સાહસિક જાતિને ચકિત કરી નાખે લ્યુગાર્ડે બહુ પ્રયત્ન કર્યો પણ પુલ કબજે ન થયો સિપાહીઓએ અપરિસીમ રણ કુશળતા બતાવી આપી પણ છેવટે તેઓને હઠી જવુ પડયુ લ્યુગાર્ડે તમસા નદી ઉતરી સિપાહીઓને હાંકી કાઢવા એક સૈન્ય મોકલ્યુ પાછળ હઠી ગયા છતા સિપાહીઓ વિખરાઇ ગયા ન હોતા તેઓ પરસ્પર છુટા છવાયા ન થઇ જતા ફરીથી વ્યવસ્થિત રીતે અંગ્રેજો સામે લડવા તૈયાર થયા. અંગ્રેજોએ તેઓના પર ગોળીબાર શરૂ કર્યો પરંતુ એથી તેઓની ગતિ અટકી નહિ, ત્યારબાદ ઘોડેસ્વાર સૈન્યે તેઓના પર હુમલો કર્યો. આ હુમલાથી પણ તેઓ છિન્નભિન્ન ન થયા તેઓ ગોળાકારમા ગોઠવાય યથોચિત કુશલતા બતાવવા લાગ્યા. અંગ્રેજોના ઘણા માણસો મરાયા અને ઘાયલ થયા. ત્યાર બાદ તેઓ મેદાન તજી ગંગાનદી તરફ હઠવા લાગ્યા. સેનાનાયક લ્યુગાર્ડ તેઓનો પીછો લઇ શકયો નહિ. તે આજિમગઢ ગયો અને ત્યાથી બ્રિગેડિયર ડગલાસને કુમારસિંહ વિરૂદ્ધ મોકલી દીધો.

હવે કુમારસિંહે આજિમગઢની પાસે આવેલા નઘાઇ નામના

ગામડા આગળ છાવણી નાખી હતી તેને ખાત્રી હતી કે અગ્રેજોનું લશ્કર હમણા આવી પહોચશે. અને તેને અટકાવ્યા સિવાય હું બીજે કોઇ સ્થળે જઇ શકીશ નહિ કુમારસિંહ એ ઉદ્દેશ પાર પાડવા માટે યુક્તિપુર-સર સૈન્ય ગોઠવવા લાગ્યો. છાવણી પાસે મોટા મોટા ઝાડોની ગાઢ ઝાડી હતી સૈનિકોને એ ઝાડો નીચે તૈયાર રાખવામા આવ્યા. તેઓના આગલા ભાગમા તોપો ગોઠવવામા આવી ૧૭ મી એપ્રિલે સવારમા સેનાનાયક ડગલાસે આવી હુમલો કર્યો. કુમારસિંહે આ વખતે પોતાના લશ્કરમા વ્યવસ્થા જાળવી રાખવા ભારે કુશળતા વાપરી. તેણે સિપાહીઓની એક ટુકડીને ડગલાસ ને અટકાવવા મોકલી અને બીજી બે ટુકડીઓને જુદી જુદી બે બાજુએ રવાના કરવામા આવી. પહેલી ટુકડીએ જયારે ડગલાસના સૈન્ય સાથે મુકાબલો કર્યો ત્યારે કુમારસિંહ બીન અડચણે બીજે સ્થળે ચાલ્યો ગયો, ડગલાસ તેની પાછળ પડયો, ૪–૫ માઇલ ગયા બાદ અગ્રેજી સૈન્યની ગતિ ધીમી પડી. પરતુ તે દરમિઆન કુમારસિંહની બીજી બે ટુકડીઓએ એકત્ર થઇ રાત ગાળવા માટે એક સ્થળે છાવણી નાખી.

બ્રિગેડિયર ડગલાસે તે રાત્રે સિપાહીઓથી ૬ માઇલ દૂર છાવણી નાખી હતી સવારમા તે પાછો સિપાહીઓ સામે ચાલ્યો. પરતુ સિપાહીઓ તો તેના કરતા વધારે કાર્યકુશળતા દર્શાવવા લાગ્યા. તેઓ ઝપાટા બંધ ચાલી ૧૮ માઇલનો રસ્તો કાપી નાગ્રા નામના સ્થળે જઇ પહોચ્યા અગ્રેજોના ઘોડેસ્વારો અને તોપોએ આખો દિવસ તેઓનો પીછો પકડયો. પણ પદાતિ સૈન્ય આવી ન પહોચવાથી ડગલાસે લડાઇ શરૂ કરી નહિ તે રાત્રે કુમારસિંહની છાવણીથી ૩–૪ માઇલ દૂર છાવણી નાખી પડયો. કુમારસિંહના છુપા જાસુસો ચોત-

ગ્રુની ખબર રાખતા હતા. તેઓ દ્વારા કુમારસિંહને આ સમાચાર મળ્યા. એટલે તે તેજ રાત્રે સિકંદરપુર તરફ રવાના થયો, અને ત્યા આવી પહોચી બીન અડચણે ઘર્ઘરા નદી પાર ઉતર્યો ત્યાર બાદ તે ગાઝીપુર વિભાગમા આવેલા માન્નાહાર નામના ગામ આગળ જઇ પહોચ્યો તેનુ સૈન્ય રસ્તાના થાકથી અને ભૂખતરસથી પીડાતું હતું ત્યા તેણે ખાવાપીવાની વ્યવસ્થા કરી વિશ્રાતિ લેવાનો ઠરાવ કર્યો.

પણ તેની ઇચ્છા પૂર્ણ ન થઇ સેનાનાયક ડગલાસને તેજ રાત્રે કુમારસિહની નાસ ભાગના સમાચાર મળ્યા હતા તેણે રાતના બે વાગે છાવણી ઉપાડી સિકંદરપુર તરફ મુસાફરી શરૂ કરી, બીજે દિવસે પણ તેણે કુચ ચાલુ રાખી. રાત્રે તે કુમારસિહની છાવણીથી ૪ માઇલ દૂર જઇ પહોચ્યો. ત્યા તે વધારે વખત ન ગુમાવતા ૨૦ મી એપ્રિલે મળસ્કામા રવાના થયો, અને સૂર્યોદય થતા કુમારસિહના સૈન્ય પાસે આવી પહોચ્યો કુમારસિહે જે સ્થળે છાવણી નાખી હતી તે નત્રાઇ ના જેવુ ઉપયોગી ન થયું તેથી તે લડાઇ માટે વ્યૂહ ગોઠવી શકયો નહિ ડગલાસના હલ્લાથી તેનું સૈન્ય છિન્ન ભિન્ન થઇ ગયુ. છતા એ સૈન્યે ખૂબ બહાદુરી બતાવી અગ્રેજ સૈન્યે ૭ માઇલ સુધી પૂઠ પકડી છતા તે સૈન્ય સદંતર હાર્યુ નહિ રાત પડતા કુમારસિંહના લશ્કરે એકત્ર થઇ કોઇ એક જગાએ એકત્ર થવાની સતલસ કરી છુટું છવાયુ વિખરાઇ ગયુ, તે કઇ જગાએ એકત્ર થવાનું છે તે ડગલાસ જાણી શકયો નહિ આથી તે કશો નિશ્ચય કર્યા સિવાય સવાર પડવાની રાહ જોતો બેઠો.

કુમારસિંહનો ઉદ્દેશ ગગાનદીને પેલેપાર જવાનો હતો તે આ ઉદ્દેશ પાર પાડવા તનતોડ પ્રયત્ન કરતો હતો. અંગ્રેજોએ ગાઝીપુર

પાસે વહેતી ગંગામાની બધી હોડીઓ ડુબાડી દીધી હતી, પરંતુ સ્થાનિક લોકો કુમારસિંહપર ખૂબ ભાવ રાખતા હતા. તેઓએ કુમારસિંહના નોકરોને જે જે સ્થળે હોડીઓ ડુબાડી દેવામા આવી હતી તે તે સ્થળો બતાવી દીધા. કુમારસિંહ કેટલીક હોડીઓ બહાર કાઢી રાતને વખતે શિવપુર ઘાટ આગળ ગંગાનદી પાર ઉતર્યો ત્યાથી તે હાથી પર ચઢયો તેની પાછળ રણદલન પણ બેઠો કુમારસિંહના માથા પર એક અનુચરે રાજછત્ર ધર્યું એ દરમ્યાન સૂર્યોદય થયો કુમારસિંહના માથાપર છત્ર ન હોત તો કશી અડચણ ન આવત હજુ સૂર્યનો તડકો ચોતરફ ફેલાયો ન હોતો. માથા પર ધારેલુ છત્ર શત્રુઓને કુમારસિંહની ઓળખાણ આપશે એ વાત કોઈના લક્ષમા ન આવી જોતજોતામા અગ્રેજોનું લશ્કર ગંગાને કિનારે આવી પહોચ્યુ તેઓએ તરત જ કુમારસિંહના છત્ર પર ધ્યાન રાખી તોપનો ગોળો છોડયો. તોપના ગોળાથી રણદલનસિંહ અને છત્રધારી અનુચરના શરીરના ચુરેચુરા થઇ ગયા કુમારસિંહ ઘુટણ પર હાથ રાખી, જમણા હાથપર માથુ ટેકવી હોદ્દા પર બેઠો હતો, ઘુટણના જે ભાગમા હાથ રાખ્યો હતો ત્યાથી થોડુ માસ ગોળાના આઘાતાથી ઉડી ગયુ હાથનો સાંધો પણ જુદો થઇ ગયો ફક્ત એક નાનું હાડકું બાકી રહ્યું. કુમારસિંહ હોદ્દાપર અચેતન થઇ પડયો. મહાવત હાથીને દૂર લઇ ગયો. અનુચરોએ એવી બેભાન સ્થિતિમા કુમારસિંહને નીચે ઉતાર્યો. કુમારસિંહને ભાન આવ્યુ એટલે તેણે પોતાના છિન્નભિન્ન થઇ ગએલા હાથને કાપી ગંગા નદીમા ફેંકી દેવાનુ જણાવ્યું પણ અનુચરો પોતાના શ્રદ્ધાસ્પદ સ્વામીના હાથ પર હથિયાર ચલાવવા તત્પર ન થયા, ઘણી આનાકાની બાદ એક અનુચરે કુમાર સિંહનો હુકમ માથે ચડાવ્યો,

પવિત્ર જાહ્નવીમા પોતાનો હાથ પડયો જાણી કુમારસિંહને અતિશય સંતોષ થયો, અનુચરો ધાયલ કુમારસિંને એક ખાટલામા સુવાડી જગદીશપુર લઇ ગયા, કુમારસિંહના રાજમહેલનો બધો ભાગ મેદાનમેદાન કરી નાખવામા આવ્યો હતો, કેવળ બારદ્દારી નામનુ બેઠક ખાનુ કાયમ રાખવામા આવ્યુ હતું, અનુચરોએ કુમારસિંહને એ બેઠકખાનામા રાખ્યો, આ પ્રમાણે ૨૧ મી એપ્રિલ એ વૃદ્ધ રજપૂત વીર ભયંકર રીતે ઘવાઇ પોતાને ઘેર આવ્યો તેનો ભાઇ અમરસિંહ હજારો સિપાહીઓ સાથે એ સ્થળે છાવણી નાખી રહ્યો હતો, એ બધુ સૈન્ય કુમારસિંહના લશ્કર સાથે જોડાયુ,

આ વખતે અંગ્રેજોનુ મોટુ લશ્કર આરામા હતુ કપ્પાન લે ગ્રાન્ડ એ સૈન્યનો ઉપરિ હતો, સેનાનાયક વિન્સેન્ટ આયરની પેઠે પરાક્રમ દર્શાવવા માટે લે ગ્રાન્ડ એપ્રિલની ૨૩ મી તારીખે જગદીશપુર તરફ રવાના થયો પરંતુ કુમારસિંહે પોતાની સેનાને જગદીશપુર પાસેના ગાઢ જંગલમા ગોઠવી રાખી હતી, એ સેનાએ અંગ્રેજો પર એવો સખ્ત હુમલો કર્યો કે અંગ્રેજ સેના વીખરાઈ ગઈ વ્યવસ્થા રાખી પાછળ હઠી જવા જેટલી શકિત પણ અંગ્રેજ સેના ગુમાવી બેઠી. લડાઇના મેદાનપર અંગ્રેજ પક્ષના ૧૩૩ માણસો માર્યા ગયા, બાકીના સૈનિકો તોપો છોડી દઇ આરા તરફ પલાયન કરી ગયા, સેનાનાયક લે ગ્રાન્ડ મરાયો કુમારસિંહ ઘાયલ થયો હતો છતા તેણે પોતાનુ પરાક્રમ દર્શાવી આપ્યું.

અંગ્રેજ સેનાની આ હારના સમાચાર સાંભળી વળી શાહબાદ જિલ્લો ખળભળી ઉઠયો બ્રિટિશ અમલદારો અતિશય ચિંતાતુર બની ગયા, તેઓએ બ્રિગેડિયર ડગલાસને આરા આવવાની વિનતિ કરી, ડગલાસ પણ પોતાના પક્ષની હારના સમાચાર સાંભળી આગ તરફ આ-

ચવા નીકળ્યો. પરંતુ એ આવી પહોંચે એ દરમિઆન સિપાહીઓનો સરદાર બદલાયો,

વયોવૃદ્ધ કુમારસિંહ તોપના ગોળાથી ઘાયલ થયો હતો, તેનો જમણો હાથ કપાઇ ગયો હતો, તેના સાથળમાંથી માંસનો લોચો ખસી પડયો હતો, આવી ભયંકર સ્થિતિમાં પણ એંશી વર્ષનો બુઢો હજુ જીવતો રહ્યો હતો એ નવાઇ જેવું હતું, તે મરણ પથારી પર પડયો હતો છતાં તેણે પોતાનું સૈન્ય એવી રીતે વ્યવસ્થિત રાખ્યું હતું કે અંગ્રેજ સેનાનાયક તેનો વ્યૂહ ભેદવા જતાં નામોશીભરી હાર ખાઇ માર્યો ગયો હતો, આ લડાઇમાં જીત મેળવ્યા બાદ ત્રણ દિવસ પછી મધરાતે કુમારસિંહે શાંતિપૂર્વક દેહ છોડયો,

આમ કુમારસિંહ મરણ પામ્યો તેણે કેવી કુશળતાથી ગણનિપુણ સેનાનાયકોને હંફાવ્યા હતા, હરાવ્યા હતા તે ઉપર જણાવ્યું છે તે લડાઇમાં ઉતર્યો હતો છતાં તેણે યુરોપિઅન બેગ છોકરાંને મારી પોતાના હાથ કલંકિત કર્યા ન હોતા, તે આરા જઇ પહોંચ્યો તે પહેલાં સિપાહીઓએ એક યુરોપિઅન અમલદારને કેદ પકડયો હતો પરંતુ કુમારસિંહે તેને મારી નાખ્યો ન હોતો, તે અંગ્રેજોને જઇ ન મળે એ ખાતર તેને કેદ કરી રાખ્યો હતો તે કેદમાં છતાં તેની સગવડો પર પુરતું લક્ષ આપવામાં આવ્યું હતું લડાઇ સિવાય તેણે કોઇ પણ યુરોપિઅનો પર હથિયાર ચલાવ્યા નહોતા, તેણે કોઇના પર અત્યાચાર કર્યો ન હોતો. આ બાબતમાં તે પ્રથમથી તે છેલ્લે સુધી સમાન ઉદારતાથી વર્ત્યો, આ બળવામાં દેશી સિપાહીઓએ કે અંગ્રેજોએ જે ક્રુરતા દર્શાવી હતી તે ક્રૂરતાનો અંશ પણ કુમારસિંહે દર્શાવ્યો ન હોતો તે વૃદ્ધ હતો છતાં યુવાનની પેઠે યુદ્ધમાં ઝૂઝ્યો હતો.

તેને વારવાર નાસવુ પડયું હતું, છતા અગ્રેજોને શરણે જવાનો વિચાર પણ કર્યો નહોતો તેની યુદ્ધ પ્રણાલી પ્રશસનીય અને તેનુ રણકોશલ અસાધારણ હતુ, યુદ્ધવીર અગ્રેજોએ પણ તેના એ ગુણોની પ્રશસા કરી છે[૧] તેણે એવી કુશળતાથી નાસભાગ કરી હતી કે અગ્રેજ સેનાપતિ તેને જગદીશપુર પહોચતો અટકાવી શકયો ન હોતો તેનામા એકજ અવગુણ હતો, તે એકે તે જે પ્રણાલિકા મુજબ લડાઇ કરવાનુ નક્કી કરતો તે પ્રણાલિકાને સર્વાશે છેવટ સુધી વળગી રહેતો નહિ અગ્રેજ સેનાનાયક મિલ્મેન જ્યારે આત્રા ઓલિયાના આબાવાડિઓમા વિશ્રાતિ લેતો હતો ત્યારે તેને સપૂર્ણ ફતેહ મળે તેમ હતું તે જો નક્કી કરેલી પદ્ધતિને સર્વાશે વળગી રહ્યો હોત તો મિલ્મેન કદી પણ આજિમગઢ જઇ શકત નહિ તેના સૈનિકોએ અગ્રેજોના અગ્રભાગ પર હુમલો કર્યો હતો. આ હલ્લાથી તેને સગવડ મળી હતી છતા તેણે અગ્રેજ સૈન્યનો પીછો પકડયો નહિ જો સિપાહીઓના અમુક ભાગે મિલ્મેનને રોકી રાખ્યો હોત તો કુમારસિહ બીજા સિપાહીઓને લઇ બીન અડચણે બનારસ પર હુમલો લઇ જઇ શકત. અને લોર્ડ માર્કકાર સાથે વ્યવસ્થિત રીતે લડાઇ કરી શકત તેને આ વખતે અનેક સગવડો મળી હતી, પરતુ તેના હાથ નીચેના સરદારોના કુસંપને લીધે તેણે આ તક ગુમાવી હતી સરદારો કોઇના હાથ નીચે કામ કરવા રાજી નહોતા, તેઓ પોતપોતાનુ પ્રાધાન્ય જાળવવા માગતા હોવાથીજ કુમારસિહના અનેક કાર્યો અફળ નીવડતા હતા[૨] ગમે

---

૧ Malleson, Indian Mutiny Vol II P. 465. Holmes, Indian Mutiny P. 461.

૨ Malleson, Indian Mutiny. Vol. II P. 466.

તેમ હો પણ એટલુ તો સ્વીકારવુજ પડશે કે કુમારસિંહ અતિશય શક્તિમાન અને અસાધારણ વીર હતો. તેની શક્તિ અને આબરૂથી એક વખતે અંગ્રેજોને બહુ સગવડ મળી હતી, તે સગવડ તેઓએ નકામો સંદેહ કરી ગુમાવી હતી

કુમારસિંહના મરણ બાદ તેનો ભાઇ અમરસિંહ લશ્કરનો ઉપરી બન્યો તે તેના મોટા ભાઈ જેવો રણનિપુણ નહોતો છતા એકાગ્રતા અને દઢતામા તેનાથી ઉતરતો નહોતો. તેની કાર્યકુશળતાથી અંગ્રેજોને બહુ મુશ્કેલી વેઠવી પડી તેણે સેનાનાયક લેગ્રાન્ડને હરાવી આરાપર હલ્લો કર્યો આ બાબતમા તેને સફળતા મળી નહિ છતા તેનો ઉદ્યમ અફલ ગયો નહિ. સિપાહીઓની માફક આજુબાજુના બંડખોર લોકો તેની મદદે આવી ઉભા આથી સેનાનાયક ડગલાસને બ્રિગેડિયર લ્યુગાર્ડ આવી પહોચે ત્યા સુધી રાહ જોવી પડી લ્યુગાર્ડ કપ્તાન લેગ્રાન્ડના પરાજયના સમાચાર સાભળી જગદીશપુર તરફ આવવા નીકળ્યો અમરસિંહે બિહિયા અને જગદીશપુર વચ્ચે આવેલા ગાઢ જંગલમા સિપાહીઓ ગોઠવી રાખ્યા હતા. આ સમાચાર સાભળી લ્યુગાર્ડ ૮ મી એપ્રિલે બિહિયા આવી પહોચ્યો તેણે પોતાના લશ્કરનો એક ભાગ આરાના બચાવ માટે મોકલી દીધો અને બાકીનો ભાગ લઈ તે પોતે જગદીશપુરની પશ્ચિમે આવેલા મેદાન તરફ ગયો તેણે પોતાની મદદમા શાસિરામના અંગ્રેજ સેનાનાયક કરફિલ્ડને જેમ બને તેમ જલદી આવવાનું લખી મોકલ્યુ જ્યા સુધી કરફિલ્ડ ન આવી પહોચે ત્યા સુધી લ્યુગાર્ડ તેજ સ્થળે થોભવા માગતો હતો પરંતુ તે જ દિવસે સાયંકાળ વખતે અમરસિંહે તેની છાવણી લૂટવાનો પ્રયત્ન કર્યો, તેથી લ્યુગાર્ડને એ ઇચ્છા તજી દેવી

પડી. લ્યુગાર્ડ અમરસિંહ સાથે લડાઇ કરવા તત્પર થયો હવે કુમારસિંહના નાના ભાઇ સાથે અગ્રેજોને દીર્ઘકાલવ્યાપી લડાઈ શરૂ થઇ આ લાંબી લડાઇનુ વિસ્તૃત વર્ણન આપવુ જરૂરનુ નથી. અમરસિંહના સૈનિકો જંગલમય સ્થાનમાંથી બહાર નીકળી આરા તરફ દોડયા હતા લ્યુગાર્ડના ઘોડેસ્વાર અને ગોલદાજ સૈન્યે તેઓને અટકાવ્યા. લ્યુગાર્ડે ત્યારબાદ પોતાના લશ્કરના ત્રણ વિભાગ કરી તેઓની સાથે લડાઇ શરૂ કરી ધીમે ધીમે મક્કમ ધસારો કરી તેણે જગદીશપુર લીધુ. અમરસિંહનુ સૈન્ય સાતવારપુર નામના ગામડા આગળ ધામો નાખી પડયુ.

ત્યારબાદ લ્યુગાર્ડે એ સૈન્યની પૂઠ પકડી શાસિરામનો અગ્રેજ અધિનાયક ૧૧ મી મેએ જગદીશપુરથી સાત માઇલ વાયવ્યમા આવેલા પિરૂ નામના સ્થળે લ્યુગાર્ડને આવી મળ્યો શાસિરામથી પીરૂ આવતા તેને અમરસિંહના સિપાહીઓ સાથે ઘણીવાર ઝૂઝવુ પડયુ હતુ જે દિવસે કરફિલ્ડ લ્યુગાર્ડને આવી મળ્યો તેજ દિવસે સિપાહીઓને હેતમપુર નામના ગામ આગળ લ્યુગાર્ડના સૈનિકોએ હરાવ્યા હતા. તે દિવસથી દરરોજ અગ્રેજોને અમરસિંહના સિપાહીઓ સાથે લડવુ પડતું એક તરફથી લ્યુગાર્ડ અને બીજી તરફથી કુરફિલ્ડ તેઓને હરાવવા માટે તનતોડ મહેનત કરવા લાગ્યા. ૨૦ મી મેએ થએલી લડાઇમા એક અંગ્રેજ ઓફિસર મરણ પામ્યો. લ્યુગાર્ડે ૨૭ મી મેએ દાલિલપુર નામના ગામડા આગળ સિપાહીઓને હરાવ્યા.

પણ આવી હારોથી અમરસિંહનુ લશ્કર વિખરાયુ નહિ. જંગલના રસ્તાઓ અમરસિંહથી અજાણ્યા નહોતા. તે એક સ્થળેથી બીજે સ્થળે જઇ વ્યૂહ ગોઠવવા લાગ્યો એક સ્થળે હાર મળતી તો બીજે

સ્થળે નવી લડાઈની તૈયારી થતી તેઓ જ્યા જ્યા યુરોપિઅનોને જોતા ત્યા ત્યા હુમલો કરતા આ પ્રમાણે અગ્રેજોના રહેઠાણ અતિશય ભયમા આવી પડયા. અગ્રેજ સેનાનાયકો લાબા વખત સુધી મથ્યા છતા આ છુટક લડાઇઓ બધ પાડી શક્યા નહિ જગલો તેઓને બહુ અડચણ કરવા લાગ્યા. તેઓ બડખોરોના વ્યૂહને લક્ષી નિષ્ફળ લડાઇઓ લડવા લાગ્યા, નકામા ફાફા મારવા લાગ્યા એક ટુકડીનાં થોડા વિલબથી થોડી અવ્યવસ્થાથી તેઓની બધી તૈયારી નષ્ટ થવા લાગી. સિપાહીઓ ઘડીમા જગલમા છુપાઇ જતા, તો ઘડીમા મેદાનમા આવી અગ્રેજોને અકળાવી જતા. છેવટે એક ઉચ્ચ દરજ્જાના અગ્રેજ ઓફિસરે આ પરસ્પર છુટી, છતા એકત્ર ટોળીઓને હગાવવા માટે એક યુક્તિ શોધી કાઢી એ યુક્તિ વિષે આગળ જણાવવામા આવશે

દાલિલપુરની લડાઇમા હાર થવાથી સિપાહીઓ નિરાશ થયા નહિ તેઓની એક ટુકડીએ ડુમરાવની પાસે આવેલી ગળીની વખાર લૂંટી, બીજી ટુકડીએ બક્સરની પાસે આવેલુ ગજપુર નામનુ ગામ લૂટયુ. ત્રીજી એક ટુકડી રેલ્વેના કાર્યાલય પર હલ્લો લઈ ગઇ. આ રીતે આખો શાહાબાદ જિલ્લો વળી ખળભળી ઉઠયો. શાહબાદ જિલ્લાના યુરોપિઅનોમા ત્રાસ ફેલાયો આ ત્રાસ સાથે અગ્રેજી લશ્કરની પણ દુર્દશાનો પાર રહ્યો નહિ લશ્કર મુસાફરી કરી કરી થાકી ગયું, તાપથી અકળાઇ ગયુ અને દુર્ગમ પ્રદેશોમા ભટકી ભટકી હેરાન થઇ ગયુ. સિપાહીઓ તો દહાડે દહાડે જોર પર આવતા ગયા વારવાર પરાજય થયા છતા તેઓનો ઉત્સાહ ભાગ્યો નહિ, વારવાર સ્થળો બદલવા પડતા છતા તેઓની તૈયારી ઓછી થઇ નહિ, વારવાર ગાઢ અરણ્યમાં

છુપાવુ પડતુ હતું છતા તેઓ ગભરાયા નહિ અંગ્રેજ સેનાનાયક લ્યુગાર્ડ પણ તેઓની પાછળ ખાઇપીને પડયો હતો. તેણે ૨ જી જુલાઇએ પોતાના સૈનિકોને બે ભાગમા વહેચી નાખ્યા. એક ટુકડી કેશવા ખાતે અને બીજી ટુકડી દાલિલપુર તરફ રવાના થઇ. લ્યુગાર્ડે એ બંને ગામની વચ્ચે રસ્તો બધાવી શત્રુઓપર હુમલો કર્યો. આ આક્રમણથી તેને જીત મળી.

પરંતુ પાછુ જેમ હતું તેમ ચાલવા માંડયુ. સેનાનાયકને જીત મળી છતા તે સિપાહીઓને વિખેરી શકયો નહોતો. તેઓ પાછા એકત્ર થયા સેનાપતિ લ્યુગાર્ડ ૧૫ મી જુન સુધી તેઓની સાથે લડાઈ કરવામા રોકાયો છતા તે તેઓને હઠાવી શકયો નહિ. છેવટે તે થાકયો દર-રોજની લડાઇથી કંટાળી ગયો, પોતાના લશ્કરને દોરવાનું કાર્ય બીજાને સોપી ઇગ્લાંડ ચાલ્યો ગયો અંગ્રેજ પક્ષના સૈનિકોને અમુક સ્થળે છાવણી નાખી રહેવા માટે બોલાવી લેવામા આવ્યા. આથી અમરસિંહનુ ચડી વાગ્યુ. તેણે અતિશય ચપળતા વાપરી પોતાના જૂના મથકો તાબે કરી લીધા આ રીતે તે પાછો જોર પર આવ્યો. જુદે જુદે સ્થળેથી સંખ્યાબંધ માણસો આવી તેને મદદ કરવા લાગ્યા.

એ વખતે બ્રિગેડિયર ડગલાસ લ્યુગાર્ડની જગાએ નીમાયો હતો. તેણે પોતાની જગાનો ચાર્જ લીધા બાદ સાંભળ્યું કે અમરસિંહની યુક્તિથી ગયાની જેલના કેદીઓ છુટયા છે. એ કેદીઓએ પોલિસની સાથે ભળી જઇ શહેરમાના બધા અંગ્રેજોને હાંકી કાઢયા છે. અંગ્રેજો અમુક સ્થળે જઇ બચાવ કરે છે વળી આરાના સિપાહીઓ પણ શત્રુઓના કાવતરાથી ઉશ્કેરાઇ ગયા છે. શાહબાદ જિલ્લામા સર્વત્ર અંગ્રેજોની પ્રતિષ્ઠા નાશ પામી છે.

આવા સમયમા સેનાનાયક ડગલાસ કાર્યક્ષેત્ર પર ઉતર્યો. તેના પર દાનાપુર સુધીના બધા વિભાગના સૈન્યને દોરવાની જોખમદારી મૂકવામા આવી હતી. તે એ બધા સૈનિકોને લઇ પોતે નક્કી કરેલી કાર્યપ્રણાલી મુજબ વર્ત્તવા તૈયાર થયો. એક બીજા વચ્ચે બહુ અંતર ન રહે એવી રીતે તેણે સર્વત્ર થાણા સ્થાપી દીધા. તેણે એવો બંદોબસ્ત કર્યો કે જરૂર પડતા એ બધા થાણાના સૈનિકો એકદમ એકત્ર થઇ શકે. તેણે બંડખોરોની બાતમી મેળવવા માટે વિશ્વાસુ સિપાહીઓને છુપા વેશમા સર્વત્ર મોકલી દીધા લ્યુગાર્ડની પેઠે તે પણ જંગલોમા રસ્તા તૈયાર કરાવવા લાગ્યો છેવટે તેણે અમરસિંહને તેના સાથીઓ સાથે જગદીશપુર તરફ ધકેલવાની યોજના યોજી. તેણે એવુ ધાર્યું હતું કે બંડખોરો એક જગાએ એકત્ર થાય તો તેને સહેલાઇથી હરાવી એ સ્થળ કબજે કરી શકાય

પરંતુ ડગલાસની કાર્યપદ્ધતિ અકટોબર કે નવેમ્બર માસ સુધી અમલમા ન મુકાઇ એ દરમિઆન વાયવ્ય પ્રાંતમા જતો વિશાળ રાજમાર્ગ સાચવવાની જરૂર ઉભી થઇ. એક સેનાનાયકને ચાર માસ સુધી આ કાર્ય બજાવવુ પડ્યુ

આ સમય દરમિઆન અમરસિંહ આળસુ રહ્યો નહોતો. તેણે જગદીશપુર ફરીથી કબજે કર્યું હતું. તેના સાથીઓએ જુલાઇ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસ સુધી શાહબાદ જિલ્લામા સર્વોપરિ સત્તા ભોગવી. તેના સૈન્યે ચોતરફ હલ્લો કર્યો. ગંગાના દક્ષિણ ભાગથી શોણના પશ્ચિમ ભાગ સુધીના બધા પ્રદેશ પર તેની હાક વાગવા લાગી. અંગ્રેજોની સેના સાથે તેને વારંવાર લડાઇઓ થતી. એક સેનાનાયકે તેના લશ્કરને ૯ મી સપ્ટેમ્બરે રામપુર આગળ હરાવ્યું, બીજાએ ૨૦ મી સ-

ડેમ્બરે શોણનદમાની તેની બધી નૌકાઓનો નાશ કરી નાખ્યો એક દિવાની અમલદારે કેટલાક શિખ સૈનિકોની મદદથી તેની ચાર મોટી નૌકાઓ ભાગી નાખી. પરતુ આવી હાર અને આવું નુકસાન કબુલ કર્યા છતા તેણે પોતાનો ઉદ્દેશ પાર પાડવાનુ કામ છોડયુ નહિ. દિન-પ્રતિદિન તેનો ઉત્સાહ અને તે સાથે ભયકર કાર્યો વૃદ્ધિ પામવા લાગ્યા તેણે ફરીથી આરા જીતવાની તૈયારી કરી અને ત્યાની ઘોડેસ્વાર સેનાપર હુમલો કરી ભારે ગભરાટ ફેલાવ્યો

સેનાનાયક ડગલાસ અમરસિહની આવી કાર્યતત્પરતા અને રણનિપુણતા જોઈ બહુ સાવચેત રહેવા લાગ્યો વર્ષાઋતુ ચાલતી હોવાથી તે પોતાની યોજના પરિપૂર્ણ રીતે અમલમા મૂકી શક્યો નહોતો. હવે વર્ષાઋતુ સમાપ્ત થઇ હતી આથી ડગલાસ ૧૩ મી અક્ટોબરે પોતાની યોજનાનો અમલ કરવા તૈયાર થયો. હજુ અનેક સ્થળો કાદવથી ભરપૂર હતા તેથી લશ્કરની આવજા માટે બહુ મુશ્કેલી ઉભી થઇ. પણ ડગલાસે એ તરફ લક્ષ ન આપ્યુ. તેણે ૧૩ મી અક્ટોબરે પોતાના લશ્કરને સાત ભાગમા વહેચી નાખી દરેક ભાગને જુદી જુદી દિશામા મોકલી દીધો આ સાતે ટુકડીના ઉપરિઓને બડખોરોને જગદીશપુર તરફ ધકેલવાનો હુકમ આપવામા આવ્યો. અગાઉ જણાવ્યુ છે તેમ બડખોરોને એક સ્થળે એકત્ર કરવાનો ડગલાસનો ઉદ્દેશ હતો તેણે ધાર્યું હતું કે બડખોરો જગદીશપુરમા એકઠા થાય તો તેઓનો તદ્દન નાશ કરવામા સફળતા મળે.

પરતુ આ યુક્તિ સર્વાશે સફળ ન થઇ ડગલાસે ૧૪ મી અક્ટોબરે સિપાહીઓને કારિશાત નામના સ્થળેથી નસાડયા બીજો એક સેનાનાયક ૧૬ મી તારીખે કમ્પસાગર નામના સ્થળે સિપાહીઓની

સામે થયો સિપાહીઓએ તેનો હલ્લો અટકાવવાની બહુ મહેનત કરી પણુ છેવટે તેઓને હાર કબુલ કરવી પડી ત્યાર બાદ તેઓ બીજા એક સેનાનાયકના હલ્લાથી પીરૂ આગળ હાર્યા. આ પ્રમાણે અમરસિહનું સાડાચાર હજારનું સૈન્ય જુદા જુદા સ્થાનો પર સપડાયુ અંગ્રેજોના જુદા જુદા સેનાનાયકોએ એકી વખતે બધીગમથી હુમલો કર્યો હોત તો ડગલાસનો ઉદ્દેશ પાર પડત પરતુ બધા સેનાનાયકો એકી વખતે કાર્ય કરી શક્યા નહિ તેણે પોતાના સૈન્યના સાત ભાગ કરેલા હતા, તેમાના છ ભાગના અધિનાયકોએ તો એકી વખતે બડખોરોને દબાવ્યા પણુ સાતમો સેનાનાયક યોગ્ય વખતે હુમલો કરી શક્યો નહિ બંધ તૂટી જવાથી પ્રદેશ જળમય બની ગયો હોવાથી એ સેનાનાયક પાચ કલાક મોડો થયો એ દરમિઆન સિપાહીઓ અક્ષત શરીરે દૂર નાસી ગયા.

પોતાનો ઉદ્દેશ વિફળ જવાથી ડગલાસ ચિતાતુર બની ગયો પરતુ એ વખતે એક બીજા સૈનિક અમલદારે દર્શાવેલી યુક્તિ અમલમા મૂકવાથી કામ સફળ થયુ. સર હેન્રિ હેવલોક નામના એક મુખ્ય લશ્કરી અમલદારે અયોધ્યાની લડાઇ વખતે જોયુ હતું કે પાયદળ સૈન્યના કેટલાક સૈનિકોને ઘોડેસ્વાર બનાવવાથી બહુ લાભ થાય છે આ વખતે સર હેન્રિ હેવલોક ડગલાસના લશ્કરમા હતો આથી તેણે આ પ્રણાલી મુજબ કામ કરવાનો ઠરાવ મૂક્યો તેણે એવું કહ્યુ કે પાયદળ સેના બદુક ઇત્યાદિ લઇ ઘોડેસ્વાર થઇ શત્રુઓ પાછળ દોડશે તેઓ બંડખોરો સામા જઈ પહોચશે એટલે ઘોડાપરથી ઉતરી જ્યા સુધી બાકીનુ સૈન્ય ન આવી પહોચે ત્યા સુધી તેઓની ગતિ અટકાવશે. આ યુક્તિ ડગલાસને પસદ પડી સર હેન્રિ હેવલોકે પ્રથમ ૧૦ મી પલ્ટ-

ણુના ૪૦ પાયદળ સૈનિકોને ઘોડેસ્વાર થતા શીખવ્યુ. છેવટે એજ પાયદળ પલ્ટણુના બીજા ૨૦ સૈનિકો પોતાની ઇચ્છાથી આ નવીન ટુકડીમા જોડાયા સર હેન્રિ હેવલોક આ ૬૦ સૈનિકો સાથે પોતાની યુક્તિ અમલમા મુકવા તૈયાર થયો

સર હેન્રિ હેવલોકને શોણુને કિનારે સિપાહીઓને અટકાવવાનો હુકમ કરવામા આવ્યો. તે ૧૮ મી અકટોબરે રાતના ૮ વાગે જગદીશપુર પાસેના સ્થળેથી નીકળી ગતના બે વાગ્યાને શુમારે આરા જઇ પહોચ્યો ત્યાર બાદ સવારમા ત્યાથી નીકળ્યો શોણુના કિનારે સિપાહીઓ સાથે ભેટો થયો સિપાહીઓએ લગભગ ૧૨ કલાક સુધી પોતાનુ સ્થાન ટકાવી રાખ્યુ. પરતુ છેવટે તેઓ નૈઋત્ય તરફ નાઠા હેવલોકના ઘોડેસ્વારોએ તેમની પૂઠ પકડી તેઓ સિપાહીઓ કયા જાય છે તે તરફ નજર રાખવા લાગ્યા સિપાહીઓએ જગદીશપુરના જગલમા પેસવાનો પ્રયત્ન કર્યો, પણ તેમા સફળતા ન મળવાથી પશ્ચિમ તરફ નાઠા હેવલોકના સૈનિકોએ હજુ તેમનો પીછો મૂક્યો નહોતો ખેતરો પાણીથી ભરપૂર બની ગયા હોવાથી તેઓને નાસવાની અડચણુ પડવા લાગી. છેવટે તેઓ સાકડા બધ પર થઇ નાસવા લાગ્યા પરતુ તેથી તેઓનો છૂટકારો થયો નહિ. ૨૦ મી અકટોબરે બપોરે નોનાદિ નામના સ્થળ આગળ પાછળ પડનારા ઘોડેસ્વારોએ ઘોડાપરથી ઉતરી તેઓને નાસતા અટકાવ્યા એ દરમિઆન અગ્રેજોનું પાયદળ લશ્કર આવી પહોચ્યુ• અમરસિંહ આ સૈન્યના આક્રમણુથી હાર્યો અને શેરડીના ખેતરમા જઇ છુપાયો. તેનું સૈન્ય પશ્ચિમ તરફ નાઠું. હેવલોકના ઘોડેસ્વારોએ તેમનો પીછો પકડયો, અને તેઓ કયા જવાના છે તે જાણી લીધુ બંડખોર સિપાહીઓ એટલા બધા થાકી

ગયા હતા કે વિશ્રાંતિ લઇ ખાવા પીવાની તૈયારી કરવા લાગ્યા સાંજ પડવા આવી હતી એ દરમિઆન હેવલોકનુ ઘોડેસ્વાર સૈન્ય તેઓની પાસે આવી પહોચ્યુ. તેણે ત્રણ કલાક સુધી સિપાહીઓને અટકાવી રાખ્યા. એ દરમિઆન બ્રિગેડિયર ડગલાસને સમાચાર મળતાજ તે પાયદળ સૈન્ય લઇ દોડી આવ્યો. પરતુ ભોમિઆની ભૂલથી તેનુ સૈન્ય સિપાહીઓના પાછલા ભાગમા ન જતા હેવલોકના સૈન્યની બાજુએ આવી ઉભુ. સિપાહીઓ આ ભૂલ સમજી ગયા. તેઓએ આ ભૂલનો બરાબર લાભ લીધો તેઓ પોતાના પાછલા ભાગને ખુલ્લો જોઇ ઉતાવળી ચાલે નાઠા. તેઓ ૪૦ કલાકમા ૬૩ માઇલ કાપી શાહબાદ વિભાગના નૈઋત્ય ખુણામા આવેલા ડુગરાઓમા જઇ છુપાયા

મેદાન પરથી આ ડુગરાળ પ્રદેશમા જતા ત્રણ ખીણો પસાર કરવી પડે છે હેવલોકના ઘોડેસ્વારો ૨૩ મી અક્ટોબરે આ ખીણોમા થઇ સિપાહીઓ પાસે આવી પહોચ્યા સિપાહીઓ પોતાનાપર થએલા હલ્લાનો દૃઢતાપૂર્વક જવાબ વાળતા વાળતા દુર્ગમ ડુગરી રસ્તાઓ પરથી પસાર થવા લાગ્યા આ પ્રમાણે તેઓને ત્રીજીવાર પાછુ હઠવું પડયુ. હેવલોકના ઘોડેસ્વારોએ તેઓની પાછળ પડી પાચ દિવસ ને પાચ રાત્રિમા ૨૦૧ માઇલનો રસ્તો કાપ્યો હતો. ૧૯, ૨૦ અને ૨૧ મી અક્ટોબરની લડાઇઓમા હેવલોકના ૩ સૈનિકો મરાયા હતા અને ૧૮ ઘાયલ થયા હતા. ૪૨ ઘોડાઓ થાકથી મરણ પામ્યા હતા. સિપાહીઓના પણ ઘણા માણસો મરણ પામ્યા હતા તેઓને પુષ્કળ નુકસાન થયું હતું.

જે કાર્ય અંગ્રેજોનું ૩૦૦૦ માણસોનું સુશિક્ષિત સૈન્ય નહોતું કરી શક્યુ તે હેવલોકની યુક્તિથી ૬૦ સૈનિકોએ પાર પાડયુ તેઓએ

યુક્તિપુરસર બહારવટિયાઓ પર દબાણ ચલાવ્યાથી અમરસિંહના સાડાચાર હજાર સિપાહીઓને દુર્ગમ ડુંગરોમાં ભરાઈ જવું પડ્યું હતું જગદીશપુરનું ગાઢ અરણ્ય હવે બહારવટિયાઓથી મુક્ત થયું સિપાહીઓ ત્યાંથી બીજે ચાલ્યા ગયા. બ્રિગેડિયર ડગલાસે ૨૪ મી નવેમ્બરે ડુંગરાળ પ્રદેશના શાલિદાહા નામના સ્થળ આગળ અમરસિંહના લશ્કરને હરાવ્યું પરંતુ અમરસિંહને તદ્દન શાંત પાડતા બીજા કેટલાક દિવસો પસાર થયા ઈ. સ. ૧૮૫૮ ની આખરે બ્રિગેડિયર ડગલાસે પોતાના રક્ષણ નીચેનો મુલક સર્વાંશે શાંત છે એવું જાહેર કર્યું

અમરસિંહ સાત માસ સુધી અંગ્રેજો સામે લડ્યો હતો સાત-આઠ સેનાનાયકોને તેણે તોબા તોબા પોકરાવી હતી. અંગ્રેજોના લશ્કરને એક વખતે દરરોજના ૨૬ માઈલ લેખે પાંચ દિવસ સુધી લાગલાગટ મુસાફરી કરવી પડી હતી ઘોડેસ્વારોને પણ દરરોજના ૪૦ માઈલ લેખે દોડવું પડ્યું હતું.[1] આટલું બધું કષ્ટ વેઠ્યા બાદ છેવટે અંગ્રેજોને જય મળ્યો મતલબ કે અમરસિંહની સત્તા નષ્ટ કરવા અંગ્રેજોને પુષ્કળ મહેનત કરવી પડી હતી અંગ્રેજોને આ બળવામાં બીજે સ્થળે આથી વધારે ભયાનક લડાઈઓ લડવી પડી હતી પણ બિહારની લડાઈઓ જેવી લાંબી અને કંટાળા ભરી લડાઈઓ તેમાંની એકેય નહોતી તેઓને બિહારની લડાઈઓથી જે મુશ્કેલી પડી હતી તેટલી મુશ્કેલી બીજી કોઈ લડાઈઓમાં પડી નહોતી.

છેવટે શાહબાદ જિલ્લો શાંત થયો. જગદીશપુરના પ્રસિદ્ધ જમીનદારનું અધઃપતન થયું જેઓએ કુમારસિંહને ભમાવ્યો હતો તેઓ શાહબાદમાં આબરૂ મેળવી શક્યા નહિ. તેઓને તેમના ગુનાની

---

૧. Malleson, Indian Mutiny Vol II p. 492.

બરાબર સજા થઇ છે તોપના ગોળાથી રણુદલનસિંહનુ શરીર છિન્ન ભિન્ન થઇ ગયું હતું. હરેકૃષ્ણુ ફાસીને લાકડે લટકયો હતો કુમારસિહ અંગ્રેજોની વિરૂદ્ધ લડતો હતો છતા તેના પ્રત્યે લોકોનુ માન જેવુ ને તેવુ જ રહ્યુ હતું તે ભોળવાઇ ગયો હતો એ વાત શાહબાદના લોકો બહુ સારી રીતે જાણુતા હતા તેના પ્રત્યે લોકોને એટલુ બધુ માન હતું કે તે જે સપત્તિનો અધિકારી હતો, તે સપત્તિ વેચાતી લેવી તે પણુ મહા પાપ ગણાતું હતું [૧] સરકારે બધી બાજુનો વિચાર કર્યા બાદ કુમારસિહના છોકરા અને કુટુબીઓને હેરાન કર્યા નહોતા તેનું દેવુ વાળવા માટે સરકારે તેની ઘણી ખરી સંપત્તિ વેચી નાખી પરતુ તેના વશજોએ જે જે મિલ્કતપર પોતાનો અધિકાર જણાવ્યો હતો તે પર સરકારે હાથ નાખ્યો નહોતો. આજ સુધી કુમારસિહના કુટુબીજનો એ બધી સંપત્તિ ભોગવે છે

---

૧ કુમારસિંહની આસમાની મકાનની ચોતરફ વિશાળ આગણું હતું એ મકાન એકા ધાટનું હતું આરાના પ્રસિદ્ધ વકીલ હરબન્સે તે ખરીદી તેનાપર મેડો બધાવ્યો. પરતુ તે વાસ્તુ કરે તે પહેલાં અચાનક મરણુ પામ્યો. એક બીજા વકીલે (કાયસ્થએ) આગણુાના પશ્ચિમ ભાગને ખરીદી મકાન ચણુાવ્યા. પણુ મકાન પૂરા થયા બાદ તે એકાએક ગાડીપરથી પડી મરણુ પામ્યો એક બીજા વકીલે આગણુાના ઉત્તર ભાગમા મકાન ચણુાવ્યુ. મકાન તૈયાર થયા બાદ તે પણુ માંદો પડી મરણુ પામ્યો આમાનું કોઇ પોતાના નવા મકાનમા રહી શક્યુ નહિ. આ બનાવ અદૃષ્ટ મૂલક છે પરતુ તેથી પ્રજામા એક જાતનો વહેમ પેસી ગયો હતો.

પ્રકરણ ૩ જું.

બંગાળા, બિહાર અને ઓરિસ્સાનાં બીજાં સ્થળો.

વિષય નિર્દેશ -સિગૌલિ-મુજફરપુર-છાપરા-ગયા-કમિશનર ટેલર સાહેબ પદચ્યુત થયા-રોહિણી-કટક-જલપાઇ ગુડિ-ચટ્ટગ્રામ-ઢાકા-છોટાનાગપુર

પટણાથી લગભગ બાર માઇલ દૂર સિગૌલિ નામના સ્થળે ૧૨ મી ઘોડેસ્વાર પલટણ રહેતી હતી. મેજર હોલ્મ્સ તેનો ઉપરિ હતો દિવાની વિભાગના ટેલર સાહેબ અને આ મેજર સાહેબ કઠોરતા દર્શાવવામા એક બીજાથી ચડે તેવા હતા ટેલર સાહેબ પટણાના બધા મુસલમાન અધિવાસીઓને સરકારના શત્રુ માની તેને પી.વા તત્પર થયો હતો. તેમ સેનાનાયક હોલ્મ્સ સાહેબ બિહારના ઘણાખરા ભાગમા બંડખોરો વિશ્રાંતિ લે છે એવી શંકાથી ઉશ્કેરાઇ આ બધે સ્થળે લશ્કરી કાયદા જાહેર કરવા તૈયાર થયો હતો તેણે તિરહુત, છાપરા, ચમ્પારણ, આજિમગઢ, ગોરખપુર વગેરે કેટલાક જિલ્લામા લશ્કરી કાયદો જાહેર કરતા જણાવ્યુ કે જેઓ સરકાર વિરૂદ્ધ હથિયારો પકડશે, ભાષણો કરશે, બડખોરોને મદદ કરશે, અને ચોતરફ લૂટફાટ કરશે તેને દેહાતંદડની શિક્ષા થશે એથી ઉલટુ જેઓ બંડખોર સિપાહીઓને પકડાવી આપશે, તેને ૫૦ રૂપીઆ ઇનામ આપવામા આવશે મેજર હોલ્મ્સે જુદા જુદા વિભાગોના મેજિસ્ટ્રેટોને પણ આવુ જાહેરનામુ કાઢવાની સલાહ માની નહોતી તેઓએ આ બાબત લેફટેનેન્ટ ગવર્નર હાલિડે સાહેબને જણાવી. લેફ્ટેનેન્ટ ગવર્નરે મેજર હોલ્મ્સના આ કાર્યને ગેરવાજબી અને સરકારના વિરૂદ્ધનું જણાવ્યુ અને કમિશનર ટેલર સાહેબે

આ વાત સરકારને કેમ ન જણાવી તે બાબતનો ખુલાસો માગ્યો. કમિશનરે લખ્યુ કે જો કે હુ જાણતો હતો કે મેજર હોલ્મ્સનું આ કાર્ય કાયદા વિરૂદ્ધ છે, તો પણ મને એ વાત સરકારને જણાવવાની જરૂર જણાઇ નહિ, કારણ કે મારી ખાત્રી છે કે લશ્કરી કાયદો જાહેર કરવાથી લોકોના જીવન, સંપત્તિ અને સામાજીક વ્યવસ્થા બરાબર સચવાય છે. સરકાર આ ખુલાસાથી સતોષ પામી નહિ વળી મેજર હોલ્મ્સ પણ શાંત બેઠો નહિ તે અને ટેલર સાહેબ દેશી લોકોના લોહીથી તરસ છિપાવવા માગતા હતા યુરોપિઅન ગળીવાળા પણ તેઓના જેવા હિંસક પશુ બની ગયા હતા જેઓ સતત લોહી રેડવા માગતા હોય તેઓનાથી પ્રજામા શાંતિ ફેલાવાય નહિ, એ સ્વાભાવિક છે. લોકો આવી કઠોરતાથી ગુસ્સે થાય છે, અને પોતાના મગજ પરથી વિવેકબુદ્ધિનો કાબુ ખસેડી નાખે છે સેનાનાયક હોલ્મ્સ સાહેબને આવી કઠોરતાનું ફળ મળ્યુ. ૩૦ મી જુલાઇને રોજ સાંજરે સેનાનાયક અને તેમના પત્નિ ગાડી પર બેસી ફરવા નીકળ્યા, એ વખતે ૧૨ મી પલટણના ૬ ઘોડેસ્વારોએ ઘોડાની લગામ પકડી રાખી ગાડી ઉભી રાખી અને જોતજોતામા તરવાર કાઢી સાહેબ અને તેમના પત્નિનું ડોકું ધડથી છુટું કરી નાખ્યુ ત્યારબાદ બડખોર ઘોડેસ્વારોએ સિગૌલિના બીજા યુરોપિઅનોની પણ એવી જ દશા કરી. એક દેશી માણસની અપાર દયાથી કેવળ એક નાની બાલિકાનું જીવન બચ્યુ. ઘોડેસ્વારોમાંના ઘણાખરા ઉશ્કેરાઇ ગયા હતા તેઓએ લૂટફાટ શરૂ કરી યુરોપિઅનોના બંગલા બાળી નાખ્યા અને ટોળાબદ્ધ થઇ વિજયના પોકારો કરતા કરતા છુટાછવાયા નાસી ગયા. કેટલાક સ્વારો આ વખતે પણ સરકારને વફાદાર રહ્યા. તેઓની વફાદારી ડગમગી નહિ.

તેઓમાના કોઇ કોઇએ અયોધ્યામાની લડાઇઓમા બ્રિટિશ સરકારને મદદ કરી હતી.

બળવાના ઇતિહાસના ગમે તે ભાગ પર નજર કરતા એ પરસ્પર વિરોધી બાબતોનું દર્શન થાય છે એક વખતે જે સ્થળ અલૌકિક પ્રકાશથી પ્રકાશિત થઇ રહ્યું હોય તેજ સ્થળે થોડીવારમા ગાઢ તમોમયી નિશાની છાયામા ગરક થઇ જતું પટણામા પણ આ બને દશાનુ દર્શન થયુ હતું કમિશનર ટેલર સાહેબે મોલવીઓને કેદ કર્યા, ફાસીને લાકડે અસંખ્ય મુસલમાનોના શરીર લટકાવ્યા ત્યારે તેણે ધાર્યું હતું કે આવી કઠોરતા અને દઢતાથી આખું બિહાર શાત રહેશે. ગોરા લોકોની આવી સત્તા નિરખી લોકો ગરીબ ગાય જેવા બની જશે આવા વિચારથી તેમના મો પર આનદ ફેલાઇ રહ્યો હતો પરંતુ એ પ્રસન્નતા વધુ વખત ટકી નહિ. એ આનદ થોડા વખતમા મલિનતાના રૂપમા ફેરવાઇ ગયો. સેનાનાયક ડનબાર જ્યારે આરાના સિપાહીઓને હરાવી ન શક્યો, કુમારસિંહની સત્તા આરામા સ્થપાઇ; ત્યારે ટેલર સાહેબનું મો ઉતરી ગયુ, ભયકર બળવાથી પોતાનું પ્રાધાન્ય નષ્ટ થએલુ જોઇ તેઓ ત્રાસ પામ્યા, હવે પટણાનો બચાવ કેવી રીતે કરવો તે મહાન પ્રશ્ન થઇ પડયો તેણે જુલાઇ માસમા મુજફ્ફરપુર ચાપરા, ગયા વગેરે જુદા જુદા જિલ્લાના અમલદારોને પટણા આવી રહેવાનું જણાવ્યુ. કમિશનરે ધાર્યું હતું કે આરાનો બચાવ થઇ શકે તેમ નથી, કુમારસિંહનો પરાજય કરવો અસાધ્ય છે. તેથી જુદાં જુદા સ્થાનના યુરોપિઅનોને પટણા અને દાનાપુરમા એકત્ર કરવા એજ હિતકર છે. એથી યુરોપિઅનોનું બળ વધશે અને એ સ્થાનોમાં સરકારની સત્તા ચાલુ રહેશે. જે એક વખતે અમલદારોને પોતપોતાને

સ્થળે રહી ગમે તે રીતે બડખોરોને દબાવી દેવાની સલાહ આપતો હતો તે હવે ભયંકર બળવાના તેજથી ભાન ભૂલી પોતાની સત્તા તળેના અમલદારોને સરકારના પુષ્કળ પૈસા, જરૂરી કાગળપત્રો, બદમાસ કેદીઓથી ભરપૂર જેલો છોડી પટણા આવી રહેવાનું જણાવવા લાગ્યો.

કમિશનરનો હુકમ મુજફ્ફરપુર આવ્યો ત્યારે તિરહુતના યુરોપિઅનો દાનાપુર અને સિગૌલિના સમાચાર જાણી અતિશય ઉદ્વેગ પામ્યા હતા તેઓને દૃઢ ખાત્રી થઇ હતી કે બિહારના બધા લોકો જેમ બને તેમ જલદી બળવો ઉઠાવશે આમ ધારી તેઓએ દાનાપુરના સેનાપતિને લશ્કર મોકલવાનુ લખી ચૂક્યા હતા કમિશનરનો હુકમ મળતા જ મુજફ્ફરપુરના યુરોપિઅનોએ શહેર છોડવાની તૈયારી કરી. મેજિસ્ટ્રેટે એ લોકોને બહુ સમજાવ્યા પણ એ લોકોએ તેમનુ કહ્યુ ન માન્યુ. છેવટ મેજિસ્ટ્રેટ ટેલર સાહેબને પોતાનો ઉદ્દેશ સમજાવવા માટે પટણા આવ્યો મુજફ્ફરપુર થોડા વખત માટે ધણીધોરી વિનાનું થઇ ગયુ. પરંતુ તેમ છતા ત્યા બળવો ઉઠ્યો નહિ. તેજુરી લુંટાઇ નહિ. કેદીઓ છૂટ્યા નહિ યુરોપિઅનોના ગયા બાદ તરતજ તે લોકોએ બંડ ઉઠાવ્યુ પરંતુ એ સમયે નજીબોએ પોતાનુ કર્તવ્ય બજાવ્યુ. તેઓએ ઘોડેસ્વારોને તેજુરી લૂટતા અટકાવ્યા. જો નજીબોએ ઘોડેસ્વારો સામે ટક્કર ન લીધી હોત તો જરૂર મુજફ્ફરપુર જિલ્લો બળવાની આગમા સપડાત. પણ નજીબોએ ઘોડેસ્વારોને મારી હઠાવ્યા સ્વારો કેટલાક યુરોપિઅનોના બંગલા લૂટી ચાલ્યા ગયા. મુજફ્ફરપુરના મેજિસ્ટ્રેટે પટણા જઇ ટેલર સાહેબને બહુ સમજાવ્યુ પણ કમિશનર એકનો બે ન થયો. એટલે તે તેમના હુકમ વિરૂદ્ધ જેમ બને તેમ જલદી પાછા મુજફ્ફરપુર આવ્યા. ત્યા આવી તેણે જોયુ કે વિશ્વાસુ નજીબોની વફાદારીથી

તેજુરીમાના નવ લાખ રૂપીઆ સહીસલામત છે જેલ સરક્ષિત છે. શહેરમા ચોતરફ શાંતિ અને વ્યવસ્થા કાયમ રહી છે

મુજફ્ફરપુરની પેઠે છાપરામા પણ ભય પેદા થયો હતો પરંતુ એ ભયના નિવારણુ માટે ત્યા પુરતું લશ્કર હતું ૪૫ સોલ્જરો અને ૧૦૦ શિખો હાજર હતા છતા ત્યાના અમલદારોએ કમિશનરના હુકમ મુજબ છાપરા છોડયુ. આ વખતે એક હિંમતવાન મુસલમાને ત્યાનો બધો વહીવટ હાથમા લીધો. જ્યારે અમલદારો શહેર છોડી ચાલ્યા ગયા, ધનાગાર, કારાગાર, કચેરી વગેરે સુના થઇ ગયા ત્યારે કાજી રમજાનઅલી નામના એક ખાનદાન માણસે એ બધાનુ રક્ષણ કરવાનું માથે લીધુ તેણે આ બધુ કામ બરાબર બજાવ્યુ અંગ્રેજો નાસી ગયા છતા ત્યા આ માણુસના પ્રતાપે શાંતિ જળવાઇ રહી જ્યારે અંગ્રેજો પાછા આવ્યા ત્યારે તેણે ધનાગાર, કારાગાર અને કચેરી સુરક્ષિત અવસ્થામા પાછી સોપી[૧] કમિશનર ટેલર સાહેબ જ્યારે પટણાના મુસલમાનોને પીડતા હતા ત્યારે છાપરામા એક સજ્જન મુસલમાને પોતાની વફાદારીઓની પરાકાષ્ટા દર્શાવી હતી આ સિવાય બીજા કેટલાક દાખલામા અંગ્રેજોને દેશીઓની સદ્‌ગૃહસ્થાઇનો અનુભવ થયો હતો તો પણ તેઓમાના કોઇ કોઇએ પોતાની વેરવૃત્તિ છોડી નહોતી. તેથી અનેક સ્થળે લોકોની ઉશ્કેરણી વધી પડી હતી અને ભયંકર અશાન્તિ ફેલાઇ હતી

સાહસિક નજીઓની મદદથી મુજફ્ફરપુરમા કંઇ ધાધલ ન થઇ; એક વિશ્વાસુ મુસલમાનની સહાયતાથી છાપરાની શાંતિ અવિચળ હતી.

---

૧ Martin, Indian Empire Vol II. P. 407. Comp Patna City Crisis.

એ બંને સ્થળોના અંગ્રેજો પોતપોતાને સભાળવા તત્પર બન્યા હતા. ત્યારે કેવળ દેશી લોકોએજ શાતિ જાળવી હતી. ગયામા પણ એવી જ રાજભક્તિ પ્રદર્શિત કરવામા આવી હતી ગયાના એક મોટા અમલદારે બીકથી ન ત્રાસતા ત્યાની તેજુરીનુ રક્ષણ કર્યું હતું ગયા પટણાથી ૫૫ માઇલ અને કલકત્તાથી ૨૬૫ માઇલ દૂર છે એ સ્થળ જૂના વખતથી ઇતિહાસમા પ્રસિદ્ધ છે. હિદુ અને બૌદ્ધ લોકોના પ્રાચીન તીર્થસ્થાન તરીકે ગયા અત્યારે પણ પ્રસિદ્ધ છે જે સ્થળે વહેતી નદીને કિનારે પિડદાન કરવાથી પિતૃઓનો ઉદ્ધાર થાય છે, જે સ્થળના પવિત્ર વૃક્ષ નીચે શાક્યસિહે સિદ્ધિ મેળવી હતી, તે સ્થળને હિદુ અને બૌદ્ધ બને સંપ્રદાયના લોકો અતિશય આદરમાન આપે છે આ તીર્થસ્થાનમા વખતોવખત અનેક હિદુઓ એકત્ર થાય છે. ઘણા ખરા સપત્તિશાળી જમીનદારો અહીં આવી રહ્યા છે જુદા જુદા તીર્થ કરવા આવના હોવાથી ત્યા દર વરસે પચરગી મેદની મળે છે બળવા વખતે ત્યા ૮૪ મી પાયદળ પલ્ટણના ૪૦ અને ૧૧૬ શિખ સિપાહીઓ હતા. મનિ સાહેબ ત્યાના મેજિસ્ટ્રેટ હતા તેમને દાનાપુરના સમાચાર મળ્યા એટલે તેઓ ગયાને બચાવવા તૈયાર થયા. દાનાપુરના બળવાના સમાચાર સાભળી ગયાના લોકોમા પણ ઉશ્કેરણી ફેલાઇ હતી. ગયાની જ્યારે આવી સ્થિતિ હતી ત્યારે આરાના સમાચારથી બેભાન બની ટેલર સાહેબે પૂર્વોક્ત હુકમ જાહેર કર્યો હતો. મેજિસ્ટ્રેટ સાહેબને ખાત્રી હતી કે જો કુમારસિહ સરકાર વિરૂદ્ધ પડશે તો બિહારનો અર્ધ ભાગ બળવાની આગમા સપડાશે હવે તેઓ કુમારસિહના બળવાના તથા ડન્બારના પરાજયના સમાચાર મળતા બહુજ મુઝાવા લાગ્યા. તેઓ પોતાના બં-

ગલામા બેસી નજીઓના સુબેદાર સાથે વાતચીત કરતા હતા એ વખતે કમિશનરનો હુકમ આવી પહોચ્યો. કમિશનરે શુ લખ્યુ છે તે સુબેદારે જાણવા માગ્યુ મેજિસ્ટ્રેટે તેને કંઇ જવાબ ન આપતા કોઇ કામ પર મોકલી દીધો તરત જ શહેરમાના યુરોપિઅનોને બોલાવવામા આવ્યા એક કલાકમા બધા યુરોપિઅનો મેજિસ્ટ્રેટને બગલે હાજર થયા. કમિશનરના હુકમ મુજબ પટણા જવાનું તેઓએ નક્કી કર્યું તેઓ જરા પણ સમય ન ગુમાવતા, તેજુરીમાના લગભગ સાત આઠ લાખ રૂપીઆ તથા સ્ત્રીઓથી પરિપૂર્ણ જેલ છોડી પટણા તરફ રવાના થયા દારોગા અને નજીઓના સુબેદારને શહેરના રક્ષણની સોપણી કરવામા આવી.

યુરોપિઅનો ઘોડેસ્વાર થઇ ગયાથી બે ત્રણ માઇલ દૂર ગયા એ વખતે હોલિસ નામના એક યુરોપિઅનનો વિચાર ફર્યો તે અફીણ વિભાગમા કામ કરતો હતો. હોલિસ પોતાની કાયરના જોઇ અતિશય શરમાઇ ગયો ગયાના બચાવનો ભાર પોતાના પર નહોતો છતા તેને આ કાર્યથી એટલી બધી શરમ ઉપજી કે પોતે એકલો પાછો ગયા જવા તૈયાર થયો તેનો વિચાર જાણી મેજિસ્ટ્રેટ મનિ સાહેબે પણ પોતાનો વિચાર ફેરવ્યો આ બને સાહસિક પુરૂષોએ ગયા આવી સરકારી સપત્તિના બચાવનું કાર્ય હાથમા લીધુ તેઓ પાછા આવ્યા ત્યારે શહેરમા શાતિ હતી. તેજુરી ને જેલનો બદોબસ્ત જરા પણ શિથિલ થયો નહોતો મેજિસ્ટ્રેટ સાહેબ આ સ્થિતિ જોઇ સંતોષ પામ્યા અને સરકારી તેજુરી કોઇ સુરક્ષિત સ્થળે મોકલી દેવાનો વિચાર કરવા લાગ્યા એ વખતે પટણાનો રસ્તો સુરક્ષિત નહોતો વળી લોકોમા એવી વાત ફેલાઇ હતી કે કુમારસિહ સૈન્ય

સાથે ગયા પર ચઢી આવી છે આ સમાચાર સાંભળી પ્રજા બહુ ઉશ્કેરાઇ ગઇ હતી મેજિસ્ટ્રેટે બધો ખજાનો પટણાને બદલે કલકત્તા લઇ જવાનો વિચાર કર્યો જો કે કલકત્તા બહુ દૂર હતુ, પણ ત્યા જવાનો રસ્તો પટણા જેટલો ભયમા નહોતો મેજિસ્ટ્રેટે ગાડીઓ વગેરે એકત્ર કરવાનો હુકમ આપ્યો. એ દરમિઆન ગયાની પાસે આવેલા હજારીબાગના સિપાહીઓએ સરકાર વિરૂદ્ધ બંડ ઉઠાવ્યુ. મેજિસ્ટ્રેટ સાહેબ વળી ચિંતામા પડયા છેવટે તેમણે મહારાણીની ૬૪ મી પલ્ટણના થોડા સોલ્જરો સાથે ૪ થી ઓગસ્ટે કલકત્તા તરફ જવાની તૈયારી કરી. એ દરમિઆન નજીબો સરકાર વિરૂદ્ધ ઉઠયા જેલ તોડી કેદીઓ નાઠા. મેજિસ્ટ્રેટ સાહેબ એક ક્ષણનો વિલંબ ન કરતા ઘોડેસ્વાર થઇ કંપનિના પૈસા સાચવનારા સોલ્જરોને જઇ મળ્યા એ જ દિવસે રાત્રે નજીબો અને કેદીઓએ તેજુરી લુટવા ખાતર તેઓના પર હુમલો કર્યો પણ તેઓનો પ્રયત્ન નિષ્ફળ ગયો. ઓગસ્ટ માસના મધ્ય ભાગમા તેઓ તેજુરીના પૈસા સાથે કલકત્તા આવી પહોચ્યા ગવર્નર જનરલે તેના અને હોલિસ સાહેબના બહુ વખાણ કર્યા. આવા કટાકટીના વખતમા સાહસ અને કાર્યતત્પરતા દર્શાવી લાખો રૂપીઆનું રક્ષણ કરવાથી તેઓ બંને સરકારના આદરમાનને પાત્ર થયા.

અદષ્ટ ચક્રના ફેરામા ગયાના મેજિસ્ટ્રેટનું અદષ્ટ ફર્યું. તે સરકારનો માનીતો થઇ પડયો ત્યારે પટણાના કમિશનર ટેલર સાહેબ અણમાનીતા થઇ પડયા. બિહારમા લશ્કરી કાયદો જાહેર થવાથી અને પટણાના મુસલમાનોને ફાંસીએ લટકાવવાથી સરકાર બહુ ગુસ્સે થઈ હતી. ત્યાર બાદ જ્યારે પટણા-વિભાગના મેજિસ્ટ્રેટોને પટણા

એકત્ર થવાનો હુકમ બહાર પાડવામા આવ્યો, ત્યારે સરકારે ટેલર સાહેબ વિરૂદ્ધ સખત પગલા લેવા તૈયાર થઇ ઓગસ્ટ માસમા તેમને પદભ્રષ્ટ કરવામા આવ્યા. ટેલર સાહેબમા કાર્યતત્પરતા, કાર્ય-શક્તિ, ઉત્સાહ અને સાહસ પુષ્કળ પ્રમાણમા હતા તેણે એક વખતે દરેક અમલદારને પોતપોતાને સ્થળે રહી બચાવ કરવાની આજ્ઞા કરી હતી પરંતુ છેવટે આરાના બનાવથી તેનું હૃદય ભયભીત થઇ ગયુ હતુ તેણે જુદા જુદા સ્થળના યુરોપિઅનોને એક જ સ્થળે એકત્ર કરી શક્તિસંચય કરવાનો પ્રયત્ન કર્યો હતો તેઓનુ આ કાર્ય કવખતનુ હોવાથી પ્રશંસનીય નીવડયુ નહિ. અગાઉ જણાવવામા આવ્યું છે તેમ છાપરા અને મુજફરપુરમા કઇ ગડબડ મચી નહોતી અંગ્રેજો નહોતા છતા ત્યા શાંતિ વિરાજી રહી હતી. કમિશનર સાહેબના દોષથી જ કુમારસિંહ સરકારની વિરૂદ્ધ થયો હતો કુમારસિંહે બળવો ન ઉઠાવ્યો હોત તો ટેલર સાહેબ જિલ્લા મેજિસ્ટ્રેટોને એક જ સ્થળે એકત્ર થવાનો હુકમ આપત નહિ. ટેલર સાહેબનુ અધઃપતન તેની અધીરતાને આભારી હતું ત્યાર બાદ ટેલર સાહેબે પુષ્કળ પ્રયત્ન કર્યો હતો છતા તેમને વિભાગીય કમિશનર બનાવવામા આવ્યા નહોતા

ટેલર સાહેબની જગાએ સેમ્યુઅલ સાહેબની નીમણુક થઇ હતી. તેઓ આવે ત્યા સુધી પટણાના જજ ફરકુહર્સન સાહેબના હાથમા કમિશનરની જગાનો ચાર્જ રહ્યો. ટેલર સાહેબના વ્યવહારથી પટણાના લોકો બહુ જ દિલગીર થયા હતા. ટેલર સાહેબ જતા તેઓના મુખ પર પ્રસન્નતા છવાઇ રહી. હવે પ્રજાને શાંત પાડવા માટે નાના પ્રકારના ઉપાયો યોજાવા લાગ્યા. કવાયતના મેદાન પરથી

ફાસીના માચડા દૂર કરવામા આવ્યા જે નિર્દોષ મુસલમાનોને કેદ કરવામા આવ્યા હતા તેને છોડી મુકવામા આવ્યા. મુસલમાનો ઉશ્કેરાય નહિ, અને શાતિપૂર્વક કામ કરે એ ખાતર લેફ્ટેનેન્ટ ગવર્નરે મુન્શી અમીર અલી નામના કર્મદક્ષ વકીલને સેમ્યુઅલ સાહેબનો મદદનીશ બનાવ્યો. આવી ઉચ્ચ પદવીએ એક મુસલમાનની નિમણુક થએલી જોઇ કલકત્તાના યુરોપિઅનોએ બહુ ધાધલ મચાવ્યુ પરતુ તેઓના તરફ સત્તાવાળાઓએ લક્ષ આપ્યુ નહિ. મુસલમાનોના મહોરમના તહેવારો મુન્સી અમીર અલીની કર્તવ્યદક્ષતાથી શાતિમા પસાર થયા. પટણાના મુસલમાનો પોતાના રિવાજો મુજબ વર્ત્યા. કોઇએ તેઓની ક્રિયામા ભગાણુ પાડયુ નહિ. તેઓમા પૂરેપૂરી શાતિ જળવાઇ રહી આવા સમયમા પટણાના લોકોની શાતિના સમાચાર સાભળી કલકત્તાના ધાધલિયા યુરોપિઅનો પોતાના બકવાદની અસારતા સમજી ગયા.

હવે બગાળાના લેફ્ટેનેન્ટ ગવર્નરની સત્તા તળે આવેલા પ્રદેશોમા બળવાની પ્રચડ જવાળાના દર્શન થયા નહિ. જો કે કોઇ કોઇ સ્થળે નાના છમકલા થયા ખરા, પણ એથી ગભીર પરિણામ આવ્યા નહિ. હવે આ છમકલા પર થોડી દૃષ્ટિ પણ કરી જઇએ. સંતાલ પરગણામા દેવઘર એ હિદુઓનુ મોટુ તીર્થસ્થાન ગણાતું હતું ત્યા દર વરસે અસખ્ય યાત્રાળુઓ ભેગા થતા હતા. પણ ગયાની માફક અહી શાતિભગ થયો નહોતો લોકોને શાત જોઇ અધિકારીઓ નિરાતે કાળ ગુજારતા હતા. દેવઘરની પાસે આવેલ રોહિણી આગળ ૩૨ મી અનિયમિત ઘોડેસ્વાર પલ્ટણ પડી હતી. તે પલ્ટણમા અસંતોષના ચિન્હો જણાતા નહોતા. ઘોડેસ્વારો પોતાના અધિનાયકનો

હુકમ બરાબર બજાવતા હતા. તેઓનો અધિનાયક પણ પોતાના સૈનિકોમા પૂરેપૂરો વિશ્વાસ રાખી નિશ્ચિત ચિત્તે તેઓની સાથે જ રહેતો હતો ૧૨ મી જુને સધ્યાકાળ વખતે અધિનાયક મેકડોનાલ્ડ પોતાના બગલાની પડશાળમા સેનાનાયક સર નોર્મન લેસ્લિ અને ડોક્ટર સાહેબ સાથે બેસી વાતચીત કરતો કરતો ચા પીતો હતો, એવામા ત્રણ હથિયારબધ પુરુષો ત્યા ઝપાટાબંધ આવી પહોચ્યા. તેમાના એક માણસે વીજળીને વેગે અધિનાયકના માથા પર ઘા કર્યો. ડોક્ટર સાહેબ પણ ઘવાયા લેસ્લિ સાહેબ પીઠથી તે છાતી સુધી વિધાઇ ગયા એ હતભાગ્ય સૈનિક પુરુષ લાબો કાળ જીવ્યો નહિ અર્ધા કલાકમા તેનો જીવ ઉડી ગયો અધિનાયક અને ડોક્ટર સાહેબ પણ આ ઓચિતા અગ્રાઘાતથી બચ્યા નહિ. તેઓ હલ્લો કરનારાને ઓળખી શકયા નહિ ૫ મી ઘોડેસ્વાર પલ્ટણના સ્વારોએ આ કાર્ય કર્યું છે એવી શકા ડોક્ટર સાહેબને આવી હતી હલ્લો કરનારાઓએ આ કાર્ય એટલી ઝડપથી કર્યું હતું કે તેઓ કોણ હતા તે કોઇ ઓળખી શકયુ નહોતુ તેઓએ લશ્કરી પોશાક પહેર્યો નહોતો આથી તેઓ પલ્ટણમાના હતા કે નહિ એ સમજાયું નહોતું. દેશી ઓફિસરોએ ગુનેહગારોને પકડવાનો પ્રયત્ન કર્યો છેવટે સદેહ પરથી ત્રણ જણાને પકડવામા આવ્યા. તેઓમાના બે જણાના લુગડા લોહીથી ખરડાએલા હતા. તેમાના એક જણે કબુલ કર્યું કે મારી તરવારથી લેસ્લિ સાહેબ મરણ પામ્યા છે આટલી સાબીતિ પરથી મેકડોનાલ્ડ સાહેબે તેઓને ફાસીએ લટકાવવાનો હુકમ આપ્યો. થોડી વારમા એ હુકમ અમલમા મુકવાથી તૈયારી થઇ ત્રણ જણને હાથીઓપર બેસાડી ફાસી આગળ લઇ જવામા આવ્યા. જલ્લાદોએ

એક પછી એક તેઓના ગળામા ફાસો નાખ્યો ત્યારબાદ અનુક્રમે હાથીઓ ચાલ્યા ગયા. ત્રણે માણસોના શબો ફાસીને લાકડે લટકવા લાગ્યા ત્રણ સ્વારોને ફાસીએ ચડાવ્યા છતા મેકડોનાલ્ડ સાહેબને બીજા સ્વારો પર સદેહ આવ્યો નહિ તેમનો આ વિચાર ખોટો નહોતો. બીજા સ્વારોએ આ બનાવ બન્યા પછી જરાપણ અસતોષ દર્શાવ્યો નહિ. એ વખતે તેનો સેનાપતિ ઘવાયો હતો, ભયકર ઘાની પીડાથી તે તાવે તરફડતો હતો ડોકટર સાહેબ પણ ઘાયલ થઇ પથારીવશ થયા હતા જો સ્વારોએ ધાર્યું હોત તો તેઓ આ વખતે અનાયાસે બડ ઉઠાવી શકત પરતુ તેઓએ એવુ કઇ કર્યું નહિ તેઓ પોતાના ઘાયલ સેનાપતિના બગલા પર રાત દહાડો ચોકી કરવા લાગ્યા. ત્યાર બાદ ત્રણ માસ સુધી તેઓએ આવી વફાદારી જાળવી રાખી. તેની વફાદારીથી સેનાપતિ મેકડોનાલ્ડ એટલો બધો ખુશ થઇ ગયો કે તેણે અધિકારીઓને ખુલ્લા શબ્દોમા જણાવી દીધુ કે મારૂ આ મંદવાડમા મોત નીપજે તો ભલે પણ હુ જીવતો છુ ત્યા સુધી આવા વફાદાર ઘોડેસ્વારોની સરદારીનો ભાર બીજા કોઇ સેનાપતિને સોપીશ નહિ. છેવટે તેના ઠરાવ મુજબ પલ્ટણનું મથક ભાગલપુર રાખવામા આવ્યુ. પલ્ટણ રોહિણીથી ઉપડી ભાગલપુર આગળ જઇ છાવણી નાખી રહેવા લાગી. છેવટે ઓગસ્ટ માસમા તે પલ્ટણ વિફરી. એ વખતે દાનાપુર અને આરાના સમાચાર ચોતરફ ફેલાઇ ગયા હતા. ચોતરફના સિપાહીઓ દાનાપુરના રાક્ષસી ગોરાઓના કાર્યથી ત્રાસ પામ્યા હતા આ વખતે ગોરાઓના લશ્કરને જોતા જ સિપાહીઓ ભયથી ધ્રુજતા હતા. ૧૫ મી ઓગસ્ટે એક વહાણે ભાગલપુર આગળ લગર કર્યું. એ વહાણમા સેનાપતિ આઉટ્રામ હતો. બે સ્વારોએ

પલ્ટણને ખબર આપી કે આજ રાત્રે તમારા હથિયારો લઈ લેવાના છે આ ગપ્પ સાભળી સ્વારો અશાત બની ગયા તેઓ પોતપોતાનો સરસામાન તજી ઘોડેસ્વાર થઇ નાઠા આ પ્રમાણે એક વફાદાર પલ્ટણે અંગ્રેજોનો પક્ષ તજ્યો એવુ કહેવાય છે કે રોહિણીમા જે ત્રણુ જણાને ફાસીએ લટકાવવામા આવ્યા હતા, તે ત્રણમાના એક જણના પિતાએ પોતાના પક્ષની વફાદારી દર્શાવવા પોતાના પુત્રને પોતાના હાથે ફાસીએ લટકાવ્યો હતો '

જ્યારે સરકાર પુરતા સોલ્જરો ન હોવાથી મુઝાતી હતી, ત્યારે સિપાહીઓ પોતાને ગોરા સૈનિકો મારી નાખે અગર નિ શસ્ત્ર કરે એવા સદેહથી ગભરાઇ ગયા હતા સરકાર બીજે સ્થળેથી પુરતુ લશ્કર લાવી શકી નહોતી, છતા સિપાહીઓ પ્રતિક્ષણે આવી પહોચવાના સ્વપ્નો નિહાળતા હતા બળવાના ઇતિહાસમા આ વિચિત્ર વાત ખાસ ધ્યાનમા રાખવા જેવી છે તેમા પણુ સરકારે જ્યારે અમુક પલ્ટણને યુરોપિઅન પલ્ટણોની મદદથી નિ શસ્ત્ર કરી ત્યારે સિપાહીઓનો સદેહ નિશ્ચયના રૂપમા ફેરવાઈ ગયો સોલ્જરો આવના હોય કે ન આવતા હોય છતા સિપાહીઓના હૃદયપરથી એ નિશ્ચયની છાયા દૂર થતી ન હોતી. આ વેળા કાવતરાખોરોનો તોટો નહોતો એ લોકો જુદા જુદા વેશમા ભટક્યા કરતા અને સિપાહીઓને સાચીજૂઠી વાતો કહી ભડકાવી મૂકતા હતા તેઓએ ફેલાવેલા ગપ્પા નિષ્ફળ નીવડતા નહિ કોઇ કોઇ વખતે તેઓના ગપ્પા ભયકર પરિણામ લાવતા હતા. પરંતુ એક સ્થળે એવા ગપ્પા નિષ્ફળ નીવડ્યા હતા અને કાવતરાખોરો હાથ ઘસતા પાછા વળ્યા હતા કટકમા મદ્રાસ ઇલાકાની એક પલ્ટણુ રહેતી હતી મદ્રાસના સૈનિકો પોતાના બાલબચ્ચા સાથે રાખે છે એક છાવ-

ણીમાથી બીજી છાવણીમા જતા બાલબચ્ચા સાથે લઇ જાય છે આ વખતે પણ એ પલ્ટણના સિપાહીઓ કટકની છાવણીમા પોતાના કુટુમ સાથે આનદ કરતા હતા ઉશ્કેરાએલા મુસલમાનોએ તેમને જણાવ્યુ કે તમને નિ:શસ્ત્ર કરવા માટે સોલ્જરો આવે છે તમને નિશસ્ત્ર કર્યા બાદ ઘણે દૂર લઇ જવામા આવશે આ વાત સાભળી સિપાહીઓને સંદેહ પડ્યા ખરો. પણ તેઓએ હથિયાર પકડ્યા નહિ. સિપાહીઓ સદેહવશ થયા છતા પોતાના કુટુમ્બોને લીધે સરકાર સામે બડ ઉઠાવી શક્યા નહિ તેઓ જો કે બહુ જ ઉશ્કેરાઇ ગયા, પોતાનુ દારૂણ અપમાન થશે એવી ચિતામા ભાન ભૂલ્યા હતા, છતા કુટુબને લીધે તેઓને શાતિ પકડી રાખવાની જરૂર પડી હતી તેઓ કુટુબને હેરાનગતિમા ઉતારવા માગતા નહોતા તેઓએ પોતાના મુસલમાન સલાહકારોને જવાબ આપ્યો હતો કે અમારા બને હાથ બંધાઇ ગયા છે. અમે એક હાથે પત્નીનુ અને બીજે હાથે છોકરાનુ રક્ષણ કરવાનુ વચન આપ્યુ છે અમારા કુટુંબો અમારા વિશ્વાસના જામીન છે. કટકમા બડ ન ઉઠ્યુ સિપાહીઓ શાતિપૂર્વક દિવસો ગુજારવા લાગ્યા. બગાળના સિપાહીઓ પણ મદ્રાસના સિપાહીઓની પેઠે બૈરા છોકરા સાથે રહેતા હોત તો કદાચ તેઓ બડ ઉઠાવવાનુ સાહસ કરી શકત નહિ.

કટકની પેઠે જલપાઇગુડિમા પણ શાતિ જળવાઇ રહી. એ સ્થળના સેનાપતિની ઉદારતા એ શાતિનુ મૂળ કારણ હતુ. જળપાઇગુડિમા ૭૩ મી પલ્ટણ રહેતી હતી. કર્નલ શ્પાવર એ પલ્ટણનો અધ્યક્ષ હતો પોતાની પલ્ટણ પર તેને બહુ વિશ્વાસ હતો તે વચનો વડે વિશ્વાસ દર્શાવવાનો યત્ન કરતો હતો તેને ખાત્રી હતી કે અનેક સ્થળના સિપાહીઓ કેવળ શકાને લીધેજ બડખોર બન્યા છે માટે

તેઓની શકાને નષ્ટ કરવી એ અગત્યનું છે. જુન માસમા કટકની પેઠે જલપાઇગુડિમા એવી વાત જાહેર થઇ કે ગોરા સૈનિકો પલ્ટણને નિ શસ્ત્ર કરવા આવે છે. સિપાહીઓના હથિયારો લઇ લેવામા આવશે, કેટલાક સિપાહીઓને મારી નાખવામા આવશે આવા ત્રાસજનક ગપ્પાઓથી છાવણી ગરમ થઇ ગઇ. એ વખતે સિપાહીઓને નિ શસ્ત્ર કરવા એ જાણે નિયમ બની ગયો હોય એવુ જણાતુ હતું જ્યા કોઇ પણ જાતનો સ દેહ ઉત્પન્ન થનો કે તરત ત્યાના સિપાહીઓને નિ શસ્ત્ર કરવાનો હુકમ થતો પોતાને સુરક્ષિત કરવા માટે સિપાહીઓને નિ શસ્ત્ર કરવા સિવાય બીજો કોઇ રસ્તો અધિકારીઓને મળતો નહોતો સેનાપતિ સ્થાવરે ધાર્યું હતું કે મને પણ એવો જ હુકમ કરવામા આવશે. પણ તે એ નિયમ તરફ સખત અણગમો દર્શાવતો હતો. તે પોતાની પલ્ટણને વફાદાર માનતો હતો. ૭૩ મી પલ્ટણના કેટલાક સિપાહીઓ ઢાકામા રહેતા હતા ત્યા તેઓએ ઉશ્કેરણી દર્શાવી હતી સેનાનાયક સ્થાવરે જણાવ્યુ હતું કે અનિયમિત ઘોડેસ્વાર પલ્ટણના જે સ્વારો જલપાઇ ગુડિમા હતા તેઓએ આ સમાચાર સાભળી એ ઉત્તેજિત સિપાહીઓને સજા કરવા ખાતર પોતાની તરવારો તૈયાર કરી હતી,[૧] અને તેથી જ તેઓ છેલ્લે પાટલે જઇ બેઠા હતા. આવા વિશ્વાસને લીધે તે પોતાની પલ્ટણને નિ શસ્ત્ર કરવા માગતો નહતો. એક દિવસ તેને ટપાલમા પત્ર મળ્યો. તેમા શુ લખ્યુ હશે તે કલ્પી લઇ તેણે પોતાના હાથ નીચેના મદદનીશને કહ્યુ કે “ મને શકા છે કે આ પત્રમા આપણી પલ્ટણને નિશસ્ત્ર કરવાનો હુકમ છે. હુ રાજીનામુ આપીશ પણ એ હુકમ પાળવાને તૈયાર થઇશ નહિ ” સેનાનાયક

---

૧ Kaye, Sepoy war Vol III P. 14 note.

પોતાની પલ્ટણનું માન જાળવવા માટે આટલો બધો આગ્રહી હતો. પરંતુ તેના આવા આગ્રહથી તેના મદદનીશો શાંત રહ્યા નહિ. તેણે બધી બંદુકો એકત્ર કરી નૌકાદ્વારા કોઇ સુરક્ષિત સ્થળે મોકલી દેવાની સલાહ આપી નૌકાઓ નિરતા નદીમાં તૈયાર હતી.

જુન માસ પૂરો થવા આવ્યો. જલપાઇગુડિના સિપાહીઓની ઉશ્કેરણી શાંત પડી નહિ એવું કહેવાય છે કે એ વખતે મિરત અને લખનૌરના કાવતરાખોરો ફકીરના વેશમાં જલપાઇગુડિની છાવણીમાં આવી વસ્યા હતા. તેઓ સિપાહીઓને શાંતિમાં રહેવા દેતા નહોતા. વળી તે પલ્ટણના જે સિપાહીઓ ઢાકા રહેતા હતા, તેઓ પણ પોતાના સાથીઓને નવી નવી વાતો કહી ભડકાવ્યા કરતા હતા આ પ્રમાણે જુન માસની આખરે તેઓમાં અશાન્તિ ફેલાઇ તેઓને ખાત્રી થઇ કે અમને નિશસ્ત્ર કરવા માટે કલકત્તાથી મોટું લશ્કર આવે છે તેઓ નિશસ્ત્ર કરનારની સામે થવા તૈયાર થયા. કોઇ કોઇ સિપાહીઓએ જેમ બને તેમ જલદી કંપનિ સામે હથિયારો પકડવાની સલાહ આપી. સેનાનાયક સ્યાવરે આ બધું નિહાળ્યું છતાં પોતાનો ટેક ન છોડયો તેણે પોતાના સિપાઈઓને બીજે દિવસે કવાયતના વિશાળ મેદાન પર એકત્ર થવાનો હુકમ આપ્યો. હુકમ આપ્યા બાદ તે પોતે ઘોડેસ્વાર થઇ છાવણીમાં ફરવા નીકળ્યો આ વખતે અનેક સિપાહીઓનો અસંતોષ ખુલ્લી રીતે પ્રગટ થયો. સેનાનાયકે તેઓને શાંત પાડવાનો પ્રયત્ન કર્યો. બીજે દિવસે નક્કી કરેલા વખતે કવાયત થઇ સિપાહીઓ પોતપોતાના હથિયારો લઇ મેદાન પર આવી ઉભા ભરેલી બંદુકોથી સજ્જ હોવા છતા કોઇએ વ્યવસ્થા તોડી નહિ. સિપાહીઓએ કવાયતને વખતે પોતાના અધિનાયકના બધા હુકમો માથે ચઢાવ્યા

તે વખતે તો કંઇ નવીન ન બન્યુ, પણ સિપાહીઓની ચિંતા દૂર થઇ નહિ જ્યારે માણસોનુ મન સદેહવશ થાય છે ત્યારે તે પ્રતિક્ષણે પોતાની પડતીના વિચારો કર્યા કરે છે અને એ વિચારોથી ભડકયા કરે છે તેઓ એ સદેહ ખેરો છે કે ખોટો તે વિચારી જોવાની જરૂર પિછાણતા નથી. આમ હોવાથી મૂલ વાત ભયજનક ન હોવા છતા બીજા લોકો પોતાની કલ્પનાના બળથી તે વાતને ભયકરમા ભયકર કરી મૂકી શકાશીલ માણસને ઉશ્કેરી મૂકે છે જલપાઇગુડીમા પણ આવી ઘટના અને તે ઘટના પરથી કલ્પનામય ભયકર જનરવની ઉત્પત્તિ થઇ હતી સેનાપતિ શ્યાવરે લેફ્ટેનન્ટ ગવર્નરનો સરસામાન અને સરકારી કાગળ પત્રો લાવવા માટે કેટલાક હાથીને દાર્જિલિંગ મોકલ્યા આ બનાવ સાથે સિપાહીઓના સારા નરસાને કઇ સબંધ નહોતો પરતુ ઉશ્કેરાએલા લોકોએ આ નાનીશી વાતને મહાન રૂપ આપી દીધુ. સિપાહીઓમા એવી વાત ફેલાઇ કે સેનાપતિએ ગોરા સૈનિકોને માટે વાહન મોકલ્યા છે આ ખોટા સમાચારથી વળી સિપાહીઓની શાતિ તૂટી, તેઓમાના કોઇ કોઇ કપનિ વિરૂદ્ધ બડ ઉઠાવવા તૈયાર થયા આ વખતે પણ સેનાપતિ તેઓને નિઃશસ્ત્ર કરવા તૈયાર થયો નહિ દેશી ઓફિસરોના પ્રયત્નથી કાવતરાખોરોને પકડવામા આવ્યા સેનાપતિએ એ લોકોને યોગ્ય શિક્ષા કરી અને વફાદાર સિપાહીઓને ઇનામ આપી સંતોશ્યા અપરાધીઓને કેદ કરી કલકત્તા મોકલી દીધા જેઓ ભરેલી બંધુકો લઇ યુરોપિઅનોના હલ્લાની રાહ જોઇ બેઠા હતા, તેઓને તેઓના મકાનમાજ સપડાવવામા આવ્યા. એક જણ ગોળી છૂટવાથી માર્યો ગયો, બીજો ચિત્તભ્રમિષ્ટ બની નદીમા કુદી પડયો. પરતુ આખી પલ્ટણની આવી દશા થઇ નહોતી.

દિવસો જવા લાગ્યા. છેવટે સેનાપતિ શ્યાવગ્ની કુનેહથી જલપાઇ ગુડિના સિપાહીઓ તદ્દન શાત થઇ ગયા દિલગીરીની વાત એટલીજ કે બીજા મથકોના સિપાહીઓ પ્રત્યે આટલો બમો વિશ્વાસ રાખવામા ન આવ્યો.

બગાળાના નૈઋત્ય ખુણા તરફ જે બન્યુ હતું, તે અગ્નિ ખુણા તરફ ન બન્યુ ચટ્ટગામમા ૩૪ મી પલ્ટણ રહેતી હતી તે પલ્ટણે ૧૮ મી નવેમ્બરે સરકાર વિરૂદ્ધ બળવો ઉઠાવ્યો. તેના અધિનાયકે પલ્ટણને શાત પાડવા માટે એક મદદનીશ સાથે કવાયતના મેદાન તરફ ગમન કર્યું પણ તેના પ્રયત્નો નિષ્ફળ ગયા. કોઇ કોઇ સિપાહીઓએ પોતાના અધિનાયકને વિધી નાખવાનો ઇરાદો કર્યો પણ બીજા કેટલાક સિપાહીઓએ તેમને વાર્યા અને અધિનાયકને સુરક્ષિત સ્થળે જવાની વિનતી કરી[1] અધિનાયક તેઓની સલાહ માની શહેરમાના યુરોપિઅનોને સાવચેત કરવા દોડયો પણ તે આવી પહોચે તે દરમિઆન કોઇ કોઈ યુરોપિઅનો પલાયન કરી ગયા હતા. ત્યાર બાદ લશ્કરના કપ્તાન અને બીજા ગોરા અમલદારો છુપા વેશમા જંગલના માર્ગે નાઠા કલેકટર સાહેબના વિશ્વાસુ નોકરો તેમના ભોમિઆ બન્યા.

બડખોરોએ તેજુરીના લગભગ ત્રણ લાખ રૂપીઆ લૂટી લીધા, જેલના કેદીઓને છોડી મૂકયા, છાવણી સળગાવી નાખી, અસ્ત્રાગાર ઉડાડી દીધુ છેવટે સરકારના ત્રણ હાથી અને બે ઘોડા પર લૂટફાટનો સામાન ભરી તેઓ ત્રિપુરા તરફ નાઠા. રજબઅલીખા નામનો એક હવાલદાર તેઓનો અધિપતિ બન્યો. તેઓએ ચટ્ટગામના કોઇ પણ યુરોપિઅનો પર હુમલો કર્યો નહિ કોઇ પણ યુરોપિઅનને તેમના અ-

૧. Indian Mutiny Vol II P. 220

લોથી ઇજા ન થઇ. કેવળ જેલખાનાનો એક સૈનિક તેઓને અટકાવતા મરણ પામ્યો હતો, ચટ્ટગામના કમિશનરે એ લોકોને અટકાવવા માટે ત્રિપુરાના મહારાજને વિનતી કરી વળી એ તરફના ડુંગરી પ્રદેશોના જમીનદારોને પણ એ બાબતના પત્રો લખવામા આવ્યા. સિપાહીઓ સીતાકુંડ આગળ આવી બ્રિટિશ હદ છોડવાની આશાથી ત્રિપુરાની હદ તરફ દોડયા પરંતુ ત્રિપુરાનો રાજા તો તેઓની સાથે મુકાબલો કરવા તૈયાર હતો આ વખતે અનેક જમીનદારો સરકારને મદદ આપવા તૈયાર થયા હતા. તેમની મદદ વિના સરકારને પાગવાર મુશ્કેલી ભોગવવી પડત ત્રિપુરાના રાજાએ કમિશનરની ઇચ્છાને માન આપી સિપાહીઓને પકડવા માટે સખ્યાબંધ સૈનિકો મોકલી આપ્યા તેઓએ ૨ જી ડિસેમ્બરે સિપાહીઓને અટકાવ્યા. સિપાહીઓ પાછા બ્રિટિશ હદમા પેઠા અને કમિલ્લાના પાસે આવેલા પર્વતો તરફ દોડયા. એ ડુંગરાળ મુલકમા તેઓને બહુ દુખ પડયુ તેમના ત્રણે હાથી પકડાયા. તેઓના ૧૦ હજાર રૂપીઆ લુટાયા. તેઓએ છોડી મૂકેલા કેદીઓમાના ઘણા ખરા પાછા પકડાયા, ત્રિપુરાના રાજા અને જમીનદારોએ તેઓને બહુ હેરાન કર્યા. આથી તેઓ મણિપુર તરફ નાઠા. રસ્તામા તેઓએ એક પોલિસ સ્ટેશન લૂટયુ એ દરમિઆન એક કાર્યકુશળ બ્રિટિશ અમલદારે સિપાહીઓને પકડી પાડવાનુ ધ્યાનમા લીધુ શ્રીહટ્ટના વડા અમલદાર એલન સાહેબે ધાર્યું કે બંડખોરોને અટકાવવા માટે સોલ્જર પલટણને આવતા બહુ વાર લાગશે અને અત્યારે વિલંબ કરવો પાલવે તેમ નથી એવો વિચાર કરી તેમણે બંડખોરોને દબાવવા માટે ત્યાના દેશી પાયદળ લશ્કરના વડા મેજર બેગને મોકલ્યો. મેજર બેગ તેજ દિવસે પોતાના સૈન્ય સાથે રવાના થયો. તેણે શ્રીહટ્ટથી ૮૦ માઇલ દૂર આવેલા પ્રતાપગઢ આગળ આવી સાભળ્યું કે

સિપાહીઓ હમણાજ લાતુ નામના સ્થળે આવી પહોચવાના છે. લાતુ પ્રતાપગઢથી ૨૮ માઇલ દૂર હતું મેજર બેગ લાતુ પાછા મૂકી પ્રતાપગઢ જઇ પહોચ્યો હતો. હવે તે ફરીથી લાતુ જવા તૈયાર થયો. રસ્તો ખાડા ખાબોચિયાથી ભરપૂર હતો સૈનિકોએ એકી ચાલે આવો ૮૦ માઇલ રસ્તો પસાર કર્યો હતો છતા તેઓએ મેજરના હુકમ માથે ચડાવ્યો. મેજર બેગ લાતુ આવ્યો ચટ્ટગામના સિપાહીઓએ શ્રી હટ્ટના સિપાહીઓને ફોડવાનો પ્રયત્ન કર્યો, પણ તેઓનો પ્રયત્ન સફલ થયો નહિ શ્રી હટ્ટના વિશ્વાસુ સૈનિકોએ તેના તરફ લક્ષ ન આપતા લડાઇ કરવા માટે સગીનો ઉપાડી લડાઇના મેદાન પર મેજરબેગ મરણ પામ્યો પરતુ તેના સૈનિકો પાછા હઠયા નાહ તેઓએ પ્રબળ પરાક્રમ દાખવી ચટ્ટગામના સિપાહીઓ પર હલ્લો કર્યો. બડખોરો આ હલ્લાથી અકળાઇ લાતુ અને મણિપુર વચ્ચેના ડુગરોમા છુપાઇ ગયા.

આ જગલના પ્રદેશમા તેઓને પકડી પાડવાનું કામ બહુ મુશ્કેલ હતું શ્રી હટ્ટના સિપાહીઓમાના કેટલાકને એ બંડખોરોની હિલચાલ પર દેખરેખ રાખવા મોકલવામા આવ્યા બાકીના સિપાહીઓ પાછા શ્રીહટ્ટ ગયા ચટ્ટગામ અને ઢાકાના સમાચાર સાભળી સરકારે ૫૪ મી યુરોપિઅન પલ્ટણને તે તરફ મોકલી હતી. તે પલ્ટણ ઢાકા જઇ કલકત્તા પાછી ફરી ચટ્ટગામના ન્હાસેડુ સિપાહીઓ હવે મણિપુરની હદમા પેઠા. પરતુ અહીં તેઓ સુખે રહી શક્યા નહિ. ૯ મી જાનેવારી (૧૮૫૮) ને રોજ હટ્ટના સિપાહીઓએ તેઓના પર હલ્લો કર્યો. બે કલાક સખ્ત લડાઇ કર્યા બાદ તેઓ ડુગરી પ્રદેશમા નાસી ગયા. ત્યારબાદ આઠ દિવસે વળી એક લડાઇ થઇ. આ લડાઇ ચટ્ટગામના સિપાહીઓની છેલ્લી લડાઇ હતી. કોઇ પણ અગ્રેજ સેનાનાયક આ

લડાઇમા હાજર નહોતો. શ્રીહટ્ટની પલ્ટણનો જમાદાર જગબીરસિંહ સિપાહીઓનો અધ્યક્ષ હતો. આ છેલ્લી લડાઇમા ચટ્ટગામના સિપાહીઓને બહુ નુકસાન થયુ ઉપરાઉપરિ લડાઇઓ થવાથી તેઓમાના ઘણાખરા મરણ પામ્યા જેઓ જીવતા હતા તેઓ પણ શુ કરવુ તેના વિચારમા પડયા તેઓના રસ્તા રોકી દેવામા આવ્યા તેઓ એ દુર્ગમ ડુંગરી પ્રદેશમા શોચનીય સ્થિતિમા રહેવા લાગ્યા.

ચટ્ટગામના સિપાહીઓના બળવાની વાત જાહેર થઈ ત્યારે ઢાકામા પણ થોડી ઉથલપાથલ થઇ ઢાકા પ્રાચીન કાળથી બંગાળાના ઇતિહાસમા પ્રસિદ્ધ છે. એક વખતે તે બગાળાની રાજધાની તરીકે પ્રખ્યાત હતું, મોગલ બાદશાહ જહાગીરના નામથી ઓળખાતુ હતુ. બંગાળના સ્વતત્ર નવાબો એક વખતે આ સ્થળે બેઠા બેઠા બગાળા બિહાર અને ઓરિસ્સાપર અમલ ચલાવતા હતા શિલ્પકળામા આ શહેરે એટલી બધી પ્રસિદ્ધિ મેળવી હતી કે હજુ સુધી તેની શિલ્પકૃતિ ઇતિહાસકારોને આનદ ઉપજાવે છે જ્યારે યુરોપિઅનોનું ભરતખંડમા પ્રાધાન્ય નહોતુ, જ્યારે અગ્રેજો પોતાના નાના બેટમા વસવાટ કરી રહ્યા હતા, ત્યારે વાણિજ્ય લક્ષ્મીની કૃપાથી ઢાકા યુરોપિઅન સભ્ય સમાજમા અતિશય પ્રખ્યાત હતુ અને તેની વિપુલ સપત્તિ બીજા ધનવાન શહેરો સાથે હરિફાઇ કરતી હતી. ઢાકાનું મલમલ એક હમેશની યાદગાર વસ્તુ તરીકે વખણાતું હતું વિશાળ સામ્રાજ્યના અધીશ્વરો તે લુગડુ ખાતે ખાતે વાપરતા હતા. મુસલમાનોના અમલ દરમિઆન ઢાકા એક પ્રસિદ્ધ નગર ગણાતુ હતુ. બળવા વખતે ઢાકાના અગ્રેજ અમલદારો શાતિપૂર્વક જુદા જુદા વિભાગનુ કામ કર્યે જતા હતા યુરોપિઅનો અને આર્મિનિઅનો પ્રસન્નતાપૂર્વક વેપારના

કામમા ગુંથાઇ રહ્યા હતા. જલપાઇ ગુડીની ૭૩ મી પલ્ટણના સિપાહીઓની એક ટુકડી અને દેશી ગોલંદાજો મળી લગભગ ૨૫૦ સિપાહીઓ કંપનિની તેજુરી જેલ વગેરેનુ રક્ષણુ કરતા હતા

ચટ્ટગામના હુલ્લડના સમાચાર ચાર દિવસ બાદ ઢાકામા આવી પહોચ્યા સમાચાર મળતા જ અમલદારોએ ઢાકાના સિપાહીઓને નિઃશસ્ત્ર કરવાની તૈયારી કરી ૨૩ મી નવેમ્બરે સવારમા નૌકાસૈન્ય વિભાગનો લેફ્ટેનેન્ટ લુઇસ કેટલાક ગોરા અને બે તોપોની મદદથી એ કામ કરવા તૈયાર થયો પ્રથમ તે તેજુરી આગળ ગયો ત્યાના સિપાહીઓના હથિયારો લઇ લેવામા આવ્યા. ત્યારબાદ કેટલાક ગોરાઓએ જઇ વડા ઇજનેરના કાર્યાલયનો બચાવ કરનારા સિપાહીઓને નિઃશસ્ત્ર કર્યા લેફ્ટેનેન્ટ લુઇસે ત્યારબાદ સૈનિક વિભાગની ગુદામ પર પહેરો ભરતા સિપાહીઓના હથિયારો લઇ લીધા આ પ્રમાણે સિપાઓના હથિયારો લઇ લેવામા આવ્યા પણ અંગ્રેજો જ્યારે સિપાહીઓના રહેઠાણુ લાલબાગમા આવી પહોચ્યા, ત્યારે ત્યાના સિપાહીઓ ઉશ્કેરાઇ ગયા જલપાઇ ગુડિના સેનાધ્યક્ષ શ્યાવરની ઉદારતાને લીધે ત્યાની ૭૩ મી પલ્ટણુ શાંત રહી હતી. પરંતુ ઢાકાના સેનાનાયકે એટલી ઉદારતા રાખવાની જરૂર ન જોઈ. ઢાકાની ૭૩ મી પલ્ટણના અધિનાયકે બીજા સેનાનાયકોની મદદથી લાલબાગને ઘેરો ઘાલ્યો સિપાહીઓએ તેઓને તેમ કરતા અટકાવ્યા. તરતજ અંગ્રેજોએ ગોળીબાર શરૂ કર્યા. સિપાહીઓએ પણુ પોતાના મકાનોમાથી ગોળીઓ છોડી. અડધા કલાક સુધી ગોળીબાર થયા, આ ગોળીબારથી તેઓના ૪૦ માણુસો માર્યા ગયા. કોઇ કોઇ સખત ઘવાયા. કોઇ કોઇ નદી ઉતરતા ડુબી

ગયા અંગ્રેજોના પક્ષનો એક જણ માર્યો ગયો અને બીજા કેટલાક ઘવાયા અરધા કલાક પછી સિપાહીઓ પોતાના સદર સ્ટેશન જલ-પાઇ ગુડિ તરફ દોડયા પરંતુ રસ્તામા તેઓને અટકાવવામા આવ્યા. તેથી તેઓએ થોડા વખત માટે ભુતાનના ડુંગરી પ્રદેશનો આશ્રય લીધો.

ચટ્ટગામ અને ઢાકાના સમાચાર સાભળી કલકત્તાથી ૫૪ મી પલ્ટણની ત્રણ ટુકડી અને એકસો દરિયાઇ સૈનિકો ઢાકા આવવા નીકળ્યા સરકારનો એવો ઉદ્દેશ હતો કે આ ગોરાઓએ પ્રથમ ઢાકા જવુ અને પછી ચટ્ટગામ જઇ ત્યાના નાસેલ સિપાઇઓને નાસતા અટકાવવા. પરંતુ સ્થાનિક અમલદારોના પ્રયત્નથી ચટ્ટગામના બાગી રહેલા સિ-પાહીઓ ડુંગરી પ્રદેશમા જઇ ભરાયા હતા તેજ રીતે ઢાકાના સ્થાનિક અમલદારોના પ્રયત્નથી જલપાઇ ગુડિની પલ્ટણના સિપાહીઓ પોતાના સદર સ્ટેશન તરફ જઇ શક્યા નહોતા આ ઇતિહાસ પરથી સ્પષ્ટ જણાય છે કે બ્રિટિશ અમલદારોએ ભરકેલા સિપાહીઓને નસાડી મુકવા માટે બહુજ કાર્યકુશળતા દર્શાવી હતી જેઓ દિવાની વિભાગમા કાર્ય કરતા હતા તેઓએ પણ સૈનિકોની બાજુએ ઉભા રહી પોતાની રણનિપુણતા દર્શાવી આપી હતી લડાઇના મેદાન પર વાલ્સે શાકની બાજુએ કાળો પોશાક જણાતો હતો. આ વખતે જો દિવાની ને લશ્કરીખાતાના અમલદારોએ ઐક્યતા જાળવી કામ કર્યુ નહોત તો સરકારને બહુ મુશ્કેલી પડત શ્રીહટ્ટના દિવાની અમલદારેજ ચટ્ટગામના સિપાહીઓને અટકાવવાની તૈયારી કરી બાગલપુર વગેરે સ્થળે પણ દિવાની અમલ-દારોએજ સરકારની સત્તા જાળવી રાખી હતી આ બાબતમા બાગ-લપુરના કમિશનર વિલ સાહેબે બહુજ કાર્યકુશળતા દર્શાવી હતી

અગાઉ જણાવ્યુ છે કે દાનાપુરના બનાવ પછી ૫ મી અ-નિયમિત ઘોડેસ્વારના સિપાહીઓ સરકારના ... બાગલપુરથી

નાશી ગયા હતા એ દરમિઆન ઢાકાના સિપાહીઓ જલપાઇગુડિ તરફ જતા હતા. ભાગલપુરના કમિશનર સાહેબ તરતજ જલપાઇગુડિ તરફ રવાના થયા એ વખતે યુરોપિઅન સૈન્યની એક ટુકડી મોગીરમા રહેતી હતી. એ ટુકડીને સાથે લઇ કમિશનરે ૨૮ મી નવેમ્બરે ભાગલપુર છોડયુ. જ્યારે તેઓ જલપાઇગુડિ તરફ જતા હતા ત્યારે માદારિગજ અને જલપાઇગુડિની ૧૧ મી પલ્ટણની બે ટુકડીઓએ નગદ વિરૂદ્ધ બંડ ઉઠાવી દિનાજપુર તરફ કુચ કરી. ૪ થી અને ૫ મી ડિસેમ્બરે રગપુરના કલેકટરે આ સમાચાર સાભળી સરકારી ખજાને કોઇ સુરક્ષિત સ્થળે મોકલી દીધો દિનાજપુરના કલેકટરે પણ પોતાના જિલ્લાના બચાવ માટે જરૂરી પગલા લીધા. ભાગલપુરના કમિશનર સાહેબ પોતાની ટુકડી સાથે સ્વારોને અટકાવવા તૈયાર થયા. સ્વારોએ જાણ્યુ કે સોલ્જર સૈન્ય અમારી પાછળ પડયું છે, એટલે તેઓ દિનાજપુર તરફ ન જતા પુર્ણિઆને રસ્તે વળ્યા. આ બાતમી મળતા વિલ સાહેબ તરતજ પૂર્ણિઆ તરફ જવા લાગ્યા તે બરાબર વખતે પૂર્ણિઆ જઇ પહોચ્યા. સ્વારો પૂર્ણિઆ લૂટવાની તૈયારી કરતા હતા એ દરમિઆન વિલ સાહેબે ત્યા જઇ પહોચી તેઓને નસાડી મૂક્યા. આ વખતે થએલી ઝપાઝપીમા સ્વારોના કેટલાક માણસો મરણ પામ્યા. ત્યારબાદ તેઓ ઉત્તર દિશામા દોડયા, પણ વિલ સાહેબે નાથપુર નામના સ્થળ આગળ તેઓને પકડી પાડયા. તેઓ હવે એ દિશામા વધારે આગળ વધી શક્યા નહિ. તેઓને નેપાળના જગલાનો આશ્રય લેવો પડયો. કમિશનર સાહેબ જ્યારે નાથપુરમા વિશ્રાતિ લેતા હતા, ત્યારે તેમને ઢાકામા ખડ ઉઠવાના સમાચાર મળ્યા. આથી તેઓ ઝપાટાબધ જલપાઇગુડિ આવવા રવાના થયા, ઢાકાના સિપાહીઓ

તિસ્તા નદી ઉતરતા હતા, તે દરમિયાન વિલ સાહેબ આવી પહોચ્યા. તેઓએ સિપાહીઓ પર હુમલો કર્યો, પણ તેથી કંઇ તેઓની ગતિ અટકી નહિ. તેઓ બીજી જગાએથી નદી ઉતર્યા. વિલ સાહેબ તે તરફ દોડયા. છેવટ તેઓને તેમણે નેપાળના જંગલમા ભરાઇ જવાની જરૂર પાડી. હવે વિલસાહેબે નેપાલના જંગબહાદુરની મદદ માગી. જંગબહાદુરે રત્નમણિસિંહ નામના એક સેનાનાયકને અગ્રેજોની મદદમા મોકલ્યો, પરતુ વિલસાહેબની મરજી મુજબ કાર્ય ન થયુ સિપાહીઓ નેપાળના જગલોમાથી એવી કુશળતાપૂર્વક અયોધ્યાના વાયવ્ય ખુણા તરફ જઇ પહોચ્યા કે અગ્રેજી અને નેપાળી સૈન્ય તેઓને અટકાવી શકયુ નહિ

આ વખતે સિપાહીઓની કાર્યપ્રણાલી સુવ્યવસ્થિત નહોતી તેઓ સરકાર સામે લડતા હતા ખરા પણ શત્રુની શક્તિને મારી હઠાવવા જેટલી વ્યવસ્થા તેઓમા નહોતી. ૫ મી પલટણના સ્વારો બીજાની ઉશ્કેરણીથી ઉશ્કેરાઇ ભાગલપુર છોડી ગયા હતા, છતા તેઓએ બીજા સિપાહીઓ સાથે મળી સરકાર વિરૂદ્ધ હથિયારો પકડયા નહિ. તેઓનામા ઉત્સાહ હતો છતા તેઓ આરાના સમાચાર જાણવા માટે લાબો વખત શાત બેઠા હતા છેવટે તેઓએ ૧૪ મી ઓગસ્ટે સાભળ્યુ કે અગ્રેજ સેનાપતિએ આરા કબજે કર્યું છે. પણ તેઓને આ વાત ખરી લાગી નહિ જો તેઓ વખત ન ગુમાવતા કુમારસિહને જઇ મળ્યા હોત તો સરકારને બિહારમા શાતિ સ્થાપતા બહુ મહેનત પડત. આરાના સમાચાર જાણ્યા બાદ તેઓ બિહારના પૂર્વ ભાગ તરફ એક છાવણી તરફ રવાના થયા એ સ્થળે ૩૨ મી પલટણના સિપાહીઓ રહેતા હતા સ્વારોને આશા હતી કે એ સિપાહીઓ પોતાની સાથે

મળશે, પણ તેઓની એ આશા ખોટી પડી ૩૨ મી પલટણે સરકારનો પક્ષ ન તજ્યો. ૧૬ મી ઓગસ્ટે સ્વારો એ પલટણ પાસે જઈ પહોચ્યા, એટલે એ પલટણે બંદુક અને સંગીનો વડે એ લોકોને આદરમાન આપ્યુ. સ્વારો હતાશ થઇ આરા તરફ રવાના થયા.

આ રીતે બિહારના પૂર્વભાગનો બળવો શાંત થયો પરતુ બિહારના દક્ષિણ ભાગનો ડુંગરાળ પ્રદેશ હવે બંદુકોના અવાજોથી ગાજવા લાગ્યો. છોટાનાગપુરનો પ્રદેશ પર્વતો અને જગલોથી ભરપૂર છે. ખાસ કરીને કોલ વગેરે જગની લોકો આ પ્રદેશમા વસ્તી કરી રહ્યા છે કેટલાક ખંડિઆ રાજાઓ આ પ્રદેશપર રાજ્ય ચલાવે છે નાગપુરના રાજાઓના રહેઠાણનું નામ છુટિયા છે, એ રાચીની પાસે આવેલુ છે એ છુટિયા પરથી છોટાનાગપુર નામની ઉત્પત્તિ થઇ છે. છોટાનાગપુરમા આ વખતે હજારીબાગ, રાચી, ચાઇવાસા અને પુરુલિયામા મોટી છાવણીઓ હતી એ છાવણીઓમા જુદી જુદી પલટણો અને તોપચીઓ રહેતા હતા

૩૦ મી જુલાઇએ દાનાપુર અને આરાના સમાચાર હજારીબાગમા આવી પહોચ્યા. આ સંવાદથી ત્યાની ૮ મી પાયદળ પલટણ બહુજ ઉશ્કેરાઇ ગઇ. તેની ઉશ્કેરણીથી ત્યાના અમલદારોને પોતાનુ મથક છોડવાની ફરજ પડી

હજારીબાગથી સંદેશો મળતા જ પાસેના સ્થળનો અંગ્રેજ સેનાનાયક કેટલુંક સૈન્ય લઇ એ સ્થાન તરફ આવવા નીકળ્યો. રસ્તામા એક સેનાનાયકે ખબર આપી કે ૮ મી રેજિમેન્ટની એક ટુકડીએ સરકાર વિરુદ્ધ બંડ ઉઠાવ્યુ છે. મારી ટુકડીના સિપાહીઓએ પણ ઉશ્કેરાઇ જઇ તોપો, દારૂગોળો અને છોટાનાગપુરના કમિશનર કસાન

ડાલ્ટનના ચાર હાથી કબજે કર્યા છે આ વખતે ઘોડેસ્વાર સૈન્ય શાન્ત ગયું હતું કમિશનર કપ્તાન ડાલ્ટન આ વખતે કેટલાક યુરોપિઅન અમલદારો સાથે રાંચીમા રહેતો હતો ઉશ્કેરાએલા સિપાહીઓએ હાજરીબાગ છોડયુ એટલે તે એ સ્થળે પાછો ફરી નિયમસર કામ કરવા લાગ્યો એ પહેલા પેલો અંગ્રેજ સેનાનાયક પોતાના સૈનિકો સાથે ત્યા આવી પહોચ્યો. પરંતુ તે ઉશ્કેરાએલા સિપાહીઓને શાંત રાખી શક્યો નહિ. રાંચી અને તેની પાસે આવેલુ એક ગામ સિપાહીઓએ તાબે કર્યું રાંચીની જેલ તોડી, ધનાગાર કબજે કર્યું, અને લોકોના જાનમાલને પુષ્કળ નુકસાન કર્યું

કપ્તાન ડાલ્ટન આ બંડ દબાવી દેવા પ્રયત્ન કરવા લાગ્યો. આ વખતે રામગઢના રાજાએ તેને પુષ્કળ મદદ આપી. રાંચી અને હજારી-બાગના સમાચાર સાંભળી ચાઇંબાસા, પુરુલિયા અને બીજા સ્થળોના સિપાહીઓએ પણ બંડ ઉઠાવ્યુ. એ બધા સ્થળોએ લૂટફાટ થઈ, જેલ તૂટી અને કેદીઓ છૂટયા પરંતુ છોટાનાગપુરમાના બધા સિપાહીઓએ આ કાર્યમા ભાગ લીધો નહિ. તેમાના કેટલાક કપ્તાન ડાલ્ટનને સહાય કરવા તૈયાર થયા તેઓ પોતાના દેશબંધુઓ સામે લડવા તત્પર બન્યા. આથી ડાલ્ટન સાહેબનુ બળ વધ્યુ વળી તેણે ગવર્નર જનરલ પાસે પણ મદદ માગી. સરકાર તો વાયવ્ય પ્રાંતનો બળવો શાંત પાડવામા રોકાઇ હતી તેના પાસે ફાજલ લશ્કર નહોતું પરંતુ આ વખતે મદ્રાસી સૈનિકોએ લાજ રાખી તેઓ બંગાળાના સિપાહીઓની માફક ઉશ્કેરાયા નહોતા. જેઓએ એક વખત ફ્રેંચ સેનાપતિ લાલી અને હૈદરઅલીને હરાવી અંગ્રેજી સત્તાને મજબૂત કરી હતી, તેઓ અત્યારે બળવાખોર સિપાહીઓને હરાવવા તૈયાર થયા હતા. તેઓમાની ફક્ત

૮ મી પલ્ટણ જ ઉશ્કેરાઇ હતી, તે સિવાયની બધી મદ્રાસી પલ્ટણો વફાદાર રહી હતી. લોર્ડ કેનિંગે આ વફાદાર સૈનિકોની મદદ લેવામા કઇ વાંધો લીધો નહિ તેના હુકમથી ૫ મી ઓગસ્ટે મદ્રાસના કેટલાક સિપાહીઓ કલકત્તા આવી પહોચ્યા ધીમે ધીમે બીજી પલ્ટણો પણ આવી પહોચી મદ્રાસી પલ્ટણના કેટલાક સિપાહીઓ કમાન ડાલ્ટનની મદદે છોટાનાગપુર રવાના થયા.

૨ જી અકટોબરે ચતરા નામના ગામ આગળ છોટાનાગપુરના સિપાહીઓ સાથે અંગ્રેજોને લડાઇ થઈ. આ લડાઇમા અંગ્રેજોનુ સૈન્ય નાનું હતુ. ત્યારે સામા પક્ષમા પુષ્કળ સિપાહીઓ હતા. લગભગ એક કલાકની સખત ઝપાઝપી બાદ સિપાહીઓ નાસી ગયા. અગ્રેજોના ૪૨ માણસો મરાયા અને ઘવાયા આ લડાઇથી સિપાહીઓનુ બળ ઓછુ થયુ પણ છોટાનાગપુરમા તદ્દન શાતિ ફેલાઇ નહિ પાલામૌ, સબલપુર, સિહપુર વગેરે સ્થળે ગડબડ થવા લાગી. આ ગડબડ શાત થતા કેટલોક વખત વીત્યો બ્રિટિશ રાજપુરુષો એ સ્થળોએ જલદી શાતિ ફેલાવી શક્યા નહિ. છોટાનાગપુરના કોલ લોકો પણ આ તકનો લાભ લઇ પોતાના તીરકામઠા લઇ લડવા ઉઠ્યા હતા. જે ગજનઓએ તેમને હેરાન કર્યા હતા તેઓને પદભ્રષ્ટ કરવા અને તેઓને બદલે પોતાને મનગમતા રાજાને ગાદીએ બેસાડવા માટે તે લોકો એકત્ર થવા લાગ્યા. સિપાહીઓ પણ ઉશ્કેરણીથી અધીરા થઇ ભયકર કાર્યો કરવા લાગ્યા આ પ્રમાણે સર્વત્ર અશાતિ ફેલાઇ ગઇ. અગ્રેજ સૈનિકો આ સર્વવ્યાપી અસંતોષ મટાડવા માટે એક જગાએથી બીજી જગાએ ભટકવા લાગ્યા. અગ્રેજ અમલદારો લાબી રખડપટ્ટીથી બહુજ કંટાળી ગયા ડુગર અને જગલથી ભરપૂર પ્રદેશમા શાતિ

સ્થાપવાનુ કાર્ય મુશ્કેલ હોવાથી ઉશ્કેરાએલા લોકો સ્થળે સ્થળે શાતિભગ કરવામા સફળ નીવડવા લાગ્યા. જોતજોતામા સર્વત્ર અરાજકતા ફેલાઇ ગઇ. એક વખતે ત્રણ ચાર હજાર કોલ લોકોએ મળી શિખ લશ્કરને ઘેર્યું શિખોએ તેઓને નસાડી મૂક્યા. પણ તેઓએ ફેંકેલા તીરો અફળ નીવડ્યા નહિ એક શિખ મરાયો અને કેટલાક ઘાયલ થયા અગ્રેજ સેનાનાયકનુ શરીર તીરકામઠાથી વીંધાઇ ગયુ. સરકાર આ અરાજકતા મટાડવા માટે ખૂબ પ્રયત્ન કરવા લાગી. એક વખતે તેણે એક જ વિભાગમા શાતિ સ્થાપવા માટે જુદા જુદા પાચ લશ્કરો મોકલ્યા છેવટે મહા મહેનતે આ અરાજકતા શાત થઇ ઇ સ. ૧૮૫૮ ની શરૂઆતમા છોટાનાગપુરમા શાતિ જણાવા લાગી અધિકારીઓએ અનેક ગામ બાળી નાખ્યા, ગણુ લોકોના પશુઓ ખુચવી લીધા, અનાજ અટકાવ્યુ અને જેઓએ ગડબડ કરવામા જાહેર રીતે ભાગ લીધો હતો તેઓને ફાસીએ લટકાવ્યા બીજા સ્થળોની માફક છોટાનાગપુરમા પણ સજા કરવામા સખ્તાઇની હદ ઓળગી જવાઈ અનેક નિર્દોષ માણસો દડાયા કેટલાકના જીવ પણ ગયા[1] આવી કઠોરતાથી છોટાનાગપુરમા શાતિ ફેલાઇ પરતુ આખા દેશમા સપૂર્ણ શાતિ ફેલાતા લગભગ ૧૮૫૮ ની સાલ પૂરી થઇ.

બગાળામા જ્યારે ઉપલા બનાવો બનતા હતા, ત્યારે વાયવ્ય પ્રાતો, અયોધ્યા અને મધ્ય હિદુસ્તાનમા બળવાના પ્રચડ ભડકા ઉઠયા હતા વાયવ્ય પ્રાતનો લેફટેનેન્ટ ગવર્નર આગ્રામા ઘેરાઈ રહ્યો હતો તેની સત્તા નાશ પામી હતી. દિલ્હી સિપાહીઓના કબજામા હતું. હવે એ વિસ્મયપૂર્ણ બનાવો તરફ નજર કરીએ. આ સ્થળે

૧ Malleson, Indian Mutiny. Vol. II. P. 436.

એક બાબતનો ઉલ્લેખ કરવો જરૂરનો છે. કલકત્તાના યુરોપિઅનો હિંદના બધા લોકોને કુતગને મોતે મારવા માગતા હતા, પણ લોર્ડ કેનિંગે તે લોકોને તેમ કરતા અટકાવ્યા હોવાથી તેઓ તેના પર કેટલા ગુસ્સે થયા હતા તે અમે અગાઉ જણાવ્યુ છે આ ચળવળના મોજા ઠેઠ ઇંગ્લાંડને કિનારે જઇ અથડાયા હતા ઇંગ્લાંડના લોકો અધીરા થઇ હિંદના લોકોને મનુષ્યના રૂપમા પશુ તુલ્ય ગણવા તૈયાર થયા હતા ઇગ્લાંડનુ મહાન છાપુ ટાઇમ્સ એ નરપશુ (') ઓનો નાશ કરવા માટે કમર કસી મેદાને પડયુ હતું. કેટલાક રાજનીતિજ્ઞો પણ એ પત્રને મદદ કરવા મેદાનેજ ગમા આવી ઉભા હતા. એ વર્ગના એક માણસે (લોર્ડ શૅફ્ટબરી) ઇ સ ૧૮૫૭ ના અકટોબર માસમા મળેલી કોઇ એક સભામા જણાવ્યુ હતુ કે " મને વિશ્વાસ લાયક સ્થળેથી સમાચાર મળ્યા છે કે આપણી જે સ્ત્રીઓ કલકત્તા આવી પહોચી છે તેઓના નાક કાન કાપી નાખવામા આવ્યા છે, અને આખો ફોડી નાખવામા આવી છે તેઓના બાલબચ્ચાને ઘાતકી રીતે મારી નાખવા માટે કેદ કરવામા આવ્યા છે. " પરતુ છેવટે તપાસ કરતા માલુમ પડયુ કે લોર્ડ સાહેબને વિશ્વાસલાયક સ્થળેથી મળેલ સમાચારમા સત્યનો અશ પણ નહોતો વિધવા અને અનાથ બાળકો જ્યારે અક્ષત શરીરે ઇંગ્લાંડ આવ્યા અને એક વહાણમા જ્યારે ૪૩ સ્ત્રીઓ આવા ખરાબ વખતમા પણ હિંદુસ્તાન આવવા રવાના થઇ ત્યારે ઇંગ્લાંડના લોકો વિસ્મય પામી હિંદી લોકોના આચરણ સંબંધમાં તર્કવિતર્ક કરવા લાગ્યા. સુભાગ્યે એ વખતે કેટલાક ઉદાર પ્રકૃતિના રાજનીતિજ્ઞોએ પોતાની ઉદારતા દર્શાવી આપી હતી. તેઓમાંના એકે (સર જોન પેકિંગ્ટન) કહ્યુ હતું કે, " સિપાહીઓની

વર્તણૂકનું જે વર્ણન કરવામાં આવે છે, જો તે વર્ણન ખરું હોય તો આપણા હાથ પણ કંઈ ચોકખા રહ્યા નથી હિંદમાં સુવ્યવસ્થાનો તોટો છે " હિંદીઓ પ્રત્યે ટાઇમ્સનો ક્રોધ જોઇ ડિઝરાયલિ પણ (ઇંગ્લાંડનો વડા પ્રધાન લોર્ડ બિકન્સ ફિલ્ડ) શાન્ત રહી શક્યો નહોતો. નિર્દય વ્યવહારનો બદલો નિર્દયતાથી વાળવો એ તેને અયોગ્ય લાગ્યું હતું બ્રિટિશ સૈનિક પુરુષો કર્તવ્ય પ્રદેશમાં નાના-સાહેબને આદર્શ માને એ વાત તેને ગમતી નહોતી[1]

ઉપર પ્રમાણે જ્યારે હિંદીઓ વિરૂદ્ધ ઇંગ્લાંડમાં ભયંકર વાતો ફેલાતી હતી ત્યારે કોઇ કોઇ ઉદાર પુરુષો આપણો પક્ષ ગ્રહણ કરવા તત્પર થયા હતા તેઓની ન્યાયશીલતા આ ઇતિહાસમાં બહુ આદરમાન પામી છે, અને તેઓના વચનો ઇતિહાસકારો સમક્ષ સત્ય ગણાયા છે સિપાહીઓ તો ઉશ્કેરાઇ ગયા હતા, પણ અંગ્રેજોએ પણ ધૈર્યની સીમા છોડી હતી. સિપાહીઓની પેઠે અંગ્રેજોએ પણ જલ્લાદની માફક લોકોપર હથિયારો ચલાવવામાં પાછું વાળી જોયું નહોતું વળી અંગ્રેજો ગમે તે બબડે તે તરફ ન જોતા ખરી રીતે વિચાર કરીએ તો તે વખતે આખું હિંદ અંગ્રેજો વિરૂદ્ધ ઉઠયું નહોતું હિંદીઓની દયાથીજ અંગ્રેજો પોતે અને તેના બૈરા છોકરા સાજાતાજાં રહ્યા હતા હિંદના દરેક માણસે આ વખતે તેઓને મદદ કરી હતી. તેઓમાંના કોઇને એમ કરવા જતા ઘાયલ થવું પડયું હતું પોતાનું સર્વસ્વ ગુમાવવું પડયું હતું, એટલું જ નહિ પણ કોઈ વખતે જીંદગી પણ તજવી પડી હતી. છતાં તેઓએ વિદેશીઓને બચાવવાનું કાર્ય છોડયું નહોતું. એવા લોકોની કીર્તિ આ ઇતિહાસમાં સ્થળે સ્થળે

૧ Martin, Indian Empire Vol II P. 409-410

મતાઇ રહી છે ઉશ્કેરાએલા રાક્ષસી સ્વભાવવાળા અંગ્રેજોની સર્વ પ્રકારની અડચણો છતા આ લોકોની દયા, સ્નેહ, સ્વાર્થત્યાગ અને રાજ્યભક્તિ ઇતિહાસમા સ્થાન મેળવી શકી છે. જો આવો મમતાળુ સ્વભાવ પ્રગટ ન થયો હોત તો આ ઇતિહાસ જુદાજ સ્વરૂપમા આલેખાત

આ ઇતિહાસમા એવા દષ્ટાંતોનો તોટો નથી જ્યારે શિઆળકોટના સિપાહીઓએ સરકાર વિરૂદ્ધ બંડ ઉઠાવવાનુ નક્કી કર્યું ત્યારે સ ત્રીઓના સુબેદારને બંડમા જોડાવાની વિનંતિ કરવામા આવી પરંતુ તેણે એ વિનંતિ તરછોડી નાખી ત્યારબાદ સિપાહીઓ સરકાર વિરૂદ્ધ એકત્ર થવાથી સંત્રીઓ ચાલ્યા ગયા. કેવળ તિલકપાડે નામનો એક સિપાહી કંઇ બહાનુ કાઢી પોતાનું નિશ્રિતસ્થાન ટકાવી રહ્યો. સાંજે બે સિપાહી અને એક ખલાસીએ આવી અસ્રાગાર ઉડાડી દેવાની ઇચ્છા દર્શાવી તિલકપાડેએ કહ્યુ કે હું પોતે એ કાર્ય માટેજ અહીં રહ્યો છુ આ પરથી પેલા સિપાહીઓ તોપોના ગુદામ પર ગયા અને ત્યાનો બધો સામાન ઉડાડી દીધો. બીજે દિવસે સવારમા યુરોપિઅનો કિલ્લામાથી બહાર નીકળ્યા તેઓએ બહુજ નવાઇ સાથે જોયું કે તિલકપાડે અસ્રાગાર પર પહેરો ભરી રહ્યો છે. અસ્રાગારમાના લગભગ ૮૦૦૦ ટોટા અને એટલી જ ટોટીઓ તથા સૈનિકોના વસ્રો વગેરે બધુ સુરક્ષિત છે.[૧] એક યુરોપિઅન બાળક બનારસના ટેલિગ્રાફખાતામા નોકરી કરતો હતો જે દિવસે

---

૧ Bombay Telegram and Courier, Quoted in the Statments of Native fidelity exhibited during the outbreak of 1857-35, P, 146-147

ત્યાના સિપાહીઓએ બડ ઉઠાવ્યુ ત્યારે એ બાળક ખરી વાત જાણતો નહોતો તેથી એક સાહેબના બગલા બહાર નીકળ્યો તરતજ એ બગલાવાળા સાહેબના સહિસે તેને પકડી ઘોડારના કચરાના ઢગ પાછળ ફેંકી દીધો સિપાહીઓ આવી પહોચ્યા એટલે પેલા સહિસે કહ્યુ કે સાહેબો તો કયારના બંગલો છોડી નાસી ગયા છે ફતેહગઢના એક સિવિલિયન સાહેબની આયાએ તરવારના ઘાથી પોતાનુ શરીર કપાઇ ગયુ છતા સાહેબના બચ્ચાને બળવાખોરોને સોપ્યુ નહોતું.[૧] પટણાના મુસલમાનો પર જયારે સરકારની કરડી નજર થઇ હતી, ત્યારે ત્યાથી થોડે દૂર રહેતા કુતબુદીન નામના ખાનદાન મુસલમાને સરકારનો પક્ષ લીધો હતો તેણે પોતાના તાબાની એક ઘોડેસ્વાર ટુકડી અધિકારીઓને સોપી દેવાની માગણી કરી હતી.[૨] માનભૂમમા બળવો ઉઠયો એટલે પચકોટના જમીનદારે તે સ્થળની શાતિ જાળવવા માટે ૭૦ સ્વારો અને કેટલાક સિપાહીઓ આપી સરકારને મદદ કરી હતી[૩] એક બીજા રાજાએ પોતાના માણસો વડે સિહભૂમનું ધનાગાર બચાવ્યુ હતું આ વખતે છોટાનાગપુરના એક રાજાએ તો ગજબ કર્યો હતો. તે ચૌદ વર્ષથી અગ્રેજોની જેલમા સબડતો હતો. બડખોરોએ હજારીબાગની જેલ તોડી ત્યારે તે મુક્ત થયો પરતુ તેણે મુક્તિદાતા સિપાહીઓનો પક્ષ ન લીધો. તેણે ઘેર જઇ ૮૦૦ માણસો એકત્ર કર્યા ને તરતજ એ માણસો સાથે પુરુલિયા જઇ પહો-

---

૧ Statments of Native fidelıy &c. P. 53

૨ Englishman, August 14, 1857. Quoted in the Statments &c. P. 32.

૩ Statments of Native Fidelity &c P. 32.

ચ્યો ત્યા સિપાહીઓ તેજુરી લૂટવા તૈયાર થઇ રહ્યા હતા પણ આ રાજાના માણસોએ તેઓને નસાડી મૂકી તેજુરીના એક લાખ આઠ હજાર રૂપીઆ બચાવ્યા.[૧] પૂર્વ બંગાળામા બંડ ઉઠતા ઘણા બગાળીઓએ અગ્રેજોને મદદ કરી હતી ત્રિપુરાના બંડ વખતે ત્યાના જજ અને બીજા ખ્રિસ્તીઓને બસીશોચનમિત્ર નામના ખાનદાન બંગાળીએ મદદ કરી હતી. તેણે તેઓને ખાવાનું આપ્યુ હતુ અને ૪૦ બદુકધારીઓ સાથે ઢાકા મોકલી દીધા હતા.[૨] ચટ્ટગામના બડના સમાચાર નાયાખાલી પહોચ્યા એટલે ત્યાના મેજિસ્ટ્રેટે પાદાકપાડાના રાજા પ્રતાપસિહ અને ઇશ્વરસિહની ભુલુયા પરગણાની કચેરીમા જઇ ત્યાના યશોદાકુમારને લાઠીવાળા મેળવી આપ્યા[૩] એ સિવાય મૈમનસિહના આનદકિશોરરાય, ઢાકાના અબદુલ ગનિ વગેરે પૂર્વબગાલાના અનેક જમીનદારોએ આ વખતે સરકારને મદદ કરી હતી, એક સરદારે તો સરકારનો પક્ષ લઇ સિપાહીઓ પર કાછાડના જગલમા હુમલો કરવામા પાછુ વાળી જોયુ નહોતું. બગાળાની ૩૨ મી પલટણનો અધિનાયક લેફટેનેન્ટ રૈનિ કેવળ દેશીઓની મદદથીજ બચ્યો હતો[૪] તેની પલટણના બે હવાલદારો દરિયાસિંહ અને ઠાકરદુબેએ એક ટોળી

---

૧ Englishman, August 11, 1857, Quoted in the Statments &c. P 132.

૨ Hurkara, December, 7, 1858, Quoted in the Statments of Native fidelity &c. P 148.

૩ Ibid, P. 149.

૪ Englishman, February 2, 1858 Quoted in the Statments &c P. 161.

ભાડે કરી પોતાના ચલનવલન કરવાની શક્તિ વગરના અધિનાયકને સુરક્ષિત સ્થળે આણ્યો હતો. ભાગલપુરના ગ્રેવાસીઓએ ફાળો ઉઘરાવી આ બન્ને વિશ્વાસુ હવાલદારોને ઇનામ તરીકે ૮૦૦ ગીઆ આપ્યા હતા.

જ્યોર્જ ગ્રાન્ટ નામનો અગ્રેજ બે દિવસનો ભખ્યો હતો ત્રીજે દિવસે તે એક ગામડામા આવી પહોચ્યો. ગામડિઆઓએ દૂધ વગેરે આપી તેઓને સતોષ્યા એ ગામડામા તેનો ખિદમતગાર રહેતો હતો તેને બોલાવવા તે એક ડાગી લાવ્યો. ગ્રાન્ટમા ચાલવાની શક્તિ નહોતી તેના પગના તળિયાપરનુ માસ ઉઘાડ વળી પડ્યુ હતુ તેનો પોશાક, પગરખા, વગેરે ભરબાદ થઈ ગયા હતા. તેના વાહન–ઘોડા હાથી વગેરે–લૂટાઇ ગયા હતા તેના શરીર પર ફક્ત રાતનો પોશાક હતો તેણે આવી સ્થિતિમા પોતાના ખિદમતગારની મદદ માગી હતી. વિશ્વાસુ ખિદમતગારે તેને બધ ડાળીમા બેસાડ્યો અને લોકોને જણાવ્યુ કે ડાળીમા માદી સ્ત્રી છે–આવી રીતે તે તેને કોઈ સુરક્ષિત સ્થળે લઇ ગયા[1] આ સિવાય બગાળાના ઘણા માણસોએ આવા કામ કર્યા હતા[2] તે વખતના વર્તમાનપત્રોમા આવા દાખલા અસખ્ય મળી આવે છે વાસ્તવિક રીતે તો આ બળવા સિપાહીઓમા જ ફેલાયો હતો કેટલાક જમીનદારો કે જેને સરકાર તરફથી અન્યાય મળ્યો હતો તેઓજ બળવામા જોડાયા હતા કોઇ કોઇ બિચારાઓ પોતાની મરજી વિરુદ્ધ આ કાર્યમા ભળ્યા હતા કેટલાક હલકાવર્ગના

---

૧ Englishman, October 23, 1857, Quoted in the Statments of Native fidelity &c P. 40–41

૨ Mutinies and the people or Statments of Native fidelity by a Hindu

લોકો લૂટફાટ કરવાની ઇચ્છાથી જરાતરા હુમલા કરતા હતા પણ ગુણવાન હિંદીઓનો મોટો ભાગ અંગ્રેજોની તરફેણમા હતો તેમા પણ કેળવાએલા હિંદુઓનો તો આ બળવામા જરા જેટલો પણ હાથ ન હોતો એક અંગ્રેજ (શ્રીયુત એ. ઓ. ચુમ સાહેબ) કે જે આ બળવા પહેલા ને પછી વાયવ્ય પ્રાંતમા નોકરી કરતો હતો તેણે આ સંબંધમા ખાસ તપાસ કરી જણાવ્યું છે કે " કસાઇ વગેરે નીચલા વર્ગના મુસલમાનો દિલ્હીના બાદશાહની સત્તા ફરી સ્થપાઇ જાણી દીલ્હી તરફ રવાના થયા હતા જે જાતિ ગાય ભેસ વગેરે લડવામા જ આનંદ માનતી હતી તેમાના કોઇ કોઇ આપણા વિરોધી થઇ પડ્યા હતા, જે જમીનદારોને સરકારના ન્યાયથી ખમવુ પડ્યું હતું અથવા જેઓને અન્યાય મળ્યો હતો તેઓમાના કોઇ કોઇ આપણી વિરુદ્ધ પડ્યા હતા, પરંતુ સમગ્ર હિંદીઓનો એક ટકો પણ આ વખતે બ્રિટિશ શાસન કે યુરોપિયનોનો નાશ કરવા તત્પર થયો નહોતો × × × હિંદીઓને હિસાબે આ બળવો કેવળ સિપાહીઓનો જ ગણાવો જોઇએ અલબત જે રાજા અને જમીનદારોને આપણે હાથે નુકશાન થયુ હતું તેઓ આપણી વિરુદ્ધ બળવામા જોડાયા હતા ખરા, પરંતુ ખરા કટોકટીના વખતે પણ સાધારણ પ્રજા આપણા પક્ષમા રહી હતી ઇંગ્લાંડ પોતાની અજ્ઞાનતાને લીધે જે મુશ્કેલીમા ફસાઇ પડ્યુ હતુ તે મુશ્કેલીમા પણ હિંદીઓએ તેનો પક્ષ છોડ્યો નહોતો ઇંગ્લાંડે હમેશા યાદ રાખવુ જોઇએ કે હિંદીઓના આ ઋણમાથી તે કદી છુટવાનું નથી[1] એક બીજા દીર્ઘદર્શી અંગ્રેજ

---

૧ India, Quoted in the Indian Nation April 27, 1896.

(રસલ સાહેબે) આ લખતે વિલાયતના ટાઇમ્સમા જે પત્રો પ્રગટ કરાવ્યા હતા, તેમાના એકમા જણાવ્યુ હતુ કે, 'સિકદરે જેમ હિદીઓની મદદથી જ મહારાજ પુરને હરાવ્યો હતો, તેમ બ્રિટીશ સરકારે પણ હિદુ-મુસલમાનોની મદદથી જ હિંદુ મુસલમાનને હરાવ્યા છે, કોઇપણ યુરોપિઅન સરકાર હિદીઓના સહકાર અને મદદ વિના હિદ પર રાજ્ય ચલાવી શકે નહિ.[1] જેઓ બળવાના ઇતિહાસની તટસ્થ દૃષ્ટિએ તપાસ કરે તેને આ ઉક્તિની સત્યતા સ્વીકાર્યા સિવાય ચાલે તેમ નથી

આ પ્રસગે એક વાત કહેવી જરૂરની છે. જેઓ આ વખતનો ઇતિહાસ ધ્યાનપૂર્વક વાચશે તેને જણાયા સિવાય રહેશે નહિ કે લોર્ડ કેનિગે આ વખતે બહુ જ સુદર કામ કર્યુ હતુ. એક તરફથી ઉન્મત્ત સિપાહીઓએ સરકાર વિરુદ્ધ બડ ઉઠાવ્યું હતું, બીજી તરફથી ઉન્મત્ત યુરોપિઅનો હિદીઓને મારી નાખવા તૈયાર થયા હતા. આવી બને બાજુની મઙડામણ વખતે માણસ ભાન ભુલી જાય છે, અને તેને એકાદ પક્ષની ઉશ્કેરણીમા જોડાવુ પડ છે પરતુ લોર્ડ કેનિગે ખરેખરા મહાપુરૂષની પેઠે આ બને પક્ષમાનો એક પણ પક્ષ સ્વીકાર્યો નહોતો લોર્ડ કિનગે જેઓના પાલન માટે રાજ્યની લગામ હાથમા લીધી હતી તે લોકોને ખારીલા લોકોના હાથમાથી બચાવવા એ તેનો ધર્મ હતો, અને તે ધર્મ તેણે બરાબર બજાવ્યો હતો એ પ્રમાણે વર્ત્તતા તેને પોતાના દેશબાધવોનો તિરસ્કાર સહન કરવો પડ્યો હતો, પણ એ તેણે બહુ જ ધીરજથી સહન કર્યો હતો. તે સર્વદા શાતિપૂર્વક પોતાનુ કામ બજાવતો હતો તેણે જ્યારે છાપખાનાનો કાયદો રચ્યો

[1] Statments of Native fidelity &c P. 28.

ત્યારે દેશી અને વિદેશી એવો ભેદભાવ રાખ્યો નહોતો. એથી ઘણા અંગ્રેજો તેનાપર ગુસ્સે થયા હતા એક અંગ્રેજ ઇતિહાસકારે આ સંબંધમા લખ્યુ છે કે "યુરોપિઅન સવાદપત્રોને મોઢે ડુચો મારી સરકારે મોટી ભુલ કરી છે."[૧] આ ઇતિહાસકારને તો કેવળ દેશી વર્ત્તમાનપત્રોપર જ ગુસ્સો ચઢ્યો હતો તેથી કેવળ આ દેશના વર્ત્તમાનપત્રોને મોઢે ડુચો મારવાનું તેને વાજબી લાગતું હતું. તેણે એક સ્થળે એ વિચાર દર્શાવતા જણાવ્યું છે કે "દેશી વર્ત્તમાનપત્રોમાના બગાળાના વર્ત્તમાનપત્રો કેળવાએલા વર્ગના પ્રતિનિધિ છે. એ વર્ગ હથિયાર વાપરી શકતો નથી જો સ્વરાજ્ય મળે તો તે લોકોના હાથમા બધો કારભાર આવે તેમ છે. વળી બંગાળીઓને ખાત્રી થઇ છે કે અંગ્રેજોનુ રાજ્ય જાય તો આપણી દશા સુધરશે આપણે આ બળવો દબાવવામા ફતેહમંદ નીવડીશુ એ બાબતમા કેટલાક બગાળીઓને પૂરેપૂરી શંકા છે કારણ ગમે તે હો પણ એટલુ તો ખરૂં છે કે જ્યારથી મિરતના સમાચાર કલકત્તા આવ્યા છે ત્યારથી બગાળાના વર્ત્તમાનપત્રોનો સૂર ફર્યો છે. ત્યારથી એ વર્ત્તમાનપત્રો સરકારની વિરૂદ્ધ પડ્યા છે. બળવાખોરો પર તેઓને પ્રીતિ છે તે આ પરથી સ્પષ્ટ જણાય છે ,'[૨] તટસ્થ વિચારકો આ વચનો પર વિશ્વાસ રાખી શકશે નહિ. જેની લેખિનીદ્વારા આવા વચનો નીકળ્યા છે તેણે એ

---

૧. Malleson, Indian Mutiny, Vol I. P. 21.

૨. Malleson, Indian Mutiny, Vol I. P. 18.

વચનોની સત્યતા દર્શાવવા એક પણ દષ્ટાંત આપ્યું નથી. બંગાળીઓ કેળવાએલા છે, બીજું અનુભવી છે પણ રાજભક્તિશૂન્ય નથી. તેઓએ બળવામાં જય મળતાં બહુ ખુશાલી દર્શાવી હતી. દિલ્હી સરકારના કબજામાં આવ્યું ત્યારે તેઓએ જાહેરસભા ભરી આનંદ દર્શાવ્યો હતો. લોર્ડ કેનિંગની ઉદાર નીતિથી આનંદ પામી બંગાળા, બિહાર અને ઓરિસ્સાના સંખ્યાબંધ રહેવાશીઓએ જાહેરસભામાં સરકાર પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવી હતી. આ પરથી સાબીત થાય છે કે બંગાળીઓએ કદી પણ બળવામાં આનંદ માન્યો નહોતો. બંગાળીઓના વર્તમાનપત્રોએ વાજબી પોકાર ઉઠાવ્યો હતો. એક તેજસ્વી બંગાળી સંપાદકે હિંસક અંગ્રેજો વિરૂદ્ધ લેખિની ચલાવી સરકારને ઉપદેશ આપ્યો હતો. બંગાળીના 'હિંદુ પેટ્રિએટ' નામના વર્તમાનપત્રથી સરકારને બહુ સરળતા થઇ હતી. એટલી બધી સરળતા કોઇ પણ અંગ્રેજી વર્તમાનપત્રથી થઇ નહોતી. હરિશ્ચંદ્ર મુખોપાધ્યાયની રાજભક્તિ અને સાહસથી આનંદ પામી લોર્ડ કેનિંગ 'હિંદુ પેટ્રિયટ' પત્ર બહુ જ આતુરતાપૂર્વક વાંચતો હતો. જ્યારે અંગ્રેજી વર્તમાનપત્રો પોતાનું ધાર્યું ન થવાથી સરકાર પર ગુસ્સો દર્શાવી રહ્યા હતા, ત્યારે દેશી વર્તમાનપત્રોએ જ સરકારના પક્ષનું સમર્થન કર્યું હતું. બંગાળી વર્તમાનપત્રો ઉશ્કેરાએલા અંગ્રેજોની અનુચિત વૈરવૃત્તિ અટકાવવા બદ્ધપરિકર થયા હોવાથી જ પેલા ઇતિહાસકારને ખૂંચ્યા જણાય છે. પરંતુ એક બીજા દીર્ઘદર્શી અંગ્રેજ ઇતિહાસકારે બંગાળી સંપાદકોની ધીરતા અને રાજભક્તિ વખાણી છે. જેઓ આવા ધીરતાસંપન્ન, રાજભક્ત અને સુશિક્ષિત સંપાદકો પર ખોટા આળ ચઢાવે તેના સ્વભાવમાં વૈરબુદ્ધિના અંશો કેટલા પ્રમાણમાં ભળેલા હશે તે વાચકવર્ગ કલ્પી લેશે.

લોર્ડ કેનિંગે છાપખાનાના કાયદામા ગોરા કાળાનો ભેદ ન રાખ્યાથી તેની ઉદારતા જણાઇ આવી છે. એ કાયદો રચતી વેળા તેણે જણાવ્યુ હતું કે, "મે દેશી ભાષાના વર્ત્તમાનપત્રો સબધમા જે કઇ કહ્યુ તે યુરોપિઅન ભાષાના વર્ત્તમાનપત્રોને લાગુ પડતું નથી. પરંતુ આવા કટોકટીના વખતમા જ્યારે અનિષ્ટનુ નિવારણ કરવામા આવે છે ત્યારે એકની સાથે બીજાની જુદાઇ દર્શાવવાનુ કોઇ પણ વાજબી કારણ મને મળતું નથી રાજભક્તિ અને તીક્ષ્ણ બુદ્ધિને માટે હું યુરોપિઅન ભાષાના વર્ત્તમાનપત્રોને વખાણુ છુ. છતા મને સત્યને ખાતર કહેવાની ફરજ પડે છે કે યુરોપિઅનોના અધિપતિપણા નીચે ચાલતા કોઇ કોઇ વર્ત્તમાનપત્રોમા એવા લખાણો મારી નજરે પડયા છે કે જે લખાણો વાચી યુરોપિઅનોને તો કઇ ન થાય પણ તે હિંદીઓના વાચવામા આવે તો ભયકર અનિષ્ટ સર્વવ્યાપી થઇ શકે મને ન્યાયાનુસારે યુરોપિઅન અને દેશી વર્ત્તમાનપત્રોમા ભેદભાવ રાખવાની કઇ જરૂર જણાતી નથી."[1] આ કારણોને લીધે લોર્ડ કેનિંગે બને ભાષામા પ્રકટ થતા વર્ત્તમાનપત્રોને આ કાયદો લાગુ પડયો હતો આ ખાતર તેના ટુંકી નજરવાળા દેશબધુઓ એને તે ટહે પણ ન્યાયના દરવાજાપર તે ઉદાર મહાપુરૂષ તરીકે સન્માન મેળવશે એમા કઇ સદેહ નથી આ વખતે અગ્રેજી વર્ત્તમાનપત્રો સયમમા રહ્યા હોત તો સરકારને પહેલે જ તડાકે આ કાયદા મુજબ ફ્રેંડ ઓવ ઇંડિઆને ચેતવણી આપવી પડત નહિ. ખરી વાત એ છે કે હિંદીઓનુ લોહી રેડવામા લોર્ડ કેનિંગે હરકત કરી હોવાથી જ

---

૧ Malleson, Indian Muting Vol. I P. 19-20. note

તેઓએ તેને નિંદ્યો હતો આવી નિંદા અને તિરસ્કાર વચ્ચે લોર્ડ કેનિંગે જે શાંતિ ને દૃઢતા દર્શાવી હતી તે ખરેખર વખાણને પાત્ર છે આવો મહાપુરૂષ આવા સંકટને વખતે હિંદ પર રાજ્ય ચલાવતો ન હોત તો બળવાનો ઇતિહાસ હાલ લખાયો છે તેથી જુદીજ રીતે લખાત

સમાપ્ત.

છપાય છે

૧૮૫૭ નો બળવો ભાગ ૩ જો